जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ०૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# જૈન ગૂર્જર કવિઓ

## ભાગ-૬

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સંગ્રાહક અને સંપ્રયોજક
મોહનલાલ દલીચંદ દેશાઈ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
મુંબઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન ગૂર્જર કવિઓ

## ભાગ ૬

[વિક્રમ ઓગણીસમા તથા વીસમા શતકના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી તથા જૈન ભંડારોમાંથી પ્રાપ્ત થયેલી જૈનેતર કૃતિઓની સૂચી]

સંગ્રાહક અને સંપ્રયોજક

**મોહનલાલ દલીચંદ દેશાઈ**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના

સંપાદક

**જયંત કોઠારી**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

**મુંબઈ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*Jain Gurjar Kavio Vol. VI*

Descreptive catalogue of Jain poets and their works in Gujarati Language of V. S. 19th & 20eth centuries together with a list of works by non-Jaina poets found in Jain bhandaras

ed. Mohanlal Dalichand Desai, revised by Jayant Kothari

1989, Mahavira Jaina Vidyalaya, Bombay


બીજી સંશોધિત આવૃત્તિ જુલાઈ ૧૯૮૯

નકલ ૫૦૦

**કિંમત : રૂ. ૧૧૦**

આવરણ : શૈલેશ મોદી

વિક્રેતાઓ

આર. આર. શેઠની કંપની

૧૧૦–૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ ૪૦૦ ૦૦૨

ગાંધી માર્ગ, ફુવારા પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

નવભારત સાહિત્ય મંદિર

૫૩૧, કાલબાદેવી રોડ, ધોબી તલાવ, મુંબઈ ૪૦૦ ૦૦૨

ગાંધી માર્ગ, પતાસાપોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

ગૂર્જર સાહિત્ય ભવન

ગાંધી માર્ગ, રતનપોળનાકા સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

ગ્રંથાગાર

મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

પ્રકાશક

સેવંતીલાલ કેશવલાલ શાહ, શાંતિલાલ ટોકરશી શાહ

હિંમતલાલ શાંતિલાલ ગાંધી

મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

મુદ્રક

ભીખાભાઈ એસ. પટેલ

ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### બીજી આવૃત્તિના સંપાદકનું

# નિવેદન

'જૈન ગૂર્જર કવિઓ'ની આ નવી આવૃત્તિના સંપાદનમાં પહેલા પાંચ ભાગ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી તૈયાર થતા 'ગુજરાતી સાહિત્યકોશ'ની સૂચિસામગ્રીની સહાય મળી શકી હતી. આ ગ્રંથ માટે એ સહાય મળી શકી નથી. આથી આ ગ્રંથની સઘળી શુદ્ધિવૃદ્ધિ સ્વતંત્ર રીતે જ કરવાનું પ્રાપ્ત થયું છે. આ નિમિત્તે કેટલાંક વધુ સાધનોનો ઉપયોગ કરી લેવાની તક લીધી છે. ભારતીય વિદ્યાભવન અને ભો.જે. વિદ્યાભવનની હસ્તપ્રતયાદીઓનો આ ભાગમાં પહેલી વાર ઉપયોગ કર્યો છે અને જૈનેતર કવિઓના વિભાગમાં 'રાજસ્થાની સાહિત્યના ઇતિહાસની રૂપરેખા' (હીરાલાલ માહેશ્વરી) તથા 'હિંદી સાહિત્યકોશ' જેવાં સાધનોની મદદથી શુદ્ધિવૃદ્ધિ કરી છે અને મુદ્રિત કૃતિઓની માહિતી મેળવવા કોશિશ કરી છે. આ પૂર્વેના ભાગોમાં પણ હિંદી કૃતિઓ વિશેની માહિતી અદ્યતન કરી શકાઈ નથી, કેમકે ગુજરાતી સાહિત્યકોશનું સૂચીકરણ મુખ્યત્વે ગુજરાતી કૃતિઓ પૂરતું મર્યાદિત રહ્યું છે. આ ભાગમાં થોડી કોશિશ કરી છે છતાં સાધનો હાથવગાં ન હોવાથી અદ્યતન માહિતી આમેજ થઈ હોવાનો દાવો થઈ શકે તેમ નથી.

પહેલા ભાગના નિવેદનમાં એમ જણાવ્યું હતું કે મોહનભાઈએ 'જૈન ગૂર્જર કવિઓ' તૈયાર કરવામાં ૨૦૦ જેટલાં સાધનોનો ઉપયોગ કર્યો જણાય છે. આ છેલ્લા ગ્રંથ સુધી પહોંચતાં જણાય છે કે મોહન-ભાઈએ ૪૦૦ જેટલાં સાધનોનો ઉપયોગ કર્યો છે. કૃતિપ્રકાશનના સંદર્ભો વગેરેને લક્ષમાં લઈએ તો એ આંકડો હજુ ઘણો મોટો થાય.

આ ગ્રંથ સાથે કર્તા-કૃતિ યાદી પૂરી થાય છે. હવે પછીના ગ્રંથ નામાદિસૂચિ તથા પૂરક સામગ્રીના હશે.

૨૫ જૂન ૧૯૮૯ — જયંત કોઠારી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સાંકેતિક અક્ષરોની સમજ

[આ પૂર્વેના ભાગોમાં અપાયેલી સાંકેતિક અક્ષરોની શુદ્ધિવૃદ્ધિ રૂપે અહીં કેટલીક સામગ્રી આપવાનું પ્રાપ્ત થાય છે. અહીં પણ સાંકેતિક અક્ષરો જેને માટે પ્રયોજાયા ન હોય એવી નવી આધારસામગ્રીનો નિર્દેશ કર્યો છે. [ ]માંની સઘળી સામગ્રી બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવી છે.]

### ક. આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

| | |
|---|---|
| — | અમરવિજય મુનિ પાસે [જુઓ અમર.ભં.] |
| — | આચાર્ય ખરતર ભંડાર, વિકાનેર |
| ક.કૌ. | કવિતાકૌમુદી |
| — | ક. [કવીશ્વર] દલપતરામ હ. પુ. [હસ્તલિખિત પુસ્તક-સંગ્રહની] સૂચિ [જુઓ કદહસૂચિ તથા કવિ દલપતરામ સંગ્રહ] |
| — | કાલાગલા કરાંચીવાળા પાસે [જુઓ પોપટલાલ પ્રાગજી કાલાગલા કરાંચીવાળા પાસે] |
| કુશલ. | કુશલચંદ્ર પુ. [પુસ્તકાલય], વિકાનેર |
| કે. | [કો.ને બદલે થયેલી છાપભૂલ ? કોડાય ભં. ? કેસરવિજય ભં., વઢવાણ ?] |
| કોટ ઉ. | કોટ ઉપાશ્રય, મુંબઈ |
| — | ખ. નેમિચંદ્રાચાર્ય ભં., કાશી |
| — | ગજિયાણીવાળા શા. જકાભાઈ ધરમચંદ, પતાસાપોળ, અમદાવાદ પાસે [જુઓ શા. જકાભાઈ ધરમચંદ] |
| — | ગૂ. હાથપ્રતોની સં. યાદી [જુઓ ગૂહાયાદી] |
| — | ગોંડલ ભંડાર |
| ચંચલ. | [જુઓ ચં.ભં.] |
| — | જયપુર વિદ્યાપ્રચારિણી જૈન સભા |
| — | જૈન લક્ષ્મી મોહન શાળા, વિકાનેર |
| — | જોધપુર મ્યુઝિયમ લાયબ્રેરી |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| — | ઝઘડિયા જૈન ધર્મશાળાની લાયબ્રેરી |
| [ડિકેટલૉગબીજે | ડિસ્ક્રિપ્ટિવ કૅટલૉગ ઑવ્ ગુજરાતી, હિંદી ઍન્ડ મરાઠી મૅન્યૂસ્ક્રિપ્ટ્સ ઇન બી. જે. મ્યૂઝિઅમ, અમદાવાદ, ૧૯૮૭] |
| [ડિકેટલૉગભાવિ | ડિસ્ક્રિપ્ટિવ કૅટલૉગ ઑવ્ મૅન્યૂસ્ક્રિપ્ટ્સ ઇન ભારતીય વિદ્યાભવન્ઝ લાયબ્રેરી, મુંબઈ, ૧૯૮૫] |
| — | પ્રાણજીવન મોરારજી શાહ, રાજકોટ, પાસે |
| — | બહાદુરમલ બાંઠિયા સંગ્રહ, ભીનાસર [જુઓ બાંઠિયા સંગ્રહ, ભીનાસર] |
| બાલોત્તરા ભં. | બાલોત્તરા ભાવહર્ષીય ખરતરગચ્છ ભં. |
| મિશ્ર. | મિશ્રબંધુવિનોદ |
| મુક્તાજી. | ? |
| — | મુનિ સંપતવિજયજી પાસે |
| — | મુનિ હરિસાગર જૈન પુસ્તકાલય, વિકાનેર [જુઓ હરિ-સાગરસૂરિ પાસે, વિકાનેર] |
| — | યતિ સુમેરમલ, ભીનાસર, પાસે |
| યશોવૃદ્ધિ. | યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમમાં ગુલાબમુનિનો સંગ્રહ |
| — | [રાજસ્થાની સાહિત્યના ઇતિહાસની રૂપરેખા, હીરાલાલ માહેશ્વરી, ૧૯૮૪] |
| — | વિકાનેર રાજકીય પુસ્તકાલય [જુઓ સ્ટેટ લાયબ્રેરી, વિકાનેર] |
| — | *વીકાનેર ભં. નાહટાજી [નાહટા સં. કે વીકાનેર ભંડારની* નાહટાજી મારફત મળેલી માહિતી ?] |
| — | શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી પાસે |
| — | હરિસાગર સંગ્રહ [જુઓ હરિસાગરસૂરિ પાસે] |

## ખ. અન્ય સાંકેતિક અક્ષરો

| | | | |
|---|---|---|---|
| ગો.(પૃ.૧૯) | [ગોલોકવાસી ?] | વિ. | [વિદ્યમાન] |
| પા. | [પારીખ] | વ્યા.(પૃ.૨૩૮) | [વ્યાસ ?] |
| પૂ. | [પૂનમિયાગચ્છ જણાય છે] | સ્થા. | [સ્થાનકવાસી] |
| વ. | [વર્ષે] | | |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

# મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ

## શુદ્ધિ

| પૃ./પં. | શુદ્ધ | પૃ./પં. | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦/૨૫ | ૧૨૪૨ | ૪૦૬/૧૭ | દેઈદાન નાઈતા |
| ૨૦/૨૮ | ૪૩૧૫ | ૪૦૬/૨૮ | સુભટાં સિર |
| ૧૯૫/૩૦ | ૧૩૩૪ | | |
| ૪૦૬/૧૨ | સુત | ૪૮૧/૨૬ | ઉદ્ધૃત |
| ૪૦૬/૧૫ | ભૂપ | ૪૮૮/૧૫ | ૧૦ |

## વૃદ્ધિ

૧૬૮/૨૩ ઉમેરો : [૨. સઝાયમાલા ભા.૧,૩. ૩. ચૈત્ય આદિ સં. ભા. ૩-૪. જિનેન્દ્ર ભક્તિ પ્રકાશ તથા અન્યત્ર.]

૪૦૭/૩૧થી ૪૦૮/૫ સંપાદકીય નોંધ આ પ્રમાણે વાંચો : મૂળ પદ્યકૃતિ દેવીદાન નાઈતાની છે (જુઓ હવે પછી પૃ.૫૪૪), જે રાઠોડ કરણસિંહના રાજ્યકાળમાં અનુપસિંહને માટે સં.૧૭૦૦ લગભગ રચાયેલી છે. ગદ્યભાગનું કર્તૃત્વ નિશ્ચિત નથી, પણ અહીં રાજેન્દ્રસાગરનું હોઈ શકે, અને તો એ કર્તાની સ્વલિખિત પ્રત ગણાય.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા

[મુખ્ય સામગ્રી અને પૂર્તિ બન્નેમાં આવતા કવિઓનાં નામ પૂર્વે ફૂદડી કરી છે અને કવિક્રમાંક એક જ રાખ્યો છે. પૂર્તિમાં આવતા આવા કેટલાક કવિઓનાં નામ મુખ્ય સામગ્રીમાં આગલા ભાગોમાં ગયાં છે.]


સંપાદકનું નિવેદન 3
સાંકેતિક અક્ષરોની સમજ 4
મહત્ત્વની શુદ્ધિવૃદ્ધિ 6
અનુક્રમણિકા 7

**વિક્રમ ઓગણીસમી સદી**

૧૨૨૯. સુમતિસાગરસૂરિશિષ્ય ૧
૧૨૩૦. વિશુદ્ધવિમલ ૧
૧૨૩૧. ઉત્તમવિજય ૨
૧૨૩૨. ધર્મદાસ ? ૭
૧૨૩૩.*તત્ત્વહંસ ૮
૧૨૩૪. (બ્રહ્મ) રૂપચંદ ૮
૧૨૩૫. જયસાગર ૧૧
૧૨૩૬. ભક્તિવિજય ૧૧
૧૨૩૭. મતિરત્નગણિ ૧૩
૧૨૩૮. ધર્મચન્દ્ર ૧૬
૧૨૩૯. રત્નધીર ૧૬
૧૨૪૦. (ઋષિ) જેમલ ૧૬
૧૨૪૧. જગજીવનગણિ ૧૯
૧૨૪૨. જિનકીર્તિસૂરિ ૨૦
૧૨૪૩. રત્નવિજય ૨૨
૧૨૪૪. વૃદ્ધિવિજય ૨૫
૧૨૪૫. મહાનંદ ૨૬
૧૨૪૬. લબ્ધિવિજય ૩૫
૧૨૪૭. માલ ૩૮
૧૨૪૮. નેમવિજય ૪૧
૧૨૪૯. પદ્મવિજય ૪૭
૧૨૫૦. વીર ૭૨
૧૨૫૧. કુશલવિનય ૭૨
૧૨૫૨. મતિલાભ–મયાચંદ ૭૩
૧૨૫૩. મયાચંદ ૭૩
૧૨૫૪. અમરવિજય ૭૩
૧૨૫૫. આલમચંદ ૭૩
૧૨૫૬. ભારામલ્લ ૭૬
૧૨૫૭. રત્નવિજય ૭૭
૧૨૫૮. દેવરત્ન ૭૭
૧૨૫૯. મયાચંદ ૮૦
૧૨૬૦. ભીમરાજ ૮૨
૧૨૬૧. ભૂધર ૮૨
૧૨૬૨. અમૃતસાગર ૮૩
૧૨૬૩. માણિક્યસાગર ૮૪
૧૨૬૪.*જિનલાભસૂરિ ૮૫
૧૨૬૫. મયારામ ૮૬
૧૨૬૬. પાસો પટેલ ૮૭
૧૨૬૭. સૌજન્યસુંદર ૮૮
૧૨૬૮. ગણેશરુચિગણિ ૯૦
૧૨૬૯. ફતેચંદ ૯૦


JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ૧૨૭૦. અમરવિજય | ૯૦ | ૧૩૦૧. મેઘ | ૧૪૮ |
| ૧૨૭૧. રાયચંદ | ૯૧ | ૧૩૦૨. ફકીરચંદ | ૧૪૯ |
| ૧૨૭૨. વાન | ૯૯ | ૧૩૦૩. સુરેન્દ્રકીર્તિ | ૧૪૯ |
| ૧૨૭૩. સુમતિપ્રભસૂરિ–સુંદર | ૧૦૦ | ૧૩૦૪. વસ્તો | ૧૫૨ |
| ૧૨૭૪. ઉદયકમલ | ૧૦૧ | ૧૩૦૫. ભીખજી | ૧૫૩ |
| ૧૨૭૫. ગુલાલ | ૧૦૨ | ૧૩૦૬. લાલચંદ | ૧૫૩ |
| ૧૨૭૬. દેવવિજય | ૧૦૩ | ૧૩૦૭. રાજશીલ પાઠક | ૧૫૫ |
| ૧૨૭૭. શોભાચંદ | ૧૦૫ | ૧૩૦૮. ચંદ્રભાણુ (ઋષિ) | ૧૫૫ |
| ૧૨૭૮. સુજ્ઞાનસાગર | ૧૦૫ | ૧૩૦૯. આસકરણ | ૧૫૬ |
| ૧૨૭૯. ઉદ્યોતસાગરગણિ | ૧૦૯ | ૧૩૧૦. ભગુદાસ | ૧૫૭ |
| ૧૨૮૦. દર્શનસાગર ઉપા. | ૧૧૪ | ૧૩૧૧. ખેમવિજય | ૧૫૭ |
| ૧૨૮૧. ચારિત્રસુંદર | ૧૧૯ | ૧૩૧૨. અમૃતવિજય | ૧૫૭ |
| ૧૨૮૨. રત્નવિજય | ૧૧૯ | ૧૩૧૩. લાવણ્યસૌભાગ્ય | ૧૬૦ |
| ૧૨૮૩. અનોપચંદ | ૧૧૯ | ૧૩૧૪. માનવિજય | ૧૬૧ |
| ૧૨૮૪. કવિયણ–અજ્ઞાત | ૧૨૦ | ૧૩૧૫. મકન | ૧૬૧ |
| ૧૨૮૫. ભીખુ–ભીખમજી | ૧૨૧ | ૧૩૧૬. ઉદય ઋષિ | ૧૬૩ |
| ૧૨૮૬. વિજયલક્ષ્મીસૂરિ | ૧૨૨ | ૧૩૧૭. હર્ષવિજય | ૧૬૩ |
| ૧૨૮૭. દેવીચંદ | ૧૨૫ | ૧૩૧૮. હરખચંદ | ૧૬૫ |
| ૧૨૮૮.*ક્ષમાકલ્યાણ વાચક | ૧૨૬ | ૧૩૧૯. ગુણચંદ | ૧૬૫ |
| ૧૨૮૯. વિદ્યાહેમ | ૧૩૧ | ૧૩૨૦. મતિસાગર | ૧૬૬ |
| ૧૨૯૦. ભાણુવિજય | ૧૩૧ | ૧૩૨૧. ધીરવિજય | ૧૬૭ |
| ૧૨૯૧. ઋષભસાગર | ૧૩૪ | ૧૩૨૨. ગુલાબવિજય | ૧૬૭ |
| ૧૨૯૨. મેઘરાજ | ૧૪૧ | ૧૩૨૩ક. દીપવિજય | ૧૬૭ |
| ૧૨૯૩. સુજાણ | ૧૪૧ | ૧૩૨૩ખ. મણિચંદ્ર | ૧૬૮ |
| ૧૨૯૪. રત્નવિમલ | ૧૪૨ | ૧૩૨૪. રંગવિજય | ૧૬૮ |
| ૧૨૯૫. કાંતિવિજય | ૧૪૫ | ૧૩૨૫. કાન | ૧૭૨ |
| ૧૨૯૬. ક્ષમામાણિક્ય | ૧૪૫ | ૧૩૨૬. ફત્તેંદ્રસાગર | ૧૭૩ |
| ૧૨૯૭. ઉત્તમવિજય | ૧૪૬ | ૧૩૨૭. મલુકચંદ | ૧૭૫ |
| ૧૨૯૮. જિનચંદ્રસૂરિ | ૧૪૭ | ૧૩૨૮. જોરાવરમલ | ૧૭૬ |
| ૧૨૯૯. રામવિજય | ૧૪૭ | ૧૩૨૯. ચેતનવિજય | ૧૭૬ |
| ૧૩૦૦. માલસિંહ | ૧૪૮ | ૧૩૩૦. લખમીવિજય | ૧૭૭ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩૩૧. રત્નચંદ ૧૭૯
૧૩૩૨. ક્ષેમવર્ધન ૧૭૯
૧૩૩૩. દીપવિજય કવિરાજ ૧૮૬
૧૩૩૪. લબ્ધિ ૧૯૫
૧૩૩૫. રાજરત્ન ૧૯૬
૧૩૩૬. અજ્ઞાત ૧૯૮
૧૩૩૭. જ્ઞાનસાર ૧૯૯
૧૩૩૮. આણંદવિજય ૨૧૨
૧૩૩૯. ખુશાલવિજય ૨૧૪
૧૩૪૦. અમોલક (ઋષિ) ૨૧૪
૧૩૪૧. રૂપચંદ ૨૧૪
૧૩૪૨. મેઘવિજય ૨૧૯
૧૩૪૩. માનવિજય ૨૧૯
૧૩૪૪. ઉદયરત્ન ૨૨૧
૧૩૪૫. વીરવિજય ૨૨૨
૧૩૪૬. તેજવિજયશિ. ૨૫૬
૧૩૪૭. રૂપ ૨૫૬
૧૩૪૮. પ્રેમ ૨૫૬
૧૩૪૯. દિનકરસાગર ૨૫૮
૧૩૫૦. રામચંદ્ર ૨૫૮
૧૩૫૧. રૂપવિજયગણિ ૨૬૧
૧૩૫૨. સબલસિંહ ૨૭૧
૧૩૫૩. ચોથમલ ૨૭૧
૧૩૫૪. હરજશ ૨૭૧
૧૩૫૫. વલ્લભવિજય ૨૭૨
૧૩૫૬. રાજેન્દ્રવિજય ૨૭૩
૧૩૫૭. માણેકવિજય ૨૭૩
૧૩૫૮. ગુમાનચંદ ૨૭૪
૧૩૫૯. અવિચલ ૨૭૪
૧૩૬૦. વિનયચંદ ૨૭૪
૧૩૬૧. શિવચંદ ૨૭૬
૧૩૬૨. દેવહર્ષ ૨૭૮
૧૩૬૩. કૃષ્ણવિજય ૨૭૯
૧૩૬૪. અનોપચંદ્રશિ. ૨૭૯
૧૩૬૫. જયરંગ ૨૭૯
૧૩૬૬. વિવેકવિજય ૨૮૧
૧૩૬૭. સૌભાગ્યસાગર ૨૮૧
૧૩૬૮. ઉત્તમવિજય ૨૮૨
૧૩૬૯. પ્રકાશસિંહ ૨૯૦
૧૩૭૦. નંદલાલ ૨૯૧
૧૩૭૧. ઋષભવિજય ૨૯૧
૧૩૭૨. તેજવિજય ૨૯૬
૧૩૭૩. દીપવિજય ૨૯૭
૧૩૭૪. હીરસેવક ? હરસેવક ? ૨૯૮
૧૩૭૫. ચતુરવિજય ૨૯૯
૧૩૭૬. જિનહર્ષસૂરિ ૩૦૧
૧૩૭૭. જયચંદ ૩૦૩
૧૩૭૮. હેમવિલાસ ૩૦૪
૧૩૭૯. ખુશાલચંદ ૩૦૪
૧૩૮૦. આનંદવલ્લભ ૩૦૫
૧૩૮૧. દયામેરુ ૩૦૫
૧૩૮૨. સત્યરત્ન ૩૦૬
૧૩૮૩. લાલવિજય ૩૦૬
૧૩૮૪. નેમચંદ્ર ૩૦૬
૧૩૮૫. કુંવરવિજય ૩૦૭
૧૩૮૬. શિવલાલ ૩૦૮
૧૩૮૭. ઉદયચંદ ૩૦૮
૧૩૮૮. કૃષ્ણવિજયશિ. ૩૦૯
૧૩૮૯. વિનયચંદ ૩૦૯
૧૩૯૦. રૂપ ૩૦૯
૧૩૯૧. અમરસિન્ધુર ૩૧૦
૧૩૯૨. અમીવિજય ૩૧૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩૯૩. ચારિત્રનંદી ૩૧૧
૧૩૯૪. સબલદાસ ૩૧૨
૧૩૯૫. સવરાજ ૩૧૨
૧૩૯૬. ક્ષેમવિજય ૩૧૩
૧૩૯૭. ઉદયસોમસૂરિ ૩૧૪
૧૩૯૮. રંગવિજય ૩૧૫
૧૩૯૯. કનીરામ (ઋષિ) ૩૧૬
૧૪૦૦. કસ્તુરચંદ ૩૧૬
૧૪૦૧. જિનસૌભાગ્યસૂરિ ૩૧૭
૧૪૦૨. ધર્મચંદ્ર ૩૧૭
૧૪૦૩.*સાંવતરામ (ઋષિ) ૩૧૮
૧૪૦૪. દેવચંદ ૩૧૮
૧૪૦૫. જીતમલ ૩૧૯
૧૪૦૬. મોહન ૩૨૦
૧૪૦૭. અજ્ઞાત ૩૨૦
૧૪૦૮. સૂરત ૩૨૧
૧૪૦૯. પરમલ્લ ૩૨૨
૧૪૧૦. દ્યાનત ૩૨૨
૧૪૧૧. મોહન (મોલ્હા ?) ૩૨૩
૧૪૧૨. લાલવિનોદ ૩૨૩
૧૪૧૩. જૈનચંદ ૩૨૩
૧૪૧૪. જ્ઞાનાનંદ ૩૨૩
૧૪૧૫. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૩૨૪

**વિક્રમ વીસમી સદી**

૧૪૧૬. અમૃતવિજય ૩૪૯
૧૪૧૭. આનંદ જેઠમલ ૩૪૯
૧૪૧૮. નંદલાલ ૩૪૯
૧૪૧૯. જીવજી ૩૫૦
૧૪૨૦. ચિદાનંદ–કપૂરચંદ ૩૫૦
૧૪૨૧. વિનયચંદ્ર ૩૫૩
૧૪૨૨. કેશરીચંદ ૩૫૪
૧૪૨૩. બાલચંદ–વિજયવિમલ ૩૫૫
૧૪૨૪. રામચંદ ૩૫૭
૧૪૨૫. વીરચંદ ૩૫૮
૧૪૨૬. જશવિજય ૩૫૯
૧૪૨૭. રંગવિજય ૩૬૦
૧૪૨૮. દયાવિજય ૩૬૧
૧૪૨૯. ઋદ્ધિશ્રી ૩૬૨
૧૪૩૦. પુણ્યસાગરસૂરિ ૩૬૨
૧૪૩૧. ખોડીદાસ–ખોડાજી સ્વામી ૩૬૨
૧૪૩૨. રત્ન પરીખ ૩૬૯
૧૪૩૩. નિત્યવિજય ૩૭૧
૧૪૩૪. ગંગારામ ૩૭૨
૧૪૩૫. ઉમેદચંદ ૩૭૨
૧૪૩૬. રવચંદ ૩૮૧
૧૪૩૭. પ્રેમચંદ ૩૮૧
૧૪૩૮. કેવળદાસ અમીચંદ ૩૮૧
૧૪૩૯. ત્રિલોક ઋષિ ૩૮૨
૧૪૪૦. સુમતિમંડન ૩૮૪
૧૪૪૧ક. અજ્ઞાત ૩૮૭
૧૪૪૧ખ. જિનદાસ ૩૮૭
૧૪૪૨. ઋદ્ધિસાર–રામલાલ ૩૮૮
૧૪૪૩. દયાવિમલ ૩૮૯
૧૪૪૪. કપૂરચંદ–કુશલસાર ૩૯૧
૧૪૪૫. આત્મારામ–આનંદ-વિજય–વિજયાનંદસૂરિ ૩૯૨
૧૪૪૬. પાર્વતી ૩૯૬
૧૪૪૭. હર્ષચંદ્ર ૩૯૬
૧૪૪૮. હુલાસચંદ્ર ૩૯૬
૧૪૪૯. રગનાથ ૩૯૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪૫૦. ડાહ્યાભાઈ ૩૯૮
૧૪૫૧. રાયચંદ ૩૯૯
૧૪૫૨. લક્ષ્મીચંદ ૪૦૦
૧૪૫૩. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૪૦૦
૧૪૫૪. અજ્ઞાત (લ.સં. વગરની ગદ્યકૃતિઓ) ૪૦૨

## પૂર્તિ

### વિક્રમ ઓગણીસમી સદી

૧૨૩૩.* તત્ત્વહંસ ૪૦૫
૧૪૫૫ક. રાજેન્દ્રસાગર ૪૦૬
૧૪૫૫ખ. રત્નવિમલ ૪૦૮
૧૨૬૪.* જિનલાભસૂરિ ૪૦૯
૧૪૫૬. જ્ઞાનસાગરશિષ્ય ૪૦૯
૧૨૮૮.* ક્ષમાકલ્યાણ ૪૧૧
૧૪૫૭. નયનંદન ૪૧૨
૧૪૦૩.* સાંવતરામ (ઋષિ) ૪૧૨
૧૪૫૮. અજ્ઞાત ૪૧૩
૧૪૫૯. અજ્ઞાત(ગદ્યકૃતિઓ) ૪૧૪
૧૪૬૦. અજ્ઞાત(ગદ્યકૃતિઓ) ૪૨૨

### વિક્રમ વીસમી સદી

૧૪૬૧. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૪૨૬
૧૪૬૨. અજ્ઞાત (ગદ્યકૃતિઓ) ૪૨૭
૧૪૬૩. અજ્ઞાત (સાલ વગરની ગદ્યકૃતિઓ) ૪૩૦
૧૪૬૪. અજ્ઞાત (સાલ વગરની ગદ્યકૃતિઓ) ૪૪૬

## અનુપૂર્તિ (મુખ્ય વિભાગની)

### વિક્રમ અઢારમી સદી

૧૪૬૫. કમલવિજય ૪૭૦
૧૪૬૬. અજ્ઞાત ૪૭૨

## અનુપૂર્તિ (પૂર્તિ વિભાગની)

### વિક્રમ સોળમી સદી

૧૪૬૭. અજ્ઞાત ૪૭૩
૨૨૪.* પાર્શ્વચન્દ્ર ૪૭૪

### વિક્રમ સત્તરમી સદી

૧૪૬૮. અજ્ઞાત ૪૭૪
૬૫૮.* ભુવનકીર્તિ ૪૭૫
૭૪૩.* કલ્યાણ ૪૭૬

### વિક્રમ અઢારમી સદી

૯૧૬.* ધર્મસિંહ ૪૭૭

## પરિશિષ્ટ : જૈનેતર કવિઓ

### વિક્રમ તેરમી સદી

૧. અદ્દહમાણુ–અબ્દુલરહમાન ૪૭૮

### વિક્રમ પંદરમી સદી

૨. ગોરખનાથ ૪૮૧
૩. ચરપટ ૪૮૨
૪. સારંગધર ૪૮૨
૫. સારંગ ? ૪૮૩
૬. અસાઈત ૪૮૩
૭. શ્રીધર ૪૮૫
૮. ભીમ ૪૮૬
૯. ભીમ ૪૮૮
૧૦. શિવદાસ ૪૮૮
૧૧. (નરપતિ) નાલ્હ ૪૯૦


જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વિક્રમ સોળમી સદી**

૧૨. માંડણ ૪૯૩
૧૩. પદ્મ ૪૯૫
૧૪. કિલ્લોલ–કલ્લોલ ૪૯૫
૧૫. દલ્હ ૪૯૬
૧૬. નરપતિ ૪૯૮
૧૭. શ્રીધર ૫૦૪
૧૮. વીરસિંહ ૫૦૬
૧૯. શિવદાસ ૫૦૭
૨૦. કબીર ૫૦૮
૨૧. છીહલ ૫૦૮
૨૨. ચતુર્ભુજ ૫૦૯
૨૩. ગણપતિ ૫૦૯
૨૪. ડામર ૫૧૨
૨૫. સુર ? [મોહન ?] ૫૧૪
૨૬. અજ્ઞાત ૫૧૫
૨૭. અજ્ઞાત ૫૧૬

**વિક્રમ સત્તરમી સદી**

૨૮. ઈસર ૫૧૮
૨૯. મધુસૂદન વ્યાસ ૫૨૦
૩૦. બાજંદ [વાજિંદ] ૫૨૧
૩૧. નંદદાસ ૫૨૨
૩૨. લાલ ૫૨૩
૩૩. અજ્ઞાત ૫૨૪
૩૪. ગંગ ૫૨૫
૩૫. ચકોર ૫૨૫
૩૬. સગતસિંહ (શક્તિસિંહ) ૫૨૬
૩૭. અજ્ઞાત ૫૨૬
૩૮. ગંગદાસ ૫૨૬
૩૯. કલસ ૫૨૭
૪૦. કલુ ૫૨૭
૪૧. પૃથ્વીરાજ રાઠોડ ૫૨૮
૪૨. વિલ્હ ૫૩૦
૪૩. ગદ્દ ૫૩૧
૪૪. વાસુ ૫૩૨
૪૫. કેશવદાસ ૫૩૩
૪૬. માધવદાસ ૫૩૪
૪૭. શામલદાસ ૫૩૫
૪૮. આવલ–આલમ ૫૩૭
૪૯. ગોપાલ પંડિત ૫૩૭
૫૦. બુધદાસ ૫૩૭
૫૧. સુંદર ૫૩૭
૫૨. અજ્ઞાત ૫૩૯
૫૩. અજ્ઞાત ૫૪૦
૫૪. પિંગલ–શેષનાગ–નાગરાજ ૫૪૦
૫૫. ચિંતામણિ ૫૪૧
૫૬. દુરસાજી બારોટ ૫૪૩
૫૭. દેવીદાન નાઈતા ૫૪૪

**વિક્રમ અઢારમી સદી**

૫૮. દલપતિ ૫૪૬
૫૯. જસવન્તસિંહ ૫૪૭
૬૦. દેદ ૫૪૭
૬૧. જનતાપી–તાપીદાસ ૫૫૨
૬૨. સુંદરદાસ બાબા ૫૫૩
૬૩. ખેડિયા જગા–જગોજી ૫૫૩
૬૪. પ્રેમાનંદ ૫૫૫
૬૫. વૃંદ ૫૫૮
૬૬. લાસકુંઅર ૫૫૯
૬૭. ચતુર્ભુજ[દાસ] ૫૬૦
૬૮. ચતુરંગ ૫૬૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૯. જીવા ૫૬૩
૭૦. શામળદાસ–શામળ ભટ્ટ ૫૬૪

**વિક્રમ ઓગણીસમી સદી**

૭૧. ઉરદાસ ૫૬૪
૭૨. પ્રહ્લાદ ૫૬૫
૭૩. અજ્ઞાત ૫૬૫
૭૪. વસુ–વસ્તો ૫૬૫
૭૫. વિષ્ણુ ૫૬૭
૭૬. સુદામો ૫૬૭
૭૭. કૃષ્ણાદાસ–[કૃષ્ણદાસ] ૫૬૯
૭૮. અજ્ઞાત ૫૭૦
૭૯. લાલ ૫૭૦
૮૦. અજ્ઞાત ૫૭૧
૮૧. થોભણ[દાસ] ૫૭૧
૮૨. અજ્ઞાત ૫૭૨
૮૩. અજ્ઞાત ૫૭૨
૮૪. અજ્ઞાત ૫૭૩
૮૫. અજ્ઞાત ૫૭૩
૮૬. અજયરાજ ૫૭૩
૮૭. ભોજો ૫૭૪
૮૮. અજ્ઞાત ૫૭૫
૮૯. અજ્ઞાત ૫૭૫
૯૦. અજ્ઞાત ૫૭૬
૯૧. અજ્ઞાત ૫૭૬
૯૨. અજ્ઞાત ૫૭૭
૯૩. અજ્ઞાત ૫૭૮
૯૪. અજ્ઞાત ૫૭૯


जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન ગૂર્જર કવિઓ

## ભાગ ૬

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિક્રમ ઓગણીસમી સદી

## ૧૨૨૯. સુમતિસાગરસૂરિશિષ્ય

**(૪૨૮૪) ચરણકરણ છત્રીસી** ૫૪ કડી

**આદિ –** ॐ નમઃ

સુપાસ જિણવર કરૂં પ્રણામ, ગુણ છત્રીસઇ બોલું નામ,
મનવચકાયાઇ કરી, આગમવાણી હઇયડઇ ધરી. ૧
...રે પરિગ્રહ આરંભ છાંડઇ નહી,
સાધુ વડા વડેરા કુલ આચાર, આપણિ મૂંકિ કુંણ આધાર. ૨

**અંત –** આણી રાખઇ જિન તણી, સંજમ ખરપ અપાર,
કર જોડી સહી નિત્ત નમઇ, તઉ તરઈ ભવપાર. ૫૩
શ્રી **સુમતિસાગર** સૂરીસર નમુ, માનુ અરિહંત-આણ,
અધિકુ-ઉછઉ જે હુઇ, તે જોયો સહૂ જાણ. ૫૪

(૧) પ.સં.૩-૧૧, ત્રિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૬૩૬.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૬૮-૬૯.]

## ૧૨૩૦. વિશુદ્ધવિમલ (વીરવિમલશિ.)

**(૪૨૮૫) મૌન એકાદશી સ્ત.** ૨.સં.૧૭૮૧

**આદિ –** શાંતિકરણ શ્રી **શાંતિજી**, વિઘનહરણ શ્રી **પાસ**,
વાગ્દેવી વિદ્યા દિઇ, સમરૂં ધરી ઉલ્હાસ. ૧
**જાદવકુલ**-સિરસેહરો, બ્રહ્મચારી ભગવંત,
શ્રી **નેમિસર** વંદિઇ, જેહનાં ગુણ અનંત. ૨

**અંત –** સંવત **સતર સીકા** [એકાસીઆ] વરસે તવન રચ્યું ખંતેજી,
જંત્ર અનુસારે જોઇ કીધી, બારે ગાથા મેં તંતેજી. ૫
શ્રી **વીરવિમલ** સેવા કરતાં, ઋદ્ધિ કીરતિ બહુ પાયાજી,
**વિશુદ્ધવિમલ** કહે સંગે પુરૂષોત્તમ ગુણ ગાયાજી. ૬

(૧) પ.સં.૩-૧૩, જશ. સં.[ડિકેટલોગભીજે(પૃ.૨૧૨), મુપુગૂહસૂચી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૨૮૬) + વીશી** ર.સં.૧૮૦૪ [શુક્ર (જ્યેઠ) માસ શુ.૩ ? ગુરુ ?]
પાલણપુરમાં

**આદિ** – ૧ સીમંધર જિન સ્ત.
નિંદરડી વેરણ હો રહી – દેશી.

શ્રી **સીમંધર** સાહિબા, સુણો સંપ્રતિ હો **ભરતક્ષેત્ર**ની વાત કે,
અરિહા કેવલી કો નહીં, કેને કહીયે હો મનના અવદાત કે.
શ્રી **સીમંધર** સાહિબા. ૧

**અંત** – કલશ.

જિનગુણમાળા ગાઉં રસાળા, રિદ્ધ કીરત શુભ શાળાજી,
**વીરવિમલ** ગુરૂ ગુણરસાળા, શુભ ગુણમણીની માળાજી. ૧
જિનગુણ ગાયા આતમસુખ પાયા, હિયડે હરખ ન માયાજી,
શ્રી **વીરવિમલ** ગુરૂચરણ પસાયા, **વિશુદ્ધ** જિનગુણ ગાયાજી. ૨
સંવત **અઢાર ચ્યાર** સુકર માસે, તરવ શુભ ગુરૂ પાસજી,
**પાલણપુર** પ્રણમિ **પાર્શ્વ**જિનં, ગુણ ગાયા ઉલ્લાસજી. ૩

પ્રકાશિત : ૧. ચોવીશીવીશી સંગ્રહ પૃ.૬૩૯થી ૬૫૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૯. 'મૌન એકાદશી સ્ત.'નો રચનાસંવત ત્યાં '૧૭૮૦ ?' એમ મૂકેલો પરંતુ મુપુગૂહસૂચીમાંથી સ્પષ્ટ મળ્યો છે.]

JAINSITE.com
જૈન સાઇટ
જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૨૩૧. ઉત્તમવિજય (ત. સત્યવિજય–કપૂરવિજય–ક્ષમાવિજય–જિનવિજયશિ.)

અમદાવાદમાં શામળાપોળમાં રહેતા વણિક લાલચંદને ત્યાં ભાર્યા નામે માણેકથી જન્મ સં.૧૭૬૦. નામ પૂંજાશા. સં.૧૭૭૮માં ખરતરગચ્છના અધ્યાત્મજ્ઞાની દેવચંદ્રજી (જુઓ નં.૧૧૦૩) અમદાવાદ આવતાં તેમની પાસે ધાર્મિક તત્ત્વગ્રંથોનો અભ્યાસ કર્યો. પછી તેમની સાથે સુરતમાં પાટણથી આવીને રહેલા પ્રસિદ્ધ શાહ કચરા કીકાએ સમેતશિખરની યાત્રા કરવા જે સંઘ કાઢ્યો, તે સાથે પૂંજાકુમાર ગયા. યાત્રા ત્યાંની કરી, પછી અનેક તીર્થોની યાત્રા કરી સુરત આવી ત્યાં સંઘને વિશેષાવશ્યક સૂત્ર વાંચી સંભળાવ્યું. આ પરથી જણાય છે કે શ્વેતાંબરોમાં પણ સંઘ પાસે અમુક સૂત્ર-વ્યાખ્યાન શ્રાવક કરી શકતા હતા. ત્યાંથી અમદાવાદ આવ્યા કે જ્ઞાનવિમલસૂરિના વંશજ યોગવિમલગણિ અને સત્યવિજય પંન્યાસના વંશજ જિનવિજય પંન્યાસ હતા. પૂંજાશા જિનવિજયજીનાં વ્યાખ્યાન શ્રવણ કરતા હતા, અને તેમની પાસે તેણે સં.૧૭૯૬ વૈ.શુ.૬-

ને દિને દીક્ષા લીધી અને નામ ઉત્તમવિજય રાખ્યું. ગુરુશિષ્યે પ્રેમાપુરમાં ચોમાસું કર્યું. ત્યાંથી સુરત આવ્યા. પછી ભટ્ટારક વિજયદયાસૂરિની આજ્ઞા લઈ પાદરા આવી ત્યાં ભગવતીસૂત્ર વાંચ્યું; અને શિષ્યને ગુરુજીએ નંદીસૂત્ર શીખવ્યું. પછી જિનવિજય ગુરુ સં.૧૭૯૯ શ્રાવણ શુ.૧૦ દિને દિવંગત થયા પછી ખંભાત, પાટણ અને ભાવનગર આવ્યા. ત્યાં પોતાના પ્રથમ ગુરુ અને ધર્મબોધક શ્રી દેવચંદ્રજીને બોલાવ્યા અને તેમની પાસે ભગવતી, પન્નવણા, અનુયોગદ્વાર આદિ સૂત્રો વાંચ્યાં અને પછી તે સર્વ આગળ વાંચવાની દેવચંદ્રજીએ આજ્ઞા આપી. તેટલામાં કચરા કીકા સુરતથી સિદ્ધાચલની યાત્રા માટે સંઘ લઈ ત્યાં આવ્યા, તેની સાથે પાલીતાણે ઉત્તમવિજયજી ગયા (સં.૧૮૦૮). ત્યાંથી રાજનગર આવી બે ચોમાસાં કરી ભગવતીસૂત્ર સંઘ પાસે વાંચ્યું. ત્યાંથી સુરત ચોમાસું કર્યું. પછી નવસારી, ખંભાત, અમદાવાદ, ભાવનગર, સિદ્ધાચલ, ગિરનાર વિહાર કરી નવાનગર ચોમાસું કર્યું. ત્યાંથી રાધનપુર, શંખેશ્વર, ગિરનાર-સિદ્ધક્ષેત્ર અને પુનઃ ભાવનગર આવ્યા. પછી ખંભાત, રાજનગર, દક્ષિણદેશ, સુરત, ચાંપાનેર, લીંબડી, ને પછી પાલીતાણે જઈ પ્રતિષ્ઠા કીધી. પછી પાટણ, રાધનપુર. ને ત્યાંથી તારાચંદ કચરાના સંઘ સાથે તારંગા, આબુ, શંખેશ્વરની યાત્રા કરી રાધનપુર આવ્યા. ત્યાંથી પાદરા, વડોદરા, ડભોઈ, પાટણ, પછી સુરત આવ્યા. ત્યાં ગુરુભાઈ ખુશાલવિજય પંન્યાસ સાથે રહ્યા ને ચોમાસું કર્યું. નેત્રપીડા થઈ, ત્યાંથી રાજનગર આવ્યા. ત્યાં સં. ૧૮૨૭ મહા શુદિ ૮ને દિને ૬૭ વર્ષની વયે દેહ પડ્યો. ને હરિપુરામાં ગુરુનો સ્થૂભ થયો.

જિનવિજય આ પૂર્વે નં.૧૧૩૭.

**(૪૨૮૭) + સંયમશ્રેણીગર્ભિત મહાવીર સ્તવ સ્વોપજ્ઞ ટબા સહિત**

૪ ઢાળ ર.સં.૧૭૯૯ ચૈ.શુ.૩ સુરતમાં

**આદિ** – શ્રી **વર્દ્ધમાન** જિનં નત્વા, વર્દ્ધમાનગુણાસ્પદં
સ્વોપજ્ઞ સંયમશ્રેણીસ્તવસ્યાર્થો વિતન્યતે. ૧
ઢાળ ૧લી. પ્રથમ ગોવાલ તણે ભવેજી એ દેશી.
કેવલજ્ઞાન-દિવાકરૂજી, સિદ્ધ બુદ્ધ સુખદાય,
આતમસંપદ ભોગવેજી, **વર્દ્ધમાન** જિનરાય,
ગુણોદધિ શાસનનાયક વીર, મેરૂ મહિધર ધીર. ગુણો.૧
અનુક્રમિ સંયમ ફરસતાજી, પાંમ્યો ક્ષાયક ભાવ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયમશ્રેણી ફૂલડેજી, પૂજું પદ નિષ્પાવ. ગુણો.૨
વાચક જસવિજયે રચ્યોજી, સંખેપે સજઝાય,
વિસ્તરી જિનગુણ ગાવતાંજી, જીહા પાવન થાય. ગુણો.૩

અંત – ઢાલ ૪થી. રાગ ધન્યાશ્રી – કલસરૂપ.
ગાયો ગાયો રે, ભલે વીર જગતગુરૂ ગાયો.
સંયમશ્રેણી થાનક ષટવિધ, ઠવણા યંત્ર બનાયો,
અહુડાણુ પરૂપણુ કરતાં, મનુજજનમ-ફલ પાયો રે. ભલે.૧
શુદ્ધ નિરંજન અલખ અગોચર, એહિ જ સાધ્ય સુહાયો,
જ્ઞાનક્રિયા અવલંબી ફરસો, અનુભવસિદ્ધિ ઉપાયો રે. ભલે.૨

*

સંવત નંદ નિધિ મુનિ ચંદે, દેવ દયાકર પાયો,
પ્રથમ જિનેસર પારણુ દિવસે, સ્તવના કલશ ચઢાયો રે. ભલે.૩
વિજયદેવસૂરીસ પટોધર, વિજયસિંહ સવાયો,
સત્ય શિષ્યાવર કપૂરવિજય બૂધ, ક્ષમાવિજય પુણ્ય પાયો રે.
ભલે.૪

(આનો અર્થ કવિ સ્વભાષામાં કરતાં પોતાની ગુરુપરંપરા આપે છે કે) શ્રી વીરસ્વામિના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી પહેલા પટ્ટોધર થયા તિહાંથી આઠ પટ લગે 'નિગ્રંથ' બિરૂદધારી ૧, નવમે પાટે સૂરિમંત્ર કોટી વાર જપ્યા માટે 'કોટી' બિરૂદધારી ૨, પનરમે પાટે ચંદ્રસૂરિ ચંદ્રવત્ ઘણા સૌમ્ય થયા માટે ચંદ્રગચ્છ કહેવાણો ૩, સોલમે પાટે સમંતભદ્રાચાર્ય ઘણા નિર્મમ થયા વનવાસે રહ્યા માટે 'વનવાસી' બિરૂદ થયું ૪, છત્રીસમે પાટે સર્વદેવસૂરિ થયા વડતલે આચાર્યપદ આપ્યું અને તેના શિષ્ય જે થયા તે વડશાખાની પેરે પરિવારિ વધ્યા તે વલી ઘણા ગુણે વધ્યા માટે વડગચ્છ કહેવાણા ૫. ચુમ્માલીસમે આંબિલ વર્ધમાન તપ કીધા માટે રાણાજીએ તપાબિરૂદ દીધો તિહાંથી તપા કહેવાણા ૬. અનુક્રમે બાસઠમેં પાટે આદેય નામધારીશ્રી વિજયદેવસૂરિ, તત્પટ્ટપ્રભાવક સત્તાઇ વિજયસિંહસૂરિ, તેની સાચી અહણા આસેવના શિષ્યાધારી અર્થાત્ પંડિત સત્યવિજયગણિ ગચ્છનાયકની આજ્ઞા માગી ક્રિયાઉદ્ધાર કીધો. શ્રી આનંદઘન સાથે વનવાસ રહ્યા. અનેક તપ કીધા, અનુક્રમે વૃદ્ધાવસ્થા જાણીને અણહિલપુર પાટણમાં રહેતાં ધર્મોપદેશ દેતા. તેમના શિષ્ય પંડિત કપૂરવિજય અને પંડિત કુશલવિજય થયા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં શ્રી **કપૂરવિજય**ગણિ તે અરિહંતપ્રતિમાપ્રતિષ્ઠાદિક અનેક ધર્મકાર્યકારી પ્રભાવક થયા. દેશ, નગર, પુર, પાટણે વિહાર કરતા રહ્યા. તેમના શિષ્ય પંડિત **વૃદ્ધવિજય**ગણિ તથા પંડિત **ક્ષમાવિજય**ગણિ થયા તેમાં પંડિત **ક્ષમાવિજય**ગણિ તે દેશના આપવાના ગુણે કરી અનેક ભવ્ય જીવોને ઉપકારી પવિત્ર ચરણકમલધારી થયા.

**સૂરત** માંહિ સૂરજમંડણ શ્રી **જિનવિજય** પસાયો,

**વિજયદયાસૂરિ**રાજે જગપતિ, **ઉત્તમવિજય** મલ્હાયો રે. ભલે.૧૧

અર્થ : શ્રી **સૂરત**બંદરે સૂર્યમંડણ **પાર્શ્વનાથ**ની સ્મૃતિ પ્રણતિ મહિમાએ તથા પંડિતશ્રી **ક્ષમાવિજય**ગણિ શિષ્યરત્ન સંપ્રતિ વિદ્યમાન ચિરંજીવી પરમોપકારી પંડિતશ્રી **જિનવિજય**ગણિએ ઉદ્યમ કરી મને પ્રથમ અભ્યાસ કરાવ્યો. તે જેમ માતાપિતા પુત્રને પ્રથમ પગ માંડવા તથા બોલવા શિખવે તેમ ગુર્વાદિકે મને ઉપકારી કીધો. એ શ્રી **તપાગચ્છ**ધિરાજ ભટ્ટારક શ્રી **વિજયદયા**સૂરિશ્વરના રાજમાં જગત્પતિ જગત્પરમેશ્વર શ્રી **વીર**સ્વામીને મુનિ **ઉત્તમવિજયે** મલ્હાયો – ગાયો – સ્તવનાગોચર કીધો. એ સ્તવન અમચ્છરી ગીતાર્થ પુરૂષો તમે શોધજો ભણાવજો. ભણતાં-ભણાવતાં સંયમશ્રેણીએ ભૂષિત થઈ સહેજાનંદ પામજો. ૧૧.

ઇતિ અનુયોગાચાર્ય પંડિત શ્રી ઉત્તમવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞ વિવરણ સહિત સંયમશ્રેણી ગર્ભિત શ્રી મહાવીર સ્તવન સમાપ્ત.

(૧) મૂળ લે. રૂપચંદઃ. પ.સં.૫-૧૦, જશવિજયમુનિ સંગ્રહ નં.૧૭૦. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૯, ૨૮૮).]

પ્રકાશિત : ૧. શ્રી સત્યવિજય ગ્રંથમાલા નં.૧, શેઠ બાલાભાઈ મૂલચંદ, રીચીરોડ, અમદાવાદ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**(૪૨૮૮) + જિનવિજય નિર્વાણ રાસ** (ઐ.) ૧૬ ઢાળ સં.૧૭૯૯ આ.શુ. ૧૦ પછી

**આદિ** – કમલમુખી શ્રુતદેવતા, પૂરો મુજ મુખવાસ,
ગુણદાયક ગુરૂ ગાવતાં, હોય સફલ પ્રયાસ.

**અંત** – ઢાલ ૧૬મી

શ્રી ગુરૂરાજ કદીએ નવિ વીસરે, સાંભરે રાત નિશીદીસ રે.

*

ખટકાયપાલક સુમતિદાયક પાપનિવારક જગ-જયકરો,
સંવેગરંગી સજ્જનસંગી **જિનવિજય** ગુરૂ જયગુણકરો.
**માનવિજય** ગુરૂ કહણથી રચ્યો ગુરૂનિર્વાણ એ,

સકલ શિષ્ય ઉત્સાહ **ઉત્તમવિજય** કોડી કલ્યાણ એ.

(૧) લિ.સં.૧૮૧૫, પ.સં.૧૨, લીં.ભં. નં.૨૮૮૨. (૨) પ.સં.૧૪, લીં.ભં. નં.૩૦૯૫. (૩) સં.૧૮૬૩ ભાદ્રવા વદ ૪ સોમે, પ.સં.૧૪-૧૨, પાદરા નં.૩૭૮. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૨૧૮), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૯).]

પ્રકાશિત : ૧. મારી 'જૈન ઐતિહાસિક રાસમાળા' કે જેમાં કવિનું ચરિત્ર તેના રાસ સાથે આપેલ છે.

**(૪૨૮૯) + અષ્ટપ્રકારી પૂજા** ર.સં.૧૮૧૩[૯]

**આદિ –** દોહા.

શ્રુતધર જસ સમરે સદા, **શ્રુતદેવી** સુખકાર,
પ્રણમી પદકજ તેહનાં, પભણું પૂજાપ્રકાર. ૧
અર્થ સુણી જિનમુખ થકી, સૂત્ર રચે ગણધાર,
તે આગમને અનુસરી, રચશું અષ્ટપ્રકાર. ૨
નમણ, વિલેપન, કુસુમની, ધૂપ, દીપ, મનોહાર,
અખંડઅક્ષત, નૈવેદ્યની, અષ્ટમી ફલ સુવિચાર. ૩
ભાવસ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર,
કારણથી કારજ સધે, તિણે ધૂર પૂજા ઉદાર. ૪
પીઠ મનોહર થાપિને, અરિહંત પ્રતિમા સાર,
તાલ મૃદંગ વાજિત્રયુત, કરિયે હર્ષ અપાર. ૫
તીર્થોદક કુંભો ભરી, રત્ન પ્રમુખ શ્રીકાર,
અષ્ટ સહસ અડજાતિના, અથવા કલશ ચ્યાર. ૬

**અંત –** કળશ રાગ ધન્યાશ્રી.

ભાવો ભાવો રે ભવિ અષ્ટપ્રકાર ચિત્ત ભાવો.

*

સત્યવચનભાષક **સત્યવિજયો**, સંવેગી તસ દાવો,
કપૂરસમી ઉજ્જવલ જસ કીર્તિ, **કપૂરવિજય** બુધ ધ્યાવો રે. ભાવિ. ૪
**તત્ત્વ શશિ અહ ચંદ** સંવત્સર, (૧૮૧૩) **ક્ષમાવિજય** જિન ગાવો,
ઉત્તમ પદકજપૂજ કરંતાં, **ઉત્તમ** પદની પાવો રે. ભાવિ. ૫

(૧) પ.ક્ર.૮થી ૧૦ પં.૧૩, નવપદ પૂજા સાથે લખેલી પ્રત. મારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે. (૨) પ.સં.૫-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૯૫, ૨૭૧).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ પૃ.૪૫૦-૬૦. [૨. પૂજાસંગ્રહ (મોહનભાઈ બકોરભાઈ). ૩. વિવિધ પૂજાસંગ્રહ ભા.૧થી ૧૧.]

**(૪૨૯૦) [+] ચોવીસી**

(૧) લ.સં.૧૮૪૦, પ.ક્ર.૧૩૯થી ૧૫૨, લીં.ભં. નં.૨૭૮૨.

[પ્રકાશિત : ૧. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા.૨ (પાંચ સ્તવન).]

**(૪૨૯૧) શ્રાદ્ધવિધિવૃત્તિ બાલા.** ર.સં.૧૮૨૪

મૂળ રત્નશેખરસૂરિકૃત.

(૧) લ.સં.૧૯૫૦, ગ્રં.૨૦૦૦૦, પ.સં.૪૫૭, સં.લા. નં.૨૯૫૯. (૨) ગ્રં.૬૭૬૧, પ.સં.૪૬૧, પ્ર.કા.ભં. દા.૯૭ નં.૧૦૪૮. (૩) સં.૧૮૩૦ ચૈત્ર શુ.૩ બુધ **વિરમગ્રામે શાંતિપ્રસાદાત્ વોરા** કેશવજી વાંચનાર્થં લ. પં. **ખુશાલવિજયગણિ** સત્ક. પ.સં.૧૧, વિરમગામ સંઘ ભં. [આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૮૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧-૬ તથા ૧૬૬૯. જૈન પરંપરામાં તત્ત્વ=૯ વધારે જાણીતું છે તેથી 'અષ્ટપ્રકારી પૂજા'નો ર.સં.૧૮૧૯ પણ શક્ય છે.]

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૨૩૨. ધર્મદાસ ? (લોંકાગચ્છ મૂલચંદજીશિ.)

**(૪૨૯૨) અઢાર પાપસ્થાનકની સઝાય** ૧૮ ઢાલ ર.સં.૧૮૦૦ ભા.વ.૧૦ બુધ અમદાવાદમાં

**આદિ** – દુહા.

પ્રથમ જિણેસર પાયકમલ, પ્રણમી બે કર જોડિ,
પાપ અઢારે વર્ણવું, શુણજ્યો આલસ મોડિ. ૧
મુજ ગુરૂ રૂષિ **મુલચંદજી**, તાસ સેવક **ધર્મદાસ**,
તે ગુરૂના પયપંકજ નમી, ભણસું મન-ઉલ્હાસ. ૨

**અંત** – કલશ.

દશ દષ્ટાંતે દોહિલો, આ માંનવભવ જાંણી કરી,
રસ આક છાંડી ધર્મવાડી માંહિ રમો આનંદ ધરી. ૧
અંજલી-જલ જિમ આઉખું, ભરોસો પાણી તણો,
કાનકુંજર બાન સંઝયા, વીજલી અજુઆલો ઘણો. ૨

એહવું જાણી સુણો પ્રાણી, આવે તનચેં નવિ એહો, ?
સમકિત સહિત તપ શીયલ સંયમ દયા મારગ ધર્મ વહો. ૩
ગુણરત્નસાગર ધર્મ-આગર **કાંન** (?) છઇ દાતાર એ,
ઋષિસ્વર **ધર્મદાસજી**, તસ પટોધર ઉદાર એ. ૪
ઋષિશ્રી **મુલચંદજી**, તસ સયગોપાસકનો વડા, ?
બાલ **બ્રહ્મધર** નામે ધર્મવર જેને સુરનર આગલિ ખડા. ૫
તે ગુરૂના પરભાવથી, વલી આગમ અનુસારેં કરિ,
એ અષ્ટદશ પાતિક કહ્યાં તેહથી ચતુર નાસેં પરહરી. ૬
એ આગમથી કાંઇ આઘોપાછો, ઓછોઅધિકો ભાષીઓ,
હાથ જોડી માંન મોડી મિચ્છામિ દુક્કડ મેં દીઓ. ૭
સંવત **શત અઢાર** વરસેં, ભાદ્રવા વદિ દશમી દિને,
શહેર **અમદાવાદ** વાર બુધે, કર જોડી ઇણિ પરે ભણે. ૮

(૧) સંવત ૧૮૨૨ના વર્ષે માગશિર વદિ ૧૦ વાર ગુરૌ લિખિતં ઋષિ **સોમચંદ**ઃ વાચનાર્થં બાઇ **અમૃતિ**. મુખેં જયણા કરી ભણજ્યો ગ્નાંનનું બહુમાંન્ય કરો. પ.સં.૬-૧૩, રાજકોટ મોટા સંઘનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬-૭. પહેલાં મૂલચંદજીના શિષ્ય તરીકે ધર્મદાસ નામ આવે છે અને પછી ધર્મદાસજીના શિષ્ય તરીકે મૂલચંદજી નામ આવે છે તેથી કર્તાનામનો કોયડો ઊભો થાય છે. પરંતુ ધર્મદાસજી-મૂલચંદજી-ધર્મદાસ એવી પરંપરા પણ હોઈ શકે.

'બાલ બ્રહ્મધર' એ બાળબ્રહ્મચારીના અર્થનો શબ્દ હોવાનું વધારે શક્ય છે. એમાં કોઈ નામ વાંચવાનું કદાચ યોગ્ય ન લેખાય. 'કાંન' પાઠ પણ ભ્રષ્ટ જ લાગે છે. એ આખી પંક્તિ મૂલચંદજીના ગુણવર્ણનની જણાય છે. તો એમાં કોઈ નામ વાંચવું યોગ્ય ન ગણાય. 'સયગોપાસક'= શતકોપાસક, સો ઉપાસકો – સાધુઓ ?]

## ૧૨૩૩. તત્ત્વહંસ

**(૪૨૯૩) ભુવનભાનુચરિત્ર બાલા.** ર.સં.૧૮૦૧

(૧) લ.સં.૧૮૪૫, ગ્રં.૫૫૦૦, પ.સં.૯૬, પ્ર.કા.ભં. નં.૧૦૨૭. [કેટલોગગુરા.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૬૮.]

## ૧૨૩૪. (બ્રહ્મ) રૂપચંદ (પાર્શ્વચન્દ્રગચ્છ અનુપચંદશિ.)

**(૪૨૯૪) કેવલ સત્તાવની** (હિંદીમાં) ર.સં.૧૮૦૧ માહ શુદ ૫ [રવિવાર ?]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ – સવૈયા તેઇસા.

ॐकार પૂરણ બ્રહ્મ પદારથ સકલ પદાર્થ કે સિર સ્વાંમી
વ્યાપક વિશ્વપ્રકાશ સુતંતર જ્યોતિ સર્વ ઘટ અંતરજામી
સિદ્ધ એહી ગુરૂ ગોવિંદ હે અરૂ શિષ્ય એહી પર છાંડી અકામી
આપુ અકર્તા પુન્યતા ભોગતા તાહિ ત્રિલોકનમેં કેવલ નાંમિ. ૧

અંત – લિંગ અખંડિત સુમતિ સેત કંતાંબર સાકાર સિદ્ધિ સદાઇ
**પાસશશિ** સૂર સો દીપક તાહિકી જોત **અનૂપચંદ** કહાઇ
તાહીકો અંસ બ્રહ્મ **રૂપ** સંવેગી અરિહા ધ્યાંન કરે મન લાઇ
પંચ લઘુ અક્ષરે સિદ્ધ હું કારજ કેવલ સાધસરૂપ એ ભાઈ. ૫૫
ક્ષૈભાવ અસાર હુવે જબ સીઝે આગમ સાર સમયકો સારા
ત્રિપદી ભેદ અભેદ સમાવેઇ પરમાતમપદ પાવે ધારા
ચલી જાય શિવમગ્ગકે સંમુખ નિરવિકલ્પ નિરૂપધિ તારા
વિમલા રસ રૂપેં સિદ્ધિ પ્રગટે કેવલ સાદિ અનંત આચારા. ૫૬
સંવત સૈજુ **અષ્ટાદશ** જાનૌ ઉપર **એકોત્તર** વરસૈ વચી
માસ સુઉજ્જવલ માઘ સુપાંચૈ તા દિન વસંત રિતુ શુભ મચી
દરસ પરસ હુવો જબ જાંની **આદ** જિન છબિ સોસિત સચી
વાર સુભો મરિષ[ચં ?] રેવતી શુભયોગે **કેવલસત્તાવની** રચી. ૫૭

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**કાશી** દેસ નયરી જાત્રા જુ આયે **વૃષભ** જિન કેરી
ભાવ સું ભેટ્યો **સિદ્ધાચલ** તીરથ કર્મ કઠોર મિટી ભવફેરી
જૈ જગ પંડિત ભાવારથ વિચાર પઢે તિનકું વંદન મેરી
પૂરણ કૃપા હુવે સતગુરૂકી કેવલ સંપતિ આવહિં નેરી. ૫૮

(૧) ઇતિ શ્રી બ્રહ્મ રૂપ સંવેગી વિરચિતં કેવલસત્તાવની સમાપ્તં.
પ.ક્ર.૨૦થી ૨૬ પં.૧૧, જશ.સં.

**(૪૨૯૫) લઘુ બ્રહ્મબાવની** (હિંદીમાં)

નિહાલચંદ્રે (નં.૧૧૭૭) સં.૧૮૦૧માં 'બ્રહ્મબાવની' રચી છે અને તેથી આને કર્તાએ 'લઘુ બ્રહ્મબાવની' કહી છે.

આદિ – ॐकार હે અપાર પારાવાર કોઉ ન પાવે
કહુયક સાર પાવે જોઇ નર ધ્યાવેગો
ગુણ ત્રય ઉપજત વિનસ્ત થિર રહે
મિશ્રિત સુભાવ માંહિ સુદ્ધ કૈસે આવેગો

અગમ અગોચર અનાદિ આદિ જાકી નહી
ઐસો ભેદ વચન વિલાસ કૈસેં પાવેગો
નયવિવહારરૂપ ચાસૈ હે અનંત ભેદ
બ્રહ્મરૂપ નિશ્ચૈ નય એક દ્રવ્ય થાવેગો. ૧.

**અંત** – હેતવંત દીપે સદા રાગદોષ નાંહિ કદા
ઐસે ગુણવંતનકૌ મેરૌ પરનામ હૈં
ગ્યાંતા નર હોઇ કોઊ મો પર કૃપાલ હોઊ
હંસકો સુભાવ વલી જે ગુણનકો ધામ હૈં
કચ્છદેશ ઉત્પતિ જાતિ કુલ ભયો ગતિ
જિનગુણ ગાયો સરવંગ મેરો સાંમ હૈં
એહી **લઘુ બ્રહ્મબાવની** ગ્યાતામનભાવની
નામરૂપ ગાયો નહી ગુનહી સૈં કામ હૈ. પર.

લિંગાધાર સારપક્ષ **શ્વેતાંબર** કહ્યો દક્ષ
ધાર વિવહાર સ્યાદવાદ શુદ્ધ બ્રહ્મકી
તાહીમેં પ્રગટ ભયો **પાસચંદ**સૂરિ જયો
થાપ્યો **પાસચંદ**ગચ્છ આસૈ જિનધર્મકી
તિનહુમે રૂચિવંત સાધક **આનુપચંદ**
સાધ સુસંવેગધારી શક્તિ સુખ સમ્મકી
જિનકી મહંત કીર્ત્તિ તાહીકો નિકટવૃત્તિ
સીષ્ય બ્રહ્મ **રૂપ** બૂઝી રીત બ્રહ્મકર્મકી. પ૩.

ક્ષય પાવે ગ્યાંન જગ્ગ દેખે શુદ્ધ મોક્ષમગ્ગ
ભગવાંન જિન જંન પછ ચોર રે
ચોરનકો સંગ છોર ફેરૂ નિજ જોગ જોર
પરપછ ડારિ ગહે મોર પછોર રે
અન્ય ન સરૂપ ધાર પૂરબકો દેશ સાર
જિહાં વહે સદા સુરસરિતાકો જોર રે
ચિદાનંદ તાહી રૂપ જાંહિમેં અનંત સુપ
બ્રહ્મ રૂપ સ્વાદ પાયો કાહે કરૂ સોર રે. ૫૪

(૧) ઇતિશ્રી લઘુ બ્રહ્મબાવની બ્રહ્મ રૂપ સંવેગીકૃત સંપૂર્ણમ્. ઉપરની પ્રત, પ.ક્ર. ૧૦થી ૧૯ પં.૧૧, જશં.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯–૧૧.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૨૩૫. જયસાગર** (ત. ન્યાયસાગરશિ.)

ન્યાયસાગર આ પૂર્વે નં.૧૧૦૯.

**(૪૨૯૬)** [+] **તીર્થમાલા** ૫૫ કડી (ઐ.) ર.સં.૧૮૦૧ આષાઢ વદ ૫ બુધ અમદાવાદના જમાલપુરવાડામાં

**આદિ** – દૂહા.

**સરસ્વતી** માત નમી કહું, મુઝ મુખ કરો નિવાસ
તીરથના ગુણ ગાયવા, દેયો વચનવિલાસ. ૧
અરિહંત સિદ્ધ સદા નમું, આચારજ ઉવઝાય
સાધુ સકલ નમતાં થકાં, દિનદિન મંગલિક થાય. ૨
**ન્યાયસાગર** પ્રભુ મુજ ગુરુ, ગુરુગુણનો ભંડાર
**જય** કહે ચરણકમલ નમી, કરસું તીરથમાલ. ૩

**અંત** – સંવત **અઢાર એકમાં** રહિ **રાજનગર** ચોમાસ
**જમાલપુર**ના પાડામાં મુઝ ઉપનો હરષઉલ્લાસ. ૫૦
કૃષ્ણપક્ષ **આસાઢનો** વલિ પાંચમ ને બુધવાર
**તીરથમાલા** પૂરિ કરી પામેવા ભવનો પાર. ૫૧
**તપગચ્છ** માંહી શિરોમણી શ્રી **ન્યાયસાગર** ગુરુરાજ
ચરણસેવી **જય** ઇમ ભણે, મુઝ સીધાં વંછિત કાજ
ભવિયણ તીરથયાત્રા તુમે કરો. ૫૨

કલશ.

જય **આદિ** જિનવર **શાંતિ** જિનવર **વીર** જિનવર **પાસ**જી
**તીરથમાલા** પૂરી કીધી પોહતી મુઝ મનઆસજી. ૫૩
**જમાલપુર**ના પાડા માંહિ ચારે ચતુર સુજાણજી
પ્રહ ઉઠી પ્રભુચરણ નમતાં થાય જયકલ્યાણજી. ૫૪
**તપગચ્છ**મંડણ દુરીતખંડણ શ્રી **ન્યાયસાગર** પન્યાસજી
ચરણસેવી **જય** કહે મેં કીધો ગુણઅભ્યાસજી. ૫૫

[પ્રકાશિત : ૧. જૈનયુગ અસાડ-શ્રાવણ સં.૧૯૮૫, સંપા. ચતુરવિજયજી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧–૧૨. 'જૈનયુગ'ને આધારે જ ઉપરની માહિતી આપવામાં આવી હશે, પણ એનો નિર્દેશ રહી ગયો જણાય છે.]

**૧૨૩૬. ભક્તિવિજય** (ત. શુભવિજય–ગંગવિજય–નયવિજયશિ.)

**(૪૨૯૭) સાધુવંદના સઝાય** [અથવા **સત્પુરુષ છંદ**] કડી ૨૯ ર.સં. ૧૮૦૩ ભાદ્ર.વ.૧૧ રવિવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – **વીર** જિણેસર પ્રણમું પાય, વલિ **ગૌતમ** ગીરૂઆ ગુરૂરાય,
ઉત્તમ પુરૂષ હુઆ નરનાર, કરણીથી પામા ભવપાર. ૧

**અંત** – ગર્ભાવાસ નાવે તે વલી, ઇમ ભાષે તે સુદ્ધ કેવલી,
**અઢાર ત્રિલોતર** ભાદ્રવા સાર, વદ ઇગ્યારસ ને દિત્યવાર. ૨૮
**શુભવિજય** વાચક મુનિરાય, **ગંભવિજય** નિત્ય પ્રણમું પાય,
શ્રી **નયવિજય** વિબૂધનો સિસ, **ભક્તિવિજય** પ્રણમુ નિસદિસ.૨૯

(૧) સંવત ૧૮૭૧ના વર્ષે આસો સુદ ૫ દને સીક્સ (શિષ્ય) પં. દોલતવિજય પઠનાર્થે. પ.સં.૨–૧૩, જશવિજય મુનિ સંગ્રહ. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

**(૪૨૯૮) રોહિણી તપ પર સ.** ૩ ઢાળ ર.સં.૧૮૨૪ કાર્તિક વદ ૫ પાલણપુરમાં

**આદિ** – શ્રી **શંખેસ્વર** જિનપતિ, **વામામાત**-મલ્હાર
પરતાપૂરણ પરવડો, સીવરમણી-દાતાર. ૧
કલિકાલે દીપે પ્રબલ, પ્રભુતામેં પ્રતાપ
જાપ જપે ભવિયણ સદા, ટાલે ભવસંતાપ. ૨
રોહણી નામા તપ થકી, નાસે દૂખ જંજાલ,
નિતનિત સંપત નવિનવિ, પામે મંગલમાલ. ૩
**વીર** જિણેસર વિચરતા, **રાજગૃહી** ઉદ્યાન
આવ્યા તવ ગયો વંદના, શ્રી **શ્રેણિક** રાજાન. ૪
દેસના સૂણી રાજા કહે, એહ કહો મૂઝ વિચાર,
કિમ **રોહણીઇ** તપ કર્યો, કહો મૂઝ જગદાધાર. ૫

**અંત** – **અઢાર ચોવીસા** હો વરસે **પાલણપુર** ચોમાસ.
કાતિ વદિ પાંચમ દિને શ્રી **નવપલ્લવ પાસ.**
તેહ તણા સૂપસાયથી **રોહણીની** સજ્ઝાય,
વાચક **શુભનય** સીસનો **ભક્તિ** નમેં નિત પાય.

(૧) પ.સં.૨–૧૪, જૈ.એ.ઇ.ભં. નં.૧૨૭૧. [લીંહસૂચી.]

**(૪૨૯૯) ચિત્રસેન પદ્માવતી ચરિત્ર બાલા.** [અથવા **સ્તબક**]

મૂળ પાઠક રાજવલ્લભકૃત ૧૨૨૪ શ્લોકમાં ર.સં.૧૫૨૪(૨૨)માં.

શ્રી **નયવિજય**શિષ્યૈર્**ભક્તિ**નાસ્તિબુકાર્થ:
ચરિત્ર **ચિત્રસેનસ્ય: પુણ્યાર્થે** ચારૂનિર્મિત:. ૧૨૨૫
—પંડિત **નયવિજય** શિષ્ય: પં. **ભક્તિવિજય** ગણિઇ ટબાર્થે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરિને ઇ કર્યું' ચિત્રસેન પદ્માવતિ ચરિત્રઃ શિષ્ય પુન્યવિજયને અર્થે મનોહર સુંદરઃ ૧૨૨૫.

(૧) સં.૧૯૨૯ ફા.વદિ ૨ રવૌ રાત્ર ઘડી ૪ જાતે ભ. વિવેકસાગરસૂરિ શ્રી મુંબાઈ ચતુરમાસ તદ્-આજ્ઞાકારિ પુજ્યમાવિત્ર શ્રી મેઘલાભજિ તત્‌શિષ્ય મુ. સુમતિવરદ્ધનજિ તત્‌શિષ્ય મુ. ક્ષેમાવરદ્ધને લપીકૃત્યં સ્વવાચનાર્થં શ્રી બાએટ મધે શ્રી આદિનાથ પ્રસાદાત્ ભુલચુક મીછાઇ દોકડં. પ્ર.સં.૧૦૯, મ.જૈ.વિ. (૨) સં.૧૮૪૦ શાકે ૧૭૦૫ કા.શુ.૧૩ ગુરૂ લિ. પં. લક્ષ્મીવિજય શિ. અમરવિજય શિ. કપુરવિજયેન મહેસાણા નગરે આદીશ્વર પ્રસાદાત્. પ.સં.૯૩, ઘોઘા ભં. (૩) અંચલગચ્છે ખુબચંદ્રાજ્યે સં.૧૮૭૧ માગશીર કૃ.૭ સોમ ભુજનગરે ચેલા પીતાંબર વાંચનાર્થ. પ.સં.૮૭, વિરમ. સંઘ ભં. (૪-૬) કાર્ડમાં ટબાકારનું નામ ભક્તિવિજય આપ્યું છે. સં.૧૮૫૭, પ.સં.૮૪, સેં.લા. નં.૨૭૯૪; પ.સં.૯૮, સેં.લા. નં.૨૭૯૫; અને સં.૧૮૬૨, ગ્રં.૧૮૫૦, પ.સં.૮૦, સેં.લા. નં.૧૩૫૭૩. (૭) સં.૧૮૮૭, ગ્રં.૧૨૦૦, પ.સં.૧૫૧, લીં.ભં. દા.૩૪ નં.૩. (૮) પ.સં.૧૧૮, લીં.ભં. દા.૪૨ નં.૧૮. (૯) પ.સં.૧૩૪, વિ.દા. નં.૮૧૫. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૬, ભા.૩ પૃ.૫૫-૫૬, ૪૯૪, ૧૫૯૭ તથા ૧૫૯૮. પહેલાં આ કવિને નામે ર.સં.૧૫૨૨નો 'ચિત્રસેન પદ્માવતી રાસ' મૂકેલો, જે માહિતી પછી યોગ્ય રીતે સુધારી છે. આમ સુધાર્યા પછી ભા.૩ પૃ.૧૫૯૭ કર્તાનામ ભક્તિલાભ કેમ રહેવા દીધું છે તે સમજાય એવું નથી. ત્યાં કવિએ આ બાલાવબોધ સ્વશિષ્ય ચારુચંદ્ર માટે સં.૧૬૫૨ પહેલાં રચ્યો હોવાનું અનુમાન પણ કર્યું છે કેમકે "ચારુચંદ્રે લખેલ સંસ્કૃત 'ઉત્તમકુમાર ચરિત્ર'ની પ્રત સં.૧૬૫૨ ભા.શુ.૫ શુક્રની લખેલી મળે છે (વેબર નં.૨૦૦૦) તેથી આ બાલા. તેની પહેલાં હોવો ઘટે." આ અનુમાન તથા અનુમાનનો આધાર ખોટાં છે. કવિનો ઉદ્ધૃત ટબાર્થ જ બતાવે છે કે 'ચારુ' શબ્દ 'મનોહર – સુંદર'ના અર્થમાં છે, એમાં શિષ્યનામ વાંચવાનું નથી. વસ્તુતઃ શિષ્ય પુણ્યવિજયને અર્થે બાલાવબોધ કર્યો છે.]

## ૧૨૩૭. મતિરત્નગણિ (ખ. દીપચંદ્ર-દેવચંદ્રજીશિ.)

દેવચંદ્રજી જુઓ આ પૂર્વે નં.૧૧૦૩.

(૪૩૦૦) + **સિદ્ધાચલ તીર્થયાત્રા** (ઐ.) ૫ ઢાળ સં.૧૮૦૪ના અરસામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમાં સુરતથી કચરાશાએ કાઢેલ સંઘનું વર્ણન છે, તેમાં રૂપચંદ કરીને ગૃહસ્થ પણ સંઘવી તરીકે જોડાયા હતા. એ કુમસથી દરિયામાર્ગે વિદાય થઈ ભાવનગર બંદર ઊતર્યો. ત્યાં ભાવસિંહજી (કે જેમણે સં. ૧૭૭૯ વૈશાખ શુદ ૩ને દિને ભાવનગર વસાવ્યું હતું અને જેણે ૬૧ વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી સં.૧૮૨૦માં સ્વર્ગવાસ કર્યો હતો) રાજ્ય કરતા હતા. તેમણે ચાંચિયાને જેર કરી જકાત ઓછી કરી સમુદ્રને નિર્ભય અને વેપારીઓને આબાદ કર્યા હતા. ભાવનગરથી વરતેજ, કનાડ થઈ સંઘ પાલીતાણે આવ્યો હતો. આ સંઘમાં ભાવનગરથી (તપાગચ્છના) પં. ઉત્તમવિજયજી સાથે ચાલ્યા હતા. તદુપરાંત કવિના ગુરુ દેવચંદ્રજી, તપગચ્છીય સુમતિવિજય પણ સાથે જ હતા. આ કૃતિ રચ્યાનો સંવત કે યાત્રા કર્યાનો સંવત આમાં કવિએ આપેલ નથી, પણ કોઈ કવિયણે આ કવિના ગુરુ પ્રસિદ્ધ અધ્યાત્મી દેવચંદ્રજીના સ્વર્ગવાસ પછી તેના ચરિત્ર રૂપે રચેલ 'દેવવિલાસ' નામના રાસમાં જણાવ્યું છે કે

> સંવત **દશ અષ્ટાદશે**, **કચરા** સાહાજીઈ સંઘ,
> શ્રી **શત્રુંજય** તીર્થનો, સાથે પધાર્યા **દેવચંદ**.
> સાહ **મોતીયા લાલચંદ** જાણીઇ, **જૈન** મારગમેં પ્રવીણ,
> શ્રાવિકા **અવલ** તે ભક્તિમાં, દાનેશ્વરીમાં નહીં ખીણ.
> સંઘમેં શ્રી **દેવચંદ**જી, અન્ય વ્યવહારીયા સાથ,
> શ્રી **શત્રુંજય** ગિરિ આવીયા, લેવા ધર્મનું પાથ.
> પ્રતિષ્ઠા જિનબિંબની, ગુરૂજિઇ કીધી તત્ર,
> સાઠી સહસ્ર દ્રવ્ય ખરચીયો, ગુરુવચને તે સત્ર.

આ પરથી સં.૧૮૧૦માં આ બન્યું હતું પણ ખરો સંવત ૧૮૦૪ જણાય છે અને તે આ અરસામાં આ કૃતિ રચાઈ હોવી જોઈએ, કારણકે દેવચંદ્રજીએ પોતે 'સિદ્ધાચલ સ્તવન'માં સં.૧૮૦૪માં આ કચરા કીકાના સંઘનો ઉલ્લેખ કરેલ છે. [તથા નીચેની કૃતિની હસ્તપ્રત સં.૧૮૦૫ની મળે છે.]

**આદિ** – **સરસતિ** સામિને પાય નમી, માગુ વચનવિલાસ,
સંઘવી **સેત્રુંજા** ગિરિ તણો, ગાવા મન ઉલ્લાસ. ૧
નમું તે દેવિ **ચક્કેસરી**, **કવડ** જક્ષ ભલિ ભાંત,
**આદિસર** નમતાં થકાં, મિલે મુગતિ મહંત. ૨
**વીર** જિણેસરને નમું, **ગૌતમ** ગણધર સાર,
જીવ ઘણા પ્રતિબોધિને, ઊતાર્યા ભવપાર. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરતના કચરાશાએ સંઘ કાઢ્યો. ભાવનગર આવ્યા ત્યાં ભાવસિંહજી રાજ્ય કરતા હતા.

કારતિક વદિ તેરસિ દિને, સંઘ ચાલ્યો સુખકારી રે,
ત્રિણ દિવસ પાદર રહ્યા, સંઘવીની જાઉં બલિહારી રે. ૨–૧૦

*

**ખરતરગચ્છ દેવચંદજી**, તે પિણ સંઘ માંહે જાણું રે
પંડિત માંહિ શિરોમણિ, તેહની દેશના ભલી વખાણું રે. ૨–૧૬

*

**શેત્રુંજો** ભેટયો ધરી મન બહુ અતિમાન રે
રાજા **પૃથ્વીરાજજી** રે, કુંઅર શ્રી **નવઘન** નામ રે. ૩–૧

*

વિધિઉપદેશક શ્રુતજલધિ, **દેવચંદ** ગુરૂરાય,
સંવેગી જિનમારગી, **ઉત્તમવિજય** સહાય. ૩–૩
એતલે **ખંભાયત** થકી રે, આવ્યા સ્યું સુવિસિદ્ધ,
સંઘ કરી આવી મિલ્યો, **જીવણ** સાહ પ્રસિદ્ધ. ૩–૪

*

ઇમ અનેક સંઘવી બહુ મિલ્યા, કરવા જિનવર-આણ,
**સૂરતિથી** વિધિપક્ષિ આવીયા, **ઉદયસાગરસૂરિ** ભાણ. ૪–૪
પાઠક **સુમતિવિજય તપાગચ્છેશ્વર**, ઇમ યતિવર્ગ અનેક,
ચ્યારે વર્ગ મિલ્યા જિન ભેટવા, પ્રભુભગતિ જિન છેક. ૪–૫

**અંત** – કલશ.

તસ સંઘ યાત્રા સુવિધિ કરણી મનપ્રમોદે આસૂરે
તસ તવન ગ્રંથ્યો **ખરતર** સંઘપતિ હેતે આદરે,
ઉવઝાયવર **શ્રી દીપચંદ** શિસ ગુરૂ **દેવચંદ** એ
તસ સિસ ગણિ **મતિરત્ન** ભાખે સકલ સંઘ આણંદ એ. ૫–૩૧

(૧) ઇતિ શ્રી સિદ્ધાચલ મહિમા વર્ણન સ્તવનં સંપૂર્ણં લિખિતં સંવત ૧૮૦૫ વર્ષે વૈશાખ સિતૈકાદસ્યાં સકલપંડિતશિરોરત્ન પંડિત શ્રી ૫ શ્રી વિનીતવિજયગણિ તચ્ચરણભ્રમરાયમાન પં. હેત્રવિજયગણિના સંઘવી કચરા કીકા તસ્ય ભ્રાતા સં. ફતેચંદ સુત સં. ઝવેરચંદ પઠનાર્થં યાદશં પુસ્તકં દષ્ટ્વા તાદશં લિખિતં મયા, યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો (ન દીયતે) ૦૧. પ.સં.૧૦–૧૦, ડાહ્યાભાઈ મોતીચંદ વકીલ, સુરત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ.૧૭૬–૮૮.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬–૧૮.]

**૧૨૩૮. ધર્મચન્દ્ર** (પાર્શ્વ. હર્ષચંદ્રશિ.)

**(૪૩૦૧) જીવવિચાર ભાષા દોહા** ર.સં.૧૮૦૬ ચૈ.શુ.૨ બુધ મકસૂદાબાદ
**(૪૩૦૨) નવતત્ત્વ ભાષા દોહા** ર.સં.૧૮૧૫ મા.શુ.૫ મકસૂદાબાદ
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૧–૨૨.]

**૧૨૩૯. રત્નધીર** (ખ. હર્ષવિશાલ-જ્ઞાનસમુદ્ર-જ્ઞાનરાજ-લબ્ધોદય-જ્ઞાનસાગરશિ.)

**(૪૩૦૩) ભુવનદીપક બાલા** ર.સં.૧૮૦૬
**રસાશ્રવસિવન્દુમિતે**

(૧) ભાં.ઇ. સને ૧૮૮૨–૮૩, નં.૩૧૦ (પી.૧).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૬૮. કૃતિના ર.સં.નું અર્થઘટન આમ થયું જણાય છે: રસ = ૬, અશ્ર (અશ્રુબિન્દુ) = ૦, વસુ = ૮, ઇન્દુ = ૧. 'અશ્ર'ને સ્થાને 'આશ્રવ' માનીએ (ને એક 'વ' છાપભૂલમાં રહી ગયો છે એમ માનીએ તો ર.સં.૧૮૫૬ થાય. પરંતુ લબ્ધોદયની કૃતિઓ ર.સં.૧૭૦૭થી ૧૭૪૫ની મળે છે (જુઓ આ પૂર્વે ભા.૪ પૃ.૧૫૭) તેથી તેના પ્રશિષ્યનો સમય સં.૧૮૦૬થી મોડો હોવાનો સંભવ ઓછો રહે છે.]

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**૧૨૪૦. (ઋષિ) જેમલ** (લોંકાગચ્છ)

જેમલજીના ટૂંક વૃત્તાંત માટે સં.૧૮૫૩ના ક્રમમાં અજ્ઞાત કવિની કૃતિ જુઓ.

**(૪૩૦૪) + સાધુવંદના** ૧૧૧ કડી ર.સં.૧૮૦૭ ઝાલોરમાં

**આદિ** – નમું અનંત ચોવીશી, **રિષભાદિક મહાવીર,**
આર્ય ક્ષેત્રમાં, ઘાલી ધર્મની સીર. ૧
મહા અતુલ્ય બલિ નર, શૂરવીર ને ધીર,
તીર્થ પ્રવર્તાવી, પહોત્યા ભવજલતીર. ૨

**અંત** – એ જતિયો સતિયો શું, રાખો ઉજ્વલ ભાવ,
એમ કહે ઋષિ **જેમલજી,** એહ જ તરણનો દાવ. ૧૧૦
સંવત **અઢાર** ને વરસ **સાતો** શિરદાર,
ગઢ **ઝાલોર**માં એહ કહ્યો અધિકાર. ૧૧૧

(૧) રો.એ.સો. મુંબઈ. (૨) લિ. પૂજ **માગજી** સં.૧૮૬૫ કા.શુ.૧૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેતપુરમાં. પ.સં.૬–૧૨, ધો.ભં. (૩) લિ. વિપ્ર **શંકર** **મેવાસામાં** સં. ૧૯૧૩ શ્રા.શુ.૪ ભોમ. પ.સં.૬–૧૦, ધો.ભં. (૪) લિ.સં.૧૯૧૩, પ.સં.૫, લીંભં. નં.૧૮૮૪. [લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. વિવિધ પુષ્પવાટિકા ભા.૨ પૃ.૫૪૬–૫૫. ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૨ પૃ.૬૯–૭૦. ૩. જ્ઞાનાવલિ પૃ.૧૧૫–૧૨૩.]

**(૪૩૦૫) નેમચરિત્ર ચોપાઈ** અથવા **નેમ રાસ** ર.સં.૧૮૦૪ ભા.શુ.૫

(૧) પ.સં.૫, જિ.ચા. પો.૮૧ નં.૨૦૨૩.

**(૪૩૦૬) ખંધક ચોઢાલિયું** અથવા **ચોપાઈ** ૬૭ કડી ર.સં.૧૮૧૧ ચૈ.૭ લાડૂયામાં

**આદિ**– **સાવથી** નગરી સોહામણીજી, **કનકકેતુ** તિહાં રાય,
ખંધકકુમર સોભાગીયોજી, **મલ્લીકુમરી** માય.
ક્ષમાવંત જોય ભગવંતરો ગ્યાંન. ૧

**અંત** – કરમ ખપાવી મુગતૈ ગયા, વધાર્યો હો જયો ધરમની સેવ,
સંવત **અઠારે ઇગ્યારોતરે** ચૈત્ર માસા હો સાતમ વાર.
**લાડુયે જેમલજી** કહે ઉછોઅધિકો હો મીછામિ દુક્કડ જોય. ૬૭

(૧) પ.સં.૮–૬, કુશલ. (૨) ચતુ.

**(૪૩૦૭) અર્જુનમાલીના ઢાલ** ૬ ઢાળ ર.સં.૧૮૨૦ કા.શુ.૧૫

**આદિ** –

દુહા

**વર્ધમાન** જિનવર નમું, સકલ જીવાં સુખદાય
નામે દુખદોહગ ટલે, ભુખ વારી જાય. ૧
**અરજુન માલાગર** તણો, કહેસ્યુ ચિત વિશેષ
એકમનાં થઈ સાંભળો, છાંડી રાગ ને દ્વેષ. ૨

**અંત** – **અંતગડ** માહે કાઢો નિચોડી, તિણુ અણુસારે રિષ **જેમલ** જોડી
**અઢાર સે** ને **વીસ** માયા, કાતિ સુદ પુનમ સુભ ઠાયા.

(૧) લપંત્ર **મેઘજી**. પ.સં.૭–૧૦, ઘોઘા ભં. દા.૧૬ નં.૨૩.

**(૪૩૦૮) અવંતિસુકુમાલ ચોઢાલિયું** ર.સં.૧૮૨૫ આસો શુ.૭ નાગોરમાં

**અંત** – **અંતગડ** સૂત્ર માંહિ જિણજી ભાખીયા, તિણુસારે **જેમલજી** કહૈ. ૧૯
**પચીસે** આસૌજ માસ, સુદ સાતિમ દિનૈ, નગર **નાગોર** ભાખીયો એ

(૧) પ.સં.૩, ગુ.વિ.ભં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૩૦૯) પરદેશી રાજાનો રાસ** [અથવા સંધિ, ચોપાઈ, ચરિત્ર]

૨૨ ઢાળ

**આદિ** – દુહા

**રાયપસેણી** સૂત્ર મધે, રાય **પ્રદેસીના** ભાવ,
**સુરીયાભ** દેવ ભરને હુવો, ધરમ ભણી પ્રભાવ. ૧
**આમલકંપા** નયરી, સમોસર્યા **મહાવીર**,
**સુરીયાભ** દેવ તિહાં આવીયો, નાટક કરવા તીર. ૨

(અન્ય પ્રતમાં) દુહા

અરિહંત સિદ્ધ વલિ આયરીયા, ઉવઝાય સઘલા સાધ
મુગતિનગરના દાયકા, એ પાંચ પદ આરાધ. ૧
નમું **વીર** શાસનધણી, ગણધર **ગૌતમ**સ્વામી
માથે હાથ દેઇ કરી, સાર્યાં ઘણાનાં કામ. ૨
સિધ **પ્રદેસી** રાયની, **રાયપ્રસેંણીમાંય**
તિણ અણુસારે એ કહું, કિંમહિક અર્થ પસાય. ૩
કિણ આડંબર આવીયો, કિમ વાંદ્યા **વર્ધમાન**
નાટક પાડ્યો કિણ વિધેં, તે સુણજ્યો કરી ધ્યાંન. ૪
**આમલકંપા** નગરી હુતી, બાગમેં હુતો અંબસાલ
તિહાં શ્રી **વીર** સમોસરા, વાણી સરસ રસાલ. ૫
**શ્વેત** રાજા પણ આવીયો, સેવ કરે ચિત લાય
બીજાઇ પણ નર બહુ, દરસણ દેખણ જાય. ૬
**સુરીયાભ** દેવ પણ આવીયો, વાંદ્યા **વીર** જિણંદ
દ્વાદશ પરસણ (પ્રશ્ન) પૂછીયા, પામ્યો મન આણંદ. ૭

**અંત** – ઢાલ ૨૨મી. પુન્ય સદા ફલે – દેશી.

કેવલ ગ્યાન પામાં પછે રે, વિચરસે કેતલાએક કાલ
ઘણાં વરસ ઉપગારનેં, કેવલ પ્રગન્યા પાલયે રે
ધન્ય જિન ધર્મને.

**રાયપ્રસેણી** સૂત્ર મેં રે, એ કહો અધિકાર
ભણે ગુણે શ્રવણે સુણે રે, પામે ભવજલપારો રે. ધ.૧૧
સૂત્ર વિરુદ્ધ જે મેં કહો રે, અધીકોઓછો કોય
રિષિ **જેમલે** કહિ જીસો રે, મિછામી દુકડં મોયો રે. ધ.૧૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૨૪-૧૨, છતી પરદેશી રાજાનો રાસની ઢાલુ ૨૨ તથા અષાઢાભુતીનો ચોઢાલીઉ તથા સઝાઉ બે સમપુર્ણ. સંવત ૧૯૦૭ના ભાદરવા શુદ ૧૧ વાર સોમવારે શ્રી ધાંધલપર મધે લખો છે લખીતંગ સા વાલજિ મુલજીએ લખુ છે. તે સરવના ગરથાંગ્રંથ સિલોક ૭૭૫ છે. શ્રી કલ્યાણમસ્તુ શ્રી સુભમસ્તુ. રાજકોટ મોટા સંઘનો ભંડાર. (આમાં આ રાસનાં પ્રથમ પત્ર ૨૦ છે.) (૨) આશરે ૧૨૦૦ શ્લોકપ્રમાણ, પ.સં. ૨૫-૧૭, ગુ.નં.૧૩-૨૬. (૩) સં.૧૯૭૨, પ.સં.૩૪-૧૧, ગુ.નં.૧૩-૨૭. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૧૨૮), મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૨.]

**(૪૩૧૦) દિવાલી સઝાય**

**આદિ**– ભજન કરો ભગવાનનો, ગણધર **ગોતમ**સ્વામી
તરણતારણ જગ પ્રગટા, લ્યો નિત પૂનિત નામ,
દિવાળી દિન અવિયો.

**અંત** – અંગ ઉપાંગે છેદમેં જીવદયા ઉપર તાંન,
તિણ સુરિય **જેમલ** કહે, ઇસી દીવાળી માન. દિવાળી દિન.

(૧) ગુ.વિ.ભં.

**(૪૩૧૧) ચંદ્રગુપ્ત સોલ સુપના સજ્ઝાય** ૩૫ કડી

**આદિ** – પાડલીપુર નાંમે નગર, **ચંદ્રગુપ્ત** તિહાં રાય,
સોલે સુપણાં દેખીયા, પાખી પોસા માંહિં. ૧

**અંત** – વિવહાર સૂત્રની ચૂલકા, કહ્યો **ભદ્રબાહુ** સ્વાંમી રે,
તિણ અણુસારૈં જાંણજો, ઋષ **જેમલજી**રી જોડો રે.
**ચંદ્રગુપ્ત** રાજા સુણો. ૩૫

(૧) સં.૧૯૦૯ લિ. ઋ. દેવીચંદ મંગલવાર પૂરણીયેં નગર મધ્યે આખૂ ગો. ગુલાબચંદજીકે કોઠીમેં શ્રી **નગદર્શણ** સ્થાને. પ.સં.૩૦, તેમાં છેલ્લાં ત્રણ પત્ર, કુશલ પો.૩૦. (૨) ચતુ.

**(૪૩૧૨) કમલાવતી સઝાય**

(૧) ચતુ.

**(૪૩૧૩) સ્થૂલિભદ્ર સઝાય**

(૧) ચતુ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૨-૨૫, ૩૨૧ તથા ૧૫૩૫-૩૬.]

## ૧૨૪૧. જગજીવનગણિ (લોંકાગચ્છ)

આ કવિની ગુરુપરંપરા એક કલ્પસૂત્રના બાલા. પરથી એમ જણાય

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે : રૂપ–જીવ–વરસિંહ–લઘુ વરસિંહ–જસવંત–રૂપસિંહ–દામોદર–કર્મસિંહ–કેશવજી–તેજસિંહ–કાન્હજી–તુલસીદાસ–જગરૂપ શિષ્ય છે. અને તેના શિષ્ય મેઘરાજ. (જુઓ હવે પછી સં.૧૮૩૦ના ક્રમમાં.)

ચીતલમાં સં.૧૮૨૨માં જગજીવનગણિ ચોમાસું રહ્યા એમ તેમના શિષ્ય મેઘરાજ જણાવે છે.

**(૪૩૧૪ ક) સંભવ જિન સ્ત.** ૭ કડી ૨.સં.૧૮૦૭ આસો

**આદિ** – સકલ સુરાસુર સેવિત શંકર કિંકર જસ નરરાયાજી,

**અંત** – સંવત **અઢાર મુનિ** આસું માસેં, ગણી **જગજીવન** જયકારી.
સંભવ. ૭

**(૪૩૧૪ ખ) મલ્લી સ્ત.** ૭ કડી ૨.સં.૧૮૧૪

**આદિ** – **મલ્લી** જિણેસર સાહિબા રે સિદ્ધસાધ્યકરણ જગસ્વામિ રે જી રે.

**અંત** – સંવત **૧૮૧૪**ને સમે રે લો, ગુણ ગાયા **મલ્લિ** જિણંદ રે,
ગણિ **જગજીવન** ગુણ સ્તવે રે, દેવ આપો અધિક આણંદ રે. ૭

**(૪૩૧૪ ગ) ઋષભ સ્ત.** ૧૧ કડી ૨.સં.૧૮૧૫ શ્રા. પોરબંદરમાં

**આદિ** – વિમલ નયર **વનિતા** વર વંદીએ.

**અંત** – **પોરબંદર** સંઘ કર સોહે, ગુરુભક્તિ કરે ભલ ભાવે,
સંવત **અઢાર સિદ્ધ** શ્રાવણ માસેં, **જગજીવન** ગુણ ગાવે. ૧૧

**(૪૩૧૪ ઘ) નેમ સ્ત.** ૮ કડી ૨.સં.૧૮૨૫ આસો

**આદિ** – મધુકર માધવને કહેજો – એ દેશી.
**નેમી**સ્વર જિનવર ગાઉં, આતમરમણ પૂરણ પાઉં.

**અંત** – સંવત **૧૮૨૫**સે વરસેં જિનગુણ સ્તવ્યા **આસુ** માસેં
ગણિ **જગજીવન** ઉલ્લાસે રે. નેમિ. ૮

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૦–૨૧. કૃતિઓ ક્યાંથી હસ્તપ્રત રૂપે કે મુદ્રિત રૂપે મળી છે તે નોંધવાનું રહી ગયું છે.]

## ૧૦૪૨. જિનકીર્તિસૂરિ (ખ. જિનવિજયસૂરિશિ.)

[કવિની વિશેષ માહિતી માટે જુઓ જૈન ગૂર્જર કવિઓ, પ્રથમ આવૃત્તિ ભા.૨, પૃ.૬૯૯.]

**(૪૩૧૫) ચોવીસી** ૨.સં.૧૮૦૮ ફા.૧૧ વિકાનેર

**આદિ** – શ્રી વિદ્યાદાતૃભ્યો નમઃ આદિ જિન સ્ત.
સાહિબનેં જબ ભેટીયૌ, તબ ઐસેં મુઝ નેહ
મીંજી માહરી મન તણી, તિહાં જાય લાગા તેહ. સા. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપેં તૌં રૂડા ઘણા, લગે ત્યાં સું રંગ
ભમરો તો રસ લેઇવા, સેવૈ કમલ સુરંગ. સા. ૨

*

પ્રથમ જિણેસર પરગડો, શ્રી શ્રી **આદિજિનંદ્ર**
ભવવારિધિથી તારજ્યો, **પભણે કીર્તિ** સૂરિંદ. સા. ૫

**અંત –** કલશ ઢાલ ૨૫ જિનમાલિકા એહ વિરાજે.
ઇમ શ્રી જિનમતનેં અનુસારેં, ભાવભગતિ મન ભાઇ
**વિક્રમપુર** વાંદ્યાં સુવિવેકેં, પ્રબલ સુજસ પુન્યાઈ રે. ૧
જિનરાજ સદા વરદાઈ. આંચલી.
સંવત **વસુ શિવ સિદ્ધ શશી,** તિથિ ઈગ્યારસ અધિકાઇ
ચિત હરષિત ફાગુણ ચૌમાસેં, ગુણીયણ હિલમિલ ગાઇ રે. જિ. ૨
શ્રી **જિનસાગરસૂરિ** પાટોધર, શ્રી **જિનધરમ** સહાઈ
શ્રી **જિનચંદસૂરિ** સૂરીશ્વર, શ્રી **જિનવિજય** સવાઇ રે. જિ. ૩
પદપંકજ તેહનેં પરસાદેં, યા ઉત્તમ મતિ આઈ
શ્રી **જિનકીરતિ** જિનગુણ જપતાં, કરીય સફલ કવિતાઇ રે. જિ. ૪
સુખકારણ જિનવરની સ્તવના, ચોવીસી ચિત લાઈ
અધિક વિનોદ ઘણેં આણંદે, ચતુરનરાં ચતુરાઇ રે. જિ. ૫

(૧) સં.૧૮૧૦ વૈ.સુ.૧૨ ચંદ્રે **બીલાડા** મધ્યે ભ. શ્રી **જિનકીર્ત્તિ સૂરેંદ્ર** રાજ્યે લિ. પં. **ભીમરાજસ્ય** મિત્રસ્ય હેતાર્થે. પ.સં.૮, વીકા. કે કૃપા. પો.૪૫ નં.૮૦૪. (ભીમરાજ જુઓ હવે પછી સં.૧૮૧૬ના ક્રમમાં.)

[પ્રકાશિત : ૧. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા.૨ (પાંચ સ્તવન).]

**(૪૩૧૬) પાર્શ્વનાથ વૃદ્ધ સ્ત. ઢાળ ૪**

**આદિ –** સખી **લોદ્રપુરો** રલીયામણો, ચાલો ચાલો હો જાય, ભેટાં જિણંદ કી
તીરથ એ તિહુયણ-તિલો, મુખ દીઠાં હો ઉપજે આણંદ કિ. લો. ૧

**અંત –** કલશ
ઇમ **લોદ્રપુર** વર મહીયમંડણ જગત્ર-સુખદાયક જયો
પ્રભુ દરસ પરસણ શુદ્ધિ સમકિત અધિક મતિ ઉજ્જલ ભયો
**જિનવિજયસૂરિ** સુસીસ સુગતેં જોડિ **જિનકીરતિ** કહૈ
શ્રી **પાસ ચિંતામણિ** પસાયૈં લાભ મનવંછિત લહૈ.

(૧) સં.૧૮૧૦ શાકે ૧૬૭૫ વૈ.શુ.૧૨ **બિલાતટપુરે** ભ. **જિનકીર્ત્તિ-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરીણાં ચતુર્માસી સ્થિતેન લિ. ભ. **જિનવિજયસૂરિ** શિ. પં. **ગુલાલચંદજી** શિ. પં. **ભીમરાજ** લિ. **દુર્ગદાસ** શિ. પં. **જગરૂપગણિ** શિ. પં. **થાનસિંઘ** શિ. પં. **દુલીચંદ કપૂરચંદ્રાદિ** પઠનહેતાર્થે. ઉપરની ચોવીસી સહિતની પ્રત, પ.સં.૮–૧૪, કૃપા. પો.૪૫ નં.૮૦૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૨ તથા ૧૫૫૪–૫૫.]

**૧૨૪૩. રત્નવિજય** (ત. હીરવિજયસૂરિ–કલ્યાણવિજય ઉ.–ધનવિજય પાઠક–કુંવરવિજય ઉ.–ગુણવિજય ગણિ–ધીરવિજય–પુણ્યવિજયશિ. )

**(૪૩૧૭) શુકરાજ ચોપાઈ** ૬૫ ઢાળ ર.સં.૧૮૦૮ આસો શુદ ૧૦ ગુરુવારે નૈયડમાં

**આદિ** – દુહા.

વંછિતપૂરણ છેં સદા, શ્રી **રિસહેસર** દેવ,
ચિત ચોખેં કરીનેં સદા, હું પ્રણમું નિતમેવ. ૧

(અથવા)

શ્રી **રીસહેસર** વિનવું, પ્રણમું ચરણ ઉલાસ
કાંમિતદાયક તું સદા, અવિકારિ અવિનાસ. ૧
પ્રથમ તીર્થંકર તું જયો, બોધબીજ-દાતાર,
યુગલાધરમ નિવારવા, જાંણે ઉગ્યો દિનકાર. ૨
**વર્ધમાન** નાંમિ ભલો, ચોવિસમો જિનચંદ,
સંપ્રતિ સાસન જેહનો, પ્રણમું પરમાણંદ. ૩
પય પ્રણમી નિજ ગુરૂ તણા, માગું એક પસાય,
વરદાયક છેં તું સદા, પ્રણમું હું ચિત લાય. ૪
**પુંડરીક** નાંમ આગેં હતું, લોકાંમાં વિખ્યાત,
ગુંણેં કરીનેં નીપનું, **શત્રુંજય** અખ્યાત. ૫
**શત્રુંજય** તે કિમ હવો, કસ્યો અછેં અધિકાર,
તે ઉપરિ તુંમે સાંભલો, **શુક** નૃપ ચરિત્ર ઉદાર. ૬
કુંણ તે **શુક** પ્રભુ કિહાં થયો, કુંણ ગાંમ કુંણ ઠાંમ,
હું કહું વિસ્તરપણેં, સહુ સુંણયો ગુંણધાંમ. ૭
વાત રસિક છેં એહની, વ્યક્તા છેં ગુણવંત
વિચક્ષણ જો શ્રોતા હોઇ તો, ઉપજેં રસ અનંત. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – ઢાલ ૬૫મી. વાધાજીરા ભાવનરી દેશી. રાગ ધન્યાસી
શ્રી **સુકરાય** ઋષી ગુંણ ગાયા, દિનદિન ચડતે દીવાજાજી,
નિસૂંણો ભવિકા પરમ ગુંણાકર, વાજે જસના જસવાજાજી. શ્રી. ૧
**પુંડરગિર** મહિમાથી એહનો, બહૂ વિસ્તરીઓ જસવાસજી,
જસ વિસ્તરતે તીર્થ તણો પણિ થયો નામ **શત્રુંજે** ઉલાસજી. શ્રી.૨
સુંણયો શ્રોતા **શુક** કિહે કાલે, પ્રગટચો પૂહવી જગીસજી,
**અભિનંદન** જિન **સુમતિ** વિચાલે, થયો **શુક** નૃપ વિસવા વીસજી. શ્રી. ૩
જયોજયો એહની કરણી રૂડી, ભાગ્યબલિ સુપ્રવીણજી,
બાહ્ય અભ્યંતર ભેદ જે વિવિધ, તેહ સું સદા લયલીણજી. શ્રી. ૪
તેહની કાર્યસિદ્ધિ ડનુસારે, નામ યથારથ એહનોજી,
આજ લગણ તે નિશ્ચલ છે ભવિ, **શત્રુંજય** નાંમ જેહનોજી. શ્રી.૫
ઇણી પરે જે ભવિ ભાવ ધરીનેં, કરસ્યેં કૃત્ય જે કરણીજી,
તેહી જ સિદ્ધતા થોડે કાલે, હોસ્યે એ ભવઉદ્ધરણીજી. શ્રી. ૬
જિમ **શુક** નૃપનેં બિહૂં પ્રકારે, વેંરી વિલયેં ગયા જાંણોજી,
બાહ્ય વેંરી તો **ચંદ્રસેખરજી**, અભ્યંતર કરમ વખાંણોજી. શ્રી. ૭
એ બિહૂં વેંરી વીજસવાદ લહીનેં, પોહોતા શિવપુરવાસજી,
તિમ જે કોઈ ભવિજન આરાહસ્યેં, તે લહસ્યેં પદ અવિનાસજી. શ્રી. ૮
**તપ**ગચ્છ-ગયણ-વિભાસણ દિનમણિ, શ્રી **હીરવિજય**સૂરી હીરોજી,
મહિમા જેહનો અતુલીબલ છે, ભૂતલ માંહિ સનૂરોજી. શ્રી. ૯
સકલવાચક-શિર-મુગટ-નગીનો, **શ્રી કલ્યાંણવિજય** બુધ સીસજી,
**ધનવિજય** પાઠક પ્રતીરૂપી, ગ્નાંનગુંણે સુજગીસજી. શ્રી. ૧૦
તેહનો સિષ્ય પ્રભાવક રૂડા, શ્રી **કુંઅરવિજય** ઉવઝાયાજી,
તસ પદકમલસેવન ભ્રમરોપમ, શ્રી **ગુણવિજય** ગણિરાયાજી. શ્રી.૧૧
તાસ સીસ તે જગમાં જાંણો, **ધીરવિજય** ગુરૂરાયાજી,
તસ પદસેવક ગુંણગણરસીઓ, શ્રી **પુન્યવિજય** સુસવાયાજી. શ્રી.૧૨
એહ ગુરૂ-ચરણ-પ્રસાદ લહીનેં, સુંદર રાસ મેં ગાયોજી,
**શ્રાદ્ધવિધિ** માંહિથી નીરખી, રચના રચિને મેં સુણાયોજી. શ્રી.૧૩
ચરિત્ર થકી કાંઈ અધિકોઓછો, જે મુખથી કહે વાંણોજી,
મીછામિ દુકડ સંઘની સાખેં, દેઉં છું સમઝુ જાંણોજી. શ્રી. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ગુરૂ **ધર્મ** સૂરીસ્વર સોહેં, તેજ પ્રતાપેં પ્રચંડોજી,
તેહના રાજ્યમાં સહૂ જન સૂખીયા, વરતેં જસવાદ અખંડોજી. શ્રી. ૧૫

**ચંદ્ર વસુ વ્યોમ રૂદ્ર** વિચારેં, એ સંવત સંખ્યા આંણોજી,
આસો શુદિ દશમી ગુરૂવારેં, રાસ પૂરણ થયો જાણોજી. શ્રી. ૧૬
**નેયડ** માંહેં નિરૂપમ સોહેં, વૈરાટ સમો **વારાહીજી**,
તિણ નયરેં ચોમાસો કીધો, **ધર્મ શાંતિ** જિન સહાઈજી. શ્રી. ૧૭
મંગલમાલા સુપરેં વરતી, ધરિ ધરિ હરખ સવાયાજી,
સંઘ તણા આગ્રહથી કીધી, રચના રચી સુખદાયાજી. શ્રી. ૧૮
જિહાં લગેં મેરૂ મહીધર પ્રતપેં, જિહાં લગેં રહે ધ્રુ તારાજી,
તિહાં લગેં એ ચોપઈ ચિરં હોયો, વલી વ્યક્તા શ્રોતા સુખ-કારજી. શ્રી. ૧૯

બાલકની ક્રીડા મેં કીધી, મત કરજ્યો મુઝ હાંસીજી,
જે કોઈ જાણો તે ઊધરજ્યો, વાત સકલ વિમાસીજી. શ્રી. ૨૦
ઉત્તમના ગુંણ સુંપરેં ગાયા, નિસુંણો તુમે ભવિ પ્રાણીજી,
ધર્મ કરેયો દુલહો જાંણી, માંનવનો ભવ ગુણખાંણીજી. શ્રી. ૨૧
પાંસઠે ઢાલે કરી રચીઓ, શ્રી **શુકરાયચરીત્રો**જી,
**રતન** કહેં ઉપસમ રસનાહી, કરયો ભવિ કાયા પવિત્રોજી. શ્રી. ૨૨
જે કોઈ ભણસેં સુંણસ્યેં તેહનેં, હોસેં પરમાણંદાજી,
ઉત્તમ ગુંણ ગાતાંથી સહેંજેં, સીઝેં વંછીત સુખકંદાજી. શ્રી. ૨૩

(૧) ઇતિશ્રી શત્રુંજય મહાત્મોપરિ શ્રી શુકરાજ નૃપ રાસ સંપૂર્ણમ્ઃ ગ્રંથાગ્રંથ ૧૫૦૧ સકલપંડિતસીરોમણિ પંડિત શ્રી ૫ **ધીરવિજય**ગણિ તત્‌શિષ્ય પં. **તત્ત્વવિજય**ગણિ તત્‌શિષ્ય **ભાવવિજય**ગણિ લીપીકૃતં શુભં ભવતુ સંવત્ ૧૮૧૧ વર્ષે પોસ વદિ ૫ દિને શુક્રવાસરે **વારાહી નગરે** શ્રી **શાંતિ**જીન પ્રશાદાત્ કલ્યાણમસ્તુ. પ.સં.૪૬–૧૭, ભાવ.ભં. (૨) ચંચલ.

### (૪૩૧૮) પ્રતિમાસ્થાપનગર્ભિત પાર્શ્વજિન સ્ત.

(૧) લિ. સં.૧૯૧૦, પ.સં.૮, લીં.ભં. નં.૨૨૨૯. (૨) પ.સં.૮, લીં.ભં. નં.૧૮૨૪. [લીંહસૂચી.]

### (૪૩૧૯) ચૈત્યવંદન સંગ્રહ

(૧) લિ.સં.૧૮૮૮, પ.સં.૪, લીં.ભં. નં.૨૧૩૩. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૫–૨૮. ત્યાં વધારામાં એવી નોંધ કરવામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી છે કે "રત્નવિજય પહેલાએ સં.૧૭૫૮માં ચોવીસી રચી છે." પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ'ના મુખ્ય ભાગમાં આવા કોઈ રત્નવિજય નોંધાયા નથી. આ પછી ઉત્તમવિજયશિષ્ય રત્નવિજયની સં.૧૮૧૪ આસપાસની 'ચોવીસી' નોંધાયેલી છે તે ઈ.૧૭૫૮ થાય તેને બદલે ભૂલથી સં.૧૭૫૮ થઈ ગયું હશે?]

## ૧૨૪૪. વૃદ્ધિવિજય

**(૪૩૨૦) ચિત્રસેન પદ્માવતી રાસ** ૩ ખંડ ર.સં.૧૮૦૯ વૈ.શુ.૬ મંગળ મધુમતિ (મહુવા)માં

**આદિ** – પંચનામ પરગટ કર્યાં, **આદિસર** અરિહંત,
યુગલાધર્મ નિવારીઓ, તે પ્રણમું ભગવંત. ૧
સોલમ જિન પંચમ ચક્રી, જીવદયાપ્રતિપાલ,
પારેવો જિણિ રાખીઉ, આણી દયા વિશાલ. ૨
**રાજુલ**-વર શ્રી **નેમજી**, કરૂણાવંત ઉદાર,
પશુ છોડાવી ભાવ સું, પોહતા મુગતિ મઝારિ. ૩
**કમઠ** ઉલંઠ હઠભંજણો, શ્રી **ગોડીચો પાસ**,
તે પ્રણમું ત્રેવીસમો, આણી ભાવ-ઉલ્લાસ. ૪
ત્રિભુવનનાયક **વીરજી**, જિનશાસનસિણગાર,
વડ ઊપગારી પરમ ગુરૂ, સકલ જીવ હિતકાર. ૫
હંસવાહિની માતજી, મુઝ મન કરજે વાસ,
સેવક પરિ કૃપા કરી, આપે વચનવિલાસ. ૬
વલી પ્રણમું શ્રી ગુરૂ તણા, પયપંકજ કર જોડિ,
ઉત્તમના ગુણ ગાવતાં, વરજો મુઝ મન કોડિ. ૭
શીલોપરિ અધિકાર કહું, સુણજ્યો દેઈ કાંન,
શ્રોતાજન સુણતાં થકાં, ઉપજસ્યે બહુ તાન. ૮
**ચિત્રસેન** રાજા તણી, **પદ્માવતી** ધરિ નારિ,
તાસ ચરિત સુપરિં કહું, શીલ તણેં અધિકાર. ૯

**અંત** – ત્રીજો ખંડ – છેલ્લી ૧૦મી ઢાલ. રાગ ધન્યાસી.
મિરૂઆ રે ગુણ તુમ તણા એ દેશી.
શીલેં દેવ દેવી વસિ થાઇ, શીલેં યશ વિસ્તાર રે,
શીલેં દુષ્ટ જરા નાવે પાસિં, શીલેં શિવપુર સાર રે. શીલે.૧
શીલેં વિષ અમૃતઓડકાર, શીલેં નવ ભય ભાંજે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીલે વયર ઉપસમ હુઈ તતખિણ શીલે રાજ્ય વિરાજે રે. શીલે. ૨
શીલમહિમાઈ દેવ દેવી સર્વે નમે પાયઅરવિંદ રે,
કહે સુધિયો જના ભવ્ય જીવને, ઇમ જાણી શીલ પાલો નરિંદ રે. ૩
નામનૂ સુખ લોકસુખ દેવસુખ, શીલપ્રભાવે જાણી રે,
અનુક્રમિ પરમ પદ પામસે તિણ જીવ કેવલનાણી વાણી રે. શી.૪
સંવત **અઢાર નંદ** મિતિ વરસે, વૈશાષ શુદિ છઠિ દિવસે રે,
કુજવારિં એ પુરણ કીધો, ચરિત્રથી રાસ ઉલ્લાસિં રે. ૫
**તપગછનાયક** બહુ સુખદાયક, શ્રી **વિજયક્ષમા** સૂરીરાયા રે,
તાસ પાટે **શ્રી વિજયદયાસૂરી**, ચિરંજીવી સવાયા રે. શી. ૬
તાસ પાટિ આચારિજ ચિરંજીવી, **વિજયધર્મ**સૂરી તસ રાજ્યે,
સંઘ આગ્રહે મિં રચના કીધી, **મધુમતી** સંઘને સાહજ્યે રે. શી.૭
**તવગછ** પંડિત...

(૧) અધૂરી, એક પૃષ્ઠ નથી, પ.સં.૨૬-૧૭, ભાવ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨-૩૪. કર્તાનામ વૃદ્ધિવિજય ખંડિત અંતભાગમાં નથી, શાને આધારે આપવામાં આવ્યું છે તે સ્પષ્ટ નથી.]

## ૧૨૪૫. મહાનંદ (લો. રૂપ-જીવ-જગજીવન-ભીમસેન-મોટાશિ.)

જગજીવન જુઓ આ પૂર્વે નં.૧૨૪૧.

**(૪૩૨૧) રૂપસેન રાસ** ૫ ખંડ ૭૫[૮૫] ઢાલ ૨૦૧૯ કડી ૨.સં.૧૮૦૯[૫] વૈ.શુ.૭ બુધ

**આદિ** – શ્રી ગુરૂભ્યો નમઃ દૂહા.

શ્રી **ઋષભાદિક** નિત્ય નમું, ચોવિસે જિનરાજ,
સેવ્યાં સીવસંપતિ મિલે, સિઝે સઘલા કાજ. ૧
ૐકાર આદે રચ્યો, બાવન અક્ષર બીજ,
પ્રગટ કર્યો પરમારથે, જ્ઞાનદષ્ટિ જિણ દિધ. ૨
સા **સરસતિ** પ્રણમું સદા, સીદ્ધીબુદ્ધીદાતાર,
માત મયા કર મુઝ પ્રતે, દે વાંણીવિસ્તાર. ૩
શ્રી ગુરૂ **ભીમ** તણા ચરણ, પ્રણમું **મન**ઉલ્લાસ,
જસ સીર ઉપર કર કરે, સો લહે લીલવિલાસ. ૪
મમ ગુરૂ **મોટા** ઋષી તણા, પદ પ્રણમું હિતવંત,
ગુરૂપદ સેવ્યાં સંપજે, મંદમતિ મતીવંત. ૫
અંધકાર અજ્ઞાનના, જ્ઞાન સઘલાઈ સાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફેરિ ક્રિયા જગ દેખતાં, ધન્ય ગુરૂઉપગાર. ૬

યતઃ

વિના ગુરુભ્યો ગુણનીરધિભ્યો જાનાતિ ધર્મ્મં ન વિચક્ષણોઽપિ,
આકર્ણદીર્ઘોજ્વલલોચનોઽપિ દીપં વિના પશ્યતિ નાંધકારે. ૧

ધુરિ મંગલ જિનવર નમો, બીજો સરસતી માત,
ત્રીજો ગુરૂપદ ગુંણનિલો, ચોથો સંઘ સુજાત. ૭
માગું મતિ નિર્મ્મલ ભણી, પ્રેમેં કરી પ્રણામ,
સહુ મિલિ મુઝ આપજ્યો, કાવ્યકલા અભિરામ. ૮
પૂજ્ય પ્રબંધે સાંભલો, રૂપસેન રાજાન,
તાસ ચરિત કહેતાં સુણો, સભા સકલ દેઈ કાંન. ૯
વિબુધ કવિ વક્તા જિણે, વરણવ્યા તાસ વખાણ,
તો પિણ ગુણવંત ગુણકથન, થયો ચપલ ચિત્ત જાંણ. ૧૦

**અંત** – સંવત્ **નિધિ નભ વસુ શશિ**, વૈશાખ માસ વખાણ્યો,
(પા.) સંવત **સર નભ વસુ સસિ**, વર્ષે વૈશાખ માસ વખાણ્યો રી,
શુકલપક્ષે ચંદ્રજવારે સપ્તમી દિવસ સુજાણ્યો. ૧૫
શ્રી જિનશાસનના ઉદ્દીપક, શ્રી **રૂપ જીવ** ઋષિરાયા,
શ્રી **લૂંકાગચ્છ**ના એ અધિપતિ, આચારયપદ પાયા. ૧૬
તાસ પરંપરપાટિ પ્રતપે, શ્રી **જગજીવન** ગણરાયા,
સોભાધિક ગુણ સાનંદકારી, સંઘ સકલ સુખદાયા. ૧૭
તસ શાસણમેં શોભાકારી, સ્થવિર મહત્પદધારી,
વિદ્વજ્જનમૌલીમણિધારી, **ભીમસેન** ગુણભારી. ૧૮
તસ પાટે જયવંતા વિચરે, સ્થવીર **સુજાણ** સુખકારી,
પ્રીયગુણધારી પંડિત પ્રૌઢા, સાસણરી સિણગારી. ૧૯
તસ્યાનુજ ગુરૂભ્રાતા ગિરૂઆ, કવિયણમુકુટ કહાયાજી,
કાવ્યકલારસના ગુણદરિયા, **મોટા** ઋષિ મુનિરાયાજી. ૨૦
તસ પદપંકજને પરભાવેં, રાસ રચ્યો મનરંગેજી,
પંચ્યોતર ઢાલે કરી પ્રગટો, કીધો અધિક ઉમંગેજી. ૨૧
(પા.) તસ પદ પંકજ સેવા મધુકર, **મહાનંદ મુની મનરંગેજી**,
રસીક ભાવેં રચના કીધી, આંણી ઉલ્લટ અંગેજી શ્રી. ૨૧
**પાલ્હણપુર**નો સંઘ સુગ્યાની, વિનયાદિક ગુણધારી,
વિજ્ઞપ્તિ તેહની અવધારી, કહી કથા સુવિચારી. ૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરૂવાદિકના મુખથી નિસુણ્યો, ગાયો જિમ ગુણ જેહનોજી,
ઓછોઅધિકો જે મેં આખ્યો, મિથ્યા દુષ્કૃત તેહનોજી. ૨૩
જિહાં લગ મેરૂ અચલ ધ્રૂ તારા, મહીમંડલ જયકારીજી,
ગાવો તિહાં લગ ગ્રંથ ગુણીનો, નિસુણો નર ને નારીજી. ૨૪
**મહાનંદ** મુનિવર ભાવે ભાખી, પંચોતરમી પ્યારીજી,
જે કોઈ ભણસ્યે ભાવે સુણસ્યે, વરસ્યે મુક્તિની નારીજી. ૨૫

(બીજી પ્રતમાં આ ૨૫મી કડીને બદલે નીચેની બે કડીઓ છે.)

પુન્યવતી એ પંચમે ખંડે ઢાલ બાવીસમી ભાખીજી,
આગેં ચરીત તણે અનુસારેં શુદ્ધમતી ગુરૂ સાખીજી. ૨૫
પંચે ખંડે મીલી પંચ્યાસી પૂરણ ઢાલ પ્રકાસીજી,
જે નર ભણસ્યેં ભાવે શુણસ્યેં લહસ્યેં સુખ અવિનાશીજી. ૨૬

કલસ.

ગુરૂ જ્ઞાનદરિયો સુભર ભરીયો પંચ ભરિ ભરિ ભાવથી,
ગુણ રૂપ ગાયો સુજસ પાયો શ્રુતિદેવિના સુપસાયથી.
એ રાસ રંગે મનઉમંગે ભણે જે નર ભાવએ,
મનકામના તસ સિદ્ધ થાયે, પરમ મંગલ પાવએ.

(૧) મુનિ મહાનંદેન વિરચિતો રૂપસેન રાસ સમાપ્ત. લિ. મુનિ મહાનંદેન સંવત ૧૮૧૦ વર્ષે આસાઢ સુદિ ૧૪ શનૌ શ્રી પ્રલ્હાદનપુરે દીવાણ શ્રી બહાદુરખાન રાજ્યે. સર્વગાથા ૨૦૧૯. પ.સં.૭૫-૧૫, લા. ભં. નં.૪૨૭. (કવિની સ્વહસ્તલિખિત પ્રતિ.) (૨) શ્લોકઃ

પ્રલ્હાદનપુરે રમ્યે રાસો યં રચિતો મુદા,
પશ્ચાત્ખંડબંધેન સૂર્યપુર્યાં સમુધૃત. ૧
વો(વ્યો)મ બાણ વસુશ્ચંદ્ર સંવત્સર મત શુભં,
નવમ્યાં શ્રાવણે શુદે લિખીતો લેખકૈર્મુદા. ૨

શ્રી સંવત્ ૧૮૭૦ના વર્ષે મૃગસીર વદિ ૧૪ દિને ભોમવાસરે શ્રી પાટણનગરે શ્રી પંચાશ્વરાજી પ્રસાદેનઃ શ્લોકઃ

રાસો યં લિખિતમસ્તિ નિજાત્મસુખહેતવે,
ગુરૂ રંગપ્રસાદેન ઋષભવિજયો મુદા. ૧
મંગલં લેખકાનાં ચ વાચનાશ્ચં ચ મંગલં,
મંગલં સર્વ લોકાનાં ભૂમિ ભૂપતિ મંગલં. ૨

શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ. પ.સં.૭૮-૧૫, જશા.સં. (આ પ્રત મૂળ સં.૧૮૫૦ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવણ શુદ નેમે લખાણી હતી તેના પરથી સં.૧૮૭૦માં લખાઈ છે એમ જણાય છે.) [રાહસૂચી ભા.૨.]

(૪૩૨૨) **દશાર્ણભદ્ર સજ્ઝાય ઢાલબંધ** ૨.સં.૧૮૩૨ ચોમાસું સુરત

**આદિ** – **વીર** જિણેસર પદ નમી, શ્રી ગુરૂપદ ચિત્ત ધાર,
શ્રી શ્રુતદેવી સાનધે, ગાસ્યુ ગુણભંડાર. ૧
માન કરી કેઇ માંનવી, પડીઆ ઇણ સંસાર,
માન થકી મુક્તિ લહી, નૃપતિ **દશારણ** સાર. ૨

**અંત** – કલસ.
ઈમ માંન કરતાં મુગતિ પાંમે, પુન્યવંત જે પ્રાંણીયા,
નાંમ તેહના નિત્ય જપીયે, **વીર** તેહ વખાણીયા.
શ્રી **લુંકા** ગચ્છરાજ રાજે, **મેઘરાજ** મુનિ રાજએ,
ગુણવંત ગુરૂઓ દયાદરિયો, સકલ સંઘ સિરતાજ એ.
**અષ્ટાદશ બત્રીસ** વરષે, **સુરત** નયર ચોમાસ એ,
તસ્યાનુગ્રહ પાંમિ પ્રેમે, ભલી ભણી એ ભાસ એ.
**મોટા** રષિ મુંનિચરણસેવક, મુનિ **મહાનંદ** કહે મુદા,
રીધિસીધિ આણંદ આપો, સંઘને દિનદિન સદા.
(૧) પ.સં.૪–૧૩, મારી પાસે.

(૪૩૨૩) **સનત્કુમારનો રાસ** ૨.સં.૧૮૩૯ વૈ.શુ.૩ દીવમાં

**આદિ** – દુહા
શ્રી શ્રુતદેવી શારદા, પ્રણમી શ્રી ગુરૂપાય,
ચક્રી **સનતકુમારનો**, સ્તવસુ ગુણ રાજાય. ૧
એક દિવસ શક્રેંદ્ર નિજ, સૌધર્મીય સભા જ,
સુર વંદે સેવી જતો, શોભે તે સુરરાજ. ૨

**અંત** – સુખ કારણ ભવિયણ સમરો નિત નવકાર – દેશી.
તવ દાન તણે બલ, આઠ કર્મ કરિ ત્યાગ,
સિવરમણી વરસે, મુનિવર તે મહાભાગ. ૧
ભગવંતે ભાખ્યો, **ભગવતી સૂત્રે** ભાવ,
એમ **ઉત્તરાધ્યયને**, પેખો ચરિત્ર પ્રભાવ. ૨
ગુરૂમુખથી સુણી એ, આખો એહ અધિકાર,
અધિકોઓછો કોઈ લેજો એ સુકવિ સુધાર. ૩
**લુંકા** ગચ્છનાયક **મેઘરાજજી** એ મુનિરાજ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ પાટે પ્રતપે આચારજ ઈતા આજ. ૪
શ્રી ગુણ સૂરિ સોહે, **સોમચંદજી** સુખકાર,
રહી **દીવ** ચોમાસૂં, સંવત **શત અઢાર.** ૫
**ઉગણચાલીસ** વરસે, વેશાખ માસ વખાણુ,
ઉજલ પખવાડે અખાત્રીજ તિથિ જાંણુ. ૬
**દ્વિવ** બંદર શ્રાવક ધર્મી ને ધનવંત,
ગુરૂપદપંકજની સેવા કરે સતવંત. ૭
ગચ્છનાયક ગુરૂની પ્રવરે સુઆજ્ઞા પાય,
સંઘસુખ કરત હેતે પભણી એહ સજઝાય. ૮
ગરવા ગુણસાગર **મોટા** ઋષિ મુનિરાય,
તેહને પ્રતાપે **મહાનંદ** મુનિ ગુણ ગાય. ૯

કલશ.

શ્રી **સનત** ચક્રી ચારિત્ર લેઇ પાલો શુદ્ધ ભાવે ભલો,
તે સાધુના ગુણ સહજ ગાતાં નિજ આનંદ હોએ નિરમલો.
**અઢાર સૈ** સત **ઈગુણચાલીસે** સમ્યક્ રચી સઝાય એ,
રસિક જે જિનધર્મ રચિયા ગુણી નર ગુણ ગાય એ.
ભણે જે ગુણે ભાવ સેંતિ, આણી સુધી આસથા,
**મહાનંદ** આણંદ બોધ પામે, સકલ પદારથ શાશ્વતા.

(૧) પ.સં.૧૨-૧૦, રાજકોટ મોટા સંઘનો ભંડાર.

**(૪૩૨૪) ૨૪ જિનદેહ વરણ સ્ત.** ૪ ઢાલ ર.સં.૧૮૩૯ દીવમાં
**આદિ** – ચંદ્રાયણા. નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા – દેશી.

પ્રણમી શ્રી અરિહંત, આણી મન આસતા,
સિદ્ધ નમું સુખકાર, સદા જગ સાસતા;
દેહ વર્ણિસ કે જિન ચોવીસના,
ધ્યાવો તેહવે ધ્યાંન ભાવિકજન ઇકમના. ૧

**અંત** – **નંદ ત્રય વસુ ચંદ્ર** સંવત શુભ જાંણીયે,
**દીવ** બંદરનો સંઘ વડો વખાંણીયે;
**સોમચંદજી** આચાર્ય તણી સેવા કરે,
ધરિ ધર્મના ધ્યાંન, વાસૂ લખમી વરે. ૧૦
ગાયા શ્રી જિનરાજવરણ ગુણે કરી,
**મહાનંદ** મુનિ મનરંગ હીયે ઉલટ ધરી;

જૈન સાહિત્ય JAINSITE

ભણે ગુણે ભવી જેહ લહે સુખસંપદા,
આરાધો ઇકચિત્ત ટલે ભવઆપદાં. ૧૧

(૧) પ.સં.૧૫-૧૨, ધો.ભં.

(૪૩૨૫) **શિયલ સઝાય** ર.સં.૧૮૪૩ ચોમાસું ભાવનગર

**આદિ** – શ્રી ગુરુચરણ નમી કરિ, ગાસૂં સીયલ સુવ્રત હો મીત,

**અંત** – **અઢારે તેતાલીસમે ભાવનગર** ચોમાસ, હો મીત,
**મહાનંદ** મુનિવર રંગથી, કિધિ શિયલ સઝાય હો મીત. ૯

(૪૩૨૬) + **નેમરાજુલ બારમાસ** ૮૦ કડી ર.સં.૧૮૪૫ માહ શુ.૮

**આદિ** – સમરીએ **શારદા** નામ સાચું, એહ વિના જાંણિઇ સર્વ કાચું,
જ્ઞાન વિજ્ઞાંન ને ધ્યાન આપે, મહેર લીલાલહેર અજ્ઞાંન કાપે. ૧
ગુરુચરણ નમિ માસ બારે તે ગાઉં, **નેમરાજૂલને** ચિત્ત ધ્યાઉં,
જે પ્રભુ સત્ય સંપત્તિદાતા, એહ જિનભૂષણ સહી જુ ગવાતાં. ૨
નેનના હેત શું તેહ જણાવે, માસ બારે કહી પ્રીઉ મનાવે,
માગશિર માસે તે મન ભાવે, **રાજૂલ નેમને** વેણ સુણાવે. ૩

**અંત** – **નેમ રાજૂલ** મેરે ગાઇયા, પાઇયા આનંદ આપ,
પરમેસરપદ ગાયતાં, જિવીજે વિરૂઆં પાપ. ૭૮
**લોંકાગચ્છ** બુધિશિરોમણી, **તિલક** મુનિ ગુરુ તાસ,
**દીવ** બંદરમેં વિરચાયા, **મહાનંદ** મનઉલાસ. ૭૯

દુહા.

**વેદ પંડવ** નેં મન આણો, **નેમ ચંદ** સંવત એહ વખાણો,
ઉદ્યોત અષ્ટમી માસ માહ, માર્ત્તંડ પૂરાંણ ઉમાહ. ૮૦

(૧) ઇતિ શ્રી નેમ રાજૂલ બારમાસો સંપૂર્ણઃ લિ. ઋ. **સંભૂરામ** સં.૧૮૫૨ શ્રાવણ શુ.૧૩ **મુંબાઈ** મધ્યે. અનેક સ્તવનાદિ સંગ્રહ એ નામ આપેલી પ્રત, શ્રી મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર વડોદરા નં.૨૪૬.

પ્રકાશિત : ૧. શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રંથ, પૃ.૧૭૬થી ૧૮૩.

(૪૩૨૭) **જ્ઞાનપંચમી સ્વાધ્યાય** ૪ ઢાલ ર.સં.૧૮૪૯ સુરત

**આદિ** – દુહા.

શ્રી **નેમીશ્વર** જિન નમૂ, બ્રહ્મચારિ ભગવાન,
ઉજ્વલ પંચમી અવતર્યા, શ્રાવણ શુદની સ્વાતિ. ૧
જ્ઞાનપ્રકાસો જ્ઞાનનિધિ, ઉપગારિ ફલ આજ,
અજ્ઞાનતિમિર-મત ટાલવા, જપિયે તે જિનરાજ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – અષ્ટાદશ શત ઉપરે, વર્ષ ઉગણુપંચાસ,
શ્રી પૂજ્યશ્રી સોમચંદજી, સૂરતિ નગર ચોમાસ. ૮
સંઘ સકલ સેવા કરે, ગુરુની ભલ ભાવે,
નાડ લખમી વાવરે, પદ સોભા પાવે. ૯
આજ્ઞા પૂજ્ય પ્રસાદની, પ્રીય ભાવે પામી,
મહાનંદ મુની ગુણ ગ્યાંનના, ગાવે ગુણધાંમી. ૧૦

કલસ

સોભાગપંચમી સુભગ ભાવે, રાખે વ્રત ગુણ રાશિ એ,
તસ સુમતિ જાગે કુમતિ ભાગે, લહે સુજસ સુપ્રકાશ એ. ૧૧
એ સજ્ઝાય સુણતાં ભાવે ભણતાં, મતિ થાયે તસ નિરમલી,
આણુંદના તે ઓઘ આવે, તાપ સર્વ જાયે ટલી. ૧૨

(૧) પ.ક્ર.૧થી ૨, અનેક સ્તવનાદિ સંગ્રહ પ્રત, મુક્તિ. નં.૨૪૬.

(૪૩૨૮) કલ્યાણક ચોવીસી ૨.સં.૧૮૪૯ આસો શુદ ૧૫ રવિ સુરતમાં

આદિ –

દુહા.

સાસનપતિ ચોવીસના, પ્રેમે પ્રણમી પાય,
શાસનદેવી સાંનિધિ, ગાવુ શ્રી જિનરાય. ૧
નયર નામ માતા પિતા, લંછન આયુ કાય,
કલ્યાંણુક પક્ષ માસ તિથિ, કહેસું ગુરુ પસાય. ૨

અંત –

કલશ.

અષ્ટાદશ ઈગુણપંચાસ વરસે, આશ્વિન માસ અતિ ભલો,
પૂનિમ તિથિ ને વાર દિનકર, સ્તવ્યો મે ત્રિભુવનતિલો. ૧
સંઘસીરામણિ લોંકાગચ્છનો, સંઘ સૂરત સુવિનીત એ,
શ્રી પૂજ્ય શ્રી સોમચંદજીની, સેવા કરે શુભ ચિત્ત એ. ૨
સંઘ શ્રેષ્ટ શ્રી પૂજ્ય સાહિબ, વીનવ્યા વિનયે કરી,
કલ્યાણિક પંચ સકલ જિનના, વર્ણવા ગુણ વિસ્તરી. ૩
વિનતી પરમાંણ કરીને, આજ્ઞા આપી મમ ભણી,
જિનરાજ ગાયા હર્ષ પાયા, આસા ફ્લી મુઝ મન તણી. ૪
શ્રી લોકાગચ્છ પ્રવર પંડિત, મોટા ઋષિ સુખકર સદા,
તસ પાદપંકજ રસિક મધુકર, મુનિ મહાનંદ ગાવે મુદા. ૫
જિનકલ્યાંણિક સ્તવન રચના, મનપ્રમોદે મે કીયા,
નરનારી ભણસ્યે અને સુણસે, તાસ ઘરે સંપદ શ્રીયા. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઇતિ શ્રી ચોવીસ જિન સ્તવન સંપૂર્ણ. સં.૧૮૪૯ના કાર્તિક વદિ ૧ ભોમે. લિ. ઋ. સંભૂરામ. પ.ક્ર.૩થી ૧૩, અનેક સ્તવનાદિ સંગ્રહ પ્રત, મુક્તિ. નં.૨૪૬. (૨) પ.સં.૧૫-૧૨, ઘો.ભં. [મુપુગૂહસૂચી.]

**(૪૩૨૯) ચોવીસી** દીવમાં

**આદિ**– આદિજિન સ્ત. ચંદ્રપ્રભૂ જિન સાહિબા રે એ દેશી.

**આદેશર** અવધારિયે રે પ્રભૂ વિનતડી અતિસાર,
પરમારથપદનો ધણી રે પ્રભૂ આતમનો આધાર. આ.૧

*

સાહિબજી શિવપુર ધણી રે, પ્રભુ જગમંડન જિનરાજ,
**મહાનંદ** મૂંનિવર વિનવે રેં, પ્રભૂ આપો અવિચલ રાજ. આ.૫

**અંત** – વીર સ્તવન. આમ પધારો રાજ લટકે પાવ ધરીજે – એ દેશી.

**વીર** જિણેસર વલિવલિ વંદો, શાસનપતિ સુખકારી,
જ્ઞાનભંડાર ભવોદધિ તારી, ભવિયણને હિતકારી.

*

વીસ ચ્યાર જિનવર વિખ્યાતા, સુગટ મણી **વર્ધમાન**,
**મહાનંદ** આનંદ પામ્યા પ્રભુજી, પૂરણપદ પરધાંન. ૫
દીવ બંદર સૂરમંદિર સુંદર, સ્થિવર **ભીમ** ચોમાસ,
તાસ પસાયે વીનતી કીધી, આણી ભાવ ઉલાસ. ૬

(૧) પ.ક્ર.૭૮થી ૮૨, અનેક સ્તવનાદિ સંગ્રહ, મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર, વડોદરા નં.૨૪૬.

## નાની કૃતિઓ

**(૪૩૩૦ ક) વિનય સ્વા.** ૯ કડી ર.સં.૧૮૦૯ ચોમાસું પાલણપુરમાં

**આદિ**– સદ્‌ગુરુ દે ઉપદેશના રે, ચેતો ચેતો નરનારિ,
જ્ઞાંન ગ્રહો ગુરુ થકી રે, જ્યું પામો ભવપાર હે.
સમઝો ભવિ પ્રાંણી.

**અંત** – **પાલણપૂરમેં** દીપતો રે, સંઘ સકલ સુવિનીત,
સુગુરુ તણા મુખથી ગ્રહે રે, પ્રવચનભેદ પુનીત રે. ભાવિ. ૮
**નિધિ નભ વસુ શશિ** વર્ષમે રે, શ્રી ગુરુ સુગુણ ચોમાસ.
પદપંકજ પ્રણમિ કરિ રે, કહે **મહાનંદ** ઉલ્લાસ રે. ભાવિ. ૯

**(૪૩૩૦ ખ) આત્મશિક્ષા સ્વા.** ૧૫ કડી ર.સં.૧૮૧૫ વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – આસણુરા રે જોગી – એ દેશી.

હાં રે જાગો આતમગ્યાંની, એસી શીખ સુગુરુ ચિત માંની રે.

**અંત** – **વટપદ્ર** નયર સદા સુખકારિ, જિહાં સંઘ સકલ ધર્મધારી રે,

**અષ્ટાદશ પનર** મન ભાયા, ઇમ **મહાનંદ** મુની ગુણ ગાયા રે.૧૫

**(૪૩૩૦ ગ) પર્યુષણા પર્વ સ્વાધ્યાય** ૧૦ કડી ર.સં.૧૮૪૯ ચોમાસું સુરત

**આદિ** – શ્રી **ગૌતમ** ગુણધાંમી, પૂછે **શ્રેણિક** પદ સિર નાંમી રે.

**અંત** – **અષ્ટાદસ** ઉપર સંવત **ઉગણપંચાસ**,

શ્રી પૂજ્ય **સોમચંદજી**, **સૂરત** નયર ચોમાસ;

સંઘ સૂખકર સેવા, સાચવે વિવિધ પ્રકાર,

ખંતે કરી ખરચે, પુન્યે દ્રવ્ય અપાર. ૮

ગછનાયક ગુરુની, પ્રવર સુઆજ્ઞા પાય,

મુનિ **માહાનંદ** રંગે, પભણી એહ સઝાય;

એ ભાવે ભણસે સૂણસ્યે જે નરનારિ,

જિનધર્મ પસાયે, સંઘ સકલ જયકારી. ૯

કલશ... ૧૦

**(૪૩૩૧) કલ્પસૂત્ર ટબો** ર.સં.૧૮૩૪

**આદિ** – પુત્રાઃ પંચ મતિશ્રુતાવધિમનઃકૈવલ્યસંજ્ઞા વિભો-

સ્તન્મધ્યે શ્રુતનંદનો ભગવતા સંસ્થાપિતઃ સ્વે પદે,

અંગોપાંગમયઃ સપુસ્તકગજાકારોહલબ્ધોદયઃ

સિદ્ધાંતાભિધભૂપતિગણધરામાત્યૈશ્ચિરં નંદતાત્. ૧

પ્રણમ્ય શ્રી **મહાવીરં** જિનશાસનનાયકં,

વ્યાખ્યાર્થં કલ્પસૂત્રસ્ય સ્તબુકાર્થં લિખામ્યહં.

—ઇહાં ચોમાસું રહ્યા તે સાધુ મંગલીકને અર્થે કલ્પસૂત્ર સરિખું શ્રી પર્યુષણા નામે કલ્પ અધ્યયન તે પાંચ અથવા આઠ દિન માંહે વાંચે, તિહાં કલ્પ તે સાધૂનો આચાર, તે દશ પ્રકારે જાણવો.

(૧) ઇતિશ્રી કલ્પસૂત્ર ટબાર્થ કથા સહિત સંપૂર્ણ. ગ્રંથાગ્રં સૂત્ર ૧૨૧૬. સર્વગ્રંથાગ્ર ૯૦૦૦. સંવત ૧૮૩૪ વર્ષે શાકે૧૭૦૦ પ્ર. વૈશાષ વદિ ૫ શુક્રે. લિખિતં પૂજ્ય પ્રવર પંડિત વિદ્વજ્જનશિરોમણિઃ જિનશાસનોદ્દીપક સ્થવિર મહાંત શ્રી **ભીમસેનજી** તચ્છિષ્ય વિદ્વજ્જનમુકુટમણિઃ પૂ. ઋ. શ્રી ૫ **મોટાજી** તદંતેવાસી શિષ્ય ઋષિણા **મહાનંદેન** લિપિચક્રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી વડોદરાનગરે. પઠનાર્થં શિ. ઋ. ઋષભદાસ યાદશં પુસ્તકે દૃષ્ટં તાદશં મયા લિખિતં વિદ્વદ્ભિર્યત્નેન શોધનીયં. જે કાંઈ અશુદ્ધ વિવટિત શબ્દ લિખાંણો હોયે તેહનો મિચ્છામિદુક્કડં. શ્રી કલ્યાણમસ્તુતરામ્. પ. સં.૧૮૭, ગોંડલ ભંડાર. (કવિની સ્વહસ્તલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪–૪૪. 'રૂપસેન રાસ'ના ર.સં.ના પાઠાંતરમાં સર = શર = ૫ ગણીએ તો ર.સં.૧૮૦૫ થાય. પ્રથમ આવૃત્તિમાં વાર સોમ કહ્યો છે પરંતુ ચંદ્રજ = ચંદ્રસુત = બુધવાર થાય. 'નેમરાજુલ બારમાસ'ના રચનાવર્ષમાં નેમ = ૮ કેવી રીતે થાય તે જાણવા મળતું નથી, જોકે ત્યાં ૮નો અંક જ અભિપ્રેત છે એમાં શંકા નથી. નેત્ર= બ્રહ્માનેત્ર = ૮ હોઈ શકે? 'કલ્પસૂત્ર ટબો'નો લ.સં.૧૮૩૪ તે જ પછીથી ર.સં. માન્યો છે, કેમકે કવિની સ્વલિખિત પ્રત છે. પરંતુ ટબો ચોમાસામાં વાંચવા માટે નહીં પણ ચોમાસામાં જ રચાયો હોવાનું માનીએ (જુઓ કૃતિના આરંભના શબ્દો) તો ર.સં. જુદો માનવાની પણ સ્થિતિ આવે.]

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**૧૨૪૬. લબ્ધિવિજય** (ત. હીરવિજયસૂરિ–ધર્મવિજય–કુશલવિજય ને કમલવિજય–લક્ષ્મીવિજય–કેશરવિજય ને અમરવિજયશિ.)

(૪૩૩૨ ક) + **હરિબલ મચ્છી રાસ** ૪ ઉલ્લાસ ૫૯ ઢાળ ર.સં.૧૮૧૦ મહા શુ.ર મંગલ વાવ્યબંદરના સીમાણામાં

**આદિ –** દૂહા

પ્રથમ ધરાધવ જગધણી, પ્રથમ શ્રમણ પણિ એહ
પ્રથમ તિર્થંકર જગ જયો, પ્રથમ ગુરૂ પભણેહ. ૧
વિશ્વસ્થિતિકારક પ્રથમ, કારક વિશ્વઉદ્યોત,
ધારક અતિશય આદિ જિન, તારક ભવનિધિ પોત. ૨
લઘુ વય ઇચ્છા ઈક્ષુની, પારણુદિન પણ તેહ
મિષ્ટ ઇષ્ટ જેહને સદા, નાભિનંદન પ્રણમેહ. ૩
સિદ્ધવધૂના સંગમેં અછક છકયો દિનરાતિ
હું તસ પદપંકજ નમું, નિત ઉઠિ પરભાત. ૪
હંસાસન જે સારદા, વરસતી વચનવિલાસ,
કાસમેરમુખમંડણી, કવિજન પુરે આસ. ૫
તે હું પ્રણમું ભારતિ, વારતી જડ અંધકાર,
મુઝ મનમંદિરમાં વસી, કરવા મુઝ ઉપગાર. ૬

માતા મુઝ મોટો કરો, દેયો વચન રસાલ,
રંગરંગીલી જનસભા, સાંભલે થઈ ઉજમાલ. ૭
જો હું ચાહું ચિત્તમાં, તે તૂં કરજો માત
વચનની રચના રસ દીઓ, વાધે તુઝ આખ્યાત. ૮
ગુરૂ ગ્નાતા માતા પિતા, ગુરૂથી અધિક ન કોય,
દેવ ધર્મ ગુરૂ ઓલખ્યા, બલિહારિ ગુરૂ સોય. ૯
તે ગુરૂચરણ નમી કરિ, ભવિઅણને હિતકાર,
રાસ રચું **હરિબલ** તણો, પુણ્ય ઉપર અધિકાર. ૧૦
પુણ્યેં વંછિત પામીઓ, પુણ્યે લહિ નવ નિધ્ય
પુણ્યેં મહિલા સંપજે, પુણ્યેં ઋદ્ધિ સમૃધ્ય. ૧૧
જીવદયા પાલી જિણે, તિણે ઉપરાજ્યું પુણ્ય,
સુરનર તસ સાનિધિ કરે, માંને તે દિન ધન્ય, ૧૨
જીવદયા થકી પામીઓ, **હરિબલ** મછી રાય
તાસ સંબંધ સુણતાં થકાં, સઘલાં પાતિક જાય. ૧૩
રાસ સરસ સુણતાં થકાં, જે કોઈ કરસે વાત
તેહને તસ વલભ તણા, સમ દેઉં છું સાત. ૧૪
જિમ મૃગ નાદલીણો થકો, નિસુણે થઈ એકરંગ
તિમ સુણજ્યો ભવિયણ તુમે, આંણિ ચિત્ત અભંગ. ૧૫

**અંત** – ઉલ્લાસ ૪ ઢાલ ૨૫ ધન્યાશ્રી
શ્રી **મુનિચંદ્ર** જે કેવલી પાસેં, લે સંજમ ઉલ્લાસેં રે,
કેવલીયેં પણ ઢીલ ન દીધી, જિનની શિક્ષા દીધી રે. ૧
સુણો ભવિયાં **હરિબલ** જે ઋષિરાયા. આંકણી.

*

જીવદયાથી નવનિધિ લહિયેં, સઘલે સૂત્ર છે સાખી રે,
**હરિબલ**નું ચરિત્ર છે મહોટું, જુઓ **નિષિથ**મેં ઝાંખી રે.
(પા.) જુઓ **વિચારસાર** ઝાંખી રે. ૧૩ સુ.
તે અધિકાર મેં નયણે નિરખ્યો, જેહવો શાસ્ત્રમેં દીઠો રે
તેહવો મેં અધિકાર વખાણ્યો, દેશીયેં કરીને મીઠો રે. ૧૪ સુ.
**લાડાપલ્લી** પુરનો વાસી, **પૂનિમ**ગચ્છેં સોહે રે
પંડિત **નરસિંહ ધનજી** કેરો, તપગુણે કરી મોહે રે. ૧૫ સુ.
તસ આગ્રહથી સયણાચારે, રાસ રચ્યો મેં રૂડો રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેધક રસિયા ધર્મી જનને, એ છે મધુનો પૂડો રે. ૧૬ સુ.
મેં તો કરી છે બાલકક્રીડા, હું શું જાણું જોડી રે
પંડિત હોય તે શુદ્ધ કરેજો, મત કોઈ નાખો ત્રિખોડી રે. ૧૭ સુ.
રસનાને રસેં અધિકું ઓછું, જે ભાખ્યું-અભાખ્યું રે
તે મિચ્છા દુક્કડ કર જોડી, દેઉં પંચ સમક્ષેં રે. ૧૮ સુ.
શુદ્ધ પરંપર **સોહમ** તખતેં, પ્રગટ્યા **હીર**સૂરીંદો રે
તસ શિષ્ય **ધર્મવિજય** ધ્રમધોરી, દીપે જ્યું શારદ ચંદો રે. ૧૯ સુ.
તસ શિષ્ય પંડિત **ધનહર્ષ** જ્ઞાની, સુમતિ સદા ચિત્ત માની રે
તસ શિષ્ય પંડિત **કુશલવિજય** કવિ, પ્રતિબોધ્યા અનુમાની રે.૨૦સુ.
તસ ભ્રાતા ગણિ **કમલવિજય** શુભ, જ્ઞાનવિજ્ઞાનમેં લીના રે
તસ શિષ્ય પંડિત **લખમિવિજય** ગુરૂ, સંવેગરસમેં ભીના રે. ૨૧ સુ.
તસ શિષ્ય પંડિત દો ગુણખ્યાતા, **કેસર અમર** દો ભ્રાતા રે
તસ પદકિંકર **લબ્ધિવિજય** કહે, ચાર ઉલ્લાસ વિખ્યાતા રે. ૨૨ સુ.
**શીલાંગરથ** સંવત્સર **દશકેં** ૧૮૧૦, મહા શુદિ બીજ ભૃગુવારેં રે
**હરિબલ**ના ગુણ જીવદયા પર, ગાયા મેં એકતારેં રે. ૨૩ સુ.
શ્રી **તપ**ગચ્છનભ-દિનમણિ સોહે, શ્રી **વિજયધર્મ** સૂરીશો રે
તસ ગણધરના રાજમાં રસિયો, ગાયો મચ્છિવિશેષો રે. ૨૪ સુ.
**વાવ્ય** બંદર શ્રી **અજિત**પ્રસાદેં, રહી **સીમાણા** વાસેં રે
રાણા શ્રી **ગજસિંહ**ને રાજ્યે, રાસ રચ્યો મેં ઉલ્લાસેં રે. ૨૫ સુ.
**હરિબલ**ના ગુણ સુણતાં પામે, જીવી સિદ્ધ સમાણી રે
ઢાલ પચવીશમી ચોથે ઉલ્લાસેં, **લબ્ધિ** કહે ગુણખાણી રે. ૨૬ સુ.
ઢાલ ઓગણસાઠ સાતસેં દોહા, **હરિબલ ચરિત્ર**થી ભાંખ્યા રે
સાડાત્રણ સહસ્ર શ્લોક એકાવન, ગ્રંથાગ્રંથ એ દાખ્યા રે. ૨૭ સુ.
જ્ઞાતા ભુગતા દાતા સારૂ, સંબંધ રચ્યો મેં વારૂ રે
હલુઆકર્મી જે હશે સાચા, માનશેં સઘલી એ વાચા રે. ૨૮ સુ.
ચઉવિહ સંઘને મંગલ હોજો, દિનદિન લચ્છિમેં ભલજો રે
**હરિબલ**ની પરેં સંપદ લહેજો, **લબ્ધિ**ની વાચા ફલજો રે. ૨૯ સુ.

(૧) સંવત્ ૧૮૪૭ના વર્ષે માસોતમ માસેં શુભકારિ માસેં જ્યેષ્ટ માસે કૃષ્ણ પક્ષેં તિથી ૧૩ ગુરૂવાસરે લિખિતં સકલપંડિતશિરોમણિ પં. **દોલતચંદ્ર**જી તત્ભ્રાતા પં. **પાનાચંદ**જી તત્શિષ્ય મુનિ **કનકચંદ્ર** લપિકૃતં પરઉપગાર નિમિત્તં મુનિ **રૂપચંદ્ર** પઠનાર્થં. પ.સં.૮૩-૧૫, ખેડા ભં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દા.૬ નં.૪. (૨) પં. હંસરત્ન શિ. ગજરત્ન શિ. ગુલાબરત્ન શિ. ધર્મ-રત્ન લ. નટપુર ગ્રામે વાસ્તવ્યં સં.૧૮૭૫ શાકે ૧૭૪૦ આસો વદી ૪ રવેઉ પ્રભાતે પરીપૂર્ણ. પ.સં.૬૩–૧૮, ખેડા ભં.૩. (૩) સં.૧૮૭૦ આષાઢ શુદિ ૨ લિ. ઉપાધ્યાય ૧૦૦૬ શ્રી ઉદયરત્નજી ગણિવરાણાં શિ. પં. ઉતમ-રત્નગણિ–પં. જિનરત્નગણિ–પં. ક્ષમારત્નગણિ–પં. રાજરત્નગણી લઘુ શિ. મુનિ અનોપરત્નેન ખેટકપુર નગરે રસુલપરા શ્રી ઋષભપ્રસાદાત. પ.સં.૭૩–૧૩, ખેડા. ભં.૩. (૪) મહોપા. દેવવિજયગણિ શિષ્ય ઉ. ગુણ-વિજય શિ. અમૃતવિજયગણિ શિ. ભાવવિજયગણિ શિ. ભાણવિજય શિ. કપૂરવિજય વાચનાર્થં સં.૧૮૧૬ આસો શુ.૭ ભૃગુવાસરે શ્રી વડાલી ગ્રામે. પં. પ્રેમવિજય શિ. સુબુદ્ધિવિજય શિ. રૂપવિજય લિ. પ.સં. ૮૦–૧૫, ઈડર ગોરજી ભં. (૫) શ્રીમદાચાર્યાઃ શ્રી ૫ શ્રી બાલચંદ્રજી તદંતે-વાસી લિખિતં મુનિ લક્ષ્મીચંદ્રેણ શ્રી સિદ્ધપુરે સંવત ૧૮૨૦ વર્ષે માર્ગશિર્ષ માસે અષ્ટમ્યાં તિથૌ ભૃગુવાસરે. પ.સં.૪૧–૨૦, રાજકોટ મોટા સંઘનો ભંડાર. (૬) લિ. સં.૧૮૪૭, પ.સં.૮૫, લીં.ભં. નં.૨૩૪૦. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. ભી.મા. સં.૧૯૪૫.

**(૪૩૩૨ ખ) જંબૂસ્વામી સલોકો**

(૧) પ.સં.૩, લીં.ભં. નં.૩૬૫૧. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૪–૪૮.]

## ૧૨૪૭. માલ (લોં. ખૂબચંદ સંતાનીય નાથાજીશિ.)

**(૪૩૩૩) + આષાઢભૂતિનું ચોઢાલિયું** [અથવા **સઝાય**] ર.સં.૧૮૧૦ આષાઢ શુ.૨ ભુજમાં

**આદિ –** દુહા

વાણી અમૃત સારખી, આપો **સરસ્વતી** માય
નિજ ગુરુચરણ નમી કરી, ગાસું મહામુનિરાય. ૧
લોભે કરી માયા રચી, તે **આષાઢો** જાણ
પડીને ચડીયો તે વલી, જો ગુરુ માની આણ. ૨

**અંત –** ઢાલ ૪થી કપુર હોવે અતિ ઉજલો – દેશી
**આષાઢો** ચક્રી થયો રે, સેના રચી સવી ઠાઠ,
વિદ્યાબલે પરગટ કીયા રે, ચઉદ રતન ગહઘાટ રે
પ્રાણી જુઓ જુઓ તપપ્રભાવ. ૧

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

સંવત **નભ (અ)વની ગજ મહી** રે આષાઢ સુદ બીજ સાર
**ભુજ**નગરમાં ભાવ સું રે, રચિયો એ અધિકાર રે. પ્રાણી. ૧૪
ગછપતી શ્રી **માણેકચંદજી** રે, **લોંકાગચ્છ** સિરદાર;
પુજ **નાથાજી** પસાયથી રે, **માલ** મુની હિતકાર રે. પ્રાણી. ૧૫

(૧) (પહેલાં જેમલકૃત પરદેશી રાજાનો રાસ છે ને છેવટે બે સઝાય છે.) ઇતી પરદેશી રાસની ઢાલુ ર તથા અષાઢાભુતીનો ચોઢાલીઉ તથા સઝાઉ બે સમપુર્ણ સંવત ૧૯૦૭ના ભાદરવા સુદ ૧૧ વાર સોમવારે શ્રી **ધાંધલપર** મધે લખો છે લપીતંગ સા **વાલજિ મુલજી**એ લખુ છે તે સરવના ગરથાંગ્રંથ સિલોક ૭૭૫ **છે.** શ્રી કલ્યાણમસ્તુ **શ્રી** સુભમસ્તુ. પ.સં.૨૪–૧૨, પ.ક.૨૧–૨૩, રાજકોટ મોટા સંઘનો ભંડાર. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૧૮).]

[પ્રકાશિત : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૨ પૃ.૩૧૩. ૨. રત્નસાર ભા.૨ પૃ.૩૭૭.]

**(૪૩૩૪) રાજમતી સ.** ૧૭ કડી ર.સં.૧૮૨૨ કા.શુ.૧૫ મુંદ્રામાં

**આદિ** – ગોખમેં સખીયો સંઘાત, **રાજુલ** નિરખે હે

**અંત** – બિહુ મિલ્યા મુગત મઝાર, અવિહડ પ્રીતડી હે
બાંધી રે બેઠા સૂખ છતેજી
એહવી સતીના ગુણગ્રાંમ, પૂજય **નાથાજી**નો રે
**માલ** વદે નિત્ય પ્રત્યેજી. ૧૬
**અઢાર બાવીસે** નરંદા કાર્તિક પુનમ હે
ગાઇ રે ઉલટ ધરીજી
શ્રી **લોકાગચ્છ** મનુહાર, **મુનંદ્રા** બિંદર માંહે
શ્રાવક આગ્રહ કરીજી. ૧૭

**(૪૩૩૫) + એલાચીકુમાર છઢાળિયું** ર.સં.૧૮૫૫ જેઠ અંજારમાં

**આદિ** – દોહા

માત મયા કરો **સરસતી**, આપો અવિરલ વાણ,
નિજ ગુરૂચરણ નમું સદા, આણંદ હિત ચિત્ત આણ. ૧
દાન શીયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર,
તે માંહિ શિરસેહરો, ભાવ વડો સંસાર. ૨
ચારે જીવ તર્યાએ છે, ભાવ થકી કહું તેહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એલાચી**ગુણ ગાયતાં, પામીજે શિવગેહ.

**અંત –** ઢાલ ૬

*

સંવત **અઢાર પંચાવને**જી રે, જેઠ માસ સુખકાર,
ષટ્ ઢાળે કરી ગાઇયોજી રે, રહી ચોમાસો **અંજાર.**
સુગુણ નર, ભાવ વડો સંસાર. ૨૦
શ્રી પૂજ્યશ્રી **ખૂબચંદ**જી રે, તસ શાસન સુખદાય,
પૂજ્ય **નાથા**જી પસાયથી રે, **માલ** મુનિ ગુણ ગાય. સુ. ૨૧

પ્રકાશિત : ૧. પ્રકા. મુંબઈ જગદીશ્વર પ્રેસ, શીલાછાપ, સં.૧૯૯૩. [૨. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ). ૩. રત્નસાર ભા.૨.]

**(૪૩૩૬) + ઇક્ષુકાર કમલાવતી છઢાળિયું** ૨.સં.૧૮૫૫ જે.વ.૩ અંજારમાં

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૨૯૦–૨૯૭. [૨. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ). ૩. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૧.]

**(૪૩૩૭) ષટ બાંધવનો (છ ભાઈનો) રાસ** ૨૧ ઢાળ ૨.સં.૧૮૫૭ કાર્તિક માંડવીમાં

**આદિ –** દૂહા.

તીર્થંકર બાવીસમા, જાદવકુલ માંહિ ચંદ,
બાલબ્રહ્મચારી સદા નમૂં, પ્રણમું **નેમ** જિણંદ. ૧
**રાજેમતિ** જેણે પરહરી, લીધો સંજમભાર,
કેવલ લહી પદ પામીઆ, તારે ભવી સંસાર. ૨
સાંભલજો ભવીજન તુમે, છે પિણ સૂત્રની શાખ,
સરસ ઘણો સંબંધ છે, મીઠો સાકર દ્રાખ. ૩
સહુ કોઈ સુખ ભોગવે, ગયો ન જાણે કાલ,
ઇણ અવસર પ્રભુ આવીયા, ટાલે મોહજંજાલ. ૪

**અંત –** સવા એકવીસ ઢાલે કરી ગાયો, પ્રબંધ ઘણો અતિ મીઠો રે,
અધિકોઓછો મેં નથી ભાખ્યો, જે કાંઈ શાસ્ત્રમાં દીઠો રે. ૨૧
સંવત **અઢાર સતાવના** વર્ષે પ્રકાસ્યો, કાતિ ચોમાસે સુખકાર રે,
**માંડવી** બિંદર અતિઘણું સુંદર, **લોકાગચ્છ** શ્રીકાર રે. ૨૨
ગચ્છપતિ **ખુબચંદજી** વિરાજે, તસ સાસન સુખદાયા રે,
પુજય **નાથાજી** તણા સુપસાયે, **માલ** મુનિ ગુણ ગાયા રે. ૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ષટબંધવ-ગજસુકુમાલજી-કૃષ્ણ બલભદ્રજીના અધિકારની સવા એકવીસ ઢાલ. લિ. સં.૧૮૮૧. [ભં.?] [મુપુગૂહસૂચી.]

**(૪૩૩૮) અંતરંગ કરણી** અથવા **જીવ અને કરણીનો સંવાદ** (હિંદીમાં)

**આદિ** – ગાવહિં કેઈ પ્રેમ સ્યું હો, બિંદુલી મુરલી તાન,
કરની હઉ તઉ ગાયસ્યું હો, તુમ્હ સુણિવહુ ચતુરસુજાણ. ૧
કરની સુખદાતાર કરની, કરની જગઆધાર કરની,
કરની લહિય પાર કરની, કરની દુત્તર તાર કરની. ૨
જીવહુ કરની આપ મહિ હો, દુહુઢી માંડયઉ વાદ,
જાતિ વન ઉલા દેખિકિ, અરૂ પાલઈ હાર વિવાદ. ૩
જીઉ કહઈ હું પુરૂષ હું હો, પુરૂષ વડા સંસારિ,
કરની તેરઉ નામુ હઇ હો, કયા તું બપુરિ નારી. ૪

**અંત** – જીઉ પુરૂષ હૈ ઉદ્યમી હો, કરણી હઈ તસુ નારિ,
ભાગ્ય મિલઈ જઉ સાથિ તઉ હો, કાજ સરઈ સંસારિ. ૭૪
જે જગિ શુભ કરણી કરઇ, સુદૃઢ વચન પ્રતિપાલ;
**સીમંધર** સાખી સદા હો, પ્રણમઈ તિન્હ મુનિ **માલ**. ૭૫

[ભં.?]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮-૩૨. ત્યાં મૂકાયેલી 'અંજનાસુંદરી ચોપાઈ' અન્ય માલ મુનિની છે, કેમકે એનો લે.સં.૧૬૬૩ જેટલો વહેલો મળે છે (જુઓ આ પૂર્વે ભા.૩ પૃ.૭૯-૮૦). 'અંતરંગ કરણી' પણ આ કવિની કૃતિ હોવાનો સંશય રહે છે કેમકે એમાં ગુરુપરંપરા નથી.]

## ૧૨૪૮. નેમવિજય (ત. હીરવિજયસૂરિ-શુભવિજય-ભાવવિજય-સિદ્ધવિજય-રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજયશિ.)

**(૪૩૩૯) થંભણો પારસનાથ, સેરીસો પાર્શ્વનાથ, સંખેસરો પાર્શ્વનાથ સ્તવન** ૨૮ ઢાળ ૩૫૦ કડી ર.સં.૧૮૧૧ ફા.સુ. ૧૩ સોમ

**આદિ** – દુહા.

**સરસતિને** સમરૂં સદા, મહિર કરે મુઝ માય,
બલ ભવિયણ આપે વહી, દુનિયાંને આવે દાય. ૧
દીવાની પરે દાખવે, જોતિ કરી જગમાય,
વાસ કરે મુઝ મુખ વલી, પુજીસ તોરા પાય. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુંણ ગાવા ગિરૂયા તણા, ઉલટ અંગ ન માય,
તું મુઝ તુઠી તો ખરી, ઇચ્છયું સીધ જ થાય. ૩
પ્રગટ દેવ પ્રથવીતલેં, પરતાપુરણ **પાસ,**
થંભ્યાં નીર જે **થંભણે**, વાસ્યાં નગરનિવાસ. ૪
**સેરીસો સંખેસરો**, નામેં **પારસનાથ,**
એ ત્રિહું એક સમેં હુયા, સુરનર સેવે સાથ. ૫
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, પુજ્યા કરી પ્રાસાદ,
ત્યાંની વિણુ જાંણિ નહી, એહની ન લહેં આદિ. ૬
પરતો પુરે પાતાલનો, શેષનાગ કરે સેવ,
પ્રતિમા ત્રિણ્યે પુર્વની, દરસણ કરાવે દેવ. ૭

**અંત –** **૨૮મી** ઢાલ. રાગ ધન્યાસિરી. વાધારા ભાવનરી દેશી.
**પારસનાથ** તણા ગુણ ગાઈ, કીરતિ જગમેં કીધી હે,
સસનેહી સુંદર સુગુરૂવયણ ચિત્ત આંણીએ. એ આંકણી.

*

સંવત **અઢાર ઈગ્યારોતરા** વરસે ફાગુંણ માસ સુદિ પખે હે,
વાર સોમ ને તિથિ તેરસ દિને, ગાયા ગુણ મેં સખે હે. ૮
શ્રી **હીરવિજય** સુરીસર પાટે, **સુભવિજય** કવિરાયા હે,
**ભાવવિજય** શિષ્ય તેહના ભણીઇ, **સીદ્ધવિજય** અધિક સવાયા હે. ૯
**રૂપવિજય** શિષ્ય તેહના રૂડા **કૃષ્ણવિજય** શિષ્ય કહીઇ હે,
**રંગવિજય** રંગીલા જગમેં, વયણે તેહને વહીઇ હે. ૧૦
સર્વ સંખ્યાઇ ગાથા કહી છે, સાઢા ત્રિણ સયેં માંન હે,
અઠાવીસમી ઢાલ એ ભાખી, **નેમવિજય** એક ધ્યાંન હે. સ. ૧૧

(૧) પં. **નેમ** લખીતં. પ્રતવર્ણન માટે જુઓ હવે પછીની કૃતિની પહેલી પ્રત. (૨) ગાંમ **પિલૂચા** ગ્રામાત્ શ્રી શાતિનાથપ્રસાદાત્ સંવત ૧૮૧૮ના માગશર વદ ૯ લેખિત્યં. પ.સં.૧૧-૧૮, પ્રથમ પત્ર નથી, અનંત ભં.૨. [મુપુગૂહસૂચી.]

**(૪૩૪૦)** [+] ગોડી **પાર્શ્વ સ્ત.** અથવા **કાજલ મેઘાનું સ્ત.** અથવા **મેઘાશાનાં ઢાળિયાં** ૧૬ ઢાલ ૨.સં.૧૮૧૭ ભાદ્ર.શુ.૧૩ સોમે મઈયાજલમાં.

**આદિ –** દૂહા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવ ધરી ભજના કરૂ, આપે અવિચલ મત,
લઘુતાથી ગુરૂતા કરે, તું **સારદ સરસત્ત.** ૧
મુઝ ઉપર મયા ધરો, દેજે દોલતદાન,
ગુણ ગાઉં **ગોડી** તણા, ભવેભવે ભગવાન. ૨

**અંત –** આજ ગાઉં **ગોડીપુરધણી** શ્રી સંઘ કરે પસાય,
ચોમાસો કીધો ચૂપ સૂં ગામ તે **મઈઆજલ** માંહ. ૪
શ્રી **હીરવિજય** સૂરીસરૂ, તસ **શુભવિજે** કવિ સીસ,
તેના **ભાવવિજય** કવિ દીપતા તેના **સિદ્ધ** નમું નસદીસ. ૫
તેના **રૂપવિજય** કવિરાયના તેના **કૃષ્ણ** નમું કર જોડ,
વલી **રંગવિજય** રંગે કરી હું તો પ્રણુત કરૂં કરિ કોડ. ૬
સંવત **અઢાર સતસોતરે** ભાદ્રવા માસ ઉદાર,
તિથિ તેરસ **ચંદ્રવાસરે, નેમવિજયને** જયકાર. ૭

(૧) **ગેરીતા** મધ્યે પં. **નેમવિજય** લષીતં. સંવત ૧૮૨૪ વર્ષે આસો વદિ ૯ વાર **શુક્રે.** (કવિની હસ્તલિખિત પ્રત) પ.સં.૨૯–૧૪, ઈડર ગોરજી ભંડાર. (૨) પ.સં.૧૦–૯, ડા. પાલણપુર દા.૩૯ નં.૧૩. (૩) લિ. સં. ૧૮૬૪, પ.સં.૧૧, લીં.ભં. નં.૨૯૨. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૩૪, ૫૦૨, ૫૦૬).]

[પ્રકાશિત : ૧. દંડકાદિ જૈન પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.]

**(૪૩૪૧) + ધર્મપરીક્ષાનો રાસ** ૯ ખંડ ૧૧૦ ઢાળ ૨.સં.૧૮૨૧ વૈ.શુ.૫ ગુરુ વિજાપુરમાં

**આદિ –** દુહા.

પ્રથમ જિનેશ્વરપય નમું, વૃષભનું લાંછન જાસ,
**મરૂદેવીનંદન ઋષભ, નાભીરાય** કુલ તાસ. ૧
અઢાર વર્ષ આરા તણાં, સાગર કોડાકોડ,
ગયો ધર્મ વાલ્યો જિણે, તેહ નમું કર જોડ. ૨
**આદિ** ચારિત્ર આદરી, દીધો દ્વિધા ધર્મ,
મન વચ કાયા વશ કરી, છેદ્યા આઠે કર્મ. ૩
શિવપુરના વાસી થયા, અજરામર-સુખધામ,
ચોવીસે તીર્થંકરા, તેહને કરૂં પ્રણામ. ૪
સમરૂં શ્રુતદેવી સદા, આપે વચનવિલાસ,
તુષ્ટમાન થાજે તમે, સફલ ફલે મુજ આશ. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ તુઠે ગમ હોય,
ગુરૂ કહીયે માતા પિતા, ગુરૂથી અધિક ન કોય. ૬
ભવિયણ ભાવે સાંભલો, ધરમાધરમવિચાર,
દ્વેષબુદ્ધિ દૂરે કરી, પરીક્ષા કરજો સાર. ૭
ઉત્પત્તિ તેહની ઉચરૂં, **ધર્મપરીક્ષા રાસ**,
વાતો વિવિધ પ્રકારની, આણી હરખ-ઉલ્લાસ. ૮
સાંભલતાં સુખ ઉપજે, મત નાવે મનમાંય,
સૌ જાણે સાચો ધરમ, ભાખ્યો તિમ જ કહાય. ૯

**અંત** – ખંડ ૯મો. ઢાલ ૭૦મી. ઘર આવોજી આંબો મોરીયો – એ દેશી.
શ્રી જિનધર્મ આરાધીએ, કરી નિજ સમકિત શુદ્ધ,
ભવિ તપ જપ ક્રિયા કીવલી, લેખે પડે તે વિશુદ્ધ.
કંચન કસીકસી લીજીયે.

*

સંવત **અઢાર એકત્રીશમાં**, માસ વૈશાખ સુદિ પક્ષ,
તીથિ પાંચમ ગુરૂવાસરે, ગાયા ગુણ મેં રૂપ. ૮
**વિજાપુરમાં** વિરાજતા, **વૃદ્ધ તપા** પક્ષે સનૂર,
**ચંદ્રગચ્છમાં** દીપતા, શ્રી **જિનસાગરસૂરિ**. ૯
તેહની સાંનિધિને લહી, ગાયો રાસ ઉલ્લાસ,
ઓછોઅધિકો અક્ષર હોયે, શુદ્ધ કરજો પંડિત તાસ. ૧૦
રાસ કર્યા કવિએ ઘણા, પણ **ધર્મપરીક્ષાનો રાસ**,
એહ સમોવડ કો નહિ, જેમાં અધિકાર છે ખાસ. ૧૧
સર્વ સંખ્યાએ ગ્રંથ કહ્યો, પાંચ હજાર ઉપર પાંચ,
ઢાલો કહી નવ ખંડની, એકસો ને દશ વાંચ. ૧૨
શ્રી **હીરવિજયસૂરિ** તણો, **શુભવિજય** તસ શિષ્ય,
**ભાવવિજય** કવિ દીપતા, **સિદ્ધિ** નમું નિશદિસ. ૧૩
**રૂપવિજય** રંગે કરી, **કૃષ્ણ** નમું કર જોડ,
**રંગવિજય** ગુરૂ માહરા, મુજ પ્રણમ્યાનો કોડ. ૧૪
નવમો ખંડ પૂરો થયો, સાતે ઢાલે કરી સત્ય,
**નેમવિજય** કહે નિત્ય પ્રતે, રાખજો ધર્મ શું ચિત્ત. ૧૫

[સુપુગૂહસૂચી.]
પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક. [૨. પ્રકા. વાડીલાલ વર્ધમાન શાહ.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૩૪૨ ક) શ્રીપાળનો રાસ** ૪૫ ઢાળ ર.સં.૧૮૨૪ પો.વ.૬ રવિ વિજાપુર પાસે ગેરીતામાં

**આદિ** – સકલ જિનેશ્વર સર્વદા, પરમેશ્વર પ્રણમેવ,
નાંમ સમરંતાં નિત્ય પ્રતેં, દરસણથી સુખ દેવ. ૧
સારદને સમરૂં સહી, સૂત્ર સિદ્ધાંતે સાર,
ગુંણ વખાંણ્યા ગણધરે, વહિલી કીધી વાર. ૨
ગુરૂથી પાંમે ગુણ ઘણા, ગુરૂથી સવિ ગમ્ય થાય,
પહિલો પ્રણમું તે ભણી, વિવિધ વાતો વિગતાય. ૩
પ્રણમું પંચ પરમેશ્વરો, નામેં નવનિધિ હોય,
રોગ સોગ સંકટ ટલેં, સમરે જો સબ કોય. ૪
નામેં નરનારી તર્યા, નવપદ નાંમેં સિદ્ધ,
આંબિલ તપ આરાધતાં, **શ્રીપાલ** પાંમ્યો રીધ. ૫
કુણ દેસેં કિહાં ઉપનો, સાંભલજો નરનાર,
સિદ્ધાંતની સાખેં કરી, આખું જે અધિકાર. ૬
સાંભલતાં સુખ ઉપજે, સાંભલતાં હોઇ વૃધ,
સાંભલતાં ચિતમેં સદા, બહોલી ઉપજે બુધ. ૭

**અંત** – ઢાલ ૪૫. રાગ ધન્યાસિરી.
રતનપાલ રિષી ચારિત્ર પાલેં કુંમતિકદાગ્રહ ટાલેંજી – એ દેશી.
ભાખે જગગુરૂ સાંભલો ભવિકો, લહી માંનવઅવતારજી,
સિદ્ધચક્ર સેવો તપનેં કરજો, વંછિતફલદાતારજી. ૧
સિદ્ધચક્રનેં ભવિજન આરાધો, જો સિદ્ધક્ષેત્રનેં લાધોજી,
આંબિલ એકાસી કરો એહનાં, શિવપદનાં સુખ સાધોજી. ૨
**શ્રેણિક** દેસના સુંણીને ઉઠચો, કીધો **વીર** વિહારજી,
પરઉપગારી પ્રથવી પાવન, કરવા જગદાધારજી. ૩
સિંહ **રતનશેખર** સૂરીસરેં, કૃત **શ્રીપાલચરિત્ર**જી,
ગાથાબંધ થકી મંઇ આણ્યો, એ અધિકાર પવિત્રજી. ૪
તેહ થકી કાંઈ અધિકુંઓછું, કહિવાંણું હોઇ જેહજી,
હોજો ચતુર્વિધિ સંઘની સાખેં, મિચ્છા દુક્કડ તેહજી. ૫
મેં **શ્રીપાલ** નરેસર ગાયો, તે ગુરૂનેં સુપસાયજી,
ગુણવંતના ગુણ ભણતાં ગણતાં, રિધિ વૃધિ સિધિ થાયજી. ૬
પ્રથવી માંહિં પંડિત પોઢા, કવિજન કેરા રાયાજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વક્તા વાંચીને થાસ્યો રાજી, તો મુઝ મન સવાયાજી. ૭
સંવત **અઢાર ચોવીસા** વરસે, પોસ માસ વદ જાણોજી,
છઠને દિવસ અને રવીવારેં, પુરણ રાસ પરમાંણોજી. ૮
ગ્રંથાગ્રંથ અક્ષર ગણી કીધો, દોય સહસ્ર કરી સિધોજી,
લખે લિખાવે સાધુ શ્રાવક, તે માટ ગણી દીધોજી. ૯
**વિજાપુર** પાસે છઈ ગામ, **ગેરીતા** જેહનો **નાંમ**જી,
**નેમનાથ** સાંમી સુપસાઈ, રહ્યા ચોમાસો તે ઠાંમજી. ૧૦
સંઘને આગ્રહ કરીને કીધો, રાસ એહ રસીલોજી,
સાંભલસ્યે નરનારી ભાવેં, તે પાંમસ્યે સીવ-ચીલોજી. ૧૧
વિનય-વિવેકી શ્રાવક સઘલા, સાંભલી થાસ્યે રાજીજી,
કવિતા જો સ્યાબાસી દેસ્યે, તો જસની ગેડી વાજીજી. ૧૨
શ્રોતા જનો હાસી મ કરસ્યો, બુદ્ધિ મારી સારૂજી,
મિં તો કીધી બાલકક્રીડા, તે માટે તુમ વારૂજી. ૧૩
પાતસાહ દલીપતી હુઓ, **અકબરેશ** છે નાંમિજી,
તેડાવ્યા ગછનાયક ગિરૂઆ, **તપાગછ** મોટે ઠાંસેજી. ૧૪
શ્રી **હીરવિજય**સુરી આચારજ, **શુભવિજય** તસ સીસજી,
**ભાવવિજય** સિષ્ય તેહના ભણીઇ, **સિદ્ધિવિજય** જગીસજી. ૧૫
**રૂપવિજય** સિષ્ય તેહના રૂડા, **કૃષ્ણવિજય** સિષ્ય તેહનાજી,
**રંગવિજય** રંગીલા જગમે, ગુંણ ગાઉં હું એહનાજી. ૧૬
પસ્તાલીસમી ઢાલ એ ભાખી, **નેમવિજય** રસાલજી,
રંગ વધાંમણાં ઘરોઘર નિત્યે, હોજો મંગલમાલજી. ૧૭

(૧) સં.૧૮૩૨ આસો સુદિ ૮ દિને સોમવાસરે લિષીતં **નેમવિજય** **વિસલનગર** મધ્યે. પ.સં.૪૫-૧૩, ઈડર ગોરજી ભંડાર નં.૧૭૭. (કવિની હસ્તલિખિત પ્રત)

**(૬૩૪૨ ખ) [દાન શીલ તપ ભાવ પર] સઝાય**

૧ દાન પર સઝાય : પહલું અભયનું દાન તે તો જીવદયા પર ધ્યાન. ૨ શીલ પર સઝાય : હવે સુણજો નવ વાડિ શીલકી, મન વચન કાયા વશ રાખી રે. ૩ તપ પર સઝાય : હાં રે પ્રભુ ઉઠી દસ વિધિ કરવું તી તપ વખાંણુજો. ૪ ભાવ પર સઝાય : બારે ભેદે ભાવીઈ રે લાલા ભાવ આણી મનમાંય.

(૧) ગેરીતા મધ્યે પં. નેમવિજય લષીતં. સં.૧૮૨૪ વર્ષે આસો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વદિ ૯ વાર શુક્રે. (કવિની હસ્તલિખિત પ્રત) પ.સં.૨૯–૧૪, ઈડર ગોરજી ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૮–૫૪. 'ગોડી પાર્શ્વ સ્ત.'ના ૨.સં.ના 'સતલોતર' પાઠનું અર્થઘટન હેજૈજ્ઞાસૂચિએ (૧૮)૦૭ કરેલ છે. 'સતરોતર' એટલે ૧૭ અને સતોતર એટલે ૦૭ એવી સ્પષ્ટ પરંપરા મળે છે પણ 'સતલોતર'ના અર્થઘટન વિશે અવઢવ પણ રહે છે.]

## ૧૨૪૯. પદ્મવિજય (ત. સત્યવિજય–કપૂરવિજય–ક્ષમાવિજય–જિનવિજય–ઉત્તમવિજયશિ.)

અમદાવાદની શામળાપોળમાં રહેતા ગણેશ નામના શ્રીમાળી વણિકને ત્યાં ભાર્યા ઝમકુથી સં.૧૭૯૨ના ભાદ્ર.શુ.૨ને દિને પાનાચંદ નામનો પુત્ર થયો. ૭ વર્ષની વયે માતા મરણ પામી. સં.૧૮૦૫ના મહા શુદિ ૫ને દિને ઉત્તમવિજય પાસે રાજનગરમાં જ દીક્ષા લીધી. નામ પદ્મવિજય સ્થાપિત કર્યું. પછી ગુરુ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો ને સુરતમાં સુવિધિવિજય પાસે શબ્દશાસ્ત્ર શીખ્યા ને કાવ્યઅલંકારાદિનો અભ્યાસ કર્યો. તારાચંદ સંઘવીની સહાયથી ન્યાયશાસ્ત્ર શરૂ કર્યું. પછી તપગચ્છના વિજયધર્મસૂરિ ભટ્ટારકે રાધનપુરમાં સં.૧૮૧૦માં પદ્મવિજયજીને પંડિતપદ આપ્યું. ત્યાંથી સંઘ સાથે ગિરનાર, નવાનગર, શત્રુંજય ગયા પછી ભાવનગરમાં ચોમાસું કર્યું. સં.૧૮૧૩ અને ૧૮૧૪માં સુરત ચોમાસું કરી બુહરાનપુર પોતાના ગુરુએ મોકલ્યા. ત્યાં ચોમાસું કરી દક્ષિણ દેશ જઈ બુહરાનપુર આવી સ્થાનકવાસી સાથે વાદ કર્યો. સં.૧૮૧૫–૧૬માં ચોમાસાં ત્યાં કરી ખંભાત ચોમાસું કર્યું. પછી શત્રુંજય આવી રૂપચંદ ભીમના જિનપ્રાસાદમાં અનેક બિંબોની પ્રતિષ્ઠા કરાવી ઘોઘા જઈ ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરી. પાટણમાં ચોમાસું કરી સિદ્ધપુર, પાલણપુર એમ ફરી આબુની સંઘસહિત યાત્રા કરી. પછી રાધણપુર બે ચોમાસાં કરી સિદ્ધપુરમાં સં.૧૮૨૧માં ચોમાસું કરી રાજનગર ને સુરત ગયા. સુરતના તારાચંદ સંઘવીને ૨૯૫ બિંબની પ્રતિષ્ઠા સિદ્ધાચળમાં કરવાની ઇચ્છા થઈ તે પદ્મવિજયજીએ પૂરી પાડી. પછી સમેતશિખર યાત્રા કરી મકસુદાબાદમાં પ્રતિષ્ઠા કરી. સં.૧૮૨૫માં નવસારી ચોમાસું કરી ઉત્તમવિજયજી ગુરુ સાથે રાજનગરમાં આવ્યા. ત્યાં ૧૮૨૭માં ગુરુ દિવંગત થયા. પછી પોતે સં.૧૮૩૦માં સાણંદ ચોમાસું કરી રાજનગરમાં ત્રણ ચોમાસાં કર્યાં. પછી વિસનગરમાં બે કર્યાં. પાટણ આવી ત્યાંથી પ્રેમચંદ લવજીએ સિદ્ધાચળનો સંઘ કાઢ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની સાથે સિદ્ધાચળ ગયા. સં.૧૮૩૮ અને ૧૮૩૯માં લીંબડી ચોમાસાં કર્યાં. અહીંથી વિસનગર અને સં.૧૮૪૩માં રાધનપુરમાં ચોમાસું કર્યું. ત્યાંથી વિરમગામમાં ચૈત્યપ્રતિષ્ઠા કરી. તે જ વર્ષના જેઠ માસમાં રાધનપુરના દેવરાજ મસાલીએ ગોડીજીની યાત્રા માટે કાઢેલા સંઘ સાથે ગયા. સં.૧૮૪૪ પાટણમાં માઘ વદ ૯ ગુરુવારે બિંબપ્રતિષ્ઠા કરી. પછી રાધનપુર, પાટણ, પછી પાછા રાધનપુર બે ચોમાસાં કર્યાં. પછી પાટણ ને પછી રાધનપુરમાં સં.૧૮૪૮માં ચોમાસું કરી ત્યાંથી વિમલાચલ જઈ લીંબડી થઈ સુરત આવી રાંદેર જઈ સ્થાનકવાસી સાથે વાદ કર્યો. ખંભાત આવી ફરી સિદ્ધાચળની યાત્રા કરી લીંબડી આવ્યા. ત્યાં પણ સ્થાનકવાસી સાથે વાદ કર્યો. પછી હ્રદયરામ દીવાને કાઢેલ ગોડીજીના સંઘ સાથે જોડાઈ યાત્રા કરી લીંબડી ચોમાસું કર્યું. પછી સં.૧૮૫૩માં રાજનગર ચોમાસું કર્યું. અહીં શ્રીમાળી લક્ષ્મીચંદ શેઠે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ૧૮૫૪ મહા વદ ૫ સોમવારે કરાવી તેમાં ૪૭૨ જિનમૂર્તિઓ અને ૪૯ સિદ્ધચક્રની પ્રતિષ્ઠા કરી. પછી રાજનગરના ઓસવાલ હર્ષચંદ સંઘવીએ મોટા સંઘ સિદ્ધાચલનો કાઢયો. સં.૧૮૫૭માં સમેતશિખરમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. સં.૧૮૫૮માં લીંબડી ચોમાસું કર્યું. ૧૮૫૯માં અમદાવાદ વૈ.શુ.૭ ગુરુવારે પ્રતિષ્ઠા કરી ત્યાં બે ચોમાસાં કરી પાટણ આવ્યા. ત્યાં સં.૧૮૬૨ના ચૈત્ર શુદ ૪ બુધને દિને સ્વર્ગવાસ કર્યો.

વિમલાચલ (પાલીતાણા)ની તેર વાર, ગિરનારની ત્રણ વાર, શંખેશ્વરની એકવીસ વાર, ગોડી પ્રભુની ત્રણ વાર, તારંગાજીની પાંચ વાર અને આબુજીની એક વાર યાત્રા કરી. કવિ હતા. ૫૫૦૦૦ નવા શ્લોક રચ્યા છે.

તેમણે શ્રીમદ્ યશોવિજયજીના સવાત્રણસો ગાથાના 'શ્રી સીમંધર જિન વિજ્ઞપ્તિરૂપ સ્તવન' પર સં.૧૮૩૦માં અને તેમના જ 'વીરની હૂંડી રૂપેના સ્તવન' ઉપર સં.૧૮૪૯ વસંતપંચમીને બુધવારે રાધનપુરમાં ગુજરાતી ભાષામાં બાલાવબોધો રચ્યા છે.

જિનવિજય જુઓ આ પૂર્વે નં.૧૧૩૭ તથા ઉત્તમવિજય જુઓ આ પૂર્વે નં.૧૨૩૧.

(૪૩૪૩) [+] **અષ્ટપ્રકારી પૂજા** ૧૬ ઢાળ ૭૬ કડી ર.સં.૧૮૧૯ ઘોઘામાં

**આદિ –** શ્રુતધર જસ સમરે સદા, શ્રુતદેવી સુખકાર,
પ્રણમી પદકજ તેહનાં, પભણું પૂજાપ્રકાર. ૧
અર્થ સુણી જિનવર થકી, સૂત્ર રચૈ ગણધાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આગમને અનુસરી, રચશું અષ્ટ પ્રકાર. ૨
ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર.
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફલ સુવિચાર. ૩

**અંત –** કલશ. રાગ ધન્યાશ્રી

ભાવો ભાવો રે ભવિ અષ્ટ પ્રકાર ચિત્ત ભાવો
અષ્ટ ભેદ જિનપૂજા કરતાં, અષ્ટ મહાસિદ્ધિ પાવો રે. ભવિ. ૧
અષ્ટ કરમકો ઘાત કરીને, અષ્ટમ ગતિ તુમે પાવો
જિમ **ધનૌઘા**દિક પૂજા, એકેકથી પામ્યા શુદ્ધ સહાવો રે. ભવિ. ૨
નિજ ગુણ ઋદ્ધિ તિરોભાવે થઇ ગ્રહણ કરત પરભાવો
પ્રભુ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહેતાં, હોવત આવિરભાવો રે. ભવિ. ૩
સત્યવચનભાષક **સત્યવિજયો**, સંવેગી તસ દાવો
કપૂર સમી ઉજ્જ્વલ જસ કીર્તિ, **કપૂરવિજય** બુધ ધ્યાવો રે. ૪
**તત્ત્વ શશી અડ ચંદ્ર** સંવત્સર, **ખિમાવિજય જિન** ગાવો
**ઉત્તમ** પદકજ પૂજ કરંતાં, ઉત્તમ પદવી પાવો રે. ભવિ. ૫

(૧) ઇતિ પંડિત શ્રી પદ્મવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા સમાપ્તમ્. સર્વઢાલ ૧૬ ગાથા ૭૬ શ્લોક ૧૨૫ આસરે છે. લિ. પં. **ચુનીલાલ**. પ.સં. ૮, તેમાં પ.ક્ર.૧થી ૪, પછી જ્ઞાનઉદ્યોતકૃત એકવીશપ્રકારી પૂજા છે, અનંત.ભં. (૨–૪) લીં.ભં. નં.૧૮૪૨, ૨૧૫૭ અને ૨૪૩૧. [મુપુગૃહસૂચી.]

[પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. ૨. વિધિવિધાન સાથે સ્નાત્રાદિ પૂજાસંગ્રહ.]

**(૪૩૪૪) + નેમિનાથ રાસ** [અથવા **ચરિત્ર**] ૪ ખંડ ૧૬૯ ઢાળ ૫૫૦૩ કડી ર.સં.૧૮૨૦ દિવાલી રાધનપુરમાં

**આદિ –** ઉદધિસુતા-સુત સુત કરે, તે વાહન હોઇ જાસ,
તસ પુત્રી સમરૂં સદા, પુરો મુઝ મુખ વાસ. ૧
તુઝને સહુ સમરે સદા, તાહરા ગુણ વિખ્યાત,
તુઝ વિણ શિવપદ નવિ લહે, તિણે સમરૂં તુઝ માત. ૨

**અંત –** ઢાલ હમચીની.

**વર્ધમાન** જિનશાસનનાયક તસ ગણધર અગ્યાર,
તેહમાં **સોહમ** પંચમા ગણધર હુઆ પ્રથમ પટધાર રે. હમચડી.૧



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે **જંબુ** પ્રમુખ બહુ પટધર ચોઆલીસમે પાટ,
શ્રી **જગચંદ્ર** સૂરીવર જિણે રોધ્યા ધર્મના ધાર રે. ૨
વર્ધમાનતપથી જસ રાંણે **તપા** બિરૂદ તે દીધું,
છઠું નામ એ ગુણથી પામ્યા, જગજન માંહિ પ્રસિધું રે. ૩
**દેવેન્દ્રસુરી** પ્રમુખ ક્રમેં આવ્યા **આણંદવિમલ** સૂરીંદ,
જિણે કિરિયા તે ઉદ્ધાર કીધો; કુમતિમાં જેમ દિણંદો રે. ૪
**વિજયદાન**સૂરી તસ પટધર **હીરવિજય** સૂરીરાયા,
**અકબર**સાહિ જાસ વયણથી, પડહ અમારિ બજાયા. ૫
તાસ પાટિ **વિજેસેન** સૂરીસર બિરૂદ સવાઇ પામ્યા,
તાસ પાટિ **વિજયદેવ** સૂરિવર નરનારી જસ નામ્યા રે. ૬
**વિજયસિંહ**સૂરિ તસ પાટે જ્ઞાનવંત ગુણરાગી,
તાસ સીષ્ય સમુદાયમાં જાણે **સત્યવિજય** સૌભાગી. ૭
આચારયની આણા પામી કર્યો ક્રિયાઉદ્ધાર,
ગામ નયર પુર પાટણ માંહિ યશશોભાવિસ્તાર. ૮
કપૂર સમી કીરતિ જસ ઉજ્વલ **કપૂરવિજય** પંન્યાસ,
પંડિત પ્રવર ઘણું ગુણવંતા જસસૌભાગ્યવિલાસ. ૯
તાસ પદેં ભદ્રક ઉપગારી **ખિમાવિજય** પંન્યાસ,
**સાંભરે** પૂરવ મુનિવર મોહટા મુદ્રા દેખી જાસ. ૧૦
દેશના જેહની **નંદીષેણ** પેરે, ઉદ્ધત પણિ ઉદ્ધરીયા,
જિહાંજિહાં વિચર્યા તિહાંતિહાં તાર્યા, જે સમતાના દરિયા. ૧૧
તાસ શીસ સમુદાયમાં પંડિત **જિનવિજય** ગુરૂરાય,
લક્ષણ લક્ષિત શિક્ષિત બહુજન નરનારી ગુણ ગાય. ૧૨
ભદ્રક ઉપગારી તસ પાટે હિતશિખામણ દાઇ,
**ઉત્તમવિજય** ગુરૂ શુભ ગુણધર ભવિજન ધર્મ સખાઇ. ૧૩
**પયડી પંચસંગ્રહ** મુખ ગ્રંથા તેહમાં ઘણું પ્રધાન,
બહુ સિદ્ધાંત જિણે અવગાહ્યાં ખિમાવંત અસમાન. ૧૪
**ગગન નયન ગજ ચંદ્ર** સંવચ્છર દીવાલી દિન જાણો,
શુભ મુહુરતમાં ગુરૂકિરપાથી રાસ ચઢચો સુપ્રમાણો. ૧૫
ઢાલ ઉગણપચાસ પ્રથમ ખંડ બીજે બાવન ભાખી,
ત્રીજે ત્રીસ[બત્રીસ ?] ચોથે છત્રીસ સવિ સરવાલેં દાખી. ૧૬
એકસો ને અગણોત્તર ઢાલે એહ રાસ મેં કીધો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નવિજયગણિ કહેણુથી માહરો મનહ મનોરથ સીધો. ૧૭
તે ગુરૂ **ઉત્તમવિજય** કૃપાથી **પદ્મવિજય** તસ સીસે,
નિજ પરના ઉપગારને હેતે ભાખ્યો વીસવા વીસે. ૧૮
**રાધનપુર**વર માંહિ વિરાજે ચૈત્ય ઘણા મનોહાર,
દેવવિમાન પરેં જે દીપે ઉજ્વલ ચંદ્ર અનુહાર. ૧૯
દાની ધ્યાની જ્ઞાની રૂડા ભાગ્યવંત શુભ નામ,
શ્રાવક શ્રદ્ધાવંત તણા જિહાં, દીસે બહુલાં ધામ. ૨૦
તે **રાધનપુર** રહી ચોમાસું કીધો એ અભ્યાસ,
**વિજયધર્મ** સૂરીશ્વર રાજ્યે વાધ્યો અતિ ઉલ્લાસ. ૨૧
જિહાં લગે ગ્રહગણ તારા પ્રથવી ચંદ્ર સૂરજ પરકાસ,
તિહાં લગે એહ રાસ થિર હોજ્યો જયજયકાર વિલાસ. ૨૨
**નેમચરિત્ર** એ સુણસેં લખસેં વાંચસેં ભાગ્યવિશાલ,
અનુક્રમેં શાશ્વત પદ તે લહેસ્યેં હોસ્યેં મંગલમાલ. ૨૩

(૧) પ્રથમ ખંડ ૧૬૭૫ દ્વિતીય ખંડ ૧૭૦૧ તૃતીય ખંડ ૧૧૩૨ ચતુર્ણાં મિલને સર્વગાથા ૫૫૦૩ સં.૧૮૪૭ શાકે ૧૭૧૩ પ્ર. જ્યેષ્ટ માસે શુક્લ પક્ષે ૧૧ એકાદશી તિથૌ રવિવાસરે લિ. લિંબપૂરે મધ્યે. પ.સં. ૩૦૨-૧૧, લીં.ભં. દા.૨૫ હાલનો નં.૨૧૮૫. (૨) સં.૧૮૩૬ માઘ માસે શુક્લપક્ષે પ્રતિપદા રવિવાસરે લિ. **પાટણનગરે વ્યાસ તુલજારામ** સુત **સાકરરામ** સ્વહસ્તે. પ.સં.૨૭૯-૧૨, લીં.ભં. હાલનો નં.૩૨૭૪. (૩) પ.સં.૧૫૨, ડે.ભં. દા.૪૦ નં.૯. (૪) પ.સં.૧૫૨, ડે.ભં. દા.૪૦ નં.૧૦. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૭૨, ૫૦૦).]

[પ્રકાશિત : ૧. જૈન કથારત્નકોષ ભા.૨.]

**(૪૩૪૫) + ઉત્તમવિજય નિર્વાણ રાસ** (ઐ.) ૧૩ ઢાળ ૨.સં.૧૮૨૮ પો.શુ.૭ રવિ

**આદિ** – વનજ-વદન વાગેશ્વરી, પુસ્તક દાહિણ પાંણ,
સમરૂં સાચી **સરસતી**, કરવા ગુરૂનિર્વાંણ. ૧

**અંત** – ઢાલ ૧૩મી. પછી કલશ.
ગુરૂ ગણી સવાયા સુજસ સવાયા મનુઅન્ભવફલ લીધ એ,
સહુ સજ્જન પ્રાણી હર્ષ આણી ગાવજ્યો ઇણ વિધ એ.
સંવત **અઢાર અઠાવીસે** પોષ રૂડો માસ એ,
સાતિમ દિને સૂર્યવારે, પોહોતી સફલ આશ એ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરૂભાઇ કેરી પ્રેરણાથી કીધો એહ અભ્યાસ એ,
કહે **પદ્મ** માહરે હોજ્યો શુભ નિતનિત લીલવિલાસ એ.

(૧) સં.૧૮૩૦, લીં.ભં. નં.૩૦૧૮. (૨) લીં.ભં. નં.૩૦૯૬. (૩) પ.સં.૧૮, ડે.ભં. દા.૪૫ નં.૧૪૯. (૪) પ.સં.૯, ડે.ભં. દા.૪૫ નં.૧૫૦. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. મારી જૈન ઐ. રાસમાળા ભાગ ૧.

**(૪૩૪૬) [+] (ષટ્પર્વી મહિમાધિકાર ગર્ભિત) મહાવીર સ્ત. ૮ ઢાળ ૨.સં.૧૮૩૦ ફા.શુ.૧૩ સાણંદમાં**

**આદિ –** શ્રી ગુરૂપદપંકજ નમી રે, ભાખૂં પૂર્વવિચાર,
આગમ ચરિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે,
ભવિયણ સાંભલો નિદ્રા વિકથા ટાલી રે મુકી આંમલો. ૧.
ચરમ જિણંદ ચોવીસમો રે, **રાજગૃહી** ઉદ્યાંન,
**ગોતમ** ઉદ્દેસી કહે રે, જિનપતિ શ્રી **વર્દ્ધમાનો** રે. ભ.૨
પખમાં ષટ તિથી પાલિયે રે, આરંભાદિક ત્યાગ,
માસમાં ષટપરવિ તથા રે, પોસહ કેરો લાગ રે. ભ.૩
દુવિધ ધરમ આરાધવા રે, બીજ તે અતિ મનોહાર,
પંચમી નાંણ આરાધવા રે, આઠમ કર્મક્ષયકાર રે. ભ.૪
ઈગ્યારસી ચૌદસી તથા રે, અંગ પૂર્વને કાજ,
આરાધી શુભ ધર્મને, પામો અવિચલ રાજ રે. ભ.૫
**ધનેશ્વર** પ્રમુખે થયા રે, પર્વ આરાધ્યા રે એહ,
પામ્યા અવ્યાબાધને રે, નિજ ગુણ રિદ્ધિ વરેહ રે. ભ.૬
**ગૌતમ** પૂછે **વીરને** રે, કહો તેહનો અધિકાર,
સાંભલી પર્વ આરાધવા રે, આદર હોય અપાર રે. ભ.૭

**અંત –** ઢાલ ૮. ગિરૂઆ રે ગુંણ તૂમ તણા – એ દેશી.
ઉજમણાં એ તપ તણા, કરો તિથિ પરિમાણ,
ઉપગરણા રે રત્નત્રયી સાધન તણાં, ભવિ ભવસાયર-તરણા રે. ઉ.૧
જો પણ સહૂ દિન સાધવા, તોપણ તેહની અણસક્તે રે,
પરવ-તિથિ આરાધીને તુમે ઉજમજ્યો બહૂ ભક્તે રે. ઉ.૨
**શ્રાદ્ધવિધિ** વર ગ્રંથમાં, ભલો દાખ્યો એ અવદાતો રે,
**ભગવતિ** ને **મહાનિશીથમાં**, કહ્યો તિથિ-અધિકાર વિખ્યાતો રે. ઉ.૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપગચ્છ-ગગનાંગણ-રવિ, શ્રી **વિજયસિંહ** ગણધાર રે,
અંતેવાસી તેહના શ્રી **સત્યવિજય** સુખકારો રે. ઉ.૪
**કપૂરવિજય** વર તેહના, વર **ખિમાવિજય** પન્નાસો રે,
**જિનવિજયો** જગમાં જયો, શિષ્ય **ઉત્તમવિજયને** ખાસો રે. ઉ.૫

તસ પદચરણ-ભમર સમો, રહી **સાણંદ** ચઉમાસે રે,
**અઢાર ત્રીસ** સંવત્સરે, સુદિ તેરસ ફાગુણ માસ રે. ઉ.૬
**પદ્મવિજય** ભકતે કરી શ્રી **વિજયધર્મસૂરી** રાજયે રે,
**વર્દ્ધમાન** જિન ગાઇયા, શ્રી **અમીઝરા** પ્રભુ સાજ્યે રે. ઉ.૭

કલસ.

પર્વતિથિ આરાધો સુકૃત સાધો લાધો ભવ સફલો કરો,
સંવેગસંગી તત્વરંગી **ઉત્તમવિજય** ગુણકરો;
તસ સીસ નામે સુગુણ કામે **પદ્મવિજયે** આદર્યો,
શુભ એહ આદર ભવિ સુહાગર નામ ષટપરવી ધર્યો. ૮

(૧) પ.સં.૩, પ્ર.કા.ભં. નં.૬૧૫. (૨) લ.સં.૧૯૨૯ ભાદરવા શુદ ૨ દિવસે લિખિતં ભોજક તલસી ફતેચંદ શ્રી **રાધનપુર** મધ્યે. પ.સં. ૭–૧૦, ના.ભં. (૩) હસ્તાક્ષર **અચાચી જેશંકર મૂલજી** ન્યાતે **શ્રીમાલી** બ્રાહ્મણા સ્વસ્થાન **પાટણ ઘીવટા** મધ્યે **પાનસ્યાંમજીના** પાડામાં. સંવત ૧૯૩૭ અષાડ માસે શુક્લપક્ષે તિથૌ ૬ મંદવાસરે સમાપ્ત. શુભં ભવતુ. શ્રી. પ.સં.૭–૧૨, જશ.સં. નં.૧૦૮. (૪) પ.ક્ર.૧૬થી ૧૯, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૮, ૫૫૨).]

પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૨. ચૈત્ય આદિ સં. ભા.૩.]

**(૪૩૪૭) [+] ૨૪ જિનનાં** [અથવા **સર્વ જિન**] **કલ્યાણક સ્ત.**

ર.સં.૧૮૩૭ મહા વદ ૨ શનિ પાટણ

**આદિ** – દૂહા.

પ્રણમી જિન ચોવીસને કહું કલ્યાણક તાસ
માસ અમાવાસ્યા તણી રીવ ધરી સુવિલાસ. ૧
જેહના નામ સ્મરણ થકી નાસે ભવભવપાપ
તિણે કલ્યાંણક દિને કીજે પ્રભુનો જાપ. ૨

**અંત** – કલ્યાણક દિન ગાઇએ ભવિ હર્ષ ધરિ બહુ માનો રે.

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇમ અનંત ચોવીસી ધારિઇં તો અનંત કલ્યાંણક થાયેં રે
ઉજમણુય કીજઈ ધરી ભક્ત સકત નિરમાયો રે. ૩ ક.
સંવત **અઢાર સાંત્રીસ** ૧૮૩૭ના માહ વદ બીજને શનીવારો રે
સોભન જોગેં સોભન થયું પ્રભુ ગાયા હર્ષ અપારો રે. ૪ ક.
**પાટણ** ચોમાસૂં રહી લહી **જિન ઉત્તમ** સુપસાયા રે
**પદ્મવિજય** પૂણ્યેં કરી ઇમ થુણીઆ શ્રી જિનરાયા રે. ૫ ક.

(૧) સં.૧૯૨૧ ચૈ.૯ ભોમે લખીતંગ ભોજક ઠાકોર નરભેરામ અમુલખ પઠનાર્થં બા. દીવાલી પાટણ મધ્યે વાસ્તવ્યં. ૫.સં.૪–૧૨, જશ.સં. (૨) સં.૧૯૨૧ શ્રાવણ સુદ ૫ ગુરૂવાર લખીતં ભોજક ઠાકોર નરભેરામ અમુલખ. ૫.સં.૪–૧૩, જશ.સં. નં.૪૩. (૩) ૫.ક્ર.૨૯થી ૩૧, લીં.ભં.નં.૧૮૬૨. (૪) ૫.ક્ર.૫૪થી ૫૮, લીં.ભં. નં.૨૧૫૭. (૫) ૫.સં. ૩–૧૪, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૨, ૪૦૫).]

[પ્રકાશિત : ૧. જિનગુણ સ્તવમાલા.]

**(૪૩૪૮)** [+] **પંચકલ્યાણક મહોત્સવ સ્ત.** ર.સં.૧૮૩૭

(૧) ૫.ક્ર.૫૮થી ૬૧, લીં.ભં. નં.૨૧૫૭. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૨૦).]

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ, વર્ષ ૮ અં.૮ પૃ.૨૨૬.]

**(૪૩૪૯) + નવપદ પૂજા** ર.સં.૧૮૩૮ માહ વદિ ૨ ગુરુ લીંબડી

**આદિ –** શ્રુતદાયક શ્રુતદેવતા, વંદું જિન ચોવીસ
ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીસ. ૧
અરિહંત સિદ્ધ સૂરિ નમું, પાઠક મુનિ ગુણધાંમ,
દંશણ નાણ ચરણ વલી, તપ ગુણ માહિં ઉદ્દામ. ૨
ઈમ નવ પદ ભક્તિ કરી, આરાધો નિતમેવ
જેહથી ભવદુખ ઉપશમેં, પામે શિવ સ્વયમેવ. ૩
તે નવ પદ કાંઈ વર્ણવું, ધરતો ભાવ-ઉલ્લાસ
ગુણીગુણગણ ગાતાં થકાં, લહીઇં જ્ઞાનપ્રકાસ. ૪
**પ્રતિષ્ઠાકલ્પે** કહી, નવપદપૂજા સાર
તિણેં નવપદપૂજા ભણું, કરતો ભક્તિ ઉદાર. ૫

**અંત –** રાગ ધન્યાસીરિ
આ જમ્મારેં ત્રિભુવન સાહિબ તુઠો અનુભવ અમૃત વુઠો
ગુણી અનુજાઇ ચિંતના કરતાં કિસ્યુંઅ કરેં મોહ રૂઠો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવિ પ્રાણી હો ! આજ ૧
એ નવ પદનું ધ્યાન ધરંતાં નવ નિધિ રિદ્ધિ ઘરં આવે
નિયાણાનો ત્યાગ કરીને નવ ક્ષાયકપદ પાવે. ૨ ભવિ.
**વિજયસિંહ** સુસીસ અનોપમ ગીતારથ ગુણરાગી
**સત્યવિજય** તસ સીસ વિબુધવર **કપૂરવિજય** વડભાગી. ૩
તાસ સીસ શ્રી **ખિમાવિજય** વર, **જિનવિજય** પન્યાસ,
શ્રી ગુરૂ **ઉત્તમવિજય** સુસીસો, શાસ્ત્રઅભ્યાસ-વિલાસ. ૪
**ગજ વન્હિ મદ ચંદ** સંવત્સર માહ વદિ બીજ ગુરૂવારો
રહી ચોમાસું **લીંબડી** નગરં, ઉદ્યમ એહ ઉદારો. ૫ ભવિ.
**તપગચ્છ વિજયધર્મ** સૂરી રાજ્યેં, **શાંતિ** જિણંદ પસાયો
તે **ઉત્તમ** ગુરૂ ક્રમકજ મતિ સમ, **પદ્મવિજય** ગુણ ગાયો. ૬ ભવિ.

(૧) સં.૧૮૮૭, ચોપડો, જશ.સં. (૨) લિ.સં.૧૮૮૬, લીં.ભં. નં.૨૧૬૩. (૩-૭) લીં.ભં. નં.૧૭૮૦, ૧૮૪૨, ૨૧૫૭, ૨૪૩૧ તથા ૨૮૦૫. (૮) પ.સં.૫, ડે.ભં. દા.૪૫ નં.૨૧૩. (૯) પ.સં.૭, ડે.ભં. દા.૪૫ નં.૨૧૪. (૧૦) પ.સં.૧૬, ડે.ભં. દા.૪૫ નં.૨૧૫. (૧૧) પ.સં.૧૨, ડે.ભં. દા.૪૫ નં.૨૧૬. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૨૭૦), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭, ૨૭૧, ૫૦૧, ૫૧૪, ૫૫૩).]

[પ્રકાશિત : ૧. સ્નાત્રપૂજા સ્તવન સંગ્રહ. ૨. જ્ઞાનપંચમી.]

**(૪૩૫૦) + સમરાદિત્ય કેવલીનો રાસ** [૯ ખંડ ૧૯૯ ઢાળ ર.સં. આરંભ ૧૮૩૯ લીંબડી પૂર્ણ ૧૮૪૨ વસંતપંચમી વિસનગર]

**આદિ –** દુહા

**સ્વસ્તિ** શ્રી વર **સારદા**, કુંદ ચંદ સમકાય
કમલમુખી ને કમલકર, પ્રણમું તેહના પાય. ૧
જગચૂડામણિ જગ જયો, જગ કેવલ દિનરાજ
રીષભ ગતિ ગતિ રાજની, **આદિદેવ** નમું આજ. ૨
શમન સમન નં શ્રમણ જે, સમઝો વલી સમાન
સમણ પદે ચઉ અતિશયા, વંદુ શ્રી **વર્દ્ધમાન.** ૩
પરિસહ સહતા જે પ્રભુ, સંખ્યા પણિ તસ શેસ,
કેવલજ્ઞાન-દિવાકર, નમું **અજિતાદિ** દિનેશ. ૪
**ગૌતમ** પમુહ ગણહરા, સૂરિ નમું સુજગીસ
અનુક્રમે જિણથી આવીઓ, શ્રુત એ વિસવા વીસ. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરવર અલિ શ્રેણિ મિલી, કુસુમ વુઠિ સુર કીધ
તીર્થપ્રવર્ત્તન સમય તે, ભદ્ર કરો ભવ સિદ્ધ. ૬
ગુણદાયક શ્રુત-આગલા, વંદુ ગુરૂ ગુણવંત
જિણે વચને કરી જાણિઇં, તત્ત્વાતત્ત્વ મહંત. ૭
**સમરાદિત્ય** સુસાધુનો, ચરિત્ર અછે સુવિચિત્ર
**હરિભદ્રસૂરે** ભાખીઓ, વચનવિચાર પવિત્ર. ૮
અલ્પ નિદાન ઉદયે અતિ, બહુ સંબંધ બનાવ
સુણતાં સુખ ઉપજાવસ્યે, જેહથી સભા જમાવ. ૯
નવ ખંડે કરી નિરમલો, રાસ રચ્યું સુખકાર
સત્તર ભવ સોહામણા, કહું વિચિત્ર પ્રકાર. ૧૦
અપરાધી નર ઉપરિ, કરિયે નહી કાંય ક્રોધ
તિણે એ **સમરાદિત્ય** તણું, ચરિત્ર સુણો શુભ બોધ. ૧૧

અંત – [નવમે ખંડે એ કહી, છવ્વીશમી ઢાળ રસાળ રે,
એ સર્વ મળીને એકસો, કહી નવાણું વર ઢાળ રે.
**અઢાર ઓગણચાલીસ**માં કાંય માંડયો રાસ એ વર્ષે રે,
**લીંબડી** ચોમાસું રહી, કાંય દિનદિન ચઢતે હર્ષે રે.]

*

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કલશ.

તપગચ્છ નંદન સુરતરૂ પ્રગટયા – એ દેશી.

શાસનનાયક શિવવધૂલાયક, **વર્ધમાન** જિનચંદાજી
પંચમ ગણધર **સોહમ** પટધર, **જંબૂ** તાસ મુણિંદાજી. ૮૦૧
**પ્રભવા** પટધર પૂરવધારી, **શય્યંભવ** સૂરીંદાજી
**મનક** પિતા જે પુત્રને અરથે, **દશવૈકાલિક** કરંદાજી. ૮૦૨
**જશોભદ્ર**સૂરિ તસ પટધર, પૂરવ ચૌદ ભણિંદાજી
**સંભૂતિવિજય** ને **ભદ્રબાહુ** ગુરૂ એક જ પાટ ગણીંદાજી. ૮૦૩
**થૂલિભદ્ર** જે સાતમા પટધર, પૂરવ ચૌદ ધરિંદાજી
બ્રહ્મચારી શિરસેહર ભણિએ, **કોશા** પ્રતિબોધંદાજી. ૮૦૪
**આર્યમહાગિરિ આર્યસુહસ્તિ**, દશ પૂરવ ધરેંદાજી
**અવંતીસુકુમાલ** બૂઝવ્યો, તિમ **સંમતિ** નરિંદાજી. ૮૦૫
આઠ પટ લગે ઇણિ પરે પહેલું, **નિર્ગ્રંથ** નામ કહંદાજી
**સુસ્થિત સુપ્રતિબુદ્ધ** એહ બેઉ, પટધર એક સુખકંદાજી. ૬

કોડિ વાર સૂરિમંત્ર જપ્યો જિણે, કૌટિકગણ થપ્પંદાજી,
શ્રી **ઇંદ્રદિન્ન**સૂરિ તસ પટધર, શ્રી **દિન્ન**સૂરિ હવંદાજી. ૭
પનરમે પટ શ્રી **ચંદ્રસૂરિ, ચંદ્ર**ગચ્છ થયા નામજી,
ત્રીજું એ પરસીધું જગમાં, **સામંતભદ્ર** તસ ઠામજી. ૮
**વનવાસી** ચોથું થયું અભિધા, તસ પટ ગુણમણિધામજી,
શ્રી **વૃદ્ધદેવસૂરિ** પરસિદ્ધા, પટધર તસ અભિરામજી. ૯

*

શ્રી **પ્રદ્યોતન**સૂરિ ૧૮ વિરાજે, **માનદેવ**સૂરિ છાજેજી,
તસ પટ **માનતુંગ** આચારય, ઉદ્યોતક અતિ ભ્રાજેજી. ૧૧
**વીર**સૂરિ એકવીસમે પટ્ટે, **જયદેવ**સૂરિ બાવીસજી,
**દેવાણંદ** વલી **વિક્રમ**સૂરિ શ્રી **નરસિંહ** સૂરીસજી. ૧૨
પટ છવીસમે **સમુદ્ર**સૂરિવર, **માનદેવ**સૂરિ તાસજી,
**વિબુધપ્રભ**સૂરિ તસ પાટે, **જયાનંદ** સુવાસજી. ૧૩
ત્રીસમે પાટે **રવિપ્રભ**સૂરિ, શ્રી **યશોદેવ**સૂરિ જાસજી (૩૧),
**પ્રદ્યુમ્ન**સૂરિ બત્રીસમે પાટે, **માનદેવ** તસ ખાસજી. ૧૪
**વિમલચંદ** ને **ઉદ્યોતન**સૂરિ, તેહ પાંત્રીસમે ઠાણોજી,
વડ તલે આઠ સૂરિપદ દીધાં, તિહાંથી **વડગચ્છ** જાણોજી. ૧૫
પાંચમું નામ એ પાટ છત્રીસમે, **સર્વદેવ** સૂરીસોજી,
સાડત્રીસમે પાટે **દેવ**સૂરિ, **સર્વદેવ** અડત્રીસજી. ૧૬
બિહું ગુરુભાઈ હવે એક પાટે, **જસોભદ્ર** શ્રી **નેમિચંદ**જી,
તેહને પાટે **મુનિચંદ્ર**સૂરિ, નિર્મલ કીર્તિચંદજી. ૧૭
**અજિતદેવ**સૂરિ તસ પટધારી, **વિજયસિંહ**સૂરિ નામેઇજી,
**સોમપ્રભ**સૂરિ **મણિરત્ન**સૂરિ નમતાં પાપ નિગમેજી. ૧૮
એ દોય પાટે ચૌઆલીસમે શ્રી **જગચ્ચંદ્ર**સૂરિ દીવોજી,
કરી ક્રિયાઉદ્ધાર દીપાવ્યો, મારગ તે ચિરંજીવોજી. ૧૯
**આઘાટપુરે** જિણે દિગપટ જીત્યા, રાણા સભા હજૂરજી,
**હીરલા** નામ દીધું તિહાં રાણે, તપ કીના જિણે પૂરજી. ૨૦
જાવજ્જીવ આંબિલ તપ કીધાં, બિરુદ 'તપા' તિહાં પાયુંજી,
**તપગચ્છ નામ** છઠું એહ ગુણથી, નાંહી કદાગ્રહે આયુંજી. ૨૧
**દેવેંદ્ર**સૂરિ પટોધર તેહના, પ્રકરણ જિણે બહુ કીધાંજી,
**ધર્મઘોષ** સૂરીસર તેહના, વિદ્યામંત્ર પ્રસીધાંજી. ૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સોમપ્રભ**સૂરિ સડતાલીસમેં પાટે અતિ વૈરાગીજી,
**સોમતિલક**સૂરિ ૪૮ **દેવસુંદર**સૂરિ ૪૯ જસ પંચ શિષ્ય સોભાગીજી.
**સોમસુંદર**સૂરિ તેહના પટોધર, **મુનિસુંદર** તસ પાટેજી,
એકસો આઠ હાથનો કાગલ, લિખિ મોકલ્યો ગુરૂ માટેજી. ૨૪
'કાલી સરસ્વતી' જે કહેવાતા સંતિકર જિણે કીધુંજી,
પાટવી તેહના **રત્નશેખર**સૂરિ બાવનમેં પરસીધુંજી. ૨૫
**લક્ષ્મીસાગર**સૂરિ **સુમતિસાધુ**સૂરિ **હેમવિમલ** પણ્ણુપન્નજી,
**આનંદવિમલ**સૂરિ છપન્નમેં, પાટે તેહ નિષ્પન્નજી. ૨૬
બહુ મારગ લોપાણો જાણી, ક્રિયાશિથિલ થયા પ્રાણીજી,
સંવત **પનર બ્યાસીઈ** કીધો ક્રિયાઉદ્ધાર મન આણીજી. ૨૭
બહુ શ્રેષ્ઠિ સુત રાત જિણે દીખ્યા, સ્યાંસ્યાં કીજે વખાંણુજી,
તસ પટ્ટે **વિજયદાન**સૂરિંદ કરી, પરતિષ્ઠા બહુ ઠાંણુજી. ૨૮
ઇમ સત્તાવન પાટ વખાણ્યા, શેષ પાટ હવે કહિઇજી,
**પદ્મવિજય** કહે પૂરવ સૂરિના, ગુણ ગાતાં સુખ લહિઇજી. ૨૯

દેશી હમચડી.

અઠાવનમેં પાટે, હૂઆ **હીરવિજય**સૂરિ રાયા,
**મેઘજી** આચાર્ય પ્રતિબોધી **લુંપક**મત છોડાયા રે. હમચડી ૩૦
અડાવીસ સંજત સ્યું દીક્ષા લીધી જે ગુરૂ પાસે,
પાતસાહ **અકબર** પ્રતિબોધ્યો, જીવ અમારિ પ્રકાસે રે. ૮૩૧
**સીરોહી નડુલાઇ પાટણ રાજનગર ખંભાતિ**,
જિણે બહુ બિંબપ્રતિષ્ઠા કીધી ઠામિઠામિ વિખ્યાત. ૩૨
**વિજયસેન**સૂરી તસ પાટે, પાતસાહને આગેં,
ષટ દરિસણમાં જયસિરિ જેહને, વરી સ્વયંવરા રાગે રે. ૩૩
'સવાઇ ગુરૂ' બિરૂદ લહ્યા તવ ગીતારથ ગુણરાગી,
તસ પાટિ **વિજયદેવ** સૂરીસર કીરતિ ચિહું દિશ જાગી. ૩૪
**વિજયપ્રભ**સૂરી તસ પટ્ટે સોભાગી સિરદાર,
**વિજયરત્ન**સૂરિ પાટે તેહને **વિજયક્ષમા**સૂરિ સાર રે. ૩૫
ચોસાઠમેં પાટે વલી હૂઆ **વિજયદયા** સૂરિરાય,
**વિજયધર્મ**સૂરિ જસ રાજ્યે પ્રારંભ રાસનો થાય રે. ૩૬
**અઢાર એકતાલે** કાતિ વદિમાં સ્વર્ગે તેહ સિધાયા,
તસ પટ્ટે શ્રી **જિનેંદ્ર** સૂરીશ્વર પુણ્યે પદવી પાયા રે. ૩૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[તસ રાજ્યે એ પૂરણ કીધો, **અઢાર બેંતાલા** વરસે
શ્રી કલ્યાણ પાસ સુપસાયે, વસંતપંચમી દિવસે રે.]
શ્રી **વિજયદેવ** સૂરીસ પટોધર શ્રી **વિજયસિંહ** સૂરીશ,
સંવત **સોલ એકાશીઆ** વર્ષે સૂરિપદે સુજગીસ રે. ૩૮
રાણો **જગસિંહ** જિણેં પ્રતિબોધ્યો જસ કીરતિ જગ વ્યાપી,
જેહની પરિષદ બહુ ગીતારથ કીધા આદર આપી. ૩૯

*

વરસ અઠાવીસ આચારયપદ યુવરાજ્યેં જે પાલી,
**રાજનગરમાં** સ્વર્ગ પધાર્યા દુખદોહગ સવિ ટાલી. ૪૧
તેહના સીસ સમુહમાં સોહે **સત્યવિજય** પન્યાસ,
આચારય ગુરૂઆણા પામી કર્યો ક્રિયાઅભ્યાસ. ૪૨
**કપૂરવિજય** પંન્યાસ તેહના **ખિમાવિજય** તસ જાણો,
**નંદીષેણ** પરિ દેશના જેહની, કરે ભવિ વ્રત-પચખાણો રે. ૪૩
ભંગી જંગી બહુ પ્રતિબોધ્યા સોભાગી સિરદાર,
તસ **જિનવિજય** પંન્યાસ કહાયા કરતા બહુ ઉપગાર. ૪૪
ગીતારથ સજ્જન ઘણું સુંદર, લક્ષણ લક્ષિત દેહ,
જેહની મુદ્રા દેખી પૂરવ, મુનિવર સાંભરે તેહ. ૪૫
તાસ શીસ સમુદાયમાં જાણો **ઊત્તમવિજય** પંન્યાસ,
જ્ઞાની ધ્યાની ને નહિ માની, દશ દિશ કીરતિ જાસ. ૪૬
**પયડી પંચસંગ્રહ** મુખ ગ્રંથા, જાણેં તસ આમ્નાય,
ભદ્રક ઉપગારી મુઝ મોહટા, શાંત દાંત ગુણરાય. ૪૭
મુઝ સરિખા પથ્થર નવપલ્લવ, કીધા અતિ હિત આણી,
સ્યોસ્યો કહું ઉપગાર ગુરૂનો વાણી જાસ પ્રમાણી રે. ૪૮
**વીસલનયર** વિરાજેં રૂડું જિહાં જિનચૈત્ય છે દોય,
જિહાં અતિભક્તિવંતા બહુ શ્રાવક પ્રભુપૂજા ઘણી હોય. ૪૯
તે ગુરૂ **ઉત્તમવિજય** પસાયેં **પદ્મવિજય** લઘુ શીસેં,
**વીસલનગર** ચોમાસ રહીનેં ભાખ્યો વિસવા વીસેં રે. ૫૦
જિહાં લગે ગ્રહગણ તારા મેરૂ ચંદ્ર સૂરજ પરકાશ,
તિહાં લગેં એહ રાસ થિર હોયો જયજયકાર વિલાસ રે. ૫૧
**સમરાદિત્ય** રાસ એ ભણસ્યેં લિખિસ્યેં ભાગ્યવિશાલ,
તેહ મહોદય પદવી લહેંસ્યેં હોસ્યેં મંગલમાલ રે. હમચડી. ૮૫૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઇતિ સંવિગ્નપક્ષીય પંડિતપ્રવર શ્રીમદુત્તમવિજયગણિશિષ્ય પં. પદ્મવિજય વિરચિતે શ્રી સમરાદિત્યચરિત્રે પ્રાકૃતપ્રબંધે સમરાદિત્યગિરિસેનયોઃ નવમનરભવઃ સમાપ્તઃ. ગ્રંથાગ્ર ૯૦૦૦, પ.સં.૨૨૦-૧૫, લીં.ભં. દા.૨૬ હાલનો નં.૨૮૭૦. (૨) સંવત ૧૮૪૪ વર્ષે માઘ માસે શુક્લપક્ષે દ્વિતીયા ભૃગુવાસરે લિખ્યતં પાટણ નગરે વ્યાસ તુલજારામ સુત સાકરરામેણ. પ.સં.૨૪૧-૧૩, હા.ભં. દા.૭૮ નં.૧. (૩) પ.સં.૨૧૦, ડે.ભં. દા.૪૦ નં.૫. (૪) પ.સં.૨૫૨, ડે.ભં. દા.૪૦ નં.૬. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક. [૨. પ્રકા. છગનલાલ ઉમેદચંદ. ૩. પ્રકા. દોલતચંદ હુકમચંદ. ૪. સંપા. રાજહંસવિજયજી (પ્રકા. કુમુદચંદ્ર જેશીંગભાઈ વોરા).]

**(૪૩૫૧)** [+] **સિદ્ધાચલ નવાણુ યાત્રા પૂજા** [અથવા **નવાણુ પ્રકારી પૂજા**] ર.સં.૧૮૫૧

(૧) સંવત ૧૮૮૧ વર્ષે આસાઢ માસ શુક્લપક્ષે એકાદશી તિથૌ રવિવાસરે લિખ્યતં મુનિ વીરચંદ્ર શ્રી પાલણપુરે શુશ્રાવક પુન્યપ્રભાવક દેવગુરૂરાગી પુન્યવંત વરીઆલ માનચંદ પુત્ર જીવરાજકસ્યૈ લ. પ.સં.૯-૯, ડા.પાલણ. દા.૩૯ નં.૮૭. (૨) પ.ક્ર.૧૧૩થી ૧૧૯, લીં.ભં. નં.૨૮૦૫. (૩) પ.ક્ર.૯૩થી ૯૭, લીં.ભં. નં.૧૮૪૨. [ડિકૅટલૉગબીજે ભા.૧ (પૃ.૧૩૦), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬).]

[પ્રકાશિત : ૧. શત્રુંજય તીર્થમાલા રાસ અને ઉદ્ધારાદિકનો સંગ્રહ. ૨. વીશીઓ અને વિવિધ પ્રકારની પૂજાઓ.]

**(૪૩૫૨) મદન ધનદેવ રાસ** ૧૯ ઢાળ ૪૫૯ કડી ર.સં.૧૮૫૭ આ.શુ.૫ રવિ રાજનગરમાં

**આદિ** – વિહરમાન પ્રભુ રાજતા, વંદુ જિનવર વીસ,
પદકજ પ્રણમું પાસના, જેહની ચઢતી જગીસ. ૧
ગુણદાયક ગુણ સ્યું ભર્યા, પ્રણમું ગુરૂના પાય,
ભમતાં જે ભવસાયરે, પ્રવહણ સમ પરખાય. ૨
જગમાં બંધન દો કહ્યા, રાગ તથા વલી દ્વેષ,
તેહમાં પણ રાગ જ વડું, તેહથી દોષ અશેષ. ૩
સુખઇચ્છક સહુ જીવ છે, સુખ નવિ એહમે કોય,
જિહાં આત્મીય સુખ નીપજે, તે શિવમંદિર હોય. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુર્બુદ્ધિ સુખભ્રાંતિથી, રમે વિષયમાં લીન,
ન ગમે સજ્જન પુરૂષને, જાસ સુકૃત મતિ પીન. ૫
તેહ વિષયસાધન અછે, મુખ્ય થકી વર નારિ,
તે તો ક્રૂર કુટીલ કહી, સાપણી પરે નિરધાર. ૬

અંત – ઢાલ ૧૯મી.

*

ઓગણીશે ઢાલે કરી રે લાલા, સંપૂરણ થયો રાસ સંજમ રંગ લાગો રે,
**મુનિ પાંડવ ગજ ચંદ્રમા** રે લાલા, વરસે તે શ્રાવણ માસ. ૨૧
પંચમી ઉજ્વલ પક્ષની રે લાલા, સૂર્યવાર સુપ્રસિદ્ધ, સં.
**રાજનગર** માંહે રહ્યા રે લાલા, એહ મનોરથ સિદ્ધ. સં. ૨૨
**તપગચ્છ**-ગયણ-દિનેસરૂ રે લાલા, **વિજયદેવ** સૂરિરાય, સં.
વિનયવંત તસ પાટવી રે લાલા, **વિજયસિંહસૂરિ** થાય. ૨૩
પંડિતરત્ન-શિરોમણી રે લાલા, કીધો ક્રિયાઉદ્ધાર,
શિષ્ય તાસ **સત્યવિજયજી** રે લાલા, શુભ કિરિયા આચાર.૨૪
તાસ **કપુરવિજય** કવી રે લાલા, **ખિમાવિજય** તસ સીસ,
ખિમા ગુણે કરી સોહીઇ રે લાલા, નહીં જસ રાગ રીસ. ૨૫

*

પંડિતશિરચૂડામણી રે લા. લક્ષણલક્ષિત અંગ,
શ્રી **જિનવિજય** સોભાગીયા રે લા. તેહના સીસ સુચંગ. ૨૭
તસ આસન-સોહાગરૂ રે લા. જાણે જૈન સિદ્ધાંત,
શ્રી ગુરૂ **ઉત્તમવિજયજી** રે લા. વૈરાગી એકાંત. ૨૮
તસ પદપદ્મ-ભ્રમર સમો રે લા. **પદ્મવિજય** વર નાંમ,
ગુરૂકૃપાથી કીધલો રે લા. એહ રાસ અભિરામ. ૨૯
પંચમા **સુમતિ** જિણેસરૂ રે લા. તેહના ચરિત્ર મઝાર,
વળી શ્રી **જયાનંદ** ચરિત્રમાં રે લા. ભાખ્યો એ અધિકાર. ૩૦
**શ્રીમંધરસ્વામી** તથા રે લા. તિમ વલી **ભાભા પાસ**,
સાનિધે સંપૂરણ થયો રે લા. **મદન ને ધનદેવ** રાસ. ૩૧
જે ભણસ્યે ગુંણસ્યે વલી રે લા. વાંચસ્યે પૂન્ય વિશાલ,
તે સઘલાં સુખ અનુભવી રે લાલા, લહસ્યે મંગલમાલ સંજમરંગ લાગો રે. ૩૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પાટણનગરે સં.૧૮૬૯ કા.શુ.૧૨ દિને ચંદ્રવાસરે સર્વગાથા ૪૬૨ છે. પ.સં.૧૯–૧૪, વિ.ધ.ભં. (૨) સર્વગાથા ૪૫૯ લિ. ખુશાલવિજયેન. પ.સં.૨૭–૧૦, લીં.ભં. હાલનો નં.૩૦૫૬. (૩) પ.સં.૨૧, પ્રે.ર.સં. (૪) લિખિતં શ્રી સકલપંડિતશીરોમણી પં. શ્રી ૧૦૮ શ્રી કૃષ્ણવિજયગણિ તત્‌શિષ્ય પંડિતોત્તમ શ્રી ૧૦૫ શ્રી પં. શ્રી રંગવિજયગણિ તત્‌શિષ્ય ચરણસેવી શ્રી ઋષભવિજયગણી લપીકૃતં સ્ત્રવાંચનાય શ્રી પત્તનનગરે ચાતુર્માસ કૃતં સંવત્ ૧૮૬૮ના માસોત્તમ માસે આસો માસે વદિ પક્ષે ત્રયોદશી તિથૌ ભોમવાસરે. ગાથામાન ૪૫૯, પ.સં.૧૭, પ્ર.કા.ભં. વડો. નં.૩૧૦. (૫) સં.૧૮૯૨ આસો સુદ ૧૫. પ.સં.૨૩–૧૩, ડા.પાલણ. દા.૩૬. (૬) સંવત ૧૯૩૧ના ભાદરવા વદિ ૮ બુધ્ધે લ. વકીલ વરજલાલ વેણીદાસ શ્રી ખેડા ગ્રાંમે શ્રી ભિડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્, શુભં ભવતુ, કલ્યાંણમસ્તુ. પ.સં.૧૪–૧૭, ખેડા ભં. દા.૮ નં.૯૫. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૯૦).]

**(૪૩૫૩) + જયાનંદ કેવળી રાસ** ૯ ખંડ ૨૦૨ ઢાળ ૨.સં.૧૮૫૮ પો.શુ.૧૧ લીંબડીમાં

**આદિ** – પ્રથમ પ્રથમ પ્રણમું પ્રભુ, સોહે અંસે જાસ,
કુંતલ કનક કલસ સિરેં, નીલકમલ મનુ ન્યાસ. ૧
**સિદ્ધારથ**સુત તિવિહ સ્યું, વંદુ તિવિહા **વીર**,
જનક **સિદ્ધારથ** દુવિહ જિન, ધરણીધર પદ ધીર. ૨
કલ્યાણકે જસ સુર કરે, અવની કલ્પ અવિશેષ,
તે સુગુણાવર તો સવે, જયવંતા જિન શેષ. ૩
માન પરેં પદ માંડવા, સાસ્ત્રમાર્ગ સમઝાય
સીસું પરે કવિને શીખવે, પ્રણમું **સરસતિ**-પાય. ૪
ગુરૂ ઉત્તમ ગુણગણભર્યા, મુઝ ઉપગાર મહંત,
પ્રણમું પદકજ પ્રેમ સ્યું, આંણી હર્ષ અત્યંત. ૫
શ્રી **જયાનંદ** સોભાગીયા, કેવલ લક્ષમીકંત,
ધર્મ દુવિધ આરાધીને, શિવસુખ જે સાધંત. ૬
ભવ્ય-પ્રતિબોધન ભણી, ચરિત્ર ભણું સુવિચાર,
નવ ખંડે કરી નિર્મલો, રચસ્સું રાસ ઉદાર. ૭
પ્રિયા સહિત પૂરવ ભવેં, સમકીત નેં વલી સીલ,
દાંનધરમ વલી દાખવૂં, લહે જિમ લક્ષમીલીલ. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચમત્કારકારી ચરિત્ર, સુણતાં હોસ્યે સ્વાદ,
દુખદોહગ દુરે જસ્યે, વિકથા મુકી વાદ. ૯

અંત – કલશ. રાગ ધન્યાશ્રીની દેશી.

**તપગચ્છ**પતિશ્રી **જગતચંદ**સૂરિ ચૌઆલીસમે પાટેજી,
જાવજીવ જિણે આંબિલ કીધાં, **તપ**ગચ્છ તેહ જ માટેજી. ૧
તસ પટે શ્રી **દેવેંદ્ર**સૂરિ ગીતારથ ઉપગારીજી,
પેંતાલીસમે **ધર્મઘોષ**સૂરિ તાર્યાં બહુ નરનારીજી. ૨
**સોમપ્રભ**સૂરિ તસ પટ્ટરાજે, સડતાલિસમે કામેજી,
**સોમતિલક**સૂરિ અડતાલીસમે, પાટે ગુણગણધામજી. ૩
તસ પટ્ટે શ્રી **દેવસુંદર**સૂરિ ગુણવંતા ગુણરાગીજી,
**સોમસુંદર**સૂરિ પાટ પચાસમે, ક્રિયાવંત વૈરાગીજી. ૪
**મુનિસુંદર**સૂરિ એકાવનમે, પાટે ગુણગણ-દરિયાજી,
સહસ્રવિધાની બાલપણાથી, તાર્યાં જિહાં વિચરિયાજી. ૫
**અધ્યાત્મકલ્પદ્રુમ** નામે, **સાંતિકર** જિણે કીધૂંજી,
એકસો આઠ હાથનો કાગળ, લિખિને ગુરૂને દીધુજી. ૬
એકસો આઠ વર્તુલિકાના રવ, ભિન્નભિન્ન ઓળખિયાજી,
**ઉપદેશરત્નાકર** જિણે કીધો, વાદિ ગોકુલસાહ લખિયાજી. ૭
ઇત્યાદિક બહુ ગ્રંથના કર્તા, શ્રી **જયાનંદ ચરિત્ર**જી,
જિણે કીધું નાનારસસંયુત, બહુ વૈરાગ્ય પવિત્રજી. ૮
તેહ ચરિત્રથી રાસ રચ્યો મેં, ઓછોઅધિક લિખાયોજી,
તે મુઝ મિચ્છા દુક્કડ હોજ્યો, પાપ રતિ ન રખાયોજી. ૯
તસ પટે **રત્નશેખર**સૂરિ, જે અતિશય ગુણવંતાજી,
**લક્ષ્મીસાગર**સૂરિ ત્રેપનમે, પાટે જે મહમંતાજી. ૧૦
**સુમતિસાધુ**સૂરિ પાટ ચોપનમે, **હેમવિમલ**સૂરિ જાણુંજી,
**આણંદવિમલ**સૂરિ છપ્પનમે, પાટે ગુણમણિખાણિજી. ૧૧
જિણે કિરિયાઉદ્ધાર કરીને, કુમતવૃંદ બહુ કાપ્યો,
**વિજયદાન**સૂરિ તસ પટધર, બહુ પ્રતિષ્ઠા સહ થાપ્યોજી. ૧૨
તસ પાટે શ્રી **હીરવિજય**સૂરિ, પાતસાહ દિયો માનજી,
**વિજયસેન**સૂરિ તસ પટધર, ગ્રંથ તણું બહુ જ્ઞાનજી. ૧૩
તસ પટે શ્રી **વિજયદેવ**સૂરિ, પાટ સાઠિમે જાણુંજી,
**વિજયપ્રભ**સૂરિ તસ પાટે, એકસઠિમે મન આણુંજી. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજયરત્ન**સૂરિ તસ પટધર, શ્રી **વિજયક્ષમા** સૂરીંદજી,
**વિજયદયા**સૂરિ ચોસઠમે, પાટે જેમ દિણંદજી. ૧૫
**વિજયધર્મ**સૂરિ તસ પટે, પુણ્યવંત વડભાગીજી,
**વિજયજિનેંદ્ર**સૂરિ છાસઠિમે, પાટે અધિક સોભાગીજી. ૧૬
વિદ્યમાન વરતે જસુ આણા, તેહને રાજ્યે કીધોજી,
રાસ એ સુંદર મુઝ મતિ સમ, મનહ મનોરથ સીધોજી. ૧૭
સંવત **અઢાર અઠાવન** વરસે, **લીંબડી** રહી ચોમાસજી,
પોશ શુદિ એકાદશી દિવસે, કીધો એ અભ્યાસજી. ૧૮
અલ્પ બુદ્ધિ અસમંજસ ભાખ્યું, તે સજ્જન શોધાજ્યોજી,
ખળબુદ્ધિ જે દૂષણ દાખે, તે નવિ મનમાં લાજ્યોજી. ૧૯
નવ ખંડે કરી નવનવ રચના, નવરસમયી નિર્ધારજી,
સંઘઆગ્રહથી પૂરણ કીધો, હુઓ જયજયકારજી. ૨૦
શ્રી **વિજયદેવ** સૂરીશ પટોધર, **વિજયસિંહ** ગણરાયાજી,
તાસ સીસ શ્રી **સત્યવિજય** બુધ, પંડિતજન સોહાયાજી. ૨૧
**કપૂરવિજય** તસ સીસ સોભાગી, **ખિમાવિજય** તસ સીસજી,
પંડિતપ્રવર સુલક્ષણલક્ષિત, **જિનવિજય** સુજગીસજી. ૨૨
તાસ સીસ સમુદાયમાં ઉત્તમ, **ઉત્તમવિજય** મુણંદાજી,
સમતાવંત ને શ્રુતઅભ્યાસી, ભરિયા ગુણગણવૃંદાજી. ૨૩
તસ પદપદ્મ-શિલીમુખ સરખો, **પદ્મવિજય** અભિધાનજી,
એહ રાસની રચના કીધી, મુનિગુણને બહુ માનજી. ૨૪
જિહાં લગે રવિ શશિ દ્વિપ ને સાગર, જિહાં લગે મેરૂ ગિરીંદાજી,
તિહાં લગે એ રાસ થિર હોજ્યો, વાંચજ્યો ભવિજનવૃંદાજી. ૨૫
સાઢા સાત[આઠ?] સહસને ઉપરે, શ્લોક અગ્યાર ગણાયાજી,
ઢાલ બિસેં દોય કલસે કીધો, **શાંતિ પાસ** સુપસાયાજી. ૨૬
ભણસે ગણશે જે ભવિ પ્રાણી, લહેશે લક્ષ્મિ વિશાલાજી,
અનુક્રમે શાશ્વત પદવી પામી, વરસે મંગલમાલાજી. ૨૭

—ઇતિ શ્રીમદુત્તમવિજયગણિ વિનેયેન પં. પદ્મવિજયગણી વિરચિતે શ્રી શ્રી જયાનંદ રાજર્ષિ કેવલી ચરિત્રે પ્રાકૃત પ્રબંધે શ્રી જયાનંદરાજેંદ્ર-દીક્ષા-કેવલજ્ઞાનાદિ વ્યાવર્ણનો નવમો ખંડ સમાપ્ત.

(૧) લિખિતં રાધનપુરે. સંવત ૧૮૬૧ વર્ષે કાર્તિક સુદ ૮ દિને વાર શની. શ્રી શાંતિનાથ પ્રસાદાત. પ.સં.૨૨૦-૧૫, ઝીં. દા.૩૩ નં.૧૫૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) સંવત ૧૮૬૨ વર્ષે પૌસ વદિ ૭ મંદવાસરે લિખતંગ **પાટણનગરે વ્યાસઃ** તુલજારામ સુત **સાકરરામેણ** શુભં. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી પ્રસાદાત્, કલ્યાણમસ્તુ. પ.સં.૨૮૫–૧૩, ઝીં. દા.૩૫ નં.૧૬૦. (૩) સંવત્ ૧૮૬૮ વર્ષે જ્યેષ્ટ સુદ ૨ દિને વાર શનૌ શ્રી પંચાસર પાર્શ્વનાથ પ્રસાદાત્ લિખિતં **પત્તનનગરે**. પ.સં.૨૮૧–૧૨, હા.ભં. દા.૭૯ નં.૨૪. (૪) સં.૧૮૬૯ વર્ષે વૈશાખ સુદ પાંચમ દિને લ. પં. **ધર્મચંદ્રગણિ** પં. **સીત્ર-ચંદ્રગણિ** પં. ઉત્તમ સત્ક વાંચનાર્થે. પ.સં.૨૧૦–૧૬, મો.સુરત. પો.નં. ૧૨૪. (૫) સં.૧૮૮૦, પ.ક્ર.૨થી ૨૦૦, લીં.ભં. નં.૨૪૩૦. (૬) લિ. સં. ૧૮૮૫ માઘ વદિ ૨ કર્મવાટચાં કવિવાસરે શ્રી રાયદેશે શ્રી ઈડરગઢે **તપાગચ્છીય** ભ. **હીરવિજયસૂરીશ્વરસ્યોપાધ્યાયાન્વયે** પં. **દેવવિજય** શિ. **દર્શનવિજય** શિ. **પ્રેમવિજય** શિ. **રૂપવિજય** શિ. **રાજવિજય** શિ. **કુશલવિજયેન** લિ. પ.સં.૨૨૦–૧૫, ઈડર ગોરજી ભંડાર. (૭) પ.સં. ૨૬૪, ડે.ભં. દા.૪૦ નં.૭. (૮) પ.સં.૨૬૩, ડે.ભં. દા.૪૦ નં.૮. (૯) પં. શ્રી **પ્રતાપવિજયગણિ** શિ. પં. **વિવેકવિજયગણિ** તત્ભ્રાતૃ પં. **ભાણ-વિજયગણિ** લખિતં **સોઝંતરા** ગ્રામ મધ્યે શ્રી શાંતિનાથજી પ્રસાદાત્. પ.સં.૨૭૧–૧૧, લીં.ભં. દા.૨૫. (૧૦) સં.૧૯૩૩ના પ્રવર્ત્તમાને કાર્તિક માસે કૃષ્ણ પક્ષે તિથૌ એકાદશી ૧૧ મંદવાસરે સમાપ્ત. હસ્તાક્ષર **અયાચી જેસંકર મૂલજી** જ્ઞાતે **શ્રીમાલી** બ્રાહ્મણ સ્વસ્થાન **સિદ્ધપુર પાટણ**. ધી ચઉટા મધ્યે **માંનશ્યામજીના** પાડામાં. પ.સં.૨૪૯–૧૩, મો.સેં.લા. (૧૧) સંવત્ ૧૯૩૦ના વરષે પૌસ વદિ ૧૩ શુક્રવાસરે શ્રી **ખેરા** મધ્યે **શ્રી ભીડભંજન અમીઝરાજી પાર્શ્વનાથ** પ્રસાદાત્. પ.સં.૧૭૮–૧૮, ખેડા ભં. દા.૬ નં.૧. (૧૨) લિ. સં.૧૮૮૦, પ.ક્ર.૨થી ૨૦૦, લીં.ભં. નં.૨૪૩૦. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક. [૨. પ્રકા. રવિચંદ છગનલાલ સત્યવાદી.]

## સ્તવનસઝાયાદિ

**(૪૩૫૯)** [+] **સમકિત પચીસી સ્ત.** ૬૮ કડી ર.સં.૧૮૧૧ આસો શુદ ૨ ભાવનગરમાં

**આદિ** – દૂહા.

વંદુ **વીર** જિણંદને, સમરૂ **સરસતિ** માત,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદકજ પ્રણમું ગુરૂ તણા, કહેવા સમકિત-વાત. ૧
જિમ સરૂપ સમકિત તણો, ભાખ્યો **વીરજિણંદ**,
તિમ ભાખું ગુરૂસાહ્યથી, પામું પરમાણંદ. ૨
સ્વામિ અનાદિ અનંત જે, ચિહું ગતિ એહ સંસાર,
મોહાદિક ગુરૂ સ્થિતિ કથી, ભમે અનંતી વાર. ૩
યથાપ્રવૃત્તિ કરણેં કરી, આવેં ગંઠી દેશ,
પલ્ય-ઉપલ દૃષ્ટાંતથી, યથાપ્રવૃત્તિ સુણો લેશ. ૪

**અંત** – વાચક **જસવિજયે** એ પરપંચ, કીધો જેહ સઝાયો રે,
તિણેં વિસ્તાર ન આણ્યો એહમાં, તે કહતાં બહુ થાય રે. ૬૧
એહ તવન સદ્દહિને ભણતાં, સમકિત નિરમલ થાય રે,
**વીર** જિનેશ્વર સ્તવના કરતાં, મુઝ મન હર્ષ સવાયા રે. ૬૨
**ભાવનગર** ચૌમાસ રહીનેં, **વીર** જિણંદ મલ્હાયો રે,
**ચંદ કુમુદ મદ રાજ** વર્ષે, શિત આસો બીજ ગાયો રે. ૬૩
એહવી ચર્ચા જેહ કરે તસ, થાઇ નિર્મલ બુદ્ધિ રે,
એહ પ્રયાસથી ફલ મુઝ હોયો, સમકિત-રત્નની શુદ્ધિ રે. ૬૪
**વિજયદેવસૂરિ**-પટોધર, **વિજયસિંહ** ગણધારો રે
તાસ શિષ્ય પંડિત આચારી, **સત્યવિજય** સુખકારો રે. ૬૫
**કપુરવિજય** મુનિ **ખિમાવિજયગણિ**, ખિમા તણો ભંડારો રે.
શિષ્ય **જિનવિજય** વૈરાગિ, **ઉત્તમવિજય** શ્રીકારો રે. ૬૬
**વિજયધર્મ** સૂરીશ્વર રાજ્યેં, પ્રથમ જિણંદ ઉપાશી રે,
ઉદ્યમ **પારેખ કાન્હા** કહણથી, **ઘોઘાબંદિરવાસી** રે. ૬૭
તે **ઉત્તમ** ગુરૂથી શ્રુત આહી, ગુણવંતા વૈરાગી રે,
તાસ કૃપાથી **પદ્મવિજય** કહે, શુભ મતિ માહરી જાગી રે.૬૮

આ પછી સમકિતનું સ્વરૂપ ગદ્યભાષામાં લખ્યું છે.

(૧) પ્રવર પંડિત શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી પં. **રૂપસાગરજી** મહારાજ ગણિ તત્શિષ્ય મુનિ **અભયસાગર** લિપિકૃતાં. સંવત્ ૧૯૭૯શા વર્ષે ફાલ્ગુણ માસે શુકલપક્ષે પૂર્ણિમા દિનેં. શ્રી **અણહિલ્લપટ્ટણ** નયરેં. પ.સં.૫–૧૨, જશ.સં. નં.૧૮૦. (૨) પ.ક્ર.૨૪થી ૨૭, લીં.ભં. નં.૧૮૪૨. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો રચિત સ્તવન સંગ્રહ પૃ. ૧૧૪–૧૮.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૩૫૫) + **સિદ્ધદંડિકા સ્તવન** ૩૮ કડી ર.સં.૧૮૧૪ ચોમાસું સુરતમાં
**અંત – ક્ષમાવિજય જિન પાસ** પ્રભાવે, ગુરૂ **ઉત્તમ** સુખદાયા,
સંવત **શત અષ્ટાદશ ચૌદે,** હર્ષકલ્લોલ ભરાયા રે. ૩૭
**વિજયધર્મ** સૂરીશ્વર રાજ્યે, **સુરત** ચોમાસું ઠાયા,
સીસ **ઉત્તમ** ગુરૂ કેરો ગાવે, **પદ્મવિજય** જિનરાયા રે. ૩૮

(૧) પ.ક્ર.૨૭થી ૨૮, લીં.ભં. નં.૧૮૪૨. (૨) પ.ક્ર.૪૯થી ૫૧, લીં.ભં. નં.૨૧૫૭. (૩) સં.૧૮૮૪ વર્ષે કાતિ વદનિ ૯ તિથૌ ભોમવાસરે. લીં.ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૩૩, ૨૫૯).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩. ૨. શ્રી પ્રતિક્રમણ સૂત્ર.]

(૪૩૫૬) [સાધારણ] **પંચકલ્યાણક સ્ત.** ર.સં.૧૮૧૭ (શક ૧૬૮૨)
**અંત –** કલશ.
એહ પિણ કલ્યાંણક સુગુણથાંનક પાંમીએ આરાધતા.
**શાકે સોળ બાસીયા** વરષે ઉદ્યમ હર્ષિં વાધતાં,
સાહ **નાગજી** કેહણથી એ, સાધારણ જિન ગાઇયા રે,
**ખીમાવિજય જિન ઉત્તમ** નામેં **પદ્મવિજય** ધ્યાઇયા.

(૧) પ.ક્ર.૬૨થી ૬૪, લીં.ભં. નં.૨૧૫૭. (૨) લિ.૧૮૪૩ ફા.વ.૮, ૫.સં.૩-૧૪, આ.ક.ભં. [લીંહસૂચી.]

(૪૩૫૭) + **ચોવીસી બે**

(૧) વિ.સં.૧૯૩૬ કા.શુ.૧૨, આ.ક.ભં. (૨) લીં.ભં. નં.૧૮૪૨. (૩) લિ. સં.૧૮૪૦, લીં.ભં. નં.૨૭૮૨. (૪) ૫.સં.૧૮, ડે.ભં. દા.૪૫ નં.૧૫૧. (૫) ૫.સં.૯, ડે.ભં. દા.૪૫ નં.૧૫૨. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. ચોવીસી વીસી સંગ્રહ પૃ.૨૨૪-૨૫૬. [૨. ૧૧૫૧ સ્તવન મંજૂષા. ૩. જૈન કાવ્યસાર સંગ્રહ.]

(૪૩૫૮) + **ચોમાસીનાં દેવવંદન**

(૧-૪) લીં.ભં. નં.૧૯૪૪, ૨૦૨૩, ૨૪૯૮, ૨૯૧૪. [ડિકેટલોગભાઈ ભા.૧ (પૃ.૨૬૦), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૯૩, ૧૫૭, ૨૫૩, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૪૦૬, ૪૯૩, ૫૪૨, ૫૫૦).]

પ્રકાશિત : ૧. દેવવંદનમાળા. [૨. જૈન રત્નસંગ્રહ.]

(૪૩૫૯) [+] **(૨૪ દંડક ગર્ભિત) વીરજિન સ્ત.** ૮૯ કડી ભાવનગરમાં
**આદિ –** દેશી સુરતી મહિનાની.
પ્રણમી **સરસતી** ભગવતી, તિમ જિનવર ચોવીસ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગૌતમ** પ્રમુખ સૂરિ તથા, ગુરુ **ઉત્તમ** સુજગીસ.

**અંત – ઉત્તમવિજય** ગુરૂ તણી, સાન્નિ કહેવાય,

**ભાવનગરમાં વીરના, પદ્મવિજય** ગુણ ગાય. ૮૯

(૧) પ.સં.પ–૧૬, આ.ક.ભં. (૨) પ.સં.૬–૧૧, મો.સેં.લા. (૩) લીં.ભં. નં.૧૮૪૨. (૪) પ.સં.૭, ડે.ભં. દા.૪૫ નં.૪૭. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૯).]

[પ્રકાશિત : ૧. પ્રકરણાદિગર્ભિત વિચાર સ્તવન સંગ્રહ.]

**(૪૩૬૦) ખંભાત ચૈત્ય પરિપાટી સ્ત.** (ઐ.)

(૧–૨) લીં.ભં. નં.૧૮૪૨ અને ૨૧૫૭. [લીંહસૂચી.]

**(૪૩૬૧) પંચકલ્યાણક માસાદિ ગર્ભિત સ્ત.**

(૧) પ.ક્ર.૩૨થી ૩૪, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી.]

**(૪૩૬૨) સપ્તતિશત જિનનામ ગર્ભિત પટ સ્ત.**

(૧) પ.ક્ર.૧૪થી ૧૬, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી.]

**(૪૩૬૩) સિદ્ધચક્ર સ્ત. તથા સિદ્ધાચલાદ્યનેક તીર્થ સ્ત. સંગ્રહ તથા સિદ્ધચક્રાદિ નમસ્કાર સંગ્રહ**

(૧) પ.ક્ર.૭૧થી ૭૬ તથા ૮૧થી ૯૭, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩, ૨૬૭).]

[પ્રકાશિત : ૧. જુઓ સ્તવનાવલિની નીચે.]

**(૪૩૬૪) [+] સ્તવનાવલિ**

(૧) પ.સં.૪૨, કે. દા.૫૪ નં.૪૨. (૨) પ.સં.૫, કે. દા.૫૪ નં.૪૩. (૩) પ.સં.૩, કે. દા.૫૪ નં.૪૪. (૪) પ.સં.૧૨, કે. દા.૫૪ નં.૪૫. (૫) પ.સં.૧૦–૧૪, આ.ક.ભં. [મુપુગૂહસૂચી.]

[કેટલાંક સ્તવનસઝાય પ્રકાશિત : ૧. સિદ્ધાચલ સ્તવનાવલિ. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૧ તથા ૩. ૩. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૪. જૈન કાવ્યપ્રકાશ. ૫. મોટું સઝાયમાલા સંગ્રહ. ૬. સઝાયમાલા ભા.૧–૨ વગેરેમાં.]

૧ [+] આબુજી સ્ત. ર.સં.૧૮૧૮ ચૈ.વ.ર. પાલનપુરનો સંઘ ગયો હતો. [પ્રકાશિત : ૧. જૈન કાવ્યપ્રકાશ.] ૨ સિદ્ધાચલ [અથવા ઋષભદેવ] સ્ત. ર.સં.૧૮૪૯ ફા.સુ.૮. [ડિકૅટલૉગભાઈ ભા.૧ (પૃ.૨૦૮).] ૩ + સીમંધર સ્ત. : સુણો ચંદાજી. (પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૫.) ૪ જાત્રા નવાણું કરીએ શત્રુંજગિરિ. (પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૦૭, ૬૦). ૫ સહસફણા પાર્શ્વ સ્ત. (પ.સં.૨, લીં.ભં. નં.૩૧૧૧).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૩૬૫) [+] નેમિજિનાદિ સ્તુતિ સંગ્રહ**

(૧) પ.ક્ર.૯૦થી ૯૩, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિ પ્રકાશ. ૨. જિન ગુણ પદ્યાવલી.]

**(૪૩૬૬) [+] સઝાયો**

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૮).]

[કેટલીક પ્રકાશિત : જુઓ સ્તવનાવલિની નીચે.]

૧ + વણઝારાની : નરભવ નગર સોહામણું. [લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. મોટું સઝાયમાલા સંગ્રહ. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩.]

**(૪૩૬૭) [+] ગહૂંલી સંગ્રહ**

(૧) પ.સં.૧૦-૧૪, આ.ક.ભં. (૨) જુઓ હરિયાલીઓની નીચે. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૭).]

[પ્રકાશિત : ૧. ગહૂંલી સંગ્રહનામા ગ્રંથ.]

**(૪૩૬૮) હરિયાલીઓ**

(૧) ગહૂંલીઓની સાથે, પ.ક્ર.૭૬થી ૮૧, લીં.ભં. નં.૧૮૪૨. [લીંહસૂચી.]

**ગદ્યગ્રંથો**

**(૪૩૬૯) [+] સીમંધરના ૩૫૦ ગાથાના સ્તવન પર બાલાવબોધ** ર.સં.૧૮૩૦

મૂળ યશોવિજયકૃત.

તસ્ય ક્રમકજે **પદ્મવિજયો** ભ્રમરોપમઃ,

**નભાસિ વસુ ચંદ્રેબ્દે ૧૮૩૦** તેનેદં વાર્તિકં કૃતં.

(૧) સં.૧૮૩૬ માર્ગશિર્ષ સિતે પક્ષે દ્વિતીયા તિથૌ ગુરૂવાસરે શ્રી સીમંધર વિનતી લિખિ **રાજનગર** માંહિ જેસી થી તેંસી લિખિ વાંકા હમારા નાંહિ. પ.સં.૧૪૦, લી.ઊ.ભં. અમદાવાદ દા.૧૭. (૨) પં. શ્રી ૫ **ખુસ્યાલવિજયગણિ** શિ...વિજય લિ. સંવત ૧૮૪૨ વર્ષે ફાગુણ વદિ ૨ ગુરૌ. પ.સં.૧૦૩, **પ્રથમનાં ૪૨ પત્ર નથી,** ઘોઘા ભં. અથવા અનંત. ભં. (૩) સં.૧૮૫૯, પ.સં.૮૦, લીં.ભં. નં.૨૮૬૮. (૪) સં.૧૮૯૩ વર્ષે પોસ માસે કૃષ્ણપક્ષે તૃતીયાયાં તીથૌ સોમવાસરે. લષતં **ત્રવાડી ભાણજી સુંદરજી** શ્રી **પાદલી(પ્ત)પુર** મધ્યે. પ.સં.૧૨૮, પુ.મં. (૫) પ.સં.૧૧૯, ડે.ભં. દા.૪૪ નં.૧૧. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૧, ૫૭૭).]

[પ્રકાશિત : ૧. સઝાય પદ અને સ્તવન સંગ્રહ.]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૩૭૦ ક) [+] ગૌતમકુલક બા. ર.સં.૧૮૪૬ વસંતપંચમી બુધ
મૂળ પ્રાકૃતમાં. ર.સં. રાજ વેદ તથા નાગ ચંદ્ર.

(૧) સં.૧૮૮૨ના વૈશાખ વદ ૩ બુધવાસરે ઘોઘા બંદિરમાં નવ ખંડ. પાર્શ્વનાથ પ્રસાદથી લખાયેલી પ્રત. પ.સં.ર૦૭, લીં.ભં. નં.૩૩૪(૫). (ર) સં.૧૯ર૮ જે.શુ.૧૦ શનિ લિ. મવા (મહુવા) બંદર મધ્યે ઋ. મોતીચંદજી કુંઅરશીજી લિ. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.ર૧૫).]

[પ્રકાશિત : ૧. જૈન કથારત્ન કોશ ભા.૬.]

(૪૩૭૦ ખ) ગૌતમપૃચ્છા બાલા. ર.સં.૧૮૮૪[?]
તેમાં ૧૧૧ કથા છે.

(૧) લિ. સં.૧૮૮૯, ગ્રં.૧૧૦૦૦, પ.સં.૩ર૩, લીં.ભં. દા.૩૩ નં.ર હવેનો નં.૬ર૬. (પ્રતના અક્ષરોને શાહી ખાઈ જાય છે.) [લીંહસૂચી.]

(૪૩૭૧) [+] મહાવીર (હુંડી) સ્ત. પર બાલા. ર.સં.૧૮૪૯ વસંત-
પંચમી રાધનપુરમાં

મૂળ યશોવિજયકૃત ગુજરાતીમાં.

સૂરિ વિજયદેવખ્યસ્તપાગચ્છાધિનાયકઃ
વિખ્યાતસ્ત્રિજગત્યાસીત્ વિદ્યયા ગુરુસન્નિભઃ. ૧.
તસ્ય પટ્ટોદયાદ્રૌ શ્રી વિજયસિંહસૂરિરાટ્
આદિત્ય ઇવ તેજસ્વી સિંહવચ્ચ પરાક્રમી. ર
સત્યાદિવિજયસ્તસ્યાંતેવાસી સત્યભાષકઃ
ક્રિયોદ્ધારઃ કૃતો યેન, પ્રાપ્યાનુજ્ઞાં ગુરોરપિ. ૩
વિનેયસ્તસ્ય કર્પૂરવિજયઃ સાત્ત્વિકઃ સુધીઃ
કીર્ત્તિઃ કર્પૂરવત્ યસ્ય પ્રાપ્તા સર્વત્ર વિશ્રુતા. ૪
ક્ષમાદિગુણસંદર્ભઃ ક્ષમાવિજય ઇત્યભૂત્
તસ્ય શિષ્યો વિનીતાત્મા શિષ્યાનેકસમન્વિતઃ. ૫
શબ્દશાસ્ત્રાદિશાસ્ત્રાણાં વેત્તા શિષ્યગણાન્વિતઃ
જિનાદિવિજયો ખ્યાંન(!)સ્તસ્ય શિષ્યઃ સુરૂપભાક્. ૬
કર્મપ્રકૃતિપ્રભૃતિશાસ્ત્રતત્ત્વવિચારવિદ્,
ઉત્તમવિજયસ્તસ્ય શિષ્યોભૂદ્ ભૂરિશિષ્યકઃ. ૭
તસ્ય પાદયુગાંભોજ ભૃંગતુલેન ચાણુના
પદ્મવિજય શિષ્યેણ સ્વપરાનુગ્રહાય વૈ. ૮
નંદો વેદસ્તથા નાગશ્ચંદ્રાવીતિ ચ વત્સરે ૧૮૪૯

વસંતપંચમી પ્રસ્ત્રે વિક્રમા બુધવાસરે. ૯
મયા **વીરસ્તવ**સ્યાય' કૃતો બાલાવબોધકઃ
ગુરૂપ્રસાદતો સમ્યગ્ ગંભીરસ્યાલ્પબુદ્ધિના. ૧૦
ત્રિભિર્વિશેષકં:
શ્રી **વિજયજિને**ંદ્રાખ્ય સૂરેઃ રાજ્યે કૃતોદ્યમઃ
સ્થિત્વાજ્ઞાં પ્રાપ્ય તસ્યૈ વ **રાજધન્યપુરે** વરે. ૧૧
યત્કિંચિદ્ વિતથં પ્રોક્તં મતિમાંદ્યાદજાનતા
તત્સર્વં ધીધનૈઃ શોધ્યં વિધાય મયિ સત્કૃપાં. ૧૨
**વીરસ્ય** શાસનં યાવત્ વર્તતે વિશ્વદીપકં
તાવદ્ બાલાવબોધોડયં તિષ્ટતુ શુદ્ધવાસનઃ. ૧૩

(૧) ઇતિ શ્રી વીરજિનસ્તુતિગર્ભિત ઢુંઢકમતનિરાકરણરૂપા વીરસ્તુતિ સમાપ્તા. ગ્રંથાગ્રંથ ૮૩૮ અક્ષર ૮ સર્વ થઈ બાલાવબોધે ગ્રંથાગ્રંથ ૩૧૧૭ અક્ષર ૨૨. સૂત્ર ગ્રંથાગ્રંથ ૨૨૮ અક્ષર ૫. ઉભયોર્મિલને ગ્રંથાગ્રંથ ૩૩૬૪ અક્ષર ૨૭ સકલપંડિતશિરોમણી પંડિત શ્રી ૧૦૮ શ્રી સંવિગ્નપક્ષીય પં. ઉત્તમવિજયજી તચ્છીષ્ય પં. પદ્મવિજયગણી હુંડીનું સ્તવન બાલાવબોધ કૃતં પરોપકારાય કૃતં. ઇતિ સંપૂર્ણ. સંવત ૧૮૯૮ પૌષ માસે કૃષ્ણપક્ષે તિથૌ પંચમી ચંદ્રવાસરે ભટ્ટાર્ક શ્રી ૧૦૮ મુક્તીરત્નસુરીજી તતસીષ્ય પં. શ્રી પં. દેવેંદ્રરત્નજી તતસીષ્ય પાયરજરેણુસેવક આજ્ઞાકારી લ. પં. **વીવેક**રત્નેન શ્રી **વસંતપુર** નયરે શ્રી **આદીજિનપ્રસાદે** સ્વપરોપકારાર્થે. શુભં ભવતુ. પ.સં.૮૮, ખેડા ભં. દા.૬ નં.૮. (૨) આ.ક.ભં. (૩) લ.સં.૧૮૫૪, પ.સં.૮૭, લીં.ભં. નં.૨૮૦૬. (૪) સં.૧૮૯૬, પ.સં. ૧૨૬, હં.ભં. નં.૧૭૩૧. (૫) સં.૧૯૦૯, પ.સં.૯૬, પ્ર.કા.ભં. દા.૮૧ નં.૮૩૮. [લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. પ્રકરણ રત્નાકર ભા.૩.]

**(૪૩૭૨) સંયમશ્રેણી સ્ત. પર સ્તબક**

(૧) પ.સં.૧૨, લીં.ભં. નં.૨૪૯૯. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩–૯૮ તથા ૧૬૬૯–૭૦. ત્યાં 'ગૌતમકુલક બાલા.' અને 'ગૌતમપૃચ્છા બાલા.'ની માહિતીમાં થોડી ગરબડ નજરે ચડે છે. 'ગૌતમકુલક બાલા.'માં લીં.ભં.ની પ્રત નોંધાયેલી તે લીંહસૂચીમાં મળતી નથી. તે ઉપરાંત એ જ ભંડારની એક બીજી પ્રત પણ નોંધાયેલી, જે ફરીને 'ગૌતમપૃચ્છા બાલા.'માં પણ નોંધાયેલી. લીંહસૂચી એને 'ગૌતમપૃચ્છા બાલા.'ની જ પ્રત ગણાવે છે, એટલે અહીં તો 'ગૌતમકુલક બાલા.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીચેથી એ પ્રતનો ઉલ્લેખ રદ કર્યો છે.

'ગૌતમપૃચ્છા બાલા.'નો ર.સં.૧૮૮૪ લીંહસૂચી પણ આપે છે. પરંતુ પદ્મવિજયજીનું નિર્વાણ સં.૧૮૬૨માં હોવાથી એ હકીકત સ્વીકારી ન શકાય. આ બાલાવબોધના કર્તા કોઈ બીજા પદ્મવિજય હોય તો જુદી વાત છે.

'ઉત્તમવિજય નિર્વાણ રાસ'ની માહિતી પછી પૃ.૭૯ પર એવી નોંધ થયેલી કે "સંવત ૧૮૩૭માં પોતે અમદાવાદના સંઘ સાથે સંઘવી મોદી પ્રેમચંદ સહિત શત્રુંજયની યાત્રા કીધી હતી તે ઐતિહાસિક બીના પૂરી પાડનારું સ્તવન કવિએ સિદ્ધાચલ પર રચ્યું છે" પરંતુ કવિની કૃતિઓમાં આવી કોઈ કૃતિ નોંધવામાં આવી નથી તેમ આવી કોઈ કૃતિની માહિતી અન્યત્રથી સમર્થિત થતી નથી એટલે એ વિશે શંકા રહે છે. કવિ એ યાત્રામાં ગયેલા તે હકીકત ખરી છે.]

## ૧૨૫૦. વીર

**(૪૩૭૩) [+] રાજિમતી નેમનાથ બારમાસ** [અથવા **નેમીશ્વરના બારમાસ**] કડી ૩૭ ર.સં.૧૮૧૨ વૈ.શુ. ગુરુ

**આદિ** – **આદેસર** આદિ કરીને, પ્રણમું જિનવરપાયાજી,
**સરસ્વતીને** ચરણે નમી વલી, ગિરુઆ **ગણપતિ**રાયા,
અંતરજામીજી. ૧
કાર્તિક માસે કમલાકાંમી, પાંમી પરમાણંદજી,
સજની રજની આજની રૂડી, નિરખે નયણાનંદ – અંતર. ૨

**અંત** – **નેમ રાજૂલ** નારના ને, ગાયા બારે માસજી,
ભણે ગુણે જે કોઈ સાંભલે, તેહની સફલે મનઆસ – અંતર. ૩૬
સંવત **અઢાર બાર** જ વર્ષે, વૈશાખ સુદિ ગુરુવારેજી,
**વીર** મુનિની વિનતિ પ્રભુ, ભવસાગર પાર ઉતારો – અંતર. ૩૭

(૧) લિ. ઋ. સંભૂરાંમ સં.૧૮૫૨ શ્રાવણ શુ.૧૩ મુંબાઈ મધ્યે. પ.ક્ર.૩૬થી ૩૯, અનેક સ્તવનાદિ સંગ્રહ એ નામ આપેલી ૨૪૬ પત્રની પ્રત, મુક્તિ. નં.૨૪૬. [ડિકૅટલૉગબીજે ભા.૧ (પૃ.૧૮૦).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૪-૫૫.]

## ૧૨૫૧. કુશલવિનય

[જુઓ આ પૂર્વે કુશલવિનય નં.૧૦૭૮ (ભા.૫ પૃ.૧૯૪) વિશેની નોંધ.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૩૭૪) ત્રૈલોક્યદીપક કાવ્ય** ર.સં.૧૮૧૨ વૈ.શુ.૩

(૧) ગુટકામાં, જય.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૨.]

## ૧૨૫૨. મતિલાભ – મયાચંદ (ખ. ઋદ્ધિવલ્લભશિ.)

**(૪૩૭૫) નવતત્ત્વ સ્ત.** ગા.૪૫ ર.સં.૧૮૧૨ જ્યે.શુ.૪ મુલતાન

(૧) મહિમા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૩.]

## ૧૨૫૩. મયાચંદ (રત્નસિંહશિ.)

**(૪૩૭૬) બુદ્ધિ રાસ** અથવા **સવાસો શીખ સઝાય** ૧૪૫ કડી મુલતાનમાં

**આદિ –** પ્રણુમી પ્રથમ જિણુવર, સમરી ગુરૂ જયકાર

જાસુ વચન શ્રવણે સુણ્યાં, આવહિ બુદ્ધિ અપાર. ૧

**અંત –** શ્રી **મુલતાંન** નગર સુખકારી, સીખ સવાસો ઇમ વીસ્તારી,

ગુરૂ **રત્નસિંહ** સુગુરૂ ચિર નંદે, મુનિ **મયાચંદ** સદાય પદ વંદે. ૧૪૫

(૧) પ.સં.૩-૧૦, ડા. પાલણ. દા.૩૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૪૨. ત્યાં આ પૂર્વેના મતિલાભ – મયાચંદ સાથે આ કવિને સરખાવવાની ભલામણ કરેલી, પરંતુ ગુરુનામની દૃષ્ટિએ સ્પષ્ટ રીતે જુદા પડતા બે કવિઓને સરખાવવાની શી ભૂમિકા છે? સિવાયકે બન્નેની કૃતિઓ મુલતાનમાં રચાયેલી છે.]

## ૧૨૫૪. અમરવિજય

**(૪૩૭૭) સીમંધર સ્વામી સ્તવન** ર.સં.૧૮૧૪

(૧) પ.સં.૨, લીં.ભં. નં.૩૩૮૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭.]

## ૧૨૫૫. આલમચંદ (ખ. સમયસુંદરની પરંપરામાં કાશીદાસ–ઠાકુરસિંહ–કુશલચંદ–આસકરણશિ.)

સમયસુંદર જુઓ આ પૂર્વે નં.૬૦૮ (ભા.૨ પૃ.૩૦૬).

**(૪૩૭૮) મૌન એકાદશી ચોપાઈ** ૧૩ ઢાળ ર.સં.૧૮૧૪ માહ શુ.૫ રવિ મકસુદાબાદમાં

**આદિ –** દૂહા.

ચ્યાર તિર્થંકર સાસતા, વિહરમાન જિન વીસ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોવીસેં જિનપય નમું, જગજીવન જગદીશ. ૧
વલિ **સરસતિને** વીનવું, સુણજ્યો એક અરદાસ,
શુભ મતિ દેજ્યૌ મુઝ ભણિ, જ્યૂં પૂરે મન-આસ. ૨
એ સહુને પ્રણમી કરી, સદગુરૂપય પ્રણમેવ,
શ્રી **મૌનેકાદશી** તણી, કહૂં કથા સંખેવ. ૩

અંત – ઢાલ ૧૩મી. શાંતિ જિણ ભાંમણે જાઉં એ દેશી.
ઇણ પર સાધ તણા ગુણ ગાયા, ધ્યાંન ધરી સુખ પાયા બે ૧.
એહવા સાધ ઉત્તમ મેં ગાયા.
સુવ્રત સાધ મોટા અણગારા, સહૂ ભણી હિતકારા બે. ૨ એ.
ધ્યાંન એક નિરંજણ ધ્યાયા, પરમ મુગતિસુખ પાયા બે. ૩ એ.
અંત સમૈ જિણવર સાંભલી, દૂષણ સગલા ટાલી બે. ૪
સાધ તણી કિરિયા સહૂ સાધી, પંચમ ગતિ જિણ લાધી બે. ૫
**લાલચંદજી** સાહ જાંણીતા, **સાંઉસુખ** ગોત્રેં કહીતા બે. ૬ એ.
તસુ પુત્ર **સુગાલચંદ** કહાવેં, જિનધર્મ અધિક સુહાવેં બે. ૭ એ.
દેવ તૌ માંને અરિહંત દેવા, મન સુદ્ધ કરેં નિત્ય સેવા બે. ૮
કેવલી-ભાષિત ધર્મ આરાહે, સુગુરૂનેં વંદે ઉછાહે બે. ૯
જાંણ શ્રાવક એ **જેસલમેરા**, મર્મ લહે ધર્મ કેરા બે. ૧૦
તેહ તણે આગ્રહ સું કીધા, સંબંધ એ અતિ સીધા બે. ૧૧
સંવત **અઢાર ચવદોતર** વરષેં, માહ માસ સુદિ હરષેં બે.૧૨
વસંતપંચમિ આદિત્યવારા, પૂરણ થયા અધિકારા બે. ૧૩
**મકસૂદાબાદ** નગરનેં માંહે, ચૌપઇ કીધી ઉછાહેં બે. ૧૪
જુગપરધાંન શ્રી **જિનચંદા,** તસુ શિષ્ય **સકલચંદા** બે. ૧૫
પાઠક **સમયસુંદરજી** સાખાયેં, **કાસીદાસજી** કહાયા બે. ૧૬
તસુ સીસ **ઠાકુરસીજી** કહાવેં, વાચકપદ ધરાવેં બે. ૧૭
તસુ શિષ્ય વાચક **કુશલચંદા,** દેખ્યાં હોત આણંદા બે. ૧૮
**આસકરણ** તસુ અંતેવાસી, જગમેં સુજસ પ્રકાસી બે. ૧૯
તાસ પસાયેં રચ્યો અધિકારા, જિમ ભાખ્યો શાસ્ત્ર મઝારા બે.૨૦
એ સંબંધ જે ભણસ્યેં સુણસ્યેં, તે અવિચલ પદ લહિસ્યે બે.૨૧
રાગ ધન્યાસિરી તેરમી ઢાલ, ઇણ પરિ ભાખી રસાલૂ બે. ૨૨
**આલમચંદ** કહે સુખ પાવૌ, મધુર સ્વરેં ગુણ ગાવો બે. ૨૩
(૧) લિખિતં ઋષિ **સાધુ અજિમગંજ** મધ્યે સંવત ૧૮૭૮ મિતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધન વદી ૮મી રવિવાર. શ્રી. પ.સં.૧૨-૧૪, ગુ. નં.૧૧-૬. (૨) પ.સં. ૧૨-૧૨, અનંત.ભં.૨. [રાહસૂચી ભા.૨.]

**(૪૩૭૯) જીવવિચાર ભાષા** (હિંદી) ગા.૧૧૪ ર.સં.૧૮૧૫ વૈ.શુ.૫ કવિવાર મુકસુદાબાદ

**અંત –** **જીવવિચાર** સંખેય સુજાણ, જિનમત ગ્રંથ સમુદ્ર પ્રમાણ,
જીવ જાણ્યા **જાણે** સબ તંત, સૂત્ર સિદ્ધાંત તણો વિરતંત. ૧૦૯
**સમયસુંદરજી** શાખ પ્રસિદ્ધ, **આશકરણજી** પંડિત વૃદ્ધ,
તાસુ શિષ્ય **કલ્યાણચંદ્ર**, તસુ લઘુ બંધવ **આલમચંદ**. ૧૧૦
તિણ યહ ભાષા રચી બણાય, નિજ મતિ માફિક યુગતિ ઉપાય,
બાલક ખ્યાલ કિયો મેં એહ, સુગુણ સુકવિ મતિ દીજ્યો છેહ.૧૧૧
**બાણ શશી વસુ વૃદ** [?] વખાણ, એવં વચ્છર સંખ્યા જાણ,
વૈશાખ સુદિ પંચમી કવિવાર, ભાષાબંધ રચ્યો જીવવિચાર.૧૧૨
સાહ **સુઆલચંદ** સુગુણ પ્રવીણ, શ્રી જિનધર્મ માંહિ લયલીન,
તિનકે હેતુ કરી યહ જોડિ, દિનદિન હોજ્યો મંગલ કોડિ. ૧૧૩
નગર નામ **મકસૂદાબાદ**, દિનદિન સુકખ હૈ ધર્મપ્રસાદ,
સંઘ ચતુર્વિધકું જિણચંદ, નિતનિત દીજ્યો અધિક આણંદ. ૧૧૪

(૧) ગુટકો, યતિ સૂર્યમલનો સંગ્રહ. (૨) નાહટા સંગ્રહ, બિકાનેર.

**(૪૩૮૦) સમકિતકૌમુદી ચતુષ્પદી** ર.સં.૧૮૨૨ માગશર શુદિ ૪ મકસુદાબાદમાં

**અંત –** સંવત **અઠારે સે બાવીસૈ** મિગસિર માસ જગીસેજી
શુક્લ પખ્ય તીથ ચઉથ સુદિ ને સિદ્ધિયોગ મન હીંસેજી. છણ. ૯
એ સંબંધ રચ્યો સુખકારી મે માહરી મતી-લારેજી
**મકરસુદાબાદ** સુસહર મઝારે ભવીયણને ઉપગારેજી. છણ. ૧૦
યુગવર શ્રી **જિનચંદ** સૂરીંદા **ખરતર**ગચ્છ દિણંદાજી,
**રીહડ**ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદગુરુ સુજસ લહંદાજી. છણ. ૧૧
પ્રથમ શિષ્ય તસુ મહાવૈરાગી જિણ મમતા સહુ ત્યાગીજી,
**સકલચંદજી** સકલ સોભાગી સમતા ચિત્ત સું જાગીજી. છણ. ૧૨
તાસુ સીસ પરગટ જગ માંહિ સહૂ કોઈ ચિત્ત ચાહિજી
પાઠક પદવીવર ઉછાહિ **સમયસુંદરજી** કહાહિજી. છણ. ૧૩
તાસુ પરંપરમેં સુવિચારી ભયે વાચકપદધારીજી
**કુશલચંદજી** બહૂ હિતકારી તાસુ સિષ્ય સુખકારીજી. છણ. ૧૪
સદગુરુ **આસકરણજી** સુહાયા જગમેં સુજસ ઉપાયાજી

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસુ શિષ્ય **આલમચંદ** કહાયા એ અધિકાર બણાયાજી. છણ.૧૫
**સાઉંસુખ** ગોત્રે સુખદાઇ જિનધર્મ સુ લય લાઇજી
**જેસલમેર** સાહ સવાઇ **સુગાલચંદ** કહાઇજી. છણ.૧૬
તાસુ સીષ્ય **મૂલચંદ** સુખકારી જિનઆજ્ઞા ચિત્ત ધારીજી
ચૌપઈ એહ કરાઇ સારી સુખદાય સુવિચારીજી. છણ. ૧૭

(૧) વિ.ધ.ભં. (૨) જેસ.ભં. (૩) સં.૧૯૧૭ ચૈત્ર વદી ૧૨, પ.સં.૧૨૬-૧૫, કોટ ઉપાશ્રય મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭-૫૯, ૩૨૪ તથા ૧૫૬૭. 'જીવવિચાર ભાષા'ના રચનાસંવતમાં 'વૃદ્ધ' છપાયું છે તે ખોટું જણાય છે. ત્યાં '૧' સંખ્યાનો વાચક શબ્દ જોઈએ પણ કયો શબ્દ હશે તે પકડાતું નથી.]

## ૧૨૫૬. ભારામલ્લ (તેરાપંથી)

**(૪૩૮૧) સપ્ત વ્યસન સમુચ્ચય ચોપાઈ** ર.સં.૧૮૧૪ આ.શુ.૧૪ શનિ ફરૂકાબાદ

(૧) સં.૧૮૨૮, પ.સં.૯૨, કાન. પો.૩૪ નં.૬૪૬.

**(૪૩૮૨) શીલકથા** (હિંદી) ૫૪૮ કડી

આદિ –
ચૌપાઇ

પ્રથમ હિ પ્રણમૌ શ્રી જિનદેવ, ઇંદ્ર નરેંદ્ર કરે નિત સેવ,
તીન લોકમેં મંગલરૂપ, તે વંદૌ જિનરાજ અનૂપ. ૧
પંચ પરમગુરુ વંદન કરૌં, કર્મકલંક છિનકમૈં હરૌં,
વંદૌં શ્રી **સરસ્વતીકે** પાય, **સીલકથા** જુ કહોં મન લાય. ૨
સીલ વડો જગમે પરધાન, સીલ સમાન અવર નહિ જાન,
સીલહી તેં જપતપવ્રત સાર, સીલ વિના નિફલ અધિકાર. ૩

અંત – **સીલકથા** યહ પૂરન ભઈ, **ભારામલ્લ** પ્રગટ કરિ કહી,
ભૂલચૂક જો અથિર હોઈ, પંડિત સુદ્ધ કરૌ સબ કોઈ. ૫૪૬
જો મતિહીન સુણૈ અધિકાર, લિમા વૃદ્ધિ જન સબ નરનારિ
પઢૈ સુનૈ અબ જો મન લાઈ, જન્મજન્મકે પાતિક જાઈ. ૫૪૭
દુખદલિદ્ર સબ જાઇ પલાઈ, જો યહ કથા સુનૈ મન લાઈ,
જો સુનિ હૈં જો ચરમ મન લાઈ, તે પાવૈ બહુ સુખ અધિકાઇ.

દૂહા

**સીલકથા** પૂરન ભઈ, પઢૈ સુનૈ નિત સોઇ,
દુખદલિદ્ર નાસૈ સબૈ, તુરત મહાસુખ હોઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઇતિ શ્રી સીલકથા સંપૂર્ણ મિતી કાતિક વદી ૯ ચંદ્રવાર શુભં (૧૯૧૬ ?) પ.ક્ર.૧થી ૪૭, એક ચોપડો – ઉત્તરાર્ધ, મુક્તિ. નં.૨૪૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૪ તથા ૧૫૫૭-૫૮.]

**૧૨૫૭. રત્નવિજય** (ત. સત્યવિજય–કપૂરવિજય–ક્ષમાવિજય–જિનવિજય–ઉત્તમવિજયશિ.)

જિનવિજય જુઓ આ પૂર્વે નં.૧૧૩૭ તથા ઉત્તમવિજય જુઓ આ પૂર્વે નં.૧૨૩૧.

**(૪૩૮૩) [+] ચોવીસી** સં.૧૮૧૪ આસપાસ સુરતમાં

**અંત –** કલશ.

**સૂર્યમંડણ પાસ** પસાયા, **સુરત** બિંદરમેં સુહાયા રે
ત્રિકરણયોગ મેં ધ્નેર કાયા, ચોવીસ પ્રભુ ગુણ ગાયા રે
શ્રી **તપગચ્છ**-ઉદયાચલ-ભાણુ, શ્રી જિનસાસન સુપ્રમાંણુ રે
શ્રી **વિજયસિંહ** ગુરૂ સુજાંણુ, **સત્યવિજય** ગુણખાંણુ રે. ૯
તાસ સીસ **કપુરવિજય** ગુણદરીઆ, વૈરાગ ગુણેં જે ભરીઆ રે
શ્રી **ખીમાવિજય** તે ગુણથી ગરીયા, **જિનવિજય** ગુરૂ ગુણ અનુસરીયા રે. ૧૦
જસ સુપસાયે કુરીત ગમાયા, મંગલમાલા સુખ પાયા રે
શ્રી **ઉત્તમવિજય** ગુરૂચરણ પસાયા, સિષ્ય **રત્નવિજય** ગુણ ગાયા રે. ૧૧

(૧) સંવત્ ૧૮૧૪ના વર્ષે પોસ વદિ સપ્તમ દિને રવિવારે લિખીતં પં. શ્રી ઉત્તમવિજયગણી શિષ્ય પં. રત્નવિજયેન (કવિ પોતે) લિખાપિતં. પ.સં.૧૭-૧૧, પ્રથમ પત્ર નથી, ડા. પાલણપુર દા.૩૯ નં.૫.

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર કાવ્ય સંદોહ ભા.૧ પૃ.૫૧-૭૨. ૨. સ્નાત્ર-પૂજા સ્તવન સંગ્રહ પૃ.૩૫-૫૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૬.]

**૧૨૫૮. દેવરત્ન** (લઘુ ત. લક્ષ્મીસાગરસૂરિ–ચંદ્રરત્ન–અભયભૂષણ–લાવણ્યભૂષણ–હર્ષકનક અને હર્ષલાવણ્ય–વિજયભૂષણ–વિવેકરત્ન–શ્રીરત્ન–જયરત્ન–રાજરત્ન–હેમરત્ન–વિજયરત્નશિ.)

**(૪૩૮૪) ગજસિંહકુમાર રાસ** ૪ ખંડ ૫૧ ઢાળ ૧૫૭૨ કડી ર.સં.–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮૧૫ કા.શુ. વિદ્યુતપુર (વિજાપુર ?)માં

આદિ – પ્રથમ ઇષ્ટપદેષ્ટ જે, પરમરૂપ પરમેષ્ટ,
અરૂણાદધિક જે જ્યોતિમય, સેવિ જસ ઉગરેષ્ટ. ૧
હરિતાંગી નિરંગંગી પ્રભૂ, પસરિત કીર્તિતરંગ,
પ્રણિતોહં તસ નમ્ર શિર, પાદપદ્મ ચિત્તરંગ. ૨
નત્વા સ્વયં પ્રભૂનપ્તૃ તથા, ચક્રાંગાસની જેહ,
શબ્દનિધિ-તારણક્ષમ છે શેમુષીભૂત ગેહ. ૩
મૂઢ તાત મદલ ખંડવા, છે એ વિરોચનરૂપ,
કવિહૃદયસ્તલિ જ્ઞાનનું, પસર્યો વર્ય અનૂપ. ૪
ગુરૂ ગુણરત્નસૂરાદ્રિ સમ, ભૃતપ્રજ્ઞા હૃદિ કોસ,
જ્ઞાનાક્ષિ જિણેં દાખવી, તનુ કીધો નિર્દોસ. ૫
અગસ્યાર્થલીલાવિજય, લહિ જસ જ્ઞાનનુ રત્ન,
નર નરપતિ તસ કિંકરા, દેવ કરે તસ યત્ન. ૬
તે ગુરૂ પ્રભૃતિએ ત્રિહું, મહત્વ જે ભાખ્યા તત્ત્વ,
હાં વોષમાં સુત તન્તાં, તનુમન કૃત એકત્ર. ૭
સર્વજ્ઞ જેહસ્તાંબુપરિ, જે સિવસરણિ સાર્થ,
તિણિ ઉપદેશ્યાં જે ચતુઃ, દાનાદિક પદાર્થ. ૮
દાન પાંચ અભયાદિકે, શીલભેદ નવ તેમ,
બાહ્યાભ્યંતર બાર તપ, ભાવન દ્વાદશ એમ. ૯
દાનથી સુખલછી હુઈ, ભાવથી મુક્તિપ્રસંગ,
તપથી તિમ જ નિર્વાણપદ, પિણ જો રહિ અભંગ. ૧૦
શીલથી ભય ટલિ સવિ મહા, યુદ્ધાદિક જે અષ્ટ,
શીલખડ્ગ જેહનિં કરિં, તેહથી કષ્ટ પનષ્ટ. ૧૧
શીલથી સંપદ બહુ મિલિ, શીલથી નિર્મલ ગાત,
સિદ્ધકલ્પનાં સૂખ હુઇં, શીલથી યશ અવદાત. ૧૨
એ ગુણ ગાતા શુચિ તનુ, સાંભલતા શુચિ કન્ન,
વિઘનરહિત વિકથા તજી, સૂણજ્યો થિર કરી મન્ન. ૧૩
ઇહ ભવ પર ભવી શીલથી, લહી સૌખ્ય અપાર,
રાજ્ય ઋદ્ધિ સમૃદ્ધિ જિમ, જગિં ગજસિંઘકુમાર. ૧૪
તેહ કુમર કિહાં હવુ, કવણ નગર કુણ દેશ,
કિમ બ્રહ્મવ્રત પાલ્યુ તીણેં, કિમ લહ્યો ઋદ્ધિ વિશેષ. ૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

એ ગુરૂના સુપ્રસાદથી પ્રથમ ઉલ્લાસ એ કીધ,
ઢાલ ચતુર્દશમી કહી, દેવરચનિં સુપ્રસિદ્ધ. ૧૫

*

ઢાલ પુરી ઇમ નવમી કહી રે, પૂરો એ બીજો હુઓ ઉલ્લાસ રે,
કહે **દેવરત્ન** ભવીકા પુન્યથી રે, લહે સુખલક્ષ્મીલીલવિલાસ રે.

**અંત** – હવે શ્રી **વીર** જિણંદ તસ રાજે, **સોહમ** ગણધર છાજે હે,
તસ પરિપાટીઈ **તપ**ગણ-ઇંદ્ર, **લક્ષ્મીસાગર** સૂરીંદ્ર હે. ૪ સુ.
તેહને તખતેં પાટ ચૂઉપનમેં **સુમતિસાધુસૂરી** અણુમીહ,
તસ પાટે પણપન્નમેં સોહે, **હેમવિમલસૂરિ** મોહે હે. ૫
એહથી આગેં પટાવલી માંહે જોયો સંબંધ એ ત્યાંહિ હે,
ઇહાં તો **લઘુ પોસાલ**માં આખૂં, માહરી ક્રમાંગત દાખૂં હે. ૬
હવે શ્રી **લક્ષ્મિસાગરસૂરિ** તાસ, શિષ્ય વાચકપદ ખાસ હે,
**ચંદ્રરત્ન** પાઠક તસ સીષ્ય, **અભયભૂષણ** બુધઈસ હે. ૭
તાસ વિવેકી **લાવણ્યભૂષણ**, ટાલ્યું કુમતિનું દૂષણ હે,
તસ તખતેં હૂઆ દોય ગુરૂભ્રાતા, 'સતાર્થિ' બિરૂદ વિખ્યાતા હે. ૮
**હર્ષકનક હર્ષલાવણ્ય** એ બેય, સર્વાગમે પટુ તેય હે,
તસ શિષ્ય **વિજયભૂષણ** અભિરૂપ, તસ પાટેં અનુરૂપ રે. ૯
**વિવેકરત્ન** પંડિત તસ સીસ, **શ્રીરત્ન** વિબુધ જગીસ હે,
તસ વિનયી કોવિદ **જયરત્ન**, રાખે શુભમતિ યત્ન હે. ૧૦
તસ પાટે સર્વ શાસ્ત્ર પ્રમાણી, **રાજરત્ન** વાચક નાંણિ હે,
તાસ શિષ્ય વાગ્મિજનમાં રાજે, **હેમરત્ન** બુધ છાજે હે. ૧૧
તસ પાટે **વિજયરત્ન** વિદ્યમાન, સંપ્રતિ સુરગુરૂ સમાન હે,
તાસ શિષ્ય ભૂજિષ્ય કહાયા, તિણે એ સુગુરૂ પસાયા હે. ૧૨
ભવી જીવને એ સંબંધ દેખાવ્યો, ચાતુરજન મન ભાવ્યો હે,
સંવત **તિથિ અષ્ટ ભૂ** અબ્દ જેહ, **નભ વસુ નૃપ** શાક એહ હે. ૧૩
માસ બહુલ (કાર્તિક) જોષિણ સિત પક્ષ, બ્રાહ્મિ સુત ધરત પ્રતક્ષ હે,
તે દિવસેં પૂર્યો ઉલ્લાસ, સહુને લીલવિલાસ હે, ૧૪
ઢાલ એકાવન ઉલાસેં ચારે, દૂહા ત્રિસત ઇગ્યાર હે,
ગાથા તિથિ સત બહુતર થોક, સાર્ધ બિંશતિ શત શ્લોક હે. ૧૫
**વિદ્યુતપુર** વાસ્તવ્ય એ કીધો, સાહિબથિ યશ લીધો હે,

જૈન સાઈટ JAINSITE સર્વાગમતિ શાસ્ત્રમ્

શ્રમણસંઘને હોવો સુખદાઇ, દિનદિન અધિક બધાઈ હે. ૧૬
વટસાષા પરે વિસ્તરજ્યો, કોવિદ બુધ હિત ધરજ્યો હે,
અવ્યક્તપણે કહ્યો ઓછોઅધિકો, સક્ષર કરજ્યો તિનકો હે. ૧૭
ઇમ જાણિ જે બ્રહ્મવ્રત આરાધે, અતિ ઉજ્વલ પદ તે સાધે હે.
દેવ કહે હોએ મંગલમાલા, લહિ સુખલછિ રસાલા હે. ૧૮

(૧) ઇતિ શીલમાહાત્મ્યે દેવરત્નેન વિરચિતે ચતુર્થોલ્લાસ સંપૂર્ણઃ સં.૧૮૬૨ના વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે પ્રતિપદા વાર ગુરૌ લિખિતા આમોદ મધ્યે ભટ્ટારકપુરંદર ભટ્ટારક શ્રી વિજયમાન સૂરીશ્વર તચ્છિષ્ય પં. શ્રી ૫ મહિમાવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ રૂપવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ પં. જીતવિજયજી તચ્છિષ્ય ચિરંજીવી પં. શ્રી ન્યાયવિજયજી તચ્છિષ્ય પં. શ્રી ૫ મેરૂવિજયજી ચિરંજીવી તચ્છિષ્ય મુનિ રામવિજયેન લિપિકૃતં અજીતનાથ પાર્શ્વ પ્રાસાદાત્. ૫.સં.૫૪, સિનોર ભં. દા.૬. (૨) સંવત્ ૧૮૯૩ ચૈત્ર શુદ ૩ વાર શનિ. ભટ્ટાર્ક રાજવિજયસૂરિ તત્‌શિષ્ય રત્નવિજયસૂરિ તત્‌શિષ્ય હીરરત્નસૂરિ તત્‌શિષ્ય શ્રી જયરત્નસૂરિ તત્‌શિષ્ય શ્રી ભાવરત્નસૂરિ તત્‌શિષ્ય દાનરત્નસૂરિ તત્‌શિષ્ય શ્રી કીર્તિરત્નસૂરિ તત્‌શિષ્ય પં. મયારત્ન તત્‌શિ. પં. સોભાગ્યરત્ન તત્‌શિષ્ય પં. રાજેંદ્રરત્ન તત્‌શિષ્ય મુનિ તેજરત્ન તત્‌શિષ્ય મ. ગુણરત્નજી શ્રી સૂર્યપૂર મધ્યે લખ્યો છે શ્રી સંતીનાથ ચરણે શ્રી શુભં ભવતુ લ. પરમચંદ જેઠા. કલ્યાણમસ્તુ શ્રી. ૫.સં.૫૩–૧૩, ઝીં.ભં. પો.૪૦ નં.૧૯૬. (૩) ૫.સં. ૩૭–૧૭, ગુ.વિ.ભં. (૪) ત્રીજો ઉલ્લાસ અધૂરો, ૫.સં.૩૯–૧૪, દે.લા.પુ.લા. નં.૩૪. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૦–૬૩. ત્યાં મથાળે ગુરુનામ 'વિનયરત્ન' છપાયું હતું. પણ ઉદ્ધૃત ભાગમાં ગુરુનામ 'વિજયરત્ન' છે. મુપુગૂહસૂચીની હસ્તપ્રત ચકાસી આ નામ જ ખરું હોવાની ખાતરી કરી છે.]

## ૧૨૫૯. મયાચંદ (લોં. કૃષ્ણદાસજી–લીલાધરજીશિ.)

**(૪૩૮૫) ગજસિંહ રાજાનો રાસ** ૨૭ ઢાળ ૨.સં.૧૮૧૫ ચૈ.વ ૮ ગુરુ નવાનગરમાં

આદિ – દૂહા.

શાંતિ જિનંદ સુખસંપદાકારી પરમ કૃપાલ,
વંદુ હિત કરિ હરખથી, દેજ્યે વયણ રસાલ. ૧
ચિંતામણી સમ જાણીએ, શ્રી ગુરૂનો ઉપગાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ પસાયેં હું રચું, શિયલ તણો ફલ સાર. ૨
સુખદા વરદા શારદા, વસિ મુઝ ચિત-આગાર,
**ગજસિંઘ**રાય ચરિત્રનો, ભાખૂં સ્તોક વિસ્તાર. ૩
યથાયોગ નવરસ તણો, સંક્ષેપે વિસ્તાર,
તે સુણજ્યો શ્રોતા તુમે, કવિજનવચનપ્રચાર. ૪

**અંત –** ઢાલ ૨૭. ધનધન સંપ્રતિ સાચો રાજા એ દેશી.
ધનધન રાય **ગજસિંઘ** ઋષીશ્વર જેણે આતમ વસ કીધો રે.

*

એકાવતારી મહાવિદેહ ક્ષેત્રે પામસ્યે ભવનો પાર રે,
શિયલ સંબંધ ભણ્યો એ સારો, **નિશીથચૂર્ત્તિ** વિસ્તાર રે. ધન.૭
મહાગુણીના ગુણ મેં ગાયા, **નવાનગર** મઝાર રે,
ઓછુંઅધિકું જે કહેવાણું, તસ મિછા દુકડ સાર રે. ૮
મહા કઠિન બુધિ જે મોટી, તે મુઝથી નવિ થાય રે,
બાલકક્રીડા એ મેં કીધી, પિણ મુનિના ગુણ કહિવાય રે. ૯
જિમ તિમ હોય તો પિણ મુનિ ગુણને, ગાતાં દુઃખ જાય દુર રે,
મંગલમાલ હોય એ ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ સુખપૂર રે. ૧૦
શ્રી **કૃષ્ણદાસજી** ઋષિવર મોટા, વિદ્યા તણા ભંડાર રે,
**લીલાધરજી** તસુ સીસ કહીયે, ખિમાવંત અણગાર રે. ૧૧
તસ સેવક મુનિ **મયાચંદ** પભણે, શ્રીગુરૂને પસાય રે,
સંવત **અઢાર પનરોતરા** વરસે, ચૈત્ર માસ શુભ ઠાય રે. ૧૨
કૃષ્ણાષ્ટમી ગુરૂવારે ભાખ્યો, એ અધિકાર રે,
સંઘ તણે આગ્રહ કરીને, રચ્યો સંબંધ ઉદાર રે. ૧૩
ભણે ગુણે ગાવે જે ભાવે, શિયલ સંબંધ રસાલ રે,
તે પ્રાણીને જયજય હોવે, જે ગાવે સતાવીસ ઢાલ રે. ૧૪

(૧) શ્રી ગુંડલ મધ્યે સં.૧૮૫૨ વૈ.વ.૧૩ શુક્ર લિ. ઋ. **નેણસી** અર્થે. પ.સં.૨૨–૧૬, રા.પૂ.અ. (૨) લિ.સં.૧૯૫૦ પોસ વ.૧૩ **ખત્રી આંબા માંડણ** શ્રી કાલાવડવારાએ. પ.સં.૧૮–૧૬, ધો.ભં. (૩) લિ.સં. ૧૯૫૦ પોસ સુદ ૮ રવિ **વીરચંદજી**એ **ગોંડલ** ગ્રામ **દેવજીસ્વામી** પ્રસાદાત. પ.સં.૧૬–૧૭, ધો.ભં. (૪) લિ.સં.૧૯૫૪ અસાડ શુદ ૪ **ખત્રી વસરામ આંબાભાઈ.** પ.સં.૧૭–૧૬, ધો.ભં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૩-૬૪.]

**૧૨૬૦. ભીમરાજ** (ખ. જિનવિજયસૂરિ-ગુલાલચંદશિ.)

**(૪૩૮૬) શત્રુંજય ઉદ્ધાર રાસ** ર.સં.૧૮૧૬ જે.શુ. સુરતમાં

(૧) સં.૧૮૨૪ જે.શુ.૩ જેસલમેરી દેવચંદ્ર સુત કચરમલ યાત્રા આગ્રહથી ભૂધર લિ. પ.સં.૧૨, તેમાં બીજી કૃતિઓ સ્તવનાદિ છે, કૃપા. પો.૪૫ નં.૭૭૯. (૨) બીકાનેર ભં. નાહટાજી.

**(૪૩૮૭) લોદ્રવા સ્ત.** ગા.૧૧ ર.સં.૧૮૨૪

જિનયુક્તસૂરિ સાથે યાત્રા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫ તથા ૩૨૪-૨૫.]

**૧૨૬૧. ભૂધર** (લોં. જસરાજશિ.)

**(૪૩૮૮) અષ્ટ કર્મ તપાવલી સ્વાધ્યાય** ર.સં.૧૮૧૭ ચોમાસું ગોંડલમાં

**આદિ**– **વીર** વાંદી રે પૂછે **ગોયમ** ગણહરૂ,
કમ્મપયડિ રે ખેરૂ રે કિમ થાયે જગગુરૂ.
તેહ દાખવો રે દાય ઉપાય કૃપા કરી,
પ્રભુ જંપે રે સુણ વચ્છ શ્રવણ શ્રુતે ધરી. ૧

(ઉથલો, ચાલિ, ઉથલો, ચાલિ એમ આવે છે.)

**અંત** – કલશ.
ઇમ **વીર** વાંણી સુંણો પ્રાંણી આંણી ચિત્ત ઉદાર એ,
એ તપ તણી શ્રેણી કહી કેણી **ગોંડલ** ગામ મુઝાર એ.
**મુનિ એલ વસુ ચંદ્ર** વર્ષે હર્ષે કૃત ચઉમાસ એ,
સુગુરૂવર **જસરાજ** અનુચર શિષ્ય **ભૂધર** ભાસ એ. ૨૧

(૧) પ.સં.૧-૨૦, ગા.ભં.

**(૪૩૮૯) ચિત્તચેતવણી ચોસઠી** ર.સં.૧૮૨૦ શ્રાવણ ગોંડલમાં

આમાં પંચ પદના વર્ણનનો અધિકાર છે.

**આદિ**– સુખકારણ ભવિયણ સમરો નિત્ય નવકાર, જિનશાસન આગમ ચૌદ પૂરવ સાર – એ દેશી.
પ્રવચને પંચપદનો સ્તવનાનો અધિકાર,
તે ઇહાં હૂં રે આખું ચિત્તચંતવણી એ સાર. ૧

**અંત** – **ચિતચંતવણી ચોસઠી** પંચપદનો અધિકાર,
કહી **રામત** કેહેણે **ગુડલ** ગામ મુઝાર. ૬૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શીલરથ નખ** વર્ષે હર્ષે શ્રાવણ માસે,
શ્રી ગુરૂપરસાદે કહી **ભૂધરે** ઉલ્લાસે. ૬૪

(૧) ઇતિશ્રી પંચપદ વર્ણન અધિકાર ચિત્તચેતવણી ચોસઠી સમાપ્તં ૧૮૨૦ના વર્ષે શાકે ૧૬૮૫ પ્રવત્તમાને શ્રાવણ વદિ ૧૦મી તિથૌ ગુરૂવાસરે. લષીતં પૂજ્ય ઋષિશ્રી ૫ જસરાજજી તત્‌શિષ્યર્ષિ ભૂધરેણ સ્વકૃત ચત-ચિંતવણીઃ ઋ. કર્મસી વાચનાર્થં લષીતં ઋ. ભૂધર ગોંડલ ગ્રામેઃ શ્રીરસ્તુ. પ.સં.૩–૧૭, ના.ભં. (કવિની સ્વલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬–૬૭. કૃતિમાં લોંકાગચ્છનો ઉલ્લેખ નથી, પરંતુ પરંપરા લોંકાગચ્છની જ જણાય છે. 'અષ્ટ કર્મ તપાવલી સ્વાધ્યાય'માં એલ=ઇલા=પૃથ્વી=૧ એમ અર્થઘટન કર્યું જણાય છે.]

**૧૨૬૨. અમૃતસાગર** (ત. ધર્મસાગર–શાંતિસાગર–શ્રુતસાગર–બુદ્ધિસાગર–હંસસાગર–વસંતસાગર–માણિક્યસાગર–દાનસાગરશિ.)

**(૪૩૯૦) પુણ્યસાર રાસ** ૩૧ ઢાળ ૭૭૬ કડી ર.સં.૧૮૧૭ પુષ્ય માસ શુ.૫ રવિ પાલણપુરમાં

JAINSITE.com जैनम् जयति शासनम्

**અંત –** તપગછનંદન-સુરતરૂ સરીખા, શ્રી **હીરવિજય** સૂરીરાયા,
પાઠકચક્રચૂડામણિ વંદુ, **ધરમસાગર** ગુરૂપાયાજી. ૫
**કલ્પકીરણાવલી** આદે કીધાં, વાદી ગ્રંથ સમુદાયાજી,
કલિકાલે જે બહુશ્રુતધારી, જગ જસપડહ વજાયાજી. ૬
વાચકવર શ્રી **શાંતિસાગર**, ભવિજન કૈરવચંદાજી,
વાચક શ્રી **શ્રુતસાગર** ગીરૂઆ, વંદુ ચરણ-અરવિંદાજી. ૭
**કલ્પકૌમુદી** આદે કીધા, મનિ સુવિહિત જનને કાજેજી,
ભવિજનને ઉપગાર કર્યાંથી, જગગુરૂ દુંદુભી વાજેજી. ૮
તસ પદપદમપરાગ-મધુકર, **બુદ્ધિસાગર** ગુરૂરાયાજી,
**હંસસાગર**ગણી ગુંણધારી, પ્રણમું તેહના પાયાજી. ૯
**વસંતસાગર** ગુરૂપય વંદો, પ્રહ ઉઠી આણંદોજી,
**માંણીક્યસાગર** ગુરૂપય વંદી, દોહગદુખ નિકંદોજી. ૧૦
શ્રી **દાંનસાગર** ગુર સુખદાયી, દિનદિન સુજસ સવાયાજી,
તેહનો બાલક **અમીયસાગર**, ઉત્તમનાં ગુણ ગાયાજી. ૧૧
વિબુદ્ધ ન હસજ્યે બાલક્રીડાઇ, એ એકત્રીશે ઢાલજી,
**પુન્યસાર**નો રાસ એ ગાયો, ચરીત્ર વચન પરનાલેજી. ૧૨

પુન્યસારનો રાસ એ રચીયો, **ચંદ મુની ચંદ વસુ** વર્ષેજી
પુન્ય માશની પંચમી દિવસેં, તરણીજ વારેં હરખેંજી. ૧૩
**પાલણપુર**મેં ચોમાસું કરીને, ગાયો પુંન્યચરીત્રજી,
શ્રવણ દેઇને શ્રોતા સાંભલસ્યેં, થાસ્યે તેહ પવિત્રજી. ૧૪
જે કોઈ ભણસ્યેં ગુણસ્યેં સુણસ્યેં, તસ ઘર મંગલમાલાજી,
દિનદિન વધતી વધતી થાસ્યેં, નીરમલ કીર્તિ વિસાલાજી. ૧૫
અધિકું ઓછું જે કાંઈ ભાખ્યું, મીચ્છા દુક્કડ તેહજી,
ધ્રુ જીમ અચલ હોજ્યો જગ માંહે, **પુંન્યસાર** ગુણ એહજી. ૧૬

(૧) સં.૧૮૭૧ના મા.વ.૧૧ દિને ચંદ્રવાસરે શ્રી **બસુનગર** મધ્યે લિષીતં **ઋષભવિજયગણિ** એહ રાશની સર્વગાથા ૭૭૬. પ.સં.૨૩-૧૬, ગુ.વિ.ભં. (આ ઋષભવિજયને કવિ તરીકે હવે પછી સં.૧૮૭૭ના ક્રમમાં જુઓ.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭-૬૮.]

## ૧૨૬૩. માણિક્યસાગર (ત. કલ્યાણસાગરસૂરિ ભ્રાતા ક્ષીરસાગરશિ.)

(૪૩૯૧) + **કલ્યાણસાગરસૂરિ રાસ** (ઐ.) ર.સં.૧૮૧૭ ફા.વ.૫ બુધ

**આદિ** – પ્રણમું પ્રેમેં **વીર**ના, પદપંકજ સુખદાય,
ગુરૂગણ કેરી સંકથા, કરવા મુજ અભિપ્રાય. ૧
શ્રુતદાયક ગુરૂરાજનો, પચ્ચુવયાર ન થાય,
બહુવિધ વિનય કરવા થકી, આગમ એમ સુણાય. ૨
ઉત્તમ કેરી વારતા, દુર્જનને ન સુહાય,
સજ્જન-મન હરખે ઘણું, વકતા અવસર પાય. ૩
ગુણવંત નર વિરલા અછે, વિરલા રાગી તાસ,
વિરલા ગુણગણા પારખે, વિરલા ભાખે ભાસ. ૪
**તપગચ્છ** કેરા રાજીઓ, વિદ્યાપૂર સનૂર,
સોભાગી-સિરસેહરો, **કલ્યાણસાગરસૂરિ**. ૫
કવણ દેશેં જનમિયા, કવણ તાય કુણ માય,
કુંણ પાસે સંયમ લહી, પુણ્ય મહોદય પાય. ૬
સુણજો શ્રાવક ભાવિયા, તે સવિ કહું વૃત્તાંત,
નિદ્રા વિકથા વારજ્યો, મન રાખી એકાંત. ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – સંવત **અષ્ટાદશ સત્તર** વરસે ભલો, માસ ફાલ્ગુન તણો કૃષ્ણપક્ષ,
પંચમી ચૈત્ર બુધવાસરે ગુરૂગણી, ગાવતાં હરખીયા સજ્ય દક્ષ. ૭
વૃદ્ધ શ્રીજી તણા વૃદ્ધ જે સોદરા, મુનિપણે જે વલી સતીર્થ્ય ભાવે,
સારણાવારણાદિ કરે ગચ્છ તણી, પંન્યાસ શ્રી **ક્ષીરસાગર** કહાવે.૮
**સિંહ** મુનિ **વીર**ને વીર જેમ વેયાવચી, ગુરૂ તણી ભક્તિમાં અધિક રસીઆ,
તેહ તણી ઉપમા પૂજ્યપદ સેવતાં, પામતા પૂજ્ય ચિત માંહે વસીઆ. ૯
તાસ પદસેવના પુન્યથી મેં લહી, જાસ સુદષ્ટિથી સુગુરૂ ગાયા,
**માણિકયસાગર** કહેં ગાવતા ગુરૂ તણા, રૂદ્ધિ વર સિદ્ધ નવનિધિ પાયા. ૧૦
પ્રીતિથી જે નરનારિ ગુરૂગુણ સુણેં, જપે નામ નિત ચિત્ત સાચે,
તાસ ઘર ગાજતી મદવતી ગજઘટા, અતુલ મંગલ તણો મેહ માચે. ૧૧

પ્રકાશિત : ૧. જૈન ઐ. ગૂર્જર કાવ્યસંચય પૃ.૨૫૪–૨૬૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫–૬૬. કૃતિમાં રચનાતિથિમાં ફાગણ ઉપરાંત ચૈત્રનો પણ નિર્દેશ છે તે સમજાતો નથી.]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૨૬૪. જિનલાભસૂરિ (ખ.)

સૂરિપદ સં.૧૮૦૪, સ્વ. સં.૧૮૩૪.

**(૪૩૯૨) સ્તવનો**

**૧ પાર્શ્વ સ્ત.** ર.સં.૧૮૧૮

સત્યપુર યાત્રા.

**૨ દાદાજી સ્ત.**

**૩ + નવપદ સ્ત.** [અથવા **સિદ્ધચક્ર સ્ત.**]

[મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]

**૪ આબુ સ્ત.** ગા.૧૯

**૫ વરકાણા સ્ત.** ર.સં.૧૮૨૧ ચૈ.શુ.૧૫

**(૪૩૯૩) + સુરત પ્રતિષ્ઠા સ્તવન સંગ્રહ** ર.સં.૧૮૨૮

પ્રકાશિત : ૧. સૂરતનો જૈન ઇતિહાસ.

**(૪૩૯૪) ચોવીસી (૧)**

**આદિ** – ઋષભ પદ રાગ વેલાઉલ

**ઋષભ** જિણંદ સુખકંદ, આનંદભરિ, ભેટયો શ્રી **ઋષભ** જિનંદ,
**વિક્રમપુરમંડન** દુખખંડન છંડન ભવભયછંદ. ૧ આ.
શિવસંપતિકારન જગતારન વંદિત સુરનરવૃંદ
મિથ્યા મોહત મોહનીવારન અદ્દભુત જોતિ દિનંદ. ૨ આ.
ભવિક કુમુદ-પરમોદ-પ્રકાશન શરદ પૂનિમ નિસચંદ
ચરણકમલ સેવત મધુકર સમ, શ્રી **જિનલાભ** સૂરીંદ. ૩ આ.

**અંત –** કલશ. રાગ ધન્યાસિરી
જિનવર ચોવીસે પ્રણમેવા.

*

શ્રી **જિનલાભ** અહોનિસ સાચી એહિ જ મો મન ટેવા રી. જિ. ૩.
(૧) કૃપા. ગુટકા નં.૨૯. (૨) પ.સં.૨, દાન. પો.૩૦. નં.૭૮૦.

**(૪૩૯૫) [+] ચોવીસી (૨)**
[પ્રકાશિત : ૧. ૧૧૫૧ સ્તવન મંજૂષા.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૨ તથા ૧૫૫૩-૫૪.]

## ૧૨૬૫. મયારામ (ભોજક)

**(૪૩૯૬) પ્રદ્યુમ્નકુમાર રાસ** ૨.સં.૧૮૧૮ ફાગણ શુદ ૬ સોમ વડનગરમાં
**આદિ –** વસ્તુ
આદ્ય સકત્ય આદ્ય સક્ત નમો **અંબાઈ**
વાધવાહની વરદાયની સરસ વયણ **સારદા** માત
ગુરુ ગોત્રજ માતા પિત્યા, દુઝ પાએ પ્રણમું સુમતિદાતા
વચનવિલાસ **પદ્યુબંધહરણ** કહું કથા આણંદ
**મયારામ** મા **અંબિકા** પૂરે પરમાણંદ. ૧

**અંત –** ભાવ તણા ગુણ એહવા જાણી – એ દેશી
**સાંબ પ્રદુમન** હુંસ ધરીને ભાવ સું સંજમ લીધોજી
ઉત્તમ અરથ ને કુલ અજુઆલણ ઉગ્ર તપસ્યા કીધીજી. ૧૧૨
ગઢ **ગિરનાર** ચઢીને સાથે અંતે અણસણ કરીયાજી,
કેવલગ્યાંન પાંમીને અંતે શિવનારી વર વરીયાજી. ૧૧૩
વાંછા ઉત્યમ મોહ **અમીચંદ રાયચંદ** સુત પ્રકાસેંજી,
**ભોજક** ભાવ ધરી ગુંણ ગાતો, **વડનેંગર**માં વાસજી. ૧૧૪
**શંત્રુજામાતમ**માં સુણીયોં વલી **હરીવંશ પુરાણે**જી,
ગણતાં ભણતાં સુણતાં ભાવે તસ ઘર સયલ નિધાંનજી. ૧૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધ બુદ્ધ સૂભ મત્ય સમ આવે, અંબામાત પસાયજી,
**રીષભદેવ** જિનજી મંગલીકે **મયારામ** ગુણ ગાયાજી. ૧૧૬

(૧) ઇતિશ્રી પ્રધુન્યકુમાર ચારીત્ર સંપૂર્ણમ્. સંવત્ ૧૯સેં ત્રીસના વર્ષે અગસર સુદી દ્વાદશી નેં વાર રવીનેં દીન્ને શ્રી ડલસલપુર **પાટણ** મદ્ધે વાગૂલપાડા મદ્ધે શ્રી ઋષભદેવજી પ્રસાદાત્ત લિખીતં જગજીવન **પાંના-ચંદ** સ્વઅર્થે. શ્રીરસ્તુ. પ.સં.૨૦-૧૩, જશવિજય સંગ્રહ. (આ પ્રતમાં રચ્યા સંવત મુકાયો નથી. રચ્યા સંવત ૧૮૧૮નો જે મૂક્યો છે તે લીંબડી ભંડારમાં એક પ્રત પરથી નોંધાયો હતો તેથી મૂક્યો છે.) [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૫૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦-૭૧.]

## ૧૨૬૬. પાસો પટેલ (લીં. ધર્મદાસ-મૂલચંદ-વના-જીવાનો શ્રાવક શિ.)

**(૪૩૯૭) ભરત ચક્રવર્તીનો રાસ** ૨૦ ઢાલ ર.સં.૧૮૧૮ ચૈત્ર વદી ૦)) લીંબડીમાં

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**આદિ** - દુહા.

અરિ હણવે અરિહંતજી, તાસ કરી પ્રણામ,
**સરસ્વતિ**-ચરણકમલ નમી, સમરૂં **ગોતમ**સામ. ૧
અધિપતિ જે ષટ ખંડનો, **ભરતેસર** ગુણવંત,
પઢમ ચક્રી જે હૂવા, કિધા ભવના અંત. ૨
ચઉ પુરૂષ કહ્યા **ઠાણાંગ**મેં, તેમાં પઢમ પુરૂષ સિરદાર,
જે ઊગીનેં ઉગ્યા સહી, તસ ગુણ કહૂં વિસ્તાર. ૩

**અંત** - કલશ.

શ્રી જિનવાણી શુદ્ધ જાણી આણી ઉછરંગ ભાવ સું,
સૂત્ર **જંબૂદ્વિપ પન્નતિ** તેહ થકી ભાખે ઈસું. ૧
એ આગમથી આધુંપાછું અધકુંઓછું ભાખીઉં;
હાથ જોડી માન મોડી મિછામી દુકડ મેં દિઉં. ૨
કાલચક્ર ફરે છે શિર નિત્ય ઘંટ તણી પરેં દલે,
બાલા બુઢા જોબનવંતા નિત મણુધરની પરગલે. ૩
એવું જાંણી ચેતો પ્રાંણી સંસારમંડલથી ખસ્યા,
કાલથી ત્રાઠા ગીયા નાઠા પાંચમી ગતિ માહે વસ્યા. ૪
ગણે ગરવા ભાવે નરવા વેરાગ તપ ધનના ધણી,

રિષિ શ્રી **ધર્મદાસજી** જેની કીરતિ જેમ ચિંતામણી. ૫
તસ પાટે સોભિત ગણે ઓપિત રિષિ શ્રી **મુલચંદજી**,
તસ પાટે **વના જીવા** સાજી, જેને આચારજ પદવી ભજી. ૬
તે ગુરૂના પ્રભાવથી એ સઝાય અલ્પબુધે કહી,
તે માહેથી કાંઇ ઓછુંઅધકું જાણુંઅજાણું બોલવું સહી. ૭
સંવત **અઢારા અઢારા** વરસે ચૈત્ર વદિ અમાવાસા સહી,
**લીંબડી** મધ્યે પુરી કીધી **પાસે પરેલ** પોસામાં સહી. ૮

(૧) ઇતિશ્રી ભરથ ચક્રવરતનો રાસ સંપૂર્ણઃ સં.૧૮૯૪ના **કારતીક** સુદ ૨ દિને લ. ઋ. રણછોડ દેવજી શ્રી **વેરાકુલ** મધ્યે. પ.સં.૨૧-૧૩, રાજકોટ મોટા સંઘનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૯-૭૦.]

## ૧૨૬૭. સૌજન્યસુંદર (ઉપ. રતિસુંદર-માન્યસુંદરશિ.)

**(૪૩૯૮) દ્રૌપદી ચરિત્ર** ૪૮ ઢાળ ર.સં.૧૮૧૮ [૮૧?] ભાદ્રવા શુદ ૮ ગુરુ પીંપાડમાં

આદિ – દૂહા

**વર્દ્ધમાન** સસિ સમ વદન, ચંચલ ભવ્ય ચકોર,
નિરખિત આનંદિત નયન, જેસુ પ્રણમુ કર જોડ. ૧
તાસુ શિષ્ય મેટણ તિમિર, વિદ્યાજુત વડવીર,
વંદૂં પંકજજુગ વિમલ, **ગૌતમ** ગુણે ગંભીર. ૨
હંસગતી હંસવાહણી, હંસ-સસુજવલ દેહ,
કવીયણમન-ઉજ્જલકરણ, સદા વસો સસનેહ. ૩
મેટણ તમ અંધારમદ, ગ્યાંનઅંજન-પરગાસ,
લોચન ઉન્મીલિત કરે, વે ગુરૂ નમુ ઉલ્લાસ. ૪
દાન શીલ તપ ભાવ ધર્મ, શ્રી જિનભાષિત સાર,
ચ્યાર પદારથ ચો ગતી, કાટણ તીક્ષ્ણ કુઠાર. ૫
ધર્મક્રિયા શુભ ભાવ ધર, સાધે કોઈ સુજાણ,
દુસ્તર ભવજલદધિ તરી, વસે પદ નિરવાણ. ૬
પાત્ર ભણી નિરદયપણે, દે અણુગમતો દાન,
**નાગસિરી** પર તે નિપટ, નિશ્ચે અશુભ નિદાન. ૭
કોડ પૂરવ કોઇ તપ કરે, લાલચ મનમેં લ્યાય,
અશુભ નિયાણ દૂષિત ઉદૈ, થિર માઠા કમ (કર્મ) થાય. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુક માલિકા સંયમ સમે, નિજ ભવ કીધ નિયાંણ,
તે **દ્રોપદીનો** ભવ તવૈ, હુઇ મુગત-નીહાંણ. ૯
એહ પ્રબંધ દાખું અમલ, જુગ્ત **જ્ઞાતા-અંગ** જાણ,
કવિયણ મુઝ કરૂણા કરી, વદજ્યો વચન પ્રમાણ. ૧૦
શ્રોતા પિણ સંબંધ એ, સાંભલજ્યો સુભ ભાવ,
થિરતા પિણ મનશુદ્ધિથી, પ્રગટે ગ્યાંનપ્રભાવ. ૧૧

અંત – ઢાલ ૪૮મી. સુણ બહિની પ્રિઉડો પરદેશી
**સોહમસ્વાંમિ** કૃપાકર ભાખે, સુણજો સૂત્રની સાખેજી,
સિવસુખ કેરી ધરે અભિલાખે, તે સંયમરસ ચાખેજી,
ધનધન જગમે જે વ્રતધારી. ૧

*

**જ્ઞાતાધ્યયન**નો આસય આણી, કીધી કવિતા જાણજી,
સૂત્રવચન જગમેં પરમાણી, તે નિશ્ચે ગુણખાણિજી. ૧૨
સંવત **સસિ સિધયુક્ત અઢારૈ**, ભાદ્રવ સુકલ મઝારૈજી,
અષ્ટમી દિવસ બૃહસ્પતિવારે, કવિતા રચિ સુખકારૈજી. ૧૩
**ઉવએસ**ગચ્છ-પ્રભાકર છાજે, અભિનવ તેજ વિરાજેજી,
શ્રી **સિદ્ધસૂર** સૂરીસને રાજે, કીરત દિનપ્રતિ ગાજૈજી. ૧૪
**સુંદર** સાખા જગહિતકારી, **રતિસુંદર** ગુણધારીજી,
તસ પદપંકજ આજ્ઞાકારી, **માન્યસુંદર** વ્રતધારીજી. ૧૫
તાસુ કૃપા કર જ્ઞાનઉજાલા, **સોજન્યસુંદર** સુવિલાસાજી,
ચરિત રચ્યો તિણ સુંદર ઢાલા, સુણતાં મંગલમાલાજી. ૧૬
નગર **પીંપાડ** રહ્યા ચોમાસે, શ્રી સંઘ અધિક હુલાસૈજી,
સાંભલતાં સુખસંપત થાસૈ, દિન પ્રતિ લીલવિલાસૈજી. ૧૭

(૧) ઇતિ દ્રુપદિચરિત્ર જ્ઞાતાધ્યયન ષોડશમોપરિકૃત સમાપ્તા સં.૧૯૦૪ વર્ષે મિતી કાતી વદિ ૫ તિથૌ બૃહસ્પતિવારે શ્રી **લોહિયાવટ** મધ્યે ચતુર્માસ કૃતં શ્રી **બૃહત્ખરતર** ગચ્છે જંગમ યુગપ્રધાન ભટ્ટારક શ્રી **જિનમહેન્દ્રસૂરિ** શ્રી **જિનશૌભાગ્યસૂરિજી** દ્વૌ વિજૈ રાજ્યે શ્રી **કીર્તિરત્નસૂરિ**સાખાયાં ઉપાધ્યાયજી શ્રી ૧૦૮ શ્રી **પુન્યહર્ષજી**ગણિ તતશિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૭ **શાંત(તિ)કુશલજી**ગણિ તતશિષ્ય ઉ. ૧૦૬ શ્રી **અમૃતપ્રભૂજી**ગણિ તતશિષ્ય વા. શ્રી ૧૦૫ શ્રી **નયસાગર**ગણિ તતશિષ્ય મુખ્ય પાઠક પ્રવરશ્રી ૧૦૪ શ્રી ઉ. શ્રી **જયસૌભાગ્યજી**ગણિ તતશિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૩ શ્રી **માણિકચો-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દયજીગણિ તત્‌શિષ્ય વાચનાચાર્ય શ્રી ૧૦૨ શ્રી મુક્તિસિંધુરજીગણિ તત્‌-શિષ્ય પં. પ્ર. શ્રી ૧૦૧ શ્રી સુખશીલજીગણિ તત્‌શિષ્ય પંડિત રામચંદજી લઘુ ભ્રાતૃ પંડિત કસ્તૂરચંદ લિષતાં પ્રતરિયં. પ.સં.૫૫-૧૩, અનંત. ભં.ર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧-૭૩. કૃતિના રચનાવર્ષમાં વામગતિએ વાંચતાં સં.૧૮૮૧ અર્થઘટન પણ શકય છે.]

## ૧૨૬૮. ગણેશરુચિગણિ (ત.)

[વિજયધર્મસૂરિનો આચાર્યકાળ સં.૧૮૦૯-૧૮૪૧. તેથી કૃતિ તે દરમ્યાન રચાયેલી ગણાય.]

**(૪૩૯૯) શ્રીપાલ રાસ ટબાર્થ** અથવા **બાલા.** લ.સં.૧૮૧૯ પહેલાં મૂળ વિનયવિજય-યશોવિજયકૃત.

**અંત –** ભ. **વિજયધર્મ**સૂરિશ્વિરાણામનુજ્ઞાં પ્રાપ્ય પં. **ગણેશરૂચિ**ગણિના બાલાવબોધકૃતં યત્કિંચિત્ પૂર્વલિખિતં દષ્ટં કિંચિદ્ ગુરૂગમ્યાત્ કિંચિદ્ બુધ્યનુસારાત્કૃતઃ સ ચ બુદ્ધિમદ્‌ભિઃ વિબુધૈઃ સંશોધનીયં બાલાવબોધ ગ્રંથાગ્રંથ શ્લોકસંખ્યા ૨૪૦૦ મૂલરાસસંખ્યા ભિન્ન જ્ઞેયા.

(૧) ભટ્ટા. શ્રી **હીર**વિજયસૂરિ શિ. પં. **આનંદ**વિજયગણિ શિ. પં. **મેરુ**વિજયગણિ શિ. પં. ઉ. **લાવણ્ય**વિજયગણિ શિ. પં. **જ્ઞાન**વિજયગણિ શિ. પં. **નય**વિજયગણિ શિ. પં. **શુભ**વિજયગણિ શિ. **નિત્ય**વિજયગણિ તત્‌ભ્રાતૃ પં. **રૂપ**વિજયગણિ લ. સ્વઆત્માઅર્થે. પરમાત્માડર્થે સં.૧૮૧૯ શાકે ૧૬૮૪ કા.વ.૧૧ દિને લખી સંપૂર્ણ કીધું છે **બીજાપુર** મધ્યે. પ.સં.૬૭, સંઘ ભં. પાલણપુર દા.૪૩ નં.૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૦૯. ત્યાં હસ્તપ્રતોના વર્ણનમાં આ ટબો નોંધાયેલો છે.]

## ૧૨૬૯. ફત્તેચંદ

**(૪૪૦૦)પ્રીતધર નૃપ ચોપાઈ** ર.સં.૧૮૧૯

(૧) માણેક. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩.]

## ૧૨૭૦. અમરવિજય (ત. સહાવિજય-સુરેન્દ્રવિજયશિ.)

ઉદયસૂરિ સ્વ. સં.૧૮૩૭.

**(૪૪૦૧) શાંતિજિન સ્તુતિ** ૧૩૫ કડી ર.સં.૧૮૧૯ રાંદેરમાં

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – દૂહા.

પરમ ધરમ ધન પૂરવા, સદ્ગુરૂ સુરતરૂ સાર,
આવે મતિ ઉકતિ અધિક, અચલ અવનિ ઉપગાર. ૧
અનંત ચોવિસિ ઓલગું, પરમ પુરુષ પરધાંન,
જયકારિ જિનમંડલિ, ધરૂ શુચિ સમરણ ધ્યાંન. ૨
શ્રુતદેવી દીવિ સદા, દીપે પ્રબલ પ્રકાશ,
વસો મનમંદિર મુદા, આપો વચનવિલાસ. ૩
શાંતિકરણ શ્રી **શાંતિ**નો, ગાસ્યું ગીત રસાલ,
ભણતાં સુણતાં ભાવ સ્યું, પસરે પ્રતિ મંગલમાલ. ૪

**અંત** – એહ કલ્યાંણક પ્રભુ તણા, ગુરૂકૃપાઇ ગાયા ઉલાસ રે,
સંવત **અઢાર ઉગણિસમાં** રહી **રાંનેર** ચોમાસ રે. ૧૩૨
શાશ્વત **તપ**ગછગગન-શશિ યશ ઘણો સબલ સૂરિ શિરતાજ રે,
અધિક સુખ **ઉદય**સૂરિ સદા સંથુણ્યો **શાંતિ** ગણિરાજ રે. ૧૩૩
વિબુધ વિચક્ષણ વાંણિઇ, **સદાવિજય** સુખકાર રે,
સદ્ગુરૂ **સુરેંદ્ર** સદા કરે, **અમર** મુનિ ઉપગાર રે. ૧૩૪

કલસ

**વિશ્વસેન**નંદન ત્રિજગવંદન, ભાવઠિ-ભંજન ભયહરો
સોલમાં સ્વાંમિ મુગતિગાંમી કહ્યા કલ્યાણક વંછિતકરો
બહુ ભાતિ સુતે ચિત્તે ભવિક આરાધો અતિ ભલઇ
સુગુરૂ **સુરેંદ્રવિજય** સંપદ નિત્ય **અમર** મુનિ સુખનિરમલા.૧૩૫

(૧) પ.સં.૫–૧૬, ખેડા ભં.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૪૨–૪૩. કૃતિમાં નિર્દિષ્ટ ઉદયસૂરિ, શાંતિગણિ, સદાવિજય ને સુરેન્દ્રવિજય શિષ્યપરંપરામાં છે એવું સ્પષ્ટ થતું નથી. સમકાલીન સાધુજનો હોવાથી પણ ઉલ્લેખ પામ્યા હોય.]

## ૧૨૭૧. રાયચંદ (લોં. જેમલજીશિ.)

જેમલજી જુઓ આ પૂર્વે નં.૧૨૪૦.

**(૪૪૦૨) ચેલણા ચોઢાલિયું** ર.સં.૧૮૨૦ વૈ.શુ.૬ ભીમરીમાં

(૧) પ.સં.૪, શેઠિયા. (૨) બીકાનેર ભં.

**(૪૪૦૩)** [+] **આઠ પ્રવચનમાતા ઢાલ** [અથવા **ચોપાઈ**] ર.સં. ૧૮૨૧ ફા.વ.૧ જોધપુર

**આદિ** – પાંચ સુમતિ તિને ગુપત, આઠે પ્રવચન માત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લે સુખ ચાવો સાધજી, તોષ કરો દિનરાત. ૧

**અંત** – અધિકોઓછો ઇહાં આવીયો રે, મિછામિ દૂકડ મોય હો,
પુજ **જેમલજીરા** પ્રસાદથી રે, રિષ **રાયચંદ** કહે જોય.
સંવત **અઠારે એકવીસમે** રે લા. ગઢ **જોધાંણો** મઝાર હો,
ફાગુણ વદ એકમ દિને રે, લા. સુણતાં જેજેકાર હો.

(૧) કુશલ.

[પ્રકાશિત : ૧. જૈન વિવિધ ઢાલ સંગ્રહ પૃ.૯-૨૦.]

**(૪૪૦૪) [+] [ચિત્ત] સમાધિ પચવીસી** [અથવા **સઝાય**] ર.સં. ૧૮૩૩ મેડતામાં

**અંત** – **દશાશ્રુતસ્કંધ** માંહિ ચાલ્યો, વલિ **સમવાયંગરી** સાખ રે, પ્રા.
**સમાધિ પચવીસી** કીધી સંપૂર્ણ, ઋષિ **રાયચંદ** ઇમ ભાખી રે.
પ્રા. ચિ. ૨૪
પ્રસાદ **જેમલજી** કેરે કીયો, ગ્યાંન તણો અભ્યાસ રે,
સંવત **અઠારે** વરસ **તેત્રીસે, મેડતે** નગર ચોમાસ રે. ૨૫

(૧) પ્રાણજીવન મોરારજી શાહ, રાજકોટ, પાસે. (૨) સઝાયનો થોકડો, પ.સં.૨૭-૧૫, ધો.ભં. [ડિકેટલોગભીજે ભા.૧ (પૃ.૧૯૮), મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જૈન સઝાયમાલા ભા.૨ (બાલાભાઈ). ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૨ તથા અન્યત્ર.]

**(૪૪૦૫) [+] ગૌતમ સ્વામીનો રાસ** ર.સં.૧૮૩૪ ભાદ્ર.શુ.૯ વિકાનેરમાં

**આદિ** – દુહા.
ગુણ ગાઉં **ગૌતમ** તણા, લબ્ધિ તણા ભંડાર,
વડા શિષ્ય ભગવંતના, જેને જાણે જગ સંસાર. ૧
પ્રતિબોધ્યા પ્રભુ કને, ગણધર **ગૌતમ**સાંમ,
સંજમ પાલિ સિદ્ધ હુવા, જેનું લીજે નિત પ્રતિ નામ. ૨

**અંત** – કાતિ વદ અમાવાસમેં, શ્રી મુગતેં ગયા **વર્ધમાન**,
**ઈંદ્રભૂતિ**ને ઉપનો, નિરમલ કેવલજ્ઞાનજી.
ધર્મ દીપાયો નગર પુર ગાંમજી, પછે પોતા શિવપુર ઠાંમજી,
સિદ્ધ કીધાં આતમકાંમજી, કલ્યાણ થાએ લેતાં નામજી.
તે પામે અવિચલ ઠામજી, તેને વાંદુ શિર નાંમજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રિષિ **રાયચંદજી** કીયા ગુણગ્રામજી, ધનધન શ્રી **ગોતમસ્વામીજી.**
શ્રી. ૧૨

પુજ્ય **જેમલજી**રા પ્રસાદ સું, એ કીધો જ્ઞાંનઅભ્યાસ,
સંવત **અઢારે ચોત્રીસમે,** નવમી સુદ ભાદ્રવા માસજી.
એ કીધો **ગોતમનો** રાસજી, સુણજો સહુ મનઉલાસજી,
પામીએ વચન લીલવિલાસજી, સેવકની પૂરો આસજી.
દેજો મને અવિચલ વાસજી, જેમ થાએ જ્ઞાનપ્રકાશજી,
જેમ દાલિદ્ર જાએ નાસજી, સેહેર **વીકાનેર** ચોમાસજી. શ્રી. ૧૩

(છેલ્લી ત્રણ પંક્તિને બદલે બીજી એક પ્રતમાં નીચે પ્રમાણે પાઠાંતર છે)

ઋષિ **રાયચંદ** ઇમ ભાસજી, સેર **વીકાનેર** ચોમાસજી,
સમરો **ગોતમનો** રાસજી, જ્યું પામો મોખ-આવાસજી.
સુખસંપદ લીલવિલાસજી. શ્રી ગૌ. ૧૩

(૧) લ. રૂષિ શ્રી ૭ દામજી શ્રી ધોરાજી મધ્યે. પ.સં.૩-૧૪, રાજકોટ મોટા સંઘનો ભંડાર. (૨) પ.સં.૨, ગુ.વિ.ભં. (૩) સં.૧૮૮૪ કા.વ.૧૪ શનિ, શ્લોક ૧૫૦ આશરે, પ.સં.૨-૧૩, ધો.ભં.

[પ્રકાશિત : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૨.]

**(૪૪૦૬) [+] લોભપચીસી** ર.સં.૧૮૩૪ આસો વદ ૦)) વિકાનેર

(૧) સઝાયનો થોકડો, પ.સં.૨૭-૧૫, ધો.ભં.

[પ્રકાશિત : ૧. જૈન સઝાય સંગ્રહ (જૈન જ્ઞાનપ્રસારક સભા). ૨. જૈન સજ્ઝાયમાલા ભા.૨ (બાલાભાઈ).]

**(૪૪૦૭) [+] જ્ઞાનપચીસી** ર.સં.૧૮૩૫ જોધપુર

(૧) ઉપરની પ્રત.

[પ્રકાશિત : ૧. જૈન સઝાય સંસહ (જૈન જ્ઞાનપ્રસારક સભા.) ૨. જૈન સજ્ઝાયમાલા ભા.૨ (બાલાભાઈ).]

**(૪૪૦૮) [+] આષાઢાભૂતિ ચોઢાલિયું (અથવા પંચાઢાલિયું)**
ર.સં.૧૮૩૬ આસો ૧૦ નાગોરમાં

**આદિ – દરશન** પર સો બાવીસમો, કાઢો તિણુરો કામ,
પાંચ દૂષણને પરહરો, પાકો રાખ્યો પરિણામ. ૧
**ઉત્તરાધ્યયન** કથા મધ્યે ચાલો **આષાઢોભૂત,**
પહિલાં પરિણામ પોચા પડા, પછે સેઠા દીધા સૂત. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – **ઉત્તરાધ્યય** અધ્યયન દુસરે રે, લાલ, કથામેં અધિકાર હો, ભ.
તિણ અણુસારમાં ફાક કયો રે લા. **રાયચંદજી** પર ઉપકાર હો.
સમકિત દઢ પંચઢાલીયો રે લા. કહો કથામાં જોય હો. ભ.
અન્યથા જો કોઇ આવીયો રે લા. તે મિછામી દુકડ મોય. હો. ભ.૧૦
પૂજ **જેમલજી** રે પ્રસાદથી રે લા. **નાગોર** સહેર ચોમાસ હો.
પંચઢાલો જોડો જગત સુ રે લા. સમકિતજોતપ્રકાસ હો. ભ. ૧૧
સંવત **૧૮૩૬**મે રે લા. આસો જવ દશમ દન હો. ભ.
રાખે સમકિત નરમલો રે લા. તે જગમેં જાણુ ધન હો. ભ. ૧૨

(૧) પ.સં.૫–૧૦. ધો.ભં. (૨) પ.સં.૪–૧૩, ધો.ભં. (૩) ગો.ના.

[પ્રકાશિત : ૧. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૨. ૨. જૈન સઝાય સંગ્રહ (જૈન જ્ઞાનપ્રસારક સભા).]

**(૪૪૦૯) કલાવતી ચોપાઈ** ર.સં.૧૮૩૭ આસો શુદ ૫ મેડતામાં

**આદિ** – જુગબાહુ જિન જગતગુરૂ, પ્રણમું જેહના પાય,
સીલ તણી મહિમાકરૂ, ચરિત્ર સુણો ચિત લાય. ૧
કાપ્યા હાથ **કલાવતી**, ભરમ ધરે ભૂપાલ,
પિણ ચોખે ચિત **કલાવતી**, સીલ ફલ્યો તતકાલ. ૨

**અંત** – એતો કથા સુહાવણીજી, સુણતાં વાધે પ્રેમ,
પૂજ્ય **જેમલજી** રે પ્રસાદજી, રિષ **રાયચંદ** કહે એમ.
સંવત **અઢારે સેતીસમેં**જી, કીયો આસોજ માસ અભ્યાસ.
પ્રસિધ પાંચમ ચાંનણીજી, **મેડતે** નગર ચોમાસ,

(૧) સં.૧૮૩૭ ફાગણ સુદ ૨ **પાલીમાં**. પ.સં.૭–૧૫, વિ.ને.ભં.

[રાહસૂચી ભા.૧.]

**(૪૪૧૦) મૃગાંલેખાની ચોપાઈ** [અથવા **મૃગાંકલેખા ચરિત્ર**] ૬૨ ઢાળ
ર.સં.૧૮૩૮ ભાદ્ર. વદ ૧૧ જોધપુરમાં

**આદિ** – **આદેસર** જિન આદિદેવ, ચોવીસમા **મહાવીર**,
જેહને મુખ આગલ હુવા, **ગોતમ**સ્વામિ વજીર. ૧
દેવ અરિહંત દૂજો નહિ, સિદ્ધને કરી સલામ,
આચારજ ઉપાધ્યાય ધન્ય, સાધુ સાધે આતમકામ. ૨
પરમેસર મુઝ પાંચ પદ, હૂવાં દૂત્રિકાલ,
દદ અક્ષર દુરે કરિ, રચું ગ્રંથ રસાલ. ૩
સુણો **મૃગલેખાની** ચોપઈ, ચોખે ચિત નરનાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભલજો સુરતા થઈ, આલસ ઉંઘ નિવારિ. ૪

અંત – ઢાલ ૬૨

સોભાગી સુંદર ભાવ વડો સંસાર,

*

**શીલતરંગિણી** સૂત્રમેંજી, **મૃગલેખાનો** અધિકાર,
તિણુને અનુસારે કરીજી, જોડયો એ ચિત્ર ઉદાર. ૫
જે કોઈ અધિકોઓછો આવિયો, જે ખોટા અક્ષર એક,
તેહનો મિચ્છામી દૂકડોજી, કેવલી શાખ વિશેષ. ૬
એ **મૃગલેખાની** ચોપાઇજી, સંપૂર્ણ થઇ બાસઠમી ઢાલ,
ભણે સુણે જે પ્રાણીયાજી, જ્યારે વરતે મંગલમાલ. ૭
એ શીલ ઉપર સહુ ચાલીયોજી, શીલ સમો નહિ કોય,
શીલ થકી સંકટ ટલેજી, **મૃગલેખા** લેવો જોય. ૮
પૂજ **ભૂધરજી** હુવા દીપતાજી, જયારા પૂજ **જેમલજી** શિષ્ય જાંણ,
પરઉપગારી પૂન્ય આતમાજી, ભારી સ્વભાવ વખાંણ. ૯
પુજ **ભૂધરજી**રા પાટવીજી, જ્યારો શિષ્ય ઋષિ **રાયચંદ**,
**મૃગલેખાની** જોડી ચોપઇજી, ભાષા સરસ સંબંધ. ૧૦
સંવત **અઢારે સે અડતીસમેં**જી, ભાદ્રવા વદ ઇગ્યારસ જાંણ,
ચોમાસો સહર **જોધપૂરમેં**જી, જડે રચીયો એ મંડાણ. ૧૧
દાન શીલ તપ ભાવનાજી, શિવપુર મારગ ચ્યાર,
પિણ ઇણ ચોપાઇ માહે અછેજી, શીલ તણો અધિકાર. ૧૨
શીલ થકી સુખ શાશ્વતાંજી, પહેલે પામે અમરવિમાણ,
સુખસંપત્તિ લીલાં મિલેજી, વરતે કોડિ કલ્યાંણ. ૧૩

(૧) સંવત ૧૮ સે ૫૧ મીતી ભાદરવા સુદ ૫ સોમવાસરે, લિ. ફતેચંદ લુંકાગછે. પ.સં.૫૪–૧૦, ગો.ના. (૨) પ.સં.૧૧, ભાવ.ભં. [ડિકેટલૉગભીજે ભા.૧ (પૃ.૧૧૨), જૈહાપ્રોસ્ટા (અજ્ઞાતને નામે), હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૪૫).]

**(૪૪૧૧) મહાવીર ચોઢાલિયું** ર.સં.૧૮૩૯ દિવાલી નાગોરમાં

**આદિ –** **સિદ્ધારથ**કુલે તુ ઉપનો **ત્રિશલાદે** થારી માતજી
વરસીદાંન દેઇ કરી થે સંજમ લીધો જગનાથજી
થે મન મોહ્યો **મહાવીરજી.**

**અંત –** ઋષિ **રામચંદ**જી કહે સૂણો હો ગ્નાની દયારૂપ દીવાલી થે લેજ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનિ. વિ. ૨૧

કલસ.

શ્રી શાસણુનાયક મુગતિદાયક દયાધર્મ ઉજવાલીયે।
શ્રી **ગોતમ**સ્વામિ મુગતિગામી તેહનો કીયો ચિતવલભ ચોઢાલીયો
સંવત **અઢારે** વરસ **ઉગણચ્યાલીસે** **નાગોર** ચોમાસો નિરમલ મને,
પુજ્ય **જેમલજી**રે પ્રસાદે સંપૂર્ણ કીયો દીવાલી રે દિને. ૨૩

(૧) પ.સં.૩-૧૩, ધો.ભં. [આલિસ્ટઑઇ ભા.૨.]

**(૪૪૧૨) દેવકી ઢાલ** ર.સં.૧૮૩૯ નાગોર

(૧) પ.સં.૧૯, અભય. પો.૧૨ નં.૧૦૪. (૨) ચતુ.

**(૪૪૧૩) જોબન પચીસી** ર.સં.૧૮૪૦ જોધપુર

(૧) સઝાયનો થોકડો, પ.સં.૨૭-૧૫, ધો.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૮).]

**(૪૪૧૪) ઋષભ ચરિત્ર** ૪૭ ઢાળ ર.સં.૧૮૪૦ આસો શુ.૫ પિપાડમાં

**આદિ** – અરિહંત સિદ્ધ ને આયરીયા, ઉવઝાયા અણગાર,
પદ વાંચને હું નમું, અઠોતરસો વાર. ૧
સાસણનાયક સમરીયે, ભગવંત **વીર** જિણંદ,
જિણ **આદેસર**નો ભાંખ્યીયો, સૂત્ર માંહિ સંબંદ્ધ. ૨
તેરે ભવનો તે વલી, ભાંખ્યો છે વિસ્તાર.
**ઋષભચરિત્ર** કહું સુંપ સું, સાંભલજ્યો નરનાર. ૩

**અંત** – ઢાલ ૪૭મી

આણંદજી સેવા નંદા રે લાલ એ, પ્રથમ જિણેસર જુગગુરૂ રે લાલ,
ત્રિભુવન તીર્થનાથ મંન મોહ્યો, ધોરી હુવા જૈન ધર્મના રે લાલ. ૧
**ઋષભ** જિણેસર માહરો રે લાલ. હું જપ રહ્યો જિણરો જાપ મનમોહ્યો.
કર્મ સંચ્યા ભવ કોડના રે લાલ કિસલ હોવે પાપ. મ. ઋ. ૨
સુખ પ્રભુ પાયા સાસ્વતા રે જન્મ મરણ નહી રોગ, મ.
પરમ આણંદ પ્રભુ પામીયા રે જિહાં મુકી ચિંતા ને સોગ. મ. ઋ. ૩
થે કુરણાનિદ્ધ કિરપ્પા કરો રે મયા કરો મહારાજ, મ.
હુસ ઘણા દિનરી હુતી રે સફલ થાહો મુઝ આજ. મ. ઋ. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઋષભચરિત્ર** કીયો ચુંપ સુ રે કથા તણે અનુસાર, મ.
ગુણ ગાયા અરિહંતના રે, હું પામીસ ભવપાર. મ. ઋ. ૫
સાખિ **આવસગ સુત્રની** રે વળી **કલપસુત્ર** લીનો સોજ, મ.
**જંબુદીપ પનંતિથી** જાંણીયો રે ચોથો લગાયો સોજ. મ. ઋ. ૬
અદ્ધિકોઉછો આવીઉ રે, વિપરીત તણો હોય, મ.
મિછામિ દુકડો મેં દીયો રે, દોસ મ દેજો કોય. મ. ઋ. ૭
**રિષભચરિત્ર** પુરો હુવો રે, એ સડતાલીસમી ઢાલ, મ.
ભણજ્યો ગુણજ્યો ભાવ સુ રે, વરતે મંગલમાલ. મ. ઋ. ૮
પુજ્ય **જેમલજી**રા પ્રસાદથી રે, કહ્યો રિષ **રાયચંદ**, મ.
સગલી ઢાલ સુહામણી રે, સંપૂર્ણ સંબંદ્ધ. મ. ઋ. ૯
સંવત **અઢારે ચાલીસમે** રે આસુ માસ અભ્યાસ, મ.
શુકલપક્ષ દિન પંચમી રે, સહિર **પિપાડ** ચોમાસ. મ. ઋ. ૧૦
**ઋષભચરિત્ર** નિરમલો રે, સુણજ્યો મનઉલ્લાસ, મ.
સુખસાતા બહુલી હુસે રે, પામસો લીલવિલાસ. મ. ઋ. ૧૧

કલસ.

શ્રી **નાભનંદન** જગતવંદન સોવનવર્ણ સુહામણો,
નેણા દીઠા લાગે મીઠા હિયો હરખે અતિ ઘણો. ૧
**આદ** જંપે કર્મ કંપે નિતનીત રહે રંગરલી,
આણંદ પુરે વિઘન ચુરે મનમાન્યા પાસા ઢલ્યાં. ૨
એ ચરિત્ર કીધો અમૃત પીધો હિયો હરખ્યો અતિ ઘણો,
ભણતે સુણતે વલભ લાગે, ચિતહરણ સુહામણો. ૩
મન માંને સુણે કાને સખરી સડતાલીસમી ઢાલ એ,
બુદ્ધ પ્રમાણે ઢાલ જોડી, કથાને અનુસાર એ.

(૧) લ.સં.૧૮૭૧, ઘો.ભં.

**(૪૪૨૫) નર્મદાસતીની ચોપાઈ** ૨૮ ઢાળ ર.સં.૧૮૪૧ માગસર જોધપુરમાં

**આદિ-** સાસણનાયક સમરીયે, મોખદાયક **મહાવીર**,
જેહના મુખ આગલ હૂવા, **ગોતમ** સાંમ વજીર. ૧
સીલવંતા-સીરસેહરાં, નિરખુ **નેમ**કુમાર,
જિણ રાંણી **રાજલ** પરહરી, ઈંદ્રાણી અવતાર. ૨



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીલ સમે સંસારમે, નહી અમોલખ ધન,
જિમ સતિ **નરબદા** પાલીયો, તેનો ચરિત્ર સુણો એક મન. ૩
કસટ પડાં સીલ રાખીયૌ, **નરબદા** નામે નાર,
ચીત ભલઇ ચૌપઇ, સાંભલજો નરનાર. ૪

**અંત –** ઢાલ ૨૮ ચોથે મંગલીની દેસી
**સીલ-ઉપદેશમાલ** ગ્રંથમે એ, તિણ માહે વીસતાર,
જે ભાષા રિષ **રાયચંદજી** જોડી જુગત સુ એ, લેઇ ગ્રંથની સાર. ૯
પૂજ **ભુધરજી** હુવા દીપતાજી, જી રે પૂજ **જેમલજી** હુવા પાટ,
તીકે પરઉપગારી પૂજ્ય આતમા એ, જો કીયા ઉપગારરા થાટ. ૧૦
એ **નરબદા** સતીની ચૌપઈ એ, મે જોડી જારે પ્રસાદ,
ગુણ ગુથ્યા સીલરા એ, સુણતાં લાગે સવાદ. ૧૧
એ અઠાવીસમી ઢાલ સુહાંવણી એ, સંદૂ હુવો પૂર્ણ સબંધ,
સીલ થકી **સુલસા** સતી એ, સીલે સદા આણંદ. ૧૨
સમંત **અઠારે ઈગતાલીસમે** એ, સૈર **જોધપુર** ચૌમાસ,
માસ માગસરમે સંપૂર્ણ કરી એ, ચિત ચોખે લીલવિલાસ. ૧૩

(૧) પ.સં.૮–૧૭, ધો.ભં. [જૈહાપ્રોસ્ટા (અજ્ઞાતને નામે).]

**(૪૪૧૬) નંદન મણિહાર ચોપાઈ** નાગોરમાં
(૧) પ.સં.૩, ચતુ.

**(૪૪૧૭) ચેતનપ્રાણી સઝાય** ૪ ઢાળ

**(૪૪૧૮) કૃપણ પચીસી** જોધપુરમાં
(૧) સઝાયનો થોકડો, પ.સં.૨૭–૧૫, ધો.ભં.

**(૪૪૧૯) કપટ પચીસી** મેડતામાં
(૧) જુઓ ઉપરની કૃતિને અંતે.

**(૪૪૨૦) અન્ય સઝાયાદિ**

**૧** શિવપુર નગર સઝાય, ૨.સં.૧૮૨૦ ફલોધી. **૨** ગૌતમસ્વામી સઝાય, ૨.સં.૧૮૨૭ જોધપુર. **૩** સીમંધર સ્ત., ૨.સં.૧૮૩૧ બિકાનેર. **૪** [+] મરુદેવી સઝાય, ૨.સં.૧૮૩૩ મેડતા [પ્રકાશિત : ૧. જૈન સઝાય સંગ્રહ (જૈન જ્ઞાનપ્રસારક સભા. ૨. જૈન સઝાયમાલા ભા.૨ (બાલાભાઈ).] **૫** સીમંધરસ્વામી વિનતિ, ૨.સં.૧૮૩૪ બુસી ગામ. **૬** નાલંદપાડા સઝાય, ૨.સં.૧૮૩૯ નાગોર. **૭** સમકિત સઝાય, ૨.સં.૧૮૪૦ તવરી ગામમાં. **૮** સુગુરુ સઝાય, ૨.સં.૧૮૪૫ આ.શુ.૨ જોધપુર. **૯** [+] [મહાવીર]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવાલી સ્ત., ર.સં. ૧૮૪૭ મેડતા [પ્રકાશિત : ૧. જૈન રત્નસંગ્રહ. ૨. જૈન સ્વાધ્યાય મંગળમાલા ભા.૧. ૩. જૈન સજ્ઝાયમાલા ભા.૨ (બાલાભાઈ)]. ૧૦ ગણધર સઝાય, તમરી ગામમાં. ૧૧ કુગુરુ સઝાય. ૧૨ શિખામણ સઝાય. ૧૩ સાધુ સઝાય. ૧૪ અજિતનાથ સ્ત., જાલોર.

(૧) સર્વ કૃતિઓ – સઝાયનો થોકડો, પ.સં.૨૭-૧૫, ધો.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૨–૪૯, ૩૨૯–૩૦ તથા ૧૫૩૭–૩૮. ત્યાં 'મૃગલેખાની ચોપાઈ'માં "ભાદ્રવ બુધ ઇગ્યારસ જાણ" એમ છપાયું હતું પરંતુ મથાળે ભાદરવા વદ બતાવ્યું છે ને અન્યત્રથી 'બુધ'ને સ્થાને 'વદ'ના પાઠને ટેકો મળે છે. તેથી એ પ્રમાણે પાઠ સુધાર્યો છે.]

**૧૨૭૨. વાન** (શ્રાવક, જ્ઞાનવિમલસૂરિ-સંતાનીય વિબુધવિમલસૂરિશિ.)

**(૪૪૨૧) + વિબુધવિમલસૂરિ રાસ** (ઐ.) ૧૩ ઢાળ ર.સં.૧૮૨૦ શ્રાવણ શુદ ૧૩ બુરહાનપુરમાં

**આદિ** – પરણમું **પાસ** જિણંદનાં, ચરણકમલ સુખદાય,
**વીર**શાસન સુની ગાયસું, વંછીત પુરે માય. ૧
**વીર**શાસન મુનિ બહુ હૂઆ, કેતાં ના આવે પાર,
આ કાલે મુનિ જે હૂઆ, કેસું અલ્પ વિચાર. ૨
શું શું કરણી તેણે કરી, શું શું કર્યા ઉપગાર,
ચિત્ત દેઈને સાંભલો, વારો હૃદય મઝાર. ૩
તિન કારણ તું **સુરસતી**, દીજે વચનવિલાસ,
**લખમીવિમલ** ગુરૂ ગાયસું, પૂરે મનની આસ. ૪
**અંત** – **વીર**શાસન મુનિરાજ ગાયે કે, સુખ લીજીએ હો લાલ,
**બિબુધ**સેવક કહે **વાંન** કે, શિવસુખ દીજીએ હો લાલ. ૮

દુહા.

**વિબુધવિમલ**સૂરી ગાઈઆ, ગાયા રંગ રસાલ,
**વીર**શાસન મુનિ ગાવસેં તસ દાર મંગલમાલ.

ઢાલ ૧૩ ગીરૂઆ રે ગુણ તુમ તણા – એ દેશી.

**વિબુધવિમલ**સૂરી ગાઈઆ, ગુણ ગાતાં સંપતિ થાય રે,
રીધ સીધ નવનિધ ઘરૂ, વંદતાં પાપ પલાય રે. વિ.૧
(અહીં પાટપરંપરા આવે છે ને છેવટે જણાવે છે કે)
**વિજયપ્રભ**સૂરી તસ પાટે **જ્ઞાનવિમલ**સૂરી રાજે રે. વિ.૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સૌભાગ્યસાગરસૂરી** તસ પાટે, **સુમતિસાગરસૂરી** છાજે રે,
તસ પાટે હવે ગાઉં **વિબુધવિમલસૂરી** રાજે રે. વિ.૯
નિર્મલ કરણી નિર્મલ વાંણી, દેખીને સુખ પાયા રે,
શ્રાવક દાસ તુમારો સામી, તુમ ચરણે ચિત્ત લાયા રે. વિ.૧૦
સંવત **અઢાર સેં વીસના** વરસે **મહિમાવિમલસૂરી** આયા રે,
શ્રાવણ શુદ તેરસને દીને, **બુરહાંણપુર** નગરમાં ગાયા રે. વિ.૧૧
**વીરશાસન** મુનિ જે ગાએ, તસ ઘરે સર્વ સુખ આવે રે,
મંગલમાલા ઝાકઝમાલા, અજરામર સુખ થાવે રે. વિ.૧૨

કલશ

**વીર** જિનવર સયલ સુખકર **ગૌતમ** ગણહર ગાઈએ
તુમ સુણો હો ભવીઆં ચિત્ત આણી નામ નવનિધિ પાઈએ,
નામી લીજે સેવ કીજે તનમન કીજે વારીયાં
**વિબુધવિમલસૂરી**-સેવક કહે સીવરમણી કરે ઉવારીઆં.

પ્રકાશિત : ૧. જૈ.ઐ. ગૂર્જર કાવ્યસંચય.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૩-૦૪.]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૨૭૩. સુમતિપ્રભસૂરિ–સુંદર (વડગચ્છ જિનપ્રભસૂરિ–સુખપ્રભસૂરિશિ.)

(૪૪૨૨) [+] **ચોવીશી** ૨૫ ઢાળ ર.સં.૧૮૨૧ કા.શુ.૫ અમદાવાદમાં
**આદિ –** અથ સુંદરકૃત **ચોવીસી** લિખ્યતે.
ઢાલ રાજહંસ મોતી ચુગે એ દેસી

**આદીસર** અવધારીએ દાસ તણી અરદાસ **રીષભજી**
આસ નિરાસ ન કીજીયે, લીજીયેં જગ જસવાસ **રીષભજી.** ૧ આ.

*

જાણી સેવક જગધણી આપો અવિચલ વાસ, રી.
તરણતારણ પ્રભૂ તારીયે, દાખે **સુંદર** દાસ, રી. ૫ આ.

**અંત –** ઢાલ ૨૫મી. આદર જીવ ક્ષમાગુણ આદર એ દેશી.
એહવા રે જિન ચઉવીસે નમતાં, હુવે કોડ કલ્યાણજી
સય સગલાઈ ભાજી જાવે, અરિહંત માંની આંણજી. ૧ એ.

*

**રાજનગર** ચોમાસ રહીને, એ મેં કીધી જોડજી,
કવિયણને હું અરજ કરું છું, મત કાઢીજો ખોડજી. ૫

કાલાવાલા જે મેં કીધા, લેખૈ આયા તેહજી
મોટારા ગુણ કરતાં મુખથી, ઉવેખૈ કુણ એહજી. ૬
ગુણતાં શ્રી જિનવરની કીરત, વાધૈ જગ જસવાસજી,
લૂખો તેહી વિણ તર ધારી, ખંડ લગસથી પાસજી. ૭
સંવત અઠાર ઈકવીસા માંહે, ઉતમ કાતી માસજી,
સોભાગ્યપાંચમ પરવ તણો દિન, ગાયા ગુણ ઉલાસજી. ૮
શ્રી વડગચ્છ તણા પટોધર, શ્રી જિનપ્રભ સૂરીંદજી,
તાસ પાટ સુખપ્રભ સૂરિસર, તેજે જિમ દિણંદજી. ૯
તાસ પસાય સુમતપ્રભુ સૂરે, ગાયા જિન ચોવીસજી,
ભણતાં ગુણતાં સુણતાં ભવિજનને, હોવે શીયલ જગીસજી. ૧૦

(૧) ઇતિ શ્રી ચતુર્વિંશતિકા સંપૂર્ણ. પ.સં.૮–૧૪, અનંત. ભં.૨. [પ્રકાશિત : ૧. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા.૨ (પાંચ સ્તવનો).]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૫–૦૬.]

## ૧૨૭૪. ઉદયકમલ (ખ. જિનચંદ્રસૂરિ–ક્ષમાસમુદ્ર–ભાવકીર્તિ–રત્નકુશલશિ.)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૪૪૨૩) વિજયશેઠ વિજયાશેઠાણી ચોપાઈ ૧૧ ઢાલ ૨.સં.૧૮૨૧ જેઠ શુદ ૧૨ સોમ કમાલપુરમાં

આમાં મારવાડી ગુજરાતી મિશ્રિત છે.

આદિ – દૂહા

શ્રી જિનરાજ નમી કરી, ગ્યાંન વિમલ દાતાર,
વિઘનવિડારણ સુખકરણ, પરદુખકાટણહાર. ૧
સરસ વચનદાયક નમું, સરસતિ દેવ સુમાત,
જાકે વંદત પાંમીયૈ, ગ્યાંન તણાં અવદાત. ૨
પાંચ વરતમેં શીલવ્રત, ઉત્તમ હૈ હિતકાર,
વિજય શેઠ વિજયા વલી, પાયા શિવસુખ સાર. ૩
તાકો હું તુચ્છ બુદ્ધિ સૌં, કહિસ્યું કુછ સુવિચાર,
સાંભલિજ્યો તુમ ભવિકજન, મેરી મતિ અણુસાર. ૪

અંત – ઢાલ ૧૧ ધન્યાસિરી. ઈમ ધન્નો ધણને પરચાવઇ – એ દેશી.

દંપતિ ઇણુ વિધ ચારિત્ર પાલી, દૂષણ સગલા ટાલી રે,
ચ્યારે ઘાતીયાં કર્મ પ્રજાલી, નિજ આતમ અજુઆલી. દં.૧
નિરમલ કેવલગ્યાંન સુપાઈ, મુક્તિવધૂ મન લાઇ,

મહા મોહરાજાકું હરાઈ, આઠે કરમે જરાઇ રે. દં.૨
નિરાબાધ સુખ પાયા જિણુનૈ, સીલડી પાલ્યો તિણુનૈ રે,
ઇસ ભવિજન કુમતી કરો મિણુને, સેવો મન ધરિ જિણુનૈ રે. દં.૩
શ્રી **ખરતરગચ્છ** મહિમાધારી, સબ ગચ્છમેં ગુણધારી રે,
જંગમ જુગપરધાન સુવિચારી, ભટ્ટારકપદ-ધારી રે. દં.૪
શ્રી **જિનચંદ**સૂરિ ગચ્છધારી, દુરગતિ જિણ નિવારી રે,
તાકે શિષ્ય વાચકપદધારી, શ્રી **ક્ષેમાસમુદ્ર**ગણિ ધારી રે. દં.૫
તાકે શિષ્ય મહાસુખકારી, વાચકવર હિતકારી રે,
શ્રી **ભાવકીર્તિ**ગણિ દુખકે હારિ, તાકે શિષ્ય પુન્યધારી રે. દં.૬
પાઠકવર શ્રી જગમૈં નામી, **રતનકુશલ**ગણિ સ્વામી રે,
તાકો શિષ્ય સુવરપથગામી, **ઉદયકમલ** મુનિ નામી રે. દં.૭
તિણને મનસુધ ચોપઇ ગાઇ, લાગૈ સુણત સુહાઇ રે,
સેવક નિજ **ગુણકમલ** બરાઇ, તસુ પઠણું હેત બનાઇ રે. દં.૮
સંવત **અઢાર સૈં ઇકવીસે** જેઠ **શુકલ** સુભ માસૈ રે,
દ્વાદશિ તિથિ દેખત મન હીસૈ, સોમવાર શુભ દીસૈ રે. દં.૯
**વિજય** શેઠ **વિજયા** શેઠાંણી, તાકી એ કહી કહાંણી રે,
શીલ પાલો તુમ ભવિજન જાણી, ભણિજ્યો ચરિત્રા સુહાંણી રે. દં.૧૦
જો કો અરથ કહ્યો મેં ખોટો, સિદ્ધ સાખ સોં મોટો રે,
મિચ્છા દુક્કડ હોજ્યો ભલોટો, દીજે કરમકાં ઓટો રે. દં.૧૧
ઇગ્યારમી ઢાલ ભવિકજન ભણિજ્યો, નિજ પાતકવન લુણજ્યો રે,
ગાંવ **કમાલપુરેમેં** થુણિજ્યો, તજ પરમાદ ગુણિજ્યો રે. દં.૧૨
—ઇતિ શીલાધિકારે વિજયશેઠ વિજયાશેઠાણી ચઉપઇ સમાપતં.
(૧) એક નાનો ગુટકો, જશ.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૨-૦૩. ત્યાં ર.સં.૧૮૨૦ દર્શાવેલો તે 'ઇકવીસે' એ સ્પષ્ટ પાઠ જોતાં સરતચૂક ગણવી જોઈએ.]

**૧૨૭૫. ગુલાલ** (ગુજરાતી-ગચ્છ નગરાજ–પુણ્યવિમલ–કેસરશિ.)

**(૪૪૨૪) તેજસારકુમાર ચોપાઈ** ર.સં.૧૮૨૧ શ્રાવણ શુ.૮ રવિ નૌવામાં

**અંત –** ગચ્છ **ગુજરાતી** સહુ જિન જાંણૈ, શ્રી પૂજ્ય શ્રી **નગ** રાજ્ય વષાંણૈ
પંચ મહાવ્રતના અનુરાગી, ગચ્છનાયક છે સબલ સોભાગી. ૧૨
**પુંન્યવિમલ** ઋષિ મહામુનિ રાઇ, તેહના શિષ્ય **કેસર** સુખદાઇ,
જયાંકી જોડ કલા છે ભારી, તસુ શિષ્ય **ગુલાલ** કહે સુવિચારી. ૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

સંવત **અઠાર** અને **ઈકવીસૈ**, શ્રાવણ સુદિ આઠિમ રવિ દીસૈ,
ચોપઈ જોડી ગાંવ **નૌવામૈ**, ભણતાં ગુણતાં બહુ સુખ પામૈ. ૧૫

(૧) ચેનસાગરજી ભં. ઉદયપુર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૬.]

**૧૨૭૬. દેવવિજય** (ત. વિનીતવિજયશિ.)

**(૪૪૨૫) અષ્ટપ્રકારી પૂજા** ર.સં.૧૮૨૧ આસો શુદ ૩ શુક્ર પાદરામાં

**આદિ** – દૂહા

અજર અમર અકલંક જે અગમ્ય રૂપ અનંત,
અલખ અગોચર નિત્ય નમું જે પરમ પ્રભુતાવંત. ૧
શ્રી **સંભવ** જિન ગુણનિધિ ત્રિભુવનજનહિતકાર,
તેહના પદ પ્રણમી કરી, કહસ્યું અષ્ટ પ્રકાર. ૨
પ્રથમ નવણપૂજા કરો, બીજી ચંદન સાર,
ત્રીજી કુસુમ વલી ધૂપની, પંચમી દીપ મનોહાર. ૩
અક્ષત ફલ નૈવેદ્યની, પૂજા અતિહિં ઉદાર,
જે ભવિયણ નિતનિત કરે તે પામે ભવપાર. ૪

**અંત** – અનુક્રમે અષ્ટ કરમ હણી એ, અષ્ટમી ગતિ લહો સાર,
સા **નાન્હા**-સુત સુંદરૂ એ, વિનયાદિક ગુણવંત,
સા **જીવણના** કહણથી કીઓ અભ્યાસ એ સંત. ૩
સકલપંડિતશિરશેહરો એ, શ્રી **વિનીતવિજય** ગુરૂરાય,
તાસ ચરણસેવા થકી એ, **દેવ**નાં વંછિત થાય. ૪
**શશિ નયણ ગજ વિધુ** વરૂ એ, નામ સંવછર જાણ,
તૃતીયા સિત આસો તણી એ, સુક્કરવાર પ્રમાણ. ૫
**પાદરા** નગર વિરાજતા એ, શ્રી **શંભવ** સુખકાર,
તાસ પસાયથી એ **રચી** એ પૂજા અષ્ટ પ્રકાર. ૬

કલશ

ઈય જગતસ્વામિ મોહ વામી મોક્ષગામી સુખકરૂ
પ્રભુ અકલ અમલ અખંડ નિર્મલ ભવ્ય મિથ્યા-તમ-હરૂ
દેવાધિદેવા ચરણસેવા નિત્ય મેવા આપીઇ
નિજ દાસ જાંણી દયા આંણી આપ સમોવડિ થાપીઇ.

કાવ્યં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિજિનવરવૃંદં શુદ્ધભાવેન કીર્તિવિમલમિહ જગત્યાં પૂજ્યંત્યષ્ટધા યે
નિજકલિમલહેતો કર્મણાં તં વિધાય પરમગુણમયં તે યાંતિ મોક્ષં હિ
વીરાઃ. ૯

(૧) સં.૧૮૨૭ વર્ષે જ્યેષ્ટ શુદિ ૪ શનાવિતિ મંગલ શ્રી **સૂરતિ** મધ્યે લિ. મુ. **ભાગ્યેન.** પ.સં.૫-૧૧, સીમંધર ભં. સુરત. દા.૨૦ નં.૪. (૨) સંવત્ ૧૮૫૧ના વર્ષે માહા શુદિ ૧ દિને લષીતં મુની **મોતીવીજે.** શ્રી **પાટણ** નગરે **પોલીએ** ઉપાસરે. પ.સં.૫-૧૦, જશ.સં. (૩) સંવત્ ૧૮૪૪ વર્ષે માગસીર્ષ સુદ ૬ વાર શનીલષીતં **ભગવાંનદાસ.** પ.સં.૫-૧૨, એક ચોપડામાં, જશ.સં. (૪) સં.૧૮૮૧ આસાઢ વદિ ૨ ભોમે. પ.સં.૪-૧૩, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૨૯૮. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૪).]

**(૪૪૨૬) અતિચાર મોટા** ર.સં.૧૮૨૨[?]

શ્રાવકના પ્રતિક્રમણના ગુજરાતી ગદ્યમાં.

(૧) ઇતિ શ્રાદ્ધવિધિ સંપૂર્ણં શ્રાદ્ધ અતિચાર સમાપ્તં. સંવત્ ૧૮૨૨ વર્ષે **વૈસાષ** વદિ ૬ દિને. સકલપંડિતશિરોમણિ પંન્યાસ શ્રી ૫ રત્નવિજેજીગણિ ઉપદેશાત્. પં. ગુલાલચંદમુનિના લિખિતં શ્રી રાજનગર મધ્યે સુશ્રાવિકા પુન્યપ્રભાવિકા દેવગુરૂ તણી ભક્તિકારકા બાઇ ઇછી પઠનાર્થં ઈદં પુસ્તકં. શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્ શુભં ભવતુ લેખકપાઠકયો. ૧. શ્રી. પ.સં.૧૨-૧૦, મુક્તિ. વડોદરા નં.૨૪૬૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૭-૦૮. ત્યાં છેલ્લા શ્લોકમાં 'કીર્તિવિમલ' શબ્દ આવે છે તે કર્તાનું અપરનામ હોવાનો તર્ક કરેલો. પરંતુ 'કીર્તિવિમલ' એ 'જિનવરવૃંદ'નું વિશેષણ છે ને એમાં કોઈ નામ વાંચવું યોગ્ય જણાતું નથી. કર્તાને આ પૂર્વના નં.૯૯૨ના વિનીતવિજયના શિષ્ય ગણવામાં આવેલા તે પણ યોગ્ય જણાતું નથી, કેમકે એ વિનીતવિજયની છેક સં.૧૭૩૨ની કૃતિ નોંધાયેલી છે. લગભગ એક સૈકા પછી એમના શિષ્ય સંભવે નહીં. આ વિનીતવિજય બીજા જ ગણવા જોઈએ. કર્તાનો તપગચ્છ બતાવ્યો છે તે અનુમાને ગણાય, કેમકે કૃતિમાં ગચ્છનો નિર્દેશ નથી.

'અતિચાર'નો સં.૧૮૨૨ તે રચનાનો કે લેખનનો તે સ્પષ્ટ થતું નથી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૨૭૭. શોભાચંદ

**(૪૪૨૭) શુકરાજ ચોપાઈ** ર.સં.૧૮૨૨

(૧) વિદ્યા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૩.]

## ૧૨૭૮. સુજ્ઞાનસાગર (ત. ચરિત્રસાગર–સુંદરસાગર–મેઘસાગર –શ્યામસાગરશિ.)

**(૪૪૨૮) ઢાલ મંજરી** અથવા **રામ રાસ** [અથવા **ઢાલસાગર**] ૬ ખંડ ર.સં.૧૮૨૨ માગશર શુ.૧૨ રવિ ઉદયપુરમાં

**આદિ** – દૂહા.

મંગલ સહજાનંદ સુખ, ચિદાનંદ નિજ ધામ,
અહનિશિ ઇકતા તેહની, કરણ હરણ દુખગ્રામ. ૧
નમિએ **આદિ** જિનેસરૂ, મિથ્યા-તિમિર-દિનેશ,
આધિવ્યાધિ ભંજન દુરતિ, ઋદ્ધિ સિદ્ધિ દિયણ સુદેશ. ૨
ભવભ્રમ-તપતિ-નિવારણો અભિનવ પુષ્કર મેહ,
**શાંતિ** જિનેશ્વર ચરણકજ, મન ધરીએ અણુરેહ. ૩
**યાદવવંશ-નભોમણી, રાજુલ**-પ્રાણ-આધાર,
ફરસ્યાં પદયુગ તેહના, તરીએ ભવોદધિ-પાર. ૪
**પાર્શ્વ** નામ મહિમાનિલો, વિષભયગંજણ સૂર,
સેવ્યાં સુરતરૂ સારિખો, કાટણ કષ્ટ ક્રૂર. ૫
શાસનનાયક **વીર** જિન, વીર તપોનિધિ વીર,
નમો નમો તસ પદકમલ, અરિ-જડ-ખોદણ સીર. ૬
ગણધર **ગૌતમ** આદિ સહુ, દ્વાદશાંગ કરતાર,
પ્રણમું તેહના પાદયુગ, જ્ઞાનકલાભંડાર. ૭
જિનમુખકમલનિવાસિની, સમરૂં **સરસતિ** દેવિ,
મિથ્યા-તિમિર-વિનાશકરિ, જ્ઞાનકલા પ્રગટેવિ. ૮
સુકવિ **ધનેશ્વરસૂરિ** ધુરિ, **હેમાચાર્ય** સુસૂરિ,
ઇત્યાદિક કમનીય મુનિ, વંદો ગુણનિધિ ભુરિ. ૯
સુગુરૂ વચન અંજન નયન, કરિ ભેદ્યો મિથ્યાત,
નિજ ગુરૂકો ઉપગાર-ગુણ, કરણ કવણ વિખ્યાત. ૧૦
દેવધર્મકો મૂલ ગુણ, કૃપા નિજરિ ગુરૂરાય,
કોટ ખાંતિકે નીરનેં, દીધો ગંગ મિલાય. ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્યામ હરણ જગ-શ્યામતા, સાગર ગુણહ ગહીર,
યાકે વંદત ચરણયુગ, મિટ ગઇ તપ સરીર. ૧૨
ધર્મ ચતુર્વિધ જિન તણો, જાણ્યો જાસ પ્રસિદ્ધિ,
જ્ઞાનારાધનતેં જગે, આપણુ સહજ સમાધિ. ૧૩
જ્ઞાનારાધન-કરણકો, બહુ વિધિ હે ઉપચાર,
મહાપુરૂષકે ચરિત્રમેં, લાધે સકલ વિચાર. ૧૪
જા જાકે જૈસી રૂચેં, તે સોહી ગુણજ્ઞાન,
નવ રસ સહિત પિછાણીએ, આગમતત્ત્વ પ્રધાન. ૧૫
અષ્ટમ નારાયણ તણી, કથા-કહણકી પ્રીતિ;
ભવજલતરણ જિહાજકે, ઇકે જિનવચનપ્રતીતિ. ૧૬
કુણ કુણ નૃપ ઇણ વંશમેં, કરિ કરિ ઉત્તમ કાજ,
તરિ સંસાર-પયોનિધિ, બેઠે ધર્મ-જિહાજ. ૧૭
કેઈ દાની શીલધર, કે તપ ભાવ વિશુદ્ધ,
કે શ્રાવક કે સંયમી, સુણિ લહીએ પ્રતિબુધ. ૧૮
એહવા વંશ વિશુદ્ધ નૃપ, તિણકી કથા વિશાલ,
કહણ થયો ષડ ખંડ કરી, મોહન રાસ રસાલ. ૧૯
વિષ્ણુ નહવૈ પ્રતિવિષ્ણુ વિણિ, એ આગમ-ઉપદેશ,
કહીએ તિણથી ધુરિ કથા, ઉત્પતિ લંક નરેશ. ૨૦
શ્રોતા નિર-અંતર સુણે, વક્તા વચનવિલાસ,
દેશકાલ સમ દાખિવ્યા, કવિગુણકલાપ્રકાસ. ૨૧
કથા તજિ સંકલેશપદ, નિદ્રા કષ્ટ નિવારિ,
સાવધાન થઈ સાંભલો, નિપુણ સહુ નરનારિ. ૨૨

**અંત –** ઢાલ વધાવાની. તથા ભેટયો રે ગિરિ રાજીયો એ દેશી.
રઘુવંશ્યાંનો રાજવી, ભોગવિ વસુધાભાર,
જસ ગાયો મેં જેહનો સહી, પાયો રે તિણિ ભવનો પાર. ૧
જાચો રે જગિ જેહનો, સુખ સાચો રે ભણતાં લહી સાર કિ
મેં તો ગાયો રે ઉત્તમ આચાર કે – જાચો રે. આંકણી.

*

ગગન ખચર અવગાહતાં પહુચેં કિણ વિધિ પારિ,
અલ્પ બુદ્ધિ આરંભિયો, સુકવિ ન હસસ્યો રે મુઝ સભાઇ
મઝારિ કે. જા. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગિરૂવો **તપ**ગચ્છ ગાજતો, પંચમિ કાલિ પ્રસિદ્ધ,
શ્રી **વિજયધર્મ** સૂરીશની, આણા પાલ કરે જાણો અવિરૂદ્ધ કે.૧૫
પંડિત જગતી પરવડા, મહિમાવંત મહંત,
શ્રી ગુરૂ **ચારિત્રસાગરૂ**, તસ સેવ કરે સુકલ્યાણ કહંત કે. ૧૬
તસ પદપંકજ ભમરલો, **સુંદરસાગર** સાધ,
સીસ તાસહ જસ સોભતા, **મેઘસાગર** રે ગુણવંત અગાધ. ૧૭
પંડિત તસ સેવકપણે, શીલે વિમલ ગુણસાર,
શ્રી ગુરૂ **શ્યામસાગર** તણો, એતો મુઝને રે તેહનો ઉપગાર. ૧૮
વૈરાગ્યે મુઝ મન વસ્યો, આદરી તસ આદેશ,
યમ સંવેગ હિયે ધર્યો, પખ સાચો રે જિનવચનપ્રવેશ. ૧૯
મોહ પરિગ્રહ મૂકીયો, આગમ શિરિ ધરિ આણ,
વસુધા ઇણ પરિ વિચરતા, **ઉદયાપુરિ** રે આવ્યા ગુણકાંણ. ૨૦
ચોમાસો કીધો તિહાં, શ્રાવક ભક્તિ સનેહ,
ધર્મધ્યાન ચિત્ત ધારવા, ઇમ ભાખ્યો રે શ્રાવક મિલિ એહ. ૨૧
જિનઆણા શિર જેહને, શ્રદ્ધા સહિત સધીર,
**નયનરામ** તબ ઇમ ચવ્યો, વિસ્તારે ભાખ્યો રે જિન **વીર**. ૨૨
**રામચરિત્ર** સુહામણો, પ્રાકૃત ઢાલ પ્રધાન,
સુણવાની **મન** સાસહી, ઇમ કીજે રે મૂકી અભિમાન. ૨૩
સેઠ **કપુર** તદા સહી, એ કહી વાત અનૂપ,
સૂર પર્યે તબ **નાંનજી**, ચિત્ત માંહે રે ધારી અતિ ચૂંપ. ૨૪
સેહર **ઉદયપુર**ને સહી સાંધ કહી સનમાંનિ,
વિનય કરી ઈમ વીનવ્યો, એ રચના રચી એ સુખખાંનિ. ૨૫
કર્યો ગ્રંથ આગ્રહ કરી, ધર્મધ્યાન મનિ ધારી,
પદ-અર્થાદિક પેખિને, સહુ લીજ્યો રે વર સુકવિ સમારિ. ૨૬
શાક **અઠારા સય** સહી, વિક્રમથી **બાવીસ**,
શિત મૃગશિરની બારસે આણંદ યોગે રે રવિવાર જગીશ. ૨૭
**શીતલનાથ** સહાયથી ગ્રંથ થયો ગુણગેહ,
સમપ્યો **મેણસરી**-કરે, અર્થે વાચણ રે **દેવશ્રી** એહ કે. ૨૮
ઉનમત્ત પદ ઉત્સૂત્રનો, કથન થયો હુઇ કોય,
મુઝને મિચ્છામિ દુક્કડં સહી થાજ્યો રે ત્રિહું કરણે સોય. ૨૯
સત્તરમી ઢાલે સહૂ, ષષ્ટમ ખંડિ સુખાંતિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી **સુજ્ઞાનસાગર** કથા ભણતાં ભાગે રે વિભ્રમની ભ્રાંતિ. ૩૦

કલસ

**રઘુવંશ** ગાયો સુજસ પાયો પરમતત્ત્વ-પ્રકાશણો
દુખદોષ પૂરો ગયો દૂરો વિમલજ્ઞાન-વિકાશણો
જગિ લીલ જાગે ઋદ્ધિરાગે અમર-પદવી આદરે
રત્નત્રયી સુ **સુજ્ઞાનસાગર** મુક્તિરમણી તે વરે. ૩૧

ચોપાઈ

ખંડ મિશ્ર આસ્વાદિત ખીર, શ્રોતા પામે પુષ્ટ શરીર,
પૂરણ ખંડ ષષ્ટમ પરસાદ, મહિમા દૃઢ આગમમર્યાદ.

(૧) સર્વગાથા ૫૩૩. ઇતિશ્રી સુજ્ઞાનસાગરવિરચિતાયાં ઢાલમંજર્યાં પિતૃભ્યાં સહાયોઽધ્યાપુર્યાં લવણાંકુશપ્રવેશઃ ૧ સીતાગ્નિસ્પર્શ શીલગુણવૃદ્ધિયશોવિસ્તૃત પ્રવજ્યાગ્રહણઃ ૨ મુનિ જયભૂષણોપ્રદેશ સીતારામલક્ષ્મણદશાસ્ય પૂર્વભવવર્ણન ૩ મંદાકિની-ચંદ્રમુખી-પાણીગ્રહણે લક્ષ્મણાત્મજશ્રીધરાદિસંયમાપ્તિ ૪ હનુમત્પ્રવર્જિત રામસંભોગ પ્રસંશનામરાગમનમાયાકુર્વણ લક્ષ્મણાવસાન રામવિયોગોદયત્રિદશપ્રબોધિત મુનિવૃત્તિગ્રહણ ૫ રામાટવ્યાગમના વષ્યાપ્તિઃ ૬ કોટિશિલાયાં સીતેંદ્રાનુકૂલોપસર્ગકરણ કેવલાપ્ત્યાગત ભવનિર્ણયઃ ૭ સીતેંદ્રનરકહરિ પ્રતિહરચંબૂક-પ્રતિબોધન રામનિર્વાણગમનો નામઃ ષષ્ટમઃ રાસ ખંડ સંપૂર્ણ ઇતિશ્રી ઢાલમંજરી. પ.સં. ૧૮૧-૧૭, લીં.ભં. નં.૨૧૫૨. (૨) સંવત્ ૧૮૫૨ વર્ષે શાકે ૧૭૧૭ પ્રવર્ત્તમાને હેમંતઋતૌ કાર્તિક સુદિ ૯ ભ્રુગૂવાસરે લખીતં ભટ્ટાર્કશ્રી **ભાવરત્નસૂરી** તત્શિ. મહો. પં.શ્રી **શાંતિરત્નજી** તત્શિ. પં. શ્રી હસ્તીરત્નજી તત્શિષ્ય પં. કનકરત્નજી તત્શિષ્ય પં. શ્રી સુબ્ધિરત્નજી તત્શિષ્ય પં. શ્રી ધર્મરત્નજી તત્શિષ્ય મુનિ હર્ષરત્ન લખીતં. પ.સં.૧૬૮-૧૭, ઓં.ભં. દા.૩૪ નં.૧૫૭. [લીંહસૂચી (જ્ઞાનસાગરને નામે).]

**(૪૪૨૯) [+] અધ્યાત્મનયેન ચતુર્વિંશતિ જિન સ્ત.**

સારું કાવ્ય છે.

**આદિ** – બાહુડિ નૈ બાહુડિ ગોપીચંદ રાજા એ દેશી

સમરસ સાહિબ **આદિ** જિનેંદા, મેટણ હૈ ભવફંદા રે,
શુદ્ધ નયાતમ અમૃતકંદા, પવર પ્રતાપ દિણંદા રે. સમ. ૧

**અંત** – જાડો લાગે પેમડો – એ દેશી

કાચી ધાત કલંક જ્યું પ્રભુ, નિપજે ગુણપરકાસજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્યારો લાગેજી સાહિબો,

ગુણ સહુ જાણિ સુજ્ઞાનકો પ્રભુ,

સફલ ફલી સહુ આસજી, પ્યારો લાગેજી સાહિબો. ૭

(૧) લિ. સં.૧૮૪૯ ફાગણ વદિ ર બેગમ મધ્યે. પ.સં.૧૧-૧૪, આ.ક.ભં.

[પ્રકાશિત: ૧. જૈન ગૂર્જર સાહિત્યરત્નો ભા.ર (પાંચ સ્તવન).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૮-૧૩.]

**૧૨૭૯. ઉદ્યોતસાગરગણિ** (ત. પુણ્યસાગર-જ્ઞાનસાગરશિ.)

**(૪૪૩૦) + ૨૧ પ્રકારી પૂજા** ર.સં.૧૮૨૩ (૪૩)

**આદિ** - સ્વસ્તિ શ્રી સુખ પૂરવા, કલ્પવેલી અનુહાર,

પૂજાભક્તિ જિનની કરો, એકવીશ ભેદ વિસ્તાર. ૧

સ્નાન વિલેપન ભૂષણું, પુષ્પ વાસ ધૂપ દીવ,

ફલ અક્ષત તેમ પત્રની, પૂગ નૈવેદ્ય અતીવ. ર

ઉદક વસ્ત્ર ચામર તથા, છત્ર વાદ્ય ગીત જાણુ,

નૃત્ય સ્તુતિ જિનકોશની, વૃદ્ધિ એ એકવિશ ઠાણુ. ૩

શુચિ તનુ તૈલ જલાદિકે, પહેરી ચીવર સાર,

પીઠત્રિકોપરિ જિન ઠવી, જિનઆણા શિર ધાર. ૪

ગંગા માગધ ક્ષીરનિધિ, ઔષધિ મિશ્રિત સાર,

કુસુમેં વાસિત શુચિ જલેં, કરો જિનસ્નાત્ર ઉદાર. ૫

**અંત** - ૨૧મી કોશપૂજા.

અગણિત ગુણમણિ-આગરે, નાગર વંદિત પાય,

શ્રુતધારી ઉપગારી, **જ્ઞાનસાગર** ઉવઝાય,

તાસુ ચરણકંજ સેવક, મધુકર પરેં લયલીન,

શ્રી જિનપૂજા ગાઈ, જિનવાણી રસપીન. ૬૯

ચાલ

સંવત **ગુણ યુગ અચલ ઇંદુ**, હર્ષભરિ ગાઇયો શ્રી જિનેંદુ,

તાસ ફલ સુકૃતથી સકલ પ્રાણી, લહે **જ્ઞાનઉદ્યોત** ઘન શિવ-નિશાની. ૭૦

દોહા.

એકવીશ શ્રાવકગુણ-વનેં પૂજા પુષ્કર-મેહ,

સુરનર સુખ ફૂલે ફલે, શિવસુખ લહે અછેહ. ૭૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૮, અનંત. ભં.ર. (પ્રથમનાં ૪ પત્રમાં પદ્મવિજયકૃત અષ્ટપ્રકારી પૂજા છે ને પછી આ છે કે જેમાં પ્રથમ દેવચંદ્રકૃત એમ જણાવ્યું છે.)

પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨ પૃ.૮૭૩-૮૩ (ભૂલથી દેવચંદ્રને નામે).

**(૪૪૩૧) + [શ્રાવકગુણોપરિ] અષ્ટપ્રકારી પૂજા (વિધિ)**

ર.સં.૧૮૨૩ (૪૩)

આદિ – ગદ્યમાં – પછી દૂહા

શુચિ સુગંધવર કુસુમયુત જલ સૂં શ્રી જિનરાય,
ભાવશુદ્ધ પૂજન ભવ કપાય પંકમલ જાઈ. ૧

(અન્ય પ્રતમાં) દોહા.

ગંગા માગધ ક્ષીરનિધિ, ઓષધ મંથિત સાર,
કુસુમેં વાસિત શુચિ જલેં, કરો જિનસ્નાત્ર ઉદાર. ૧

અંત – કલસ. દોહા

એસે અષ્ટ પ્રકારકી પૂજા કરત પ્રધાન,
ભવિજન અમૃત ધર્મ ભજ, પાવે પદ કલ્યાણ. ૧

ઢાલ

ઈમ અડવિધ પૂજા જિનપૂજા, વિરચે જે થિર ચિત્ત,
માનવભવ સફલો કરે, વાધે સમકિત-વિત્ત. ૧
અગણિત ગુણમણિઆગર નાગર વંદિત પાય,
શ્રુતધારી ઉપગારી શ્રી જ્ઞાનસાગર ઉવઝાય. ૨
તાસ ચરણકજ-સેવક, મધુકર પર લયલીન
શ્રી જિનપૂજા ગાઈ જિનવાણી રસ-પીન. ૩
સંવત ગુણ યુગ અચલ ઈંદુ હરષભર ગાઈયૈ શ્રી જિનેંદુ
તાસ ફલ સુકૃત શ્રી સકલ પ્રાણી લહૌ જ્ઞાનઉદ્યોત ધન શિવ-નિશાંની. ૧

શ્લોક

ઇતિ જિનવરવૃંદં ભક્તિતઃ પૂજયંતિ
સકલ ગુણનિધાનં દેવચંદ્રં સ્તુવંતિ
પ્રતિદિવસમનંતતત્ત્વમુદ્રા ચયંતિ
પરમસહજરૂપં મોક્ષસૌખ્યં શ્રિયંતિ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પછી વસ્ત્રપૂજા, લૂણઉતારણ, આરતિ ને મંગલ દીપક પર કાવ્ય છે તેમાં છેવટે "ઇણિ પરેં અષ્ટ પ્રકારી કીજે, પૂજા સ્નાત્રમહોત્સવ ભણીજે.")

(૧) ઇતિ અષ્ટ પ્રકારી પૂજા સંપૂર્ણમિદં. સં.૧૮૫૮ વર્ષે મિ. ચૈત્ર સુદ ૫ દિને. પ.સં.૫-૧૯, તેમાં પહેલાં ૩માં સિદ્ધચક્ર પૂજાવિધિ છે ને પછી આ છે, અનંત. ભં.૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૪).]

પ્રકાશિત : ૧. શ્રીમદ્ દેવચંદ્ર ભા.૨ પૃ.૮૮૪-૯૧ (ભૂલથી દેવચંદ્રને નામે). [૨. વિવિધ પૂજાસંગ્રહ, પ્રકા. ભીમસિંહ માણક (દેવચંદ્રને નામે).]

**(૪૪૩૨) આરાધના ૩૨ દ્વારનો રાસ**

**આદિ –** શાસનનાયક જિન નમી આરાહણા પડાગ

દ્વાર બત્રીસ અતિદેશથી કહું વિધિ શિવસુખમાગ. ૧
કોટી પૂર વલગે પડવડું, ચરણ ધરે મુનિરાય,
અંત આરાધન વિણ મરે તો આરાધક ન કહાય. ૨
હીન મુનિ પિણ એહને, અહે આરાધક થાય,
તિણે અવશ્ય શિવ-અર્થિને, ઉપાદેય કહવાય. ૩
સંલેખન તિમ ૧ પારિખું ૨ નિજ્જામક ૩ જોગત્ત ૪
અગીતાર્થ ૫ અસંવેગી તિમ ૬ નિજ્જર્ગર ગુણ સંપન્ન ૭. ૪
ઠાણ ૮ વસતિ ૯ સંથાર તિમ ૧૦, ચરિમ તહા દ્રવ્યદાણ ૧૧
પાન સમાધિ નેં ૧૨ ગણપતિ, ગણ નિસર્ગ વિહાણ ૧૩. ૫
ચૈત્યવંદન ૧૪ આલોચના ૧૫, વ્રત ૧૬ ચઉસરણ ઉચ્ચાર ૧૭
દુકૃતનિંદા ૧૮ સુકૃતની, અનુમોદન ૧૯ ચિત્ત ધાર. ૬
જીવ ૨૦ સયણ ૨૧ તહ સંઘનેં ૨૨ જિનવર પમુહનેં ૨૩ ખામિ
આસાતન પડિક્કમણ ૨૪ તિમ, કાઉસગ્ગ ૨૫ સુભ ઠામિ. ૭
શક્રસ્તવ ૨૬ તજિ પાપનાં, ઠાણ ૨૭ અણસણ મણ આણિ ૨૮
શિક્ષા ૨૯ કવચ ૩૦ નવકારનું ૩૧ આરાધનફલ ૩૨ જાણિ ૮
નામ એ બત્રીસ દ્વારનાં ધારો ચિત્ત મઝાર,
હવે પ્રત્યેકે એહનો, કિંચિત્ કહું વિસ્તાર. ૯

(૧) પ.સં.૧૨, અધૂરી પ્રત, તિલકવિજય ભં. મહુવા પોથી નં.૧૧.

**(૪૪૩૩) વીરચરિત્ર વેલી** ગા.૧૭

(૧) પ.સં.૨, અભય. નં.૨૧૯૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગદ્યકૃતિ

**(૪૪૩૪) સમ્યકત્વમૂલ બાર વ્રત વિવરણ** [અથવા **બાર વ્રતની ટીપ**] (હિંદી) ર.સં.૧૮૨૬ માગશર શુ.૫ ગુરુ પટણામાં

બધું ગદ્યમાં છે. દેવગુરુધર્મતત્ત્વ, સમકિત ને ૧૨ વ્રત.

**આદિ –** સદા સિદ્ધ ભગવાનકે, ચરણ નમું ચિત લાય,
શ્રુતદેવી પુનિ સમરીયે, પૂજંતા કે પાય. ૧
કરૂં સુગમ ભાષા સહી, બારહ વ્રત વિસ્તાર,
ભિન્નભિન્ન ભેદ જુ કરી, ભવ્યજીવ-ઉપગાર. ૨
પંચાણુવ્રત જિનમતે, તીન ગુણવ્રત જાણ,
શિક્ષાવ્રત ચ્યારૂં મિલી, બારહ વ્રત જુ વખાંણ. ૩
શાસ્ત્ર સુગુરૂ ઉપદેશ સુનિ, ધારે વ્રત શુભ ચાલ,
જ્યાં ઘરિ સુખ જસ સંપદા, હોવૈ મંગલમાલ. ૪
બુધ **ઉદ્યોતસાગર**ગણિ, અપની મતિ અનુસાર,
વિધિ શ્રાવકકે વ્રત તણી, ટીપ લિખું નિર્ધાર. ૫
શ્રી ગુરૂભ્યો નમઃ મહોપાધ્યાય શ્રી **જ્ઞાનસાગર**ગણી ચરણકમલેભ્યો નમઃ સંવત **૧૮૨૬** વર્ષે શાકે **૧૬૯૨** પ્રવર્ત્તમાને શ્રી માઘ શુદિ દિને શ્રી **પાડલીપુર** વાસતવ્ય બાબૂજી શ્રી **હેમચંદ**જીને અપના મનુષ્યભવ સફલ કરેકું શ્રી જીનોક્ત સિદ્ધાંત શૈલિ પ્રમાણે શ્રી સમ્યકત્વ મૂલ બારે વ્રતકી ધારણા કીની...

**અંત –** ઇતિ સમ્યક્ત્વ મૂલ બાર વ્રત વિવરણ એસી વિગત માફક ટીપ મિટાયકે વ્રત પાલે સો પરમ કલ્યાણમાલા વરે.
**શત અઠારે** ઉપરી, વીતે વર્ષ **છવીસ**,
મગસીર શુદિ પંચમી ગુરૂ, પૂરણ ભઈ જગીશ. ૧
સુરસરિતાકે તટવસે, **પાડલીપુર** શુભ થાન,
જિહાં **સુદર્શન** સાધુવર, પાયા કેવલજ્ઞાંન. ૨
બ્રહ્મચારી-સિરસેહરો, **શુલીભદ્ર** ગુણધાંમ,
જિણે **કોશ્યા** પ્રતિબુઝવી, જિણે પુરે રાખ્યું નાંમ. ૩
તિણ પુરે સાહસીરોમણી, **સોમચંદ** અભિધાન,
દાતા ભોક્તા શુભમતિ, ચાતુરજનપરધાન. ૪
તસુ સુત ભદ્રક વ્રતરુચિ, ધર્મ દૃઢ મતિવાન
**હેમચંદ** નામે નિપુણ, હાટક સમ ગુણવાન. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મકથા સુણીતે ભઈ, વ્રતરુચિ તબ કહે સાહ,
ભિખ્ખ દીજે વ્રતકી વીગતિ, વિસ્તરસેં હમ ચાહ. ૬
સમકિત સું વ્રત બારકી, વિગતિ કુંનિ અતિચાર,
વૃદ્ધ પરંપર શાસ્ત્ર બહુ, લખિ કિનો વિસ્તાર. ૭
આગમજલધિ અપાર હૈ, મુઝ મતિ નોકા તુચ્છ,
કૌ નીવહે ભાંસો નહિં, પકરેં ભેડીપુચ્છ. ૮
આગે બહુ શ્રુતકે લીખેં, વિરતિ વિશેષ...
વાકું લિખ ભાષા લિખું, ઉનમે કો ન વિશેષ. ૯
તો ભી તસુ આશય અગમ, જોયી ન પાએ અશુદ્ધ,
લિખિઉ મિચ્છા દુક્કડં, સાખી ગુરુ જિન બુદ્ધ. ૧૦
અલ્પમતિ અજ્ઞાન હું, જાણું ન બહુત રહસ્ય,
કૃપા કરી મો પરી કૃતિં, કરજ્યો શુદ્ધ અવશ્ય. ૧૧
વિગતિ એહ વ્રત બારકી, લિખિ યથામતિ યોગ,
વ્રતરુચિ વિવિધ અભ્યાસ કરી, કરજ્યો તસુ પરિભોગ. ૧૨
કાલ અનંત અનંતમય, જો પુગ્ગલ પરિયટ્ટ,
સો ભિ અનંતાનંત ગયે, જનમમરણ-સંઘટ્ટ. ૧૩
પરમ રિપુ પ્રમાદ હૈ, તસુ જયકરણ ઉપાય,
વિધિયુત માનવભવ લહ્યો, તો ભિ ન ચેતો કાંય? ૧૪
ભૂલેં ભવ જો એહ તુમ, બહુરી ન આવે હત્થ,
તો ચેતો ચિતમેં ચતુર, નિસુણી શ્રુત પરમત્થ. ૧૫
સુવિહિત સૂરિશિરોમણિ, નાગરવંદિત પાય,
શ્રી **પુણ્યસાગરસૂરિ** ઇતિ, **તપગચ્છપતિ** સુખદાય. ૧૬
તસુ આણા શિર ધારતાં, વારતાં વિષય કષાય,
શ્રુતધારી ઉપગારી બહુ, શ્રી **જ્ઞાનસાગર** ઉવઝાય. ૧૭
તાસુ શિષ્ય પુરવ તણાં, તીરથભેટણ કાંજ,
કીધ પ્રયાણ શુભ દિન ઘડિ, શુભ શકુનેં શુભ સાજ. ૧૮
તીરથ ફરસત આવીયાં, **પટણા** નયર સુઠાય,
પરમાનંદ ભયો વંદતાં, સેઠ મુનિસરપાય. ૧૯
દિન કેતાંઇક તિહાં રહી, લિખ્યો સુવ્રતાવેચાર,
વજ્જોતકીર્ણ મણીસુત પરી, બહુશ્રુતકે ઉપગાર. ૨૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇહ વિધિ જે વ્રત ધારસ્યેં, વારસે વિષયકષાય,
વિલસે **જ્ઞાનઉદ્યોત**મય, આનંદઘન સુખદાય. ૨૧

(૧) ઇતિશ્રી સમ્યક્ત્વમૂલ બારો વ્રત વિચારપદ્ધતિ સંપૂર્ણ. શ્રીરસ્તુ સં.૧૯૨૯ના આશુ શુદિ ૨ લિ. રીષ **મોતીચંદ** ડુંગરસી ગ્રંથાગ્રંથ ૩૨૩૦. પ.સં.૧૮૨-૯, જિનદત્ત ભં. મુંબઈ પોથી નં.૧૧. (૨) સં.૧૯૨૯ જેઠ સુદિ ૬ લિ. ઋ. **ખી**ઝરાજગણિના સેઠજી **અજી**તમલજી વાંચનાર્થં **માલવ**દેશ ઉજ્જેણીનગરે લિ. **શાં**તિનાથ મહારાજકી પૌષધશાલામેં. પ.સં.૧૩૯, કુશલ. પો.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૩૬૪-૬૬, ભા.૩ પૃ.૧૧૩-૧૮, ૩૨૪, ૧૩૩૨-૩૩ તથા ૧૬૭૦. ત્યાં કર્તાનામ જ્ઞાનસાગરશિષ્ય, જ્ઞાનઉદ્યોત, ઉદ્યોતસાગર એમ વિવિધ રીતે મુકાયેલું. '૨૧ પ્રકારી પૂજા' તથા 'અષ્ટપ્રકારી પૂજા'ના ૨.સં. પણ ૧૭૨૩, ૧૮૨૩, ૧૮૪૩ એમ વિવિધ રીતે મુકાયેલા. પણ 'જ્ઞાનઉદ્યોત' એ ગુરુનામ સાથે પોતાનું નામ જોડીને બનાવેલી કવિનામછાપ છે તેથી કર્તા જ્ઞાનસાગરશિષ્ય ઉદ્યોતસાગર જ છે. બીજી કૃતિઓમાંથી આ સ્પષ્ટ થઈ જાય છે. અન્ય કૃતિના ૨.સં.૧૮૨૬ સ્પષ્ટ મળતા હોઈ બન્ને પૂજાઓના ૨.સં.૧૮૨૩ કે ૧૮૪૩ જ માનવો જોઈએ. પ્રથમ આવૃત્તિમાં જ, આથી, કવિને અઢારમી સદીમાંથી ઓગણીસમી સદીમાં ફેરવવામાં આવેલા.

બન્ને પૂજાઓ સંસ્કૃત શ્લોકમાં આવતા 'દેવચંદ્ર' શબ્દને કારણે ખરતરગચ્છના દેવચંદ્રને નામે ચડી ગઈ, પરંતુ 'દેવચંદ્ર' શબ્દ 'જિનવરવૃંદ'ના વિશેષણ તરીકે છે ને 'જ્ઞાનઉદ્યોત' એ કર્તાનામછાપ સ્પષ્ટ છે. તેથી પ્રથમ આવૃત્તિમાં જ થયેલો સુધારો યથાયોગ્ય છે.

'સમ્યક્ત્વમૂલ બાર વ્રત વિવરણ'નો રચનાસંવત ભા.૩ પૃ.૧૬૭૦ પર ૧૮૩૬ નોંધાયેલો તે છાપભૂલ જ ગણવી જોઈએ.]

## ૧૨૮૯. દર્શનસાગર ઉપા. (અં. ઉદયસાગરસૂરિશિ.)

**(૪૪૩૫) + આદિનાથજીનો રાસ** ૬ ખંડ ૧૬૭ ઢાળ ૬૦૮૮ કડી
૨.સં.૧૮૨૪ મહા શુ.૧૩ રવિ સુરતમાં

**આદિ** – દોહા.

સ્વસ્તિશ્રી શોભા સૂમતિ-દાયક શ્રી ભગવાન,
વંદુ **ગોડી પાસ** જિન, કેવલજ્ઞાનનિધાન. ૧
શાસનનાયક સમરિયે, **વર્દ્ધમાન** જિનચંદ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગૌતમાદિ** ગણધર નમું, સાચો સુરતરૂ-કંદ. ૨
વલી પ્રણમું શ્રુતદેવતા, જ્ઞાનસયલભંડાર,
મોહતિમિરનિવારિણી, કલિયુગ પરમાધાર. ૩
**અંચલગચ્છે** અધિપતિ, **ઉદયસાગર** સૂરીંદ,
પદપંકજ તે ગુરૂ તણા, પ્રણમું પરમાણંદ. ૪
સદગુરૂના સુપસાયથી, દાન તણો અધિકાર,
**આદિનાથ** જિનવર તણો, રાસ રચું સુવિચાર. ૫

**અંત** – **હેમાચારજ**કૃત **આદિ** તણું એ, ચરિત તણે અનુસારતો,
એહ સંબંધ કહ્યો એ. ૨૮
આચારજ **વિનયચંદ્ર**કૃત એ, **આદિનાથ ચરિત્ર** તો,
તે જોઈ કરી એ. ૨૯
**શેત્રુંજા મહાતમમાં** વલી એ, **ઉપદેશ ચિંતામણિ વૃત્તિ** તો,
ત્રિહું ગ્રંથ-સાખથી એ. ૩૦
ચોકસ કરી નિજ મતિ થકી એ, એ આણ્યો સંબંધ તો,
સદગુરૂ સાંનિધે એ. ૩૧
ષટ ખંડે કરી એ રચ્યો એ, **આદિજિણંદ**નો રાસ તો,
સાંભલો હરખથી એ. ૩૨
સાંભલતાં સુખસંપદા એ, રાજઋદ્ધિ પરિવાર તો,
નવનિધિ સંપજે એ. ૩૩
અનુક્રમે મોક્ષના સુખ પ્રતે એ, લહે ચેતનરાય તો,
જે સુણે ભાવથી એ. ૩૪
છઠ્ઠે ખંડે પાંત્રીસમી એ, ઢાલ કહી શ્રીકાર તો,
ઉવઝાય **દર્શન** એ. ૩૫

દૂહા

હવે શ્રી **સુવિહિત**ગચ્છનાં, બિરૂદ થયાં ષટ જેહ,
**સોહમથી નિગ્રંથપદ**, સાધૂ માહાત્મ્ય કહેહ. ૧
એકાદશમા પટધર, **સુસ્થિત સુપ્રતિબદ્ધ**,
તે આચારજથી થયું, **કોડિગચ્છ** સુપ્રસિદ્ધ, ૨
એ બીજું લહ્યું બિરૂદ તસ, સૂરિમંત્રનો જાપ,
કોડિ વાર ગણ્યો તેહથી, જગમાં એ પડી છાપ. ૩
**વયરસ્વામી** દશ પૂર્વધર, પન્નરમા પટધાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વયરી**-શાખા વિસ્તરી, તેહ થકી શ્રીકાર. ૪
**ચંદ્રસૂરિ** ગુરૂ સતરમા, શીતલ ચંદ્ર સમાન,
તેહથી હૂઉ **ચંદ્રકુલ**, સંતતિનું-અભિધાન. ૫
છત્રીસમી પાટે થયા, **સર્વદેવ** સૂરીંદ,
તેહને વડતલે સૂરિપદ, ગુરૂએં દીધ આણુંદ. ૬
તિણુ કારણુ તે ગુરૂ થકી, **વડગચ્છ** થયું નામ,
તૃતીય બિરૂદ લહ્યું ઇણી પરેં, સુવિહિતગણેં અભિરામ. ૭
**સાંખ્યસૂરિ** તસ પટ્ટધર, મુખ્ય શિષ્ય ગુણુધામ,
**શંખેશ્વર** પ્રભુ ભેટવા, ગયા **સંખેસર** ગામ. ૮
જિન વંદીને તેહ ગુરૂ, રહ્યા તસ ચોમાસ,
**સંખેસરગચ્છ** થાપના, કીધી તવ સુવિલાસ. ૯
ચોથું બિરૂદ થયું તદા, જગ માંહિં વિખ્યાત,
એક મુખેં કેતા કહૂં, સુવિહિતના અવદાત. ૧૦
શ્રી **પ્રભાનંદસૂરિ**ને, ઉપદેશેં બહુ ભવ્ય,
સંઘપ્રતિષ્ઠા કારણે, ખરચે અતિ ઘણાં દ્રવ્ય. ૧૧
નાણું ખરચ્યાં અતિઘણાં, તેહથી **નાણકગચ્છ**,
પ્રગટયું પંચમ બિરૂદ તવ, ગંગાજલ પરેં સ્વચ્છ. ૧૨
**આરજરક્ષિત** સૂરિવર, છેંતાલીસમે પાટ,
બહુ શ્રુતધારી ઉગ્ર તપ, જાણે મોક્ષની વાટ. ૧૩
શુદ્ધક્રિયાધારક ગુરૂ, પહોતા **આંપાનેર**,
માસખમણ **પાવાચલેં**, રહ્યા અચલ જિમ મેર. ૧૪
શુદ્ધ અશન ન મલે તદા, અનશન ઇચ્છે સૂરિ,
તપેં રીઝી સૂરી **કાલિકા**, આવી આણંદપૂરી. ૧૫
કહે આરજ તુઝથી ઘણો, હોશે ધર્મઉદ્યોત,
મ કરો અનશન સૂરિજી, તું તો ભવાર્ણવ-પોત. ૧૬
**જસોધન ભણુસાલી** ઘરે, મલસે એષણીક અન્ન,
પાંરણું કરી ભવિ જીવને, કહેજો સુવિધિ વચન્ન. ૧૭
**વિધિપક્ષ** ગચ્છની સ્થાપના, કરજો શ્રી ગણધાર,
અધિષ્ઠાયિકા અમે થઇ, કરશું સાંનિધ સાર. ૧૮
એહ બિરૂદ છઠું થયું, સુવિહિતનું સુખદાય,
**અંચલગચ્છ** અભિધાન તે, **કુમર** નરીંદથી થાય. ૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ ૩૬મી રાગ છન્યાસી. દીઠો દીઠો રે વામાકો નંદન દીઠો—એ દેશી.

પાયો પાયો રે ભલે મેં જિનશાસન પાયો
સ્યાદવાદ અનંત નયાત્મક, આગમ મુજ મન ભાયો રે
ભલે મેં એ જિનશાસન પાયો. ૧
ધનધન **વિધિપક્ષ** ગચ્છપરંપરા, **આર્યરક્ષિત** સૂરિરાય,
ક્રિયાઉદ્ધારેં શોભા બઢાઇ, નિરમોહી નિરમાય રે. ૨
શ્રી **જયસિંહસૂરિ** તસ પાટે, તે પણ તસ પ્રતિરૂપ,
વાદ કરી **દિગપટને** જીત્યા, પ્રતિબોધ્યો **જયસિંહ** ભૂપ રે. ૩
સાત કોડી ગ્રંથ મુખેં જેહનેં, કીધા શ્રાવકવૃંદ,
તસ પાટેં **ધર્મઘોષ** સૂરીશ્વર, જસ નમે બહુ નરઇંદ રે. ૪
**શતપદી** ગ્રંથ તણા જે કરતા, નિરમાયી નિસ્સંગ,
ભવિજનબોધક આતમશોધક, શ્રુતરંગી શુભ સંગ રે. ૫
તસ પટ્ટે ઉદયાચલ-દિનકર, શ્રી ગુરૂ **મહેંદ્રસિંહ**,
સૂરિશિરોમણિ **સિંહપ્રભ** ગુરૂજી, તાસ પટ્ટે **અજિતસિંહજી**. ૬
શ્રી **દેવેન્દ્રસિંહ** સૂરીશ્વર, શ્રી **ધર્મપ્રભ** સૂરીંદ,
**સિંહતિલક** ગુરૂ ગચ્છપતિ સોહતા, **મહેંદ્રપ્રભ** મુનીંદ રે. ૭
ગણનાયક **મેરતુંગ** સૂરીશ્વર, જસ મહિમા અત્યંત,
નાગર વાણીયા શ્રાવક કીધા, પ્રણમત સુર મુનિ સંત રે. ૮
તસ પદ ગયણાંગણ-શશિ સરિખા, સૂરિશ્રી **જયકીર્તિ**,
શ્રી **જયકેસરસૂરિ** સુખાકર, અદ્‌ભુત ધર્મની મૂર્તિ રે. ૯
શ્રી **સિદ્ધાંતસાગર** મુનિપતિ, જાણે જૈન સિદ્ધાંત,
**ભાવસાગર** ગુરૂ ભવતારણ ભણી, અદભૂત નાવ મહંત રે. ૧૦
જ્ઞાનાદિક ગુણમણિ રોહણ સમ, **ગુણનિધાન** ગુરૂરાજ,
મહાવ્રત પાલી નિજ અજુઆલી, સાર્યાં આતમકાજ રે. ૧૧
તસ પટ ઉદયાચલવાસરમણિ, **ધરમમૂરતિ** સૂરીંદ,
ક્રિયાઉદ્ધાર કરી ચારિત્ર ચિત્ત ધરી, જીત્યા વાદીના વૃંદ રે. ૧૨
ઠોકેઠોકે જન તસ ગુણ ગાવે, આજ લગેં વિખ્યાત,
શ્રી **કલ્યાણસાગર** સૂરીશ્વર, બુધ્ધેં સરસ્વતિ સાક્ષાત રે. ૧૩
તસ પટ ગગને ચંદ્ર સુધાશ્રી, **અમરસાગર** સૂરિરાય,
અભિનવ જાણે સુરપતિ સરિખા, સહુ જનને સુખદાય રે. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ પટ અંબુજવિકસન-ભાસ્કર, શ્રી **વિદ્યાસાગરસૂરિ**,
ગચ્છનાયક ગુણ અલંકૃત ગાત્ર, કહેતાં વાધે નૂર રે. ૧૫
તસ પાટે સંપ્રતિ સમયમાં, સુજ ગુરૂ પરમ સોહાય,
શ્રી **ઉદયસાગરસૂરિ** રાજે ગચ્છમાં, જસ પ્રતાપ સવાય રે. ૧૬
આગમનિગમને જાણે જે ગુરૂ, જૈન ન્યાય લહે જેહ,
લક્ષણ સાહિત્ય અલંકૃત છંદના, પાર લહ્યા ગુણગેહ રે. ૧૭
તસ પદપંકજ-મધુકર સરીખા, આચારજ ઉવઝાય,
**કીર્તિસાગરસૂરિ દર્શનસાગર**, ગુરૂભાઇ કહાય રે. ૧૮
ઉવઝાયેં રાસની રચના કીધી, ચરિત્ર તણેં અનુસાર,
સદ્દગુરૂ સાંનિધે પૂરો હૂઓ, સુણતાં જયજયકાર રે. ૧૯
રચનાવશેં જે ન્યૂનાધિક ભણ્યું, પ્રભુમારગથી વિરૂદ્ધ,
તે સહૂ ચઉવિહ સંઘની સાખેં, મિચ્છા દુક્કડ શુદ્ધ રે. ૨૦
સંવત **વેદ નયન ગજ વસુધા** (૧૮૨૪), સુદિ તેરસ મહામાસ,
રવિવારેં પ્રીતિજોગમાં સુંદર, પૂરણ કીધ એ રાસ રે. ૨૧
**સૂરત** શહેરે શ્રી ગુરૂમેહરે, **વડાચહુટા** મઝાર,
**ભાઈસાજી**ને ઉપાસરે રહીનેં, રાસ રચ્યો શ્રીકાર રે. ૨૨
**કપૂરસંઘા** વંશવિભૂષણ, શાહ **ખુશાલચંદ** સાર,
ઉપાસરા ધર્મશાલા પ્રમુખ શુભ, કાજ કરે મનોહાર રે. ૨૩
તિમ વલી **પોરવાડ** જ્ઞાતે સોહંતા, મહેતા શ્રી **નિહાલચંદ**,
ગચ્છરાગી ગુરૂ ભકતેં સૂરા, જિનધર્મેં મતિ અમંદ રે. ૨૪
**મોહનદાસ**ના વંશમાં દીવો, **ભૂષણદાસ** ચિરંજીવ,
અતિ આડંબરે પ્રતિષ્ઠા કીધી, ગચ્છરાગી અતીવ રે. ૨૫
વ્રતધારી ગુરૂરાગી અતિઘણા, **ગલાલશાહ** શ્રીકાર,
તસ સુત **સકલચંદ** રૂડો, જિનધરમી સુખકાર રે. ૨૬
**આગમ**ગચ્છે શ્રી **સિંહરત્ન**સૂરિ, તસ શિષ્ય શ્રી **હેમચંદ**,
તેહ તણેં વલી સંઘ આગ્રહથી, એ રાસ રચ્યો સુખકંદ રે. ૨૭
ચઉવિહ સંઘ તણાં મન રીઝીયાં, સાંભલી એહ સંબંધ,
આદરજો ભવિ રાસ સાંભલવું, એ ઉપશમ અનુબંધ રે. ૨૮
છઠ્ઠે ખંડ ઢાલ છત્રીસમી, આચાર્યગુણ સમાન,
સુણતાં ભણતાં પાતિક નાસે, મંગલ લહે પ્રધાન રે. ૨૯
ભલે મેં એ જિનશાસન પાયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સર્વઢાલ ૧૬૭ સર્વગાથા ૬૦૮૮ શ્લોક ૮૧૩૭. હીરાલાલ હંસરાજ, જામનગર, પાસે.

પ્રકાશિત : ૧. પ્રકા. સોમચંદ ધારસી અંજાર. ૨. પ્રકા. હીરાલાલ હંસરાજ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૮–૨૩.]

**૧૨૮૧. ચારિત્રસુંદર** (ખ. કીર્તિરત્નશાખા)

**(૪૪૩૬) સ્થૂલિભદ્ર ચોપાઈ** ર.સં.૧૮૨૪ શ્રા.શુ.૫ અજીમગંજ

(૧) સં.૧૮૨૫ ભા.વ.૩, પ.સં.૮, સ્વયંલિખિત, જય. પો.૫૮.

**(૪૪૩૭) સંપ્રતિ ચોપાઈ**

(૧) પ.સં.૧૫, અપૂર્ણ, ચતુ. પો.૧૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૮.]

**૧૨૮૨. રત્નવિજય** (ત. માણેકવિજયશિ.)

**(૪૪૩૮) સિદ્ધચક્ર સ્તવન** અથવા **નવપદ સ્તવન** ર.સં.૧૮૨૫ વસંત માસ

**આદિ** – કંથ તમાકુ પરિહરો એ દેશી.

શ્રી સદ્ગુરૂ સુપસાયથી, આરાધુ સિદ્ધચક્ર,
એહ મહિમાં છે અતિ ઘણો, સુરમાં મોરા લાલ
શ્રી સિદ્ધચક્ર સેવિયે. ૧

**અંત** – સંવત **૧૮૨૫ને**, વસંત માસ વખાંણુ, મો.
સકલપંડિતસિરોમણી, **માંણકવિજે** ગુરૂરાય, મો. ૧૩ શ્રી.
તાસ શિસ અનુભવે કરી, કર્યો નવપદમહિમાય, મો.
સ્તવતાં બહુ સુખ પાંમીયે, **રત્નવિજે** ગુણ ગાય. મો. ૧૪ શ્રી.

(૧) મારી પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૭–૨૮. કર્તાનો તપગચ્છ દર્શાવ્યો છે તે અનુમાનથી ગણાય, કેમકે કૃતિમાં ગચ્છનો નિર્દેશ નથી.]

**૧૨૮૩. અનોપચંદ** (ખ. ક્ષમાપ્રમોદશિ.)

**(૪૪૩૯) ગોડી પાર્શ્વ બૃહત્ સ્ત.** ર.સં.૧૮૨૫ ચૈ.શુ.૫

(૧) જય. (૨) કૃપા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૯.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૨૮૪. કવિયણ–અજ્ઞાત

**(૪૪૪૦) + દેવવિલાસ** (ઐ.) ર.સં.૧૮૨૫ આસો સુદ ૮ રવિવાર

આ રાસનો સાર ભાગ ૫માં દેવચંદ્ર નં.૧૧૦૩ની નીચે પૃ.૨૩૨થી ૨૩૭ પર આપેલ છે તે જુઓ.

**આદિ**–સુકૃત પ્રેમરાજીઅને, પ્રોલ્લાસન ચિદ્-હંસ,
તે તેમ રિદયે અક્ષતા, **આદિનાથ** અવતંસ. ૧
**કુરૂદેશે** કરૂણાનિધિ, ઉત્પન્ન શ્રી જિન **શાન્તિ,**
શાંતિ થઇ સવિ જનપદે, કાર્ત્તસ્વર જસ કાન્તિ. ૨
બ્રહ્મચારી-ચૂડામણિ, યોગીશ્વરમેં ચંદ,
તારક **રાજુલ** નારિનો, પ્રણમું **નેમ** જિણંદ. ૩
યશનામિક કૃત્ય તાહરૂં, પુરીસાદાણી બિરૂદ,
**વામાકુલ** વડભાગીયો, **પારસનાથ** મરદ. ૪
જિનશાસનનો ભૂપતિ, **વર્દ્ધમાન** જિનભાણ,
દૂખમ પંચમ આરકે, સકલ પ્રવર્તે આણ. ૫
પંચ પરમેષ્ઠિ જિનવરા, પ્રણમું હું ત્રિણ કાળ,
અન્ય એકોનવિંશતિ જિના, જસ પ્રણમું સુવિશાળ. ૬
**સરસતી** વરસતી મુખકજે, **માઘ** કવિને સાધ્ય,
**કાલિદાસ** મૂરખ પ્રતે, કીયો કવિ કીધ પદ્ય. ૭
**મલ્લવાદી** તુજ સાંનિધે, જીત્યા બૌદ્ધ અનેક,
તુજ દરિસણે પદ લબ્ધિની, ઉત્પન્ન થઇ વિવેક. ૮
તિમ માતાના સાહાય્યથી, ગાઉ મર્દ **દેવચંદ,**
**દેવવિલાસ** રચું ભલું, **ખરતરગચ્છે** દિણંદ. ૯
કોઈ દેવાણુપ્રિય કહે, એ સ્તવના કરે કિમ,
સ્યા ગુણ જોઈ વરણવે, સ્યું બોલે જિમતિમ. ૧૦
પંચમ કાળે **દેવચંદ**ના, ગુણ દાખિવને યત્ર,
યથાર્થપણે મુજ પ્રતે, તો સત્ય માનુ અત્ર. ૧૧
સાંભલિ મૂઢશિરોમણિ, અછતા ગુણ કહે જેહ,
પ્રસંસ જિમ કોવિદ કરે, ગુણ કહું સાંભલિ તેહ. ૧૨
પંચમકાલે **દેવચંદજી,** ગંધહસ્તિ જે તુલ્ય,
પ્રભાવક શ્રી **વીરનો,** થયો અધુના બહુમૂલ્ય. ૧૩
રત્નાકરસિંધુ સદશ, ચતુર્વિધ સંઘ જિન ભૂપ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી ગયા તે સત્ય છે, સાંભલ તાસ સરૂપ. ૧૪

**અંત** – **કવિયણે** **દેવવિલાસ** કીધો, મન હર્ષિત ઉલ્લસ્યો રે. ૩૦
કીધો **દેવવિલાસ** શુભદિને રે, જયપતાકા વિસ્તરી રે. ૩૧
સંવત **અઢાર પચીસ** આસો સુદિ રે, અષ્ટમી રવિવાર રચ્યો રે.
સ્તોકમેં **દેવવિલાસ** કીધો રે, કિંચિત્ ગુણ ગ્રહીને સંસ્તવ્યો રે.૩૩
બહોલો છે અધિકાર જોતાં રે, ગ્રંથ થાયે મોટો ઘણો રે. ૩૪
ભણસ્યે **દેવવિલાસ** સાંભલે રે, તસ ઘરે કમલા વિસ્તરે રે. ૩૫

કલસ

શ્રી **વીર** જિનવર **સોહમ** ગણધર **જંબુ** મુનિવર અનુક્રમે
**ખરતરગચ્છ**-ઉદ્યોતકારક, શ્રી **જિનદત્ત** સૂરયોપમે.
તાસ પાટ **જિનકુશલસૂરિ**, **જિનચંદ્રસૂરિ** તસ પટે
યુગપ્રધાનનો બિરૂદ જેહનો, નામથી દુઃકૃત કટે. ૧
ગચ્છસ્તંભક ઉપાધ્યાયજી, **પુણ્યપ્રધાન** પ્રધાનતા,
સુમતિધારી **સુમતિ** પાઠક, **સાધુરંગ** વાચકલતા,
શ્રી **રાજસાગર** ઉપાધ્યાયજી, **જ્ઞાનધર્મ** પાઠક થયા
સુકૃતી **દીપચંદ** પાઠક, **દેવચંદ્ર** પાઠક જયજયા. ૨
**મનરૂપ** વાચક **વિજયચંદજી**, પાઠકનો પદ-ભાગ્યતા,
**મનરૂપ** પદકજ મેરૂ ગિરિવર, **રાયચંદ** રવિ ઉદ્દ્ગતા,
સુજ્ઞાનતાયેં વિનયવંતે, બુદ્ધિ સુક્તિ સુરગુર
ચંદ્ર સૂર ધ્રુ તાર તારક, રહો અવિચલ જયકરૂ. ૩

પ્રકાશિત : ૧. આચાર્ય બુદ્ધિસાગરજીએ પ્રકટ કરાવેલી, સં.૧૯૮૧માં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૫–૨૭. ત્યાં કવિયણને નામે મુકાયેલી આ કૃતિ ખરેખર અજ્ઞાતનામા કવિની જ ગણવી જોઈએ. 'કવિયણ' (=કવિજન) એ સામાન્ય સંજ્ઞા જ છે.

## ૧૨૮૫. ભીખુ–ભીખમજી

તેરાપંથ-સ્થાપક, દીક્ષા સં.૧૮૦૮ રઘુનાથ પાસે, નવીન દીક્ષા સં. ૧૮૧૭, સ્વ. સં.૧૮૬૦.

**(૪૪૪૧) અનુકંપા ઢાલ** [અથવા **ચતુષ્પદી**]
[ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૧.]

**(૪૪૪૨) નિક્ષેપા વિચાર**

**(૪૪૪૩) બારવ્રત ચોપાઈ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૪૪૪) નવતત્ત્વ ચોપાઈ**

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૪૭.]

**૧૨૮૬. વિજયલક્ષ્મીસૂરિ** (ત. **વિજયસૌભાગ્યસૂરિ**ના પટ્ટધર)

તપગચ્છમાં હીરવિજયસૂરિના વિજયસેનસૂરિ પટ્ટધર થયા તેના પટ્ટે ત્રણ સૂરિ – આચાર્યો થયા : વિજયદેવસૂરિ, વિજયતિલકસૂરિ અને રાજસાગરસૂરિ. તે પૈકી વિજયતિલકસૂરિના પટ્ટધર વિજયાનંદસૂરિના પટ્ટે ત્રણ સૂરિ થયા : વિજયસૌભાગ્યસૂરિ, વિજયરાજસૂરિ અને રત્નવિજયસૂરિ, વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય અને પટ્ટધર વિજયલક્ષ્મીસૂરિ થયા. **તેમણે** સંસ્કૃતમાં 'ઉપદેશપ્રાસાદ' વૃત્તિસહિત સં.૧૮૪૩ કાર્તિક શુદ ૫ ગુરુને દિને રચી પૂર્ણ કર્યો છે. વિજયાનંદસૂરિ માટે જુઓ મારી **'જૈન ઐતિહાસિક રાસમાળા'** ભાગ ૧ તથા 'જૈન ગૂર્જર કવિઓ' (**પ્રથમ આવૃત્તિ**) ભાગ ૨ પૃ.૭૫૨.

**(૪૪૪૫)** [+] **જ્ઞાન દર્શન ચારિત્ર સંવાદ રૂપ વીર સ્ત.** ૮ ઢાળ
ર.સં.૧૮૨૭

**આદિ –** દૂહા.

શ્રી ઇંદ્રાદિક ભાવથી પ્રણમેં જગગુરૂપાય,
તે પ્રભુ **વીર** જિણંદને નમતાં અતિસુખ થાય. ૧
**જ્ઞાન દર્શન ચરિત્રનાં**, કહું પરસૂપર **સંવાદ**
ત્રિકયોગેં સિદ્ધિ હોઇ, એહવો પ્રવચનવાદ.

**અંત –** ઢાલ ૮મી.

શ્રી **મહાવીર**ના ગુણ ગાવો, સંશય મનના મિટાવો રે,
મુક્તાફલના થાલ ભરીને પ્રભુજીનાં જ્ઞાન વધાવો રે. શ્રી.૧
આ સમયે શ્રુતજ્ઞાની મ્હોટા, શુદ્ધ સ્વરૂપ સમજાવે રે,
જ્ઞાનીનો જો વિનય ન સેવે, તો અતિચારતા થાવે રે. શ્રી.૨
**આવશ્યકાદિક** ગ્રંથથી જોઇ, રચના કરી મનોહારો રે,
હીનાદિક નિજ બુદ્ધે કહેવાયું, તે શ્રુતધર સુધારો રે. શ્રી.૩
**મુનિ કર સિદ્ધિ વદનને** વરસે, આઠમ સુદિ ભલે ભાવે રે,
ત્રણસે ત્રીસ કલ્યાણુક એ દિન, ત્રીશ ચોવીશીના થાવે રે. શ્રી.૩
પહેલાં પાંચ જિણંદ **નમિ નેમિ, સુવિધિ પાસ સુપાસ** રે,
એ દશ જિનના અગીઆર કલ્યાણુક, એ દિવસે થયા ખાસ રે. શ્રી.૪
અડ સિદ્ધિ બુદ્ધિદાયક એ દિને, સ્તવન રચ્યું પ્રમાણો રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણુશે ગણુશે જેહ સાંભલશે, તસ ઘર કોડિ કલ્યાણો રે. શ્રી.૫

**અંત –** કલશ.

ઈમ **વીર** જિનવર પ્રમુખ કેરાં અઢી લાખ ઉદાર એ
જિનબિંબ થાપિ સુયશ લીધો **દાન**સૂરી સુખકાર એ
તસ પાટપરંપર **તપા**ગછે, **સોભાગ્ય**સૂરી ગણધાર એ
તસ સીસ **લક્ષ્મીસૂરી પભણે**, સંઘને જયકાર એ.

(૧) ઇતિ જ્ઞાનાદિનયગર્ભિત શ્રીમદ્ વીરજિન સ્તવનં સા. **રૂપચંદ** પઠનાર્થં. પ.સં.૭–૧૦, એડા ભં. દા.૭ નં.૮૬. (૨) સંવત ૧૮૯૦ આષાઢ વદિ ૧૪ દિને શ્રી **મેડ**તાનગરે. પ્ર.કા.ભં. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૫૦૨, ૬૧૮).]

પ્રકાશિત : ૧. સજ્જનસન્મિત્ર પૃ.૩૧૭થી ૩૨૩. [૨. ચૈત્ય. આદિ સં. ભા.૧ તથા ૩. ૩. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ તથા અન્યત્ર.]

**(૪૪૪૬) [+] ષટ્ અષ્ટાહ્નિક (છ અઠાઈનું) સ્તવન** ૨.સં.૧૮૩૪ ચૈ.શુ.૧૫

**આદિ –** શ્રી સારદાય નમઃ દૂહા.

શ્રી સ્યાદ્વાદ સુધોદધિ, વૃદ્ધિહેત જિનચંદ,
પરમ પંચ પરમેષ્ટિમાં, તાસુ ચરણુ સુખકંદ. ૧
ત્રિગુણ ગોચર નામ જે, શુદ્ધ ઇસાનમાં તેહ,
થયા લોકોત્તર સત્ત્વથી, તે સર્વે જિન ગેહ. ૨
પંચ વરસ અરીહા પ્રભુ, પંચ કલ્યાણક ધ્યેય,
ષટ્ અઠાઈ સ્તવના રચૂં, પ્રણુમી અનંતગુણગેહ. ૩

**અંત –** આઠ કર્મ અડ પોષને એ, અડવિધ પદ પરમાદ,
પરિહરી આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. ૪
**ગુજર** દલા દેસમાં એ, **અકબરસા** શુલતાન, હે.
**હીરજી** ગુરૂના વચણથી, અમારી પડહ વિતાંન. હ. ૫
**સેન**સૂરી **તપગચ્છ**મણિ એ, **તિલક આણંદ** મૂણીંદ, હ.
**રાજ માંન ઋદ્ધિ** લહે, એ **સૌભાગ્ય લક્ષ્મી** સુરીંદ.
હરષ ધરી સેવીએ રે. ૬
સેવો સેવો સર્વ મહેંદ, પૂજત પદ-અરવિંદ,
પૂણ્ય પર્વ સુખકંદ, પ્રગટે પર્માનંદ, કહે ઈમ **લક્ષ્મી** સૂરંદ. હ.૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલશ.

ઇમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામી અઠાઈ ગુણ કહ્યા,
ભવી જીવ સાધો નિત આરાધો, આત્મધર્મે ઉમહ્યા,
સંવત જિન અતિશય ૩૪ વસુ ૮ શશિ ૧ ચૈત્રી પુન્યમે ધ્યાઈયા,
સોભાગ્યસૂરિ સિસ લક્ષ્મીસૂરિ બહુ સંઘ મંગલ પાઈયા. ૭

(૧) પ.સં.૩-૧૩, આ.ક.ભં. (૨) લખીતંગ ઠાકાર નરભેરામ અમુલષ સંવત ૧૯૩૧ વરષ વૈશાખ સુદી ૧ દીને લખ્યા. પ.સં.૧૪-૧૩, જશ.સં. નં.૧૪૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૭૬, ૩૧૯, ૫૦૮).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૧. ૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧ ૩. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ ભા.૧ તથા અન્યત્ર.]

**(૪૪૪૭) [+] વીસ સ્થાનક પૂજા સ્ત.** ૨.સં.૧૮૪૫ વિજયાદશમી શંખેશ્વર

અંત – કલશ.

ઈમ વીસ સ્થાનિક સ્તવન કુસુમેં પુજીઆ શંખેસરો,
સંવત સમિતિ વેદ વસુ શશિ વિજયદશમી મનોહરો,
તપગચ્છ વિજયાનંદ પટધર શ્રી વિજયસૌભાગ્ય સૂરીશ્વરો,
શ્રી વિજયલક્ષ્મીસૂરિ પભણે સયલ સંઘ જયકરો.

(૧) પ્ર.કા.ભં. (૨) મુ. વૃદ્ધિવિજય વાચનાર્થે સૂરતિ બંદિરે, સં. ૧૮૪૫ના આસો શુદિ ૧૫ વાર રવૌ. પ.સં.૧૦-૧૧, તિલક.ભં. નં.૭. (૩) સંવત ૧૮૭૨ના મહા વદિ ૬ દીને લખ્યું છે જિ પ્રથમ પ્રહરે લ. રામવિજે ઈ લોલ. પ.સં.૯-૧૩, ગો.ના. (૪) સં.૧૯૦૩ તથા ૪ના ચૈત્ર સુદ પુનીમ ને વાર ભોમે દીને લખી છે. પ.સં.૨૯-૧૧, ઘોઘા ભં. દા.૧૬ નં.૮. (૫) સં.૧૯૧૬ આસો પહેલા શુદી ૧૪ દને લ. કપાશી ડાહ્યા લાટકચંદ વીરપુર નગરે. પ.સં.૯-૧૨, વીરમગામ લાયબ્રેરી. (૬-૯) ચાર પ્રતો લીં.ભં. [ડિકેટલોગભીજે ભા.૧ (પૃ.૨૬૪), જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૪, ૨૭૧, ૪૯૧).]

[પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩ તથા અન્યત્ર.]

**(૪૪૪૮) + ચોવીશી**

પ્રકાશિત : ૧. ચોવીશી વીશી સંગ્રહ. [૨. ૧૧૫૧ સ્તવનમંજૂષા.]

**(૪૪૪૯) + જ્ઞાનપંચમી** [અથવા **સૌભાગ્યપંચમી**] **દેવવંદન**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧–૯) લિ.સં.૧૮૬૦, ૧૮૭૪, ૧૮૭૬, ૧૮૭૯, ૧૯૦૮ તેમજ સાલ વગરની એમ નવ પ્રતો લીં. ભંડારમાં છે. [ડિકેટલૉગભીજે ભા.૧ (પૃ. ૨૬૨, ૨૬૬), મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૯૩, ૧૬૧, ૨૭૪, ૨૭૫, ૪૦૬, ૪૮૫, ૪૯૪, ૫૪૨, ૫૫૦, ૫૫૩, ૫૭૮).]

પ્રકાશિત : ૧. દેવવંદનમાળા. [૨. ચૈત્ય. આદિ સં. ભા.૩. ૩. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ તથા અન્યત્ર.]

**(૪૪૫૦) સઝાયો**

૧ + રોહિણી સ. (પ્રકાશિત : સ.મા.ભી. પૃ.૩૯૫). ૨ ભગવતી સ. (પ.સં.૧–૯, આ.ક.ભં.). ૩ મૃગાપુત્ર સ. ૪ [+] જ્ઞાનપંચમી સઝાય [અથવા ઢાળો] (લ.સં.૧૮૬૦, લીં.ભં.) [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૪, ૪૦૬, ૪૯૪).] [પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૨. પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ ભા.૧. ૩. મોટું સઝાયમાલા સંગ્રહ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૨૯–૩૨. ત્યાં 'જ્ઞાનદર્શન ચરિત્ર સંવાદ રૂપ વીર સ્ત.'નો ર.સં.૧૮૧૭ નોંધાયેલ તે છાપભૂલ હોવા સંભવ છે.]

## ૧૨૮૭. દેવીચંદ (પાર્શ્વચંદ્રસૂરિસંતાનીય)

**(૪૪૫૧) રાજસિંહકુમાર ચોપાઈ** (રાજસ્થાનીમાં) ૧૦ ઢાળ ર.સં. ૧૮૨૭ કા.શ.૫ ભોમ મેડતામાં

**આદિ –** દોહરા

પરમ દેવ પ્રણમી કરી, **વર્દ્ધમાંન** ભગવાન,
પરમેષ્ટી નવકારનૌ, ફલ કરહુ બખાણ. ૧
ઇહ લોકે જે પામિયાં, પરલોકે ફલ જેહ,
લાભ હુવૈ સો બરણુઉં, કથા ધરી તિમ નેહ. ૨
ઇહ લોકે નવકારથી, **શિવકુમાર** જિમ જાંન,
ફૂલ માલ બીજી ભણી, તીજી બીજોરા ઠાંણ. ૩
પરલોકે ચંડ પિંગલે, જપિયો શ્રી નવકાર,
કુંડક યક્ષ બીજી ભણી, કથા પાંચ ફલ સાર. ૪
ઇહલોકે પરલોક બલિ, **રાજસિંહકુમાર**,
કથા થકી સહૂ જાંણુજ્યો, સુન લેજ્યો સુવિચાર. ૫

**અંત –** કલશ.

ગચ્છ નિરમલ રે, સૂરી શ્રી **પાસચંદ**નો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ ગુણ પિણ રે, ભાખેં પ્રોહિત ઇદ્રનો,
સિષ અનુક્રમ રે આઠ થયા તિન વારહિ
તિન અવસર રે મતિ ઉપજી સુખકારહિ. ૬૦
કરી સુખ સું નવમ થાનક સિષ ભાખેં એ સહી,
ઋષ **હેવીચંદ** બોલી ઢાલ દશમી ગહગહી.
નગર **મેડતા** ઠાંમ મોટો **અઢાર સેં સત બીસમેં**
માસ કાત્તિક શુકલ પંચમી ભોંમ બાર કર નિરગમેં. ૬૧

(૧) ઇતિ નવકાર ફલ વિષે રા.કુ.ચો. સંપૂર્ણં. સં.૧૮૩૫ અગનમ શ્રી અગહન સુ.૪ સોમવારે. ર૩ શ્રાવક રામચંદ્ર ભઇયોકી પતનીય શ્રુશ્રાવિકા ગુજ્જોબાઇ દત્તં. પ.સં.૧૫–૧૩, ધો.ભં. (ર) પ.સં.૧૭, મહિમા.ભં. પો.૩૪. (૩) સં.૧૮૪ર આ.શુ.ર, પ.સં.ર૧, કૃપા. નં.૧૬૦૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧ર૮–ર૯, ૩ર૯, ૧ર૬૦ તથા ૧૫ર૩. ત્યાં ભૂલથી કવિ બેવડાયેલા અને પૃ.૧ર૬૦ પર કૃતિનો ર.સં.૧૭ર૭ નોંધી કવિને સંવત ૧૮મી સદીમાં મૂકેલા. પૃ.૧૫ર૩ પર આ વિશેનો સુધારો પણ પછી મૂકેલો.]

## ૧ર૯૮. ક્ષમાકલ્યાણ વાચક (ખ. જિનલાભસૂરિ–અમૃતધર્મ શિ.)

એમણે સાદી ગદ્ય સંસ્કૃતમાં ખરતરગચ્છની પટ્ટાવલી રચી છે. તે પ્રસિદ્ધ છે. તે ઉપરાંત સંસ્કૃતમાં રચેલી કૃતિઓ આ પ્રમાણે છે : ભૂધાતુવૃત્તિ સં.૧૮ર૯ ચૈ.વ.૧ રાજનગર, ગૌતમીય કાવ્યવૃત્તિ સં.૧૮ર૯ રાજનગરમાં પ્રારંભ ને સં.૧૮પર શ્રા.શુ.૧૧ જેસલમેરમાં સમાપ્તિ, ચાતુર્માસી વ્યાખ્યાન સં.૧૮૩૫ શ્રા.શુ.પ ફલોધી, યશોધરચરિત્ર સં.૧૮૩૯ શ્રા.શુ.પ જેસલમેર, સુક્તમુક્તાવલી વૃત્તિ સં.૧૮૪૭ મકસુદાબાદ, જીવવિચાર વૃત્તિ સં.૧૮૫૦ વિકાનેર, પ્રશ્નોત્તર સાર્ધશતક (ભાષામાં લખેલ તે પહેલાંનું સં.માં) સં.૧૮૫૧ જ્યે.શુ.પ જેસલમેર, પાર્શ્વસ્તવાચૂરિ, તર્કસંગ્રહ ફક્કિકા સં.૧૮૫૪ સુરતમાં, વિજ્ઞાનચંદ્રિકા સં.૧૮૫૯ જેસલમેર, અષ્ટાન્હિકા વ્યાખ્યાન સં.૧૮૬૦ જેસલમેર, મેરુત્રયોદશી વ્યા. સં.૧૮૬૦ શોભન માસ જેસલમેર, અક્ષયતૃતીયા વ્યા., હોલિકા વ્યા., જ્ઞાનપંચમી કથા સં. ૧૮૬૦ ફા.વ.૧૧ વિકાનેર (લીં.ભં.), પૌષદશમી કથા (લીં.ભં.), મૌન એકાદશી કથા (લીં.ભં.), શ્રીપાલચરિત્ર વૃત્તિ સં.૧૮૬૯ વિજયાદશમી વિકાનેર, સમરાદિત્યચરિત્ર સં.૧૮૭૩, ર૪ જિન ચૈત્યવંદન, પ્રતિક્રમણહેતવઃ વિકાનેર, સાધુ પ્રાયશ્ચિત્ત વિધિ બાલૂચર, વિચારશતક બીજક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરસમયસાર વિચારસંગ્રહ. એમણે જિનલાભસૂરિએ સંસ્કૃતમાં રચેલ આત્મપ્રબોધ ગ્રંથને શોધ્યો છે. [વિશેષ માટે જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ફકરા ૯૯૩-૯૪.]

**(૪૪૫૨) ગિરનાર ગઝલ** ગા.૫૯ ર.સં.૧૮૨૮ મહા વ.૨

**અંત –** સંવત **અઠાર અડવીસૈક**, મહા વદિ બીજ કે દિવસૈક,
કીની યાત્રા ગઢ **ગિરનાર**, કહિતા ગજલ અતિ સુખકાર. ૫૮
ધરકે અખરમે નસૌ ધાર, ગઢ શું વર્ણવ્યો **ગિરનાર**,
**ખરતર** પતી હૈ સુપ્રમાણ, કવિ યું કહત હૈ **કલ્યાણ**. ૫૯

(૧) લિ.સં.૧૮૭૪, વૈ.વ.૧૩, પ.સં.૩, મહિમા. [રાહસૂચી ભા.૧.]

**(૪૪૫૩) [+] થાવચ્ચા ચોપાઈ** [અથવા **ચોઢાળિયું**] ર.સં.૧૮૪૭ વિજયાદશમી મહિમાપુરમાં

[રાહસૂચી ભા.૧.]

[પ્રકાશિત : ૧. બે લઘુ રાસકૃતિઓ (સંપા. રમણલાલ ચી. શાહ).]

**(૪૪૫૪) + સ્થૂલભદ્ર સઝાય** ર.સં.૧૮૪૮

**(૪૪૫૫) [+] ચોવીસ જિનનમસ્કાર** [અથવા **ચૈત્યવંદન**] **ચોવીસી** ર.સં.૧૮૫૬ જેઠ શુદિ ૧૩ દક્ષિણ નાગપુરમાં

**આદિ –** ઋષભજિન નમસ્કાર
જયજય જિનવર **આદિદેવ**, તિહુઅણ-જણ-તાત,
શ્રી **મરૂદેવા નાભિનંદ**, સોવન સમ ગાત. ૧

*

દસ હજાર મુનિ સાથ સૂં, એ તપ **ચઉદ્દસમ** જાંણ,
પ્રભુ સીધા **અષ્ટાપદૈ**, કરો સંઘ કલ્યાણ. ૫

**અંત –** વીર નમસ્કાર.
જયજય શ્રી જિન **વર્દ્ધમાંન**, સોવન સમ વાન,
સિંહલંછન **સિદ્ધાર્થ**રાય, **ત્રિસલા**-સુત ભાંન. ૧

*

એકાકી **પાવાપુરીએ**, છઠ ભત્ત સુહ ઝાંણ,
પ્રભુ પહુતા **અમૃત** પદૈં, કરો સંઘ **કલ્યાણ**. ૬

(આ પ્રમાણે ૨૪ નમસ્કાર કર્યા પછી અંતે)
**ઋષભાદિક** ચોવીસ દેવ, જિનરાજ પ્રધાન,
માતપિતા લાંછન વરણ, શ્રમણાદિ વિધાન. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સય અઢાર છપ્પન સમૈ, સુદિ જેઠ પિછાણુ,
દક્ષિણ દેશે નાગપુર, તિથિ તેરસ જાણુ. ૨
શ્રી જિનભક્તિ પસાયથી, ઇમ વરણવ્યા સુજાણ,
વાચક અમૃતધર્મગણિ, સીસ ક્ષમાકલ્યાણ. ૩

(૧) પ્ર.કા.ભં. (૨) પ.ક્ર.૧૭૮થી ૧૮૬, ચોપડો, મુક્તિ. વડોદરા નં.૨૪૭૨.

[પ્રકાશિત : ૧. ચૈત્યવંદન ચોવીસી.]

(૪૪૫૬) જયતિહુઅણ સ્તોત્ર ભાષા ૪૧ કડી માહિમાપુરમાં

આદિ – દોહા

પરમ પુરૂષ પરમેશિતા, પરમાનંદનિધાન,
પુરસદાંણી પાસ જિન, વંદુ પરમ પ્રધાન.

અંત – મહિમાપુરમંડત જિનરાય, સુવિધિનાથ પ્રભુકે સુપસાય,
શ્રી જિનચંદ્રસૂરિ મુનિરાજ, ધર્મરાજ્ય જયવંત સમાજ. ૩૯
બંગદેશ સોભિત સુશ્રોત, ઓશવંશ કાલેલા ગોત,
સોભાચંદ-સુત ગૂજરમલ્લ, ભ્રાતા તનસુખરાય નિસલ્લ. ૪૦
તિનકે આગ્રહસેં જુ નવીન, જયતિહુઅનકી ભાષા કીન,
વાચક અમૃતધર્મ ગનીસ, સીસ ક્ષમાકલ્યાન જગીસ. ૪૧

(૧) પ.ક્ર.૩૨થી ૩૫, ચોપડો, મુક્તિ. વડોદરા નં.૨૪૭૨.

(૪૪૫૭) [+] અઈમત્તાઋષિ સજ્ઝાય ૩ ઢાલ ૨૭ કડી

[પ્રકાશિત : ૧. મોટું સઝાયમાલા સંગ્રહ.]

(૪૪૫૮) [+] સ્તવનાદિ

૧ શંખેશ્વર સ્ત. ર.સં.૧૮૨૬ વૈ.૩. ૨ + સૂરત સહસ્રફણા પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૨૮ વૈ.શુ.૧૨. ૩ નવખંડા પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૩૦ પોષ ઘોઘા. ૪ પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૩૪ વૈ.શુ.૫ મહેવા. ૫ ઋષભ સ્ત. ર.સં. ૧૮૩૪ જ્યે.શુ.૧ આબુ. ૬ સહસ્રફણા પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૩૬ ફા.વ.૯ લોદ્રવા. ૭ ભગવતીસૂત્ર સઝાય ર.સં.૧૮૪૩ ચોમાસું બાલૂચર. ૮ તીર્થયાત્રા સ્ત. ર.સં.૧૮૪૩. ૯ સંભવનાથ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૪૪ વૈ.વ.૫ અજીમગંજ. ૧૦ સુવિધિ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૪૫ માઘ શુ.૧૧ મહિમાપુર. ૧૧ [+] પાર્શ્વ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૪૭ વૈ.શુ.૫ મહાજનટોલી. ૧૨ [+] મહાવીર સ્ત. ર.સં.૧૮૪૭ મા.વ.૨ પાવાપુરી. ૧૩ સ્થૂલિભદ્ર સ્થાપના સ્ત. ર.સં.૧૮૪૮ પાટલીપુર. ૧૪ [+] મહાવીર સ્ત. ર.સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮૪૮ પો.શુ.૧૫ પાવાપુરી મૂલચંદસંઘ સહિત. **૧૫** [+] [ગિરનારમંડન] નેમિ સ્ત. ર.સં.૧૮૫૪ માગશર શુ.૮ ધાણેરાવના સંઘસહિત ગિરનારયાત્રા. **૧૬** [+] શત્રુંજય [ઋષભ] સ્ત. ર.સં.૧૮૫૪ ચૈ.શુ.૮ શત્રુંજય. **૧૭** [+] અંતરીક્ષ પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૫૫ ફા.વ.૧૨ સિરપુર. **૧૮** [+] પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૫૮ ચૈ.વ.૧ લોદ્રવા. **૧૯** [+] ઋષભ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૬૦ વૈ.શુ.૭ દેવીકોટ. **૨૦** [+] સુવિધિ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૬૧ મા.શુ.૨ દેસણોક. **૨૧** સુપાર્શ્વ સ્ત. ર.સં.૧૮૬૧ ફા.શુ.૨ જયપુર. **૨૨** [+] પાર્શ્વ સ્ત. ર.સં.૧૮૬૬ ફા.શુ.૧૫ શંખેશ્વર મરુધરસંઘયાત્રા. **૨૩** [+] [ગિરનારમંડન] નેમિ સ્ત. ર.સં.૧૮૬૬ ચૈત્રી પૂનમ ગિરનાર. **૨૪** [+] [શત્રુંજયમંડન] ઋષભ સ્ત. ર.સં.૧૮૬૬ વૈ.શુ.૨ શત્રુંજય. **૨૫** [+] પાર્શ્વ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૬૭ માઘવ ૯ મંડોવર. **૨૬** [+] સંભવ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૬૯ માઘ શુ.૧૩ અજમેર. **૨૭** સુપાર્શ્વ પ્રતિષ્ઠા સ્ત. ર.સં.૧૮૭૧ માઘ શુ.૧ વિકાનેર. **૨૮** હિતશિક્ષા બત્રીસી સં.૧૮૬૮ પૂર્વે.

[પ્રકાશિત : ૧. ઉપાધ્યાયજી શ્રી ક્ષમાકલ્યાણજી વિરચિત ચૈત્યવંદન સ્તવન સંગ્રહ, પ્રકા. સુગનચંદજી ઉ. બાંઠિયા. ક્રમાંક ૧ અને ૩ની કૃતિઓ એમાં જિનલાભની, ક્રમાંક ૪ની જિનચંદની અને ક્રમાંક ૫, ૬, ૯ અને ૧૦ની કૃતિઓ અમૃતધર્મની નામછાપ સાથે મળે છે. ક્ષમાકલ્યાણે પણ આ જ મિતિઓએ એ વિષયની રચના કરી હોય એમ માનવા કરતાં ક્ષમાકલ્યાણની રચનાઓની સાથે આ કૃતિઓ મળતી હોઈ સરતચૂકથી એમને નામે ચડી ગઈ હોવાની સંભાવના વધુ લાગે છે.]

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

## ગદ્યકૃતિઓ

**(૪૪૫૯) શ્રાવક વિધિ સંગ્રહ પ્રકાશ** (ભાષામાં) ર.સં.૧૮૩૮

તેમણે પાક્ષિકાદિ પડિકમણવિધિ ગદ્યમાં ભાષામાં ઉતારી છે. ને છેવટે દોહા આપ્યા છે.

**અંત –** શ્રી **જિનચંદ** સુરિંદ નિતુ, રાજત ગછરાજાન,
વાચક **અમૃતધર્મ**ગણિ, સીસ **ક્ષમાકલ્યાણ.** ૧
સય **અઢાર અડતીસ, જેસલમેરૂ** સુથાન,
શ્રાવક વિધિ સંગ્રહ કીયૌ, મૂલ ગ્રંથ અનુમાન. ૨
**કમલાદિમ** સુંદર સુમના, કીધ સહાય પ્રધાન,
જો કુનિ હોય અસુદ્ધ ઇહાં, સો સોધીયો સુજાન. ૩

૯

(૧) સંવત ૧૮૪૭ વર્ષે પ્રથમ આસાઢ વદિ ૧ રવૌ લિખતા પં. રૂપચંદ, પં.ન્યાનચંદ, પં.લાલચંદ, શ્રી સુરતિ બિંદરે ઓસવાલ મહિલા મધે. ભાઈદાસ નેમીને ધમ્મર્શાલા મધ્યે. શુભં ભવતુ. પ.સં.૧૨–૧૭, પ્ર.કા.ભં. નં.૩૫૭. (૨) શ્રી જિનપ્રભસૂરિકૃત વિધિપ્રપા ૧, ખરતર મંડલાચાર્ય તરૂણપ્રભસૂરિકૃત ષડાવશ્યક બાલાવબોધ ૨, સામાચારી શતક ૩, વંદારૂ વૃત્તિ ૪, પ્રવચન સારોદ્ધારવૃત્તિ ૫, આચારદિનકરં ૬, શ્રી જિનપતિસૂરિ સામાચારીપત્રં ૭, શિવનિધાનોપાધ્યાયકૃત લઘુવિધિપ્રપાદિ ૮, ગ્રંથાશ્ચ વિલોકય અયં વિધિપ્રકાશો નિર્મિતઃ ઇતિશ્રી શ્રાવક વિધિ-પ્રકાશઃ પરિપૂર્ણતામગમત્. પં.જ્ઞાનસૌભાગ્ય મુનિના સ્તહેતવે નાગપુર મધ્યે લિપીચક્રે. રો.એ.સો. મુંબઈ. [જૈહાપ્રોસ્ટા, રાહસૂચી ભા.૧, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૫૮૯, ૬૧૪).]

**(૪૪૬૦) પ્રશ્નોત્તર સાર્ધશતક** (ભાષામાં) ર.સં.૧૮૫૩ વૈ.વ.૨ બુધ

**અંત –** ઇતિશ્રી વાચનાચાર્ય શ્રીમદ**મૃતધર્મ**ગણિ વિનેયવાચક **ક્ષમાકલ્યાણ** ગણિ વિનિર્મિત પ્રશ્નોત્તર સાર્દ્ધશતકસ્ય સૂચીમાત્ર ભાષાયામુત્ત-રાર્દ્ધમ્. શ્રી.

નિષ્પન્નમાનન્દમયૈર્જિનાદ્યૈઃ સમાશ્રિમૈઃ શુદ્ધપદૈરવક્રમ્
હ્રીંકારદીપ્રં શ્રિતસર્વશક્રં શ્રી સિદ્ધચક્રં શરણં મમાસ્તુ. ૧

દોહા

**સય અઢાર તેપન** સમૈ, વદિ વૈશાખ સુમાસ,
બુધવાર સંપૂરન રચ્યો, **વીકાનેર** સુવાસ. ૧
આર્યા ઉત્તમ ધર્મરુચિ, પુત્રી સમ સુવિનીત,
નામ **ખુસ્યાલશ્રી** નિમિત, યહ કીનૌ ધરિ ચીત. ૨
**ભણુસાલી સંઘજી** વધૂ, **મોતૂ** નામ ઉદાર,
તાકૌ ફુન આગ્રહ ભયો, **જેસલમેર** મઝાર. ૩

(૧) ઇતિ વાચક ક્ષમાકલ્યાણગણિકૃત સંક્ષિપ્ત ભાષામય પ્રશ્નોત્તર સાર્દ્ધશતકમ્. લેખકપાઠકયો શ્રીરસ્તુ. કલ્યાણમસ્તુ શુભં ભવતુ શ્રી જિન-ધર્મ પ્રસાદાત્. પ.ક્ર.૨૮૮થી ૩૨૨, ચોપડો, મુક્તિ. વડોદરા નં.૨૪૭૨. [જૈહાપ્રોસ્ટા, રાહસૂચી ભા.૧.]

**(૪૪૬૧) અંબડચરિત્ર** (ભાષામાં) ર.સં.૧૮૫૪ આષાઢ શુ.૩ બુધ પાલીતાણા

(૧) પ.સં.૩૭, મહિમાભક્તિ ભં. પો.૨૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૪૬૨) યશોધર ચરિત્ર પર બાલા.** ર.સં.૧૮૯૩ જેસલમેર
મૂળ સંસ્કૃતમાં.

(૧) લ.સં.૧૮૯૮ કા.વ.ર ભોમ પં. રંગવિજે **માંડવી** બંદર **વાસુ-પૂજ્ય** પ્રસાદાત્. પ.સં.૧૦૧, ડા.પાલણ. દા.૨૫ નં.૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૭૮–૮૧, ૩૨૯, ૩૩૧–૩૨ તથા ૧૬૭૪. પૃ.૩૨૯ પર કલ્યાણ(ખ.)ને નામે મુકાયેલી 'ગિરનાર ગઝલ' આ કવિની જ ગણવી જોઈએ, કેમકે કેવળ 'કલ્યાણ' શબ્દથી પોતાના નામનો નિર્દેશ કરવાની રીતિ કવિનાં કાવ્યોમાં વ્યાપકપણે જોવા મળે છે. કવિની આ જ પ્રકારની 'સિદ્ધાચલ ગઝલ' પણ મળે છે. ઉપરાંત જુઓ 'સ્તવનાદિ'-ની પ્રકાશિતની માહિતી સાથેની સંપાદકીય નોંધ.]

## ૧૨૮૯. વિદ્યાહેમ

**(૪૪૬૩) વિવાહ પડલ અર્થ** ર.સં.૧૮૩૦ મા.વ.ર

(૧) પ.સં.૧૧, વધ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૭.]

## ૧૨૯૦. ભાણવિજય (ત. વિજયપ્રભસૂરિ–પ્રેમવિજયશિ.)

**(૪૪૬૪) વિક્રમાદિત્ય પંચદંડ [ચરિત્ર] રાસ** ૪ ખંડ ૫૭૯૭ કડી ર.સં.૧૮૩૦ જે.સુ.૧૦ રવિ ઔરંગાબાદમાં

આદિ – અમલ કમલ સમ નયનયુગ, સુરપતિ સેવિત પાય,
**પાસ** જિણંદ દિણંદ સમ, પ્રણમતાં આનંદ થાય. ૧
શુદ્ધા સુધા(?) કિધિ જિણે, દગ પિયુષભરેણ,
ફણિધર મણિધર પતિ કર્યો, તાસ નમું વિનયેણ. ૨
નિપટ પ્રગટ સઠ ગુણ ઘણે, સંજુત્ત જેહના ગાત્ર,
તેહને વિહીત ક્ષિણુકમાં, અવિરલ **સરસ્વતિ** પાત્ર. ૩
એહવિ જે છે ભારતી, ત્રિભુવન વ્યંજે સક્ત,
તે આપો વર ભારતી, જાણીને નિજ ભક્ત. ૪
અઘટ કઠિન જે ઉપલ સમ, જડ વચનપ્રહારેણ,
કૃત મૂર્ત્તિ તે ગુરૂ તણા, પદ પ્રણમું હરખેણ. ૫
કવિ અનેક છે ભૂતલે, એકએકથી ઘણા દક્ષ,
તે આગલિ મુઝ ચાતુરિ હાસ્યઠામ પરતક્ષ. ૬
તો પિણ શાંતસુધારસેં મુઝ કવિતાઇ વચન્ન,
ઉત્તમના સહેજે હોઇ પરઉપગારી મન્ન. ૭

જૈન સાઈટ JAINSITE.com જયતુ જૈન શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુજાઇ સઠનેં કરે વાગ્મી અને પ્રતિકુલ,
વાગ્મીને સઠતા કરે પંડિત પ્રકૃતિ મૂલ. ૮
દાન શિયલ તપ ભાવના કહ્યા ભેદે એ ચાર,
ભેદ જિણું જે અભ્યસ્યા તિહાં તેહના અધિકાર. ૯
ઇહાં તો **વિક્રમ** ભુપનો દાનગુણે વિસ્તાર,
શીલગુણે જે અલંકર્યો કરે વંલી પર-ઉપગાર. ૧૦
**વિક્રમધર** રાંણિ ઘણી ગુણમણીની ભંડાર,
તેહમાં શીલવ્રત ઉપરિ **લીલાવતિ** અધિકાર. ૧૧
સત્ય વચન અંગિકર્યું મૃષા કર્યો પરિહાર,
તે નૃપ **લીલાવતિ** તણો રચું ચરિત્ર ચિત્ત ધાર. ૧૨
પ્રથમ તિહાં **વિક્રમ** તણો ઉત્પતિ સરસ સંબંધ,
અનુક્રમેં **લીલાવતિ** કથા કહેસ્યું સીલપ્રબંધ. ૧૩
રસ રસિક સંબંધ જસ્યો વક્તા પિણ તિમ હોય,
શ્રોતા તિમ હૂઈ રસિક જો એહ રસ સમ નહિ કોય. ૧૪

**અંત** – ઢાલ ૪૩. રાગ ધન્યાસી. તપગચ્છકો સુલતાંન કહાવે – એ દેશી.

શ્રી જિનમાર્ગ સુરગિરિ ભૂવલયે **તપગચ્છ** નંદનવન છેજી,
તિહાં મુનિજન સુરરમણતરૂ સમ જ્ઞાનસુગંધ તા ધન છેજી. શ્રી.૧
તે તરૂ માંહિ સિરદારશ્રી વિજયિશ્રી **વિજયદેવ** સૂરિંદાજી,
જસ આણા ચિહૂં ખંડે ચાવી નમ્યા અનમી જે નરીંદાજી. ૨
**દેસ સયલમાં** જેહને નામેં ગચ્છ સિરદાર કહાવેજી,
એ ગુણ પુરણ પુણ્યાઢ્યપણાનો જગમાં પ્રસિધતા થાવેજી. ૩
તે ગણધરનો પટ્ટ ઉદયાચલ તિહાં ઉદયા સરવી સરખાજી,
શ્રી **વિજયપ્રભ** સૂરીશ્વરજી જસ તપતેજે સહુ હરખ્યાજી. ૪
જેહને તેજે ઉપાધિ કુમતિ તિમ મુખ ભુંઠા થઈ નાઠાજી,
પાલી અખંડપણે સુરપદવી પ્રતિકુલ થયા તે થાઠાજી. ૫
શુધ ભાષક શુધ માર્ગ આરાધક વર્ત્તાવે શુધ પંથેજી,
કલિકાલે **ગૌતમ** સમ ભાખ્યા જેહવા કહ્યા છે ગ્રંથેજી. ૬
એહવા શ્રી **વિજયપ્રભ**સૂરિના પટ્ટધર થયા ગુણવંતાજી,
શ્રી **વિજયરત્ન** સૂરીશ્વર જ્ઞાની સુરીપદ સોભ લહંતાજી. ૭
તસ પટ્ટધારે સોભાકારી શ્રી **વિજયક્ષમા** ગણધારીજી,
તપ જપ સંયમના ખપકારિ થયા જે ઉચિત આચારીજી. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહને પાટે શ્રી **વિજયદયાસૂરિ** ભુરિ ચારિત્ર વરદેહાજી,
મોહે નરનારી જાણે અમ નાથ દેસના અમૃતપરવાહોજી. ૯
પટ્ટધર તેહના લાયક નાયક શ્રી **વિજયધર્મ** સૂરીંદાજી,
શ્રી જિનશાસન ઉદ્યોતકારી વાણીગુણ મોહે નરીંદાજી. ૧૦
તેહને રાજ્યે એ રાસ રસીલો કીધો ગુણીગુણ ગાયાજી,
પૂર્વચરિત્ર **વિક્રમનાં** જોઇ પૂર્વ સ્યારએ નિરમાયાજી. ૧૧
શ્રી **વિજયપ્રભ** સૂરીશ્વરના પદકજ અંતેવાસીજી,
ગીતારથ-પદ સાર્થક જેહમાં જ્ઞાનામૃતના વિલાસીજી. ૧૨
પંડિત **પ્રેમવિજયનો** સેવક ગુરૂઆણા શિર ધારીજી,
**ભાંણુવિજય વિક્રમ** ભૂપતિનો રાસ રચ્યો સુખકારીજી. ૧૩
પ્રથમાભ્યાસે બાલવિલાસે સહજનિ રમતિ કીધીજી,
સજ્જન બુધજન શોધી લેજ્યો જિમ હોઈ ચિત્તની શુદ્ધિજી. ૧૪
સંવત **પૂર્ણ હુતાસન વસુ સસી** જેઠ માસ સુદ દસમીજી,
રવીવારે વલિ સ્વાતિ નક્ષત્રે શિવયોગ તે સિવધર્મિજી. ૧૫
પુરણ રાસ એ તે દિન કીધો હર્ષ-અમૃતરસ પીધોજી,
**અવરંગાબાદમાં** કારજ સીધો ગુણીઇ અંગીકરી લીધોજી. ૧૬
શ્રી **ગોડી પાર્શ્વજીની** સુનીજરેં નિજ ગુરૂની કૃપાથીજી,
ઇચ્છાવંછા થઇ એ પુરણ **વિક્રમ**ગુણ ગાવાજી. ૧૭
ચિત્તપ્રમાદે મતિકલ્પનાએ ન્યૂનાધિક વાત કહેવાઈજી,
મીછાદુક્કડ ત્રિકરણ સુધિં મુઝને હોજો સુખદાઇજી. ૧૮
વલી જિનવાણી વિરૂદ્ધ કહાણી તસ મીછા દુકૃત હોજોજી,
સંઘ સમક્ષ કર જોડી કહું હું, સાંત સુધારી લેજ્યોજી. ૧૯
નિશ્ચલ રહો એ રાસ તિહાં લગિં જિહાં લગિં ધ્રુ અને તારીજી,
જિહાં લગિં મેરૂ સસી રવિ તિહાં લગિં જિનધર્મ સામાચારીજી. ૨૦
એ ગુણીના ગુણ ભણસે ગુણસે તસ ઘર મંગલમાલાજી,
કહ્યો ખંડ ચોથો ત્રેતાલીસ ઢાલે **ભાંણુ** લહે ઋદ્ધિ વિસાલાજી. ૨૧

(૧) ગાથા ૫૭૯૭ લીલાવતિચતુર્થવેલાજલ્પાવિતા તસ્યાઃ પાણીગ્રહણ કૃત્વા સ્વદેશગમનઃ શ્રી સિદ્ધસેનમુખે ધર્મ પ્રાપ્ય શ્રી અવંતિપાર્શ્વતીર્થઉદ્ધારકરણં દેશસાધને શાલીવાહનરાજ્ઞા હસ્તે મૃત્યુપ્રાયણ વિક્રમસેન તત્પુત્રપદસ્થાપનઃ શ્રી મુનિચંદ્રાચાર્યોપદેશા લીલાવતિદીક્ષાસુગતિપ્રાપણ નામ્નો ચતુર્થ ખંડ સમાપ્તઃ સં.૧૮૭૩ પો.કૃ.પક્ષે ૧૧ શ્રી **મિસાણા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મધ્યે બૃહસ્પતિવારે સકલ પં. શ્રી રંગવિજયજીગણિ તત્સીષ્ય પં. શ્રી **ભીમ**વિજયગણિ શિ. હેમવિજય તતશિષ્ય તેજવિજયેણ લિ. પ.સં.૧૪૨–૧૮, ડે.ભં. દા.૪૧ નં.૭. (૨) સંવત્ ૧૮૬૧ વર્ષે માસોત્તમ માસે શુકલપક્ષે વૈશાખ માસે ચંદ્રવાસરે ૧૨ દીને લખીતં પં. ભક્તિવિજયગણી શ્રી ચાણસમા નગરે શ્રી ભટેવા પાર્શ્વનાથજી પ્રશાદાત્ શ્રેયઃ શ્રેયઃ. પ.સં. ૧૧૮–૧૭, અપૂર્ણ – ત્રણ ખંડ માત્ર, પ્ર.કા.ભં. વડો. નં.૨૨. (૩) લિ. પં. રાજવિજયગણિના ગણિ કુશલ વિજય વાચનાય સં.૧૮૬૮ શાકે ૧૭૩૩ ભાદ્રપદ શુ.૧૦ કર્મવાટચાં સુરાચાર્યવાસરે શ્રી પાર્શ્વદેવ પ્રસાદાત્ તપાગચ્છે ભ. વિજયજિનેંદ્રસૂરિ રાજ્યે. પ.સં.૧૯૦–૧૫, ઈડર ગોરજી ભં. નં.૧૧૮. (૪) સંવત્ ૧૯૩૩ના ચૈતર વદી ૫ વાર સોમે શ્રી ખેડાનગરે શ્રી ભીડભંજન અમીઝરા પાર્શ્વનાથ પ્રસાદે લ. વકીલ વરજલાલ વેણીદાસ સ્વઆત્મા પરમાર્થે લખ્યો ભુલચુક મીચ્છામીદુકડં. પ.સં.૧૩૭–૧૫, ખેડા ભં. દા.૭ નં.૮૯. (૫) રત્ન.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૧).]

**(૪૪૬૫) + ચોવીશી**

**આદિ** – મોરા સ્વામી હો શ્રી પ્રથમ જિણંદકે, **ઋષભ** જિનેશ્વર સાંભળો,

**અંત** – ધ્યેય સ્વરૂપે ધ્યાય તમને જે, મનવચકાય આરાધે રે,

**પ્રેમ** વિબુધ **ભાણ** પભણે તે નર **વર્ધમાન** સુખ સાધે રે.

પ્રકાશિત : ૧. ચોવીશી વીશી સંગ્રહ પૃ.૨૯૩થી ૩૦૬. [૨. ૧૧૫૧ સ્તવનમંજૂષા.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૪–૩૮.]

## ૧૨૯૧. ઋષભસાગર (ત. જશવંતસાગર–જૈનેંદ્રસાગર–આગમસાગર અને વિનોદસાગરશિ.)

**(૪૪૬૬) વિનયચટ રાસ** ૪ ઉલ્લાસ ૫૮ ઢાળ ૧૫૩૦ કડી ર.સં.૧૮૩૦ ભાદ્રવા શુદિ ૧૫ બુધ પોરબંદર

**આદિ** – દોહા

**પાર્શ્વનાથ** જિનવર પ્રણમ્ય, ત્રેવીસમો જિન તાસ,
અલિય ઉપદ્રવ ઉપશમે, વારે ગર્ભવાસ. ૧
પન્નગ રાખ્યો પરિજલત, અદ્દભુત કર્યો ઉપકાર,
સુરપદવી આપી સરસ, ધન્ય વિશ્વઆધાર. ૨
હંસાસન બેઠી હસત, વસત હૃદયઆવાસ,
પ્રગટપણે પરમેશ્વરી, ઉદયો જ્ઞાનઉજાસ. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંનિધકારી **શારદા**, વરદાતા સુવિશાલ,
નમતાં તુઝ પદ નિત પ્રતે, મુઝ હોઇ મંગલમાલ. ૪
ગુરૂ દાતા શુભ જ્ઞાનના, ધ્યાનઉ તાસ ધરેય,
ઉત્તમ અક્ષર દ્યો ઉક્ત, એહ ઉપગાર કરેય. ૫
જ્ઞાન દર્શન ચારિત્ર ગુણ, ચિત ધારે જે ચુંપ,
અષ્ટ કર્મ વૈરી અટલ, ક્રોડ તરે ભવકુપ. ૬
એહવો શાસ્ત્રો આખીયો, સુખદાયક સ્વયમેવ,
ત્રિગડે ભાખ્યો ત્રિજગગુરૂ, સબ દેવનકે દેવ. ૭
ત્રિવિધ માર્ગ એ મોક્ષનો, જ્ઞાન દર્શન ચરિત્ર,
જ્ઞાન તણાં સાધન કર્યાં, હોઈ પુન્ય પવિત્ર. ૮
પિણ તે વિનય કીયા થકાં, જ્ઞાન લહે ભરપૂર,
ફલપ્રાપ્તિ નવી પામીઇ, વિના બીજઅંકૂર. ૯
આરાધન તુમે આદરો, લાયક ભવિયણલોક,
સુરખ્યચટ તણી પરે, થિર લહો વંછિત થોક. ૧૦
કિણ વિધિ તિણ સાધન કિયો, જસ થયો સકલ સંજોગ,
ઋદ્ધિ રાજ્ય પામ્યો રમણી, ભલા સંપૂરણ ભોગ. ૧૧
કર્ણરસાયનની પરે, કૌતિકકથા કહેસ,
રસિક જનને રીજવા, વર્ણવું અધિક વિશેષ. ૧૨
મન નિશ્ચલ કરી માનવી, સાંભલજ્યો ચિત લાય,
ઉત્તમના ગુણ ગાવતાં, વંછિત સઘલાં થાય. ૧૩

**અંત –** ઢાલ ૨૫ રાગ ધન્યાસી.

એહવા વિનય તણા ગુણવર્ણન જાણજ્યો ભવિ પ્રાણીજી,
વિનયમૂલ ધર્મ તે પામી, અનુક્રમે લહે શિવરાણીજી.
વિનય ઉપર એ રાસ રચના, કીધી મનઆણંદેજી,
વિનયવંત તે પ્રાણી જાણી, તેહના પદ સહૂ વંદેજી.
પંડિત તો કોઈક કવિ હુના, જોડે ગ્રંથ જે જોઇજી,
મેં તો બાલકની પરે એહવી, રમત કીધી સોઇજી.
મોટાના ગુણ ગાતાં મુઝને કાંઇ ન થાએ ત્રોટોજી,
ખાધાં તતની ભુખડી ભાગે, વાંકા ચૂંકા રોટાજી.
અધિકોઓછો અક્ષર હોએ, તેહ સમારી કરજ્યોજી,
તેહનો દોસ જે મુઝ મત દેજો, હિયડે એહિ જ ધરજ્યોજી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મત કલ્પના જે અક્ષર ભાખ્યા, કવિઘટના કરી જેહવીજી,
સકલ સભા સમક્ષે દાખું, મિછામિદુક્કડ તેહવીજી.
**તપગચ્છનાયક** જગજસવાયક, દિનદિન તેજ સવાયાજી,
શ્રી **વિજયદયા** સૂરીસર રાયા, સુરિનર જસ ગુણ ગાયાજી.
તસ પાટે દિનકર સમ ઉદયો, શ્રી **વિજયધર્મ** સૂરીંદાજી,
કલ્પતરૂની ઉપમા જેહને, પ્રતપો જિહાં રવિચંદાજી.
**પોરબિંદર** ચૌમાસૂં કીધું, શ્રી **વિજયધર્મ** સૂરીસજી,
તેહ તણી સેવામાં રહીને, રચીઓ રાસ સુજગીસજી.
જે કોઈ ભવિયણ ભણસ્યે સુણસ્યે, તસ ઘર મંગલમાલાજી,
દિનદિત સંપત બહુલી મીલસ્યે, વાધસ્યે જાકજમાલાજી.
સંવત **ગગન વન્ની** [વન્હિ] તે જાણો, **સિદ્ધિ ચંદ** એ માણોજી,
ભાદ્રવા શુદ્ધિ પૌનમ બુધવારે, સંવત્સર સુપ્રમાણોજી.
પંડિત માંહે સકલશિરોમણી, **જશવંતસાગર** સાચાજી,
તેહના શિષ્ય પંડિત ગુણપૂરા, **જૈનેંદ્રસાગર** કવિરાયાજી.
તાસ શિષ્ય પંડિત ગુરૂ વારૂ, મહામતિવંત દીદારૂજી,
**આગમસાગર** ગુણના આગર, શુદ્ધ ગ્રંથમતિધારૂજી.
તેહ તણા લઘુ ભ્રાતા લાયક, **વિનોદસાગર** કવિરાયાજી,
તાસ શિષ્ય ચરણાંબુજસેવક, **ઋષભસાગર** ગુણ ગાયાજી.
ચોથો ઉલ્લાસ સંપૂર્ણ કીધો, પચવીસ ઢાલ પ્રસીધોજી,
મોટાના ગુણ ગાયા વારૂ, પામે બહુલી ઋધ્ધોજી.
ચાર ઉલ્લાસની ઢાલ મલીને, અઠાવન અનૂપજી,
મત-સારૂ મેં રચના કીધી, વાચજ્યો ધરીને સુંપજી.
જ્યાં લગે ધ્રુ ને તારા અવિચલ, રહેસ્યે નક્ષત્રમાલાજી,
ત્યાં લગે ભવીયણ ભણસ્યે ગુણસ્યે, એહ જ રાસ રસાલાજી.
**પોરબિંદર**મંડણ સુખદાઇ, સોલમા **શાંતિ** જિનરાયાજી,
**વાસુપૂજ્ય શીતલ** સુખકારી, નિત પ્રતે વંદુ પાયાજી.
જે ભાવે શ્રોતા શુદ્ધ સુણસ્યે, વિનયગુણ આદરસ્યેજી,
દિનદિન ઉચ્છવ અધિક મહોછવ, વંછિત **ઋષભ**નાં ફલસ્યેજી.

(૧) ઇતિ શ્રી વિનયોપરિ વિનયચંદ્ર શ્રેષ્ઠિપુત્રકથા પ્રાકૃતબંધે વિનયચંદ જસવર્ણન, રાજા નિજગૃહે આગમન, ત્રયસ્રીપાણીગ્રહણં, માતૃપિતૃમીલનં, સંજમાધિકાર નિર્વાણગમનં ચતુર્ભિ: કલાપકેન ચતુર્થોલ્લાસ:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વગાથા ૧૫૩૦ ગ્રંથાગ્રંથ ૨૨૦૦ છે. પૂજ્ય ઋ. શ્રી **માલજી** શિ. **પાંડવ** તન્મધ્યે લિ. ઋ. **શિવજી માલજી** શિ. **મોતીચંદ** ઋ. **ડાહવજી** ચેલા **ચાંપસી** પઠનહેતવે શ્રી જૈતડિયા બિંદરે સં.૧૮૭૮ વર્ષે શકે ૧૭૪૩ પ્રવર્તમાને મૃગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ૧૪ રવૌ, ખત્રી **સુંદરજી સવજી** રાજ્યે લિખિત્વા. પ.સં.૫૩-૧૫, રા.પૂ.અ. [ડિકેટલૉગભાવિ, મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]

**(૪૪૬૭) + પ્રેમચંદ સંઘવર્ણન રાસ** અથવા **સિદ્ધાચલ (શત્રુંજય) રાસ** (ઐ.) ૨૧ ઢાળ ૨.સં.૧૮૪૩ જેઠ વદિ ૩ સોમ સુરતમાં

મોદી લવજીસુત પ્રેમચંદ મૂળ અમદાવાદના તે સુરત આવી રહ્યા અને સં.૧૮૩૦માં સિદ્ધાચલનો સંઘ કાઢી સંઘપતિ થયા. સિદ્ધાચલ પર મંદિર બાંધવાનો વિજયધર્મસૂરિના ઉપદેશથી મનોરથ થતાં ખોડિયાર કુંડ ઉપરની ભૂમિમાં દેવાલય શિખરબંધ કરાવ્યું, તે પૂરું થતાં સુરતમાં પ્રતિષ્ઠા મુહૂર્ત જોવરાવતાં (સં.૧૮૪૩) મહા શુદ એકાદશી સોમવારનું આવ્યું. સુરતસંઘને પોતાની સાથે યાત્રા કરવા વિનતિ કરી. અગાઉ પણ કચરાસુત તારાચંદે સુરતથી સંઘ કાઢ્યા હતા. પ્રેમચંદ, હેમચંદ અને જયચંદ એમ ત્રણે ભાઈઓએ સંઘપતિનાં તિલક ધરાવ્યાં. એવામાં પાટણના બોધલશાએ આ સંઘમાં ભાગ આપવાનું સ્વીકારવા કહ્યું. સંઘ પોષ શુદ બીજ ને સોમે નીકળ્યો. કંકોતરી સંઘોને મોકલી હતી તેથી ગામેગામના સંઘના માણસો એકઠા મળ્યા. વહાણમાં જઈ પહેલાં ભાવનગર ઊતર્યા. પછી ગાડાં રથ વગેરેમાં પાલીતાણે આવ્યા. લલિતાસર પાસે ડેરા નાખ્યા. પાલીતાણાના રાજા ઉનડજીને તેડયા ને સંઘનું મુંડકું સંઘવીએ ચુકાવ્યું. ઉદયસાગરસૂરિ સાથે સંઘવીએ ગિરિને જોઈ આનંદસુખ પ્રાપ્ત કર્યું. પછી સંઘે અંબડ વાવમાં સ્નાન કર્યું. ભૂખણદાસે ત્યાં શોભા કરી. સંઘ તલેટીએ જઈ ડુંગર પર ચઢ્યો. નીલી પરબ, કુમારકુંડ, હિંગલાજનો હોડો, જલકુંડ થઈ મૂલકોટ આવ્યા. સુખાલશાહની કરાવેલી પોલ, વાઘણપોલ, ચક્કેસરી માત, આદીશ્વર, રાયણતલે ઋષભ પગલાં. આમ મૂલકોટમાંથી બહાર આવી બહારનાં દેરાં વાંદ્યાં. સૂરજકુંડ, પછી અદબુદ રૂપે આદીશ્વર, શિવાસોમનું ચોમુખ, પાંડવદેહરું, છીપાવસહી. પછી ખોડિયાર ઉપરનું શિખરબંધ મંદિર પોતે કરાવેલું જોઈ સંઘપતિ હરખ્યા. વિધિસર બિંબ બેસાડયું. આઠ દિવસ ઉત્સવ. પાલીતાણે સ્નાત્રમહોત્સવ. ત્યાં રહેતા ઉત્તમવિજયને સંઘવીએ કહ્યું કે સદ્દગુરુ શ્રી વિજયજિનેંદ્રસૂરિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે તો સારું. પત્ર મોકલ્યો. મહાથી પાલણપુરના માણિભદ્રની યાત્રા કરી આવીશ એમ ઉત્તર આપ્યો. પાંચ સાધુ સહિત માણિભદ્રની યાત્રા કરી સમઉ ગામ આવ્યા. ત્યાંથી નીંબડા, સિહોર માહા શુદિ આઠમે આવ્યા. ને ત્યાંથી પાલીતાણે આવ્યા. સામૈયું. સંઘવીએ સૂરિજીને પૂછતાં પોતાનો વિહાર જણાવ્યો : "અર્બુદગિરિ ભેટી શિવપુરી (સિરોહી) ચોમાસું કીધું, માગશરમાં વિહાર કરી રોહાઈદેસ, બાંભણવાડા વીરપ્રભુ, જીવિતસ્વામી, લોટાણા આદીશ્વર, વસંતપુર શાંતિનાથ, હમીરપુરનો કોરણીવાળો પ્રાસાદ, ત્યાંથી શેત્રુંજ તમ આગ્રહથી આવતાં માણીભદ્ર ભેટી શંખેશ્વર પાર્શ્વનાથ વંદી અહીં પાલીતાણે આવ્યા." પછી ગિરિ પર જઈ યાત્રા કરી. નવા દેરાસરને જોઈ બીજે દિને પ્રતિષ્ઠા કરવાનું હતું. (પછી ઋષભચરિત્ર આવે છે.) ઋષભબિંબ પ્રેમચંદ સંઘવીનું કરાવેલું બહુ સુંદર હતું. તેની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણઉત્સવ કર્યો. પ્રેમચંદ સંઘવીની બહેન તેજકુંવર સ્વર્ગસ્થ થઈ હતી તેનો ઉલ્લેખ અહીં કર્યો છે. તેને શંખેશ્વર પાર્શ્વ પ્રત્યે ધ્યાન હતું તેથી ૧૮૩૦માં શંખેશ્વરનો સંઘ કઢાવ્યો હતો ને તેનો જીવ દેવ થઈ આ સંઘને સાંનિધ્ય કરતો હતો એમ કવિ કહે છે. વિજયજિનેંદ્રસૂરિએ ઉક્ત નવા મંદિરમાં બિંબની અંજનશલાકા કરીને પાંચમને બુધવારે બિંબ-પ્રવેશ – પ્રતિષ્ઠા કરી બોઘલશાની પત્ની બીજી વહુએ વધાવ્યાં, દાન કર્યાં.

ગામમાં આવી ત્રણ સૂરિઓને બોલાવી વહોરાવ્યું. સાધુઓને વસ્ત્રાદિ વહોરાવ્યાં. સર્વ ગામના સંઘને જમવા નોતર્યા, ને જમાડ્યા. ઇંદ્રમાલાનો દિન આવ્યો. મહા વદ પાંચમે રથયાત્રા. પ્રેમચંદ સંઘવી, હેમચંદ, જયચંદ અને બોઘલશાહે માલ પહેરી, આદીશ્વરને વાંદી શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું. શ્રીજીને સુરત આવવા વિનતિ કરી તે તેમણે સ્વીકારી. સંઘ પાલીતાણાથી સિહોર, ભાવનગર, ઘોઘા, ભાવનગર આવી ત્યાંથી કેટલાક વહાણમાં સુરત ગયા, ને સંઘવી ને સૂરિ ખંભાત તરફ ચાલ્યા. વરતેજ, પીપલી, સાબરમતીથી ખંભાત આવ્યા. ત્યાંનાં ચૈત્યોનું વંદન. શ્રીજી ત્યાં રહી પેટલાદ ગયા. સંઘ જંબૂસર, કાવી ગંધાર, ભરૂચ, અંકલેસર થઈ સુરત આવ્યો. શ્રીપૂજ્ય પેટલાદ, કાવી, જંબૂસર, મીયાંગામ, ભરૂચ થઈ વરિયાવે આવ્યા. ત્યાં સુરતસંઘ સામો આવ્યો ને સુરત લઈ આવ્યા. સાથે ખુશાલવિજય વાચક હતા.

**આદિ –** દુહા.

સમર માત **ચક્રેસરી**, વાણી આપ વિગત્ત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણ ગાઇસ ગિરૂઆ તણા, આછી ધરે ઉક્ત. ૧
**જંબૂદ્વીપ** દ્વીપાં સિરે, **ભરતખંડ** સુભ ઠાંમ,
અવર દેશ દીસે અધિક, પિણ **ગુજ્જર** સમો ન ધામ. ૨
તખત સેહર દીઠા ઘણા, અધિક એકથી એક,
**સૂરતિ** સેહર સુહાંમણો, વારૂ જિહાં વિવેક. ૩
તિણ નયરી વ્યવહારીયા, ધનદ સમા ધનપાત્ર,
ગ્યાંનિ અધિક ગુણેં ભર્યા, ગ્યાયક નિરમલ ગાત્ર. ૪
સંઘપતિ-તિલક સોહાંમણો, આગે હુઆ અસેસ,
પિણ પંચમ આરે અધિક, વર્ણુતક સંવિસેસ. ૫

**અંત –** ઢાલ ૨૧મી ધન્યાસી.

મેં તો **વીર** જિણેસર ધ્યાયા, ઇણ પરે તીરથના ગુણ ગાયા,
અનુભવ પુરણ પાયા, ધનધન શ્રી **મરૂદેવી** માયા;
જિણેં જગદીશ્વર જાયા રે મેં સંઘ તણા ગુણ ગાયા. ૧
**નાભીનરેશ્વરકુલ**-અલવેસર, **આદિકરણ** અરિહંતા,
સુરનર કોડ સેવા તુજ સારે, ભયભંજણ ભગવંતા રે
મેં **શેત્રુંજાના** ગુણ ગાયા. ૨
ધનધન કુલ શ્રાવકનો પામી, સાંભલી સદગુરૂવાણી,
સંઘપતિ નામ ધરાવે સંઘમાં, ધનધન તે જગ પ્રાણી રે. મેં. ૩
સંઘવી તો ધન ખરચી જગમાં, કીધો ઉત્તમ કાંમ,
તેહ તણાં ગુણ ગાતાં માહરેં, હિયડેં પુગી હાંમ રે. મેં. ૪
**લવજી**સુત લાયક જસ લીધો, **પ્રેમચંદ** સુપ્રસિધ્ધો,
**હેમચંદ જયચંદ** ગુણરાગી, કારિજ સુકૃત કીધો રે. મેં. ૫
**પાટણ** નગરનો પુન્યપ્રભાવક, **બોઘલસા** ગુણરાગી,
ભાગ સંઘમાં ભાવે દીધો, સાચો જસસોભાગી રે. મેં. ૬
**તપગચ્છ**નાયક જગજસવાયક, શ્રી **વિજયધરમ** સૂરીરાયા,
તસ પટ-ગગન-પ્રભાકર ઉદયો, દિનદિન તેજ સવાયા રે. મેં. ૭
શ્રી **વિજેજિણેંદ્ર** સૂરીસ્વર સાહિબ, સહસકિરણ રવિ સોહે,
**સુરત** સેહર ચોમાસું રહીયા, ભવિજનના મન મોહે રે. મેં. ૮
તેહ તણી સેવામેં રહીને, રાસ રચ્યો સુખકાર,
સુણસેં ભણસેં ભાવે જે નર, તે લહસ્યેં ભવપાર રે. મેં. ૯
શ્રી **સૂરતમેં** જે દેહરા પ્રભૂના, નાનામોટા જેહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિકાલ નિત પ્રભૂજીને પ્રણમું, નિપટ ધરીને નેહ રે. મે. ૧૦
શ્રી **સૂરતનો** સંઘ વડભાગી, જઈન ધરમનો રાગી,
શ્રીજીને વાંદી સંઘ હરખ્યો, ભાગ્યદિસા સુભ જાગી રે. મે. ૧૧
**વનિહ વેદ સિદ્ધિ ભૂ** સંવત્સર, જેષ્ટ વદિ તિથિ તીજ,
સોમવાર સંપૂરણ રચના, કીધી મનની રીઝીં રે. મે. ૧૨
ઈકવીસ ઢાલની રચના સારી, શ્રોતાજનને પ્યારી,
**રૂષભસાગર** કહે ભાવેં ગાવો, સાંભલજ્યો નરનારી રે. મે. ૧૩

કલશ

ઇમ થુણ્યો સ્વામી શિવહ ગામી, **વિમલગિરી**મંડણ ધણી,
પ્રભૂ ધ્યાંન ધરતાં સેવ કરતાં, વાત એહ રૂડી વણી
તપગછરાજા વડ દિવાજા, શ્રી **વિજયજિણેંદ્ર** સૂરીસ્વરો
**સાગર** વિબુધ **વિનોદ** સેવક, **રૂષભ** જયલચ્છી વરો.

(૧) ઇતિ શ્રી વિમલગિરીવર્ણન સંઘબહુમાંન સંઘવીવર્ણન શ્રી સિદ્ધાચલ રાસ સમાપ્ત. સંવત અઢાર ત્રેયાલીસ વર્ષે દ્વિતીય શ્રાવણ વદિ ૫ દિને સમાપ્ત. લિખતં રૂષભસાગરેણ શ્રી સુરતિ બિંદરે શ્રી સૂરતમંડણ પાર્શ્વનાથ પ્રસાદાત મોદી શ્રી લવજી તતપુત્ર સંઘવી શ્રી પ્રેમચંદજી સંઘ વરણુન રાસ સમાપ્ત. શ્લોકસંખ્યા ૭૩૫, પ.સં.૧૫, લીં.ભં. નં.૨૩૭૯. (કવિના હસ્તાક્ષરની પ્રત). (૨) લ.સં.૧૮૪૪, પ.સં. ૨૪, લીં.ભં. નં.૨૬૦૧. [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. સૂર્યપુરનો સુવર્ણયુગ યાને સુરતનો જૈન ઇતિહાસ પૃ.૧૯૮–૨૫૨. [૨. સૂર્યપુર રાસમાળા પૃ.૫૬–૮૯.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૫–૭૩. 'વિનયચટ રાસ'નો ર.સં. ૧૮૪૦ નોંધાયેલો, પરંતુ અન્યત્ર સર્વત્ર સં.૧૮૩૦ મળે છે ને એને ટેકો આપનાર 'વહ્નિ' પાઠ પણ મળે છે. શ્રી દેશાઈએ 'વહ્નિ'માં 'વનધિ' (=સમુદ્ર=૪) શબ્દ કે 'વન્ન' (=વર્ણ=૪) શબ્દ વાંચ્યો હશે?

પ્રથમ આવૃત્તિમાં ર.સં.૧૮૪૨નો 'શત્રુંજય રાસ' પણ અલગ નોંધ્યો છે પણ બન્ને રાસ એક જ હોવાની સંભાવના કરી છે. એ રાસની નોંધ લીં.ભં.ની નં.૨૬૦૧ની પ્રતને આધારે કરી છે. એ પ્રત લીંહસૂચીમાં પણ ર.સં.૧૮૪૨ બતાવે છે. પણ કૃતિ એક જ હોવાની ખાતરી કરી લીધેલી છે. રચનાસંવતના ફરકમાં કોઈક ભૂલ કારણભૂત હોવા સંભવ છે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૨૯૨. મેઘરાજ** (લોં. જગજીવનશિ.)

જગજીવન જુઓ આ પૂર્વે નં.૧૨૪૧.

**(૪૪૬૮ ક). જ્ઞાનપંચમી સ્ત.** ૫ ઢાલ ર.સં.૧૮૩૦ ચોમાસું વિરમગામ.

**આદિ –** દૂહા.

શ્રી ચઉવીસેં જિન નમી, નવનિધિ-સિદ્ધિ-દાતાર,
ગણધરને પ્રણમી કરી, ગુરૂ નમી ગ્યાંનદાતાર. ૧
કાર્તિક શુદિ સૌભાગ્યપંચમી, જેહનૂં શાસ્ત્રે વખાણ,
તેહ તણા ગુણ લેશ કહું, વિસ્તર શાસ્ત્રથી જાણ. ૨

**અંત –** કલશ

લૂંકાગછે પ્રવર પ્રભાકર રૂપ જીવજી ગણધરો,
તસ પરંપરાયેં ગુજરાતી ગછે જગજીવનજી મન ધરો. ૬૦
તસ શિષ્ય ગણી મેઘરાજ જંપે વીરમગાંમ રહી ચોમાસ એ,
સંવત અઢાર ત્રીસે સંવચ્છર સંઘને હરખઉલ્લાશ એ. ૬૧

(૧) સં.૧૮૫૪ આસાઢ વદિ ૯ દિને સૂઓઈ બિંદરે ચોમાસાં ૫ રહ્યાં. સંઘાડો શ્રી સ્થીવરજીના શિષ્ય પૂ. શ્રી. ૫ શ્રી લબ્ધિચંદજી તત્‌શિ. ઋ. પૂ. ઠાકુરસીજી તત્‌શિ. ઋ. શંભૂરાંમ. પ.ક્ર.૭૨થી ૭૫, અનેક સ્તવનાદિ સંગ્રહ, મુક્તિ. જૈન જ્ઞાનમંદિર વડોદરા નં.૨૪૬.

**(૪૪૬૮ ખ) પાર્શ્વજિન સ્ત.** ૯ કડી ર.સં.૧૮૪૧

**આદિ –** પાસ જિણેસર વીનવૂ રે લાલ, વીનતડી અવધાર.

**અંત –** સંવત અઢાર એકતાલમે રે લાલ, રહી ચોમાસ શુભ કાજ રે.
કહે શ્રી પૂજ્ય જગજીવન તણો રે લાલ, શિષ્ય ગણી મેઘરાજ રે.
૯ પા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૩-૩૪.]

**૧૨૯૩. સુજાણ** (લોં. ભીમશિ.)

**(૪૪૬૯) શિયલ સઝાય** ૩૨ કડી ર.સં.૧૮૩૨ ચોમાસું સુરતમાં

**આદિ –** આદર જીવ ક્ષમાગુણ આદર – એ દેશી.

શીયલરતન જતને કરી રાખ્યો, વરજો વિષયવિકારજી,
શીયલવંત અવિચલ પદ પામે, વિષય સલે સંસારજી. ૧

**અંત –** સંવત અઢાર નેં બત્રીસ વર્ષે, સૂરત બિંદિર ચોમાસજી,
સ્થિવર ભિમ સુપસાયથી વિનવે, કહે સ્થિવર સુજાંણ, શિયલ.૩૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૮-૩૯.]

**૧૨૯૪. રત્નવિમલ** (ખ. ક્ષેમશાખા ધર્મકલ્યાણ–કનકસાગરશિ.)

**(૪૪૭૦) મંગલકલશ ચોપાઈ** ૨.સં.૧૮૩૨ બીજા શ્રા.શુ.૧૫ બેનાતટમાં (પોતાની જન્મભૂમિ [?])

**અંત** – સંવત **અઢાર બત્રીસા** વરસે દ્વીતીય શ્રાવણ સુદી હરષેજી,
રાખડી પૂનમ મંગલ દિવસે કીયો સંબંધ જગીસેજી.
ખરતરગચ્છ **જિનચંદ** સવાઈ, પ્રતપે ગચ્છ વરદાઈજી,
**ક્ષેમશાખામેં** પદવી પાઈ, પાઠકપદ અધિકાઇજી,
**ધર્મકલ્યાણ** ગુણે અતિભારી, ભવિયણને ઉપગારીજી.
**કનકસાગર** વાચક ગુણકારી, ગ્યાન તણા ભંડારીજી,
**મરૂધર** દેશ પુર **બેનાતટ** જિહાં છે આંઈનો થાનોજી,
તિહાં ચોમાસો કવિયણે કીધો, ભવિયણ એ બહુ માનોજી.
પાઠક **રતનવિમલ** કહે ભાઈ, સુણજ્યો સંબંધ સવાઈજી.

(૧) પ.સં.૧૮, પ્ર.કા.ભં.

**(૪૪૭૧) ઇલાપુત્ર રાસ** ૯ ઢાળ ૨.સં.૧૮૩૯ ચોમાસું રાજનગરમાં

**આદિ** – સકલ સિદ્ધ અરિહંતને પ્રણમું પરમાનંદ,
સાંનિધ કરિ શ્રુતદેવતા, વચન અમૃત અરવૃંદ. ૧
**શાસનદેવી** નિત નમું, સમરૂં સદ્દગુરૂપાય,
**સરસતિ** સુમતિ દીયૈ સદા, અવિરલ આપો માય. ૨
**ઇલાપુત્ર** અણગારનો, સરિસ કહૂં સંબંધ,
સુણો ભવિક સહૂ કાંન દે, લોચન પ્રગટૈ અંધ. ૩
મોહકરમ દુરજૈ મહા, પસર્યો ત્રિજગ મઝાર,
તદ્ભવગાંમી જીવ પિણ, મોહ વશેં અણગાર. ૪
કરમે કે નર છેતર્યા, તીન ભવન જે જીવ,
સૂરાં પૂરાં કરમનૈ, દૂર કરંતૌ રીવ. ૫
જિનકલપી જિનવર સમા, મોક્ષમારગ અધિકાર,
અષ્ટ કરમ દૂરેં કરી, પુહતા મોક્ષ મઝાર. ૬
ધ્યાન ધરો સિધ પુરસનો, જ્યું જગ સીઝેં કાજ,
ધ્યાંન કીયાં સંકટ ટલે, પામે સુખ સમાજ. ૭

**અંત** – ઢાલ ૯. ધન્યાસિરિ. ઇણ પરિ ભાવ ભગતિ મન આંણી એહની.
ઇણ પરિ ભાવને અધિકો જાંણી ધ્યાન ધરો ભવ્ય પ્રાણીજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

ઇણુ વિધ ભાવ કહ્યો જિનરાજે, એકલો તારક છાજેજી,
કેઇ ભવનાં પાતિક ભાજે, ત્રિભુવન માંહે ગાજેજી. ૭ ઇણુ પરિ.
સંવત **અઢાર** વરસ **ગુણચાલીસે રાજનગર** ચૌમાસેજી,
શ્રી **જિનચંદ**સૂરી ગુરૂ રાજે, તેહની આગ્યા કાજેજી. ૮ ઇણુ પરિ.
**ખરતરગચ્છ**મેં શાખા ભારી, **ક્ષેમ**શાખ સુવિચારીજી,
પાઠક **રતનવિમલ** એ સારી, રાસ રચ્યો ગુણકારીજી. ૯ ઇણુ પરિ.
**આવશ્યક**ની વૃત્તિ અનુસારેં, **ઋષિમંડલ** પિણુ દેખીજી,
તે અનુસારે મેં પિણુ ભાખ્યો, સૂત્ર માંહે ગુણુ પેખીજી.
૧૦ ઇણુ પરિ.
સરસ સંબંધ એ ભાવે ગાવે, કંઠ આલાપે ભાવેજી,
ભાવ થકી સુણુસી નરનારી, મોક્ષ તણા ફલ પાવેજી. ૧૧ ઇણુ પરિ.

(૧) ઇતિશ્રી ઇલાપુત્ર રાસ સંપૂર્ણ. પ.સં.પ-૧૬, શે.એ.સો. મુંબઈ બી.ડી. ૩૦૧-૬ (વે.નં. ૧૮૭૨).

**(૪૪૭૨) તેજસાર ચોપાઈ** ર.સં.૧૮૩૯ પ્ર. જેઠ વદ ૧૦ મંગલવાર વાવડીમાં

**આદિ–** શ્રી સરસ્વત્યૈ નમઃ દૂહા.

પ્રણમું ચરમ જિણેસરૂ, સિધક્ષણ સુખકાર,
સાસનનાયક ઉપદસ્યો, મોક્ષ તણો એ દ્વાર. ૧
સમકિત સુદ્ધ પૂજા કરે, જીવદયા ધરી મન્ન,
ભાવસહિત સેવે સદા, પવિત્ર કરી જે તન્ન. ૨
મોરપિચ્છ સું બિંબ તે, પૂંજી સકલ શરીર,
પાછેં જલપૂજા કરે, ક્ષીરોદક કરિ નીર. ૩
અગર ચંદન કેસર ઘસી, કરૈય વિવેકી જેહ,
ભાવન ભાવે આગલે, કરમ ખપાવે તેહ. ૪
જિનમૂરતિ જિન સારખી, અંતર નાંણું જેહ,
સમવસરણુ તદ સાંભરે, આસણ ઇણુ વિધ એહ. ૫
મોક્ષસ્થાનકમેં સિદ્ધની, પદમાસન આકાર,
ઇણુ સંસ્થાને સિદ્ધનો, ધ્યાન કરે અણુગાર. ૬
ખવરિનકા (?) દીઠાં વિના, કિણુ આકારે સિદ્ધ,
ધ્યાંન ધરે દેખી કરી, નરભવલાહો સિદ્ધ. ૭
જિનપ્રતિમા જે નિત પ્રતેં, સેવે એહિ એકંત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાવે પદવી મોક્ષકી, ઇમ ભાખ્યો અરિહંત. ૮
**તેજસાર** નૃપની પરૈ, ઇણ ભવ પામી રાજ,
પરભવ સુરસુખ અનુભવી, લહિસ્યે અવિચલ રાજ. ૯

**અંત** – ઢાલ ૨૫મી. ધન્યાસિરી. ઇણુ પરિ ભાવ ભગતિ મન આંણી. એહની.

હિવ શ્રી **તેજસાર** રિષરાયા, નિરમલ કરિ નિજ કાયાજી,
શ્રી **સિદ્ધાચલ** ગિરની યાત્રા, છોડી સહૂ જિણ માયાજી. ૧ હિવ.

*

ગચ્છસિરોમણિ **ખરતર** માંહે ભટ્ટારક ભલ ભાવૈજી,
યુગપ્રધાન **જિનચંદ** જતીસ્વર રાજ તિણે સુખ પાવેજી. ૬
**રાઠોડ**વંસવિભૂષણ રાજા બાજે અવિચલ વાજાજી,
તસુ પસાયે જગત સુખ પામે **વિજૈસિંઘ** મહારાજાજી. ૭
**ખેમકીરતિ**ની શાખા માંહે ગુણ ગિરૂઆ રિષ ભારીજી,
પાઠકપદવી જનસુખકારી **ધર્મકલ્યાણ** પદધારીજી. ૮
તાસ સીસ ગુણનિધ સુખદાઇ **કનકસાગર** વરદાઇજી,
અંતેવાસી તે સુપસાયે પાઠક એ ગુણ ગાઇજી. ૯
**રત્નવિમલ** કહે ભવિક સુણેજ્યો ગુણગ્રાહક ગુણ લેજ્યોજી,
ઝીણે સ્વર સું દેસી લૈને સોલસ્વરે સુણિ લેજ્યોજી. ૧૦
સંવત **(અ)ઢાર** વરસ **ગુણચાલૈ** જ્યેષ્ટ પ્રથમ ગુણ ભાલૈજી,
વદિ દસમી ને મંગલવારે **વાવડી**પુર મુનિ માલેજી. ૧૧
ગિરૂઆ **તેજસાર** ગુણ ગાતાં નામ લીયાં નિસતારેજી,
આલપંપાલ કરંતાં પ્રાયૈ કર્મબંધે વિસતારેજી. ૧૨
મોક્ષગામીના ગુણ ગાવંતાં ભાવના સુભ ભાવંતાંજી,
કર્મ ખપાવે નામ જપંતાં સમરણ ધ્યાંન ધરંતાજી. ૧૩
જે નર ભણસી ગુણસી ભાવે મધુર સ્વરે જે ગાવેજી,
અવિચલ પદવી તેહી જ પાવે રિદ્ધસમૃદ્ધિ ઘરે આવેજી. ૧૪

(૧) ઇતિ શ્રી તેજસાર ઋષિ ચોપઇ સંપૂર્ણ. પ.સં.૨૦–૧૪, રો.એ.સો. બી.ડી.૧૯૬–૧૦ (વે.નં.૧૯૦૭).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૩૯–૪૨. 'જિહાં છે આઈનો થાનોજી' એ શબ્દોને કારણે બેનાતટને કવિની જન્મભૂમિ ગણેલી છે તે શંકાસ્પદ છે. આઈ એટલે કોઈ માતાનું સ્થાનક પણ ત્યાં હોય.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ૧૨૯૫. કાંતિવિજય (દેવવિજય-દર્શનવિજયશિ.)

**(૪૪૭૩) સુભદ્રા ચોપાઈ** [અથવા **સઝાય**] ૩૭ કડી ર.સં.૧૮૩૩ પોષ ૫ **જામલામાં**

**અંત –** ગાયા ગુણ **સુભદ્રા** તણા, પ્રહ સમ ગણતાં સુખ બહૂ ઘણા,
સંવત **અઢાર તેત્રીસો** સાર, પોસ માસ **પંચમી** નીરધાર. ૩૬
**જામલા** ગામે જિનભુવન સુઠામ, કર્યો ચોમાસો સુખ અભિરામ,
**દેવ દર્શન** ગુરૂ સીસ સવાય, **કાંતિવિજય** હરખે ગુણ ગાય. ૩૭

(૧-૨) બે અપૂર્ણ પ્રત, ગો.ના. (જેમાં ઋષભદાસકૃત પલ્હવિહારની સઝાય 'હીરવિજયસૂરિ રાસ'માંથી છે). [આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૬).]

**(૪૪૭૪) ચાર કષાય છંદ** ૩૨ કડી ર.સં.૧૮૩૫ વાગડના વડોદામાં

**આદિ –** પહિલો લીજે **સરસતી** નામ, ચોવિસ જિનને કરૂં પ્રણામ,
ક્રોધ માંન માયા ને લોભ, ભાખું અર્થ કરી થિર થોભ. ૧

**અંત –** **અઢાર પાંત્રીસા** વરસ મઝાર, **વાગડદેશ વડોદા** સાર,
**દેવ દર્શન** ગુરૂ પંડિત રાય, **કાંતિવિજય** હર્ષે ગુણ ગાય. ર

(૧) ઇતિશ્રી ક્રોધાદી ચતુર્થ છંદ સંપૂર્ણ:. સંવત ૧૮૭૮ વર્ષે ચઇત્ર વદ ૫ દને ગુરૂવારે. લં. ઋ. ઉગરચંદજી ઋ. ગુમાંનચંદ બીલીમોરા બંદરે. પ.સં.ર-૧૩, મુક્તિ. વડોદરા નં.૨૪૪૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧-૫૨.]

### ૧૨૯૬. ક્ષમામાણિક્ય (ખ.)

**(૪૪૭૫) સમ્યક્ત્વ ભેદ** (ગદ્ય) ર.સં.૧૮૩૪ રાજપુરે

(૧) પ.સં.૬, વર્ધ.

**(૪૪૭૬) ગણધરવાદ બાલા.** ર.સં.૧૮૩૮

(૧) પ.સં.૪, સ્વયંલિખિત, વર્ધ.

**(૪૪૭૭) ક્ષેત્રસમાસ બાલા.**

(૧) વર્ધ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૭.]



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૨૯૭. ઉત્તમવિજય (ત. યશોવિજય-ગુણવિજય-સુમતિવિજયશિ.)

(૪૬૭૮) **પિસ્તાલીસ આગમની પૂજા** ૨.સં.૧૮૩૪ કાર્તિક શુ.૫ બુધવારે (વિજયધર્મસૂરિ રાજ્યે) સુરતમાં

**આદિ –** દૂહા.

સુખકર સાહિબ સેવીઇ, **ગોડીમંડણ પાસ**,
શ્રી **સંખેશ્વર** જગધણી, પ્રણમું અધીક ઉલ્લાસ. ૧
બ્રહ્માણી વરદાયની, ગિર્વાણી જિનવાણ,
ભગવતી ભારતી **સારદા**, શ્રુતદેવી સુખખાણ. ૨
ઇમ અનેક અભિધા ધરી, પસરી ત્રિભુવન માંહ,
તે જિનવાણી નમી કરી, આગમ થુણીઇ ઉચ્છાહ. ૩
જિનપતિ અર્થ થકી કરી, ગુંથી ગણધરમાલ,
સિદ્ધવધુ વરવા ભણી, જ્ઞાનસુગંધ રસાલ. ૪
આગમ અગમ અછે ઘણું, નય ગમ ભંગ પ્રમાણ,
સ્વાદવાદાતમ સાધતાં, લહીઇ તત્ત્વ નિર્વાણ. ૫
*
હૂં નવિ જાણું શ્રુત ભણી, મંદ મતિ અનાણ,
તોપણ માહરી મુખરતા, કરજો કવિ પ્રમાંણ. ૯

**અંત –** ઢાલ

એહ આગળ સંથુણતાં મુઝનેં, હરખ વધ્યો શ્રુતનેહેંજી,
બાલકબોલી સમ એ રચના, નાંમ થકી કરી એહેંજી. ૧
આગમતપ કીધો સવિ સીધો, શ્રાવિકાટોલી સનેહાજી,
સૂત્ર થકી આગમ પણયાલીસ, સુણતાં લાભ અછેહાજી. ૨
**સુરત** બિંદર માંહિ સોભાગી, સંઘ સયલ ગુણરાગીજી,
સંઘવી **તારાચંદ** પત્ની અનોપમ, **રતનબાઈ** મતિ જાગીજી. ૩
ઉજમણું સમુદાઇ કરીનેં, નરભવલાહો લીધોજી,
કરણી પુણ્ય તણી શિવરમણી, વરવા હાથો દીધોજી. ૪
મંગલમાલા લચ્છિ વિશાલા, માતા મયગલ રાજેંજી,
મનગમતી રતિ સરીખી રામા, પદમની રૂપેં છાજેંજી. ૫
સુગુણ સેવિત નિત પુત્રપુત્રિકા, મિત્ર મિલેં મન સુંહાલાજી,
નવનવ રંગ અભંગ રસાલા, લહીઇ ઝાકઝમાલાજી. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **અઢાર ચોત્રીસને** માને, કાર્તિકી શુદિ પંચમી ગ્રાંનેજી,
બુધવારે એ આગમસ્તવના, પૂરણ કરી શુભ વચનેંજી. ૭
**તપગચ્છનાયક** ગુણનિધિ ગિરૂયા, શ્રી **વિજયધર્મ** સૂરિરાયાજી,
જાસ પ્રસાદે શ્રુતગુણ ગુણીઓ, જન્મ કૃતારથ ગણીયોજી. ૮
'ન્યાયાચારિજ' બિરૂદનો ધારી, પરમતિ દૂર નિવારીજી,
શ્રી **જસવિજય** વાચકવર શિષ્ય, **ગુણવિજય** જગીસજી. ૯
ગુરૂ શ્રી **સુમતિવિજય** મુઝ પાઠક, તસ પદ મધુકર રસિયોજી,
**ઉત્તમવિજય** આગમ વંદે, પૂણ્યમહોદય વસિયોજી. ૧૦
આગમનાંણ જે ભણસ્યે ગણસ્યે, તસ ઘર મંગલમાલોજી,
જગ માંહિ જસ લચ્છિ વરસ્યે, જયજયકાર વિશાલોજી. ૧૧

(૧) ઇતિ શ્રી પીસ્તાલિસ આગમની પૂજા સમાપ્તમ્. લ. કાંતિરત્નેન લ. પ.સં.૫-૧૫, મારી પાસે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦-૫૧.]

## ૧૨૯૮. જિનચંદ્રસૂરિ (ખ. જિનલાભસૂરિશિ.)

[જૈન ગૂર્જર કવિઓ ભા.૨, પ્રથમ આવૃત્તિ, પૃ.૬૮૮ મુજબ જન્મ સં.૧૮૦૯, સૂરિપદ સં.૧૮૩૪, અવસાન સં.૧૮૫૬.]

**(૪૪૭૯) જિનબિંબ સ્થાપન (અથવા પૂજા) સ્ત.**

પ્રકાશિત : ૧. સઝાયમાલા (ભી.મા.). [૨. ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૯. ત્યાં આ કૃતિ ભૂલથી જિનમાણિક્યસૂરિશિષ્ય જિનચંદ્રસૂરિને નામે મુકાયેલ હતી પરંતુ મુદ્રિતમાં ગુરુનામ જિનલાભ મળે છે.]

## ૧૨૯૯. રામવિજય (ત. રંગવિજયશિ.)

**(૪૪૮૦) ધન્યચરિત્ર (દાનકલ્પદ્રુમ) પર ટબો** [અથવા **સ્તબક**]
૨.સં.૧૮૩૫

મૂળ જિનકીર્તિસૂરિકૃત.

સૂરિઃ શ્રી **વિજયાદિધર્મ** સુગુરો પ્રાપ્ય પ્રસાદં પરં
સંવત્યગ્નિ **ગુણાષ્ટ ભૂમિ** પ્રમિતે **ધન્યસ્ય શાલિ** કથા
વિચારોત્ર ધરો વિદગ્ધચતુરઃ શ્રીરંગ **રંગ**કવિ-
સ્તત્પાદાબ્જરેણુ **રામવિજયૈઃ** સ્વસ્પષ્ટોડયં કૃતઃ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) લ.સં.૧૯૪૧ કા.શુ.૯ ભોમે સ્થંભપૂરે લી. વ્યાસ કામેશ્વર શીવલાલ. પ.સં.૧૧૫, જશ.સં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૬૯.]

## ૧૩૦૦. માલસિંહ (લોં. કરમશીશિ.)

**(૪૪૮૧) + કલાવતી ચોઢાલિયું** ર.સં.૧૮૩૫ શ્રા.શુ.પ

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૨૯૭–૩૦૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૨.]

## ૧૩૦૧. મેઘ

**(૪૪૮૨) મેઘવિનોદ** (હિંદીમાં) સં.૧૮૩૫ આસપાસ

**આદિ** – સકલ જગત આધાર પ્રભુ, સકલ જગત સિરતાજ,
પાપ-વિદારણ સુખકરણ, જયજય શ્રી જિનરાજ. ૧
તાહિકો મૈં સમરિકે, કરું ગ્રંથ સુખકાર,
**મેઘવિનોદ** નામ રસ, સકલ જીવ ઉપકાર. ૨
ચરણજુગલ ગુરૂકે નમું, સમરૂં **શારદ** માય,
પુનઃ **ગણેશ** પદ નિત નમું, દિનદિન મંગલ થાય. ૩
કવિ અપાર જગમેં ભયે, કીને ગ્રન્થ અપાર,
તિન ગ્રંથનકા મત લહીં, કહત **મેઘ** સુખકાર. ૪

(૧) વીકા.

**(૪૪૮૩) ચતુર્વિંશતિ સ્તુતિ** ર.સં.૧૮૩૫ ફા.શુ.૧૩ મંગલ ફગવાડામાં

**અંત** – **તનુજો રામ સુસિદ્ધિ નિસપતિ** માસ ફાગણ સુદિ કહી,
તીન દશ તિથિ ભુમિકો સુત નગર **ફગુઆ** કર લહી.
કર જોડકે મુનિ **મેઘ** ભાખેં શરણ રાખૂં જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

(૧) વીકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩૮. 'ચતુર્વિંશતિ સ્તુતિ'ના રચના-સંવતમાં તનુ = શરીર = ૫ એમ અર્થઘટન થયું જણાય છે. પણ શબ્દ 'તનુ જો' ગણવો કે 'તનુજો' ગણવો એ કોયડો છે. છૂટો 'જો' નિરર્થક જણાય છે અને તનુજ = પુત્ર થાય. એ શબ્દ કઈ સંખ્યાનો વાચક બને એ જાણવા મળતું નથી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૩૦૨. ફકીરચંદ

(૪૪૮૪) **બૂઢાનો રાસ** અથવા **ચોપાઈ** (રાજસ્થાનીમાં) ૧૪ ઢાળ
ર.સં.૧૮૩૬ માગસર

આદિ – દૂહા

દયા જ માતા વીનઉં, ગણધર લાગૂં પાય,
**વર્દ્ધમાન** ચોવીસમા, વાંદૂં શીસ નમાય. ૧
કન્યા નેં જમી તણોં, પઇસો ન લીજે કોય,
બૂઢાનેં પરણાવતાં, ગુણ બૂઢારા જોય. ૨

અંત – ઢાલ ૧૪ જતની દેશી

બેટી થારા માથારો મોડો, તોનેં ઇન બિન કિસડી ઠોડો
ઇણ સુહાગણ પણસું ધાઇ, સામાઇક કરિસ્યૂં સદાઇ. ૧
નવ તત્ત્વ સદા મન ધરસું, તપસ્યાનેં પોસો કરસું,
ઘટ સારૂ દાંન જ દેસું, મનમાંન્યો કારજ કરસ્યૂં. ૨
સંબત **અઠાર છત્તીસ** આંણુ, મિગસર બલિ માસ વખાંણુ,
(પા.) મૃગસિર માસ એ જાંણી
ચંદ ફકીર એ વખાંણી, સુણજ્યો કલજુગ નીસાંણી. ૩
(પા.) ચંદ પરતિખ દેખ વખાણી.

(૧) સં.૧૯૧૭ ભા.સુ.૭ લિ. ઋ. અબીરચંદેન શ્રી અજીમગંજમે. પ.સં.૫–૧૩, કુશલ. નં.૯૨૩. (૨) લિ. ઋ. છગનચંદ્રેણ સા. છોટુલાલ પઠનહેતવે મકસુદાબાદ અજિમગંજ મધ્યે સં.૧૯૩૪ પ્ર.જે.કૃ.૧૪ સૌરીવારે. પ.સં.૪–૧૫, કુશલ. પો.૨૩ નં.૯૩૪. (૩) લ.૧૮૫૬ વૈ.શુ.૫ લિષતં ઋષિણા વીરચંદ્રેણ શ્રીમન્નાગોર મધ્યે લિખ્યો છે. સુખલાલ પઠનાર્થમ. પ.સં.૫–૧૪, ડા. અ.ભં. પાલણપુર દા.૩૬. (૪) પ.સં.૪, મહર.ભં. પો.નં.૧. (૫) પ.સં.૬, મહિમા ભં. પો.૬૩. (૬) પ.સં.૭, ચતુ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૨–૫૩, ૩૩૦ તથા ૧૫૪૩. પહેલાં કૃતિ અજ્ઞાતને નામે મૂકી પછી 'ચંદ'ને નામે મૂકી છે અને છેવટે 'ચંદ ફકીર' એ પાઠ મળતાં 'ફકીરચંદ'ને નામે મૂકી છે.]

## ૧૩૦૩. સુરેન્દ્રકીર્તિ (દિ. આંબેરિગચ્છ)

એમણે સંસ્કૃતમાં ૩૩ શ્લોકમાં 'સમેતશિખર ગિરિ સ્તવન' રચેલ છે (હસ્તપ્રત માટે જુઓ છેલ્લી ભાષાકૃતિને અંતે):

અબ્દે **ષટ ત્રિક સિદ્ધિ ચંદ્ર** પ્રમિતે વૈશાખ માસે શુભે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ભટ્ટારકદેવ શ્રીયશશા સ્તંભાવતીગચ્છકે
ક્ષેમેંદ્રાદિ સુકીર્તિકસ્ય શુભ સચ્છાત્રેણ પુણ્યેન્હિ વૈ...

**(૪૪૮૫) વિષાપહાર સ્તોત્ર ભાષા** (હિંદી) ૪૨ કડી ૨.સં.૧૮૩૬ માઘ વ.૧૪ કાસિમબજારમાં.

**આદિ –** દોહા.

શ્રી જિન **રિષભ** મુનીસપદ, નમિ કરી સીસ નમાય
વિષહારી થુતિકી રચૂં, ભાષા સબ હિત લાય. ૧

**અંત –** કડખા છંદ

દેવ તુહ ભક્તિકું સહજ જો કરતુ હૈ દેતુ હો તાસ મનપૂર્ણ ફલકું
ફેરિ થુતિરૂપ તૈં ગાઢિ કીહ્ની થકી દેત સુખકીર્તિ ધન જીતિ કુલકું
સ્તોત્ર ત્રુઝિ સેઠજી નામ **ધનજય** કહ્યૌ તાસ સુત કાવૈં ગરલ નાસા
**કીર્તિ સુરઈંદ્ર** કુંનિ તાસ ભાષા રચી, **હીર**કી વિનંતી પાઇ ખાસા. ૪૧

દોહા

**અઠાર સૈ છતીસમૈં**, માઘ ચતુર્દશી નીલ
**કાસ્મબજાર** સુથાંનમૈં, ભાષા રચી રસીલ. ૪૨

(૧) જુઓ છેલ્લી કૃતિને અંતે.

**(૪૪૮૬) સિદ્ધપ્રિય સ્તોત્ર નવીન ભાષા** (હિંદી) ૨૮ કડી ૨.સં. ૧૮૩૬ મહા શુ.૪ કાસિમબજારમાં

**આદિ –** પ્રથમ જિનેશ્વર **આદિપતિ, વર્દ્ધમાન** જિન પ્રાંત
તાહિ વંદિ ભાષા કરૂં, ઇસ્વ સ્વયંભૂ કાંત. ૧

**અંત –** કુંડલિયા છંદ

**દેવનંદિ** મુનિરાજકૃત, **સિદ્ધિપ્રિયે** જો સ્તોત્ર
ક્યા ભાષા ઉસકી કરૂં, તાસ કહ્યૌ કુછિ ગોત્ર
તાસ કહ્યૌ કુછ ગોત્ર અર્થ નહિ ભાષ ન આયે
બહુત અર્થ તિસ માંહિ ભાષામૈં તનુ લાયે
હેતુ ન છોડયૌ તાસ સબ્દાડંબર અનુગયો
**સુરિંદ્રકીર્તિ** મુનિરાજ બાલબુધિ સમઝ ન લયો. ૨૭

ચોપઈ

**અઠાર સૈ છતીસ** મઝાર, માઘ ચતુર્થી શુકલકી સાર
**હીર** પઢનકુ ભાષા કરીજુ, **કાસ્મ બજારમૈં** મન હરીજુ. ૨૮

(૧) જુઓ છેલ્લી કૃતિને અંતે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૪૮૭) ભૂપાલ ચોવીસી સ્તોત્ર નવીન ભાષા** (હિંદી) ૨૯ કડી
ર.સં.૧૮૩૬ માઘ શુ.૧૪ કાસિમબજારમાં

**આદિ** – પરમ ધરમ જિનરાજકો, જગમેં હો જયવંત
જિન ફ્રૂપદ મો હિય વસો, વાંની વદન વિલસંત. ૧

**અંત** – યો સ્તોત્ર જિનરાજકો કીયો **ભૂપાલ**શે
સર્વ ચેત હારકો વાંચિ સુખ હૈ અપાર હી
તાસ હી કી સુરસી ભાષા બહુત સુરસી જરી
ભક્તિ જરસી રસી રચી જૂ રૂપ વાર હી
સર્વ સંઘ કાજઈ **આંબેરિ**ગચ્છ રાજઇ
ભટ્ટારકકુ હાજઇ **સુરેંદ્રકીર્ત્તિ**જી ભની
**કાસિમબજારમેં** ભક્તિભાવ સારસેં
રાવ ગયા ચાર મહીરાનંદ અજીવની. ૨૮

ચૌપઇ

**અઠારૈ સે છત્તીસ** સુસાલ, માઘ ચતુર્દશ સુકલ સુકાલ,
ભાષા કીહિન સવ હિત લાય, બુધજન વાંચો નિજ હિત લાય. ૨૯

—ઇતિ **ભટ્ટારક**શ્રે **સુરેંદ્રકીર્તિ** વિરચ્યતા **ભૂપાલ** ચોવીસ સ્તોત્ર નવીન ભાષા સમાપ્તા.

(૧) જુઓ છેલ્લી કૃતિને અંતે.

**(૪૪૮૮) સમેતશિખરજીકા સ્તોત્રકી ભાષા** (હિંદી) ૩૬ કડી ર.સં. ૧૮૩૬ ફા.વ.૫ કાસિમબજારમાં

**આદિ** –
દોહા

પ્રથમ **અજિત** જિનેશ પદ, ચરમ **પાસ** પદસાર,
વિચલેયુત વંદો સદા, શિષ્યર **સમ્મેદ** મુઝાર. ૧

**અંત** – ભટ્ટારક **આંબેરિકે સુરિંદ્રકીર્ત્તિ** અભિરામ,
સંસ્કૃત ભાષા દોઉ નિકે, કરતા હૈ જસ ધામ. ૩૫
**અઠારહ સૈ છત્તીસ** મેં, ફાગુણ પંચમી નીલ,
ભાષા **કાસમબજારમૈં**, કીહની હૈ જુ રસીલ. ૩૬

(૧) પ.ક્ર.૯૫થી ૧૦૯, એક ચોપડો, મુક્તિ. વડોદરા નં.૨૪૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩૯-૪૧. 'સમેતશિખર ગિરિ સ્તોત્ર' ત્યાં મુખ્ય વિભાગમાં જ નોંધાયેલ હતું તે સંસ્કૃત કૃતિ હોઇ અહીં કવિપરિચયમાં નોંધ્યું છે. બે ભાષાકૃતિઓમાં આંબેરિગચ્છનો ઉલ્લેખ છે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સામે સંસ્કૃત કૃતિમાં સ્તંબાવતીગચ્છનો ઉલ્લેખ છે તે કોયડારૂપ છે.]

**૧૩૦૪. વસ્તો** (વઢવાણનો શ્રાવક સ્થાનકવાસી)

(૪૪૮૯) + **જૂઠા તપસીનો સલોકો** (ઐ.) ૯૧ કડી ર.સં.૧૮૩૬ ભા.શુ.૧૦ રવિવાર

માતાનું નામ નાથીબાઈ, પિતાનું નામ નાથો. પોતે ખેડ કરતા, પછી અન્નજળ ઊઠતાં રાણપુર ગયા ને ત્યાં ખેડ કરતા. કોડિયારું જોઈ જીવદયા પ્રગટી બળદને છોડી મૂકી નવરા બેઠા. ભાઈ આવતાં વાત કહી. સ્થાનકે જઈ ગુરુ પાસે વ્રત-પચ્ચખાણ લીધાં ને પછી સગાંની સંમતિ લઈ દીક્ષા લીધી. ભારે તપ કર્યાં, અભિગ્રહ લીધા, તપસી તરીકે પંકાયા. એક કોઢિયાએ તેમના મૂત્રથી લેપ કરતાં કોઢ કાઢ્યો. ગામ બહાર આસન વાળી ધ્યાનસ્થ થતાં એક ગાયે તેને ચાટીચાટીને લોહી કાઢ્યાં તે સહન કર્યાં ને અભિગ્રહ લીધો કે કોઈ રાણો અને રાણી આહાર વહોરાવે તો લેવું. ઈડરના એક રાણાએ પરણીને આવતાં ત્યાં ઉતારો કર્યો અને તેને ત્યાંથી આહાર મળતાં અભિગ્રહ પૂર્ણ થયો. એવામાં અરબી હળ દીવ પર ચડી આવ્યું ને કેટલાયને બાન તરીકે પકડી ગયા તેમાં ૧૬ કન્યાઓ હતી તેણે માનતા કરી કે જો ઊગરશું તો જૂઠા તપસીનાં દર્શન કરશું. વહાણમાં લઈ જતાં જળમાં સ્થળ થયું, તે ઊગરીને દીવ આવી તપસીને પગે લાગી.

રાણપુરમાં જૂઠા તપસીનાં પગલાં પૂજાયાં, તેના ઉપાસરામાં તેમની ઓરડીમાં આસન હતું તે ગદા અમીચંદ તેમના શ્રાવક કહેવાતા. રાણપુરમાં ગઢ હતો. વચમાં ભાદર ને ફરતી ગોમતી. શહેર વચમાં ચબુતરો ને બહાર ઊંચો મિનારો હતો. ઉતરાદા આથમણે કોઠે મોટું સ્થાનક હતું ને તેમાં ભવાની માતા હતાં. જૂઠા તપસી પછી ઊને દેલવાડે ગયા, ત્યાં તેના હાકેમને ત્યાં વહોરવા ગયા એટલે તેણે સંતાન નહોતું ને તેની માગણી કરી, દારૂ સાબુ ઈંટ ગળીની ભઠ્ઠી બંધ કરાવવાનું વચન લઈ સંતાનની આશિષ આપતાં સંતાનની જોડ તેને થઈ. છેવટે વાડીમાં જઈ કાઉસગ્ગ કરી સ્વર્ગસ્થ થયા. તેના દેહસંસ્કાર માટે હિંદુમુસ્લિમો વચ્ચે ઝઘડો થયો. હિંદુ અગ્નિદાહની ને મુસ્લિમો દફન કરવાની તરફેણમાં હતા.

**આદિ** – પરથમ સમરું હું વીતરાગ સ્વામી, જીનમારગના છો અંતરજામી,
**વીર** પ્રભુના લેશું વળી નામ, શીશ નમાવી કરું પ્રણામ. ૧
કર જોડી હું કરું વિનંતી, માગું વાણી ને આપો **સરસતી**,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમ પ્રતાપે જોડીને કહું છું, અવીચળ વાણી માગીને લઉં છું. ૨
પ્રભુ પુરજો અમારા કોડ, જુઠા તપશીની કરશું જોડ,
જુઠા તપસીને **સાંકળીયે** વાસો, **દશા શ્રીમાળી** વણીક ઉલ્લાસ. ૩

**અંત –** જુઠા તપસીની જોડ જ કે'શે, જુગોજુગ તે અમર રહેશે,
કર જોડીને સેવક કહે છે, કહેનારો વાસ **વઢવાણ** રહે છે. ૮૯
સંવત **અઢાર છત્રીસો** સાર, ભાદરવા સુદ દશમ ને આદીતવાર,
પૂરી જોડ તો હુઇ નિરધાર, સુણતાં ભણતાં થાય જયજયકાર. ૯૦
ઓછોઅધિકો વિપરીત જેહ, મિચ્છામીદુક્કડ દઉં છું તેહ,
એ જોડ તો વણિક **વસ્તો** કહે, જુઠાનું નામ તે જગોજગ રહે. ૯૧

(૧) લેખક મહાસતી મોટા જયકુવર સ્વામી બરવાળા સંપ્રદાયના સંવત્ ૧૯૮૫ના આશો વદ ૧૧ ચંદ્રવાર દોશી નેમચંદ સવજીભાઈના સર્વ કુટુંબના પઠનાર્થં લેખક વાંચક કુશળ ભવતુ.

પ્રકાશિત : ૧. પ્રકા. દોશી નેમચંદ સવજી સં.૧૯૮૬.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૩-૫૪.]

## ૧૩૦૫. ભીખજી

બીજો **લઘુ મરૂદેશમાં, અજારી** જગ નાંમ. ૬
હંસયાન સોહે ભલો, વીણા પુસ્તક હાથ,
કવિજનનેં બુદ્ધિદાઇની, તું સવિ જગની આથ. ૭
મન સુદ્દેં પ્રણમી કરી, માગું વચન રસાલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્મલ બુદ્ધિ આપજ્યો, હું છું તુમસો બાલ. ૮
**યદુવંસે** જે ઉદ્દભવ્યો, જે તે તરણી જેમ,
શિશુ બ્રહ્મચારિ સદા, નમો નમો **રિકનેમ.** ૯
શઠ જ્ઞાન જાંણું નહી, જે લવલેસહ માત્ર,
પ્રતિબોધી ગુરૂ તેહને, પ્રવીણ કરે ગુણપાત્ર. ૧૦
સદ્‌ગુરૂ પ્રણમું ભાવ સ્યું, જ્ઞાનપ્રદીપદાતાર,
કુમતાંધારો ફેડવા, અરૂણરૂપ અવતાર. ૧૧
શીલોપરિ જે વર્ણવું, **ગજસિંહકુમર** ચરીત્ર,
ઉત્તમના ગુણ ગાવતાં, હોવે જનમ પવિત્ર. ૧૨
શ્રી ગુરૂ કેરે પસાઉલે, રાસ રચું ધરિ નેહ,
નિંદ્રા વિકથા પરિહરી, શ્રોતા સુણજ્યો તેહ. ૧૩

**અંત –** વડ **તપગચ્છપતિ વિજયાણંદસૂરી,** શ્રી **વિજેહીર** સવાયાજી,
શુદ્ધાચાર ક્રિયાના પાલક, ભવિયણને મન ભાયાજી. ૧૨
તાસ પટ્ટોધર ગ્યાનપ્રભાકર, શ્રી **વિજયરાજ** સૂરિંદાજી,
ભવિ-કૈરવવન વિકસિત કરવા, જેહવા સારદ ચંદાજી. ૧૩
તેહના વિનયમંડલિમંડણ, **દાનવિજય** ઉવઝાયાજી,
જિણ ષટદરશનવાદ કરિને, વાદીવૃંદ હકાયાજી. ૧૪
તાસ શિષ્યવર **વૃદ્ધિવિજય** કવિ, મુનિગણ મહિ મહંતજી,
તસ પદપંકજ ભમર તણિ પરે, લબ્ધ પ્રતિષ્ઠાવંતજી. ૧૫
પંડિત **કપૂરવિજય** ગુરૂરાયા, પામી તાસ પસાયાજી,
ચ્યારે ઉલ્લાસે ચોસઠ ઢાલે, **માનવિજય** ગુણ ગાયાજી. ૧૬
સંવત **રામ બાણ ભૂતિ** વર્ષે, મુઝ મતિને અનુસારૂજી,
ફાગુણ સિત દ્વિતિયાને દિવસે, રાસ રચ્યો એ વારૂજી. ૧૭
એ મુનિરાજ તણા ગુણ ગાયા, **વિજયલક્ષ્મીસૂરી** રાજ્યેજી,
જે શ્રુતસાગર ગુણમણિઆગર, ગંગ જ્યું કીરત ગાજેજી. ૧૮
**પિંડપુરે** ચોમાસ રહીને, મંધવચનસં કેતેજી,
એહ સંબંધની રચના કીધી, શિષ્ય **મતાપને** હેતેજી. ૧૯
જે એક ચિત્તે મુનિગુણ સુણસ્યે, થાસ્યે જનમ પવિત્રજી,
ધ્રુ જ્યું અચલ હોઇ શીલ ઉપર, એ **ગજસિંહ** ચરિત્રજી. ગા.૨૦
એ ઉત્તમ ગુણ ભણતાં શુણતાં, વિઘન થાયે વિસરાલજી,
તે બહુ લીલાલહેરી પાંમસ્યે, લહસ્યે ઋદ્ધિ વિશાલજી. ગા.૨૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલશ.

**તપ**ગચ્છનાયક જ્યાંતદાયક **શ્રી વિજેલક્ષ્મી** સૂરીશ્વર,
સુવિહીતચારી બ્રંભધારી, ભરમ-તમહર દિનકર.
વિબુધ **કપૂરવિજય** સેવક **માંન** કહેં યશ મહમહેં,
**ગજસિંહ** પરે જે શીલ પામેં, કીર્ત્તિકમલા તે લહે. ૧

(૧) ગજસિંહકુમર રાસ કૃતેરયં શ્રી માન કવિ. લિખિત સં.૧૮૫૭ પોસ સુદિ ૫ તિથૌ શ્રી પિંડપુરે લિ. શ્રી વર્દ્ધમાંન પ્રસાદાત્ લિખિતં **પ્રતાપવિજયેન** આત્માર્થે. ગુ.વિ.ભં. અથવા પ્ર.કા.ભં. (૨) ઋ. શ્રી ૫ શ્રી શ્રી **ઋષપરાંમજી** ઋ. ઉગરચંદજી સ. ઋ. **શુમાંનચંદ** સંવત ૧૮૭૮ માગસીર સૂદ ૧૧ દને બુધવાસરે લં. ઋ. ઉગરચંદ ગ્રાંમ **બીલીમોરા** મધ્યે. પોથી પ્યારી પ્રાણુથી, હર હીયડા કૌ હાર, જીવ જતન કરી રાખજો, પોથી ચેતી પ્યાર. લ. ઋ. ઉગરચંદજી. પ.સં.૭૦-૧૪, અનંત.ભં. (૩) પં. **ભોજવિમલ**શિ. **મેઘવિમલ** શિ. **સુંદરવિમલ** શિ. **કનકવિમલ** શિ. **કૃષ્ણવિમલ** શિ. **પ્રેમવિમલ** ભ્રાતૃ મુ. **રૂપવિમલ** લપીકૃતા સં.૧૮૭૪ જેષ્ટ શુ.૨ શુક્ર શ્રી **ભાદ્રજણ** નગરે શ્રી **પાર્શ્વનાથ** પ્રસાદાત. પ.સં.૬૮-૧૫, ખેડા ભં.૩. (૪) સં.૧૮૭૮ વૈ. સિતાતર દિવસે ભ. **વિજયઉદયસૂરિ**શિષ્ય પં. **ગુલાબવિજય** શિષ્ય પં. **ગૌતમવિજય** લ. **પૂણ્યા** નગરે **ગોડીચા** જિનપ્રસાદાત. પ.સં.૬૮-૧૩, ગોડીજી. નં.૩૧૫.

**(૪૫૯૫) માનતુંગ માનવતી રાસ**

(૧) ભ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૯૬-૯૯ તથા ૧૫૪૪. પહેલાં કૃતિનામ ભૂલથી 'રાજસિંહકુમર રાસ' તથા ૨.સં.૧૮૫૭ અપાયેલ તે પછીથી સુધારી લીધેલ છે. 'માનતુંગ માનવતી રાસ' આ પૂર્વે માનવિજય-રૂપવિજય શિ. મોહનવિજય (નં.૧૦૬૪)ને નામે છે તે કોઈ સરતચૂકથી આ માનવિજયને નામે નોંધાઈ ગયેલ હશે? જોકે આની ચકાસણી કરવાનું કોઈ સાધન નથી.]

## ૧૩૪૪. ઉદયરત્ન (ખ. વિદ્યાહેમશિ.)

**(૪૫૯૬) સીમંધર સ્ત.** ૨.સં. ૧૮૫૭ અસાડ શુ.૧૦

(૧) મુક્તાજી.

**(૪૫૯૭) જિનપાલિત જિનરક્ષિત રાસ** ૨.સં.૧૮૬૭ વિકાનેર

(૧) ચતુ. (૨) વર્ધમાન ભં. [રાજસૂચી ભા.૧.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૫૯૮) જિનકુશલસૂરિ નિશાની** ૨.સં.૧૮૭૪

(૧) અભય.

**(૪૫૯૯) ખંધક ચોઢાલિયું**

(૧) સં.૧૮૮૪ લિ. મહિમા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૫.]

**૧૩૪૫. વીરવિજય** (ત. સત્યવિજય–કપૂરવિજય–ક્ષમાવિજય–જશવિજય-શુભવિજયશિ.)

રાજનગરમાં શાંતિદાસના પાડામાં ઘીકાંટા આગળ રહેતા જદ્રોસર નામે વિપ્રને તેની ભાર્યા વિજયાથી કેશવ નામનો કુમાર થયો. તેને રલિયાત નામે સ્ત્રી પરણાવી. માતાજીએ એક વખત કેશવને એ પરગામ જઈ ઘેર આવ્યો ત્યારે ઠપકો આપ્યો તેથી કેશવ પાસેના રોયકા નામના ગામે ગયો. ભાળ કરતાં માતા ત્યાં આવી. માતાનું મૃત્યુ થતાં તેનું કારજ કર્યું અને રાજનગર ન જવાનો નિશ્ચય કર્યો. પાલીતાણે આવતાં માંદા પડચો. ગુરુ શુભવિજયે રોગનો નાશ કર્યો અને પછી ખંભાત તરફ જતાં વચમાં પાનસર ગામે ખંભાતના સંઘને બોલાવી ગુરુએ દીક્ષા સં.૧૮૪૮-ના કાર્તિકમાં આપી નામ વીરવિજય રાખ્યું. પછી તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો. અન્ય ગુરુભાઈઓ નામે ધીરવિજય ને ભાણવિજય હતા. વીરવિજયે સં.૧૮૫૮માં 'સ્થૂલિભદ્ર શિયલવેલ' અને 'અષ્ટપ્રકારી પૂજા' રચી. પછી ગુરુ સાથે અમદાવાદ આવ્યા. ત્યાંથી વટપદ્ર (વડોદરા) ગયા ત્યાં તેને ગુરુએ યોગ વહેરાવી પંન્યાસપદ આપ્યું. ગુરુ સં.૧૮૬૦ના ફાગુણ શુદ ૧૨ને દિને સ્વર્ગસ્થ થયા. વીરવિજયજીએ વિહાર કર્યો. લીંબડી, વઢવાણ અને સુરત આવ્યા. ત્યાં ટોપીવાળો (અંગ્રેજ) હતો. જતિ સાથે તિથિનો કજિયો થયો. વીરવિજયે તિથિનો શાસ્ત્રવિચાર જણાવતાં ટોપીવાળો ખુશ થયો ને તેને સુરતમાં ખુશીથી રહેવા દીધા. પછી રાજનગરમાં આવી સંઘે પોષધશાળા કરાવરાવી તેમાં રહ્યા. સં.૧૮૭૦માં કુમતિ(સ્થાનકવાસી) સાથે કજિયો થયો. સરકારમાં વાત ગઈ. ભુજથી આણંદશેખરજી, રાજનગરમાંના ખુશાલવિજય ને માનવિજય, ખેડેથી દલીચંદજી અને સાથે લબ્ધિવિજય એમ બધા ભેગા થયા. દરબારમાં બધા ગયા ને ત્યાં વીરવિજયે, પૂછેલા સવાલોના જવાબો આપ્યા. ઢૂંઢિયા સાધુ જેઠા ઋષિ અને નરસી ઋષિ પ્રતિમાસિદ્ધિ શાસ્ત્રપ્રમાણથી કરી ન શકચા. અમદાવાદથી ઓસવાલ પ્રસિદ્ધ શેઠ હઠીસિંહે સં.૧૮૯૩ના મહા વદ ૧૧ને દિને અંજનશલાકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવી. મુંબઈવાળા મોતીશા શેઠે સિદ્ધાચલ પર ટૂંક કરાવી. પાંચ હજાર પ્રતિમા સ્થાપી. ઉક્ત હઠીસિંહ શેઠે મોટો જિનપ્રાસાદ અમદાવાદમાં કરાવવા મંડયો. પ્રતિષ્ઠા કરાવી મંદિરમાં મૂર્તિ પધરાવવાની હોંશ પૂરી ન થઈ અને શેઠ સ્વર્ગસ્થ થયા. એટલે તેમની ભાર્યા પ્રસિદ્ધ હરકુંવર શેઠાણીએ પ્રભુને પધરાવ્યા. વીરવિજયે અંજનશલાકા કરી. દીનાનાથ જોશીને પાસે રાખી સં.૧૯૦૩ માહા વદ ૧૧નું શુભ મુહૂર્ત શોધી તે મંદિરમાં પ્રભુને પધરાવ્યા. વીરવિજયજી સં.૧૯૦૮ના ભાદરવા વદ ૩ ગુરુને દિને સ્વર્ગસ્થ થયા. તેમની પાટે તેમના શિષ્ય રંગવિજયને વિજયાદશમીએ બેસાડયા. તે શિષ્યના રચેલા રાસમાંથી આ સાર લીધો છે.

**(૪૬૦૦) જિન પંચત્રિશત્ વાણી ગુણ નામાર્થ ગર્ભિત સ્ત.** ૬૬ કડી ર.સં.૧૮૫૭

(૧) સ્તવનાદિકની પોથી, પ.સં.૭૫, વી.ઉ.ભં. દા.૧૮ પો.૨. [લીંહસૂચી.]

**(૪૬૦૧) + સુરસુંદરી રાસ** ૪ ખંડ ૫૨ ઢાળ ૧૫૮૪ કડી ર.સં.૧૮૫૭ શ્રાવણ સુદ ૪ ગુરુ રાજનગર (અમદાવાદ)માં

**આદિ** – સકલ ગુણાગર **પાસજી, શંખેશ્વર** અભિરામ,
મનવંછિત સુખ સંપજે, નિત સમરંતાં નામ. ૧
ઇષ્ટ મનોરથ પૂરતિ, ચૂરતિ અલિક વિઘન,
કવિજન-જનની **ભારતી**, વારતિ અલિક વચન. ૨
**કાસમીર** પ્રતિવાસિની, સોલ નાંમ જસ શુદ્ધ,
જે ભવિ નિત સમરણ કરે, તસ હુઇ નિરમલ બુદ્ધિ. ૩
ભારતિ સરસતિ સારદા, હંસગામિની જેહ,
વિદુષા માત કુમારિકા, વાગેસરી શુચિ દેહ. ૪
બ્રહ્મસુતા ત્રિપુરા કહી, વાણી શ્રી વરદાય,
વિશ્વવિખ્યાતા તુ સહી, બ્રુવવાંણી શ્રુતદાય. ૫
ભાષા ગૌરી જાણીઈ, ઇત્યાદિક જસ નાંમ,
પ્રણમું હું નિત પ્રેમ સ્યું, જે ગુણ-સુખનું ધામ. ૬
ત્રિભુવન-માતા શારદા, તુમ ઉપગાર મહંત,
સિદ્ધ અનંતા તે થયા, તુઝથી શિવવધુ-કંત. ૭
સાંનિધ કરજ્યો માતજી, દેજ્યો વચનવિલાસ,
પ્રથમ ઉદ્યમ મેં માંડિઓ, જિમ હુઈ અધિક ઉલ્લાસ. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સુરસુંદરી** શીયલેં સતી, સતીયામાં સુપ્રકાસ,
તાસ રાસ રચતાં થકાં, મુઝ મુખ કરજ્યો વાસ. ૯
બુદ્ધિ મંદ છે માહરે, પણ તુમ ભક્તિ સમેત,
કોકિલ જે મધુરવ કરે, આમ્ર સમંજરી હેત. ૧૦

**અંત –** ઢાલ ઉત્સરપિણી અવસરપિણી – એ દેશી.

તપગચ્છ-કાનન-કલ્પતરૂપમ, **હીરવિજય** સૂરીરાયાજી,
હિંસક **અકબ્બર** જસ ઉવએસેં, જીવ-અમાર પલાયાજી. ૧
તાસ પટ્ટ પૂર્વાચલ-સવિતા, **વિજયસેન** ગુણધારીજી,
**વિજયદેવસૂરિ** સૂરિમંત્રે, તેજપ્રતાપ-ઉદારીજી. ૨
મિથ્યાત્વી-ગજ સિંહ સમાના, **વિજયસિંહ** સૂરિંદાજી,
જિનસાસન જયકાર સૂરીસર, ભવિકજ-વિકસિત-ચંદાજી. ૩
તાસ સીસ વૈરાગ્યવિલેપિત, સત્યવચન-ગુણગેહાજી,
**સત્યવિજય** જયમાલ જાતવર, લક્ષણ-લક્ષિત દેહાજી. ૪
કપૂર સમુજ્જવલ જસ તનુ શોભિત, **કપૂરવિજય** નિરીહોજી,
નાંણ-વિન્નાંણ-પ્રમાંણ-અલંકૃત, વાદિ-મતંગજ-સિંહોજી. ૫
તાસ શીસ શશિ સમ શીતલતા, ક્ષમાગુણભંડારોજી,
સંવેગી ગીતારથ સારથ, **ક્ષમાવિજય** જયકારોજી. ૬
સંત પ્રસંત વિમલ જસવંતા, ક્ષાંત્યાદિક ગુણવંતાજી,
ભવ્યવનજ-વિકસિત-સવિતા સમ, શ્રી **જસવિજય** મહંતાજી. ૭
તાસ શિષ વૈરાગી ત્યાગી, રાગી શ્રુત સૌભાગીજી,
ઉત્તમ સંગી પરિણત રંગી, શુભ કીરતિ જસ જાગીજી. ૮
પંડિત સુગુણ સનેહી સુખકર, અહનિસ જે અપમાઇજી,
શુભ શુભ કાર્ય કરણમતિ ગતિવર, શ્રી **શુભવિજય** સવાઇજી. ૯
તાસ ચરણ સુપસાય લહીનેં, વયણવિલાસક કીધોજી,
પરભૃત મંજરી-આસ્ય-પ્રવેશન, મધુરવહેતુ પ્રસિધોજી. ૧૦
**મુનિ શર હસ્તિ શશિ** સંવત્સર નમિ **શંખેસર પાસોજી**,
શ્રાવણ શુદિ ગુરૂવાર ચતુર્થિ, **રાજનગર** ચોમાસોજી. ૧૧
રાસ તણી એ રચના કીધી, ભવિયણને હિત હેતેંજી,
બાવન ઢાલ રસાલ મનોહર, વયણ સુયુક્તિ ઉપેતેજી. ૧૨
એક સહસ શત પંચ ઉપર વલી, ચઉરાસી અધિકેરીજી,
ગાથા રાસની સકલ ઢાલની, સંખ્યા એહ ભલેરીજી. ૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધિકોઓછો અક્ષરપદ અણુજાણપણે જે ભાખ્યોજી,
તે મુજ મિચ્છાદુક્કડ હોજ્યો, સંઘ સકલની સાખ્યોજી. ૧૪
દોય સહસ શતદ્વય એકસત્તરી, શ્લોકની સંખ્યા જાણોજી,
મૂલ સૂતરની સંખ્યા ભાખી, બત્રીસ વર્ણ પ્રમાણોજી. ૧૫
પંડિતજન મત કરસ્યો હાંસિ, મંદમતિ મુઝ દેખીજી,
**વીરવિજય** કહે કંચન કસિઇ, કરો કવિ શુદ્ધ ગવેષીજી. ૧૬
જે નર ભણસ્યે સુણસ્યે તસ ઘર, નવનિધ ઋદ્ધ વિશાલાજી,
કુંજર શિર સિંધુરે શોભિત, તસ ઘર ઝાકઝમાલાજી. ૧૭
જિહાં શ્રવણ સફલ તે કરસ્યે, વરસ્યે મંગલિકમાલાજી,
સુરસુખ અનુક્રમિ કંઠ ઠવે તસ, શિવસુંદરી વરમાલાજી. ૧૮

કલશ.

**સુરસુંદરી**નો રાસ રસાલ, શ્રોતાને ઘર મંગલમાલ,
તિણે કારણ સુણી આદર કરો, **વીર** કહે જયલીલા વરો. ૧

(૧) ચાર ખંડમાં, પ.સં.૯૨-૧૩, મો.સેં.લા. (૩) લ.સં.૧૮૬૨, પ.સં.૮૩, લીં.ભં. નં.૨૨૭૮. (૩) લષિતં મુની **અમૃતવિજયેન** પરોપકારે. પ.સં.૬૩-૧૩, વીરવિજયજી ઉપાસરો ઠે. ભઠીની પોળ અમદાવાદ દા.૧૯ પો.૪.

પ્રકાશિત : ૧. શિલાછાપમાં – લપિકૃત્યં ફતેવિજેજી શ્રી **રાજનગરે** વાસ્તવ્યં. ઉમેદરામ હરગોવનદાસે છપાવ્યો અમદાવાદ મધ્યે ભદરની હદમાં છગન નથુની દુકાનમાં હરિલાલ તુલશીરામના છાપખાનામાં છાપ્યો. સંવત્ ૧૯૧૭ સને ૧૮૬૧. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

**(૪૬૦૨) + અષ્ટપ્રકારી પૂજા** ર.સં.૧૮૫૮ ભાદ્રપદ શુ.૧૨ ગુરુ રાજનગરમાં

**આદિ–** પ્રથમ જલપૂજા – દોહા.

સરસ વચનરસ વરસતી, **બ્રંહ્મી** પ્રણમી જેહ,
ભગવઇ ધુર વસુધાસુતે, હું પણ પ્રણમું તેહ. ૧
શ્રી **શંખેશ્વર** શિર નમી, પભણું પૂજાવિચાર,
અંગાદિક ત્રિક પૂજના, ઉત્તર અષ્ટપ્રકાર. ૨
ન્હવણ, વિલેવણ, કુસુમની, જિનપુર ધૂપ, પ્રદીપ,
અક્ષત, નૈવેદ્ય, ફળ તણી, કરો જિનરાજ સમીપ. ૩



જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – કલશ – રાગ ધન્યાશ્રી.

ઇણ વિધ અષ્ટપ્રકારી પૂજા, કરશે તસ નિત્ય સુખશાતા,
સિદ્ધિ બુદ્ધિ દીઠિ અડ ભવિજન, પામી અડ પવયણમાતા.
હરિ પરેં ભક્તિ કરો પ્રભુ કેરી. ૧
રાગ દ્વેષ ટાળી જિન પૂજત, અષ્ટમી ગતિ અનુક્રમે લહે,
અષ્ટ કર્મ સમતાયેં બાળી, નીલતરૂ વનહિમ દહે. હરિ.૨
**તપગચ્છ** શ્રી **વિજયસિંહ** સૂરીશ્વર, **સત્યવિજય** પન્યાસ વરો,
**કપૂર**-સમુજ્જવલ **ખિમાવિજય જસવિજય** સદા સૌભાગ્ય
કરો. હરિ. ૩
તાસ શિષ્ય **શુભવિજય** સોભાગી, તસ અનુમતિ જિનરાય સહી,
ગાવત હર્ષકલ્લોલ ભરાયા, **રાજનગર** ચોમાસ રહી. હરિ. ૪
સંવત **અઢાર અટ્ઠાવન** વરસે, ભાદ્રપદ સિત પક્ષ ભલો,
દ્વાદશી દિન ગુરૂવાર મનોહર, એ અભ્યાસ ભયો સફલો. હરિ. ૫
સુરગુરૂ પણ ન શકે કરિ વર્ણન, જિન ગુણિયા મેં મંદમતિ,
જલધિમાન કહે જ્યમ બાળક, નિજ શકતેં પંખી વહતી. હરિ. ૬
શક્તિ વિના પણ તેમ પ્રભુ ગાયા, ગુણમાલા ભવિ કંઠ ધરો,
**વીરવિજય** કહે સંઘ સકલ ભવિ, જઈ શિવમંદિર લીલ વરો.
હરિ. ૭

(૧) પ.સં.૫, લીં.ભં. નં.૨૩૪૨. (૨) પ.ક્ર.૮૫થી ૯૨, લીં.ભં. નં.૨૮૦૫. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૨૬૪), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૮).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૫૧થી ૬૭. [૨. વિધિવિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજા સંગ્રહ. ૩. જૈન રત્ન સંગ્રહ.]

**(૪૬૦૩) + નેમિનાથ વિવાહલો** અથવા **નેમિનાથ વિવાહ ગરબો** ૨૨ ઢાળ ૧૫૧ કડી ર.સં.૧૮૬૦ પોષ વદ ૮ અમદાવાદમાં

આદિ – કહે કમલા ગોપાલ પ્રતેં રે – એ દેશી.

**સરસતિ**ચરણ-સરોજ રમિ રે, શ્રી **શંખેશ્વર**પાય નમિ રે,
**નેમવિવાહ** તે રંગેં ગાસ્યું, જિમ **નેમિનાથે** પુર્વ પ્રકાસ્યું. ૧
**નેમ** નગીના આવો ઘડિ રે, મિત્ર કહે ઇમ પાય પડિ રે,
રમતાં આયુધશાલાઈ આવ્યા, ચક્રગદા લેઇ શંખ વજાયા. નેમ ન. ૨

અંત – ઢાલ ૨૨ ગરબેં તેલ બલેં ઘી પૂરો રે લાલો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેં ઇમ નાથ નિરંજન ગાયા લાલ, પ્રભુ દિલ ધારી રે.
મલિ જિમ ગોપીઇ હુલરાવ્યા લાલ, પ્રભુ.
પરણ્યા નહિ પણ પ્રીતડી પાલિ લાલ, પ્રભુ.
અંતે વરીયા સિવ-લટકાલિ લાલ. પ્રભુ. ૧
**તપગણ**ગયણ દીણંદ સમાનો લાલ, પ્રભુ.
શ્રી **વિજેસિંહ** સૂરીસ નિધાનો લાલ, પ્રભુ.
શિષ્ય **સત્યવિજય** ગુણગેહા લાલ, પ્રભુ.
તસ **કપૂર ખેમાવિજય** સુસ્નેહ લાલ. પ્રભુ. ૨
સેવક **જસવિજયો** જયવંતા લાલ, પ્રભુ.
પંડિત શ્રી **શુભવિજય** મહંતા લાલ, પ્રભુ.
તસ શિષ્યેં ગરબિ દેશિ સાંહે લાલ, પ્રભુ.
ગાયો **નેમવિવાહ** ઉછાહેં લાલ. પ્રભુ. ૩
**નભ લોજન ગજ ચંદને** વર્ષે લાલ, પ્રભુ.
પોસ તણી વદિ આઠિમ દિવસેં લાલ, પ્રભુ.
**રાજનગર**માં શ્રાવક સોભેં લાલ, પ્રભુ.
ગુરૂઉપદેશેં કુમતિ થોભેં લાલ. પ્રભુ. ૪
વંશ **શ્રીમાલી અમીચંદ**-નંદ લાલ, પ્રભુ.
ઘરે પૂજિ જિન ગુરૂ નિત વંદે લાલ, પ્રભુ.
સા **પ્રેમચંદ** કહણ ઉજમાલે લાલ, પ્રભુ.
બાવીસમો જિન બાવિંસ ઢાલે લાલ. પ્રભુ. ૫
થુણિયા **વીરવિજય** જયકારી લાલ, પ્રભુ.
સુણસ્યેં ગાસ્યેં જે નરનારિ લાલ, પ્રભુ.
તસ ઘર મંગલમાલ રસાલા લાલ, પ્રભુ.
વિમલા કમલા ઝાકઝમાલા લાલ. પ્રભુ. ૬

(૧) ઢાલ ૨૨ ઇતિ શ્રી નેમનાથ વિવાહ ગરબો સંપૂર્ણઃ. શ્લોક ૧૫૧ ઢાલ ૨૨ ગ્રંથાગ્રંથ ૨૫૦. સંવત્ ૧૮૮૮ના વર્ષે માર્ગશિર વદિ ૧૦મી દિને લપીકૃતં ડુંગરજિ **સરસપર** મધ્યેં રહિનેં લિખી છેં એ પ્રત્ય. શુભં ભવતુ. શ્રી. પ.સં.૯–૧૩, ચી.ઊ.ભં. દા.૧૮. પો.૨. (૧) પ.સં.૯–૧૩, વિજાપુર. (૩) લ.સં.૧૮૮૪, પ.સં.૧૧, લીં.ભં. નં.૧૮૫૦. (૪) સં.૧૯૦૦ ચૈત્ર વદિ ૫ રવે. લ. તેલી **ધનજી પાનાચંદે** લખ્યૂં છે. પ.સં.૧૦–૧૩, ડા.પાલણપુર દા.૩૯ નં.૮૬. (૫) શ્રી દમણ બંદરે શ્રી ઋષભદેવજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસાદાત્ શ્રી ચક્રેશ્વરી માત પસાય સાલ ૧૮૯૪ના વઇશાખ વદી ૧૪ દિને લપીકૃત્યં પં. ગોત્મવિજેગણી. પ.સં.૧૨-૧૨, પાદરા.ભં. નં.૩૦. [રાહસૂચી ભા.૧, લીંહસૂચિ, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૭૭, ૫૪૬, ૫૫૨).]

પ્રકાશિત : ૧. શ્રી નેમીસર ભગવાનનો વિવાહલો એ નામથી શિલાલેખમાં છપાયો છે. પૃ.૩૪. ત્યાર પછી પૃ.૪૬ સુધી જીવવિજયકૃત 'પૃથિવીચંદ અને ગુણસાગરની સઝાય' છે ને પછીનાં બે પૃષ્ઠમાં મણિચંદકૃત 'આત્મહિત સઝાય' છાપેલી છે. [૨. સંપા. કવિન શાહ તથા જયાનંદ જોશી, સં.૨૦૪૩.]

**(૪૬૦૪) + શુભવેલી** (ઐ.) ર.સં.૧૮૬૦ ચૈ.શુ.૧૧ રાજનગરમાં

આમાં પોતાના ગુરુ શુભવિજયનું વૃત્તાંત છે. તેના સાર માટે જુઓ જૈનયુગ પુ.૪ પૃ.૧૩૧.

પ્રકાશિત : ૧. થોડી પ્રત અમદાવાદ વીરવિજય અપાસરાવાળાએ છપાવી છે.

**(૪૬૦૫) + સ્થૂલિભદ્રજીની શિયલવેલ** ૧૮ ઢાળ ૧૮૧ કડી ર.સં. ૧૮૬૨ પોષ શુદિ ૧૨ ગુરુવાર રાજનગરમાં

**આદિ** – સયલ સુહંકર **પાસજી, શંખેશ્વર** સરદાર,
**શંખેશ્વર** કેશવ જરા, હરત કરત ઉપકાર. ૧

**અંત** – ગાયો **ગૌતમ** ગોત્ર મુણિંદ, રસ વૈરાગ્ય ઘણો આયો રે,
મુનિવર તારકમાં એ ચંદ, થૂણીયો **લાછલદે** જાયો રે. ૧
ચોરાશીમી ચોવીશીયે એક, મુનિ **સ્થૂલિભદ્ર** સમ થાશે રે,
તાસ પટંતર વ્રતની ટેક, ગુણીજન જિનસુખથી ગાશે રે. ૨
**તપગચ્છ**માં કેશરીયો સિંહ, **સિંહસૂરિ** શ્રુતજળ-દરિયા રે,
**સત્યવિજય** સંવેગ નિરીહ, **કપુર** સમ ઉજ્જવલ ભરિયા રે. ૩
**ખીમાવિજય** વસી ઉપશાંત, **સુયશવિજય** અંતેવાસી રે,
પંડીત શ્રી **શુભવિજય** મહંત, જગ જિનમત થીરતાવાસી રે. ૪
તાસ વિનેયે અધિકાર, શાસ્ત્ર તણી શાખે ધ્યાયો રે,
સહસ અઢાર શીલાંગના ધાર, ઢાલ અઢાર કરી ગાયો રે. ૫
**અઢાર સેં બાસઠે** શુદિ પોષ, બારશ ગુરૂવારે ધ્યાઇ રે,
**રાજનગર** મુનિવર નિર્દોષ, શિયલવેલી પ્રેમે ગાઇ રે. ૬
ધર્મઉત્સવ સમે ગાશે જેહ, નરનારી સુણશે ભણશે રે,
કહે કવિ **વીરવિજય** નિત્ય તેહ, શુચિ વિમળા કમળા વરશે રે. ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) શ્રી વૈરાગ્યદીપક મદનજીપકાનેકગુણજનિતોદ્ભવભાવજલરેલિરંતઃકૃતા. શીયલવેલિઃ શ્રી સ્થૂલિભદ્રસ્ય સમાપ્તા. પ્ર.કા.ભં. (૨) સં.૧૯૦૯ ચૈત્ર વ.૮ સોમ લિ. ભોજક વસંતરામ વટપદ્ર નગરે. પ.સં.૧૭-૯, પાલણપુર દા.૪૭ નં.૧૮. (૩) પ.સં.૯, લીં.ભં. નં.૨૪૨૭. (૪) પ.ક્ર. ૫થી ૧૧, લીં.ભં. નં.૨૪૯૫. (૫) સર્વગાથા ૧૯૧ શ્લોકસંખ્યા ૨૪૬ સર્વઢાલ ૧૮ છે. સંવત ૧૮૭૨ વર્ષે માહા વદિ ૧૧ દને લષિતં શુક્રવારે પં. ધનવિજયગણિ તતશિષ્ય મોતિવિજેએન. પ.સં.૧૩-૧૧, વી. ઉ.ભં. દા.૧૮ પો.૨. (૬) સં.૧૮૭૯ કાર્તિક સુદ ૧૦ વારવે લખ્યા છે. શ્રી લીંબડી મધ્યે. પ.સં.૧૦-૧૪, ડા.પાલણ. દા.૩૯ નં.૪૪. (૭) સં. ૧૮૬૮ વર્ષે આશો શુદિની ૧ દને લખ્યું છે. પઠનાર્થે. પ.સં.૧૧-૧૨, વિ.ને.ભં. નં.૪૬૦૬. (૮) સં.૧૮૮૧ વર્ષે

સંવત અઠારે ઇકયાસીયે, સીયલ વેલડી જાન,
કેકિંદા નગરી વિષે, પૂરણ કીયો મન આંન. ૧
ભાદ્ર પક્ષ જો કૃષ્ણહી, પહિલે પ્રતિપદા જાન,
વાર જો મંગલ જાનહી, દયાચંદ મન આંન. ૨ [ભં.?]

(૯) પ.સં.૧૩-૧૧, ગુ.નં.૧૩-૧૬. [આલિસ્ટઑઇ ભા.૨, ડિકેટલૉગભીજે ભા.૧ (પૃ.૧૫૮), મુપુગૃહસૂચી, રાહસૂચી ભા.૧, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૯, ૧૭૮).]

પ્રકાશિત : ૧. સ.મા.ભી.પૃ.પર. [૨. પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ.]

**(૪૬૦૬) + દશાર્ણભદ્રની સઝાય** ૫ ઢાળ ર.સં.૧૮૬૩ મેરુ તેરસ (મહા વદ ૧૩) ગુરુ લીંબડીમાં

**આદિ** – પંકજભૂ-તનયા નમી, શુભગુરૂચરણ પસાય,
વિશદ **દશારણભદ્રજી**, થુણસું મહામુનિરાય. ૧
માને માનવદુઃખ લહે, ચરણકરણગુણ ફોક,
આઠ શિખર આડાં વલે, નાવે વિમલાલોક. ૨
અહો માને મુનીવર હુઆ, છંડી રાજ્ય સમૃદ્ધ,
શક્રેંદન વંદન કરે, માન તજી સ્તવ કીધ. ૩

**અંત** – ગુરૂ **ખિમાવિજય** જસ **શુભવિજય** તસ મોહના વારૂજી,
**વન્હિ રસ દંતી** તિમ **હિમકંતી** વત્સરે તારૂજી. ૧૩
મેરૂતેરસ વાસર સાધુ સુહંકર મોહના વારૂજી,
ગુરૂવારે ધ્યાયા એ મુનિરાયા નામથી તારૂજી.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવતાપ હરજો મંગલ હોજો મોહના વારૂજી,
કવિ **વીરવિજયને ઉત્તરાધ્યયનેથી** કહ્યા તારૂજી. ૧૪

કલશ.

કૃતમાન વ્રત શિવદાન જ્ઞાન **દશાર્ણભદ્ર** મુનિસરૂ,
**લિંબડી** પુર **પોરવાડ**વંશી, સકલ સંઘ સુહાકરૂ.
**જેઠાસુત જયરાય વોહોરા** પઠન હેતે સંભવી,
**શુભવિજય** પંડિત ચરણસેવક **વીર** કહે ભવદુઃખ હરી.

(૧) શ્રી **ભુજપુર** મધ્યે લિપીકૃતં. પ.સં.૫-૧૧, મ.જૈ.વિ. નં.૪૬૧. (૨) **સસ્તબક**, પ.સં.૫, લીં.ભં. નં.૨૧૭૫. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૭૬).]

પ્રકાશિત : ૧. જિનગુણસ્તવનાવલી, સત્યવિજય ગ્રંથમાલા નં.૮, પ્રકા. બાલાભાઈ મૂળચંદ, અમદાવાદ. [૨. મોટું સઝાયમાલા સંગ્રહ. ૩. પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ.]

**(૪૬૦૭) કૌણિક રાજા ભક્તિગર્ભિત વીર સ્ત.** અથવા **કોણિકનું સામૈયું** ૧૧ ઢાળ ૨૧૨ કડી ર.સં.૧૮૬૪ દેવદિવાલી (કારતક શુદ ૧૧ કે ૧૫) લીંબડીમાં

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**આદિ-** અથ સાહમઇયું લિખ્યતે.

દુહા.

વિમલ વચનરસ વરસતી, **સરસતી** પ્રણમી પાય,
પુરિસાદાણી **પાસજી, સંખેશ્વર** સુપસાય. ૧
શ્રી **શુભવિજય** વિજય કુરૂ, સદ્ગુરૂચરણ પસાય,
સાહમઇયું તિમ વરણવું, જિમ કર્યું **કોણિક**રાય. ૨
સાંહમઇયા જિનનાં કર્યાં, **શ્રેણિક** પ્રમુખ નરેસ,
સુત્ર સુત્રે તસ સાખિ છે, જહાં **કોણિક** વિશેષ. ૩
**આચારાંગ** ઉપાંગ જે, સૂત્ર **ઉવાઈ** મોઝાર,
છે **અર્ણવ** વિસ્તારથી, પણ કહું લેસ વિચાર. ૪
સાંભલતાં સુખ શ્રવણ લે, હઇડે રાગ ઉદ્દામ,
સુમતિ ચાલસ્યેં મલપતા, કુમતિ ચલેં મુખ સ્યામ. ૫
જિમ જિન સાહમઇયું કર્યું, તિમ કરવું મુનિરાય,
જે દેખી ભદ્રક ભવી, પૂર્વ પ્રતીત ઠરાય. ૬
પ્રભુ પ્રણમ્યા તિણેં પ્રાણીઇ, પ્રણમે જેહ મુણીંદ,

આણાધર મુનિ હેલિયા, તિણે નવી માન્યા જિણંદ. ૭
તે માટે ગુણવંતનાં, કરજ્યો ભવિ બહુમાન,
હવે સુણજ્યો **કોણિક** તણી, **ચંપાનયરી** પ્રધાન. ૮

**અંત –** ઢાલ ૧૧ સર્વ ૨૦૧. રાગ ધન્યાશ્રી. તુઠો તુઠો રે દેશી.
ગાયો ગાયો રે, **મહાવીર** જિનેશ્વર ગાયો.
સમકિતવ્રત નિર્મલ એમ કરજો, ભવિ કમલી નિર્માયો,
નવ જણે અરિહંતભક્તિ નિપાયો, જિનપદ **વીર** પસાયો રે –
મહાવીર જિનેશ્વર.

પ્રભુ સામૈયું કરંત **દશાર્ણભદ્ર** તે કેવલ પાયો,
**નેમિ** મુનિ નમતાં નિપજાવ્યું, પ્રભુપદ **કૃષ્ણ** કહાયો રે. મ.૨
ભાવસ્તવ **રાવણ** જિનભક્તિ-નાટિકરંગ ભરાયો,
તંતિકું જોડત ભવતતિ તોડત, ચૌદમે ભવ જિનરાયો રે. મ.૩
તિમ ભવિ ભાવ ધરી બલ વીર્ય, ફોરવતાં શિવ જાયો,
જિનશાસન ઉદ્યોત કરે જયો, જિમ જગ કોણિક રાયો રે. મ.૪
**આવંતી**માં દ્રહ સમ સૂરિવર, તે સરિખા ઉવજ્ઝાયો,
મેઢી સમાન ગીતારથ જેણે, જિનશાસન દીપાયો રે. મ.૫
સાહમ્મીવચ્છલ્યું કરજો ભવિ તેહનું, આણી હર્ષ સવાયો,
**વિજયજિનેંદ્ર** સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે. મ.૬
**તપગચ્છનાયક સિંહ** સૂરીશ્વર, કુમતિ-મતંગ હઠાયો,
તાસ શિષ્ય શ્રી **સત્યવિજય** બુધ, **કપૂરવિજય** ગુરૂરાયો રે. મ.૭
**ક્ષમાવિજય** ગુરૂ શિષ્યનગીનો, શ્રી **જશવિજય** સુહાયો,
પંડિત શ્રી **શુભવિજય** સુગુરૂ મુજ, પામી તાસ પસાયો રે. મ.૮
**વોહરા ડોસા** સુત **જેઠા** નંદન, **લીંબડી** નયર રહાયો,
કુમતિને શિર ગ્રહ કેતુ કહાયો, શાસન જૈન દીપાયો રે. મ.૯
**વોહરા જયરાજ** ભાઈને કારણ, સામ્હઈયું વિરચાયો,
સૂત્રવચન ફુલમાલા ગુંથી, **જયરાજ**-કંઠ ઠવાયો રે. મ.૧૦
**વેદ રસ વસુ ચંદ** સંવત્સર ૧૮૬૪, દેવદિવાલીએ ધ્યાયો,
**વીરવિજય** જિન **શાંતિ** પસાયે, સંઘને શાંતિ કરાયો રે. મ.૧૧

(૧) ઇતિ શ્રી કોણીકરાજભક્તિગર્ભિત વીરજિનનમનાભિગમનોત્સવ સમાપ્તઃ ઢાલ ૧૧ સર્વ ૨૧૨ ગ્રંથાગ્રંથ ૨૫૮ સં.૧૮૬૪ માગસીર વદિ ૭ દિને લીપીકૃતઃ. [ભં.?] (૨) સંવત ૧૮૮૧ વરષે માગશર વદ ૮ સોમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લખતં ચિરંજીવી જેઠા. [ભં.?] (૩) સંવત ૧૮૭૨ના આસુ વ.૧૧, પ.સં.૧૦-૧૨, સીમંધર. દા.૨૦ નં.૭૬. (૪) પ.સં.૧૩-૧૧, નવી પ્રત, વી.ઉ.ભં. દા.૧૮ પો.ર. (૫) સં.૧૮૭૧ વર્ષે શ્રા.સુ.૫ ગુરૂ. પ.સં.૧૦-૧૩, જૈનાનંદ પુ. સુરત નં.૩૩૪૯. (૬) ઢાલ ૧૧ સર્વગાથા ૨૧૨ ગ્રંથાગ્રંથ ૨૭૦ સં.૧૮૮૬ વર્ષે વૈશાષ વદિ ૨ દિને ચંદ્ર વાસરે શ્રી **વિજાપૂરે**. પ.સં.૯-૧૪, વિજાપુર જૈન જ્ઞાનમંદિર પ્રત નં.૬૩૨. (૭) પ.સં.૧૧, લીં.ભં. નં.૨૧૮૪. [લીંહસૂચી.]

**(૪૬૦૮) [+] ત્રિક ચતુર્માસ દેવવંદનવિધિ** અથવા **ચોમાસી દેવવંદન વિધિ સહિત** ર.સં.૧૮૬૫(૬૨) આષાઢ શુક્લ પ્રતિપદિ

ચાતુર્માસની ચૌદશને દિવસે વાંદવાના દેવો. એમાં ૨૪ ચૈત્યવંદન, ૫ સ્તવન, ૫ સ્તુતિનાં જોડાં ને ૫ તીર્થનાં સ્તવનો છે.

**આદિ** – પ્રથમ ઈરિયાવહિ પછેં ખમાસમણ દેઇ, ઇછા કારેણ સંદિસહ ભગવન, ચૈત્યવંદન કરૂં.

શ્રી **શંખેશ્વર** ઇશ્વરં, પ્રણુમી ત્રિકરણયોગ,
દેવનમન ચઉમાસિઇ, કરસ્યું વિધિસંયોગ. ૧

**અંત** – સમેતશિખર સ્તવન. ભમરા ભૂધર સ્યેં નાવ્યા એ દેશી.
નામ સુણુત શીતલ શ્રવણાં, જસ દર્શને શીતલ નયણાં,
સ્તવન કરત શીલ વયણાં રે. ૧

*

દર્શને **જસ** દર્શન વરીઇ, લહી **શુભ** સુખ મુખડાં હરીઈ,
**વીરવિજય** શિવ મંદીરીઇ રે. ૧૩

—ઇતિ શ્રી સત્સંવિજ્ઞ સુજ્ઞ પ્રાજ્ઞ તંત્રજ્ઞ **તપગણે** સ્થિત પં. શ્રી ૧૦૮ પં. **ક્ષમાવિજય**ગણિ શિષ્ય પં. **જસવિજય**ગણિ શિષ્ય પં. શ્રી **શુભવિજય**ગણિ શિષ્યેણુ વિરચિતાબ્દ **૧૮૬૫** [પા.**૧૮૬૨**] આષાઢ શુક્લ પ્રતિપદિ વસ્રે, ત્રિક ચતુર્માસિક દેવવંદન વિધિ પરિપૂર્ણા.

(૧) સંવત ૧૮૭૨ના કાર્તિકાર્જુન ત્રયો ૧૩ દર્શાં ભૌમે લિ. પં. **નીત્યવિજય**ગણિ પં. શ્રી **જિનસત્કેન** શ્રી **સૂરતિ** બિંદરે, **ગોપીપુરા** મધ્યે. શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રસાદાત્. પ.સં.૧૮-૧૧, સીમંધર. દા.૨૦-૫૧. (૨) પ.સં.૨૦-૧૨, ગજિયાણીવાળા શા. જકાભાઈ ધરમચંદ પતાસા પોળ અમદાવાદ પાસે. (૩) સંવત્ ૧૯૪૧ માગસર વદ ૯ લિષિત્તં જેઠાલા. પ.સં.૧૭-૧૨, વી.ઉ.ભં. દા.૧૮ પો.ર. (૪) સકલપંડિતસિરોમણિ સત્યં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈગરંગરસિક યોગાચાર્ય પન્યાસજી શ્રી ૧૦૫ શ્રી શ્રી કુસલવિજયજી તત-શિષ્ય પંન્યાસજી શ્રી ૧૦૫ શ્રી શ્રી જીતવિજયજી તત્શિષ્ય પં. શ્રી ૧૦૧ શ્રી શ્રી [?]વિજયજી તત્શિષ્ય મુની શ્રી ૫ શ્રી શ્રી જયવિજયજી તત્-અપત્ય મુની હર્ષવિજયેન લિખાપિતં સિષ્ય પ્રેમવિજયાર્થં. લિપિકૃતં પુષ્કરણા જ્ઞાતિ બોડા સુખદત્તેન. કલ્યાણમસ્તુ. પ.સં.૧૭-૧૧, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪. (૫) પ.સં.૧૫, લીં.ભં. નં.૧૯૬૦. [મુપુગૂહસૂચી, લીંહ-સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૨૭૨, ૨૭૪).]

[પ્રકાશિત : ૧. દેવવંદનમાલા. ૨. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૩. ચૈત્ય. આદિ સં. ભા.૧ તથા ૩. તથા અન્યત્ર.]

(૪૬૦૯) [+] **અક્ષયનિધિ તપ સ્તવન** ૫ ઢાળ ર.સં.૧૮૭૧ શ્રાવણ વદ ૫ સુરત ચોમાસું

**આદિ** – દૂહા.

શ્રી **શંખેશ્વર** શિર નમી, કહું તપફલ સુવિચાર,
**અક્ષયનિધિ તપ** ભાખિયો, **પ્રવચનસાર** ઉદ્ધાર. ૧
તપ તપતા અરિહા પ્રભુ, કેવલનાંણને હેત,
નાણ લહિ તપ તજિ કિયો, શિવરમણી સંકેત. ૨
તિમ સુંદરી પરેં તપ કરો, અખયનિધિ ગુણવાંન,
શ્રુતકેવલીઇ જે રચ્યો, **કલ્પસૂત્ર** બહુમાંન. ૩

**અંત** – ઢાલ ૫ કોઈલો પર્વત ધુંધલો રે લો એ દેશી.

**વીર** જિનેશ્વર ગુણનિલો રે લો, એ ભાખ્યો અધિકાર રે, સુગુણ નર
વરતેં સાસન જેહનું રે લો, એકવીસ વરસ હજાર રે. સુ.૧
જિહા સફલ જિનગુણ થુણી રે લો, દીઠા સફલ પ્રભુધ્યાંન રે, સુ.
જન્મ સફલ પ્રભુદરિસણે રે લો, વાંણીઇં સફલા કાંન રે. સુ.૨
તાસ પરંપર પાટવી રે લો, શ્રી **વિજેસિંહ** સુરીસ રે, સુ.
**સત્યવિજય** બુધ તેહના રે લો, **કપુરવિજય** કવિ સીસ રે. સુ.૩
**ખિમાવિજય** ગુરૂ તેહના રે લો, શ્રી **જસવિજય** પંન્યાસ રે, સુ.
શ્રી **શુભવિજય** સુગુરૂ નમી રે લો, **સુરત** રહિય ચઉમાસ રે. સુ.૪
**ચંદ્ર મુનિ વસુ હિમકર** રે લો **૧૮૭૧** વરસેં શ્રાવણ માસ રે,
શ્રી **શુભ વીર**નેં શાસને રે લો, હોજ્યો જ્ઞાનપ્રકાશ રે. સુ.૫

કલશ

એ પંચ ઢાલ રસાલ ભગતિં પંચ જ્ઞાંન આરાધવા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામ પ્રમાદ કિરિયા પંચ છેદી પંચમી ગતિ સાધવા.
નભ કૃષ્ણ પંચમી તવન રચિઉં અખયનિધિકે કારણે,
**શુભવીર** ગાને દેવ સુંદરી નાચવા ઘરબારણે. ૫૧

(૧) પ.સં.૫-૯, જશા.સં. નં.૧૨૫. (૨) વીરવિજય સ્તવનાવલી, પ.ક્ર.૪૯થી ૫૩, વી.ઉ.ભં. (૩) વિધિસહિત લિ. સં.૧૯૪૫, પ.સં.૪, લીં.ભં. નં.૩૪૫૧. (૪) પ.સં.૭-૧૩, પાદરા ભં. નં.૭૪. (૫) સ્તવનાદિકની પોથી, પ.સં.૭૫, વી.ઉ.ભં. દા.૧૮ પો.ર. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૮).]

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૨. જૈન પ્રાચીન સ્તવનસંગ્રહ. ૩. ચૈત્ય. આદિ સં. ભા.૧.]

**(૪૬૧૦) + [આઠ કર્મની] ચોસઠ પ્રકારી પૂજા** ર.સં.૧૮૭૪ અક્ષયતૃતીયા રાજનગરમાં

આઠ કર્મ પૈકી દરેક પર આઠઆઠ પૂજા છે એટલે કુલ ૬૪ પૂજા.

**આદિ** – પ્રથમ જલપૂજા. દોહા.

શ્રી **શંખેશ્વર** સાહિબો સમરી **સરસતિ** માય,
શ્રી **શુભવિજય** સુગુરુ નમી, કહું તપફળ સુખદાય. ૧

**અંત** – કલશ રાગ ધન્યાશ્રી તૂઠો તૂઠો રે એ દેશી.

ગાયો ગાયો રે, **મહાવીર** જિનેશ્વર ગાયો,
**વિજયજિનેંદ્ર** સૂરીશ્વર રાજ્યે, **તપગચ્છ** કેરો રાયો,
**ખુશાલવિજય માનવિજય** વિબુધના, આગ્રહથી વિરચાયો રે.મ.૬
વડ **ઓશવાલ ગુમાનચંદ** સુત, શાસનરાગ સવાયો,
ગુરુભક્તિ સા **ભવાનચંદ** નિત્ય, અનુમોદનફળ પાયો રે. મ.૭
મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ્ય હુઆ એક ઠાયો,
કરણ કરાવણ ને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે. મ.૮
શ્રી **વિજયસિંહ સૂરીશ્વર** કેરા, **સત્યવિજય** બુધ ગાયો,
**કપૂરવિજય** તસ **ખિમાવિજય જસવિજય** પરંપર ધ્યાયો રે.
પંડિત શ્રી **શુભવિજય** સુગુરુ મુજ, પામી તાસ પસાયો,
તાસ શિષ્ય **ધીરવિજય** સલૂણા, આગમરાગ સવાયો રે. મ.૧૦
તસ લઘુ બાંધવ **રાજનગરમેં**, મિથ્યાત્વપુંજ જલાયો,
પંડિત **વીરવિજય** કવિ રચના, સંઘ સકળ સુખદાયો રે. મ.૧૧
પહેલો ઉત્સવ **રાજનગરમેં**, સંઘ મળી સુખદાયો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા જેમ નંદીસર દેવા, પૂરણ હર્ષ સવાયો રે. મ.૧૨

કલશ.

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી,
તવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે સગ ઠીકરી.
હમ રાજતે જગ ગાજતે દિન અખયતૃતિયા આજથેં,
**શુભવીર** વિક્રમ **વેદ મુનિ વસુ ચંદ્ર** વર્ષ વિરાજતે. ૧

(૧) લિ.સં.૧૮૮૧. ૫.સં.૩૦, લીં.ભં. નં.૧૭૭૧. [ડિકૅટલૉગભાજે ભા.૧ (પૃ.૨૭૨), જૈહાપ્રોસ્ટા, મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૨).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૧૨૨–૨૧૭. [૩. વિધિવિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજા સંગ્રહ. ૩. જૈન રત્ન સંગ્રહ.]

**(૪૬૧૧) + પિસ્તાલીસ આગમગર્ભિત અષ્ટપ્રકારી પૂજા** અથવા **૪૫ આગમની પૂજા** ર.સં.૧૮૮૧ માગશર શુ.૧૧ (મૌન એકાદશી) રાજનગરમાં

**આદિ –** પ્રથમ જલપૂજા. દોહા.

શ્રી **શંખેશ્વર પાસજી**, સાહેબ સુગુણગરિઠ,
**શુભ**ગુરૂચરણ પસાયથી, શ્રુતનિધિ નજરે દીઠ. ૧
શાસનનાયક વંદિયે, **ત્રિશલા**માત-મલ્હાર,
જસ મુખથી ત્રિપદી લહી, સૂત્ર રચે ગણધાર. ૨
**સુધર્મા** ગણધર તણી, રચના વરતે સોય,
દ્વાદશ અંગ થકી અધિક, સૂત્ર નહીં જગ કોય. ૩
આગે આગમ બહુ હતાં, અર્થવિદિત જગદીશ,
કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પિસ્તાલીશ. ૪

**અંત –** કલશ.

ગાયો ગાયો રે, **મહાવીર** જિનેશ્વર ગાયો,
આગમવાણી અમિયસરોવર, ઝીલત રોગ ઘટાયો.
મિથ્યાત-મેલ ઉતારી શિર પર, આણામુકુટ ધરાયો રે. મહા. ૧
**તપાગચ્છ** શ્રી **સિંહસૂરિ**ના, **સત્યવિજય** બુધ ગાયો,
**કપૂરવિજય** શિષ્ય **ખિમાવિજય** તસ, **જસવિજયો** મુનિરાયો રે, મહા. ૨
તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શ્રી **શુભવિજય** સવાયો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ શિષ્ય શ્રી **વીરવિજય** કવિ, એ અધિકાર બનાયો રે. મહા. ૩
**રાજનગરમેં** રહિય ચોમાસું, અજ્ઞાન-હિમ હરાયો,
સૂત્ર અર્થ પિસ્તાલીશ આગમ, સંઘ સુણી હરખાયો રે. મહા. ૪
**અઢાર સેં એકાશી** માગશિર, મૌન એકાદશી ધ્યાયો,
શ્રી **શુભવીર** જિનેશ્વર આગમ, સંઘને તિલક કરાયો રે. મહા. ૫

(૧) લિ. સં.૧૮૮૧, પ.સં.૭, લીંભં. નં.૧૯૮૮. (૨) લી. સાધુ ગોવિંદા. પ.સં.૮-૧૨, જશ.સં. નં.૧૦૦. (૩) સંવત્ ૧૯૦૨ મિ. પ.સં.૧૦-૧૦ ગો.ના. નં.૨૩૬. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭, ૫૪૨).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૬૮થી ૮૩. [૨. જૈન રત્ન સંગ્રહ. ૩. રત્નસાર ભા.૨.]

**(૪૬૧૨) + (શત્રુંજય મહિમા ગર્ભિત) નવાણું પ્રકારી પૂજા**

ર.સં.૧૮૮૪ ચૈત્ર શુદ ૧૫ પાલીતાણામાં

**આદિ** – દૂહા.

શ્રી **સંખેસ્વર પાસજી**, પ્રણમી **શુભગુરૂ**પાય,
**વિમલાચલ**ગુણ ગાઇશું, સમરી **શારદ** માય. ૧
પ્રાઈ એ ગિરિ સાસ્વતો, મહિમાનો નહિ પાર,
પ્રથમ જિણંદ સમોસર્યા, પુરવ નવાણું વાર. ૨
અઢીય દ્વિપમાં એ સમો, તિરથ નહિ ફલદાય,
કલિયુગ કલ્પતરૂ લહિ, મુક્તાફલ શું વધાય. ૩
જાત્રા નવાંણૂ જે કરે, ઉત્કૃષ્ટેં પરિણામ,
પુજા નવાંણૂ પ્રકારની, રચતાં અવિચલ ધામ. ૪
નવ કલસેં અભિષેક તવ, ઇંમ એકાદસિ વાર,
પૂજા દિઠ શ્રીફલ પ્રમુખ, ઇંમ નવાણું પ્રકાર. ૫

**અંત** – કલશ રાગ ધન્યાસરી.

ગાયો ગાયો રે, **વિમલાચલ** તિરથ ગાયો,
પર્વતમાં જિમ મેરૂ મહિધર, મુનિમંડલ જિનરાયો,
તરૂગણમાં જિમ કલ્પતરૂવર, તિમ એ તિરથ સવાયો રે. વિ. ૧
જાત્રા નવાંણુ અમે ઇહાં કીધી, રંગતરંગ ભરાયો,
તિરથગુણ-મુગતાફલમાલા, સંઘને કંઠે ઠવાયો રે. વિ. ૨
શેઠ **હેમાભાઈ** હુકમ લહિને, **પાલિતાંણા** સિર ઠાયો,
**મોતીચંદ મલુકચંદ** રાજે, સંઘ સકલ હરખાયો રે. વિ. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપગચ્છ સિંહ સૂરીસર કેરા, સત્યવિજય સત્ય પાયો,
કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, જસવિજયો
મુનિરાયો રે. વિ. ૪
શ્રી શુભવિજય સુગુરૂ સુપસાઈ, શ્રુતચિંતામણિ પાયો,
વિજયદેવેન્દ્ર સૂરીશ્વર રાજ્યે, પૂજાઅધિકાર રચાયો રે. વિ. ૫
પૂજા નવાણું પ્રકારી રચાવો, ગાવો એ ગિરિરાયો,
વિધિયોગે ફળ પૂરણ પ્રગટે, તવ હડવાદ હઠાયો રે. વિ. ૬
વેદ વસુ ગજ ચંદ્ર (૧૮૮૪) સંવત્સર, ચૈત્રી પૂનમ દિન ધ્યાયો,
પંડિત વીરવિજય પ્રભુધ્યાનેં, આતમતાપ ઠરાયો રે. વિ. ૭

(૧) લખિતંગ ભોજક પ્રેમચંદ જેઠાચંદ રહેવાસી શ્રી પાટડિનગર વાસ્તવ્યં સંવત ૧૯૧૪ના માઘ વદ ૧૧ મંગલવાસરે શ્રી પાલિતાણા નગરે લખાવિતંગ સાહશ્રી ૫ સા કાઇયા લખાણિ વાંચનાર્થે શ્રી નવાંણુ જાત્રા કરવા શ્રી સિદ્ધાચલજિઇ આવ્યા હતા તાહરેં જણ ૩૪ શ્રી કછ મધેથિ આવ્યા હતા તેનેં અર્થે લખ્યું છે. જે વાંચે તેનેં શ્રી જિનાય નમા છેઇ શ્રી સિદ્ધાચલ તિર્થનગરે શ્રી આદના શ્લોક ૧૭૫. પ.સં.૬–૧૪, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૯૬. (૨) લ.સં.૧૮૮૬, પ.સં.૭ની અંતર્ગત, લીંભં. નં.૨૪૩૨. (૩) લખીતં મુની હરષવિજય પં. દોલત સતકેન. પ.સં.૫, વીરમગામ લાયબ્રેરી. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬, ૫૦૧, ૫૫૨, ૫૫૭).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૮૪–૧૦૦. [૨. જૈન રત્ન સંગ્રહ. ૩. વિધિવિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજા સંગ્રહ.]

(૪૬૧૩) + બારવ્રતની પૂજા ર.સં.૧૮૮૭ દિવાળી રાજનગરમાં

આદિ – સમકિતારોપણે પ્રથમ જલપૂજા. દોહા.
સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભ ગુરૂ પાય,
શાસનનાયક ગાયશું, વર્દ્ધમાન જિનરાય. ૧

અંત – કલશ. ધન્યાશ્રી
ગાયો ગાયો રે, મહાવીર જિનેશ્વર ગાયો,
*
તપગચ્છ શ્રી વિજયસિંહસૂરિના, સત્યવિજય સત્ય પાયો,
કપૂરવિજય ગુરૂ ખિમાવિજય તસ, મુનિરાયો રે. ૩
શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજયદેવેંદ્ર** સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર રચાયો રે. ૪
કષ્ટ નિવારે વંછિત સારે, મધુરે કંઠ મલ્હાયો,
**રાજનગરમાં** પૂજા ભણાવી, ઘરઘર ઉત્સવ થાયો રે. ૫
**મુનિ વસુ નાગ શશિ** સંવત્સર, દીવાળી દિન ગાયો,
પંડિત **વીરવિજય** પ્રભુધ્યાને, જગ જસપડહ વજાયો રે. ૬

(૧) સંવત ૧૯૨૦ના પૌસ શુદ ૪ લ. **વ્યા. નાગર.** સા. ગુલાબચંદ **બેચરદાસ** લખાવુ છે શ્રી **રાજકોટ** મોકલવા સારૂ. પ.સં.૮–૧૪, મારી પાસે. (૨) પ.સં.૯, લીં.ભં. નં.૨૩૪૧. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ. ૨૨૨, ૨૪૦, ૨૭૨), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૯, ૪૯૩).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૧૦૧–૨૨. [૨. વિધિ-વિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજા સંગ્રહ. ૩. જૈન રત્ન સંગ્રહ.]

**(૪૬૧૪) ભાયખલા (મુંબાપુરીસ્થ) ઋષભ ચૈત્ય સ્તવન** [અથવા **આદિ જિન સ્ત.**] (ઐ.)૮૧ કડી ર.સં.૧૮૮૮ આષાઢ શુદ ૧૫

**આદિ** – આવણ વરસેં રે સ્વામી એ દેશી.

સુખકર સાહેબ રે પામી, પ્રથમ રાય **વનિતા**નો સ્વામી,
કંચનવરણી રે કાયા, લાગી મનમોહન સાથે માયા. ૧

*

અહનિશ દેવ રહે અનુચરમાં, **ઋષભદેવ** શ્રી **રાજનગરમાં**
ચિંતે દેવા રે મનમાં, વસિએ ક્રીડાકારણ વનમાં,
ભૂતલ ભમતાં રે દીઠો, **મુંબઇ** બિંદર બાગ ગરિઠો. ૭

*

શેઠ **અમીચંદ સાકરચંદ**, તસ કુલદીપક **મોતીચંદ**,
શ્રી **શુભવીર** સુખે નિત્ય સુતા, સુપનેં સુર સંદેશો દેતા. ૯

*

**આદેશ્વર** પધરાવવા રે લો, કરે મનોરથ નવનવા રે,
મુહુરત શુદ્ધ પ્રકાસીએ રે લો, **અઢાર સેં પંચાસિઇ** રે,
માગસર શુદિ ષષ્ઠિ તણું રે લો, શુક્રવારે સોહામણું રે.
**શુભવીર** પ્રભૂ તણી રે લો, વાટિ જૂએ શેઠજી ઘણી રે,

(અમદાવાદથી ભરૂચ, ને ત્યાંથી સુરત આવી મુંબઈ આવ્યા. સામૈયું થયું. મોતીશાહના પુત્ર ખીમચંદ અશ્વ પર ચડયા હતા. પરોણા તરીકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂર્તિ પધરાવી. મુહૂર્ત કઢાવી કંકોતરી મોકલી. મોતીશાહે પાલીતાણામાં ધર્મશાલા કરાવી. ત્યાં કુંતાસર ખાડો પુરાવી તે પર દેહરાં કરાવવાનો વિચાર કર્યો હતો. ત્યાંથી તેમજ મરુધર, સુરત, અમદાવાદના શ્રાવક મુંબઈમાં નિમંત્ર્યા.

મોટા ઉત્સવપૂર્વક મુહૂર્તને દિને મૂર્તિ પધરાવી. જમણી બાજુ ગભારામાં સીમંધર સ્વામીની અને ડાબી બાજુએ સંભવજિનની પ્રતિમા પધરાવી. બીજી ચાર સારી પ્રતિમા અને ઘણી ધાતુની પ્રતિમા હતી. બે દેહરીમાં ગોમુખ ને ચક્કેસરી દેવી મૂકયાં.)

**અંત –** **તપગચ્છ** ડેરો સણગારિજી, **વિજેસિંહસૂરિ** ગણધારિજી,
તસ **સત્યવિજય** ગુણભીનાજી, **કપૂરવિજય** શિષ તેનાજી શા. ૮
**ખિમાવિજય** ખિમાભંડારજી, શ્રી **જસવિજય** અણગારજી
પંડિત **શુભવિજય** જગીસજી, કહે **વીરવિજય** લઘુ સીસજી શા.૯
**વિજયદેવેંદ્ર** સૂરીસજી, રાખ્યા **મુંબઈ** ચઉમાસજી,
**વસુ નાગ વસુ શશિ** વરસેંજી, આસાઢી પુંનિમ દિવસેજી શા. ૧૦
મેં રચિઓ એ ગુણદીવોજી, સેઠ **મોતીશા** ચિરંજીવોજી
ગુણી ગાતાં બહુ ફલ પાવેજી, **શુભવીર** વચનરસ ગાવેંજી. શા.૧૧

(૧) સર્વગાથા ૮૧. પ.સં.૬–૧૧, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪. (૨) લષીતં પં. ગોતમવીજે પં. જ્ઞાનવીજેજી દમણ બંધેર ચોમાસું રહી લષું છે. સા. ૧૮૯૨. પ.સં.૬–૧૧, પાદરા ભં. નં.૧૦૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૦, ૪૮૫).]

**(૪૬૧૫) + [પાર્શ્વ જિન] પંચકલ્યાણક [ગર્ભિત અષ્ટ] પૂજા**
ર.સં.૧૮૮૯ અક્ષયત્રીજ

**આદિ –** ચ્યવન કલ્યાણકે પ્રથમ પુષ્પપૂજા. દોહા
શ્રી **શંખેશ્વર** સાહિબો, સુરતરૂ સમ અવદાત,
પુરિસાદાણી **પાસજી**, ષટદર્શન વિખ્યાત. ૧

**અંત –** કલશ
ગાયો ગાયો રે, **શંખેશ્વર** સાહેબ ગાયો,
**યાદવલોકની** જરા નિવારી, જિનજી જગત ગવાયો,
પંચકલ્યાણક ઉત્સવ કરતાં, અમ ઘર રંગ વધાયો રે. શંખે. ૧
**તપગચ્છ** શ્રી **સિંહસૂરિ**ના, **સત્યવિજય** બુધ ઠાયો,
**કપૂરવિજય** ગુરૂ **ખિમાવિજય** તસ, **જશવિજયો** મુનિરાયો રે

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ શિષ્ય સંવેગી ગીતારથ, શાંત સુધારસ નાહ્યો,
શ્રી **શુભવિજય** સુગુરૂ પસાયે, જયકમલા જગ પાયો રે. શંખે. ૩
**રાજનગર**માં રહી ચોમાસું, કુમતિ કુતર્ક હઠાયો,
**વિજયદેવેંદ્ર** સૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે. શંખે. ૪
**અઢાર સેં નેવ્યાશી** અક્ષયત્રીજ, અક્ષત પુણ્ય ઉપાયો,
પંડિત **વીરવિજય પદ્માવતી**, વાંછિત દાય સવાયો રે. શંખે. ૫

(૧) સં.૧૯૧૦ લષીતં પં. હરષવીજે ગામ **સંખેસર** મધ્યે પં. દોલતવીજે સતર્કે:. પ.સં.૭, વીરમગામ લાયબ્રેરી. (૨) લષાવિતં ગુરૂભક્તિકારક સાહા **રૂપચંદ બેચરના** સૂત પોતાના આત્માર્થે પઠનાર્થં આ પરત લષાવિ છે. સંવત ૧૯૧૭ના વરષેં અસાઢ માસે શુકલ પક્ષેં તીથૌ તૃતીયાયાં ગુરૂવાસરે લિપિકૃતં બાવા **બાલગિરજી** શ્રી રાજનગર મધ્યેં નવી દાણાપીઠ મધ્યે નવા કોઠાને પછવાડે જમલપુરના રાજમારગથી ડાવા હાથ ઉપર **અનઘડ** બાવાના આષાડામાં આ પરત લષી છે. પ.સં.૮-૧૧, ગજિયાણીવાળા શા. જકાભાઈ ધરમચંદ પતાસાની પોળ અમદાવાદ પાસે. (૪) લિ. સં.૧૯૨૪, પ.સં.૫, લીં.ભં. નં.૨૭૮૬. [ડિકેટલૉગભીજે ભા.૧ (પૃ.૨૧૨, ૨૬૬, ૨૭૨), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૪૮, ૨૭૧, ૫૫૭).]

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૩૩-૫૦. [૨. વિધિવિધાન સાથે સ્નાત્રાદિ વિવિધ પૂજા સંગ્રહ. ૩. જૈન રત્ન સંગ્રહ.]

**(૪૬૧૬) + [સિદ્ધાચલ** અથવા **શત્રુંજય] અંજનશલાકા સ્તવન** અથવા **મોતીશાનાં ઢાળિયાં** (ઐ.) ૭ ઢાલ ર.સં.૧૮૯૩

**આદિ** – ઢાલ ૧ સુણંકર સિદ્ધાચલ શેરી એ દેશી.

ઉઠી પ્રભાતે પ્રભુને નમીઇ, જઈ **વિમલાચલ** વીસમીઇ,
અંતર્ધ્યાનરસે રમિઇ, **વિમલગિરિ** રંગરસે સેવો,
ત્રિભોવન તીરથ નહિ એવો, **વિમલગિરિ** રંગરસે સેવો. ૧

*

શેઠ **મોતીશા** ધન રાસે, પૂરે દીન દુખી આસે, વળી **કલકત્તા મદ્રાસે**,
દરિયા માંહી ઝાઝ ઘણાં, **ચીન દેશ વીલાયત** સુણવાં, શેઠ **મોતીશા** નામ તણાં. વિ.
કુંવરપદે **ખીમચંદ** ભાઈ, ઇંદ્ર જયંત સ્યું ઠકુરાઇ, પૂરણ પરભવ શું કમાઈ. વિ.

**સિદ્ધગિરી** ઉપર ટૂંક ઘણી, શેઠ **મોતીશાને** હુંશ ઘણી,
શ્રી **શુભવીર** વચન સુણી. ત્રિ.

ઢાલ ૨ સાંભલ રે તું સજની મોરી, રજની. એ દેશી

સંવત **અઢારે સે અઠયાસી** માહે, **સિદ્ધગિરિ** શિખર વિચાલેજી,
**કુંતાસર**નો ખાડો મોટો, શેઠજી નયણે નિહાલે મનને મોજેજી રે,
અંતર નયણુ નિહાલે. ૧
ભવગર્ત્તાપૂરણને હેતે ખાતમુહૂરત તિહાં કીધુંજી રે.

(પછી ખાડ પુરાવી. તે ઉપર જૈન ટૂંક બંધાવી મધ્યમાં વિશાલ ચૈત્ય બંધાવ્યું. ઋષભદેવ પુંડરીક પ્રમુખની ત્રણસો પ્રતિમા નવી ભરાવી. આ અંજનશલાકા વગેરેમાં નવ લાખ પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચાણા. મોતીશાના પ્રધાન મુનીમ દમણવાસી અમરચંદ તથા ખીમચંદ એ બે ભાઈઓએ પણ ત્યાં દેહરું બંધાવી ધર્મનાથ આદિની પ્રતિમા ભરાવી. કલ્યાણજી કાનજીના પુત્ર દીપચંદે પણ મોતીશાનો હુકમ લઈ ત્યાં એક ટૂંક કરાવી.)

**તાણુઆમાં** મહુરત લીધું અંજનશલાકા કેરુંજી રે,
શ્રી **શુભવીર** જિનેશ્વરભગતે, ઉલ્લસિત ચિત્ત ભલેરૂં. મન.૧૧

(મોતીશા મૃત્યુ પહેલાં પુત્ર ખીમચંદને સંઘ લઈ પ્રતિષ્ઠા કરાવવાની ભલામણ કરતા ગયા અને)

ભાદરવો **બાણુવા** તણો રે સુદ પડવે ને રવિવાર
મુહુરત લઈ સધારીયા રે કાંઈ શેઠજી સ્વર્ગ મોઝાર.

(પછી માગશર શુદ ત્રીજે કંકોત્રી દેશદેશમાં મોકલી પોષ શુદ સાતમે સંઘ ખીમચંદભાઈએ કાઢયો. રાજનગરના હીમાભાઈ આદિ એક હજાર મોટાનાના સંઘવી ભેગા થયા. સવાલાખ માણસ થયું. મોતીશાનાં પત્ની દિવાળીબાઈ સ્વર્ગસ્થ થયાં. મુહૂર્ત અંજનશલાકાનું મહા શુદ દશમ બુધવારનું લીધું. તપા, ખરતર અને સાગર એ ત્રણેના સૂરિઓને લઈ પોષ વદ દશમે જલજાત્રા કરી. છેવટે મહા શુદ ૧૦ બુધવારે અંજનશલાકા કરી. ને ઋષભ જિણંદને મોતીશાની ટૂંકમાં માહા વદ ૨ને દિને ખીમચંદ શેઠે સ્થપાવ્યા. વિમળવસી, ખરતરવસી, છીપાવસી, પેમાવસી એ ચાર વસી – વસહિ હતી તેમાં પાંચમી મોતી-વસી થઈ. વળી છઠી વખતવસી ને સાતમી બાલાવસી. અને વળી સાકરચંદ પ્રેમચંદની પાસેની ટૂંક થઈ.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – સત્ર-માસ સુદિ ફાગણે મ. બુધ બીજ ઉત્સવ થાય.
આ યુગમાં આ વારતા મ. કંઈ પરછો નવિ દેવાય. સ.
**તાલધ્વજાદિક** તીરથે મ. વંદી વલિયા નિજ ગેહ. મન.
પુણ્ય કરીને અવતર્યા મ. આગલ પુણ્ય બાંધે એહ. મ.૧૧
તીરથરૂપ એ સંઘ છે મ. **ભગવતિ સૂત્રે** એ પાઠ. મ.
ગુણવંતાના ગુણ મેં સુણ્યા મ. આ સંઘનો દેખિ ઠાઠ. મ.
**ખીમાવિજય જસ** ગુરૂ તણા મ. શ્રી **શુભવિજય** મુનિરાજ. મ.
પ્રભુ સેં મગન સદા સુખી મ. કહે **વીરવિજય** મહારાજ. મ.૧૩

(૧) અંજનશલાકા સ્તવનં લ.સં.૧૯૬૬. પ.સં.૯-૯, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪. (૨) પ.સં.૭-૧૧, જૈનાનંદ પુ. સુરત નં.૩૩૪૪. (૩) લષીતં બારોટ **સાંમલદાસ પ્રેહેલાદજી** સંવત ૧૯ બારના વરષે ફાગણ વદ ૧૦ દને સંપૂર્ણ. પ.સં.૬-૧૧, વીરમગામ લાયબ્રેરી. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ, ભા.૧ (પૃ.૨૫૧, ૨૬૨, ૨૭૨).]

[પ્રકાશિત : ૧. સૂર્યપુર રાસમાળા.]

**(૪૬૧૭) + ધમ્મિલકુમાર રાસ** ૭૨ ઢાળ ૨૪૮૮ કડી ર.સં.૧૮૯૬ શ્રાવણ શુ.૩ રાજનગર

**આદિ** – સકલશાસ્ત્રમહોદધિપારગં, શમરસૈકસુધારસસાગરં,
સુખકરં શુભવૈજયનામકં, મનસિ મંત્રમિમં પ્રજપામ્યહમ્. ૧
કમલભૂતનયામભિનમ્યતાં, કવિજનેષ્ટમનોરથદાયિનીં,
રસિકપ્રાકૃતબંધકથામિમાં, વિરચયામિ વ્રતોદયહેતવે. ૨

દૂહા.

શ્રી **શંખેશ્વર પાસજી**, જે જગમાં વિખ્યાત,
સમરી અમરી પરવરી, સૂરી **પદ્માવતિ** માત. ૩
વિજયવતી વિજયાભિધા, માયથી અધિક સનેહ,
નિત્ય રહે હૃદયાંતરે વીર્યભૂત મુજ દેહ. ૪
નામ પકારાદિક સુણી, પુરણ પ્રગટે પ્રીત,
મુજ **પદમાવતિ** નાંમની, શંકાશંકિત ચિત્ત. ૫
તેહ તણા સુપસાયથી, રચના રચસ્યું સાર,
**વસુદેવહીંડચે** કહ્યો, સુંદર જે અધિકાર. ૬
**વીર** જિણંદ સમોસર્યા, **ગુણશીલ** ચૈત્ય મઝાર,
બારે પરષદ આગલેં, ભાખે વ્રત-આચાર. ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમકિતવંતને મુગતિનો, મારગ દોય પ્રકાર,
દેશવિરતિ શ્રાવક તણો, સર્વવિરતિ અણગાર. ૮
ચરણ-રથેં ધોરી બિહું, દોરી બહુશ્રુત હાથ,
જ્ઞાની નર જો આગુઓ, તો સવિ સુખિઓ સાથ. ૯
માર્ગગમન-સાધન-વિધિ, સદગુરૂવચન પ્રમાણ,
ઉચ્છરંગનેં અપવાદથી, બિહુ ભેદે પચખાંણ. ૧૦
આસી નિરાસી ભાવથી, તપ કીધો ફલવંત,
સ્યાદવાદ સિદ્ધાંતમાં, સાચો નહિ એકાંત. ૧૧
આશી ભાવેં તપ કર્યો, આંબિલનો ષટ માસ,
આ ભવમાં **ધમ્મિલકુંઅર**, પામ્યો ઋદ્ધિવિલાસ. ૧૨
પ્રેમે પુછે પરષદા, કુણ **ધમ્મિલકુમાર**,
જગતગુરૂ કરૂણાનિધિ, ઉપદેશેં અધિકાર. ૧૩

**અંત** – તપગચ્છ-કાનન-કલ્પતરૂપમ, **વિજયદેવ** સૂરિરાયાજી,
નામ દશોદિશ જેહનું ચાવું, ગુણીજનવૃંદે ગવાયાજી.
**વિજયસિંહસૂરિ** તસ પટધર, કુમતિ-મતંગજ-સિંહોજી,
તાસ શિષ્ય સુરપદવિલાસક, લક્ષણલક્ષિત દેહોજી. ૧
સંઘ ચતુર્વિધ દેશવિદેશી, મલિયા તિહાં સંકેતેંજી,
વિવિધ મહોત્સવ કરતા દેખી, નિજ સુરિપદને હેતેંજી.
પ્રાયે શિથિલપણું બહુ દેખી, ચિત્ત વૈરાગેં વાસીજી,
સૂરિવર આગેં વિનય વિરાગેં, મનની વાત પ્રકાશીજી. ૨
સૂરીપદવી નવિ લેવી સ્વામી, કરશું કિરિયાઉદ્ધારજી,
કહે સૂરી આ ગાદી છે તુમ શિર, તુમ વશ સહુ અણગારજી,
એમ કહી સ્વર્ગ સિધાવ્યા સૂરિવર, સંઘને વાત સુણાવીજી.
**સત્યવિજય** પંન્યાસની આણા, મુનિગણમાં વરતાવીજી. ૩
સંઘની સાથેં તેણે નિજ હાથેં, **વિજયપ્રભસુરિ** થાપીજી,
ગચ્છનિશ્રાએ ઉગ્ર વિહારી, સંવેગતા ગુણ વ્યાપીજી;
રંગિત ચેલ લહી જગ વંદે, ચૈત્ય ધજાઓ લક્ષીજી,
સૂરિ પાઠક રહે સન્મુખ ઉભા, વાચક **જસ** તસ પક્ષીજી. ૪
મુનિ સંવેગી ગૃહી નિર્વેદી, ત્રીજો સંવેગપાખીજી,
શિવમારગ એ ત્રણે કહીએ, ઈહાં સિદ્ધાંત છે સાખીજી;
**આર્યસુહસ્તિસૂરી** જેમ વંદે, **આર્યમહાગિરિ** દેખીજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દો તિન પાટ રહી મરજાદા, પણ કલિજુગતા વિશેષીજી. ૫
ગ્રથિલ જલાસી જનતાપાસી, નૃપ મંત્રી પણ ભળીયાજી,
**સત્યવિજય** ગુરૂ શિષ્ય બહુશ્રુત, **કપૂરવિજય** મતિ બળીયાજી,
તાસ શિષ્ય શ્રી **ખિમાવિજય** બુધ, વિદ્યાશક્તિ વિશાળીજી,
જાસ પસાયે જગતમેં ચાવો, **કપૂરચંદ ભણશાળીજી.** ૬
તાસ શિષ્ય **સુજસવિજય** બુધ, તાસ શિષ્ય ગુણવંતાજી,
શ્રી **શુભવિજય** વિજય જસ નામેં, જે મહી માંહે મહંતાજી;
પંડિત **વીરવિજય** તસ શિષ્યેં, રચના રચી સુરસાળજી,
**ધમ્મિલ ચરિત** ઇતસ્તત વીખર્યાં, મેહેલી કરી ફૂલમાળજી. ૭
**વિજયદેવેંદ્ર** સૂરીસર રાજ્યે, હવી ભવીકંઠ પ્રસિદ્ધિજી,
**રાજનગરમાં** રહીય ચોમાસું, રાસની રચના કીધીજી;
સંવત **અઢાર સેં છનુ** વરસેં, શ્રાવણ ઉજળી ત્રીજે રે,
આ ભવમાં પચખાણ તણું ફળ, વરણવી જ્યું મન રીઝે રે. ૮
ત્રણ હજાર ને ષટશત ઉપર, શ્લોકની સંખ્યા ધારોજી,
દક્ષ પરીક્ષક **નર** જો સુણશે, તો શ્રમ સફળ અમારોજી,
જે ભાવેં એ ભણશે ગણશે, શ્રવણ ધરી સાંભળશેંજી,
શ્રદ્ધાભાસન તત્ત્વરમણરસ, સિંચત મતતરૂ ફળશેજી. ૯
દેહ નિરામય સ્નેહી સુખાશ્રય, અશન સુધામય કરશેજી,
મંદરીએ પગપગ ઝળકંતી, ચપળા કમળા ઠરશેજી,
પુત્ર પવિત્ર કલત્ર વિચિત્રા, નેત્રાનંદે વિચરશેજી,
વાજી રાજી વિરાજિત બંધુર, સિંધુર ચઢી સંચરશેજી. ૧૦
રતનમહેલમેં સેહેલ કરશે, સજ્જન સુભટ પરિવરશેજી,
જિનગુરૂ ગીત જ્ઞાન નૃત શાળા, મંગળિકમાળા વરશેજી,
ભવ તરશે હરશે સવિ પાતક, સ્નાતકપદ અનુસરશેજી,
સુખભર શિવસુંદર વરમાળા, વિમળા કંઠે ધરશેજી. ૧૧

(૧) સંવત ૧૮૯૮ના વર્ષે વૈશાખ માસે શુક્લપક્ષે તથૌ ૮ અષ્ટમી. ધમ્મિલકુમાર રાસ સંપૂર્ણ. લખિતં **લાલજી** શ્રી **રાજનગર** મધ્યે શ્રી સંખેશ્વરજીપ્રસાદ શ્રી મંગલમાલા સંપજે. પ.સં.૯૧–૧૬, મો.સેં.લા. (૨) પ.સં.૯૪–૧૪, મો.સેં.લા. (૩) સર્વઢાલ ૭૨ કલશ ૨ સર્વાગ્ર શ્લોકસંખ્યા ૩૬૦૦ સં.૧૯૦૪ શુ.૯ ગુરૂ. શ્રી **ગૌત્રકા** મધ્યે સુમતિનાથ પ્રસાદાત્ લ. **લાલવિજયગણિ** પં. રૂપ સત્કેન. પ.સં.૮૫–૧૭, ચા. (૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત ૧૯૧૩ આસાઢ સૂદ ૩ લ. **લાલજી સેસપૂર** મધ્યે. **પં. રંગવિજય વિર** સતેન પોતાની છે. પ.સં.૧૨૨–૧૪, વી ઉ.ભં. દા.૧૯ પો.૨. (૫) સર્વઢાલ ૭૨ કલશ ૨ સર્વાગ્રે શ્લોકસંખ્યા ૩૬૦૦ લષિતં **લાલજી** રાજનગરે સં.૧૮૯૬ કાર્ત્તક વદ ૫. ૨૪૮૮. પ.સં.૧૧૩–૧૪, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૬૦૦.

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણક, ગુજરાતી પ્રિ. પ્રેસ મુંબઈ સં. ૧૯૪૨. [૨. પ્રકા. મોહનલાલ દલસુખરામ તથા લલ્લુ સુરચંદ.]

**(૪૬૧૮) [+] હિતશિખામણ સ્વાધ્યાય** ૨.સં.૧૮૯૮

(૧) પ.સં.૫, લીં.ભં. નં.૧૯૦૮. [લીંહસૂચી.]

**(૪૬૧૯) [+] મહાવીરના ૨૭ ભવનું સ્તવન** ૨.સં.૧૯૦૧ શ્રાવણ પૂર્ણિમા

**આદિ** – દૂહા.

શ્રી **શુભવિજય** સુગુરૂ નમિ, નમિ **પદમાવતિ** માય,
ભવ સત્યાવીસ વરણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામ્યે જીવને, ભવ ગણતિ ગણાય,
જો વલિ સંસારે ભમે, તોપણ મુગતિ જાય. ૨
**વીર** જિણેસર સાહિબો, ભમિઓ કાલ અનંત,
પણ સમકિત પામ્યા પછિ, અંતે થયા અરિહંત. ૩

**અંત** – મોટાનો જે આસરો રે, તેહથી પામીઇં લીલવિલાસ,
દ્રવ્ય ભાવ શત્રુ હણિ રે, શ્રી **શુભવીર** સદા સુખવાસ રે. ૧૧

કલસ.

**ઉગણિસ એકે** વરસ છેકે પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક **વર્દ્ધમાન** જિણેસરો;
સંવેગરંગતરંગ ઝીલે **જસવિજય** સમતાધરો,
શ્રી **શુભવિજય** પંડિત ચરણસેવક **વીરવિજય** જયકરો. ૧

(૧) ઇતિ શ્રી વિરજિન ૨૭ ભવવર્ણન સ્તવન સંપૂર્ણમ્. **હસ્તાક્ષર ઓઝા મણીશંકર** હરીનંદ. ગ્રંથાગ્રંથ ૭૨ છઇ. સંવત ૧૯૫૮ જેષ્ટ સુદ ૮ શનીવાસરે સમાપ્તં. શ્રીરસ્તુ. કલ્યાણમસ્તુ. પ.સં.૩–૧૨, જશ.સં. (૨) પ.ક્ર.૪થી ૫, લીં.ભં. નં.૨૨૦૫. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૨૧૨, ૨૧૪), મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૦, ૨૭૩, ૫૦૭–શુભવિજયને નામે).]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રકાશિત : ૧. દેવવંદનમાળા તથા નવસ્મરણ. ૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧. ૩. જૈન કાવ્યસંગ્રહ.]

**(૪૬૨૦) + ચંદ્રશેખર રાસ** ૫૭ ઢાળ ૨.સં.૧૯૦૨ વિજયાદશમી રાજનગરમાં

**આદિ** – (પહેલાં દ્રુતવિલંબિત છંદમાં ચાર સંસ્કૃત શ્લોક છે પછી)

દોહા.

શ્રી **સંખેશ્વર પાસજી,** નામથી વિઘન પળાય, ૫.
પ્રિયમેલક પરમેશ્વરૂ, નમિ **પદ્માવતી** માય.
ઇષ્ટ દેવ સમરણ કરી, વ્રતફળને અધિકાર,
જિમ શ્રુતસાગરે વર્ણવ્યો, તિમ કહુ પરઉપગાર. ૬
**કોસંબીપુરી** પરિસરે, સમવસર્યા જિન **વીર,**
રતનગઢે દેઇ દેશના, ધ્વનિ જળધર-ગંભીર. ૭
દુવિધ ધરમ શિવસાધને, સર્વવિરતિ અણગાર,
દેશવિરતિ સુખપંથ છે, શ્રાવકનાં વ્રત બાર. ૮
અતિથિવિભાગ ચરમ વ્રતે, હિયે શ્રાવક મુનિદાન,
ઉચિતાદિક બહુ ભેદમાં, અભય સુપાત્ર પ્રધાન. ૯
આસંસાઇ રહિત થકો, વિકસિત રોમ વદન,
ભક્તિવશે મુનિદાનથી, પરભવ સુખસંપન્ન. ૧૦
ન્યાયોપાર્જન ધન થકી, અશન વસન અણગાર,
સુરસુખ ભોગવી તે નરા, શિવસુંદરી-ભરતાર. ૧૧
**શાલિભદ્ર** આદે ઘણા, તરિયા ઇણે સંસાર,
વળિ અચરિજ ચરિત હુઆ, **ચંદ્રશેખર** નૃપ સાર. ૧૨
પ્રેમે પૂછે પરષદા, તે કુણ રાજકુમાર,
જગતગુરૂ તવ ઉપદિશે, સુંદર તસ અધિકાર.

**અંત** – ('ધમ્મિલકુમાર રાસ'ની પ્રશસ્તિ છે તે પ્રમાણે. જાણવા જેવો ફેર નીચે આપ્યો છે.)

પંડિત **વીરવિજય** તસ શિષ્યે, ચિત્તની વૃત્તિ ઉલ્લાસેજી,
**ચંદ્રશેખર** નૃપ ગુણમણિમાલા, ગુંથી છે આ રાસેજી. ૭
સંવત **ઓગણીશ સય દોય** વરષે, વિજયાદશમ પ્રસિદ્ધિજી,
**રાજનગરમાં** રહીય ચોમાસું, રાસની રચના કીધીજી;
**વિજયદેવેંદ્રસૂરિ**-સામ્રાજ્યે, ભાખ્યો વ્રત-આચારોજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દક્ષ પરીક્ષક નર જો સુણશ્યે, તો શ્રમ અફળ અમારોજી. ૮
જિમ સોહમપતિ ઇંદ્રને નંદન નામે રાય જયંતાજી,
તિમ રાજેશરી શેઠ **હેમાભાઇ**, તસ નંદન ગુણવંતાજી;
છે યુવરાજપદે પદલાયક, **પ્રેમાભાઇ** બિરાજેજી,
રાસ તણી મેં રચના કીધી, તેહને સુણવા કાજેજી. ૯

(૧) સર્વઢાલ ૫૭ કલશ ૨ સર્વાગ્રંથ શ્લોકસંખ્યા પ્રમાણ: ૨૯૯૧. લષિત્યં **જેઠાલાલજી** સં.૧૯૬૪ વ. ચૈત્ર સુદ. ૫.સં.૮૩–૧૫, વી.ઉ.ભં. દા.૧૯ પો.૧.

પ્રકાશિત : ૧. પ્રકા. શા. સવાઈભાઈ રાયચંદ તથા શેઠ કેશવલાલ જેઍચંદ સં.૧૯૫૪ અમદાવાદ સમશેર બહાદુર પ્રેસ. [૨. પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા.]

**(૪૬૨૧) + હઠીસિંહની અંજનશલાકાનાં ઢાળિયાં** અથવા **હઠીસિંહના સંઘનું વર્ણન** (ઐ.) ૬ ઢાળ ર.સં.૧૯૦૩

**આદિ–** વિવેકી વિમલાચલ વસીયે – એ દેશી.
વિનયવિવેકી લોક તણા, **ગુર્જર** દેશ ગામ ઘણાં,
ભવિક ભક્તિ કરે ભેલા, **તારણ** તીરથના મેલા. ૧
ગુણી ગુણ ગુણવંતના ગાવો,
જિમ સુખસંપદ નિત્ય પાવો. ગુણી. આંકણી.

*

**રાજનગર અમદાવાદે** એક શત જિનવરપ્રાસાદે,

*

તિણે શત ચૈત્ય યુક્ત છાજે, **કંપની બાહાદરને** રાજ્યે.

*

**નગરશેઠ હેમાભાઈ** થયા, **પ્રેમાભાઈ** પુણ્ય જયંત જયા,
બીજા **હઠીસિંહ કેશરી**-નંદા, તપે વસુધાયે રવિચંદા. ગુણી.૯
વડ **ઓસવાલ** નાતિ શિરે, વિશ્વ માંહે બહુ કીર્ત્તિ વરે,
**હઠીસિંહ** સંઘવી થઈ સુમના, **સિદ્ધાચલ ગિરનાર** તણા,
સાહામીવત્સલ યાત્રા બહુલી, આપકમાણી કરે સફલી. ગુણી.૧૧
અષ્ટમ દ્વીપ જિનાલયની, મસલત શેઠની સાથે બની,
**હઠીસિંહ**હઇયડે હોંશ ઘણી, શ્રી **શુભવીર**-વચન સુણી. ગુણી.૧૨
ઢાલ ૨. સાંભલ રે તું સજની મોરી – એ દેશી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રાજનગર** ઉત્તર દરવાજે, વાજે મંગલ તૂરજી રે,
સંવત **ઓગણીશ સઇકે** માધવ, ઉજ્જવલ પક્ષ સનૂરે, મનને મોજેંજી રે.
શેઠની વાડી સન્મુખ દક્ષિણ, બાગ **હઠીસિંહ** કેરોજી રે.
કદલી અશોક કુસુમ ચુવ ચંપક, તરૂવર કેરો ઘેરો. મન.૨
તે માંહે વર મુહૂર્ત્ત લગને, ખાતનું સુહૂર્ત કીધુંજી રે,
શિલ્પી કડીયા બ્રાહ્મણ લોકને, વંછિત ધન તિહાં દીધું. મન.૩

(અહીં શિલ્પી પ્રતિમા ઘડતા ને મંદિરનું ચણતર કડિયા ચણતા હતા. હઠીસિંહને બે સ્ત્રીઓ – રુક્મિણી અને હરકુંવર નામની હતી. મંદિર પાસે બંગલો કરાવ્યો. મંદિરમાં ભૂલચૂકની શંકા પડી, એટલે વેર આવ્યા. **નંદીશ્વર બાવન જિનાલય** જોઈને શેઠ સ્વર્ગવાસ પામ્યા. **'ઓગણીશ એક** શ્રાવણ શુદિ પંચમી ચિંતિ સ્વર્ગ સધાવે.' છેલ્લે હરકુંવર શેઠાણીને ભલામણ કરી ગયા કે હેમાભાઈની સલાહ લઈ ધન ખર્ચી ચૈત્ય પૂર્ણ કરી ગુરુને પૂછી અંજનશલાકા કરવી. પ્રેમાભાઈની બંધુ તરીકે સલાહ લેજો. પુત્ર મગનચંદ ચિરંજીવી રહો. હરકુંવર શેઠાણી ચૈત્ય પર સંભાળ રાખતા ને ધન ખરચતા. હઠીભાઈના ભાણેજ પાનાચંદ સરૂપચંદ મામીના વચને રહેતા. હેમાભાઈની સલાહથી બાવન જિનાલય ચાર માળ ને ત્રણ શિખરનું કરાવી તેમજ સુંદર પ્રતિમાઓ ભરાવી અંજનશલાકા કરી.)

**ઓગણીસ સેં ત્રીજે** વરસેં માહા વદિ પંચમીને દિવસેં,
અંજનશલાકા કેરૂં, લીધું મુહૂર્ત્ત શેઠેં ભલેરૂં રે.

(કંકોતરી દેશેદેશ મોકલી. સવા લાખ માણસ જમા થયું. મહા શુદ છઠને દિને વરઘોડો થયો. ધર્મનાથની મુખ્ય પ્રતિમાનું સ્નાન કરાવવાનો વરઘોડો થયો પછી કુંભસ્થાપના થઈ. સાતમે રાત્રિઉત્સવ કર્યો. આઠમે પૂજા કરી, નોમે વરઘોડો, દશમે મંત્રોચ્ચાર કરી અંજનશલાકા કરી.)

**અંત** – ઉંચે શ્વાસેં મંત્ર ઉચ્ચારે રે, દશમેં પંચમી શીત વારે રે. ૬
થિર લગન નવાંસ તે બલીયેં રે, કરે અંજન સોવન શલીયેં રે,
પલ પાંચ ઘડી ચૌદ વેલા રે, જ્યોતિ પ્રગટી ઝાકઝમાલા રે. ૭
અદ્દુ ઉત્સવ ઠાઠ વિશેષેં રે, અગીયારશેં મંદિર બેસે રે,
કલ્યાણક પંચ પ્રસિધ્ધો રે, **હરકુંઅરે** જગ જસ લીધો રે. ૮
શ્રી **શાંતિસાગર** સૂરિરાયા રે, આદેં ચઊ ગણપતિ આયા રે,
વલી સાતસયા અણગાર રે, પહેરામણીયો વિસ્તાર રે. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરચ્યા રૂપૈયા લખ આઠ રે, સજ્જન કરતાં ગુણપાઠ રે,
દુર્જન દોષ ઊપાડે રે. તે તો પગમાં પૂરા કાડે રે. ૧૦
આંબલીનો કાતરો ખાટો રે, વિષભરીયો વીંછીકાંટો રે,
શ્વાનપૂછ ને દુર્જનરસના રે, ચાર વાંકા વિધાતાલટના રે. ૧૧
દશપૂરવધર વયરસ્વામી રે, વાર એકવીશ પડિમા વિસામી રે,
દેવે જાવડશા હરી લીધો રે, પૂરવી થઈને શું કીધો રે. ૧૨
જિનવાણી અમૃત તોલે રે, પાખંડી અવગુણ બોલે રે,
ચોર બલતો દેખી ચંદે રે, કરપી દાતાને નિંદે રે. ૧૩
ઘરે કાગ કદા ન ઊડાડે રે, નિંદે તસ જેહ જમાડે રે,
માંદી પડી નારી રાંક રે, ઘરે કંચુક દરજી-વાંક રે. ૧૪
હોંશ ઝાઝી ને ન મલે નાણું રે, કરડકણું ને ઘોડું કાણું રે,
દુર્જન વાતો કહું કેતી રે, કરે કર્પણી કષ્ટે ખેતી રે. ૧૫
કષ્ટે કરી દ્રવ્ય કમાવે રે, જિનમારગ-ખેત્રે વાવે રે,
જે સજ્જન તસ ગુણ ગાવે રે, શોભે મુખ તંબોલ ચાવે રે. ૧૬
પ્યાજ લસણ ખેતર દુરગંધી રે, જાય કેતકી વાડી સુગંધી રે,
સુરભી વાસેં રહે તાજા રે, શુભ વીરવિજય મહારાજા રે. ૧૭

(૧) પ.સં.૪, લીં.ભં. નં.૧૭૬૬. (૨) પ.સં.૮–૧૦, માં.ભં. (૩) પ.સં.૬–૧૧, તાજી નવી પ્રત, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪.

પ્રકાશિત : ૧. સં.૧૯૪૦, જગદીશ્વર છાપખાનામાં, મુંબઈ, શિલા-છાપમાં. [૨. સૂર્યપુર રાસમાળા.]

**(૪૬૨૨) સિદ્ધાચલ ગિરનાર સંઘ સ્તવન** (ઐ.) ૫ ઢાળ ર.સં.૧૯૦૫ માહ શુ.૧૫ બુધ

અમદાવાદના શેઠ પ્રેમાભાઈના સંઘનું વર્ણન છે.

આદિ – કાર્તિકે કૃષ્ણ ચાલ્યા કાલીએ એ દેશી.

**વિમલગિરિ** ધ્યાન વિમલ ધરીએ,
તપ જપ કરી પાતિક હરીએ,
તરીએ નો સમ ભવદરીએ – વિમલ. ૧

*

**સોરઠ ગુજર** દેરાસરે, શેઠની પદવી જેહ ધરે
વરતે **હેમાભાઇ** શક્ર પરે – ૧૨ વિમલ.
**કંકુ** શેઠાંણી સચિઅંસા, તસ નંદન ચંદન હંસા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલમેં **પ્રેમાભાઇ** અવતંસા – ૧૩ વિમલ.
આપકમાંણી કરૂં સફલી, જાત્રા કરૂં પાલી છ'રી',
ધારી લખ્યાં બહૂ કંકોતરી – ૧૪ વિમલ.
શેઠેં મુહૂરત સહી કરિએ, કાર્તિક વદ એકાદસીએં,
શેઠ **પ્રેમાભાઇ** સંઘવીએ – ૧૫ વિમલ.
તિલક વધાવેં **ઉજમભાઇ**, કુલમેં સવાઇ હજ્યો ભાઈ,
આસીસે સજ્જન વિકસાઇ – ૧૬ વિમલ.
ઢાલ ૨ વાલ્હા તમે તો કયાના દાંણી જો, નવરંગ ચૂનડી તાણી જો – એ દેશી.

*

ઇમ મોટા ઓછવ થાવે જો, પુર બાહિર સહુ આવે જો,
મેરૂ વનમાં જીમ જંબૂ જો, દીધા ડેરાતંબૂ જો. ૧૫
દિન ત્રણેં સંઘ મેલાવે જો, **સરખેજ** ગામે આવે જો,
**શુભવીર** પ્રભુને નાંમે જો, શેઠજી સંઘવી સાંમે જો. ૧૬
ઢાલ ૩ તમે વસુદેવ દેવકીના જાયાજી, લાલજી લાડકા – એ દેશી.
ઇહાં બીજું મુકામ કરીનેજી, તીરથગુણ વસિયા,
**ચંદ્રપ્રભુ** ચરણ નમીનેજી, શાસનના રસિયા,
ત્રીજું મુકાંમ **માંરઇયે**જી, તિહાં **વિમલ** જિણેસર નમિએજી.
ત્રણ ચાર કોસ નીત ચાલેજી, ગામ **બાવલે** **ઋષભ** નિહાલે,
કોક ગાંમે છઠ્ઠુ મુકાંમજી, **આદિદેવ** કરી પ્રણામજી.
**ધંધુકે** દસમ વિસામેંજી, **મરૂદેવા**-સુત સિર નામેંજી,

*

તેરમું મુકાંમ સોહાવેજી, **બરવાલા** ગાંમે આવેજી,

(ત્યાં મૌન એકાદશી કરી. શ્રી પદ્મપ્રભને પૂજ્યા. હેમાભાઈ મનસુખભાઈ બંને શોભતા હતા. ઊજમબાઈ, બહેન રુખમિણી, મોતીકુંવર હતાં. તેના મૂલચંદ મગન પુત્રો હતા, એમ બહોળું હેમાભાઈનું કુટુંબ. સાથે બે દેરાસર હતાં.)

સંઘ સાથે શેઠ સીધાવ્યાજી, **પછેગાંમ** સતરમેં આવ્યાજી,
તિહાં પન્નરમા જિનચંદેજી, સંઘવીણ **ઉજલીવહુ** વંદેજી,
દિન અઢારમેં **ઉંવરાળે**જી, બીજા જિન **અજીત** નિહાલેજી,
વદ ત્રીજે **પાલીતાંણે**જી, ઉતરીયાં હર્ષ ભરાણેજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકવીસ ગિરિનામ જગીસજી, **શુભવીર** મુકામ એકવીસજી.

ઢાલ ૪ માહરો સસરો આવ્યા સાસુ સોતા, મારે નાયો નણદીનો વીર, મહાજંગ માંડિયો – એ દેશી.

તંબુના ડેરા દીધા, **પ્રેમાભાઈ** શેઠ સંઘવી.
**પાલીતાણે** શેઠપ્રતાપથી, કીયો રાજ્ય હુકમ સુગરીઠ,
**મોતીચંદ મલુકચંદ** હરખતા, જાણે અમ ઘર આવ્યા શેઠ.

*

અનુક્રમે **વિમલવસી** આવીયા, **ચકેસરી** સું સંકેત,
જઈ **ઋષભદેવ**ચરણે નમ્યા, કરી ભેટ કનકનો હાર.

*

ઉતરીયા કરે નિત્યેં જાતરા, સંઘ માણુસ સાત હજાર.
માગસર વદી તેરસ ઓછવેં, માલ પધરાવી જિનગેહ,
સંઘવચ્છલ ગુરૂ પધરામણી, **શુભવીર**-વચન સ્યું નેહ. ૧૪

ઢાલ ૫ કલસ રાગ ધન્યાસરી, ગાયો ગૌતમ ગોત્ર મુણીંદ – એ દેશી.

*

સંવત **ઓગણીસ સયકે પંચ**, વર્ષે હર્ષ તણે ટાણે રે,
ગુણીગુણ ગાતાં ગુણની શ્રેણ, ધુર અંગે જ્ઞાની જાણે રે,
ધ્યાપક ધ્યેય ને ધ્યાન સમાજ, અન્વય-વ્યતિરેકે કરી રે,
શ્રી **શુભ વીરવિજય** મહારાજ, અનુભવલીલા વિસ્તરી રે.

ઢાલ ૬ આવ્યો રૂડો વસંત વાલ્હા ઘેર આવો રે – એ દેશી.

*

**ઉજ્જલ**ગિરિ વંદી ઉજલ પરિણામે રે, **નેમિ** નમન મન ધાર,

*

પોસની ઉજલ પંચમી રે, પંચમી ટુંક વિચાર.
**સિદ્ધગિરિ** ભેટયા તે સમરંતા ચાલે રે, માલ્હે લહિ જિનનામ,
**અમરેલી** અમરાવતી રે, નગરેં કિયો વિશરામ.
રાજા સનમુખ આવિયા રે, શેઠને કરત પ્રણામ,
સંઘ સહિત ઇમ પંથ ચલંતાં, પહોતા **જીરણગઢ** ઠામ,
**નેમનાથ ગિરનાર** ગિરિ ચઢી ભેટચા રે, મેટચા દુખસંઘાત,
અવર જિનાલય વંદિને રે, નમતા **અંબામાત**.
પાંચમી ટુંકે જિન તણાં રે, પગલાં **પૂજન** જાત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાતી કહે **દત્ત** ગુરૂ રે, પણ છે સાચી વાત.

*

સંઘજમણ **સેહસાવન** જાત્રા કરતાં રે, વીત્યા વત્સર આઠ,
વદિ પાંચમ **મહાવીર** નમી રે, ચાલ્યા મંગલપાઠ,
**નવાનગર** નીશાન ઝગ્યાં રે, સાહમિયે બહુ ઠાઠ.
ભક્તિભરે નિત્ય ચૈત્ય નમે રે, એક વિહુણાં આઠ. ૮
**જાંમ** રાય **રણમલ્લજી** નિજ દરબારે રે, તેડી દીએ અલંકાર,
**પ્રેમાભાઈને** તિલક કરી રે, અશ્વે ન કિમ બોલનાર. ૯
પાલખી આપી વરસ પ્રતે રે, ખરચમાં રૂકમ હજાર,
સાતસેં જણની રસોઈ દીએં રે, દશ દિન ભક્તિ ઉદાર. ૧૦
ભૂષણ વસ્ત્રે કુટુંબ સોહાવી વધાવ્યા રે, આવ્યા **વાંકાનેર** શહેર,
સાંહમીવચ્છલ જિનચૈત્ય નમી રે, દેવગુરૂની મહેર. ૧૧

*

**તપગચ્છ ખેમાવિજય** ગુરૂના **જસવિજયો** રે **શુભવિજય** શ્રુતધાર,
સંવત **ઓગણીસ પાંચના** રે, માહી પુનમ બુધવાર.
પંડિત **વીરવિજય** તણી રે, વાંણી અમૃતધાર,
ઉચ્છવ રંગ વધામણાં રે, શેઠ તણે દરબાર. ૧૨
ઢાલ ૭. કલશ. રાગ ધન્યાસિરિ. ગીરૂઆ રે ગુણ તુમ તણા એ દેશી.

*

દક્ષ સભાફલ પાંમસ્યે, દોય તીરથ ભક્તિ વિશાલા રે.
શ્રી **શુભવીરને** શાસને નિત્ય હોજો મંગલિકમાલા રે. ૭
ગિરિગુણમાલા મન રમે.

(૧) પ.સં.૯-૯, વી.ઉ.ભં. દા.૧૮ પો.૨. [મુપુગૃહસૂચી.]

**(૪૬૨૩) સંઘવણ હરકુંવર સિદ્ધક્ષેત્ર સ્તવન** (ઐ.) ૨.સં.૧૯૦૮

**આદિ- વિમલગિરિ વિમલવસી** સેરી, અમૃત ધરવાલે ઘેરી,
વિષની વેલડીયો વંખેરી. ૧
નમો નમો નાથ નિરંજનને, નિરંજન જ્ઞાન અનંત ધને.

*

ગુરૂમુખ સાંભલિ દિલ ઉલસે, **રાજનગરમાં** નિત્ય વસે,
**ઓસવાલ** વંસ ગુરૂ વિકસે. ૫ નમો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હકિસિંહ કેસરિસિંહ તહિ, રમણિ રમણિક રૂપેં ભણિ,
નાંમે **હરકુંયર** સેઠાંણિ. ૬ નમો.
**ઉમાભાઈ રૂપચંદ** હૂકમધરા, નાંહના **ઉમાભાઈ** છે ચતુરા,
એ દોય મસલત માંહિ ખરા. ૭ નમો.
**લલુભાઇ** ભાંણેજ એ સઘલા, નણદિ **ઉજમબાઈ** નેહધરા,
**ઉમાભાઈ** સાથેં વિચ્ચારવરા. ૮ નમો.
સંઘવિપદની હૂંસ ઘણી, **સિદ્ધગિરિ** સોરઠ દેસ તણી,
ધન ખરચીજે પૂરય ભણી. ૯ નમો.
ગામગામ લખિ કંકોતરિ, સંઘ મેલવિઉ પ્રેમ ધરિ,
મુહૂરત લિધું હર્ષભરિ. ૧૦ નમો.
માક્ષર વદિ તેરસ સખરે, દોય **ઉમાભાઇ** અગ્રસિરે,
હાથે સેઠાણિ તિલક કરે. ૧૧ નમો.
સ્વરગ થકિ મુલે લાધા, ડેરાતંબુ ખડા કિધા,
શ્રી **શુભવીર**વચણ સિદ્ધા. ૧૨ નમો.

(સં.૧૯૦૮ના માગશર વદ ૧૩મે દિને સંઘ નીકળી નીચે પ્રમાણે મુકામ કર્યા:

(૧) મોરઈયા ગામે પોષ શુદ ત્રીજે, (૨) બાવલા ગામમાં, (૩) કોઠ, (૪) હડાલા, (૫) ધંધુકા, (૬) પોલાસ, (૭) રતનપુરી, (૮) ઉમરાલા નોમ દિને, (૯) આકોલાલી દશમે, (૧૦) પાલીતાણે એકાદશીએ. પછી યાત્રા કરી. પોષ વદ નોમે સંઘજમણ ને અગિયારસે ગિરનાર તરફ પ્રયાણ. પ્રતાપસિંહ રાજાએ શેઠાણીની પોતાને ત્યાં પધરામણી કરી. સંઘે (૧) ઘેટી (૨) ગારિયાધર (૩) સેલડી (૪) અમરેલી (૫) જેતપુર (૬) જૂનાગઢ એમ માર્ગ લીધો. મહા શુદ પાંચમે ગિરનાર ચડયા. બારસને સોમવારે ચાલ્યા. ધોરાજી વદી પડવે આવી નવાનગર આવ્યા. પછી મોરબી, વઢવાણ, લીંબડી, ધોલેરાબંદર, ધોલકા ને રાજનગર ફાગણ શુદ ૬ ગુરુએ આવ્યા.)

**અંત –** કલશ.

**ઉગણીસ આઠે** બહુ ઠાઠે વરસ સુંદર જાંણીએ,
એ સંઘરચનાં વર વિલોકિ, પૂરવ સંઘ વખાણીએ.
બહૂ વાવર્યૂં ધન પુન્યક્ષેત્રે **હરકુંયર** શેઠાણિએ,
ફલ આત્મ સાખેં જ્ઞાનિ પંડિત **વીરવિજયની** વાણીએ.

(૧) પ.સં.૭-૯, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૮).]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૬૨૪) [+] નેમિનાથ રાજિમતી બારમાસ** ૧૮ કડી
**આદિ**–સખિ તોરણુ આઇ કંત.

(૧) સ્તવનાદિકની પોથી, પ.સં.૭૫, વી.ઉ.ભં. દા.૧૮ પો.૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૨૮).]

[પ્રકાશિત : ૧. જૈન કાવ્યપ્રકાશ. ૨. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૩. ૩. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

**(૪૬૨૫) + હિતશિક્ષા છત્રીસી** ૩૬ કડી

(૧) ઉપર્યુક્ત પ્રત.

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૪૬૨૭ની નીચે. [૨. બૃહત કાવ્યદોહન ભા.૨. ૩. જૈન કાવ્યસંગ્રહ તથા અન્યત્ર.]

**(૪૬૨૬) + છપ્પન દિક્કુમારી રાસ** ૨ ઢાળ

(૧) ઉપર્યુક્ત પ્રત. (૨) સં.૧૯૬૬, પ.સં.૯, 'અંજનશલાકા સ્ત.'ને અંતે, વી.ઉ.ભં. દા.૧૮ પો.૪. [મુપુગૃહસૂચી.]

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૪૬૨૭ની નીચે.

**(૪૬૨૭) સ્તવનસઝાયાદિ નાની કૃતિઓ**

(આ કવિએ સ્તવનો, સઝાય, ગહૂંલી આદિ નાની કૃતિઓ એટલી બધી રચેલ છે કે તે દરેકના આદિ અને અંત આપતાં ઘણો વિસ્તાર થઈ જાય. તેથી તેનાં નામ જ અત્ર જણાવીશું.)

**૧** સીમંધર જિન સ્ત. ૧૨ કડી; **૨** દિવાલી સ્ત. ૬ કડી; **૩** દિવાલી સ્ત. ૬ કડી; **૪** સિદ્ધચક્ર સ્ત. ૧૧ કડી; **૫** સિદ્ધચક્ર સ્ત. ૧૦ કડી; **૬** ઋષભદેવ સ્ત. ૫ કડી; **૭** સિદ્ધચક્ર ગહૂંલી ૧૨ કડી; **૮** સાધારણ આંગી વર્ણન સ્ત. ૫ કડી; **૯** સીમંધર સ્ત. ૮ કડી; **૧૦** ભાભા પાર્શ્વ સ્ત. ૬ કડી; **૧૧** ગોડી પાર્શ્વ સ્ત. ૧૦ કડી; **૧૨** અઠાણું બોલ સ્ત. ૨.સં.૧૮૫૫ પાર્શ્વજન્મદિવસે; **૧૩** વીર સ્ત. ૫ કડી; **૧૪** પિસ્તાલીસ આગમ સ્ત. ૨૫ કડી; **૧૫** તથા **૧૬** દશ શ્રાવક સ. ૯ તથા ૯ કડી; **૧૭** ભગવતી સૂત્ર ગહૂંલી ૭ કડી; **૧૮** ગહૂંલી કડી ૯ રાજનગરમાં ર.સં. ૧૮૫૮; **૧૯** શાંતિજિન સ્ત. ૯ કડી; **૨૦** ચૌદસો બાવન ગણેશ ચૈત્યવંદન ૬ કડી; **૨૧** વીશ સ્થાનક સ્તુતિ ૪ કડી; **૨૨** અઠ્ઠાવીશ લબ્ધિ ગહૂંલી ૯ કડી; **૨૩** ચોત્રીશ અતિશયાન્વિત સીમંધર સ્ત. બે ઢાળ; **૨૪** પર્યુષણ ગહૂંલી ૯ કડી; **૨૫** સીમંધર સ્તુતિ ૪ કડી; **૨૬** અને **૨૭** સુવિધિ સ્ત. ૪ કડી અને ૧૧ કડી; **૨૮** સઝાય ૧૧ કડી (સહજાનંદી ૨

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આતમા); **૨૯** પાર્શ્વનાથ સ્ત. ૬ કડી; **૩૦** સંભવ સ્ત. ૫ કડી; **૩૧** સુમતિ સ્ત. ૭ કડી; **૩૨** વૈરાગ્ય સ્વાધ્યાય ૬ કડી (સુણ સોદાગર); **૩૩** મુહપતીના પચાસ બોલ સઝાય; **૩૪** સાધારણ ખ્યાલ સ્ત. ૩ કડી; **૩૫** ગોડી પાર્શ્વ લાવણી ૭ કડી; **૩૬** નેમિ ગીત ૩ કડી; **૩૭** નેમીશ્વર ગીત ૭ કડી; **૩૮–૪૦** ગહૂંલી ૯ કડી, ૫ કડી તથા ૬ કડી; **૪૧** સિદ્ધગિરિ સ્ત. ૧૧ કડી; **૪૨** નેમીશ્વર ગીત ૯ કડી; **૪૩** આરતી ૯ કડી; **૪૪** સમકિત સ્વાધ્યાય ૧૧ કડી; **૪૫** સિદ્ધ સ્ત. ૫ કડી; **૪૬** નેમનાથ સ્ત. ૭ કડી; **૪૭** નવાણુ જાત્રાનું સ્ત. ૧૫ કડી; **૪૮** શંખેશ્વર સ્ત. ૧૧ કડી ર.સં.૧૮૭૮ ફા.વ.૧૩; **૪૯** સિદ્ધાચલ ચૈત્યવંદન ૭ કડી; **૫૦** વસંતોત્સવે વીર સ્ત. ૧૪ કડી; **૫૧** શ્રી રાગણાંકિતં ૬૨૬ અક્ષરાત્મકં કાવ્યં (સં.); **૫૨** નેમીશ્વર સ્ત. ૮ કડી; **૫૩** લાવણી ૫ કડી; **૫૪** નેમનાથ સ્ત. ૯ કડી; **૫૫** ઋષભ સ્ત. ૭ કડી; **૫૬** આમલકી ક્રીડા સ્ત. ૯ કડી; **૫૭** પૂજા અવસરે પ્રથમ સ્તુતિરૂપ દુહા ૧૦ (જલ ભરી સંપુટ પત્રમાં); **૫૮** સ્થૂલિભદ્ર નાટક ૩ કડી; **૫૯** વયરસ્વામી ફૂલડાં ૮ કડી; **૬૦** હરિયાલી ૯ કડી; **૬૧** શંખેશ્વર પાર્શ્વ સ્ત. ૯ કડી; **૬૨** અક્ષય નિધિ તપ ખમાસમણ વિધિ દુહા ૨૦; **૬૩** સિદ્ધાચલ ખમાસમણ દુહા ૨૧; **૬૪–૬૫** ગહૂંલી ૮ કડી ને ૭ કડી; **૬૬** શંખેશ્વર પાર્શ્વ સ્ત. ૭ કડી; **૬૭** વીર સ્ત. ૧૦ કડી; **૬૮** સિદ્ધાચલ સ્ત. ૯ કડી; **૬૯** સામાયક સઝાય ૯ કડી; **૭૦–૭૧** ગહૂંલી ૬ કડી ને ૫ કડી; **૭૨** સર્વાર્થસિદ્ધ સ્તવગર્ભિત ઋષભ સ્ત. ૧૨ કડી; **૭૩** વાસુપૂજ્ય સ્ત. ૭ કડી; **૭૪** સિદ્ધાચલ સ્ત. ૧૨ કડી; **૭૫** પાર્શ્વનાથ સ્ત. ૯ કડી; ૭૫ જયંતી પ્રશ્ન ગહૂંલી ૯ કડી; **૭૬** નેમિનાથ સ્ત. ૯ કડી; **૭૭** સમોસરણ સ્ત. ૧૫ કડી (એક વાર વચ્છદેશ આવજો); **૭૮** ગહૂંલી ૬ કડી; **૭૯** વિમલ સ્ત. ૮ કડી; **૮૦** નેમિ સ્ત. ૯ કડી; **૮૧** બાવન જિનાલય ચૈત્યવંદન ૩ કડી; **૮૨** + રહનેમી સઝાય ૧૩ કડી; **૮૩** પજુસણ ચૈત્યવંદન ૯ કડી.

(૧) પ.સં.૭૫, વી.ઉ.ભં. દા.૧૮ પો.૨.

સીમંધરસ્વામી આદિ અનેક સ્તવન-સ્વાધ્યાય

(૧) પ.ક્ર. ૬થી ૨૦, લીંભ. નં.૧૯૫૮. [મુપુગૂહસૂચી.]

શત્રુંજય તીર્થ ૨૧ નામના દુહા તથા ગહૂંલીઓ

(૧) મુક્તિકમલ મોહન જ્ઞાન ભં. વડોદરા. નં.૨૩૯૩.

ગહૂંલી સંગ્રહ

JAINSITE जैन साईट जैनाचार्य जयंति शासनम्

(૧) પ.સં.૬-૧૪, આ.ક.ભં.

[ઘણાં સ્તવન, સઝાય, ગહૂંલી આદિ મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧માં નોંધાયેલ છે.]

પ્રકાશિત : કેટલીક સઝાયો, સ્તવનો વગેરે – ૧. ભીમશી માણેકની સઝાયમાળા પૃ.૫૨, ૫૪, ૬૮, ૧૩૫. ૨. જૈન કાવ્યસાર. ૩. જૈન પ્રબોધ પૃ.૮૯, ૧૦૨, ૩૫૨, ૩૯૦, ૪૪૩, ૪૪૪. [૪. ચૈત્ય. આદિ સં. ભા.૧. ૫. જિનેન્દ્ર ભક્તિપ્રકાશ. ૬. મોટું સઝાયમાલા સંગ્રહ તથા અન્યત્ર.]

**(૪૬૨૮) પ્રશ્નોત્તર ચિંતામણિ** (ગદ્ય)

(૧) પ.સં.૧૦૮, હં.ભં.નં.૨૨૪૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૦૯-૪૬ તથા ૧૬૭૩.]

## ૧૩૪૬. તેજવિજયશિ. (તપા.)

**(૪૬૨૯) નવકાર રાસ** ર.સં.૧૮૫૭ શ્રા.શુ.૫

(૧) લિ. સં.૧૮૯૬ અ.શુ.૫ પૂજ્ય રત્નજી પ્રસાદે રાયચંદ લિ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૪.]

## ૧૩૪૭. રૂપ

**(૪૬૩૦) ગોડી પાર્શ્વનાથ છંદ** કડી ૧૧૨

**આદિ** – ત્રિભુવન મઝિ તત સારં જપાં ઉરધાર જાસ જગ ઉદ્ધરણં.

**અંત** – અકલ ઘણુ કીરતિ મહિલા ધણી,

સેવક **રૂપ** આપે સુપરિ ધરી જૈવંત ગોડી ધણી. ૧૧૨

(૧) (છેવટે લખ્યું છે કે) સંવત ૧૪૩૧ ફાગણ શુદિ ૨ શુક્રવારે શ્રી પાટણનગરે શ્રી ગોડીજીની પ્રતિમા સેઠ મિકડીયા વોહરા સા. મેઘા ષેતાંણી પ્રતિમા ભરાંણી છે. શ્રી આંચલીઈગચ્છે શ્રી મેરુતુંગસૂરીઇ પ્રતિષ્ઠિત સં.૧૪૫૫ સમૈ ભંડારી સં.૧૪૭૦ ગોડી મેઘે ષેતાંણી પાટણથી પારકર લે આયા. સં.૧૪૮૨ દેહરો કરાવ્યો. સં.૧૫૧૫ દેહરો પૂરો થયો. ગોડી મેડરો મેઘાંણી ઇંડું ચઢાયો ઇતિ શ્રેયં. પ.સં.૩-૨૧, જૈનાનંદ પુ. સુરત નં.૩૩૪૮. [રાહસૂચી ભા.૨ – રૂપસેવકને નામે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૪૫.]

## ૧૩૪૮. પ્રેમ (લોં. કેસવ-નરસિંગશિ.)

**(૪૬૩૧) હરિચંદ રાજા ચોપાઈ** ૨૩ ઢાળ ર.સં.૧૮૫૮ માગ.વ.૯ રવિ જોધપુર

**આદિ** – **આદિ** જિણેઅર પાય નમું, શ્રી વીતરાગ-ગુણ પેખ

નમો નમો સહુકો નમો, જીવાજીવ વિશેષ. ૧
દયાધરમ પ્રગટ કીયો, દયાદાંનદાતાર
સરગ મૃત્યુ પાતાલમેં, આપ તણો આધાર. ૨

*

આલસ નિદ્રા પરીહરો, કચપચ કરજ્યો દૂર
સાંભલતાં સુખ ઉપજૈ, તિણ ઘર આણંદપૂર. ૧૦
ઇણ ધરા ઉપર રાજવી, હુંવા છૈ કેઇ અનેક
સતધારી **હરચંદ છે,** કવિજન કીધી જોડ. ૧૧

**અંત –** ઢાલ ૨૩મી ચોપાઈ

વનખંડ બેઠા સાધુ ભણે, આયો રાજા આદર ઘણે
રાજારાણિ લાગા પાય, જનમ સફલ જે એ વિધ થાય. ૧

*

સતસુરા એહવા જે હોય, ગુણ તેહના એહવા જે જોય.
અધરમ જીવને આવે રીસ, ઢાલ કહિ એ તેવીસ.
મેરે માહે લાગિ એમ, **પેમ** મુનીસર ભાખિ એમ. ૧૧
**લુકોગચ્છ કેશવ** રો જાણ, તિણ કર બૂધી ચઢી પરમાંણ
ગુરૂ **નરસિંગ** તણે સુપસાય, **સારદ** અક્ષર દીયો માય. ૧૨
નીરમલ બૂધ કીયો પ્રવેશ, **મારૂ મરૂધરમ**ંડલ **દેસ**
**ભીમસેન** રાજા ભૂપાલ, સુપનંતર પિણ ન પડૈ દુકાલ. ૧૩
**સંભૂ** નામે કવિયે સિહ, તે ગમે કિમ હોવે વિહ
ગામ તણી રો તે પીણ નામ, વ્યાપારિ વડ મોટો ગાંવ. ૧૪
રાય **હરચંદ**રા કીયા વખાંણ, તિહાં કિયો ચોમાસો જાણ
શ્રાવક સુખીયો તે પીણ ક્યા, વરસ ચોતીસ ચોમાસે રયા. ૧૫
સંવત **આઠારા** ઓ પીણ આંણ, **વીસ તીસ** ને **આઠે** જાણ
તિથ્ય નવમી મૃગસિર વદ તેહ, વડો વાર સુરજરોં એહ. ૧૬
પૂરો પંથ કીયો તિણ દિન, સતવાદીને કહજો ધન્ય,
એહવો ધરમ જીણ ઘરમેં હોય, મુગતે ગયા તે જુગતે જોય. ૧૭
સતરો સૂરો પૂરો હોય, અસત સત જુગમે છેદોય
સત સતવંતિ એહવા દેખ, કંઈ વિધાતા લિખિયા લેખ. ૧૮
પુણ્યવંત નર કહિયે તેહ, સતસંગ તસુ લાગો નેહ



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સતસૂરા તે સૂરા હોય, જગમેં નામ તિયાંરા હોય. ૧૯

(૧) લિ. જતી **અચલસુંદરેણ** કવલા ગછે શ્રા. **તેજકરણજી આસકરણજી** વાચનાર્થં પોથી **લસકર ભલણા** મધે લિ. એક ગુટકો, નાહટા સં. (૨) લીંભં. (૩) પ.સં.૨૧, સં.૧૮૮૦ મા.સુ.૧૨ **ભક્તિવિજય** લિ. અભય પો.૧૨ નં.૧૧૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૧૯, ૩૩૪ તથા ૧૫૪૫-૪૬. ઉદ્ધૃત ભાગમાં કવિનાં ગચ્છ, ગુરુપરંપરા તથા રચનાસ્થળ 'જોધપુર'નો નિર્દેશ નથી. પહેલી આવૃત્તિમાં પહેલાં કવિનું અપરનામ 'શંભુ' માનેલું પણ પછીથી તે છોડી દીધેલું જણાય છે. આ કવિને નામે ત્યાં મુકાયેલી 'વૈદર્ભી ચોપાઈ' વસ્તુતઃ પ્રેમરાજ (આ પૂર્વે નં.૯૩૪)ની છે. જુઓ ભા.૪ પૃ.૩૨૯ પરની સંપાદકીય નોંધ.]

## ૧૩૪૯. દિનકરસાગર (પ્રધાનસાગરશિ.)

**(૪૬૩૨) ચોવીસી** ર.સં.૧૮૫૯ પો.શુ.૧૫ રાણકપુર

(૧) પ.સં.૪, સં.૧૮૭૧ ફા.વ.૧૪ **દિણયરસાગર** લિ. શિષ્ય **રાજસિંઘ** વાચનાર્થં અભય. પો.૧૭. [કવિની સ્વલિખિત પ્રત જણાય છે.]

**(૪૬૩૩) માનતુંગી સ્ત.** ગા.૧૭ ર.સં.૧૮૭૯ માગ.વ.૩

(૧) પ.સં.૧, અભય. પો.૧૭.

**(૪૬૩૪) ૨૪ જિનચરિત્ર** (દોહાબંધ) સં.૧૮૭૯ પ્ર. મધુ શુ.૫ ગોઢવાડ

(૧) પ.સં.૧૯, દાન. પો.૩૧ નં.૮૮૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૫. ત્યાં 'માનતુંગી સ્ત.'નો ર.સં.૧૭૭૯ છપાયેલો. તે છાપભૂલ ગણી અહીં ૧૮૭૯ કર્યું છે.]

## ૧૩૫૦. રામચંદ્ર (લોં. લોંકાશા-રૂપો-જીવરાજ-વરસિંગ સંતાની બાળચંદ-લખમીચંદશિ.)

**(૪૬૩૫) + તેજસારનો રાસ** ૧૦૯ ઢાળ ર.સં.૧૮૬૦ ભાદરવા શુ.૫ નૌતનપુરમાં - નવાનગરમાં

**આદિ** - સ્વસ્તિ **શ્રીચંદ** ગુરૂ પ્રતે, પ્રેમે કરીય પ્રણામ,
બુદ્ધિ વૃદ્ધિ હું કીઇ, જેહથી પામ્યો ધરમ સુધામ. ૧
જિણથી જિણવર ઓળખ્યા, **રિખભાદિક** ચોવીસ,
અતીત અનાગતને નમું, વિહરમાન વલી વીસ. ૨

**અંત** - ઢાલ ૧૦૯મી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

કાલાપિણ બાળા, **વીર** તણા પટોધાર,
ભસ્મ ગ્રહ ઉતાર્યો, **પન્નર** આવ્યા **વિસ** (૧૫૨૦) સાર. ૧૫
**લોંકાશા** લહિયો, લખતાં તે સૂત્રસિદ્ધાંત,
દયાધર્મ દીઠો તજવી તે હિંસા એકાંત. ૧૬
મુનિસુખથી ન ભાખે, હિંસાવચન લગાર,
પૂર્વ પશ્ચાત દોષ ટાળે, બેતાળીસ દોસ અણગાર. ૧૭
જિનપડિમાને પૂજે, આશ્રવ લાગે અનેક,
**કમળામભાચાર્ય** ભમિયો તે ભવ અછેક. ૧૮
એમ જાણીને **લોંકે** દયાધર્મ દીપાયો,
ગુજરાતે **લોંકા** ગિરવો તે ગચ્છપતિ પાયો. ૧૯
**રૂપો** ઋષિ પ્રથમ, શ્રી પુજ વડા ગુણવંત,
**જીવરાજ** પટોધર, દયાગુણે દીપંત. ૨૦
વળી **વકરે** પામ્યો, ભસ્મગ્રહ તીજે પાટ,
**વરસિંઘ** કુંડ કમાણા, તિણે કીધો ગચ્છ ફાટ. ૨૧
**કુંઅરજી** પાટે બેઠા, **વરસંઘ** પક્ષ હુઆ દુજી,
કુંઅરજી પાટે **શ્રીમલ, મોરબી** જેણે પ્રતિબૂજી. ૨૨
**શ્રીમાળી ઓલાણી નોતનપુરના** વાસી,
જેમજેમ તજી નારી, લિધો તે સંજમ ઉલાસી. ૨૩
**રતનાગર** ગણીવર, **કેસવ** તણા રે પાટે,
સાતમા ગણી **શિવજી**, વંદાથી ટળે ઉચાટ. ૨૪
દસમે તે પાટે, શ્રીપુજ શ્રી **ભાગચંદ**,
પરિગ્રહના ત્યાગી, વંદાથી હોય આનંદ. ૨૫
**શિવજી** પાટે સિંહ સમો **સિંઘરાજ**,
**સુખમલ** સુરિસ્વર, સાર્યાં તે આતમકાજ. ૨૬
તાસ શિષ્ય પટધારિ, વિદ્યા તણા રે ભંડાર,
**બાળચંદ** ગચ્છનાયકા, તેના શિષ્ય વંદુ ચાર. ૨૭
**લક્ષ્મીચંદ** મુનિ મોટા, સાધુ ગુણેથી સંપન્ન,
**વિજેચંદ જગનાથજી, માણિકચંદ** ઉપર મન. ૨૮
તેહને ભણાવી ગણાવી, ગણિવરપદ લઈ દિધો,
આગેવાન થઈને, વડ ભ્રાતા જસ લીધો. ૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માણિકચંદની** પાટે **ખુબચંદ** તેરમો પાટ,
**જગતચંદ** વિરાજે, વિદ્યમાન **ઘયઘાટ**. ૩૦
**લખમીચંદ** ગુરૂ ગિરૂવા, સુબુદ્ધિ તણા રે દાતાર,
વિપ્રશ્રી **ગોહણ** ન્નાતી, ક્ષમા તણા રે **ભંડાર**. ૩૧
**જોતિષ વૈદક જાણે પિણ ન કરે પાપ પરસંગ**,
બત્રિસ સુત્રની સાથે, જેહને તે પુરણ રંગ. ૩૨
તેણે કૃપા મુજ કીધી, શિષ્ય કરી સમકિત દીધો,
જૈન મારગ માંહે, મુજને તે પ્રવિણ કીધો. ૩૩
ભવોભવ મુજ સેવા, એહ જ ગુરૂજીની હોજ્યો,
ગુરૂજી કૃપા કરીને, મુજને ન્નાનગુણ દેજો. ૩૪
એહ ગુરૂજીને પ્રતાપે, રચના રાસની કીધી,
પૂર્વે ચોપાઈ હુતી તે **કરમસી ભુધરાણીએ** દીધી. ૩૫
તેહ તણે અનુસારે, કીધો એ ચરિત્ર રસાલ,
કોઈક અધકો કે ઓછો, વચન ભાખ્યો હોવે આલ. ૩૬
તેહ મિચ્છામિ દુકડ હોજ્યો તે શ્રી સંઘ સાખે,
**નૌતનપુરમેં** વંચાસી, સંવત **અઢારસો** સાઠે. ૩૭
ભાદરવા શુદ પાંચ સ્વાત સતિ સિદ્ધિ જોગ,
ભવિ ભણુસે ને ગણુસે, તેહની હોય તે કાયા નિરોગ. ૩૮
એ ભણતાં ને સુણતાં, સફળ ફળ્યો સંઘઆસ,
શ્રી જિનસાસનમાં નિત્ય હોજો લીલવિલાસ. ૩૯
નોકારવાલીને ઉપર, જિમ તે શોભતો મેર,
તેમ **તેજસાર** રાસે, શોભતી ઢાલ તેણી પેર. ૪૦
**લખમીચંદ** ગુરૂ કેરા ચરણકમળનો હું દાસ,
ગુરૂકૃપા લહિને કિધો એ ગ્રંથપ્રકાસ. ૪૧

કલશ

ઇમ **નવેનગર** શ્રી સંઘ સુખકર, **લોંકાગછ** લાયક ઘણો,
દયાધર્મ ધારે આશ્રય ટાળે શોભતો સાસન જિન તણો,
**નૌતનપુરમાં** સહુ કોઈ જાણે, **લક્ષ્મિચંદ** ગુરૂ ગુણ ઘણા,
સુધ ભાવ સ્યું જેણે સેવા કીધી, નહી તસ ઘર કોઈ મણા.
તેહ ગુરૂ તણી કૃપાથી શિષ્ય **રામચંદ** રંગે કરી,
ભવિ ભણુસે ગુણુસે જેહ સુણુસે, તે તો રિધિ સિધિ વંછિત વરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : પ્રકા. મોતીચંદ કેવલચંદજી વાંકાનેરવાલા, સં.૧૯૫૬. (સને ૧૯૦૦)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૪૭-૪૯.]

**૧૩૫૧. રૂપવિજયગણિ** (ત. પદ્મવિજયશિ.)

પદ્મવિજય જુઓ આ પૂર્વે નં.૧૨૪૯. રૂપવિજયે પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનું ચરિત્ર [સં.] રચેલું છે તે છપાયેલ છે.

**(૪૬૩૬) ગુણસેન કેવલી રાસ** ર.સં.૧૮૬૧ કારતક વદ ૭ મંગળ રાજનગરમાં

**આદિ** – સકલ સિદ્ધિદાયક સદા, **શંખેશ્વર પ્રભુ પાસ,**
પ્રણમું પદકજ પ્રેમથી, આણી મન ઉલ્લાસ. ૧
શારદ-વિધુવદની સદા, પ્રણમું **શારદ**-પાય,
બ્રહ્મસુતા વાગેશ્વરી, સમર્યાં જ્ઞાન સુહાય. ૨

**અંત** – ઢાલ. રાગ ધન્યાસી.
ગાયો ગાયો રે, મેં ગુણસેન કેવલી ગાયો.

*

સાપ સિંહ વ્યાઘ્રાદિકના ભવ, પામે ક્રોધ પસાયો,
હાં રે ધર્મરત્ન તે દુર્લભ, જેહથી પાપ પલાયો રે. મેં. ૬
સમતાવંત મહંત મુનીસર, પામ્યા સાશ્વત ઠાયો,
તેહના પદપંકજ નિત નમીઇ પામીઇ સુમતા રાયો રે. મેં. ૭
**તપ**ગચ્છગયણદિણંદ સમોવડિ, **વિજયદેવ**સૂરિ રાયો,
તાસ પાટ પૂર્વાચલ-દિનકર, **વિજયસિંહ**સૂરિ ઠાયો રે. મેં. ૮
તાસ સીસ શ્રી **સત્યવિજય**ગણી સંવેગ રંગે સવાયો,
ક્રીયાઉદ્ધાર કરી તિણું સુંદર, સાસન સોહ ચઢાયો રે. મેં. ૯
સીસ **કપૂરવિજય**ગણી તેહના, પંડિતરત્ન કહાયો,
સીસ તાસ શ્રી **ખેમાવિજય**ગણી, ગુણમણીરોહણ ઠાયો રે. મેં. ૧૦
શબ્દાલંકૃતિ નાટિક છંદે, જૈનાગમમાં સવાયો,
શ્રી **જિનવિજય**ગણી શિષ્ય તેહના, પંડિતરાજ કહાયો રે. મેં. ૧૧
**ઉત્તમવિજય**ગણી તસ વિનયી, વૈરાગરંગે રંગાયો,
તસ પાટે પ્રતપે છે સંપ્રતિ, જ્ઞાનધ્યાંન જિણું પાયો રે. મેં. ૧૨
પંડિત **પદ્મવિજય** ગુરૂ રાજે, જિણું બહુ શાસ્ત્ર નિપાયો,
સુરગુરૂ પણ પ્રતિભા જસ દેખી, લાજ્યો સ્વરગ જઈ ઠાયો રે. મેં.૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ પદપદ્મભ્રમર સમ સેવક, **રૂપવિજય** કહેવાયો,
**ગુણસેન** રાસની રચના કીધી, મનુજજનમફલ પાયો રે. મે. ૧૪
સંવત **ચંદ્ર રિતુ ગજ ચંદ્રે**, શ્રી જિનરાજ પસાયો,
**રાજનગર** ચોમાસું રહીને, રાસ એ રમ્ય નિપાયો રે. મે. ૧૫
કાર્તિક વદિ સાતિમ ભ્રગુવારે, ભાષા છંદે લખાયો,
જે નર ભણસ્યે ગુણસ્યે તેહને, થાસ્યે સુખ સહાયો રે. મે. ૧૬

(૧) ઇતિ શ્રી સકલપંડિતચક્રવાલચૂડામણી શ્રીમત્પ્રવર પંડિતાધીરાજ શ્રી **પદ્મવિજયગણીનાં** પાદારવિંદસ્વાદનૈકરસિકેન પં. રૂપવિજયગણિના રચીતે શ્રીમદ્ ગુણસેન કેવલી ચરીત્રે પ્રાકૃત પ્રબંધે ગુણસેનકેવલીમોક્ષગમન પર્યંત ચરીત્ર સમાપ્તં. ઇતિ શ્રી ગુણસેન કેવલી રાસઃ સંવત ૧૮૬૮ના કાર્ત્તિક વદિ ૧૩ બુધવારે. પં. શ્રી ૫ **દ્વી[ધી]**રવિજયગણી વાચનાર્થં. શ્રી પાર્શ્વનાથજી પ્રસાદાત્ શ્રી કલ્યાણમસ્તુ. પ.સં.૭૮-૧૩, આ.ક.ભં. (૨) સં.૧૮૬૧ કાર્તિક વદિ ૬ ભ્રગુવાસરે પં. **પ્રતાપવિજયગણિ** તત્-શિષ્ય પં. **વવેકવિજયગણિ** તત્ભ્રાતૃ પં. **ભાણુવિજય** લષિતં. **સાગર-ગછે.** પ.સં.૬૪-૧૩, રત્ન.ભં. દા.૪૧ નં.૩૩. [મુપુગૂહસૂચી.]

**(૪૬૩૭) + પદ્મવિજય નિર્વાણ રાસ** (ઐ.) ૨.સં.૧૮૬૨ વૈ.શુ.૩ પાટણમાં

જૈનમ્ જયતિ શાસનમ્

આનો સાર નં.૧૨૪૯ પદ્મવિજયમાં આપ્યો છે.

**આદિ –** શારદ-વિધુવદની સદા, પ્રણમું **શારદપાય,**
સરસ વચનરસ પામિયે, જમતાં જાડ્યતા જાય. ૧

**અંત –** ઢાલ ૧૨મી.
ગિરૂઆ ગુણ ગુરૂજી તણા મુજ સાંભરે હિયડલા માંહે રે.

*

કલશ.

ગુરૂરાજ ગાયા સુજસ પાયા, દુખ ગમાયા દૂર એ.
**નયન ઋતુ ગજ ચંદ** વરસે, પામી આનંદપૂર એ.
ગણી **રૂપવિજયે** રાધ માસે, અક્ષયતૃતિયા દન્ન એ.
નિર્વાણ રચના રચી સુંદર, સુણતાં સંઘ પ્રસન્ન એ.

(૧) પ.સં.૧૫, લીં.ભં. નં.૨૧૭૨. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૮૫).]

પ્રકાશિત : ૧. જૈ. એ. રાસમાળા ભા.૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬૩૮) [+] **અષ્ટપ્રકારી પૂજા** ર.સં.૧૮૭૯
(૧) પ.ક્ર.૬થી ૯, લીં.ભં. નં.૧૮૪૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]
[પ્રકાશિત : ૧. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ.]

(૪૬૩૯) + **વીશ સ્થાનક પૂજા** ૨૧ ઢાળ ર.સં.૧૮૮૩ ભાદ્ર.શુ.૧૧

આદિ – દોહા.

સુરપતિ શ્રીપતિ નરપતિ, ગુણપતિ જસ નિત ગાય,
પુરિસાદાણી **પાસજી, શંખેશ્વર**પુરરાય. ૧
સકલ સમીહિત પૂરવા, સુરતરૂ સમ સોહાય,
પ્રણમી પદયુગ તેહના, ભક્તિભાવ ચિત્ત લાય. ૨
સમકિતધારી જીવને, જિનપદ પ્રાપ્તિ હેત,
વિશ સ્થાનક પૂજા રચું, પામી શાસ્ત્રસંકેત. ૩

અંત – ઢાલ ૨૧ ઘણું જીવ તું જીવ જિનરાજ જીવો ઘણું એ દેશી.
સકળ મંગળ તણી વેલી વિસ્તારણી, વિશ સ્થાનક તણી સરસ પૂજા,
શ્રી **વિજયસિંહ** સૂરીશ **તપ** ગણપતિ, શિષ્ય તસ **સત્યવિજયા**ભિધાણો.
કપુર **ખીમાદિ જિન ઉત્તમ** શબ્દથી, **વિજયપદે** શિષ્ય સંતાન જાણો. સ. ૪
**તત્ત્વ ગજ દિગ્ગજ ચંદ્ર** વરસે ભલી, શુક્લ એકાદશી ભદ્ર માસે,
સકલસુખસદ્મ ગુરૂ **પદ્મવિજયાં**તિષત, **રૂપવિજયા**ભિધો વાણી ભાષે. સ. ૫

કલશ.

એમ સકલમંગલશ્રેણિદાતા, **પાર્શ્વ** શ્રી **શંખેશ્વરો,**
વર ભક્તિ દાવે શુદ્ધ ભાવે, સંથુણ્યો અલવેસરો.
સંવેગમાર્ગી તત્ત્વરાગી, **પદ્મવિજય** મુણીશરો,
તસ શિષ્ય ભાખે શાસ્ત્ર સાખે, **રૂપવિજય** સુહંકરો.

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૫૦૫થી ૫૩૯. [૨. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ. ૩. પૂજાસંગ્રહ (મોહનલાલ બાકરભાઈ).]

(૪૬૪૦) + **સ્નાત્ર પૂજા** વિજયજિનેંદ્રસૂરિના રાજ્યમાં એટલે સં.૧૮૮૪ પહેલાં

આદિ – આર્યા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com जैन साईट

મુક્તાલંકારવિકારસારં સૌમ્યત્વકાંતિકમનીયં,
સહજનિજરૂપનિર્જિજતજગત્‌ત્રયં પાતુ જિનબિંબં.

*

દૂહા.

સયલ સુરાસુર નરવરા, જસુ વાણી લયલીણ,
સો પરમાતમ અતિશયી, ઠવો સિંહાસણ પિણ.

અંત – ઢાળ

દશ વૈમાનિક વીસ ભવણવઇ, બત્રીસ વ્યંતરરાજા,
સામાનિક તાયતિંસ પરષદા, લોકપાલ ચઉ તાજા.

*

**તપાગચ્છનાયક** ગુણલાયક, **વિજયજિણંદસૂરિ** નામ,
તસ રાજ્યે જિન-જનમ-મહોચ્છવ, ગાયો ગુણ અભિરામ.
સંવેગરંગ સુરંગી સદ્‌ગુરૂ, **સત્યવિજય** મહારાજ,
શિષ્ય **કપૂર ક્ષમા જિન ઉત્તમવિજય** પદે વધિ લાજ. ૬
શ્રી ગુરૂ **પદ્મવિજયપદસેવી, રૂપવિજય** કહે એમ,
શ્રી જિનજન્મમહોત્સવ ગાસ્યે, તેહને સઘળે એમ.
પુણ્યમહોદય કમલા વિમલા, હોસ્યે ઝાકઝમાલ,
ઋદ્ધિ સિદ્ધિ નવનિધિ તે, લહસ્યે નિત્ય મંગલમાલ. ૭

રાગ પ્રભાતી દેશી.

એમ પૂજા જિનરાજની, સમકિત રૂચિવંત,
કરતાં નિર્મળ ભાવ સ્યું, લહો જ્ઞાન અનંત. ૧

*

પ્રભુપદ **પદ્મ**ની પૂજના, **રૂપ** કહે કરે જેહ,
અખય અનોપમ સંપદા, નિજ નિજ પામે તેહ. ૪

(૧) લિ. સં.૧૮૭૯, પ.ક્ર.૧થી ૬, લીં.ભં. નં.૧૮૪૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૧).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૪૬૧થી ૪૭૩. [૨. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ. ૩. પૂજાસંગ્રહ (મોહનલાલ બાકરભાઈ).]

**(૪૬૪૧) + પિસ્તાલીસ આગમ પૂજા** ર.સં.૧૮૮૫ આસો શુ.૩ શનિ

**આદિ –** દોહા. આચારાંગ સૂત્ર પૂજા.

ભવિકજીવહિતકારિણી, સ્યાદ્‌વાદ જસ વાણી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પરમાતમ પ્રણમીયે, વિમલ અનંત ગુણખાણી. ૧
જિનમુખ-પદ્મદ્રહ થકી, પ્રગટી ત્રિપદી ગંગ,
મુનિ માહણ ઝીલે સદા, અર્થ પીયે ગ્રહી ચંગ. ૨
મિથ્યા-તમ-ભર ટાળવા, જિનવર અભિનવ સૂર,
તસ ગોભર શ્રુત પૂજીને, પામો સમકિતનૂર. ૩

અંત – કલશ. ધન્યાશ્રી.
ગાયા ગાયા રે, **પણ્યાલીશ આગમ** ગાયા,
જિનવરભાષિત ગણધરગુંફિત, મુનિવર કંઠ સલાયા રે. પણ. ૧

*

શ્રી **વિજયદેવ** સૂરીશ્વર પટધર, **વિજયસિંહ** સૂરિરાયા,
**સત્યવિજય** તસ શિષ્ય મનોહર, સંવેગમારગ ધ્યાયા રે. પણ. ૪
**કપુર ખિમા જિન ઉત્તમ** નામથી, **વિજયપદે** સોહાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય** પદપંકજ, નમતાં નવનિધિ પાયા રે. પણ. ૫
**બાણ નાગ ગજ ચંદ્ર** સંવત્સર, આસો માસ સુહાયા,
ત્રીજે સવિતાસુત વારે ભલા, કંઠે ગીત મલાયા રે. પણ. ૬
**તપગચ્છ વિજયદિણેંદ્ર** સૂરીશ્વર, રાજે સુજસ સુહાયા,
**રૂપવિજય** કહે આગમપૂજા, કરતાં સવી સુખ પાયા રે. પણ. ૭

(૧) સંવત્ ૧૮૮૬ના વર્ષે માસોતમાસે શુકલપક્ષે ૧૩ તિથૌ બુધવાસરે લી. પં. રત્નવિજયગણિ લપીકૃત્વં શ્રી પંચાસરાજી પ્રસાદાત્ શ્રી **પાટણ** નગરે શ્રી **વિજયદિનેંદ્ર** સૂરીશ્વરજી રાજ્યે. પ.સં.૧૮-૧૫, પુ.મં. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ. [૨. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ. ૩. પૂજાસંગ્રહ (મોહનલાલ બાકરભાઈ).]

**(૪૬૪૨) + પંચજ્ઞાનની પૂજા** ર.સં.૧૮૮૭ નેમિકલ્યાણક દિવસે [શ્રાવણ શુદ ૫ ?]

આદિ – પ્રથમ મતિજ્ઞાન પૂજા પ્રારંભ. દોહા.
સકલ કુશલ કમલાવલી, ભાસક ભાણ સમાન,
શ્રી **શંખેશ્વર પાસના,** ચરણ નમી ધરી ધ્યાન. ૧
કરમતિમિર-ભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સુર,
જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપર-સ્વભાવ પડુર. ૨
શ્રદ્ધા મૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન,

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એકતાન. ૩
અસંખ્ય ભેદ કિરીયા તણા, ભાખ્યા શ્રી અરિહંત,
જ્ઞાનમૂલ સફલા સવે, પંચભેદ તસ તંત. ૪
મઈ સુઅ ઉહિ મણપજ્જવા, પંચમ કેવળ જાણ,
પૂજા કરતાં તેહની, લહીએ પંચમ નાણ. ૫
જાણે કેવળે કેવળી, શ્રુતથી કરે વખાણ,
ચઉ મુંગા શ્રુત બોલતું, ભાખે ત્રિભુવન-ભાણ. ૬
પંચ જ્ઞાન અનુક્રમે લહી, જેહ થયા અરિહંત,
અષ્ટપ્રકારે પૂજતાં, લહીએ જ્ઞાન અનંત. ૭

**અંત –** ઢાળ ૧૧મી. કલશ. રાગ ધન્યાશ્રી.

પૂજો પૂજો રે, ભવિ પંચજ્ઞાન નિત પૂજો,
પંચજ્ઞાન પૂજન સમઘટમાં, ઓર ન સાધન દૂજો રે. ભવિ. ૧
મઇ સુઅ ઉહિ ને મનઃપર્યવ, કેવળ પંચમ જાણો,
અઠાવીશ ચઉદસ ષટ્ દુગ ઇગ, ભેદ પ્રમાણ વખાણો રે. ભવિ. ૨
જ્ઞાન-આરાધન સિદ્ધિનું, સાધિ કર્મ ખપાયા,
કેવલકમળા પામી અનંતી, સિદ્ધિએ સિદ્ધ સુહાયા રે. ભવિ. ૩
જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિરસંચિત અઘ જાય,
પૂણ્યમહોદય કમળા વિમળા, ઘટમાં પરગટ થાય રે. ભવિ. ૪
શ્રી **વિજયદેવ** સૂરીશ્વર પાટે, **વિજયસિંહ**સૂરિ રાયા,
તાસ શિષ્ય શ્રી **સત્યવિજય**ગણિ, સંવેગ મારગ ધ્યાયા રે. ભવિ. ૫
શિષ્ય **કપૂર ખિમા જિન ઉત્તમ વિજય**પદે સોહાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય**પદપંકજ, નમતાં શ્રુત બહુ પાયા રે. ભવિ. ૬
**ઋષિ ગજ દિગ્ગજ ચંદ** સંવત્સરે, જ્ઞાનભગતિ મન લાયા,
નેમીશ્વર કલ્યાણક દિવસે, પંચજ્ઞાન ગુણ ગાયા રે. ભવિ. ૭
**તપગચ્છ વિજયદિણંદ** સૂરિશ્વર, દીપે તેજ સવાયા,
તસ રાજ્યે ભવિજનહિતકાજે, **રૂપવિજે** ગુણ ગાયા રે. ભવિ. ૮

(૧) પ.સં.૬, લીંભં. નં.૧૭૯૯. (૨) પ.સં.૬, લીંભં. નં.૧૯૨૭. [ડિકેટલોગભીજે ભા.૧ (પૃ.૨૭૨), મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭, ૨૭૧, ૫૭૮).]

પ્રકાશિત : ૧. ત્રિવિધ પૂજા સંગ્રહ પૃ.૪૯૨થી ૫૦૪. [૨. સ્નાત્ર-પૂજા આદિ પૂજાઓનો સંગ્રહ. ૩. પૂજાસંગ્રહ (મોહનલાલ બાકરભાઈ).]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬૪૩) + **પંચકલ્યાણક પૂજા** ર.સં.૧૮૮૯ માહ શુ.૧૫ સિદ્ધાચળે (પાલીતાણામાં)

**આદિ** – પ્રથમ શ્રી ચ્યવનકલ્યાણક.

અમરનિકર નિત જેહના, ભક્તિરસે ભરપૂર,
પદપંકજ પૂજા કરી, કરે કર્મ ચકચૂર. ૧
ઉક્કોસય સત્તરિસયા, જિનવર જગસિણગાર,
પ્રણમી ગાસ્યું તેહના, પંચકલ્યાણક સાર. ૨
ચવન જનમ વ્રત કેવળી, મોક્ષ તે પંચમ જાણ,
પ્રેમે પૂજા ભવિ કરી, લહો કલ્યાણ કલ્યાણ. ૩
ધન તે ગામ નગર પૂરી, ધન્ય તેહ નરનાર,
જિહાં કલ્યાણક જિન તણાં, ધન્ય તેહના અવતાર. ૪
હરિ જિન કલ્યાણક કરી, જઇ નંદિસર ઠામ,
અઠ્ઠાઈ મહિમા કરી, જાયે નિજ નિજ ધામ. ૫
તિણ વિધ સાવય શ્રાવિકા, સમકિતી અણુવ્રતી ખાસ,
પૂજા કરી જિનરાજની, તોડે કર્મના પાસ. ૬
અડ નવ સત્તર પ્રકારથી, જિનપૂજા કરી સાર,
જિનપદ પામિ જુગતથી, લહો ભવિ ભવજળપાર. ૭

JAINSITE .com जैनम् जयति शासनम्

**અંત** – કળસ. રાગ ધન્યાશ્રી

ગાયા ગાયા રે, જિનરાજ ભગતિરસે ગાયા.
અકલ અસંગ અનંત અરૂપી, પૂર્ણાનંદ પદ પાયા,
ધ્યેયધ્યાનએકતાને, આતમઅભેદે ઠાયા રે. જિ. ૧
સમકિતધારી અણુવ્રતકારી, શુચિ શ્રદ્ધા મન લાયા,
પારંગત-પદ-પૂજન કારણ, ભગતે ચિત્ત ભરાયા રે. જિ. ૨
તદ્ગત ચિત્ત સૂત્ર અનુસારે, ભાવની વૃદ્ધિ સોભાયા,
જે જિનરાજ ભગતિ કરેંગે, તસ ઘર સુજસ સવાયા. જિ. ૩
**તપગચ્છ વિજયદેવ**સૂરિ પાટે, **વિજયસિંહ** સૂરિરાયા,
**સત્યવિજય** તસ શિષ્ય મનોહર, સંવેગમારગ ધ્યાયા રે જિ. ૪
**કપૂર ક્ષમા જિન ઉત્તમ** નામે, દિનદિન સુજસ સવાયા,
શ્રી ગુરૂ **પદ્મવિજય**-પદપંકજ, નમતાં દુરિત ગમાયા રે. જિ. ૫
**નંદ દિશા ગજ ચંદ** વર્ષે, મધુ સુદિ પુનમે ધ્યાયા,
શ્રી **સિદ્ધાચળ** તીરથ ફરસી, **રૂપવિજય** ગુણ ગાયા રે. જિ. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) લિ.સં.૧૯૦૪, પ.સં.૮, લીં.ભં. નં.૧૮૦૦. (૨) લી. સાધૂ ગોવિં(દ)દાસઃ. પ.સં.૯-૧૦, જશ.સં. નં.૧૦૩. [ડિકેટલોગભીજે ભા.૧ (પૃ.૨૭૦), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૫૧).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ પૃ.૪૭૪થી ૪૯૧. [૨. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ. ૩. પૂજાસંગ્રહ (મોહનલાલ બાકરભાઈ).]

**(૪૬૪૪) વિમલ મંત્રી રાસ** (ઐ.) ર.સં.૧૯૦૦ અસાડ શુદ ૧૩ રવિ

**આદિ** – દૂહા.

ચિદાનંદ પરમાતમા, શુદ્ધ સ્વરૂપ સુજ્ઞાન,
નમો વિશ્વનાયક સદા, સિદ્ધ શુદ્ધ ભગવાન. ૧
ચિદાનંદ ચિદ્રૂપ પ્રભુ, ચિદ્‌મૂર્ત્તિ નમું દેવ,
પરમબ્રહ્મ પરમાતમા, કિજે તેહની સેવ. ૨
મરકતમણિ સમ દેહ જસ, ફણિપતિ સેવિત જેહ,
સકલસિદ્ધિનાયક નમુ, **પાસ શંખેશ્વર** તેહ. ૩
પ્રણમું **વીર** જિણંદના, પદજુગ પ્રેમેં આજ,
વરતે શાસન જેહનું, જયવંતુ સુઆજ. ૪
**ઋષભાદિક** જિનરાજને, પ્રણમિ ચઢતે ભાવ,
સારદવિધુવદની વલી, **શારદ** શુદ્ધ સ્વભાવ. ૫
ફણિમણિકિરણની શ્રેણિઇ, સોભીત જેહની દેહ,
પૂરો વંછિત માહરા, **પદ્માવઈ** સવિ તેહ. ૬
અંબા પરેં પદ માંડવા, શિષ્યવજે સુખકાર,
કવિજનને તે અંબિકા, આપો વચનરસ સાર. ૭
પ્રણમું પદકજ ગુરૂ તણા, જ્ઞાનામૃત-જલધાર,
જેહથી સવિ સંપત્તિ મલેં, પસરે જસવિસ્તાર. ૮
ગુણનિધિ સજ્જનલોકને, પ્રણમિ ચઢતે પ્રેમ,
રાસ રચું સોહામણો, **વિમલ** પ્રધાનનો એમ. ૯
કુણ પ્રધાન **વિમલા** હુઓ, કુંણ ઠાંણેં કુંણ દેસ,
કુંણુ ખ્યાતિ છે તેહની, કહો સવિ તેહ અશેષ. ૧૦
કહે કવિયણ તુમે સાંભળો, **વિમલ** તણો અધિકાર,
નિદ્રા વિકથા પરિહરો, આલસ દુર નિવારિ. ૧૧

**અંત** – રાગ ધન્યાશ્રી.

ગાવો ગાવો રે, ભવિ તીરથના ગુણ ગાવો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પાવો પાવો રે પરમાનંદ-પદ પાવો. એ ટેક.
**સિદ્ધાચલ ગિરનાર** મનોહર **અર્બુદ** ને **વૈભાર**,
**સમતશિખર** તીરથ પ્રભુ સિદ્ધા વિસેં જગત-આધાર રે.
-ભવિ તીરથના ગુણ ગાવો.

*

તપગચ્છ-ગગનનભોમણિ પ્રગટ્યો શ્રી **વિજયદેવ** મુનીસ,
તાસ પાટ ઉદયાચલ-દિનમણિ શ્રી **વિજેસિંઘ** સૂરીસ. ૧૦
જ્ઞાન ધ્યાન તપ સંયમ ધોરી સંવેગરંગ-સુરંગી,
શ્રી ગુરૂ **સત્યવિજય** તસ પટ્ટધર યોગાચાર્ય-પદ-સંગી રે. ૧૧
**કપુરવિજય**ગણિ શિષ્ય તેહના કપુરોજ્જવલ જસધારી,
તાસ શિષ્યશ્રી **ખેમાવિજય**ગણિ જ્ઞાનક્રિયાઅધિકારી રે. ૧૨
વાદિ-મત્તગજ-ભેદન-હરિ સમ, શ્રી **જિનવિજય** મુનીસ,
તાસ શિષ્ય આગમરસવેદિ **ઉત્તમવિજય** સુશીષ્ય રે. ૧૩
સદાલંકૃતિ નાય કાવ્યરસ પિંગલ નાટિકા ગ્રંથ,
જૈનાગમસિદ્ધાંતના વેદિ વર્ત્ત સદા મુનિપંથ રે. ૧૪
**મહાભાષ્ય તત્ત્વારથ સંમતિ કમ્મપયડી** સુપહાણ,
શિષ્ય અનેકના પાઠ પ્રણમું, ધરૂં નિત તેહનૂં આણ રે. ૧૫
શ્રી પદ્મગુરૂ **પદ્મવિજય**-પદપંકજ-મધુકર મહાવ્રતધારિ,
**રૂપવિજય** શ્રી **વિમલચરિત્ર**થી રાસ રચ્યો સુવિચારી રે. ૧૬
સંવત **નભ નભ નંદ ચંદ (૧૯૦૦)** મિત વરસે આસાઢ માસે,
સુદિ તેરસ રવિવારે રચના, રાસનિ કિધિ ઉલ્લાસે રે. ૧૭

(૧) સં.૧૯૦૫ લિ. ગોધાવીનગરે વર્ધમાનસ્વામિ પ્રસાદાત્ રાજનગરે સં. અમીવિજયે લખાવ્યો છે. પ.સં.૭૪–૧૨, રત્ન.ભં. દા.૪૧ નં.૩૪. (૨) રત્ન.ભં. (૩) સંવત ૧૯૦૮ના વર્ષે માસોત્તમ માસે પુરૂષોત્તમ માસે શુકલપક્ષે તિથૌ દ્વિતીયા દન્યે મંગલવાસરે સંપૂર્ણ પઠનાર્થં શેઠજી શ્રી લલુભાઈ પાનાભાઈ શ્રી ઓસવાલજ્ઞાતીય વૃદ્ધા શાખાયાં શિસોદિયા વંશે કુંકુમલોલ ગોત્રિય શ્રી રાજનગર શ્રેષ્ટિ લિખિતં પટેલ કલ્યાણ લક્ષ્મીચનદાસ. પ.સં.૭૪-૧૧, મો.સેં.લા. (૪) ચતુર્થખંડ સમાપ્તઃ સંવત ૧૯૦૯ વૈશાખ શુદી ૧૨ દ્વાદશી વારે શુક્રવારે લીપિકૃતં પં. જતનકુશલેન ગોધાવિનગરે શ્રી અમદાવાદનગર નિવાસિ મગનલાલ વખતચંદને અર્થે લખ્યો. ફાર્બસ ગુજરાતી સભા. (આ મગનલાલ વખતચંદે અમદા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાદનો ઇતિહાસ લખ્યો છે જેની શિલાલેખવાળી છાપેલી પ્રત અમદાવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની લાયબ્રેરીમાં છે).

**સ્તવનસઝાયો**

**(૪૬૪૫) [+] અજિતનાથ જન્માભિષેક** [અથવા **કલશ**]

(૧) લિ. સં.૧૮૭૯, પ.ક્ર.૯થી ૧૧, લીં.ભં. નં.૧૮૪૯. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૨).]

[પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ ભા.૬.]

**(૪૬૪૬) મહાવીર સત્તાવીશ ભવ સ્ત.**

(૧) લિ. સં.૧૯૨૪, પ.સં.૭, લીં.ભં. નં.૩૫૦૫. [લીંહસૂચી.]

**(૪૬૪૭) અન્ય સ્તવનસઝાય**

૧ તારંગા સ્ત. ૧૬ કડી ૨.સં.૧૮૭૪ રાધ (વૈશાખ) માસ શુદ ૧૦ શુક્ર.

(૧) જશ.સં.

૨ + અરણિક મુનિ સઝાય

(૧) લિ.સં.૧૮૬૯, પ.ક્ર.૫૨, લીં.ભં. નં.૨૫૩૫. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩ + મન સ્થિર કરવાની સઝાય. ૪ [+] આત્મબોધ સઝાય. ૫ [+] નેમરાજુલ સઝાય.

પ્રકાશિત : ૧. સ.મા.ભી. [૨. જૈ.પ્ર. ૩. ચૈત્ય. આદિ સં. ભા.૩. ૪. મોટું સઝાયમાળા સંગ્રહ. તથા અન્યત્ર.]

**(૪૬૪૮) 'સમ્યક્ત્વ સંભવ (સુલસા ચરિત્ર) બાલા.** ૨.સં.૧૯૦૦

મૂળ જયતિલકસૂરિકૃત સં.માં.

(૧) ગ્રં.૨૬૮૦, પ.સં.૪૮, સેં.લા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૪૯–૫૯ તથા ૧૬૭૪. કવિએ પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનું ચરિત્ર 'લખેલું' એવી નોંધ હતી તે વસ્તુતઃ 'રચેલું' જોઈએ, તેથી અહીં સુધાર્યું છે. ત્યાં 'વિચારામૃત સંગ્રહ બાલા.' આ કવિને નામે મુકાયેલો તે રંગવિજયની કૃતિ જણાતાં અહીંથી રદ કર્યો છે. જુઓ હવે પછી રંગવિજય નં.૧૩૯૮.

'પંચજ્ઞાનની પૂજા'ની રચનામિતિ નેમિજન્મકલ્યાણદિવસ માનીએ તો શ્રાવણ સુદ ૫ ઠરે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ૧૩૫૨. સબલસિંહ (ખ. શ્રાવક)

(૪૬૪૯) **વીશી** ર.સં.૧૮૬૧ અક્ષયતૃતીયા મકસુદાબાદમાં

(૧) પ.સં.૬, મહિમા. ભં. પો.૬૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૫.]

### ૧૩૫૩. ચોથમલ

(૪૬૫૦) **ઋષિદત્તા ચોપાઈ** (રાજસ્થાનીમાં) ૫૭ ઢાળ ર.સં.૧૮૬૪ કા.શુ.૧૩ દેવગઢ (મેવાડ)માં

**આદિ –** સાસણનાયક સિમરતાં, પામીજે નવનિધ,
સુખ વલે પામે સાસતા, કાર્ય થાયે સિદ્ધ. ૧

*

**રિષદત્તા** મોટી સતી, પાલ્યો સીલ ઉદાર,
તેહ તણૌ સંબંધ કહું, સાંભલજ્યૌ નરનાર. ૫

**અંત –** **રિષદત્તા** પર સીયલ જે પાલે, તે આતમા ઉજવાલેજી,
ભવભવરા તે ફેરા ટાલે, મુક્તમારગનૈ ભાલેજી. ૮
ઇણિ પર સતી **રિષદત્તા** કેરો, ધ્યાન ધરેજૈ સવેરોજી,
તિણથી સિવપુર થાવે નૈરો, ભાજે ભવિભવિ ફેરોજી. ૯
સતી કષ્ટમૈ પરીયાં રહી જે સૈઠી, જાય સિવનગરીયે બૈઠીજી,
**ઉપદેશમાલામૈ** એ કથન ચાલ્યો, ગ્યાંની દેવાં ઘાલ્યોજી. ૧૦
એહ સંબંધમે અધિકોઉછો, તે મિછામી દુકડ હોજ્જોજી,
કેવલીવચન સાચા કર જાંણો, મુજને દોસ મ દેજ્યોજી. ૧૧
સંવત **૧૮ સૈ ચૌસઠે**, સુદ કાતી તેરસ જાંણોજી,
દેસ **મેવાડમૈ દેવગઢ** ચાવો, જિહાં એ ગ્રંથ રચાંણોજી. ૧૨
રિષ **ચોથમલજી** કહી ઢાલ સતાવન, એ **રિષદતા** અધિકારોજી,
એકચિત કરનૈ સુણને સરધે, જ્યાંરૈ વરતે જૈજૈકારોજી. ૧૩

(૧) પુજજી શ્રી **ચોથમલજી** તતસિષ **સુરતમલ લિષ પાલી** મધ્યે સં.૧૮ ચીતરા(૭૬)રા વસાષ સુદ દસમ વાર મંગલવારરે દીન લિષી છે. પ.સં.૨૨-૧૮, શેઠિયા. (૨) પ.સં.૧૦, ચતુ. પો.૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૭ તથા ૧૫૬૨-૬૩.]

### ૧૩૫૪. હરજશ (ઓસવાલ, કસુરપુરવાસી)

(૪૬૫૧) **સાધુ ગુણમાલા** (હિંદીમાં) ૧૨૫ કડી ર.સં.૧૮૬૪ ચૈત્ર શુ.૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ- દોહરા ઉત્કષ્ટાવરણુલંકાર

શ્રી ત્રૈલોક્યાધિશકો, વંદો ધ્યાવો ધ્યાન,
યા સેવા સાતા સુધી, પાવો નીકો ગ્યાન. ૧

દ્વાદસ સ્વર અનુક્રમે વર્ણ

અલખ આદિ ઈસ ઈસકો, ઉત્તમ ઉંચો એક,
એસો ઓડક ઓરનહુ, અંત ન આજગ ટેક. ૨

અંત - સકલ જગત પર અચલ અમલવર, અગમ અલખપદ, અટલ અકથ જસ.
ધર જલ દહન પવન વનત સમય, સકલ અટક તજ પરમ સદન ખસ.
સરપ અમર નર કરણુ હરખ જસ, વચન પરમરસ ભવજન દસ દસ,
જગતર વરહર પરમ અનઘ ભવ, ભવજલ તરવર જસકર હરજસ. ૧૨૪

કલસ. માલિની છંદ.

આઠ દસ વરષે ચૌસઠે ચૈત માસે,
સસ મૃગ સિત પક્ષે પંચમી પાપ નાસે.
સ્વ મુનિગણુમાલા મોદ પાયા કિ સુરે,
હરજસ ગુણુ ગાયા નાથજી આસ પુરે. ૧૨૫

(૧) સં.૧૯૧૮ વૈ.શુ.૧૨ લિ. ગંગાદાસ આત્મારામજી. પ.સં.૧૫-૧૧, પાલણપુર સંઘ ભં. દા.૪૭ નં.૨૪. (૨) પ.સં.૮, પ્ર.કા.ભં. વડો. નં.૬૧૨. (૩) સં.૧૯૪૭, પ.સં.૮, જિ.ચા. પો.૮૩ નં.૨૧૩૭. (૪) સં. ૧૯૪૧, પ.સં.[?], જિ.ચા. નં.૨૧૨૮.

**(૪૬૫૨) દેવાધિદેવ રચના** (હિંદી) ર.સં.૧૮૭૦ ચૈ.વ.

(૧) સં.૧૯૩૬, પ.સં.૭, જિ.ચા. પો.૮૩ નં.૨૧૪૮. (૨) સં. ૧૯૩૯, પ.સં.૪૬, જિ.ચા. નં.૨૨૨૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૭૪-૭૫. કર્તાપરિચય ક્યાંથી મળ્યો છે તે જણાવવામાં આવ્યું નથી.]

## ૧૩૫૫. વલ્લભવિજય (ત. શાંતિવિજય-સુજાણુવિજય-હિતવિજયશિ.)

**(૪૬૫૩) સ્થૂલભદ્ર ચરિત્ર બાલા.** ર.સં.૧૮૬૪ જ્યે.શુ.૬ વિજય-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનેંદ્રરાજ્યે

મૂળ જયાનંદસૂરિકૃત.

(૧) મૂળને અંતે : ભ. વિજયદયાસૂરિ શિ. મુક્તિવિજય–ડુંગરવિજય–વિવેકગણિ લ.સં.૧૮૬૩ પ્રભાવતી નગરે સામલા પાર્શ્વનાથ. પ.સં.૮૧, જિનદત્ત.ભં. પો.૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૭૨.]

## ૧૩૫૬. રાજેન્દ્રવિજય (ત. ભગવાનશિ.)

**(૪૬૫૪) ૨૧ પ્રકારી પૂજા** ર.સં૧૮૬૬ કા.શુ.૧૩ ખંભાત

(૧) સં.૧૮૬૬ કા.વ.૧૩ રાજેંદ્રવિજય લિ. ખંભાત મધ્યે. પ.સં.૧ લાંબો, કવિસ્વલિખિત, દાન. પો.૭૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૫.]

## ૧૩૫૭. માણેકવિજય (ત. ગુલાલવિજયશિ.)

**(૪૬૫૫) સ્થૂલિભદ્ર કોશા સંબંધ રસવેલિ** ૧૭ ઢાળ ર.સં.૧૮૬૭ ડભોઈમાં

**આદિ –** દૂહા.

શ્રી **પાર્શ્વ**દેવને પ્રણમીયે, **સરસ્વતિ** તું સમરથ,
**થૂલિભદ્ર** થૂણતાં થકાં, આપે સરસ અરથ. ૧
મુનિગુણ માંહિ હંસલો, મુનિગણ-શોભાકાર,
શીલવંત-શિરોમણિ, રચું રસવેલિ શ્રીકાર. ૨

**અંત –** ઢાલ ૧૭મી. પીઉજી તુમારે બોલડિયે – એ દેશી.
હું તો તત્ત્વદશાથી જાગી પ્રાણાધાર પધારતે રે,
ભવભયભાવટ ભાંગી.

*

**દર્ભાવતિ**મંડન દૂહવિહંડન, સાંભલ **લોઢણ પાસ,**
**શીલભેદ સમકિતગુણ** વર્ષ, શુદ તેરસ સીત માસ. ૧૦
શ્રી **વિજયજિનેંદ્ર** સૂરીશ્વર રાજે, **દર્ભાવતિ** રહી ચોમાસ,
શા **હેમા** સુત **માધવ વચને,** રસવેલ રચી સુવિલાસ. ૧૧
કલ્પતરૂ પૂરે મનકામિ, રતનચિંતામણી પાંમિ,
શ્રી **ગુલાલ** વિબુધ સુપસાઇ પામિ, **માણિક્ય** મહોદય કાંમિ. ૧૨



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણતાં ગુણતાં સવિ સાંભલતાં, સહૂની પૂરે આસ,
શ્રી **ગુલાલ** વિબુધ સુપસાઈ પાંમિ, **માણિક્ય** લહે સુજસવિલાસ. ૧૩

(૧) સં.૧૮૮૨ આસો શુક્લ ૬ ભોમવાસરે લી. રત્નવિજયગણિ રાજેંદ્ર સત્ક લપીકૃત્વા ઢાપરા મધ્યે ચોમાસું કૃત્વા લષીત્વં શ્રી શાંતિનાથજી પ્રસાદાત્ શ્રી સુમતિનાથ પ્રસાદાત્ પં. જયવિજય આત્માર્થે. પ.સં.૯-૨૭, ચોપડી આકારે, પાદરા ભં. નં.૩૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૭૫-૭૬.]

## ૧૩૫૮. ગુમાનચંદ (ખ. નગરાજ-ખુશાલચંદશિ.)

**(૪૬૫૬) કેશી ગૌતમ ચોઢાળિયું** ર.સં.૧૮૬૭ મા.શુ.૫ દશપુરમાં

(૧) આચાર્ય ખરતર ભંડાર વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૬.]

## ૧૩૫૯. અવિચલ

**(૪૬૫૭) ઢૂંઢક રાસ** ૧૦૮ કડી લ.સં.૧૮૬૯ પહેલાં

**આદિ** – **સરસતિ** માત મયા કરી આપો અવિરલ વાંણ,
ઢુંઢ **પવાડો** ગાવતાં લહીએ કોડી કલ્યાણ,

**અંત** – એહવો પ્રભાવ જ દેખી નીકલી ઢુંઢીયારી સેખી,
કહે **અવિચલ** મનરંગ તુમે મ કરજો ઢુંઢપ્રસંગ. ૧૦૭

કલસ.

મ મ કરો ઢુંઢપ્રસંગ માંનવદેવ-નંધા મત કરો,
ઇહભવ પરભવ ઉભય ભવ જો સકલ સુખવાંછા કરો.
એ ઢુંઢ જાસ્યે સુજસ થાસ્યે ગંચ્છ ઇજ્જત પાસજી,
શ્રી **પાર્શ્વનાથ** પ્રસાદ **અવિચલ** રચ્યો રાસ ઉલ્લાસજી.

(૧) લિ. સં.૧૮૬૯ આસો શુદ ૧૧ ગુરવાસરે લિ. **રાજેંદ્રવિજય**-ગણિ શિ. **ચતુરવિજય** શિ. **લાલવિજય ચોબારી** ગ્રામે. પ.સં.૪-૧૬, ચા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૭૬-૭૭.]

## ૧૩૬૦. વિનયચંદ (શ્યામ ઋષિ-તારાચંદ-અનોપચંદશિ.)

**(૪૬૫૮) મયણરેહા ચોપાઈ** ૬ ઢાળ ર.સં.૧૮૭૦ અધિક માઘ ૧૩ જયપુર

**આદિ** – શ્રી સરસ્વત્યૈ નમઃ દૂહા

**આદિ** ધરમધોરી પ્રથમ, રાજેશ્વર જિનરાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમિ **નાભેય** અમેય ગુણ, કનક આભ સમ કાય. ૧
જૂવાખેલન માંસ મદ, વેશ્યા વિસન શિકાર
ચોરી પરનારીગમણ, એ સાતું વ્યસન નિવાર. ૨
ઇણ માંહિ મોટા પાપ એ, પરરમણીનો પ્યાર
ઇહલોકે અપજસ વધે, પરભવ નરગ મઝાર. ૩

અંત – ઢાલ ૬
એમ સીલવ્રત ધારેજી, પાલે જે નિરતો
તે છે ધન સંસારેજી, પાલે છે ચરિતો. ૨૪

કલસ
સિદ્ધાંતસાર વિચારસાગર લોકમે કીરતિ ઘણી
સંવેગરંગ વિશેષ અંગે સાધુ **સામ** ઋષિ ગણિ
**તારાચંદ** ગુણધર **અનોપચંદ**જી સીસ એ
તસ ચરણસેવક **વિનય** છહુએ કરી ઢાલ જગીસ એ
સંવત **અઠારે સય સિત્તર** અધિક માઘ તેરસી દિને
**જયપુરે** જિનવરને પ્રસાદે, સુણો ભવિયણ ઇક મને. ૧

(૧) પ.સં.૬, અભય. પો.૧૧ નં.૧૦૩૮.

**(૪૬૫૯) સુભદ્રા ચોપાઈ** ૫ ઢાળ લ.સં.૧૮૭૨ પહેલાં

આદિ – દૂહા
શિવદાયક લાયક સદા, કંચનવરણ સરીર
શાસણ-નાયક સિવગતિ, નમો નમો **મહાવીર**. ૧

અંત – કલસ
ગુણગણાલંકૃત હરણ દુરમતિ શ્રી આચાર્ય **સામ**
તસ ચરણસેવા **તારાચંદ**જી, કરી અતિ અભિરામ
**અનોપચંદજી** તાસ સિષ્ય આદરી આણંદ ધરી
તસ ચરણસેવક કવિ **વિનયચંદ**, ઢાલ પાંચુ એ કરી.

(૧) સં.૧૮૭૨ આ.શુ.૫, પ.સં.૩-૧૮, કુશલ. પો.૨૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૮ તથા ૧૫૪૮-૪૯. ત્યાં પહેલાં કવિને સાધુસોમ-પ્રશિષ્ય કહેલા તે પછીથી કૃતિનો ભાગ મળતાં સુધાર્યું છે પણ ‘વિનય’નું ‘વિનયચંદ’ કરવાનું રહી ગયેલું, જે અહીં કર્યું છે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૩૬૧. શિવચંદ** (ખ. ક્ષેમકીર્તિશાખા રૂપચંદ–પુણ્યશીલ–સમયસુંદરશિ.)

**(૪૬૬૦) નંદીશ્વર પૂજા**

(૧) પ.સં.૧૪, દાન. પો.૭૫.

**(૪૬૬૧) વીશ સ્થાનક પૂજા** સં.૧૮૭૧ ભા.વ.૧૦ અજીમગંજ

(૧) સં.૧૯૫૭ ફા.વ.૭ **વીકાનેર** મધ્યે મહાત્મા **હીરાલાલ** લિ. પ.સં.૨૦. દાન. પો.૭૫. (૨) **શિવચંદ** લિ. અબીર. પો.૧૮.

**(૪૬૬૨) ૨૧ પ્રકારી પૂજા (એકવિંશતિ વિધાન જિનેંદ્ર પૂજા)** ૨.સં.૧૮૭૮ માઘ શુ.૫ રવિ

**આદિ –** દોધક (દૂહા).

મંગલ હરિચંદન રૂચિર, નંદન વિપિન ઉદાર,
**વામાનંદન**-પદ-પદમ, વંદન કરિ જયકાર. ૧
પ્રવચનમેં પ્રભુની કહી, એ ઈકવીસ પ્રકાર,
પૂજ હિત સુખ ખેમ શિવપદ કરણી મનુહાર. ૨

**અંત –** રાગ ધન્યાસિરી, તજ તરણિ સુખ રાજૈ એ ચાલ.

જિનજીકા સુરપતિ ગુણ ગાવૈ,
જે ઈકવીસ ભેદ જિનપૂજા, કરઈ કરાવે ભાવૈ.
તે જન સકલ દુરિત અરિ હરી કરી, તીર્થંકર પદ પાવૈ. ૧
વરસ **નાગ રિષી વસુ ધરણી** મિત, સકલ સંઘ સુખ પાવૈ,
માઘ માસ સિત પંચમિ દિનકર, વાસર સહુ દિન રાવૈ. ૨
શ્રી **જિનચંદ્ર**સૂરિ **ખરતર**પતિ, પટનભ-તરણિ કહાવે,
શ્રી **જિનહરષ**સૂરિ સૂરીસર, વિજયમાંન વડદાવૈ. ૩
**ક્ષેમકીર્ત્તિ**શાખા મંડનતર, મહોવઝાયપદ ચાવે,
**રૂપચંદ** વાદીંદ્ર બિરૂદધર, જસુ ગુણિયલ ગુણ ગાવે. ૪
તસુ વિનય વાચકવરપદધર, **પુણ્યશીલ** શુભ ભાવૈ,
**સમયસુંદર**ગણિ તસુ પદપંકજ, સેવત ભમર કહાવે. ૫
સમરણ કરિ જિન ગુરૂકો વલિ, તસુ ચરમકમલ સુપસાવૈ,
પૂજ રચી પાઠક **શિવચંદૈ**, પરમાનંદ વધાવે. જિન. ૬

(૧) પ.સં.૯–૧૩, અનંત. ભં.૨. (૨) પ.સં.૮–૧૪, અનંત. ભં.૨. (૩) સં.૧૯૪૯ **ગાડરવાડે**. પ.સં.૮, દાન. પો.૭૫. (૪) પ.સં.૨૫, કવિની ઋષિમંડલ પૂજા સહિત, અબીર. પો.૧૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬૬૩) + **ઋષિમંડલ પૂજા** અથવા **ચતુર્વિંશતિ જિનપૂજા** ર.સં. ૧૮૭૯ બીજા આસો શુ.પ શનિ જયનગરમાં

**આદિ** – પ્રણુમી શ્રી **પારસ** વિમલ, ચરણકમલ સુખદાય,
**ઋષિમંડલ** પૂજન રચું, વર વિધિયુત ચિત લાય. ૧
નંદીશ્વર મંદિર ગિરૈ, શાશ્વત જિન મહારાજ,
અરચૈ અડવિધ પૂજસૈ, જૈસે સહુ સુરરાય. ૨
તિમ ચિત જિનપતિ ગણધરા, શ્રાવક સમકિતધાર,
વિરચૈ જિન ચોવીસકી, અડવિધ પૂજ ઉદાર. ૩

**અંત** – રાગ તેજતરણિ મુખ રાજૈ એ ચાલ.
ચરમ **વીર** જિનરાયા, હાં રે જિનરાયા, મેરે પ્રભુ ચરમ.
**સિદ્ધારથ**-કુલ-મંદિર-ધ્વજ સમ, **ત્રિસલા** જનની જાયા,
નિરૂપમ સુંદર પ્રભુ દરસણુતેં, સકલ લોક સુખ પાયા હાં રે. મેરે. ૧
વામ ચરણુઅંગુષ્ટ ફરસતેં, સુરગિરિવર કંપાયા,
**ઇંદ્રભૂતિ** ગણધર મુનિજન સુરપતિ વંદિત પાયા હાં રે. મેરે. ૨
વરતમાન સાસન સુખદાયા, ચિદાનંદઘન કાયા,
ચંદ્રકિરણગણ વિમલ રૂચિર **શિવચંદ્ર**ગણી ગુણ ગાયા. મેરે. ૩
વરસ **નંદ મુનિ નાગ ધરણિ** મિતા, દ્વિતીયાશ્વિન મન ભાયા,
ધવલ પક્ષ પંચમી તિથિ શનિયુત, પુર **જયનગર** સુહાયા. મેરે. ૪
શ્રી **જિનહરષસૂરિ** સૂરિસર, વર **ખરતર** ગચ્છરાયા,
**ક્ષેમકીર્ત્તિ**શાખા-ભૂષણુ-મણિ, **રૂપચંદ્ર** ઉવઝાયા હાં રે. મેરે. ૫
મહા પૂર્વ જસુ ભુરિ નરેશ્વર, વંદે પદ ઉલસાયા,
તાસ સીસ વાચક **પુણ્યશીલ**ગણિ, તસુ શિષ નામ ધરાયા. ૬
**સમયસુંદર** અનુગ્રહે ઋષિમંડલ, જિનકી સોભ સવાયા,
પૂજ રચિ પાઠક **શિવચંદૈ**, આનંદ સંઘ વધાયા હાં રે. મેરે. ૭

કાવ્યં

સલિલ ચંદન પુષ્પ ફલવ્રજૈ સુવિમલાક્ષત દીપ સુધૂપકૈ
વિવિધ નવ્ય મધુ પ્રવરાન્નકૈં જિનમમીભિરહં વસુભિર્યજે.
ૐ હ્રીં શ્રીં પરમાત્મને અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અષ્ટદ્રવ્યભિર્યજામહે સ્વાહા.

(૧) શ્રી કલકત્તા બિંદરે. પ.સં.૯–૧૨, અનંત. ભં.ર. (૨) પ.સં. ૧૪, જિ.ચા. પો.૮૭ નં.૨૩૪૧. (૩) પ.સં.૨૫, તેમાં ૨૧ પ્રકારી પૂજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સહિત, અબીર. પો.૧૭.

પ્રકાશિત : ૧. ચોવીશી તથા વીશી સંગ્રહ, સા. પ્રેમચંદ કેવલદાસ સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ.૫૭૩થી ૫૮૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૬-૦૮.]

**૧૩૬૨. દેવહર્ષ** (ખ. કીર્તિરત્નસૂરિશાખા)

**(૪૬૬૪)** [+] **પાટણ ગઝલ** કડી ૧૩૩ લ.સં.૧૮૭૨ પહેલાં

**આદિ** – સરસ વચન દ્યો **સરસતી**, પામી સુગુરૂ પસાય
વિઘન-વ્યાધિ-ભવભયહરણ, વિમલજ્ઞાનવર-દાય. ૧
પરમબુધ પરગટ કવી, અર્ણવ જિમ ગંભીર
મેરી બુધ તિમ મંદ હૈ, જ્યું **છીલર**સરનીર. ૨
ખરી ધરા નવખંડમેં, સત્તર સહસ્સ **ગુજરાત**
**સંખલપુર** રાંણીસ્વરી, મોટી **બેચર** માત. ૩

**અંત** – ગાઇ ગજલ ગુનમાલાક, ખોલ્યા સુજસકા તાલાક
ધરકે અક્ષર મન સુભધ્યાંન, સુણતાં હોત નીત કલ્યાણ. ૧૩૨
સુણતાં નીત કલ્યાણ, દમેં દુખદાલિદ્ર દુરે
પ્રણમો સદગુરૂપાય, સદા મનવંછિત પૂરે
**ખરતર**ગચ્છ-સિરતાજ, શ્રી **જિનહર્ષ**સૂરિ ગુરૂ રાજે
સેવે પવન છત્તી ગચ્છ સઘલાં સિર ગાજે
**પાટણ** જસ કીધો પ્રગટ, જિહાં **પંચાસર** ત્રિભુવનધણી
કવિ **દેવહર્ષ** મુખથી રટે, કુશલરંગ લીલા ઘણી. ૧૩૩

(૧) ઇતિશ્રી નરસમુદ્ર પાટણની ગજલ સંપૂર્ણ સં.૧૮૭૨ મા.સુ.૧૦ ગુરૂવાસરે લ. પ.સં.૫, અભય. નં.૧૬૯૬. (૨) ગા.૧૪૬, સં.૧૮૭૫ માહ વદિ ૪ લિ. પ.સં.૧૦, અભય. નં.૧૬૯૮. (૩) ગા.૧૪૧, પ.સં.૬, અભય. નં.૧૬૯૭.

[પ્રકાશિત : ૧. સંપા. ભોગીલાલ જ. સાંડેસરા, ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, એપ્રિલ-સપ્ટે. ૧૯૪૮.]

**(૪૬૬૫)** [+] **ડીસાની ગઝલ** કડી ૧૨૦

**આદિ** – ચરણકમલ ગુરૂ લાય ચિત, સજ્જનકું સુખદાય,
કે પ્રતિબોધી દઢ કીયા, વિપુલ સુગ્યાંન બતાય. ૧

*

ગજલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાઉં ગુણ **દીસા** ગુહિર, **સીદ્ધ** માતા સુધ થાંન,
સમરૂં દેવી **અંબા** સીદ્ધ, વિઘન વિડાર દીયૈ ધન વૃદ્ધ. ૬

**અંત** – રૂપ વિચિત્ર છત્ર અડોલ, વાધે અધિક જસ અલોલ. ૧૧૯

કલશ. છપ્પંય કવિત્ત

સુણતાં **મંગલમાલ દેવ કુસલ**ગુરૂ વંછિતદાતા
ચુગલી ચોર મદ ચૂર સદા સુખ આપૈ સાતા
**ચંદ્રગચ્છ**-સીરચંદ ગુરૂ **જિણહર્ષ** સુરીસ્વર ગાજે
પ્રતપો ક્રૂય જિમ પૂર, ભજ્યાં સબ દાલિદ્ર ભાજે
પુન્ય સુજસ કીધો પ્રગટ, જિહા **સિદ્ધ અંબા**માતા ધણી
કવિ **દેવહર્ષ** મુખથી કહે, દીયૈ સુજસ લીલા ઘણી. ૧૨૦

(૧) પ.સં.૬, અભય. નં.૧૬૯૯.
[પ્રકાશિત : ૧. સંપા. અગરચંદ નાહટા, સ્વાધ્યાય પુ.૭ અં.૩.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૮ તથા ૧૫૪૯–૫૦.]

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## ૧૩૬૩. કૃષ્ણવિજય

**(૪૬૬૬) રાજુલ બારમાસ**

(૧) પ.સં.૩, લીંભં. દા.૪૦ નં.૧૯૮૨. [લીંહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮૫.]

## ૧૩૬૪. અનોપચંદ્રશિ.

**(૪૬૬૭) માનતુંગ માનવતી સંબંધ ચોપાઈ** ર.સં.૧૮૭૨ મા. સુ.૧૩ જયનગર

(૧) સં.૧૮૮૦ ફા.વ.૬ વિક્રમપુર મધ્યે ઋ. નેમચંદેન લિ. પ.સં.૬, ચતુ. પો.૮.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૮.]

## ૧૩૬૫. જયરંગ (ખ. જિનચંદ્રસૂરિ–ક્ષમાસમુદ્ર–ભાવકીર્તિ–રત્નકુશલ–લાલચંદ–નેણચંદ્રશિ.)

**(૪૬૬૮) ભૃગુ પુરોહિત ચોપાઈ** ૨૩ ઢાળ ર.સં.૧૮૭૨ મધુમાસ કૃ.૯ લખમણપુરમાં

**આદિ** – **વર્ધમાન**-જિનવરચરણ, નમું સદા ચિત લ્યાય
શ્રુતદેવી મન ધારકૈ, ગુરૂકું સીસ નિમાય. ૧
પટ્ટ જીવાનેં જિમ લીયો, તજ ઋધિ સંયમભાર

ગુણ ગાવું તેહનાં સહી, કરૂં અરથ સુવિચાર. ૨
ઉત્તમ જન ગુણ ગાવતાં, પ્રગટૈ આતમબોધ
અનુભવગુણરસ ઉપજે, ઘટૈ માન અરૂ ક્રોધ. ૩
**ઉત્તરાધ્યયનૈં** જિમ કહ્યો, ચૌદમ અધ્યયન જાંણ
**ભૃગુ** પિરોહિત સંજમ લીયૌ, તેહ કહું ગુણખાંણ. ૪

**અંત –** ઢાલ ૨૩ ધન્યાસરી

ઇક્ષ્વાગ-કુલ-કુમદ-વિકાસ કરંદા, સરદ પુનિમનો ચંદાજી
**લખમણપુર** સદા સુખકંદા, રાજતિ **શાંતિ** જિનંદાજી. ૪
તાસ પસાયે પરમ આનંદા, રાસ ભણ્યો સુખકંદાજી
**બૃહત્ ખરતર**ગછ સુખકારી, મહિમા તાસ વધારીજી. ૫
શ્રી **જિનચંદ**સૂરિ સુખદાઈ, પરતિખ સૂરપદ પાઈજી
**ક્ષમાસમુદ્ર ભાવકીરતિ** વાચક, **રત્નકુશલ** પાઠક ગુણ ગાઇજી. ૬
સંસારભાવ અન્યત કર જાણ્યો, સંવેગપક્ષ મન આણ્યો
વાચક **લાલચંદ** અવધારો, **ચંપાપુર** કીધો ઉદ્ધારોજી. ૭
તાસ સીસ **નેણચંદ** સુખ લાધા, સૌભાગ્યસુંદર જગત-પ્રસિધાજી
તાસ પ્રસાદે એ મેં કીધી, ચોપી રસાલી સંનિધિજી. ૮
સંવત **અઢારે બહોત્તર** જાણો, મધુ માસ તુ વખાણોજી
કૃષ્ણપક્ષ છે અતિ સુખદાઈ, નોમી તિથિ વરદાઇજી. ૯
ઢાલ કહી તેવીસમી મન લાઇ, વાંચેજ્યો મન ભાઈજી
પંડિતજન એને સુધ કરજ્યો મુજ પર મહર ધરજ્યોજી. ૧૦

*

કહઇ **જયરંગ** મન વચન કાયાયેં, મિચ્છામી દુક્કડ થાસીજી
આતમ નિરમલ મુઝ હિસ થાસી, પાપ તિમ સહુ જાસીજી. ૧૨
**કાંકરીયો**-ગોત્રી સુખદાઈ, **અગરમલ** વડદાઈજી
તાસ પુત્ર વીનેગુણરોજી, **મનુલાલ** વડભાગીજી. ૧૩
તાસ પ્રેરણા સું મેં કીધી, ચોપી રંગરસભીનીજી
શ્રી જિનધર્મ પસાયે લહસ્યાં, ઋદ્ધસમૃદ્ધમેં રહસ્યાંજી. ૧૪

(૧) સં.૧૮૭૩ કા.સુ.૪ બૃહસપતિવાર લિ. પં. **સરૂપચંદ્રેણ લખણેઉ** મધ્યે **સ[મ?]નુલાલસ્ય** પઠનાર્થં-ગ્રં.૫૬૦, ૫.સં.૧૯–૧૫, અભય. નં.૧૦૧૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૬ તથા ૧૫૫૯–૬૦. પહેલાં કૃતિની રચનાનો માસ ચૈત્ર દર્શાવેલો, પરંતુ પછીથી અંતભાગને આધારે મધુ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માસ આપ્યો છે. મધુમાસ એટલે મહા તેમજ ચૈત્ર બન્ને થાય.]

**૧૩૬૬. વિવેકવિજય** (ત. વિજયદયાસૂરિ–મુક્તિવિજય–ડુંગરવિજયશિ.)

**(૪૬૬૯) + નવતત્ત્વ સ્તવન** [અથવા **રાસ**] ઢાલ ૧૧ ર.સં.૧૮૭૨ વિજયાદશમી દમણમાં

**આદિ** – દૂહા

**સરસતીને** પ્રણમુ સદા, વરદાતા નિતમેવ,
મુઝ મુખ આવિ તુ વસે, કરૂં નિરંતર સેવ. ૧
**આદીસ્વર** અરિહંત નમું, યુગલાધર્મ-નીવાર,
**મરૂદેવી**સુત ચંદલો, એહી જ મુઝ આધાર. ૨
તાસ તણા પદયુગ નમી, વર્ણવું તત્ત્વવિચાર,
ભવિયણ એક ચિત્તે કરી, નામ કહું હિતકાર. ૩
જીવ અજીવ પુન્ય પાપ જે, સંવર આસ્રવ જેહ,
નિર્જરા બંધ મોક્ષ જે, જિનજીએ ભાખ્યા જેહ. ૪

**અંત** – કલસ

જગજંતુતારણ દુખનિવારણ **આદિ** જિનવર મેં થુણ્યો,
સંવત **અઢાર બહોતરા** વર્ષે ભવિક-હિત હેતે ભણ્યો.
**દમણ** પુરવર વિજયદશમી **આશ્વિન** માસ શુભ પક્ષ એ,
સુરગુરૂવારે સુખ વધારે કહે કવિજન દક્ષ એ.
**તપગચ્છ** રાજે વડ દીવાજે, શ્રી **વિજયદયા** સૂરીસરૂ,
તસ ચરણ સેવે **મુક્તિવિજય** ભવિકજનમનસુખકરૂ.
તસ સીસ સુંદર ગુણપુરંદર પંડિત **ડુંગર** મુણીંદ એ,
તસ સીસ સેવક ભણે ભાવે **વિવેક** લહે આણંદ એ.

(૧) સુરત બંદરે ધરમનાથજી પ્રસાદાત્. પ.સં.૮–૧૬, ના.ભં. (૨) સં.૧૯૩૮ ચૈ.શુ.૧૧ તિગ્માંશુવાસરે. લિ. ભોજક ઇચ્છાચંદ ભાઈચંદ શ્રીકૃષ્ણ વલભિકાપુર નગરે. પ.સં.૭–૧૨, જશ.સં. નં.૩૨૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૬).]

[પ્રકાશિત : ૧. કર્મનિર્જરા સઝાય સ્તવન સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮૫–૮૬.]

**૧૩૬૭. સૌભાગ્યસાગર** (મહિમાસાગરશિ.)

**(૪૬૭૦) + જંબૂકુમાર ચોઢાળિયું** ર.સં.૧૮૭૩ પાટણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : ૧. સ.ભી.મા. પૃ.૩૧૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮૮.]

**૧૩૬૮. ઉત્તમવિજય** (ત. વિમલવિજય–શુભવિજય–હિતવિજય –માણિક્યવિજય–ધનવિજય–ગૌતમવિજય–ખુશાલવિજયશિ.)

**(૪૬૭૧)** [+] **રહનેમિ રાજિમતી ચોક** ૪ કડીના ૪ ચોક ર.સં.૧૮૭૫ કા.શુ.૧૨ રવિ

**આદિ** – એક દિવસ વસે **રહનેમિ** રહિયો છે કાઉસગધ્યાને.
**અંત** – સંવત **પંચ્યોતર અઢારે**, કાર્તિક શુદ રૂદ્રા રવીવારે.
ચિત ચોક એ ચ્યાર ધારે. ૩ પ્ર.
ગુરૂ **ગોતમ** નામે તસ પાયા, તસ શિષ્ય **ખુશાલવિજય** ભાયા
તસ સીસેં **ઉત્તમ** ગુણ ગાયા. ૪ પ્ર.

(૧) સં.૧૮૭૮ ચૈત્ર વદ ૯ લિખતુ **રાજેંદ્ર** મુનિ **ઉત્તમવજૈજી** લખતુ. ગામ **થરાદ** મધ્યે બાવલ મધ્યૈ ગોલમેરહ છે. શ્રી **તપાગછે** અરઘોઅરઘ. પ.સં.૧-૧૩, મારી પાસે.

[પ્રકાશિત : ૧. જૈન સજ્ઝાયમાલા ભા.૧ (બાલાભાઈ).]

**(૪૬૭૨) ધનપાળ શીલવતીનો રાસ** ૪ ઉલ્લાસ ૭૦ ઢાળ ર.સં.૧૮૭૮ માગશર ૫ સોમ પેથાપુરમાં

**આદિ** – શ્રી વિભુ પદરજ વર્જને, હોવેં ઢોક સમાંન
ત્રિદશા સુર સ્તવે જેહને, મૂંકી અલગૂં માંન. ૧
અવિનાસી અક્ષય સ્થિતી, નિરાકાર નિરૂપાધિ
અકલ અરૂપ આનંદમઈ, અવ્યય અવ્યાબાધિ. ૨
છેં રૂપી અહંન સદા નહિ સ્વયંભુ નિરૂપ
નિકટ શંભુ નવિ કો લહેં, જ્યું દગ કર્ણસ્વરૂપ. ૩
અધ્યાતમઆવારામેં, અનુભવગોખ અલક્ષ્ય,
શ્રુતનેત્રેં કરી નિરષીઇ તો તિહાં રૂપ પ્રતક્ષ્ય. ૪

(પાનાની એક કોરે ઉમેર્યું છે ને અનુભવની વ્યાખ્યા આપી છે :
વસ્તુ વિચારત ધ્યાવતેં મન પાવેં વિશ્રામ
રસ સ્વાદત સુખ ઉપજેં અનુભૌં યાકો નામ. ૧
અનુભવ ચિંતામનિરતન, અનુંભૌ હેં રસકૂપ,
અનુંભૌં મારગ મોખકો, અનુંભૌં મોક્ષસરૂપ. ૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૂં તસ રૂપને ઓલખી, પ્રણમૂં પદ ચીત લાય,
આપે જિમ ઉત્તમ મતી, મૂઝ મનવંછીત થાય. ૫
ગૂરૂગુંણમધ્યી ગહન ભર્યો, તર્યો ન જાઇ તેહ,
ગૂરૂ પરઉપગારી કહ્યો જિમ જગભાસ્કર મેહ. ૬
ગૂરૂતૂલ્ય સકલંક કિંમ, ખીંણો ઝિણો ચંદ,
ગૂરૂ નીધી શશી અકલંક દ્યુતિ, તજે કુંમતોદ્ધત ફંદ. ૭

(પત્રની નીચે ગુરુને માટે સવૈયો ટાંક્યો છે :

જ્ઞાંનકો ઉજાગર સહજ સુખસાગર સુગુન-રત્નાગર વૈરાગરસભર્યો હૈ
સરનકી રીતિ હરે મરનકો ભય ન કરે કરન સોં પીઠ દેત ચરન
અનુસર્યો હૈ
ધરમકો મંડન ભરમકો વિહંડન પરમ નર મધ્યે કે કરમ સોં લર્યો હૈ
અઈસા મુનિરાજ ભુઅલોકમેં વિરાજમાંન નિરખી **બનારસી**
નમસ્કાર કર્યો હે. ૧)

પિપાલ્લિકા તજીને કર્યો, મયગલ મતંગ જેણ,
તે ગૂરૂગુંણ કિંમ વીસરે, ત્રિકરણ પ્રણમૂં તેણ. ૮
શારદમૂખ શારદ શશી, સંપૂરણ સુવિશાલ,
કર વિણા શ્રુત ધારણી, આશન જાસ મરાલ. ૯
દસન અનાર પ્રવાલ અધર, ધનૂહ જિસ્યો ભ્રૂવક,
કટી તટી લંકે કેશરી, મૃગ દગ વક્ર મયંક. ૧૦
તે ત્રિપુરા સમરૂં સદા, વેદ વક્ર ધ્રુઆ સત્ય,
જડ ઉદ્ધત ફેડણ રવી, કરૂં પ્રથમ પાણિપત્ય. ૧૧
તૂઝ ગુંણરૂપમંદિર તણો, કૂંણ નર પાંમે પાર,
મૂઝ મતી માફિક માતજી, સહી કરજ્યો કરી સાર. ૧૨
માતા મૂઝ કરૂંણા કરી, આપે વચનવિલાશ,
હૂં તાહરે આધારથી, રચૂં રશીક એ રાસ. ૧૩
શીલોપરિ સંબંધ અથ, કહીસ પ્રમાદ નિવારિ,
શીલ થકી કેઇ નર તર્યા, પાંમ્યા નીર્વૃતી ઠારિ. ૧૪
શીયલ પસાઇ સુખ લહ્યાં, **શીલવતી ધનપાલ,**
તે સાંભળ્યો રશીક જન, કવીજન વચન રશાલ. ૧૫

(પાનાંની ઉપર નીચેનો સવૈયો ઉમેર્યો છે :

જૈસેં કોઉ મૂરષ મહાસમુદ્ર તરવેકૂં ભુજાનિ સોં ઉદ્દિત ભયો હૈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તજિ નાવરો,
જેસેં ગિરિ ઉપર વિરસ ફલ તારિવેંકું બાંવન પુરૂષ કોઉ ઊમંગે ઉતાવરો,
જેસેં જલકૂંડમેં નિરખી સસીપ્રતિબિંબ તાકે ગહિવેકૂં કર નિચો કરે બાવરો,
તંસે મેં અલપબુદ્ધિ રાસકો આરંભ કીનો ગુંણિ મોહિ હસેંગે કહેંગે કોઉ ડાબરો. ૧)

**અંત** – ઢાલ ધન્યાસી તથા રાંમત માટેં બોલડીઇ રે કાંઈ પરઘર રમવા જાઈજી એ દેશી.

એહવા સાંભળી શિયલ તણા ગુંણ, ધરજ્યો શીયલ સનેહાજી
દંપતિ શીલ તણેં સુપશાયેં, પાસ્યા અવિચલ ગેહાજી.
શીયલ ભવિજન સૂધૂં પાલો ટાલો વિષયવિકારજી. ૧
એ **ધનપાલ**નું ચરીત્ર સુંણીને શીલ તણો ખપ કરજ્યોજી,
સદગુરૂનો તુમેં હીયડા માંહિ, વચન ભલી પરિં ધરજ્યોજી. શી. ૨
શીયલ થકી બહુ નર સુખ પાંમ્યા, ભવોદધી પાર ઉતરિયાજી,
જગપતી નરપતી ચક્રી હૂઆ, શીયલેં શીવપદ વરિયાજી. શી. ૩
એ સંસારની અથિર સગાઈ, તપ જપ વ્રત ઉદરિઈજી,
તો **ધનપાલ** નેં **શીલવતી** પરિં, સંહેંજે શીવસુખ વરિઈજી. ૪
મેં **ધનપાલ** શીયલગુંણ ગાઈ, રસના પાવન કીધીજી,
કરિ ઉદ્યમ શીયલ દઢ કરવા, ભવિકનેં શીક્ષા દીધીજી. શી. ૫
કવી સદ્‌ભી કોઈ ચરીત્ર સુંણીનેં મુઝ હાસી મત કરજ્યોજી,
અઘટિત પદ હોય તો શુદ્ધ કરજ્યો, મુઝ ઉપર હિત ધરજ્યોજી. ૬
શ્રી **તપગછ લઘુપોષધ** નાયક, **આણંદસોમ** સુરિરાયાજી,
રવી જિમ તેજ પ્રતાપેં પ્રતપેં, દિનદિન તેજ સવાયાજી. શી. ૭
તાસ તણી આજ્ઞા શિર ધારી, આંણી ઉલટ અંગેંજી,
કરી **પેથાપુર**માં ચોમાસૂં રાસ રચ્યો મનરંગેજી. શી. ૮
જે ભવિ સુંણસ્યેં ભણસ્યે ગણસ્યેં, તસ ઘરિ મંગલમાલાજી,
દિનદિન સઘલી સંપત્તિ મલસ્યેં, વધસ્યે સુજસ રસાલાજી. શી. ૯
પંડિત માંહિ શીરોમણિ સૂંદર, **વિમલવિજય** ઉવજ્ઝાયાજી,
શીષ્ય તાસ શ્રી **શુભવિજય** ગુરૂ, વાચકબિરૂદ ધરાયાજી. શી. ૧૦
તાસ શીષ્ય શ્રી **હીતવિજય**ગણી, ગુરૂ ગુણ માંહે ગીરૂઆજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **માણિક્યવિજય** સીસ તેહના, તે પણ ગુંણમણીદરિઆજી. ૧૧
તસ સીસ **ધનવિજય** ગુંણસાગર, શ્રુતઆગર સીસ તેહનાજી,
**ગૌતમવિજય** ગુરૂ ગુણવંતા, ગુંણમણી પાર ન જેહનાજી. શ્રી. ૧૨
તસ પદસેવક **હેમવિજય** વર, કમલાકીર્ત્તિ કમાયાજી,
તસ લઘુબાંધવ ગુણનીધી ગિરૂઆ, **ખુસાલવિજય** ગુરરાયાજી. ૧૩
તેહને બાલકેં **ઉત્તમવિજયેં**, સુંદર સીત્તર ઢાલેંજી
ગાયો રાસ અધિક રસ આંણી, જોઇ ચરીત્ર રશાલેંજી. શ્રી. ૧૪
ઓછૂંઅધિકૂ જે કહેવાણૂં, મીથ્યા દુકૃત તેહજી
ચંદ્રાતપ લગેં રસ એ રહિજ્યો, ભવિ સુંણજ્યો ધરી નેહજી. ૧૫
સંવત **નગ મુની અહી વિધુ** વરસે મૃગશિર માસ સોહાયોજી
તિથી પંચમી શીતવાર વિરોચન વિજય મુહુર્ત્ત મન ભાયોજી. ૧૬
ચોથો અઠયાવીસ પ્રથમેકાદશ બિહું ત્રિહું સોલ પ્રમાંણુજી
ચ્યાર ખંડ સાંભલિનેં શ્રોતા, કવિનાં કરજ્યો વખાંણુજી. શ્રી. ૧૭
વિક્તા જો વરણવીનેં કહેંસ્યેં, હિત ધરી શ્રોતા સુણસ્યેંજી
તો રસ ઉપજસ્યેં સહિજનનેં, શીયલ તણા ગુંણ થુંણસ્યેજી. શ્રી.૧૮
હોસ્યે ઘરઘર મંગલમાલા, સુણતાં રાસ ઉલ્લાસજી
ધણ કણ કંચણ લીલા લચ્છી, **ઉત્તમવિજય** વિલાશજી. શ્રી. ૧૯

(૧) ઇતિશ્રી ધનપાલચરિત્રે પ્રાકૃતબંધે ધનપાલવિદ્યાપ્રાપણુ, શીલવતીમલણુ નિજગૃહમાગતા શ્રેષ્ટપદપ્રાપ્તા માતૃપિતૃસંયમગ્રહણુ ગુણમંજરિપૂત્રજન્મ ધનપાલનૃત્યપેખણુ વૈરાગ્યપ્રાપ્ત ગુરૂપાર્શ્વે પૂર્વભવશ્રવણુ યુવત્યૌં સંગેન સંયમગ્રહણાપવર્ગપદપ્રાપ્તઃ એતેન સંબંધે વચ ચતુર્થોલ્લાસ સંપૂર્ણમ્. સંવત્ ૧૮૭૮ના વર્ષે શાકે ૧૭૪૩ના પ્રવર્ત્તમાંને માસોત્તમ માસે શુકલપક્ષે તિથૌ દ્વિતીયાયાં તરણીવાસરે લિપિકૃતા પં. ઉત્તમવિજય શ્રી પેથાપુરે શુભં ભવતુ કલ્યાંણમસ્તુ શ્રીરસ્તુ શ્રી સુવિધીનાથ પ્રશાદાત્ કલ્યાંણા. પ.સં.૮૭–૧૪, અનંત.ભં. (આ કવિની પોતાની હસ્તલિખિત પ્રથમ પ્રતિ સુધારાવધારાવાળી છે.)

**(૪૬૭૩) ઢૂંઢક રાસ** [અથવા **લુમ્પકલોપક તપગચ્છ જ્યોત્પત્તિવર્ણન રાસ**] ૭ ઢાળ ર.સં.૧૮૭૮ પોષ શુદ ૧૩ રાધનપુરમાં

**આદિ** – વેગલો રહેંને તુ ગોવાલિયા વાટેં જો વનમાલીં રે, અથવા ઉંચી માધવજીની પીપલી રે, નીચા માધવજીના નેવ વાલ્હા – એ દેશી.
**સરસતી**ચરણ નમિ કરી કહેસ્યું, **ઢુંઢકધમ્મ** અઘોર રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મવંતા ઘરેં ધાન ભરે છે, ઢુંઢા ખાવે ઢોર રે. ૧
ગુરૂઆણા જો સિર ધારે, લગેં ન ઢુંઢક પાસ રે,
અમૃત ભોજન કહ્યુચ ન ખાવે, ચ્યાર દિવસ નિશ્વાસ રે. ૨

**અંત** – ઢાલ ૭ કલસ. વાંસળી કિહાં વિસારી રે, સાચું બોલો સાંમળીયા – એ દેશી.

ઈમ જૈન ધરમને ગાયો રે,
જૈન ધરમ જગમાં રૂડો રે, નવ નિધિ ઋદ્ધિ ઘર પાયો રે,
જિનપ્રતિમા જિનવર સરખી રે, જે સઘલે સિદ્ધાંતે પરખી રે. ૧
જિનપૂજાના ફલ જેહવા રે, જે પ્રતિમાપૂજનફલ તેહવા રે,
તિણે પ્રતિમાલોપક નિંદ્યા રે, પ્રતિમાપૂજક પિણ વંદ્યા રે. ૨
જૈન હક વસ્તુ લહીયે રે, નંઘા તેહની નવિ કહીયે રે,
**અમદાવાદ** સહેર મઝાર રે, સહૂ ચહચા હુતા દરબાર રે. ૩
કર્યો ન્યાય અદાલિત માથેં રે, ત્યારેં અમે ગયાતા ઈસાથે રે,
ત્યારે ઢુંઢ સત્તાથી ભાગ્યા રે, જૈન શાસન ડંકા વાગ્યા રે. ૪
એ વાતાં નિજરે દીઠી રે, જૈન હીયડામાં લાગી મીઠી રે,
જવ ઝાઝા વરસ તે થાયેં રે, તબ કાંઈક વિશરી જાયે રે. ૫
પછે કોઈક નર પુછાયે રે, આડું અવલો બોલાયેં રે,
જૂઠાબોલા કરી જગાયે રે, દુનિયાં નવ જીતી જાયે રે. ૬
અંગ ચોથું **સમવાય** રેં, અમે જુઠું નહિ કહીવાય રે,
આટામાં લૂણ સમાયે રે, જિનશાસન ફરસી થાયે રે. ૭
સાચા બોલા મુનિરાય રે,
જે મૃગતૃષ્ણાજલ ધાયે રે, તે આપમતી કહેવાયેં રે. ૮
અવિલંબ્યા ગુરૂ પાયેં રે, સાચું સોનો કસાયે રે.
સાચી વાતાં અમેહિં ભાખી રે, લોક હજારો સાખી રે. ૯
**અઢાર અઠચોત્તર** વરસે શુદિ પોષના તેરસ દિવસેં રે,
કુમતિને શિક્ષા પિણ દીધી રે, તવ રાસની રચના કીધી રે. ૧૦
**રાધનપુરના** સહવાસી રે, **તપગછ** કેરા ચોમાસી રે,
**ખુસ્યાલવિજયનો** સીસ રે, કહે **ઉત્તમવિજય** જગીસ રે. ૧૧
જે રસભર એહને ગાસ્યે રે, સૌભાગ્ય અખંડિત થાસ્યે રે,
સાંભલસ્યે રાસ રસીલા રે, તે લહિસ્યે અવિચલ લીલા રે. ૧૨

(૧) સંવત ૧૮૮૧ વરષે માક્ષર વદ ૪ દિને લષીતં ભાઇ અખે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ લખુ છું ભાઈ ફત્તેભાઈ લખાવ્યું છે. વડોદરા મધ્યે પટોલી પોલ મધે. પ.સં.૬–૧૪, પ્ર.કા.ભં. નં.૩૧. (૨) સંવત્ ૧૮૮૦ માઘ માસે કૃષ્ણપક્ષે ૫ દિવસે સુંગ્રછ અંદરે સકલપંડિતશિરોમણી પં. શ્રી ભક્તિચંદ્રગણી તત્સીષ્ય પં. શ્રી ઉદયચંદ્રગણી તત્શીષ્ય પં. શ્રી ઉત્તમચંદ્રગણી તત્શીષ્ય પં. શ્રી શિવચંદ લષીતં. મુની હઘીચંદ્ર અર્થે શ્રી વિજયજૈનેંદ્રસુરી રાજ્યે તપાગછઇ. પ.સં.૯–૧૧, વડાચૌટા ઉ. સુરત પો. નં.૮૯. (૩) લિ. સં.૧૮૮૧, પ.સં.૫, લીં.ભં. નં.૧૭૮૭. (૪) પ.સં.૪–૧૬, મો.સેં.લા. (૫) સંવત્ ૧૮૭૮ના વર્ષે ફાલ્ગુન માસે શુક્લપક્ષે ષષ્ટી વાર બુધે લખિતં. પ.સં.૬–૧૩, વિ.ને.ભં. નં.૩૩૧૯. (૬) ઇતિ લૂંપકલોપક જિનશાસનજ્યોત્પતિ શુભં ભવતુ. જગાણા લખીતં ગોરજી રાઘવજી સંવત ૧૮૭૯ આસો શુદિ ૧૦ શુક્રે. પ.સં.૭–૧૨, ગો.ના. (૭) લ. પ્રતાપવજે શ્રી ડીસા નગ્રે શ્લોક ૧૭૦. પ.સં.૯–૧૧, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૧).]

**(૪૬૭૪) સિદ્ધાચલ સિદ્ધવેલિ** ૧૩ ઢાલ ૨.સં.૧૮૮૫ કાર્તિક શુ.૧૫ પેથાપુર

**આદિ** – શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ શ્રી સિદ્ધાદ્રિ નમઃ. દૂહા

પાસ તણા પદકજ નમી, સમરી શારદ માય,
વિમલાચલગુણ વરણવું, સાંભલતાં સુખ થાય. ૧
પુણ્યેં નરભવ પામિનેં, જે કરેં તીરથજાત્ર,
તસ પદતલ પાવન હુવેં, નામેં નિરમલ ગાત્ર. ૨
અરબુદ અષ્ટાપદ સમેત, સહુ તીરથ સુખકાર,
ભુવિ ભામિનિ તિલ સારિખો, સિદ્ધાચલ શ્રીકાર. ૩
કાર્તિકી પુન્નિમેં પ્રણમતાં, પાતિક દૂર પુલાય,
ઇતિ ઉપદ્રવભય મિટે, સુખસંપદ ઘરિ થાય. ૪

**અંત** – ઢાલ ૧૩

ગાયો ઇમ જ્યોતિરૂપ જગદીશ અલબેલો આદેસરૂ,
આનંદ ઘર હોવે અહનીસ, ખિજમત તુઝ ખેમંકરૂ રે.

*

ગાયો ગિરિ ઇક્ષૂ વંશી ઇશ ઢાલો તેર કરી તાજી રે,
અઢાર પંચ્યાસિઇ કારતિક માસ, રૂડી પુન્નિમેં દિલ રાજી રે. ૮
લઘુ પોષધશાલેં સુવિશાલ, રહિ પેથાપુર ચોમાસેં રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગિરિગુણ ગાયા રંગરસાલ, સુણંતા સંઘને સુખ થાસે રે. ૯
શ્રી **વિજેપ્રભસૂરી** પરિવાર, **વિમલવિજય**ગણિ ઉવઝાયા રે,
તસ સિસ વાચકપદના ધાર, શ્રી **શુભવિજય** ગુરુરાયા રે. ૧૦
શ્રી **હિતવિજય**ગણી તસ સીસ, **માણિકયવિજય** ગુણે ગાજે રે,
તેહના **ધન્નવિજય** ધનઇસ, **ગૌતમવિજય** ગુરુ રાજે રે. ૧૧
સીસ **ખુશાલવિજય** ગુરુ એમ, ગુણનિધિ ગુરૂનો સુપસાયો રે,
ઘર બેઠાં હોજ્યો ફલ ઇમ, **ઉત્તમવિજયે** ગિરિ ગાયો રે. ૧૨

(૧) પ.સં.૯-૧૧, મુક્તિ. વડોદરા નં.૨૪૧૧.

**(૪૬૭૫) [+] નેમિનાથ રસવેલી** ૨.સં.૧૮૮૯ ફા.શુ.૭

નેમરાજુલવિષયની આ કૃતિ શૃંગારરસમય છે.

**આદિ** – મારે ઘરિ આવજ્યો રે રસિયા, તમે મારા હૃદયકમલમાં વસિયા
એ દેશી.

સુખકર **સરસતી** માતા વંદૂ વાણી દોલતિદાતા,
**ગૌતમ** ગુરૂને રે વંદી રચસ્યું રસવેલી રસકંદી. ૧
રસિયા સુણજ્યો રે રંગે, સુણતાં આણંદ આવે અંગે. રસિયા. આંકણી.
**શૌરીપુર**નો રે સ્વામી, નરપતિ **સમુદ્રવિજય** વડનામી,
રાણી **શિવાદેવી** રાજે, ગિરૂઓ **નેમિકુમર** ગુણ ગાજે. ૨ રસિયા.

**અંત** – રસ માંહે વિરસ ન વરણીયે, એ વરણનનો વિવહાર રે,
સાકરમાં ખાર ન નાંખીયે, સમઝે તે જાણ સંસાર રે. ૧૧ ર.
તેણે **રાજુલ**વિરહવિલાપ તે, નથિ વરણવ્યા રસવેલિ માટે રે,
તિહાં કાંટા કાંઈ ન નાંખીયે, ફલે કેલિ કમલ જિણિ વાટે રે ૧૨ ર.
ધરમનિંદા ને ભેદ પંકિતનો નિદ્રાછેદક નિરધાર રે,
સુકથા-ભંગી ગુરૂ દૂષીયૌ પાંચ મધ્યમ શાસ્ત્ર મઝાર રે ૧૩ ર.
મેં રાસ રચ્યો રસવેલિનો, રસશાસ્ત્રને નયણે નિહાલી રે,
કર્યું રસમય સાસ્ત્ર એ રૂઅડું વાલ્હું, જે ઘરિ નીત્ય દિવાલી રે.
૧૪ ર.
**અઢાર નવ્યાસિયે** નેહથી, ફાગુણ શુદિ સાતિમે સાચી રે,
કહે **ઉત્તમવિજય ખુસાલ**નો, રઢીયાલા રસમાં રાચી રે. ૧૫
રૂડી રસવેલે રસિયા રમૌ.

(૧) પ.સં.૧૧-૧૨, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૬૪૦. (૨) ઇતિશ્રી નેમનાથસ્ય રસવેલી લિખિતં ઉત્તમવિજયગણિના. સંવત ૧૮૯૧ના વર્ષે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોષ વદી ૧ દિને રાજનગરે સામલાજીની પોલી મધ્યે શ્રીમત્તપાગચ્છનભો નભોમણિ લઘુ પૌષધશાલીય સુરિ સોમમોદદઃ આણંદઃ તચ્છિષ્ય ભાનુદય-સોમસૂરિભિઃ લિપિકૃતાયં સુગમાર્થં સિદ્ધયે, સ્વકૃતં સ્વલિખિતં સુધિભિઃ નેર્ષ્યયા વાચનીયમ્. ૧૮૯૪ના આશ્વિન શુદ ૧૩. (૧૮૯૩) [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત: ૧. પ્રકા. કર્તાના પ્રશિષ્ય પંન્યાસ અમૃતવિજયજી રત્નવિજયજી, વિ.સં.૧૯૪૨માં મામાની હવેલી મધ્યે લિમિટેડ પ્રેસમાં છપાવી છે. પૃ૪ ૨૪.

**(૪૬૭૬) નેમિ રાજિમતી સ્નેહવેલ** ૧૫ ઢાલ [ર.સં.૧૮૭૬ આસો ૫ ભૃગુવાર]

આમાં પંદર તિથિ, બારમાસનું પણ વર્ણન છે. દેશીઓ તત્કાલીન જૈનેતર પદોની છે. જેવી કે ૧ ગોકુલ મથુરા રે વાલ્હા, ૨ વાલાજી રે ચંદ્રાવનને ચોક કેં વેલા પધારજો રે લોલ, ૩ સખી આનંદે આદીતવાર સહિયર કહૂં છું રે (પા. સમોસર્યા જિનરાય). ૪ મારો વાલો દરીયાપાર મોરલી વાગે છે (પા. મારો વહાલો છે દરિયાપાર મનડું માન્યું છે), ૫ ગોકુલની ગોવાલણી મહી વેચવા ચાલી, ૬ તુંમે ઓરાનેં આવો રે કહૂં એક વાતલડી, ૭ રાજકુલે રથા રાજકુમાર વર પાતલીયાજી (પા. જોઇ જોઇ રે જોગ તણી દશા અલબેલાજી), ૮ નમેં જોતાં દુખના ડુંગર ડોળ્યા રે નાથ અમારા નિગુણા છો નિશનેહી, ૯ આવા હરિ લાસરીયા વાલ્હા (પા. ઓધવજી નહિ રે ઘટે એહવું), ૧૦ રઘુપ ત રામ હૃદયમાં રહેજો રે, ૧૧ ડમરો મરૂઓ ગુલતારિ ગુલ ારો રે વાલાજી, ૧૨ તખત બેઠા કેસરીયાજી સોહે, ૧૩ દેશી લાવણીની, ૧૪ હાં રે છમાં સું જાસ્યે તારૂં, મોહનરાય મહી ઢલસ્યે માહરૂં, ૧૫ મુંને ઝાલિ જશોદાના છૈયે રે (પા. સામલીયાજી).

આદિ – દૂહા.

> શ્રી **શંખેશ્વર પાસજી**, હરી જરા હરનાર,
> તસ પ્રણમું પ્રેમેં કરી, શિવરમણી-ઉરહાર. ૧
> સરસ વચનદાયક સદા, ભગવતિ **ભારતી** જેહ,
> શબ્દોદધિ-તારણ તરી, તે ત્રિપુરા પ્રણમેહ. ૨
> ગુરૂગણમણીહારાવલિ, ધરિઇં હ્રદય મઝાર,
> જસ મોટા ઉપગાર છે, પ્રણમું વારોવાર. ૩



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **નેમીસ્વરની** રચૂં, **સ્નેહવેલ** સુખકાર,
વચન ફુલ છે જેહનાં, શિવ ફલ છે શ્રીકાર. ૪
સાંભળી સજજન સુખ લહેં, દુરજન મન ડોલાય,
વપુ વધેં પયપાનથી, અહિ વિષ અધિકો થાય. ૫
એહ કથા કહેતાં થકાં, ઉપજે નવ-નવ બુધ,
ઘનથી તરૂ વિકસે જીસ્યો, ફૂલ-ફલનકી વૃદ્ધ. ૬
ભવિયણ ભાવ ધરિ કરી, સુણજો બહુ સુખ થાય,
ઇમ **ઉત્તમ**વચનને કરી, કહેશું સુણજ્યો ભાય. ૭

**અંત –** ઢાલ ૧૫. મુંને ઝાલિ જસોદાનેં છઈયે રે – એ દેશી.
**રાજુલ** જિન પાસે જાય રે, જઈ વંદે જિનના પાય રે,

*

**અહિ મહી ભોજન દધિ (ભોજન દધિ અહિ મહિ) જેહ રે,**
સંવત સંવચ્છર એહ રે,
રીષ્ટ આશ્વિન નેં ભૃગુવાર રે, તીથી પંચમી ગ્રહી સુવિચાર રે. ૧૧
ઢાલ પનર કરી એ ગાયો રે, સહી શાસ્ત્રની સાખેં ધાયો રે,
જેહ હોય ગુણી મહાબુદ્ધિ રે, તેહ વાંચીને કરજો સોધ રે. ૧૨
ગુરૂ શ્રી **ગૌતમવિજયજી** રે, જેહને સંદેહગાંઠિનેં ભંજી રે,
પાટે **હેમવિજયજી** રંજી રે, તસ ભાઈ **ખુશાલવિજયજી** રે. ૧૩
તસ શિષ્ય તે **ઉત્તમ** બોલે રે, નહિ **નેમ** સમો સુગ તોલે રે,
સનેહ એક પખો છે જાસ રે, તેને **ઉત્તમવિજય** સ્યાબાસ રે. ૧૪

(૧) જશ.સં. (૨) ઇતિ સ્નેહવેલ સમાપ્તં. ખંભાત મધ્યે. પ.સં. ૮-૧૬, મુક્તિ. વડોદરા નં.૨૩૮૪. [મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૯૫-૩૦૫.]

## ૧૩૬૯. પ્રકાશસિંહ

**(૪૬૭૭) બાર વ્રતના છપ્પા** ર.સં.૧૮૭૫ અસાડ શુ.૮ ગોંડલમાં
**આદિ –** જીવદયા નિત પાલિએ, વ્રત પહેલું કહિએ,
વળી સૂક્ષ્મ બાદર સર્વને અભયદાન જ દઈએ.
સાધારણ પ્રનુ (?) બહુ પાપ જ જાણો,
એ અનંત કાયને ઓલખી તેહની દયા આણો.
ઉથલો.
છ કાયની રક્ષા કરો, કુટુંબ સર્વે છે આપણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશસંઘ કહે પાલજો, તોય ઋતુ ડાયાપણુ. (?) ૧

અંત – અઢાર સો પંચોતરેની શુકલ પક્ષે વલી,
માસ અસાડિ સોભનો વલી અષ્ઠમ દિવસે.
સઝાઈ વિધિ સોભતી ધરિ મન ઉલાસે,
કહે સેવક ભાવ સું વલિ ગોંડલ વસે,
હું વાંદીશ વ્રત શ્રાવકનાં ને સુધ સમકિત પાલશે,
પ્રકાશસંઘ વાણી વદે મોક્ષનાં સુખ માલશે. ૧૩

(૧) શ્રી માંગરોલ મધે લષિતં ઋષિ શ્રી ૭ હેમચંદજી પઠનાર્થં ઋષી શ્રી ૭ વધમાનજીને સારૂ લષ્યા છે સંવત ૧૮૯૧ના કારતક વદ ૭ સાતમે. પ.સં.૩-૧૨, રાજકોટ મોટા સંઘનો ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮૮-૮૯.]

## ૧૩૭૦. નંદલાલ

(૪૬૭૮) રુક્મિણી (મંગલ) ચોપાઈ [અથવા રાસ] ર.સં.૧૮૭૬ હુશિયારપુર

(૧) સં.૧૯૬૩ પો.વ.૪, પ.સં.૩૮, જિ.ચા. પો.૭૯ નં.૧૯૪૫. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૯.]

## ૧૩૭૧. ઋષભવિજય (ત. વિજયાણંદસૂરિ-ઋદ્ધિવિજય-કુંઅરવિજય-રવિવિજય-આણંદવિજય-પ્રેમવિજય-રામવિજયશિ.)

(૪૬૭૯) + ખંધકમુનિ સજઝાય ૩ ઢાળ ર.સં.૧૮૭૭ પોષ ૬

આદિ – શ્રી મુનિસુવ્રત જિન નમું ચરણયુગલ કર જોડિ,
સાવત્થિપુર શોભતું, અરિ સબળા બળ તોડ. ૧
જિતશત્રુ મહિપતિ તિહાં, ધારણી નામે નાર,
ગૌરીઇશ્વરસૂનુ સમ, ખન્ધક નામે કુમાર. ૨

અંત – કળશ
વધ પરિસહ ઋષિયે ખમ્યા ગુરૂ ખંધક જેમ એ,
શિવસુખ ચાહો જો જંતુ, તવ કરશો કોપ ન એમ એ.
સંવત સગ મુનીશ્વર વસુ ચંદ (૧૮૭૭) વર્ષે પોસ એ,
માસ ષષ્ઠિ પ્રેમરાગે, ઋષભવિજય જગ ભાખએ.

પ્રકાશિત : ૧. આ. કા. મહોદધિ મૌ.૫ પરિશિષ્ટ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬૮૦) [+] **વત્સરાજ રાસ** ૪ ઉલ્લાસ ૫૬ ઢાળ ૧૫૨૮ કડી ર.સં. ૧૮૮૨ શ્રાવણ સુદ ૬ ભૃગુવાર **બારેજામાં**

**આદિ** – દૂહા

શ્રી સુકંર **આદિદેવ**, યુગલધરમ હરનાર,
વીમલ અમલ અગોચરૂ, અજર અમર નિરધાર. ૧
તે જિનનેં પ્રણિપતિ કરી, શ્રી **શ્રુતદેવી** તેમ,
શબ્દસ્ખલના નવિ હુઇ, જાડચ તિમિર પુષ જેમ. ૨
અરિહા ભાવેં પૂજીએ, મેલેં પુણ્ય-સમુદાય,
અલિક-વિઘન સવિ દૂર કરેં, અભ્ર-મરૂતનેં ન્યાય. ૩
પૂજા ઉપર **વત્સરાજના**, ભાખીસું અધિકાર,
કિણ વિધસેં સુખદુખ લહ્યો, કિમ કીધા ભવપાર. ૪
રસિયા કરણો ચુંપ સ્યૂં, મૃગલા-વીણનેં રીત,
વક્તા શ્રોતા ઉપજે, માંહોમાંહિ પ્રીત. ૫
સકલ કમલ રેફ જ્યું રમે, રસિયા તે કહેવાય,
સ્યું જાણેં ઘુણ રાંકડો, સુકું લાકડ ખાય. ૬
અતિ વિકસિત લોચન કરી, વિકસિત વદન લીન,
ત્યજી વ્યાઘાતનેં સાંભલો, રસિયા રસ-લયલીન. ૭

**અંત** – ઢાલ ૧૪ તમનેં કઈ ગોરી ગમસ્યે રાજ્ય – એ દેશી.

**તપગચ્છ** માંહિં દિનકર સરિખા, શ્રી **સેનસુરિ** ગણુરાયા લાલ રાયા લાલ.
તાસ પટોધર **તિલકસુરિજી**, જિનશાસન ગવરાયા લાલ. ગ. ૧
તેહની પાટ દિપાવણહારા, શ્રી **વિજયાણંદ** સૂરીરાયા લાલ. રા.
ગણનો મંડણ દુરિતવિહંડણ, પ્રણમું તેહના પાયા લાલ. પા. ૨
**ઋદ્ધિવિજય** વાચક તસ પાટેં, સોનેં હીરા જડિયા લાલ, જ.
સત્તરે ભેદેં ચોખેં ચિત્તં, ચરણ સોપાંનેં ચઢિયા લાલ, ચ. ૩
**કુંઅરવિજય** શુભ નિત અભ્યાસી, તેહનેં પાટેં સોહાયા લાલ સો.
તાસ શિષ્ય **રવિવિજય** મનોહર, જ્ઞાનકલાઇં સવાયા લાલ. સ. ૪
**આણંદવિજય** અતિ સુંદર સોહે સદ્‌ગુરૂનેં મન ભાયા લાલ. ભા.
અવગણ પાખેં સંઘની સાખેં, નિજ પાટેં પધરાયા લાલ. ૫. ૫
તસ પાટેં સંવેગરસભીના, **પ્રેમવિજયજી** થપાયા લાલ થ.
**રામવિજય** નર પરઉપગારી, ગુરૂના પાટ દિપાયા લાલ. દિ. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઋષભવિજય** તસ શિષ્ય વદિજે, મેં **વત્સભૂપતિ** ગુણ ગાયા લાલ.
**સમુદ્ર(સુરેંદ્ર)**સૂરિને રાજે રચના કરિ ઘણે હરષ ભરાયા લાલ. ૭
આપ આણંદે ઉદ્યમ કીધો, શ્રી ગુરૂચરણ પસાયા લાલ, પ.
સંવત **અઢાર નેં બાસિયા** વરષે, શ્રાવણ માસનેં આયા લાલ. ૮
ઉજ્વલ છઠ દિવસેં ભૃગુવારે, ઢાલ છપ્પન્ન કરી ધ્યાયા લાલ. ધ્યા.
રત્નત્રયેં ગુણ મોટા દીઠા, એક અવતારી રાયા લાલ. રા. ૯
ભોગી યોગી માંહિં સૂરો, દોય વિધ શત્રુ હઠાયા લાલ, હ.
સાંસારિક સુખ વિલસી પૂરા, તિણે મેલિ કંચન જાયા લાલ. ૧૦
ચારિત્ર પાલી ચિત્ત અજુઆલ્યું, તજિયા મોહ કષાયા લાલ, ક.
તસ ગુણમાલા કંઠેં ધરતાં, નિરમલ હોવેં કાયા લાલ, કા. ૧૧
નાંમનેં કાનેં સુણતેં ભવિયા, જાવેં સહુ પાપ પલાયા લાલ, પ.
**બારેજા**માં રહિ ચોમાસું, રાસ રસિક નિરમાયા લાલ, નિ.
ચોથેં ઉલ્લાસેં મન સુવિલાસેં, ચૌદમી ઢાલ નિપાયા લાલ, નિ.
**ઋષભવિજય** કહે ભવિયણ સુણિઇ, મંગલ પાંમેં નિરમાયા
લાલ. ૧૩

JAINSITE .com जैनम् जयति शासनम्

કલશ

દાંન શિયલ તપ ચોથો ભાવ, એ ચ્યારે છે ભવજલ નાવ,
ચ્યારે ઉલ્લાસેં છપ્પન્ન ઢાલ, ભણતાં ગુણતાં મંગલમાલ. ૧
સૂત્રેં છેં અનુયોગિંદ્વાર, તે પ્રભુ ભાખ્યા ચ્યાર પ્રકાર,
તિમ ઉલ્લાસ મેં રચિયા ચ્યાર, **ઋષભવિજય** કહે જયજયકાર. ૨

(૧) ઇતિશ્રી વત્સરાજચરિત્રેં પૂજાધિકારેં પ્રાકૃતપ્રબંધે જલ્પન વારિઆનયન યમરાજગ્રહાગમન ૨ મંત્રિનિર્ધાટણ ૩ દેવલોકે ગમન ૪ એભિ ચતુર્ભિ કલાવૃતો ચતુર્થ પ્રસ્તાવ સમાપ્તઃ શ્લોક હજાર બે છે. ગાથા ૧૫૨૮ સંખ્યાતે શ્લોક ૨૦૧૬. સંવત ૧૯૩૨ના ભાદરવા શુદી ૯ સોમે લ. વરજલાલ વેણીદાસ શ્રી ખેડા મધ્યે લખ્યો છે. પ.સં.૪૯–૧૮, ખેડા ભં. દા.૮ નં.૯૩. [મુપુગૂહસૂચી.]

**(૪૬૮૧) નેમિનાથ વિવાહલો** ૧૭ ઢાળ ર.સં.૧૮૮૬ આષાઢ શુદ ૧૫ બારેજામાં

**આદિ** – વનમાં વજાડે વાલો વાંસલી રે માહરે મંદીરીઇ સંભલાય રે.
વાલો મારો વાએ છે વાંસલી રે – દેશી.
**સરસતિ** ચરણ નમી કરી રે, શ્રી **સંખેશ્વર** રાય રે,

વાહલો માહરો **નેમજી** ગાયસૂ રે.
અરિહંત ગુણ સંભારતાં રે, ભવોભવ પાતિક જાય રે વાહલો.
એ તો બાવિસમો જિનરાય રે. ૧

**અંત –** ઢાલ ૧૭ ભરત નૃપ ભાવ સું – એ દેશી.

*

દંપતી અવિચલ પ્રીતડી એ, રાખી જગ આખ્યાત,
સંવત **અઢાર ને છાસીઈ** એ, માસ અષાઢ મહંત. એ. ૩
પૂન્યમ દિન ગુણ ગાઈયા એ, રહી **બારેજે** ચોમાસ,
**વિજયાણંદસૂરી** ગછપતી એ, દિનકર પરે પરકાસ. એ. ૪
તેહની પાટેં રાજતા એ, **ઋદ્ધિવિજય** ઉવઝાય,
**કુંઅરવિજય** જગ બોધીઓ એ, કુમત-માતંગ હરાય. એ. ૫
**રવિવિજય** તસ પાટવી એ, **આણુંદવિજય** પન્યાસ,
**પ્રેમવિજય** શ્રુતસાગર એ, ખિમાવંત ગુણ રાસ. એ. ૬
**રામવિજય** શિષ્ય તેહના એ, **ઋષભવિજય** મનોહાર,
જે ધરસે કંઠે જના એ, તે લહે જયજયકાર. એ. ૭

(૧) લી. ક્ષત્રી ગોદડ ઠેગચંદ પઠનાર્થં. બાઇ દીવાલીબાઈની પ્રત છે. પ.સં.૬–૧૪, ડા. પાલણપુર દા.૩૯ નં.૧૨. (૨) પ.સં.૭–૧૨, પાદરા નં.૨૯. (૩) જુઓ હવે પછી, 'રાજિમતી બારમાસ'ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭, ૨૭૪).]

**(૪૬૮૨) રામસીતાનાં ઢાળિયાં** ૭ ઢાળ ર.સં.૧૯૦૩ માગશર વદ ૨ બુધ.

**આદિ –** શ્રી **સરસતિ** ધવલહંસાસની, કવિયણની તું માય,
સરસ વયણ ઉપગારણિ, લલિ લલિ પ્રણમું પાય. ૧
નાંમ જિણેસર નાંમથી, થાપના ઠવણ જિણંદ,
દ્રવ્ય જિણેસર જીવ છે, ભાવ જંગમ જયચંદ. ૨
અતિત અનાગત વર્ત્તતા, તેહને સિસ નમાય,
સિંયલ તણા ગુણ ગાયશું, સુણતા વિઘન પલાય. ૩
સીલે સુર સાંનિધ કરે, સીલે નિરમલ દેહ,
વિષધર ફૂલમાલા હુવે, ધર્મ સકલ ગુણગેહ. ૪
શ્રી **મુનિસુવ્રત** જિનશાસને, **રામચંદ** નરીંદ,
તસ નારી **સીતા** સતિ, થુણશું ગુણ સુખકંદ. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – ઢાલ ૭ સંયમની સુખ પામીઇ એ દેશી.

રામને સુગ્રીવ ઇમ ભણે, સીતા રહિ પરદેશ રહિ સનેહિ,
તેહને તેડાવો ઇહાં, દુખણુ નહિ લેશ, સનેહિ. ૧
અજબ સતિ સીતા વડી. એ આંકણી.

*

વિજયાણંદ સૂરીશ્વરૂ, ઋદ્ધિવિજય ઉવઝાય, સ.
કુંઅરવિજય રવિસુત ગુણિ, આણંદવિજય સવાય, સ.અ.૨૬
પ્રેમવિજય તસ રાંમના, ઋષભવિજય વાણિ, સ.
ધર્મથાનિક જે ગાયસે, તે લહે પરમ કલ્યાણુ, સ. અ. ૨૭
ઓગણીસ તિલોતરે, મગસિર માસ ઉદાર સ.
તે તલ કરણે શુભ દિને, બીજ વદિ બુધવાર, સ. અ. ૨૮
જે સાંભલસે ભાવ સું, તસ પ્રગટે ગુણુમાલ, સ.
કમલા વિમલા પામસ્યેં, દેહ સબલ સુવિશાલ. સ. અ. ૨૯

(૧) સંવત ૧૯૦૪ના વર્ષે વૈશાખ શુદિ ૧ની રાત્રે લખ્યું છે. વાર ગુરૂવાસરે લ. પં. જતનકુસલગણિ ગોધાવી નગરે સા. વીરચંદ વિ. દિપચંદનેડર્થે લખ્યુ છે, શ્રી વર્દ્ધમાન સ્વામી પ્રશાદાત. પ.સં.૧૩–૧૧, જૈ.ના.

Jainsite
જૈનમ્ જયતિ શાસનમ્

(૪૬૮૩) પંદર તિથિ

આદિ – મધુકર માધવનેં કેજ્યો – દેશી.

પડવે દીન પહેલો આવે, વાતાયનમેં તન ઠાવે,
જિનવર મલસે મન ધ્યાવે રે, પ્રભુ મને સામલીઓ પ્યારો,
કબ મલસે મોહનગારો – આંકણી.

અંત – પૂન્યમ પખવાડે ભલીયા, અનલ વધેં આસ્યા ભરીયા,
ઋષભ કહે માસે વલીયા રે. ૧૫

(૧) જુઓ હવે પછી 'રાજિમતી બારમાસ'ને અંતે.

(૪૬૮૪) રાજિમતી બારમાસ

આદિ – આવો હરી લાસરીયા વાલા – એ દેશી.

રાજુલ બોલી મોહનવેલી, શ્રાવણ માસમેં સાહેલી,
નેમ ગયા મુઝને મેહલી,
આવો હરીવંશ તણા રાજા, રાખો નિજ કુલની માઝા રે – આવો.

અંત – આષાઢ ઉંડેરો ગાજે, સિતલ વાય ઘણાં વાજે,
પંથી નિજ ઘરમેં છાજે – આ.

રાજુલ વેરાગે પડીયાં, સંયમ લેવા ચિત્ત ધરીયાં,
ઋષભ કહે સમતા ધરીયા – આ.

(૧) 'નેમિનાથ વિવાહલો' તથા 'પંદર તિથિ' સાથે : પ.સં.૧૦–૧૦, વિ.ને.ભં. નં.૪૫૩૫.

(૪૬૮૫) + સ્થૂલિભદ્ર સ.

આદિ – શ્રી થૂલિભદ્ર મુનિગણમાં

પ્રકાશિત : ૧. જૈ.પ્ર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૮૯–૯૪. 'સ્થૂલિભદ્ર સઝાય' માત્ર 'ઋષભ' નામછાપ ધરાવે છે તેથી એ કૃતિ આ ઋષભવિજયની જ હોવાનું નિશ્ચિત ન કહી શકાય. અહીં જ આ પૂર્વે એ કૃતિ ઋષભદાસ (નં.૬૩૨)ને નામે મુકાયેલી છે. જુઓ ભા.૩ પૃ.૭૯ પરની નોંધ.]

## ૧૩૭૨. તેજવિજય (ત. હીરવિજયસૂરિ–તેના વિવેકવિજય તથા શુભવિજય–રૂપવિજય–કૃષ્ણવિજય–રંગવિજય–ભીમવિજય–હેમવિજયશિ.)

(૪૬૮૬) + કેસરિયાજીનો રાસ ૧૬૨ કડી ર.સં.૧૮૭૭ ફા.શુ.૧૦

આદિ – સહસ વચનરસ સરસતી, હંસવાહની હંસગતી,
પ્રથમ જ પ્રણમું સરસ્વતી, માગું અવિરલ મતિ.

અંત – અસુર નમાયો દંડ પાયો થાવર જંગમ જગ જયો
જગ જસ-વદીતો જંગ જીત્યો કેસરીઓ કારે જયો.
સંવત અઢાર સત્યોતરા મુઝારે ફાગુણ દશમી શુદ વલી,
હેમવિજય તણો તેજ પભણે સર્વે મન આસ્યા ફલી. સ.

(૧) સર્વગાથા ૧૬૨ ઇતિશ્રી ધુલેવા ઋષભદેવજીરો રાસ. વિ.સં. ૧૯૩૧ આષાઢ વદિ ૬ દૂધઈ નગ્રે ચંદ્રપ્રભપ્રભુ પ્રાસાદાત્. પ.સં.૬–૧૬, ચા. (૨) સં.૧૮૮૪ના વૈશાખ શુદિ ૫ શનિવારે લિ. મુનિ સંપત-વિજયજી પાસે. (૩) પ.સં.૯–૧૪, વ.રા. મુંબઈ. (૪) મુ. સોભાગસાગરાર્થે સંવત્ ૧૮૮૦ના જેષ્ટ વદ ૯ દને લષી છે શ્રી ચંદ્રપ્રભૂ પ્રસાદાત્. પ.સં. ૧૨–૧૨, મો.સુરત પો. નં.૧૨૬. (૫) સંવત્ ૧૮૮૪ શ્રાવણ શુદ ૧૧ દને શ્રી માંડવી બંદરે લખ્યતે મુનિ રત્નચંદ્ર શ્રી સાંતીનાથ પ્રસાદાત. પ.સં.૮–૧૪, મ.જૈ.વિ. નં.૫૧૯. (૬) સં.૧૯૪૨ માગસિર ૧૦ ગુરૂ કૃષ્ણ-પક્ષે લષિતં પં. મોતીવીજેજી સત ગુલાબવીજેજી પઠનાર્થં. લષીતં ગુલાબ-વિજે મોતીવિજેજી રેવાસી થરાં જામપુરના ગામ કલાંણે ચોમાસ્યૂં કર્યું

છે. (થરા જામપુર ઝીંઝુવાડાથી ૨૦-૨૫ ગાઉ દૂર ગામ છે.) પ.સં.૮-૧૪, ઝીં. પો.૪૦ નં.૨૦૦.

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૨ પૃ.૪૮૧, ૫૬૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૯૪-૯૫. ગુરુપરંપરા ઉદ્ધૃત ભાગમાં નથી, પણ મુદ્રિત કૃતિમાંથી લીધી હશે.]

**૧૩૭૩. દીપવિજય** (કૃષ્ણવિજયશિ.)

શ્રીપતિ એટલે કૃષ્ણ, તેથી શ્રીપતિવિજય એટલે કૃષ્ણવિજય. કવિના ગુરુનું નામ સ્તવનોમાં એ રીતે પણ મળે છે.

**(૪૬૮૭) ચોવીશી** લ.સં.૧૮૭૮ પહેલાં

આદિ – ઋષભ જિન સ્ત.

કઠડારાં વાજાં હે હાજા મારૂજીયાં મારૂજી કઠડારાં ધ્રુરીયાં રે નિસાંણ,
રા સોરઠમેં સોરઠમેં હે સૂરજ ઉગીયો મારૂજી. એ દેશી
પ્રહ ઉઠી વંદુ રે ઋષભ જિણંદને સાહિબજી, નાભીનરેંદકુલ-
સિણગાર,
રા સોરઠમેં હે તીરથ થાપીયો સાહિબજી, વૃષભલંછન હે ચામી-
કર દેહ રા.
ધણુ સય પંચ પ્રોઢ મનોહાર. રા સોરઠ. ૧

*

કાલ અનાદે હે તીરથ એ થયે સા. કરી અખીયાયત જૂગાદીરાય,
**શ્રીપતિવિજય** હે ગિરીગુણ ગાવતાં સા. આતમજ્ઞાન દીપ
પ્રગટાય. રા. ૬

(નમિ જિન સ્તવનને અંતે)
ઋદ્ધિ વૃદ્ધિ બહુ મેં લહી, ગુરૂ **કૃષ્ણવિજય** સુપસાયે રે,
**દીપ** સેવકેં વિનતી કહી.
(આમ ઘણાં સ્તવનને અંતે છે.)

અંત – ૨૪ મહાવીર સ્તવન.

સીતલ જિન સહજાનંદી એ દેશી.

**સિદ્ધારથ ત્રિશલાનંદ** કુલકુમુદવિકાસન ચંદ
માનું ઉપસમરસનો કંદ. ૧
જગતગુરૂ **વીર** પરમ ઉપગારી, નિરૂપાધિક દાંન દાતારી – જગત.

*

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચમગતિદાયક સ્વામી દીપે વિબુધ અંતરયાંમી
શિવનારી હૃદય વિસરામી – જગ. ૯

(૧) સંવત્ ૧૮૭૮ વર્ષે સાકે ૧૭૩૩ પરવર્તમાંને મૃગસર માસે રવીવારે કૃષ્ણપક્ષે લષીતં પાટણ. પ.સં.૭–૧૭, જશ.સં.

**(૪૬૮૮) સામાયક ૩૨ દોષ સઝાય**

**આદિ –** સાંભલ મોરી સજનીજી રે એ દેશી.

શ્રી જિન સારદ સદગુરૂ પ્રણમી ભાખું સામાયિક દોષજી.

**અંત – શ્રીપતિવિજય** શેવક ઇમ **દીપે**, સામાયક ગુણ ગાય રે. ૧૨

(૧) પ.સં.૨, જશ.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૨–૧૩.]

## ૧૩૭૪. હીરસેવક? હરસેવક?

**(૪૬૮૯) + મયણરેહા રાસ** અથવા **સઝાય** (રાજસ્થાનીમાં)

૧૮૮ કડી ર.સં....૧૪ (૧૭૭૪?) લે.સં.૧૮૭૮ પહેલાં કુકડીમાં

**આદિ –** દોહા.

જૂઆ માંસ દારુ તણી, કરે વેશ્યા શું જોષ,
જીવ હિંસા ચોરી કરે, પરનારીનો દોષ. ૧

ઢાલ – અનાથીની વૈરાગી દેશીમાં.

વ્યસન સાતમું પરનારીનું, પ્રત્યક્ષ પાપ દીખાયું.
**રાવણ પદમોત્તર મણિરથ** રાજા, તીનું રાજ ગમાયું. ૧
રાજવીયાંને રાજપિયારો, ભાઈ છેદ્યો પ્યારો – આંકણી.

**અંત –** ગામ **કુકડીએ** કર્યો ચોમાસો, સંવત **ચૌદો તેરા** માંયો,
કથાકારણ આ ઢાલ જ કીની, **હરસેવક** ચિત્ત લાયો – રા. ૧૮૭
સાધાં રે તો મુખ સાંભલજો, ચરિત્ર **મયણરેહારો,**
તિણ ઉપર કોઈ અધિકોઓછો, મિચ્છાદુક્કડ મહારો – રા. ૧૮૮

(પાઠાંતર)

ગામ **કેકડી** કીનો ચોમાસો, વરસ **અઠદોતરા** માંહિ,
કિથા કાલની ઢાલ બાંધી હીવડે સોભત ચીત લાય. ૧૭૫

(૧) સં.૧૯૩૪ પોસ વ.૬ મંગલ. પ.સં.૯–૧૩, જૈનાનંદ પુ. સુરત નં.૩૩૨૪. (૨) સં.૧૮૭૮ જેઠ શુદ ૧૩ અદીતવારે **પાલડી** મધ્યે લિ. પ.સં.૭–૧૨, વિ.ને.ભં. નં.૪૫૬૨. (૩) લિષતં જતી **અમીરચંદ** શ્રી **અહમદાબાદ અજીમગંજમૈં** શ્રી ભાગીરથી તટે. પ.સં.૧૨–૧૨, ગુ. નં.૨૨.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૪) સં.૧૯૦૭ ભા.શુ.૮ સોમ મુનિસુંદર લિ. પ.સં.૧૧, ચતુ. પો.૧૦.

પ્રકાશિત : ૧. પ્રકા. શા. ભીમશી માણેક.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૭, ભા.૩ પૃ.૪૧૮ તથા ૧૪૨૨-૨૩. પહેલાં કૃતિ હરસેવકને નામે મૂકેલી, પછી હીરસેવક નામનો તર્ક કર્યો છે, કેમકે હરસેવક જૈન મુનિનું નામ ન હોઈ શકે ને કૃતિ કુકડીના ચાતુર્માસ દરમ્યાન રચાઈ છે એટલે રચનાર જૈન મુનિ છે. પાઠાંતરમાં તો હરસેવક એ નામ પણ મળતું નથી એ નોંધપાત્ર છે.

પ્રથમ આવૃત્તિમાં પહેલાં ર.સં.૧૪૧૩નો તર્ક કરેલો. પછીથી ર. સં.૧૭૭૪ મૂકી "ભાષાદષ્ટિએ યોગ્ય લાગે છે" એમ જણાવેલું ત્યાં ૧૭૧૪નું ૧૭૭૪ થયું જણાય છે. ત્યાં આ કારણે તે કવિને ૧૫મી સદીમાંથી ફેરવી ૧૮મી સદીમાં મૂકેલા. 'ચવદોતરા' એટલે કોઈ પણ સૈકાના ૧૪મા વર્ષે એવો અર્થ થાય. કૃતિની ભાષા અઢારમી-ઓગણીસની સદી જેટલી અર્વાચીન જણાય છે તેથી સં.૧૭૧૪ કે ૧૮૧૪ હોઈ શકે. અહીં તો ર.સં.ની અનિશ્ચિતતાને કારણે આ કૃતિને લે.સં.ના ક્રમમાં લીધી છે. એટલે કવિ ઓગણીસમી સદીમાં ખસેડાયા છે. બધી જ હસ્તપ્રતો મોડા સમયની છે તે પણ નોંધપાત્ર છે.]

**૧૩૭૫. ચતુરવિજય** (ત. જિનવિજય-નવલવિજયશિ.)

**(૪૬૯૦) [+] બીજનું સ્ત.** ર.સં.૧૮૭૮ આષાઢ શુ.૧૦ સિદ્ધપુરમાં

**આદિ –** દેશી સુરતીની

સરસ વચનરસ વરસતી, સરસતી કલાભંડાર,
બીજ તણો મહીમા કહું, જિમ કહ્યો શાસ્ત્રવિચાર.

**અંત –** કલશ

ઇમ વીર જિનવર સયલ સુખકર, ગાઇયો અતી ઉલટભરેં,
આષાઢ ઉજ્જલ દશમી દિન સંવત ૧૮૭૮તરે
બીજમહીમા એહ પ્રણુવ્યો રહી સીદ્ધપુર ચોમાસું એ,
જે ભવીક પ્રાંણી ભણેં ગુણેં તસ ઘર લીલવિલાસ એ. ૧૬

(૧) પ.સં.૨-૧૪, આ.ક.ભં. [ડિકેટલોગભીજે ભા.૧ (પૃ.૨૦૪), લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩. ૨. જૈન પ્રાચીન પૂર્વાચાર્યો વિરચિત સ્તવનસંગ્રહ.]

**(૪૬૯૧) [+] મેત્રાણામંડન ઋષભદેવ જિન [ઉત્પત્તિનું] સ્ત.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(એ.) પાંચ ઢાળ ર.સં.૧૯૦૧ માહ શુ.૧૩ મંગલવારે મેત્રાણામાં
**આદિ** – દુહા

સ્વસ્તિ શ્રી વરદાયકા સાસનનાયક રીદ્ધ
**ગુજ્જર દેશ** સોહાંમણો **પાટણવાંડો** પરસીધ. ૧
બાવન તરફે જાંણીઇ, **સીધપર** સુલતાંન
ગાઉ પાંચ તીહાં થકી, **મેત્રાંણે** મંડાણ. ૨
સંવત **ઓગણીસેં સઇકા** સમે, શ્રાવણ માસ મઝાર
વદિ તીથિ એકાદસી, સોમવાર સુખકાર. ૩
પરવ પજુસણને ધુરે, પ્રગટિ પ્રતિમા ચાર
બાઈ **માંના** તસ દીકરિ, **જવલ** નાતે **લવાર.** ૪
તસ નંદન તસ ચ્યાર છેં, પતિભક્તિ છે નાવ
**મેત્રાણાપુરમંડણો,** ગુણજ્યો સહુ અધિકાર. ૫
તસ મહિમા તેહનો કહું, ભવિયણ થઇ ઉજમાલ
સાંભલજ્યો સહુકો તુમે, પસરી મંગલમાલ. ૬

(પુત્રીને સ્વપ્ન આવ્યું કે અમે અહીં છીએ. આ વાત માને કહી. બંને ઉઠીને કોડમાં ખોદતાં પ્રભુની પલાંઠી જોતાં ચાર પ્રતિમા દેખાઈ.)

**ઋષભ, શાંતિ, કુંથુ, પદ્મ** જે, **ચતુર** નમે પ્રભુ પાય રે.

(અગોચર વચનથી જણાયું કે પ્રભુ રામસૈન્ય (રામસેણ)થી આવ્યા છે. પજુસણ પર્વમાં મેત્રાણાના સંઘમાં આનંદોત્સવ થઈ રહ્યો. પછી)

પરસાદ મનોહર સૂંદર કીધો, ઉત્તર દીસે મુખ પરસીદ્ધો
પ્રભુ દરિસણ કરી સુખ લીધો રે મનમોહન.
માહ માસ મનોહર માહ રે, તિથિ તેરસ ભૃગુવારે
સૂકલ પક્ષ સુવિચારે રે મન.

(મૂલનાયક ઋષભની પ્રતિમા ને આજુબાજુ બીજી જિનપ્રતિમા રાખી. દેશદેશના સંઘ જાત્રાએ આવવા લાગ્યા.)

ચ્યાર નીવારક ચ્યારે જિનવર પ્રગટ થયા તતખેવ રે
**ચતુરવિજય જિન** ધ્યાન ધરંતા **નવલ** પ્રગટયો નેહ રે. ૫

કલશ

**ઋષભ સાંતિ કુંથુ** જિનવર **પદમ** પ્રભુને પ્રણમિએ
ધન સુઘન સુવાસ સુંદર કેનકકચોલે અરચીએ
દિપ ધુપ પુફમાલ બહુ વિધ પગર પૂરીઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી જિનશાસનભક્તિ કરતાં સકલ સંકટ ચૂરીઇ
શ્રી **વિજયપ્રભપાટ** મુનિવરા **જિનવિજય** ચિત ધ્યાઇએ
**નવલવિજય** જિનસેવા કરતાં મનવંછિત ફલ પાઇએ.

(૧) પ.સં.૨-૧૩, જશ.સં.

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ ઑક્ટો. ૧૯૪૩.]

**(૪૬૯૨) કુમતિવારક સુમતિને ઉપદેશ સ.**

**આદિ** – કુમતી કાં પ્રતીમા ઉથાપી એ દેશી
સુધો મારગ જિનવર ભાખેં, સાસ્વતી પડીમા જેહ,
ઉર્ધ્વ અહો ત્રીછે લોકેં દાખેં, કોડી પનર સત તેહ રે.
લોકા ભોલવીયા મત ભુલો. ૧

**અંત** – પંડીત **નવલ**નો છણી પરે બોલે **ચતુર** કહે સુખ માણો રે લો. ૧૨

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૦૯ તથા ૩૪૧-૪૨. ત્યાં 'મેત્રાણામંડન ઋષભ જિન સ્ત.' ત. જિનવિજય-ચતુરવિજયશિ. નવલવિજયને નામે મુકાયેલું. કેટલીક પંક્તિઓ આવી ભ્રાન્તિ કરાવે એવી છે પરંતુ 'ચતુર નમે પ્રભુ પાય રે' એ ચોખ્ખી પંક્તિ છે ને નવલવિજયશિ. ચતુરવિજયની અન્ય કૃતિઓ પણ મળે છે તેથી એમ જ અર્થઘટન કરવું જોઈએ.

'બીજનું સ્તવન'ના ઉદ્ધૃત ભાગમાં કર્તાનામ નથી પણ અન્યત્ર નોંધાયેલું મળે છે.]

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## ૧૩૭૬. જિનહર્ષસૂરિ (ખ. જિનચંદ્રસૂરિના પટ્ટધર)

**(૪૬૯૩) વિંશતિસ્થાનક પૂજા** ૨.સં.૧૮૭૮[૫૮ ?] ભા.શુ.૫ રવિ અજીમગંજ-વાલૂચરમાં [?]

**આદિ** –
દુહા
સુખસંપતિદાયક સદા, જગનાયક જિનચંદ,
વિઘનહરણ મંગલકરણ, નમો **નાભિનૃપ**નંદ. ૧
લોકાલોકપ્રકાશિકા, જિનવાણી ચિત ધાર,
વિશતિંપદપૂજન તણો, કહિસ્યું વિધિ વિસ્તાર. ૨
જિનવર અંગે ભાખીયા, તપ જપ બહુ પ્રકાર,
વિંશતિપદતપ સારિસો, અવર ન કોઈ ઉદાર. ૩
દાન શીલ તપ જપ ક્રિયા, ભાવ વિના ફલહીન,
જેસેં ભોજન લવણ વિન, નહી સરસ ગુણપીન. ૪

જે ભવિયણુ સેવે સદા, ભાવે થાંનક વીસ,
તે તીર્થંકરપદ લહે, વંદે સુર નર ઈસ. ૫

**અંત** – સુણુ ચતુર સુજાણુ પરનારી સું પ્રીતડી કબહુ ન કીજીયે એ
ગરબાની ચાલ.

ચિત હરખ ધરી, અનુભવરંગે વીસ પરમ પદ વંદીયે,
શિવરમણી વરી, કેવલ સખીય સહાય કરી ચિર નંદીયે – આંચલી.
એ વીસ ચરણુ અસરણુ-સરખા, ચિરસંચિત દુરિત-તિમિર-હરણા
નિતનિત એ પદ સ્મરણુ ધરણા, ચિત. ૧
એ પદસ્મરણુ જિણુ ચિત ધરીયા, તરીયા તરસે તરે ભવિ દરિયા
સદનંત ભવિક સહૂ ભય હરીયા. ચિત. ૨
એ પદ ગુણુસાગર મનુહારા, વરણુન કરીયે નહુ હારા
ઇંદ્રાદિક સુર ન લહે પારા. ચિત. ૩
એ પદ અતિશય મહિમા-ધારા, અમૃતપદ-કમલા-ભરતારા
**જિનચંદ્રાનંદઘન**-પદ-કારા. ચિત. ૪
**જિનહરખ** પુરંદકે શિવકરણા, ચંદ્રામલગુણુ વિંશતિ ચરણા
હુઇજ્યો પ્રભુ અરજ એ અવ-ધરણા. ચિત. ૫

કલશ

એ વીસ થાનક ભુવનવંદન અઘનિકંદન જાનીયે
વિબુધેંદ્ર ચંદ્ર નરેંદ્ર વંદિત પદ જિનેંદ્ર વખાણીયે
એ વીસ પદ ભવજલધિતારણુ તરણુ ગુણુ પહિચાનીયે,
ઇમ જાન ભવિજન કુશલ કારણુ વીસ પદ ઉર આનીયે. ૧
ઇહ વરસ **ચંદ્ર દિને**[પેં]દ્ર હરિ[ર ?]મુખ **વિધિનયન** સ્થિતિ
મિતિ ધરૂ,
તિહ માસ ભાદ્રવ ધવલ દલ તિથ પંચમી રવિવાસરૂ.
**બંગાલ** જનપદ જિહાં વિરાજિત **શિખર** તીરથ ગિરિવરૂ,
સહુ નગર શોભિત **અજીમગંજ** પુર દુતીય **વાલૂચર** પુરૂં. ૨
**ખરતર** ગચ્છેસર વિજિતસુરગુરૂ વિમલ ગુનગરિમાધરા,
ગુનભવન ભવિજન નલિનિકાનન નિત વિકાસન દિનકરા.
મુનિચંદ્ર શ્રી **જિનલાભ** સુરિંદ સુગુરૂ મહિલ સુગવરા,
સકલેંદ્ર વંદ્ય જિનેંદ્ર શાસનમંડના નિત હિતધરા. ૩
તસુ પદ ઉજ્વલ અવલ ગણિવર ઉદયગિરિ વાસર-કરા,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગેંદ્રવૃંદ નરેંદ્ર વંદિત ચરણપંકજ મનધરા.
આચાર પંચ છતીસ ગુણધર સકલ આગમ-સાગરા,
યુગપ્રવર શ્રી **જિનચંદ્ર**સૂરી ગુરૂ સકલ સૂરીસરા. ૪
તસુ ચરણકમલયુગલસેવન અતિસ મધુકરતા ધરી,
પુન સુગુરૂ પદ-અરવિંદ યુગની કૃપા નિતનિત આદરી.
ગણધાર શ્રી **જિનહર્ષ**સૂરી હર્ષ ધરી ઘન અઘ હરી,
યા વીસપદકી વિવિધ પૂજન વિધિ તની રચના કરી. ૫

(૧) સં.૧૯૦૬ વર્ષે મિતિ મિગસર સૂદ ૧૫ તિથૌ વા. સુખશીલગણિજી પં. રામચંદજી પં. કિસતૂરચંદ લિષ્યતા શ્રી કોટા રાંમપુરા મધ્યે. પ.સં.૧૭–૧૧, અનંત. ભં.૨. [રાહસૂચી ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૮૬–૮૮. ત્યાં કૃતિનો ર.સં.૧૮૭૨ આપવામાં આવેલો. તે કેવી રીતે તે સમજાતું નથી. 'દ્વિનેંદ્ર' તે 'દ્વિપેંદ્ર' જ હોવું જોઈએ, કેમકે એનું અર્થઘટન ૮ તરીકે કરવામાં આવ્યું છે. 'હરિમુખ' એટલે અગ્નિમુખ એટલે અગ્નિજ્વાલા=૭ કર્યું હશે? 'હરમુખ' માનીએ તો ૫ થાય. 'વિધિનયન' એટલે ચતુર્મુખ બ્રહ્માનાં નયન તે ૮ જ થાય. આથી ર.સં.૧૮૭૮ કે ૧૮૫૮ હોઈ શકે. જિનહર્ષસૂરિને સૂરિપદ સં.૧૮૫૬માં મળ્યું છે એટલે તે પછી જ આ કૃતિ રચાયેલી ગણાય.

કૃતિનું રચનાસ્થળ 'અજીમગંજ – વાલૂચર' દર્શાવ્યું છે, પણ આ તો બે જુદાં ગામોનાં નામ છે. કૃતિના અંતભાગમાં બંગાળનાં બે 'પુર' તરીકે એનો ઉલ્લેખ થયો છે. કૃતિ ત્યાં રચાયેલી હોવાનું અર્થઘટન થઈ શકે એમ જણાતું નથી.]

## ૧૩૭૭. જયચંદ (ખ. કર્પૂરચંદ્રશિ.)

**(૪૬૯૪ક) પ્રતિમા રાસ** ૩ ઢાલ ર.સં.૧૮૭૮ ભા.વ.૨ આગોઢાઇ

(૧) લ.સં.૧૮૭૮ પો.સુ.૧૨ આગોઢાઇ ગૈનાં લિ. પ.સં.૪, મહર. ભં. પો.૧.

**(૪૬૯૪ખ) સંવેગી મુખપટા ચર્ચા**

(૧) પ.સં.૫, મહર.ભં. પો.૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૦.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૩૭૮. હેમવિલાસ** (ખ. જ્ઞાનકીર્તિશિ.)

(૪૬૯૫) **ઢૂંઢક રાસો** ગા.૨૭ ર.સં.૧૮૭૯ માહ વદિ ૮ કુચેરમાં

**આદિ –** **સરસતિ** માતા સમરિ કરિ, સદગુરૂ વંદી પાય
કથા કહું **ઢુંઢયાં** તણી, સહુને આવે દાય. ૧

**અંત –** સંવત **રસ મુનિ સિદ્ધ ભૂ** કહીયૈં, માહ માસ વદિ અઠમ લહીયે
**ખરતરગચ્છ** વધૈં વડશાખા, નગર **કુચેરમેં** કીની ભાષા. ૨૪
શ્રાવકલોક વસે તિહાં સુખીયા, ધર્મ સંવેગીમે સોભે મુખીયા
પૂજા પ્રભાવના નિસદિન કરતા, પુન્યભંડાર પોતે ભરતા. ૨૫
ચૈત્યાલૈ **સંતીસર** સોહે, **પાસ** જિણેસર મનડો મોહે
ઉગ્રવિહારી **કુચેરે** ગયા, દરસન કરને પરમ સુખ પાયા. ૨૬
**મારૂ** દેશ મઝાર વણાયો, કુમતિ તણો અધિકાર સુણાયો
**ગ્યાંનકીરત** ગુરૂ આજ્ઞા દીની, **હેમવિલાસ** મુની રચના કીની. ૨૭

(૧) પ.સં.૮, તપા અવિચલકૃત 'ઢૂંઢક રાસ' સહિત, અભય. નં.૭૧૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૦ તથા ૧૫૫૧. પહેલાં કૃતિ હેમવિમલને નામે મુકાયેલી તે પછી કૃતિ જોવા મળતાં સુધાર્યું છે.]

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**૧૩૭૯. ખુશાલચંદ** (લોં. રાયચંદશિ.)

રાયચંદ જુઓ આ પૂર્વે નં.૧૨૭૧.

(૪૬૯૬) **સમ્યક્ત્વ કૌમુદી ચોપાઈ** અથવા **અર્હદ્દાસ ચરિત્ર** (રાજસ્થાનીમાં) ૬૪ ઢાળ ર.સં.૧૮૭૯ વૈ.શુ.૧૩ ગુરુ નાગોરમાં

**આદિ –** અરિગંજણ અરિહંતજી, **વર્ધમાન** જિણચંદ
હરિલંછણ કંચણ વર્ણ, સમર્યાં પરમ આણંદ. ૧

*

સમગત (સમ્યક્ત્વ) ઉપર સાભલો, **અરદાસચરિત્ર**
સુણતાં **સમકિત કૌમુદી**, થાસ્યે જનમ પાવત્ર. ૪

**અંત –** એહ સાંભલ **અરદાસ ચરિત્ર**, સમકત રાખજો રૂડા રે
**સમકત કોમુદી** ગ્રંથનિ સાખે, કોઈ મત જાંણજો કૂડો રે. ૬
પુજય **ધર્મદાસજી** ધર્મધુરંધર, તાસ સિષ મુના **ધનોજી**
સંજમ પાલત દોષણ ટાલત, એક શિવપુરસેંતી મનો રે. ૭
તસ પાટે પુજ **ગુ(ભુ)ધરજી** સોભે તપસીકા કડાભૂત રે
તસ સિષ્ય પુજ્ય **જેમલજી** વદીતા, નાણ દર્શણ ચારિત્ર સુજુતા રે. ૮

પૂજ્ય **રાયચંદજી** તાસુ પાટ જ સોભે, વિદ્યા પૂર્ણ ભરીયા રે
મહીયલ માહે નામ જ ચાવા, ગ્યાંન ગુણરા દરીયા રે. ૯
તાસ પ્રસાદ ગ્રંથ રચ્યો એહે, રિષ **કુસાલચંદજી** કીધી જોડો રે
સુણ ભણને સહુ હોયજો રાજી, કોઈ મત કાઢાજો ખોડો રે. ૧૦
અલપબુધિ હું ભેદ ન જાણું, નહી વલ રસ નામ સ્વાદો રે
જે કોઈ સરસ રચના છે અક્ષર છે, જે તો ગુરૂ પરસાદો રે. ૧૧
અધકોઓછો સમકિતસેંતી, ઈણમેં અખર જાણોજી
તેહનો છે મુઝ મીછામિ દુકડો, કેવલી વદે સો પ્રમાણો રે. ૧૨
ચોઈ ઢાલાં થઈય સંપૂરણ, સમકતની ડીઢતાજી
સુણનેં સરધા રાખજો સેંઠી, જ્યાંરી પ્રબલ પુન્યાઈજી. ૧૩
સમ્યકત **અઢાર** વરસ **ગુણીયાસીએ, અહિપુર** સહર મજારેજી
માસ વૈશાખ શુકલ પખ તેરસ, શુભ મૂરત ગુરૂવારેજી. ૧૪
સમકતજોત પ્રકાશ ગ્રંથ એ, તિમિર મિથ્યામત દે ટાલા રે
જે નરનારી હીરદે ધારજ્યાં રે, ફલસી મંગલમાલા રે. ૧૫

(૧) પ.સં.૪૩, શેઠિયા લાયબ્રેરી બિકાનેર પો.પર નં.૪૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૦ તથા ૧૫૫૧–૫૨. પૃ.૧૫૫૧ પર કૃતિની રચનામિતિ ભૂલથી વૈ.શુ.૩ દર્શાવાયેલી. કુસાલચંદ ને ખુશાલચંદ એ અર્થઘટન ખરું છે કેમકે કર્તાની અન્ય કૃતિ અન્યત્ર નોંધાયેલ મળે છે.]

**૧૩૮૦. આનંદવલ્લભ** (ખ. રામચંદ્રશિ.)

**(૪૬૯૭) દંડક સંગ્રહણી બાલા.** ર.સં.૧૮૮૦ માગ. અજીમગંજ

(૧) દાન.ભં.

**(૪૬૯૮) વિશેષ શતક ભાષા ગદ્ય** ર.સં.૧૮૮૨ જયે.શુ.૫ બાલૂચર મૂળ સમયસુંદરકૃત.

(૧) દાન.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૭.]

**૧૩૮૧. દયામેરુ** (ખ. ઉદયતિલક–અમરવિજય–જ્ઞાનવર્ધન–કુશલકલ્યાણશિ.)

અમરવિજય જુઓ આ પૂર્વે નં.૧૦૯૦.

**(૪૬૯૯) બ્રહ્મસેન ચોપાઈ** ર.સં.૧૮૮૦ જે.સુ.૧૦ બુધે ભાવનગરમાં

(૧) પ.સં.૨૫, જય. પો.૬૬. (૨) પ.સં.૩૩, જય. પો.૬૬.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૦.]

**૧૩૮૨. સત્યરત્ન** (ખ.)

**(૪૭૦૦) સમેતશિખર રાસ** ર.સં.૧૮૮૦ ભા.શુ.૫

(૧) લ.૧૯૨૯ ચૈ.વ.૩ **બીકાનેર.** પ.સં.૧૨, બૌ.બીકા. નં.૨૩૭. (૨-૩) પ.સં.૧૬, બૌ.બીકા. ભં. નં.૩૦૩, ૩૦૪. (૪) પ.સં.૨૧, બૌ.બીકા. ભં. નં.૭૭૮. (૫) પ.સં.૧૧, દાન. પો.૧૫ નં.૨૭૩. (૬) પ.સં.૧૨, ક્ષમા. નં.૧૮૮. (૭) સં.૧૯૨૧ કા.વ.૩ **બીકાનેર** મધ્યે હરલાલ લિ. અભય. પો.૧૭ નં.૧૭૭૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૦-૧૧.]

**૧૩૮૩. લાલવિજય** (દર્શનવિજય-માનવિજયશિ.)

**(૪૭૦૧) ઇલાકુમાર રાસ** ગા.૩૨૩ ર.સં.૧૮૮૧ આસો શુ.૧૫

**અંત** – સંવત **શશિ નાગ સિદ્ધિ ચંદ્રો** રે આસુ માસ, મે.
શુકલપક્ષ તિથી પૂરણિમા રે લાલ, પૂરણ કીધો રાસ. મે.ભા. ૧૮
**દરસણવિજે** પંડિત દિપતા રે લાલ, **માનવિજય** મુનિરાય,
**લાલ** કહે ભાવ રાખજો રે લાલ, તઉ મુગતીનાં સુખ થાઇ. મે. ૧૯

(૧) ગાથા ૩૨૩ લિ. **લાલવિજયેન દાસણ** મધ્યે. પ્ર.કા.ભં. (સ્વલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૨.]

**૧૩૮૪. નેમચંદ્ર**

**(૪૭૦૨) પંદર તિથિ** (હિંદીમાં) લ.સં.૧૮૮૨ પહેલાં

**આદિ** – નમોકાર સુખકાર સાર મન વચ તન ધ્યાંવૂં
અરહંત સિદ્ધન સૂરિ પાઠિક સાધ મનાંવૂં
નાવ જુપત અઘ ષહત લહત શિવસુંદર પ્યારી,
અતુલ અતયંદ્રી અધ્યતમહ સુખસંપતિ ભારી
અવિચલ અખંડ આનંદમય પરમ અતિંદ્રી સુખ ભહૈ
તસુ ચરનકમલ વંદન સદા **નેમચંદ્ર** આનંદ લહે. ૧

**અંત** – પંદરે તિથિએ કરી અધ્યાત્મરૂપ ધરૈ વાઇ
ભૂલચૂક કછુ હોઇ શુદ્ધ કરિ લીજ્યો મેરે ભાઈ,
જો નર ઇનકોં પઢૈ સુનૈ અથવા તે અવધારૈ
તે વિકલ પસવ દૂરિ કેએ આતમરસ કા વિસ્તારૈ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નેમચંદ્ર** મુનિ ધારિ અધ્યાત્મ સવઢી દૌ ત્યારન તરન
જગ માંહિ તરે સાઠ જિનધર્મ ભવિજીવમંગલકરન. ૧૬

(૧) સં.૧૯૮૨ [૧૮૮૨ ?] કે. પઠનાર્થં. સરસ્વતી ભવન, મુંબઈ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૫૬-૫૭. પુષ્પિકામાં સં.૧૯૮૨ છાપભૂલ જણાય છે.]

**૧૩૮૫. કુંવરવિજય** (ત. પદ્મવિજય-અમીવિજયશિ.)

પદ્મવિજય જુઓ આ પૂર્વે નં.૧૨૪૯.

**(૪૭૦૩) + અષ્ટપ્રકારી પૂજા**

**આદિ** – ત્રિજગનાયક તું ધણી, મહા મહોટા મહારાજ,
મહોટે પુણ્યે પામિયો, તુમ દરિશણ હું આજ. ૧
આજ મનોરથ સર્વ ફળ્યા, પ્રગટયાં પુણ્યકલ્લોલ,
પાપકરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખદંદોલ. ૨

**અંત** – **જિન ઉત્તમ** પદ **પદ્મ**ની, નિત સેવા કરો ત્રણ કાળ,
નિજરૂપ પ્રગટે સુખ હોવે, **અમિકુંવર** કહે નહિ વાર. ૫

પ્રકાશિત : ૧. વિવિધ પૂજા સંગ્રહ, પૃ.૫૮૯થી ૫૯૩. [૨. સ્નાત્રપૂજા આદિ પૂજાઓનો સંગ્રહ.]

JAINSITE .com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

ગદ્યકૃતિઓ

**(૪૭૦૪) [+] અધ્યાત્મ પ્રશ્નોત્તર** ર.સં.૧૮૮૨ મહા શુદ ૫ રવિ પાલીમાં

**અંત** – અંતર્દષ્ટિ દેખિયે, પુદ્ગલ ચેતનરૂપ,
પર પરિણતિ હોય વેગલી, ન પડે તે ભવકૂપ.

ચોપઈ

**ખીમાવિજે** રે ખિમાના ભંડાર, **જિન ઉત્તમ** પદના દાતાર,
એહવા ગુરૂને નીત એવો સહૂ, નિજરૂપ પ્રગટે સુખ લહો બહુ. ૮
**અમીકુંયર** તસુ પ્રણમી પાય, ગ્રંથ કીયો ભવિજન-સુખદાય,
અલ્પબુદ્ધિ મેં રચના કરી, શુદ્ધ કરો પંડિતજન મિલી.
**મરૂધર** દેશ **પાલી** નગર મઝાર, કરયો ચોમાસ ધરી હર્ષ અપાર,
વર્ષ **બયાસી** સંવત **અઢાર**, મહા સૂદ પાંચમ ને રવિવાર.
**પ્રશ્નોત્તર** ગ્રંથ કીધો સાર, આતમઅર્થને હિતકાર,
ભણતાં ગણતાં જયજયકાર, લક્ષ્મીલીલા પામે અપાર. ૧૨

(૧) સં.૧૯૨૫ આશ્વિન સુદ ૧૪ વાર મંગલ. ભટ રૂપશંકર

નાગેશ્વર લિ. પ.સં.૨૬૪-૧૧, વડા ચૌટા ભં. સુરત. પોથી નં.૭. [રાજ-સૂચી ભા.૨.]

[પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક.]

(૪૭૦૫) **અધ્યાત્મગીતા બાલા.** ૨.સં.૧૮૮૨ આષાઢ શુ.૨ ગુરુ પાલીમાં મૂળ ગુજરાતી દેવચંદ્રકૃત.

(૧) સં.૧૮૮૫ ચૈ.શુ.૭ ભૃગુવારે હુકમચંદ લિ. **પાલી** મધ્યે. પ.સં.૯૩, ગો.ના. (જુઓ જૈનયુગ પુ.૨ પૃ.૧૪૫.) (૨) **જિનભદ્રસૂરિશાખાયાં** મહો. કીર્તિધર્મગણિ શિ. પં. હિતસમુદ્ર શિ. પં. રાયચંદ પં. તિલોકચંદ પં. અમરચંદ પં. તારાચંદ સ્વવાચનાર્થં સં.૧૮૮૨ ચૈ.વ.૧૧ **પંચ-પદરા** મધ્યે. પ.સં.૬૬, શેઠિયા. બિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૧-૧૨ તથા ૧૬૭૩. પૃ.૧૬૭૩ પર 'અધ્યાત્મગીતા પર બાલા.' ફરીને અમીકુંવરને નામે અલગ કવિક્રમાંકથી મુકાયેલો તે ભૂલ જ ગણાય.]

## ૧૩૮૬. શિવલાલ (પૂ. અનોપચંદ-પન્નાલાલશિ.)

(૪૭૦૬) **રામ લક્ષ્મણ સીતા વનવાસ ચોપાઈ** ૨.સં.૧૮૮૨ માઘ વ.૧ બિકાનેરમાં [?]

(૧) સં.૧૮૯૩ આ.સુ.૧૩ મંગલ લિ. પ.સં.૧૨, ચતુ. પો.૮. (૨) સં.૧૮૮૨ માઘવ વદિ ૧ સોમ **બીકાનેર** મધ્યે. પ.સં.૧૨, મુકનજી ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૪. 'રામ લક્ષ્મણ સીતા વનવાસ ચોપાઈ'નાં રચનાસમય તથા સ્થળ દર્શાવ્યાં છે તે જ એની એક પ્રતનાં લેખનસમય અને સ્થળ છે. પ્રત કવિની સ્વલિખિત હોવાનો નિર્દેશ નથી, તેથી લેખનસમય અને સ્થળ ભૂલથી રચનાસમય અને સ્થળ તરીકે નિર્દેશાઈ ગયાં હોય એવો વહેમ જાય છે.]

## ૧૩૮૭. ઉદયચંદ

(૪૭૦૭) **બ્રહ્મવિનોદ** ૨.સં.૧૮૮૪ જોધપુર [?]

(૧) સં.૧૮૮૪ કા.શુ.૧૦ **જોધપુર** મધ્યે લિ. સાધુ પં. નગવિજય શિ. ચેતવિજય પઠનાર્થં. પ.સં.૪, જિ.ચા. પો.૮૩ નં.૨૨૨૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૪. રચનાસંવત તથા સ્થળનો કોઈ આધાર અપાયો નથી, તેથી લેખનસંવત તથા સ્થળ જ રચનાસંવત તથા સ્થળ તરીકે મુકાઈ ગયાની શક્યતા ન નકારી શકાય. પ્રત કવિની સ્વ-લિખિત નથી જ.]

जैनम् जयति शासनम् JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૩૮૮. કૃષ્ણવિજયશિ. (જસવિજય–કાંતિવિજય–રૂપવિજયશિ. કૃષ્ણવિજય)

**(૪૭૦૮) મૃગસુંદરી માહાત્મ્ય ગર્ભિત છંદ** ૫૬ કડી ર.સં.૧૮૮૫ ફા.શુ.૩ પાલણપુરમાં

**આદિ** – પ્રણમી **વીર** જિણેસર પાય, કરે પ્રીછા **ગૌતમ** ચિત લાય,
પૂજ્ય જયણા ચંદ્રોદય ઠાંમ, કેતા કહિયે ત્રિભુવનસ્વામિ. ૧
મધૂર ગીરા જંપે અરીહંત, સાંભલ તેહ તણો વિરતંત,
ધરી મન જીવદયાનુ અંગ, બાંધે ચંદ્રોદય દસ ચંગ. ૨
ખાંડણ પીસણ ચૂલક ઠાંમ, ચૈત્ય સામાયક જલ વિશ્રામ,
પોઢણ ધાન વિગય ભોજન, એ દશ ઠામે કરીયે જતન. ૩

**અંત** – **અઢાર પંચાસિય** ફાગુણ માસ, શ્વેત ભુવન તિથિ ભાખી ખાસ,
**પાલણપુર**માં કિયો અભ્યાસ, **વામાસુત** મન પૂરી આસ. ૫૫
પ્રેમે સેવો દયા એકતાર, લહો **જસ કાંતિ રૂપ** અપાર,
કહે કવિ **કૃષ્ણવિજય**નો સીસ, જયણાધર્મ કરો નીસદીસ. ૫૬

(૧) ઇતિ શ્રી ચંદ્રોદય પ્રસંગે મૃગસુંદરી માહાત્મ્ય ગર્ભિત છંદ ચોપાઈ સંપૂર્ણઃ સં.૧૯૦૮ના માધવ કૃષ્ણ તૃતિયા ગુરૂવાસરે લિપિકૃતમ. પ.સં.૩, પ્ર.કા.ભં. નં.૬૧૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૩–૧૪. ત્યાં આ કવિ તથા કૃતિની નોંધ કૃષ્ણવિજયશિ. દીપવિજય (આ પૂર્વે નં.૧૩૭૩) નીચે કરેલી. તેથી આ કૃષ્ણવિજયશિ. તે એ દીપવિજય હોવાની સંભાવના મનમાં હશે. પરંતુ અહીં જસ-કાંતિ-રૂપ એવી સ્પષ્ટ ગુરૂપરંપરા કૃષ્ણવિજયની મળે છે તે દીપવિજયે કોઈ કૃતિમાં નિર્દેશી નથી. એટલે આ કૃષ્ણવિજયશિ. તે દીપવિજય હોવાની સંભાવના ઓછી છે.]

## ૧૩૮૯. વિનયચંદ

**(૪૭૦૯) ચંદનબાલા ચોઢાલિયું** ર.સં.૧૮૮૫ જે.શુ.૭

(૧) પ.સં.૪, અભય. પો.૪ નં.૨૫૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૫.]

## ૧૩૯૦. રૂપ (નાગોરી લોંકા.)

**(૪૭૧૦) ૨૮ લબ્ધિ પૂજા** ર.સં.૧૮૮૮ મા.શુ.૧૨ મકસૂદાબાદ

(૧) પ.સં.૧, દાન. પો.૭૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૫. ત્યાં આ કવિ તે નં.૧૩૪૧ના રૂપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ હોવાની સંભાવના કરેલી, પરંતુ એ રૂપચંદ પોતાને બધે જ ગુજરાતી લોંકાગચ્છના કહે છે, જ્યારે આ નાગોરી લોંકાગચ્છના છે. તેથી આ કવિ જુદા હોવાની સંભાવના વધુ છે.]

**૧૩૯૧. અમરસિન્ધુર** (ખ. ક્ષેમશાખા–જયસારશિ.)

**(૪૭૧૧) નવાણુ પ્રકારી પૂજા** ર.સં.૧૮૮૮ વૈ.શુ.૧૩ મુંબઈ

**(૪૭૧૨) પ્રદેશી ચોપાઈ** ર.સં.૧૮૯૨ કા.વ.૬ મુંબઈ

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૫.]

**૧૩૯૨. અમીવિજય** (ત. રૂપવિજયશિ.)

રૂપવિજય જુઓ આ પૂર્વે નં.૧૩૫૧.

**(૪૭૧૩) + નેમ રાસો** ર.સં.૧૮૮૯ રાજનગર

**(૪૭૧૪) + મહાવીરનું પારણું**

(૧) પ.સં.૨–૧૫, આ.ક.ભં. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૮, ૫૨૦).]

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૨૫૦. [૨. ચૈત્ય આદિ સં. ભા.૧ તથા ૨. ૩. બૃહત્ કાવ્યદોહન ભા.૨ તથા અન્યત્ર.]

**(૪૭૧૫) [+] નેમ રાજુલ બારમાસ** ર.સં.૧૮૮૯ રાજનગરમાં

**અંત –** **જિન ઉત્તમ** પદને વર્યા, સાદિ અનંત સ્થિતિ થાય, સુણ સાહેલી
તસ પદ **પદ્મ** નમ્યા થકી, **રૂપવિજય** પદ પાય. સુણ સા. ૭૩
ઇણ વિધ પ્રીતડી પાલસ્યેં, સરસ્યેં તેહનાં કાજ. સુણ સા.
મંગલિક માલાને વરે, **અમીયવિજય** કહે આજ. „ „ ૭૪
સંવત **અઢારનવ્યાસીએ**, રહી **રાજનગર** ચોમાસ, „ „
બાર માસ **રાજુલ નેમ**ના, ગાયા હરખ ઉલ્લાસ. „ „ ૭૫
**પારેખ ડુંગર**ના કહણુથી, રચ્યા માસ શ્રીકાર, „ „
સાંભળતાં સુખ ઉપજે, પામે ભવનો પાર. „ „ ૭૬
મોહ મહામદ વારજો, ટાલજો નારી સંગ, „ „
ધ્યાવે નવપદ ધ્યાન શું, પામો નિર્મલ રંગ. „ „ ૭૭
જ્ઞાનસરોવરે ઝીલીએ, બેસીએ સમકિતપાલ, „ „
ગુણુ અનંતા ચિત ધરો, પામો મંગલમાલ. „ „ ૭૮

(૧) તીર્થમાલામાં, જૈ.એ.ઇ.ભં.

[પ્રકાશિત : ૧. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૫–૧૬.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૩૯૩. ચારિત્રનંદી** (ખ. મહિમાતિલક–લબ્ધિકુમાર–નિધિ-ઉદયશિ.)

આ કવિએ જિનાગમોમાંથી જુદાજુદા એવા **૧૫૧** બોલ લઈને સંગ્રહરૂપ 'રત્નસાર્દ્ધશતક' નામનો ગ્રંથ સં.૧૯૦૯ શ્રાવણ કૃષ્ણાષ્ટમીને દિને માલવાના ઇંદ્રનગર (ઈંદોર)માં પિપ્પલી (બજારની) ધર્મશાલામાં પોતાના બે શિષ્ય નામે કલ્યાણચારિત્ર અને પ્રેમચારિત્ર માટે રચેલ છે તેમાં પોતાની ગુરુપરંપરા આપી છે કે: **ખરતરગચ્છે (જિન)**સિંહસૂરિના પટ્ટધર **જિનરાજસૂરિ** શિષ્ય **રામવિજય** ઉ.–**પદ્મહર્ષ** વા.–**સુખનંદન** વા.–**કનકસાગર** વા.–**મહિમાતિલક** વા.–**લબ્ધિકુમર** ઉ.–**નવનિધિઉદય** વા.ના પોતે શિષ્ય. પોતાના ઉક્ત બે શિષ્ય પૈકી એકે જ્ઞાનાનંદ નામ રાખી 'જ્ઞાનવિલાસ' અને 'સમયતરંગ' એ નામના પદસંગ્રહ રચ્યા લાગે છે.

**(૪૭૧૬) પંચકલ્યાણક પૂજા** ર.સં.૧૮૮૯ સંભવનાથ ચ્યવન દિને [ફા.વ.૮] કલકત્તામાં

**આદિ** – દોહા.

પંચ કલ્યાણક જિન તણાં, પૂજે જે જન ભાવ,
શ્રી જિ......, અખય અકલ પરભાવ. ૧

**અંત** – ભવિ જન પંચ કલ્યાંણક નમિયે રે ભવિ.
ચ્યવન જનમ દીક્ષા વર નાણ પરમાનંદ પદ પંચમ જાંણ. ભ.
એ જિનવરકે પંચસરૂપ, વરણન કિયે ગણધર ગુણ રૂપ. ૧
જિનકી વાંણી અતિ ગણધીર, વિવિધ અરથ ત્રિપદી ગંભીર,
શ્રી **જિનરાજ**-ચરણયુગભક્તિ, વિલસી આતમભાવની વૃત્તિ. ૨
તિણ પ્રભુકે યહ **પંચ હુલાસ**, કલ્યાણક રચના ઈહાં **ભાસ**, **ભ.**
પરમ મંગલ પ્રભુ પંચ કલ્યાણ, ભવિજનદાયક પરમ નિધાન. ભ.૩
શ્રવણ મનન ધ્યાયત મન લાય, ભવિજન ગાંન કિયે અઘ જાય,
વૃદ્ધ મનોહર **ખરતરાધીશ**, ગણભૃત શ્રી **જિનઅખય** સુરીશ. ભ. ૪
તત્પટે ઉદયાચલ **ભાંન**, શ્રી **જિનચંદ** સુરીંદ સુજાંણ,
તસુ આજ્ઞાયેં ભગતિ ઉદાર, સ્તુતિ કલ્યાંણક સંઘહિતકાર. ભ.૫
ધ્યાંનનિધી ગુણમણિભંડાર, **મહિમતિલક** પાઠક સુખકાર,
તત પંકજ મધુકર સુખપીન, ચિત્ર **લબધીકુમર** ગુણલીન. ભ.૬
તત પદ **નિદ્ધિઉદય** જગભાંણ, જિનઆજ્ઞાપ્રતિપાલક જાંણ,
**ભાવનંદી** ગુરૂપદઅનુરક્ત, ભ્રાતૃ **ચારિત્રનંદિ** કીધી જિનભક્ત. ભ.૭

जैन साइट JAINSITE.com सिमेर्जन शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કલકત્તા** મંદિર સુખધામ, રાજઋદ્ધિ પૂરણ સબ કાંમ, ભ.
તિહાં શ્રાવક અતિ તત્ત્વવિચાર, ધરમ તણાં જાંણૈ સુવિચાર. ભ.૮
ચંદ મહતાવ સકલ શ્રીસંઘ, અરજ કરી ગુરૂથી ઉછરંગ, ભ.
ગુરૂ વિણ શ્રી સંઘ વીનતી જાંત, રચના કીધી જિનગુણખાંણ. ભ.૯
**નંદ વસુ પ્રવચન શશિ** રૂપ, **સંભવ** ચવન દિવસ દિન ભૂપ,
ભણસ્યૈ સુણસ્યૈ જે નર ભાવ, તસ ઘર થાસ્યૈ નિધિ સદભાવ.
ભ. ૧૦

(૧) લિ. **અમીરચંદ્રેણ મકસૂદાબાદસ્ય અજીમગંજ** મધ્યે સં.[?] ચૈ.શુ.૩ ગુરૂ **સંભવનાથ** સુપ્રસાદાત. પ.સં.૧૪-૧૨, કુશલ. પો.૩૬.

**(૪૭૧૭) નવપદ પૂજા**

**(૪૭૧૮) ૨૧ પ્રકારી પૂજા**

(૧) શ્રીપૂજ્યજીનો સંગ્રહ, વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૬૬ તથા ૧૫૬૧-૬૨.]

## ૧૩૯૪. સબલદાસ (લોં.)

**(૪૭૧૯) ત્રિલોકસુંદરી ઢાલ** [અથવા ચોપાઈ] (રાજસ્થાનીમાં)
ર.સં.૧૮૯૨ ફલોધી

**આદિ** – વિહરમાન વિસે નમું, જયવંતા જગદીસ,
અતિ સેવંત અનંત જીન, તારક વીસવાવીસ. ૧

**અંત** – શીલઉપદેશથી વિસ્તારો, પૂજ **સબલદાસજી** ચિત લાયો રે લો.
ઉછોઅધકો આયો હુવે તો મીછામિ દુક્કડં ગાયો રે
**અષ્ટાદસ સો બાંણવે** વરસે, કીયો **ફલોદી** ચોમાસો રે લો
સીલરી મહિમા સુણ સુણાવે, જીણ ઘર લીલવિલાસો રે લો.

(૧) પ.સં.૫-૧૯, કુશલચંદ્ર પુ. વિકાનેર પો.૪૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૮ તથા ૧૫૫૨-૫૩.]

## ૧૩૯૫. સવરાજ (લોંકાગચ્છનો શ્રાવક)

સાવલાનો, પિતાનું નામ હરખા.

**(૪૭૨૦) મૂલીબાઈના બારમાસ** ૫૨ ગાથા ર.સં.૧૮૯૨ માગશર શુ.૧૩ ગુરુ સાયલામાં વખતસિંહ રાજાના રાજ્યમાં

મૂલીબાઈ દશા શ્રીમાલી વણિક રતનશાની અમૃતબાઈથી થયેલ પુત્રી. કોઠારી નાનજી સાથે લગ્ન. આરજા આણંદબાઈ પાસે અભ્યાસ. પછી દીક્ષા

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીંબડીમાં સં.૧૮૬૫ના વસંત માસની વદ ચોથે રતનબાઈને હાથે લીધી. કડક તપ પાળી ૧૩ દિનનો સંથારો કરી સં.૧૮૯૦ના આષાઢ શુ.૧૪ શુક્રે સ્વર્ગવાસ.

**આદિ** – હું તો નમું સિદ્ધ ભગવંત, મુકી મન આમલો રે.
ગુણ ગાઉં **મુલીબાઈ** સતી, સહુ કો સાંભલો રે.
સતી શ્રાવણ સુંદર માસ, દેસે રે વખાંણું રે.
જેહની સાખ સિદ્ધાંત મોઝાર, વદવા ન જાણુ રે. ૧

**અંત** – સંવત **અઢાર બાંણુએ** જોડયા માગસીર માસ રે,
તીથિ તેરસ નેં ગુરૂવાર, પખ અજવાસ રે.
**મૂલીબાઈ** તણો મહિમા, ચઉદસ ગાજે રે,
ભણે હરખાસુત **સવરાજ, સાયલા**માં બિરાજે રે. ૫૨

(૧) પ.સં.૬-૧૩, પ્રાણજીવન મોરારજી શાહ રાજકોટ પાસે.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૬.]

**૧૩૯૬. ક્ષેમવિજય** (ત. રૂપવિજય-માણેકવિજય-જીતવિજય-વિનયવિજયશિ.)

**(૪૭૨૧) પ્રતિમાપૂજા વિચાર રાસ** અથવા **કુમતિ ૫૮ પ્રશ્નોત્તર રાસ** ર.સં.૧૮૯૨ આસો વ.૧૩ ધનતેરસ મંગળ સુરતમાં

**અંત** – રાગ ધન્યાસિરી. તુહો તુહો રે મુઝ સાહિબ જગનો તુહો – એ દેશી.

ગાયા ગાયા રે, **મહાવીર** તણા ગુણ ગાયા,
કુમતિભંજન મત્ત પુજા કરંતા જ્ઞાંનઅમૃતરસ પાયા રે. મહા. ૧
રાગદ્વેષ અદેખાઇ ન કરસ્યો, તો શિવપૂરિ સુખદાયા,
ભાવ સાચો આણી તત્ત્વ નિહાલી, ગાલી મન દંભ માયા રે. ૨
ભવિયણ સાર સહુ મન ધારી, વખાણી જીનજી બતાયા,
જિનગુણરાગી સુબુદ્ધિ રંગાણી વાણી સદા સુપસાયા રે. મ. ૩
શ્રી વરસિદ્ધિરાણી લહે પ્રાણી આણી તે જિનગુણ ધ્યાયા,
કુમતિભંજણ મત્ત ગુણ વરણવીયા, પડિમાથાપન ઉમાયા રે. મ. ૪
**તપગછે** સુરતરૂ દિનકર પ્રગટયા, શ્રી **વિજયદાન** સૂરીરાયા,
તેજપ્રતાપી જગત જસ વ્યાપી, થાપી બિરૂદ સવાયા રે. મ. ૫
તદનંતર તસ શિષ્યપરંપરા, શ્રી **રૂપવિજય** બુધરાયા,
વિમલવયણ ગુણ ઉજ્વલ ધારી, જૈન શાસન સોહાયા રે. મ. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુરગતિત્યાગી સુપુણ્યસૌભાગી, ઉત્તમ કુલ માહેં જાયા,
શ્રી **માણેકવિજય** આગમ શુભ વેત્તા ટાલતાં કુમતિની છાયા રે. ૭
તસ શિષ્ય શ્રી **જીતવિજય** નગીના હેમમુદ્રામેં જડાયા,
સકલ અધિક ગુણઅતિશયધારી જીતનિશાન બજાયા રે. ૮
શ્રી **વિનયવિજય** શિષ્ય તેજપ્રતાપી, ચિરંજીવી ભવિ ભાયા,
કુમતિલતાજડ દુર નિવારી, **આણંદ**ગચ્છ દીપાયા રે. ૯
તસ શિષ્યયુગલ ભવિક વિકસંતા શ્રી **દીપવિજય** વૃદ્ધ ભાયા,
વયરાગી ત્યાગી મતિ ગુણવંતા, **ખેમવિજય** ગુણ ગાયા રે. ૧૦
સિદ્ધાંતથી કોઈ ઉત્સૂત્ર ભાખ્યાં ઉપયોગે રહિત લિખાયા,
તસ મુઝ મિછામિ દુક્કડ હોજો, ઉપગારે પંડિત ધાયા રે. ૧૧
**નયન અંક વસુ ચંદ્ર** સંવત્સરે ૧૮૯૨ અશ્વિન કૃષ્ણ પક્ષાયા,
ઉત્તરા ને ઐંદ્રયોગે ભોમવારે તિથી ધનતેરસ કહાયા રે. ૧૨
શ્રી **કલા શ્રીપત્ત** કુલમેં સૌભાગી **વ્રજલાલ**સુત જન છાયા,
**અનુપમચંદ** સા ડાયા, જૈન ધરમ ચિત લાયા અનુભવરંગે રંગાયા
અહનિશી ગુરૂસેવા દાંન જ દેતાં, જિણવરઆંગી રચાયા રે. ૧૩
**હરખચંદ**સુત **નથુચંદ** રાગી, **જયચંદ** પાના સવાયા
તસ આગ્રહ થકી રચના એ રચી, શ્રાવક શ્રાવિકા ન્યાયા
સહગુરૂવાણી નિસુણે ભવિ પ્રાણી નિતનિત મંગલ પાયા રે. ૧૪
જે કોઈ પુજા એ ભણસે સુણસે, તસ ઘર મંગલ થાયા
સમકીત ભવી જીવને ઉપગારે, થાપના પુજા બનાયા રે. ૧૫

(૧) પં. વિનયવિજય સુશિષ્ય પં. ખેમવિજય શ્રી કુમતીમત્ત ભંજનરાસ વિરચિતાયાં. સમાપ્તં. લ.સં.૧૮૯૮ આષાઢ વદ ૧૩ ગુરૂવાસરે લેખક સા. વલ્લભદાસ વનમાલીદાસ જ્ઞાતે વનીક શ્રી સુરતના વાસિ ઠેકાણું સહિયેદપરા મધ્યે. પ.સં.૧૫૨–૮, લા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૧૭–૧૮. ત્યાં કવિને વિનયવિજય–દીપવિજયશિ. કહેલા, પરંતુ એ ભૂલ થઈ જણાય છે. ઉદ્દધૃત ભાગમાં વિનયવિજયના બે શિષ્યો તે દીપવિજય અને ક્ષેમવિજય છે. પુષ્પિકામાં પણ ક્ષેમવિજયને વિનયવિજયના શિષ્ય કહેલા છે.]

## ૧૩૯૭. ઉદયસોમસૂરિ (લ. ત. આનંદસોમસૂરિના પટ્ટધર)

**(૪૭૨૨) પર્યુષણા વ્યાખ્યાન સસ્તબક** ર.સં.૧૮૯૩

(૧) લ.સં.૧૯૪૧, પ.સં.૩૩, પ્ર.કા.ભં. દા.૪૮ નં.૪૧૯.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૭૨૩) **શ્રીપાલ રાસ** ર.સં.૧૮૯૮ આસો [અસાડ?] પરેંડામાં
**આદિ** – (ચતુર્થ ખંડની)

ચોથો ખંડ રચું હવે, શ્રી સિદ્ધચક્ર પસાય,
માંષણ ચ્યારેમાં હવે, અજ ગાડર મસી ગાય. ૧
ગોરસ ગોલી નીર જિમ, તિમ કહ્યા એ ત્રણ ખંડ,
ચોથા ચોકુલા થકી, મથતાં માખણ પિંડ. ૨
સાકર કથા **શ્રીપાલ**ની.

**અંત** – લઘુ **પોષધશાલે** સ **તપાગણ** સડસઠ પાટ સવાયા,
શ્રી **આણંદસોમ**સૂરિ પટધર, શ્રી **ઉદયસોમ** સૂરીરાયા રે,
**સુરત** સંજતિ શ્રાવક-આગ્રહે, સુગમ અર્થ સમઝાયા,
ચોથે ખંડ રચ્યો મનરંગ સાંભલતાં સુખ પાયા રે. મેં. ૬
**પરેંડા** સેહરમાં પૂરણ કીધો, ભવિક શ્રવણ મન ધાયા,
**અઢાર અઠાણું** આસો ઉડીમાં એ અધિકાર વંચાયા રે. મેં. ૭

(૧) લખ્યા સં.૧૯૦૫, ચોથો ખંડ જ, પ.સં.૧૫-૧૫, રો.એ.સો. બી.ડી.૧૦૩ નં.૧૯૭૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૦ તથા ૧૬૭૪. 'આસોઉડી' તે અસાડ હોય? પરેંડા સુરત પાસેનું કોઈ ગામ?]

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**૧૩૯૮. રંગવિજય** (ત. પદ્મવિજયશિ.)

(૪૭૨૪) **વિચારામૃત સંગ્રહ બાલા.** ર.સં.૧૮૯૩[૪] શ્રા.શુ.૫ બુધે
મૂળ જિનહર્ષકૃત.

**આદિ** – **પદ્મવિજય** નામ્નાભૂત્ તદ્વિનેયો વિદાં વરઃ,
સિદ્ધાંત-તર્ક-વ્યાકરણ-કાવ્યાલંકૃતિ-છંદવિત્. ૬
**રંગવિજય** તત્શિષ્યો **વિચારામૃતસંગ્રહે**,
ટબાર્થમલિખત્ કિંચિત્ શિષ્યસદ્બોધહેતવે. ૭
**વેદ નંદાષ્ટ ચંદ્રાખ્યે ૧૮૯૩** વત્સરે વિક્રમાર્કતઃ
શ્રાવણ સિત પંચમ્યાં સદ્વારે ચંદ્રદેહજે. ૮
એકાશીતિં શતાની ચ વેદનેત્રાધિકોપરિ,
સૂત્રાર્થોભયશ્લોકાનિ વિચારામૃતસંગ્રહે. ૯

(૧) સં.૧૯૧૧ પો.વ.૩ બૃહસ્પતિવારે લિ. બ્રાહ્મણ **શ્રીમાલી સાલગ-રામ કિસનગઢકા અજમેર** મધ્યે. પ.સં.૧૬૧, તિલક. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૭૪. ત્યાં કૃતિ પદ્મવિજયશિ. રૂપવિજય.

(આ પૂર્વે નં.૧૩૫૧)ને નામે મુકાયેલી, પરંતુ ઉદ્ધૃત અંતભાગ સ્પષ્ટ રીતે રંગવિજય નામ આપે છે.

કૃતિના રચનાસંવતમાં વેદ=૩ અર્થઘટન કરવામાં આવ્યું છે. મૂળ વેદ ત્રણ લેખાય છે એટલે એમ અર્થઘટન થઈ શકે છે પણ વ્યાપક પરંપરા વેદ ચાર ગણવાની છે.]

## ૧૩૯૯. કનીરામ (ઋષિ)

**(૪૭૨૫) ચર્ચા** (રાજસ્થાનીમાં) કડી ૬૯ ર.સં.૧૮૯૪ પીપાડમાં

**આદિ** – પડિમાધારી આણુ દવક પોતે પાપ ન કરાયો રે
અબ એને કહને નહી કરાવે, અણુમોદે નહિ મનમાયૌ
પડિમાધર્મ શ્રી જિન આગ્યામે. ૧

**અંત** – **કનીરામ** કહૈ એહ સાંભલીજી, છોડો પાખંડ્યાંરો સંગ
સમગર નનજ દોહિલોજી, ઈણુ સું રાખો અવિચલ સંગ. ૬૮
**અષ્ટાદસ વર્ષ ચોરાણવૈજી, પીપાડ** કીયૌ ચૌમાસ
ધર્મધ્યાન રસરંગમૈજી, શ્રાવક હુવા હુલાસ. ૬૯

**(૪૭૨૬) ત્રિલોકસુંદરી ચોપાઈ** ર.સં.૧૮૧૧ (?) ધનતેરસ પીપાડમાં

(૧) સં.૧૯૫૬ દિલી. પ.સં.૧૬, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૨ તથા ૧૫૫૭. 'ત્રિલોકસુંદરી ચોપાઈ'નો ર.સં.૧૮૧૧ શંકાસ્પદ જ ગણાય, કેમકે 'ચર્ચા'નો રચનાસંવત છેક ૧૮-૯૪ મળે છે ને એ સંપૂર્ણ અધિકૃત છે.]

## ૧૪૦૦. કસ્તુરચંદ (ખ. સમયસુંદરની પરંપરામાં ભક્તિવિલાસપ્રશિષ્ય)

**(૪૭૨૭) ષડ્દર્શન સમુચ્ચય બાલા.** ર.સં.૧૮૯૪ રાધ વદ ૨ શનિ વિકાનેર

**અંત** – સંવત **વેદ નિધાન ગજ, પૃથિવી**કો પરમાણ
રાધ માસ વદિ દુતિય શનિ, **બીકાનેર** સુથાન. ૧
પંડિત **ભક્તિવિલાસ**કે, પૌત્ર શિષ્ય **કસ્તૂર,**
સમઝ દેખિ ટીકા કઠિન, કિયૌ પ્રયાસ સબૂર. ૨
**કોઠારી** શ્રાવક સુબુધ, **અગરચંદ**કે હેત,
બાલબોધ રચના રચી, તુરત જાણ સુખ દેત. ૩

(૧) મુકનજી ભં. વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૭.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૪૦૧. જિનસૌભાગ્યસૂરિ** (ખ.)

**(૪૭૨૮) સમેતશિખર સ્ત.** ર.સં.૧૮૯૫ માઘ વ.૧૩
**(૪૭૨૯) નવપદ સ્ત.** ર.સં.૧૮૯૫ આ.શુ.૧૫ બાલૂચરમાં
**(૪૭૩૦) ૧૪ પૂર્વ સ્ત.** ર.સં.૧૮૯૬ બાલૂચર
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૨૧.]

**૧૪૦૨. ધર્મચંદ્ર** (ત. વિજયદયાસૂરિ–ખુશાલવિજય અને કલ્યાણચંદ્રશિ.)

**(૪૭૩૧) + નંદીશ્વર દ્વીપ પૂજા** ર.સં.૧૮૯૬ ભાદ્રવા શુદ ૪ દમણ બંદરમાં

**આદિ** – દૂહા.

પ્રણમું **શાંતિજિણંદને**, ચઉદરયણપતિ જેહ,
કંચનવરણેં સોહતો, લક્ષણેં લક્ષિત દેહ. ૧
**સુરગિરિ અષ્ટાપદગિરિ, ગિરનાર આબુ** તેમ,
**સમેતશિખર** એ પાંચને, વંદું બહુ ધરી પ્રેમ. ૨
સમરી **શારદમાતને**, હું રચું પુજા રસાલ,
જિમ સુણતા ભવિ પ્રાણિને, હરખ વધે તતકાલ. ૩
વિસ્તીરણ જિનભુવનમાં, રચિ **નંદીશ્વરદ્વીપ**,
તદનંતર પ્રભુ થાપિને, કરો અભિષેક પ્રદીપ. ૪
એકાદશ અભિષેક ઇહાં, સામાન્યે ધરો ચિત્ત,
આઠ અધિક શત તો કરો, હોઇ વિશેષે પ્રીત. ૫
સકલ સામગ્રિને મેલવિ, શ્રદ્ધાવંત નરનાર,
જલકલશા નિજ કર ધરો, પામવા ભવજલપાર. ૬
રહિ સમશ્રેણિ બિહું દિસેં, વાજતે મંગલ તુર,
પૂજા પ્રભુનિ ભણાવિઈ, કરવા અઘ ચકચૂર. ૭

(૧) મુનિ કપુરચંદજિકૃત સ્વરોદય સંપૂર્ણ. પ.સં.૯-૨૨, ડા. પાલણ. દા.૩૯ નં.૧૨૮. (૨) સં.૧૯૪૦ ચૈ.શુ.૮ પં. **ધ**નસુખ લિ. પ.સં. ૨૨, જિ.ચા. પો.૮૩ નં.૨૧૦૩. [મુપુગૂહસૂચી, લાહસૂચી ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૩, ૫૫૪).]

[પ્રકાશિત : ૧. ચિદાનંદકૃત સર્વસંગ્રહ.]

**(૪૯૮૫) + ચિદાનંદ બહોતરી** [અથવા **પદસંગ્રહ**]

(૧) ઇતિ પદે ૬૨ શ્રી અનુભવવિલાસ સંપૂર્ણ. લિ.૧૯૧૦ આસો વદિ ૧ ભોમ. ઠાકોર **નરભેરામ** અમુલખેન શ્રી **પાટણ**નગરે આદિજિનપ્રસાદાત્. પ.સં.૧૩-૧૫, આ.ક.ભં. (૨) લ.સં.૧૯૨૫ શાકે ૧૭૯૦ ભાદરવા શુકલ ૭ સોમવાર સંપૂર્ણ. મુનિરાજશ્રી કપૂરચંદજીકૃત ગ્રંથાવલીમાં. (૩) સં.૧૯૧૭ શ્રા.વ.૪ ગુરૂ **મુંબાઈ** મધ્યે બ્રા. **અનુભુ**જેણ લિ. પ.સં. ૧૫-૧૨, જશ.સં. નં.૪૬૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૩૧).]

પ્રકાશિત : ૧. જુઓ 'પ્રશ્નમાલા અને ઉત્તરમાલા'ની નીચે. ૨.પ્રકા. ભીમસિંહ માણક. [૩. ચિદાનંદકૃત સર્વસંગ્રહ. ૪. રત્નસાર ભા.૨ તથા અન્યત્ર.]

**(૪૯૮૬) + પુદ્ગલ ગીતા**

**આદિ** – સંતો દેખીયે બે, પરગટ પુદ્ગલ જાલ તમાસા.
પુદ્ગલ ખાણો પુદ્ગલ પીણો, પુદ્ગલ હુંથી કાયા,
વર્ણ ગંધ રસ ફરસ સહુએ, પુદ્ગલ હુંકી માયા. સંતો. ૧

**અંત** – બાલ ખ્યાલ રચિયો એ અનુપમ અલ્પતિ અનુસાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલ જીવકું અતિ ઉપગારી, **ચિદાનંદ** સુખકાર. શં. ૧૦૮

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૫૭૮).]

પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર, પૃ.૫૦૫થી ૫૧૩. [૨. ચિદાનંદકૃત સર્વસંગ્રહ. ૩. રત્નસાર ભા.૨ તથા અન્યત્ર.]

**(૪૯૮૭) + પરમાત્મ છત્રીસી**

**આદિ –** દુહા

પરમદેવ પરમાતમા, પરમ જ્યોતિ જગદીસ
પરમ ભાવ ઉર આનકે, પ્રણમત હું નિસદીસ. ૧

**અંત –** પરમાતમ છત્રીસીકો, પઢિયો પ્રીતિ સંભાર
**ચિદાનંદ** તુમ પ્રતિ લખી, આતમકે ઉદ્ધાર. ૩૬

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૪).]

પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર, પૃ.૫૧૬થી ૫૧૮. [૨. ચિદાનંદકૃત સર્વસંગ્રહ. ૩. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

**(૪૯૮૮) + હિતશિક્ષારૂપ દોહા** ૪૧ દોહા

પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર, પૃ.૫૧૮–૫૨૧. [૨. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

जैन साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**(૪૯૮૯) + સવૈયા**

(૧) લિપિકૃતં લહીયા **લાલજી** કલ્યાણ શ્રી **ભાવનગર** મધ્યે સં. ૧૯૬૧ના જ્યેષ્ઠ વદ ૧૪ ચૌદશ. પ.સં.૫–૧૭, આત્માનંદ સભા ભાવ.

પ્રકાશિત : ૧. સજ્જન સન્મિત્ર, પૃ.૪૮૫થી ૪૯૪. [૨. ચિદાનંદકૃત સર્વસંગ્રહ. ૩. સઝાય પદ સ્તવન સંગ્રહ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૩૮–૪૧.]

## ૧૪૨૧. વિનયચંદ્ર (સ્થા. શ્રાવક, હમીરમુનિશિ.)

કુંભટ ઓસવાલ, ગોકુલચંદના પુત્ર.

**(૪૯૯૦) + ચોવીસી** ર.સં.૧૯૦૬

**આદિ –** ઋષભદેવ સ્ત. ઉમાદે ભટિયાણી હો – દેશી

શ્રી **આદીશ્વર** સ્વામી હો
પ્રણમૂં સિર નામી તુમ ભણી, પ્રભુ અંતરયામી આપ
મોં પર મ્હેર કરીજે હો,
મેટીજે, ચિંતા મન તણી, મારા કાટ પુરાકૃત પાપ. શ્રી. ૧



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*

**વિનયચંદને** આપો હો.
પ્રભુ નિજ ગુણસંપત શાસ્વતી, પ્રભુ દીનાનાથ દયાલ.

**અંત –** કલશ

ચૌવીશ તીરથનાથ કીરતિ, ગાવતાં મન ગહગહે.
**કુંભટ ગોકલચંદ-નંદન, વિનયચંદ** ઈણ પરિ કહે.
ઉપદેશ પૂજ્ય **હમીર**મુનિકો, તત્ત નિજ ઉરમેં ધરી,
**ઉગણીસ સો છૈકે** સંવત્સર, મહાસ્તુતિ પૂરી કરી.

(૧) સં.૧૯૨૫ અ.શુ.૭ જયપુર મધ્યે. પ.સં.૭, જિ.ચા. પો.૮૩ નં.૨૧૪૯.

પ્રકાશિત : ૧. પ્રકા. અગરચંદ શેઠિયા બીકાનેર. ૨. જૈન સ્થાનકવાસી સંઘ, રાજકોટ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪૬ તથા ૧૫૬૩–૬૪.]

## ૧૪૨૨. કેશરીચંદ (ખ.)

**(૪૯૯૧) જ્ઞાનપંચમી મહિમા સ્ત.** ૭ ઢાળ ૨.સં.૧૯૦૬ કાર્તિક શુ.૫ રવિ કોટામાં

**આદિ –** દુહા.

અષ્ટકર્મમલ ક્ષય કરી, પ્રગટ કીયા ગુણ અષ્ટ,
ઈષ્ટ દેવ સિધ્ધિસકી, મો પર રહો સુદષ્ટ. ૧
શ્રી જિનમુખ સું નીસરી, દ્વાદશ અંગ સરૂપ,
**શ્રુતદેવી** સમરણ કરૂં, ઉપજે ગ્યાંન અનૂપ. ૨
જ્ઞાનઆરાધન પંચમી, ભાષી સૂત્ર મઝાર,
**વરદત્ત ગુણમંજરી** પરે, પામે સુખ અપાર. ૩

**અંત –** ઢાલ ૭ જલજલતી મિલતી ઘણું રે એ દેશી.

ભગવઈ અંગ સુહામણો રે લાલ સુણીયૈ ધર ચિત ભાવ રે.
ઋદ્ધિ સમૃદ્ધિ દાતાર સદા રે લાલ વિવેકી,
ભવોદધિ-ઉતરણ નાવ રે વિવેકી. ભ. ૧

*

**છ રસ આકાસ અહ સસી** રે લાલ, કાર્ત્તિક સુદ રવિવાર રે. વિ.
પાંચમ દિન મહિમા કરી રે લાલ, કોટૈ સહર મઝાર રે. વિ. ભ. ૬
રાજ બિરૂદ **ખરતર** તણો રે લાલ, રાજૈ વિજય રાજ્ય રે વિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **જિનમહેંદ્ર** સૂરિસરૂ રે લાલ, પરબલ સાથ સામ્રાજ્ય રે વિ. ભ. ૭
ચોમાસો ઇણુ થાંનકે રે લાલ, ઉછરંગે કીયો ભલ્લ રે વિ.
સંઘ ભક્તિ બહુ સાચવે રે લાલ, સંઘનાયક **દાનમલ્લ** રે વિ. ભ. ૮
એહ સ્તવન ગુણે સુણે રે લાલ, દુર હુવૈ દુખધંધ રે વિ.
આગમવાણી જોયતે રે લાલ, એહ કહ્યો સંબંધ રે વિ. ભ. ૯
ભૂલો જો પરમાદમેં રે લાલ, કવિજન સોધ્યો એહ રે વિ.
ભોલી ડાલી ભક્તડી રે લાલ, મૈં પરકાસી તેહ રે વિ. ભ. ૧૦
ઉડગણુ રવિ સસી જયો લગે રે લાલ, જ્યાં લગ મેરૂ ગિરંદ રે વિ.
ગ્યાંનપ્રકાશ હુવો સદા રે લાલ, કહૈ મુનિ **કેસરીચંદ** રે વિ. ભ. ૧૧

(૧) સં.૧૯૦૬ મિગશર સૂદિ ૩ દિને શ્રી **કોટા રામપુરા** મધ્યે. પ.સં.૫-૧૩, અનંત. ભં.ર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪૪-૪૫.]

**૧૪૨૩. બાલચંદ--વિજયવિમલ** (ખ. અમૃતસમુદ્રશિ.)

**(૪૯૯ર) સમેતશિખર રાસ** ર.સં.૧૯૦૭ વૈશાખ શુદિ અજીમગંજમાં

**આદિ** – વાંદી વીસ જિનેસરૂ, રચસ્યું રાસ રસાલ,
તીરથ **સિખર સમેત**ની, મહિમા વડી વિસાલ. ૧

**અંત** – **ખરતર**ગચ્છપતિ મહિમાધારી, જાકો જસ વિખ્યાતજી,
જયશ્રી **જિનસૌભાગ્ય** સૂરીસર, અમૃતવચન સું ગાતજી.
તાસુ પ્રસાયે રાસ રચ્યો એ, **અમૃતસમુદને** સીસજી,
**બાલચંદ્ર** નિજ મતિ અનુસારે, સોધ્યો વિબુધ સુજગીસજી.
સંવત **ઓગણીસે સિતડોત્તર** સુદિ વૈશાખ સુહાલજી,
રાસ **અજીમગંજ** માંહે કીનો, ભણતાં મંગલમાલજી.

કળશ

ઈમ સયલસુખકર વીસ જિનવર, સંથુણ્યા મન ગહગહીં,
ગિર શિખર તીરથ તણી, મહિમા ભવિજન લય લહી.
શ્રી **જિનસૌભાગ્ય** સૂરિંદને સુપસાય વરણ્યો રાસ એ,
કહે **બાલચંદ** એ શ્રવણ સુણતાં સદા આનંદ ભાસ એ.

(૧) પ.સં.૮-૧ર, રો.એ.સો. બી.ડી.૧૯૯ નં.૧૧૮૩. (ર) સં.૧૯૧૯ ચૈ.વ.૧૧ **અજીમગંજ** મધ્યે લિ. પ.સં.૬, મહિમા. પો.૬૩. (૩) પ.સં. ૯-૧૧, ગુ. નં.૫૫-ર૬. (૪) પ.સં.૧ર, જિ.ચા. પો.૮૩ નં.ર૧૦૮. (૪) સં.૧૯૩૧ કા.શુ.૧૫, પ.સં.૮, જય. પો.૧૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૪૯૯૩) + સમેતશિખર ગિરિ પૂજા** ર.સં.૧૯૦૮ કા.શુ.

**આદિ–** ચોવીસે જિનવર તણા, પ્રણમી ભાવે પાય,
**સમેતશિખર** ગિરિરાયની, પૂજા કર મન લાય. ૧

**અંત –** ભવિજન **શિખર સમેત** વધાવો,
વીસ જિનેસર મુગતિ સિધા એ, એ તીરથ જગ ચાવો. ૧

*

સંવત **સિધિ નભ નિધિ વસુધા** સુભ, કાર્તિક સુદિ પણ ચાવો,
**જિનસૌભાગ્ય** સૂરીસર ગુણનિધિ, **ખરતરગચ્છ**પતિ ચાવો. ૪
**અમૃત લાભ સમુદ્ર** પસાયે, પૂજા રચી મન ભાવો,
**બાલચંદ્ર** પરમાતમ પ્રભુકા, હરખ હરખ ગુણ ગાવો. ૫

પ્રકાશિત : ૧. પૂજાસંગ્રહ પૃ.૧૪૧થી ૧૬૮.

**(૪૯૯૪) + પંચકલ્યાણક પૂજા** ર.સં.૧૯૧૩ શ્રા.શુ.૫ વિકાનેર

**આદિ–** જ્યોતિરૂપ જગદીશનું, અદ્ભુત રૂપ અનૂપ,
પ્રવચન પ્રભુતા પ્રગટ પણ, જયજય જ્યોતિ સરૂપ. ૧
ચોવીસે જિનવર નમી, પંચકલ્યાણક રૂપ,
શાસનનાયક વરણવું, દર્શન જ્ઞાન સરૂપ. ૨

**અંત –** તેજ તરણિ સમ રાજે, પ્રભુજીકો તેજ.
એક સમય પ્રભુ ઊરધ ગતિ કર, મુક્તિમહલ સુવિરાજે. ૧

*

સંવત **ઓગણીસે તેહો(રો)ત્તર,** શ્રાવણ શુદિ પખ રાજે,
શ્રી જિનરાજ તણા ગુણ ગાયા, પંચમી દિવસ સમાજે. ૪
શ્રી **વિક્રમપુર** નગર મનોહર, શ્રી સંઘ સકલ સમાજે,
પંચકલ્યાણક પૂજા પ્રભુકી, કીની હિતસુખ કાજે. ૫
શ્રી **ખરતરગચ્છ**નાયક લાયક, યુગપ્રધાનપદ છાજે,
જંગમ ગુરુ ભટ્ટારકવર શ્રી, **જિનસૌભાગ્ય** સુરાજે. ૬
**પ્રીતિવિલાસ ધર્મસુંદર**ગણિ, **અમૃતધર્મ** સુભ્રાજે,
પાઠક **વિજયવિમલ** પ્રભુકે ગુણ, ગાવત ધન જિમ ગાજે. ૭
**હંસવિલાસ** પ્રવર ગણિવરકી, પ્રેરણયા સુસમાજે,
શ્રી જિનવરકી સ્તવના કીધી, ધર્મપ્રભાવન કાજે. ૮

પ્રકાશિત : ૧. પૂજાસંગ્રહ પૃ.૧૬૯થી ૧૯૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪૭–૪૯. બે કૃતિઓમાં કર્તાનામ બાલ-

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્ર છે અને એકમાં વિજયવિમલ છે. એકે કૃતિમાં બન્ને નામ મળતાં નથી. પાઠકપદ મળ્યા પછી નામ બદલાયું હોવાનું કદાચ માની શકાય. પણ બાલચંદ્ર નામની સાથે ગુરુનામ અમૃતસમુદ્ર મળે છે, ત્યારે વિજયવિમલની સાથે અમૃતધર્મ નામ મળે છે. આ હકીકત બાલચંદ્ર અને વિજયવિમલ એક હોવા વિશે સંશય પ્રેરે એવી છે. પરંતુ સમય, કાવ્યના આંતરિક સ્વરૂપ ઉપરાંત અન્ય રીતે પણ શ્રી દેશાઈને બન્ને એક માનવા માટે કારણ હોઈ શકે, કેમકે કવિ ઘણા નજીકના સમયના છે.

પહેલી આવૃત્તિમાં કર્તાની ગુરુપરંપરા પ્રીતિવિમલ–ધર્મસુંદર–અમૃતસમુદ્રશિ. એમ આપેલી, જે ત્રીજી કૃતિમાંથી લીધી ગણાય. પણ ત્યાં અમૃતસમુદ્ર નહીં પણ અમૃતધર્મ નામ છે, તે ઉપરાંત પ્રીતિવિમલના શિષ્ય ધર્મસુંદર ને એના શિષ્ય અમૃતધર્મ એવી ચોખવટ નથી. સમકાલીન મુનિઓ તરીકે પણ એ ઉલ્લેખાયા હોય. 'સમેતશિખર ગિરિપૂજા'-માં પણ અમૃતસમુદ્ર નામની વચ્ચે 'લાભ' શબ્દ આવે છે એ પણ મૂંઝવણ ઊભી કરે એવી બાબત છે.]

**૧૪૨૪. રામચંદ** (ખ. ક્ષેમકીર્તિશાખા શિવચંદશિ.)

**(૪૯૯૫ ક) કર્મબંધ વિચાર** ર.સં.૧૯૦૭(૮) કારતક શુ.૫ ગ્વાલિયર પાસે સિંધિયા કટકમાં

**આદિ** – કર્મબંધ સુવિચાર, ચ્યાર તરૈ સુગૂંથિયૌ,
ભાષામેં સુખકાર, સુગમ ભણી લઘુ બુદ્ધિ સું. ૧
અણાહારિ આહારિ, જીવ હુવે કિણકિણ સમૈ,
તરૈ દ્વાર વિચાર, ભાષામેં કહિસું સુગમ. ૨

**અંત** – જડ ચેતન પરજાય, કરમબંધ ઇ જો કહ્યૌ,
તીજેં આહાર વિચાર, સપ્રતિપક્ષી જીવકે. ૧
એ તીને અધિકાર, **પન્નવણાગમ** જોયનૈ,
ભાષામેં સુખકાર, મતિઅનુસારે ગૂંથિયા. ૨
**સસ(અડ) પૂરણ નવ એક**, સંવત સંખ્યા જાણિયે,
કાર્તિક માસ ઉદાર, જ્ઞાનપંચમી શોભતી. ૩
**ગોપાચલને** પાસ, **સિન્ધ્યા કટક** સુહામણૌ,
ઇહાં એ ઉદ્યમ કીધ, સંપૂરણ રચના થઇ
(**કાશીમેં** પૂરણ ભયો) ૪
વડ ખરતરગણ માંહિં, **ક્ષેમકીર્ત્તિ**શાખા ભલી,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તિહાં પાઠક ગુણખાણ, **શિવચંદ** નામૈ દીપતા. ૫

તાસુ સીસ લઘુબુદ્ધિ, **રામચંદ** ભાષા લિખી,
સહુ સમઝણનૈ કાજ, પંચંગી પરમાણ સું. ૬

ગુણરાગી બહુ જાણ, ચિંતામણિ જસુ ચિત્તમેં,
**વિરધીચંદ** સુજાણ, ગોત્ર **સંચેતી** દીપતૌ. ૭

તસુ સમઝણનૈ કાજ, ઉદ્યમ કરિ રચના કરી,
ન્યૂનાધિક જો દોષ, મિચ્છાદુક્કડ તેહનૌ. ૮

**(૪૯૯૫ ખ) તેર કાઠિયા સઝાય** ૨.સં.૧૯૧૦ ભા.શુ.૧૦

(૧) સં.૧૯૧૦ આશ્વિન વ.૨ દિન શ્રી ગોપાચલ પ્રસન્ન જીયાજી મહારાવ સિંધે કટકે વિરૂદ્દ રામચંદ્ર મુનિરચિતા. પ.સં.૨, [ભં.?].

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪૬-૪૭.]

## ૧૪૨૫. વીરચંદ (પાર્શ્વચંદ્રગચ્છ હર્ષચંદ્રસૂરિ–ઇંદ્રચંદ્રશિ.)

**(૪૯૯૬) અંતરંગ કુટંબકબીલાનું ચોઢાલિયું** ૫૭ કડી ૨.સં.૧૯૦૯ માગશર શુ.૧૧ મકસૂદાબાદમાં અજીમગંજમાં

**આદિ** –

દૂહા

**વામા**-અંગજ **પાસ** પ્રભુ, હું પ્રણમૂં ધરિ હૂંસ,
**અશ્વસેન**-કુલ-દિનમણિ, પુરૂષોત્તમ પર પૂંસ. ૧

અનુભવચિંતામણિરતન-દાયક જગત પ્રમાણ,
...દશશિ દિનકર સદગુરૂ, સૂરિશિરોમણિ જાણ. ૨

**અંત** – દિશ પૂરવ પાવન અતિ પરતષ, સોભિત સુંદર દેશ **બંગાલા**,
પુર **મકસૂદાબાદ અજીમગંજમેં**, **વીર** યતીનેં બનાયા ચઉઢાલા. ૧૦

સંવત્ ઉગણીસૈ નવ વરષેં, હિમ ઋતુ મિગસિર માસ સીયાલા,
શુક્લપક્ષ પરતક્ષ મેં ગાયો, મૌન એકાદશી દિન અણીયાલા. ૧૧

**અશ્વસેન વામા**સુત સાચો, ચિંતામણિ પ્રભૂ **પાસ** નિહાલા,
આધી વ્યાધી ઉપાધી ગમાઇ, સાધી વંછિત જગ જયમાલા. ૧૨

કલશ

ઇમ પૂર્વ સૂરી ભણ્યો ભૂરી અંતરંગ કુટંબ એ,
ભવી ભાવ આંણી સાર જાંણી ધરો ધ્યાન આલંબ એ.
જિનવચનસાગર સુખસાગર...વિચાર એ,
યશનિલય અનુભવતત્ત્વદાયક સદા બુદ્ધિ પ્રચાર એ. ૧

ગુરૂ...અતિશયવંત પરમટ **પાસચંદ** ગચ્છપતિ ભલા,

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી હર્ષચંદ સૂરિંદ સદગુરૂ વિજયતે ચઢતી કલા.
જસુ પાદપંકજ સેવતા નિત ઇંદ્રચંદ્ર ઉદાર એ,
તસુ શીસ ગાવે ગ્યાંન પાવે વીર બચન શ્રીકાર એ. ૨

(૧) સર્વગાથા ૫૭ દસકત અ. વીરચંદ યતીકા છે, બનારસજી સવાઈરામજીકે વાસ્તે લિષ દીયા સંવત ૧૯૦૯ મિતી પોષ વદિ ૬ રાત્રૌ શ્રી મકસુદાવાદ અજીમગંજમેં. પ.સં.૫-૧૩, અનંત.ભં.૨. (કવિની સ્વલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૦-૫૧.]

## ૧૪૨૬. જશવિજય (અન્નવિજયશિ.)

**(૪૯૯૭) ચોવીશી** અથવા **૨૪ જિન સ્ત.** ૨.સં.૧૯૧૦ આસો શુ.૮ નીમચમાં

**આદિ** – નિંદડલી હો વૈરણુ હોય રહી – એ દેશી.
ઋષભ જિણેસર સાહિબો, તુમ દીઠે હો મુજ પાપ પુલાય કે,
ભવભયથી હું ઉભગ્યો, તુમ સરણે હો આવ્યો મહારાય કે.

**અંત** – દેશી જકરીની
શ્રી જિન વીર જિનંદ શાસન પતિ બંદીયે.
*
ચૌત્રીસ અતિસય ચરમ જિનવર થુણ્યો અતિ આનંદભરે,
આસોજ ઉજલ અષ્ટમી દિન સંવત ઉગણીસ દસોતરે.
અન્નવિજય ગુરૂરાયે સેવી જસવિજય ઉલટ લહ્યો,
નીમચ લસકર માંહિ રહિને વીરસ્વામી જસ કહ્યો. ૧૧

**(૪૯૯૮) શાંતિ સ્ત.**

**આદિ** – શાંતિજિણંદ મયા કરી, દરસણ દ્યો મહારાજ,
**અંત** – અન્નવિજય ગુરૂ ગુણનિલો, જસ કહે સુજસ અભંગ,
નિમચ નગરે પ્રણમીઇ, ભાવભક્તિ ઉચ્છરંગ.

(૧) લિ. પૂનમ્યાગચ્છિય વિજયરાજશાખાયાં રતલામ નયરે થાવર્યા બજાર મધ્યે સુસ્થાન સં.૧૯૧૧ વૈશાખ શુદિ ૫ ધર્મમૂર્ત્ત ઉસવંશ વૃદ્ધ સાજન સમ્યક્ત્વવ્રતધારક દીવાણજી શ્રી અંબાલાલજી વાચનાર્થં. ગ્રંથાગ્રંથ શ્લોકસંખ્યા ૩૬૦. પ.સં.૧૩-૧૩, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૪૯-૫૦.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૪૨૭. રંગવિજય (ત. વીરવિજયશિ.)

વીરવિજય જુઓ આ પૂર્વે નં.૧૩૪૫.

આ કવિ રંગવિજય કરતાં દીક્ષામાં મોટા બીજા રંગવિજય હતા એ આ રાસમાં કરવામાં આવેલા ઉલ્લેખ પરથી જણાય છે :

જિમ ગુરૂ **ગૌતમ**ને થયું રે રાજ, સાંભલી **વીર** નિરવાંણ,
તિમ મુઝને તુમ ગયે થકે રે રાજ, પ્રગટચો ખેદ અપાર.
**મોટા રંગવિજય** સમજાવતા રે રાજ, સો સો કરી મુઝ વાત રે,
હઈયડુ માહરૂ કમકમે રે રાજ, દેખી તુમ નિરવાણ રે.

(૪૯૯૯) + **વીરવિજય નિર્વાણ રાસ** (ઐ.) ૯ ઢાળ ર.સં.૧૯૧૧ ચૈત્ર પૂનમ સોમવાર

**આદિ –** શ્રી **સંખેશ્વર પાસ**જી, પ્રણમું એહના પાય,
**અશ્વસેન**રાજા-કુલે, જનમ્યા શ્રી જિનરાય. ૧
**વામા**-ઉરસર-હંસલો, ગુણમણિરયણભંડાર,
જરા નીવારી **જાદવ** તણી, પ્રગટચો જયજયકાર. ૨
**પદમાવતિ**ચરણે નમું, જગતિ જગવિખ્યાત,
સુખલીલા આપે સદા, દુ:ખનિવારણહાર. ૩
**સરસતી** ભગવતીને નમું, ગુરૂગુણ ગાઉં રસાલ,
શ્રી **શુભવીર** ગુરૂ તણા, ગુંણ ગાઉં મનોહાર. ૪
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ ગુણરયણની ખાણ,
ગુણ ગાઉં ગુરૂજી તણા, પ્રગટે કોડ કલ્યાણ. ૫

**અંત –** ઢાલ ૯. કલશ. તપગચ્છ નંદન સુરતરૂ પ્રગટચા – એ દેશી.
ગાયા રે મેં ગુરૂગુણ ગાયા, ઉલટ અંગમાં આણીજી.

*

**તપા**ગચ્છ **સીં**હસૂરીસર, **તપ**ગચ્છ કેરા રાયાજી,
તાસ સીસ **સત્યવિજય**જી, સત્ય વચન કહાયાજી. ૧૧
સીસ મનોહર **કપુરવિજય**જી, કપુર સમાન કહાયાજી,
**ખીમાવિજય** ખીમાગુણભરીયા, **જસવિજય** મુનિરાયાજી. ૧૨
તાસ સીસ સંવેગી ગીતારથ, **શુભવિજય** સોભાગીજી,
સુંદર સરસ જગતમેં ચાવો, **વીરવિજય** બડભાગીજી. ૧૩
**વીર**ગુરૂની સોભા જગમેં, બલ કરતી જગ વ્યાપીજી,
હેવા ગુરૂના ગુણ નવી ગાવે, તેહ જગતમાં પાપીજી. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુગુણ ગાવે બહુ સુખ થાવે, મધુરે કંઠે મલાવેજી,
તસ ઘર લીલાકમલા આવે, ગાવે રંગ રસાલાજી. ૧૫
અનુક્રમે સુખસંપદા પાંમી, સરસ સુધારસ ફરસેજી,
ગુરુની ભગતી કરતા પ્રાંણી, મનનું ધારૂં કરસેજી. ૧૬
પ્રથમ ગુરુને પૂછે દેવ તે, ઇમ જિનવરની વાણીજી,
ગુરુના ચર્ણકમલ સેવાથી, લહે આતમગુણખાણીજી. ૧૭
સંવત **ઓગણી રૂદ્ર** (૧૯૧૧) વરસે, ચૈત્ર પુનમ સોમવારજી,
ઇમ નીરવાણુની રચના કીધી, **વિજયદેવેંદ્રસૂરી** રાજેજી. ૧૮
ઇમ **શુભ વીરવિજય**નું નીરવાણ બંધુર સિંધું રંગરસાલજી,
**રંગવિજય** કહે ભણુસે ગણુસે, તસ ઘેર મંગલમાલજી. ૧૯

પ્રકાશિત : ૧. જૈ. ઐ. ગૂર્જર કાવ્યસંચય.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૧-૫૨.]

**૧૪૨૮. દયાવિજય** (રંગવિજય-ઋષભવિજયશિ.)

**(૫૦૦૦) પંચતીર્થ ગુણનામ વર્ણન સ્તવન** ર.સં.૧૯૧૨ મધુ માસ વિસનગરમાં

આદિ પત્ર નથી. ૧ તારંગા, ૨ અર્બુદાચલ, ૩ રાણપુર તીર્થ, ૪ નડુલાઈ અને ૫ નાડોલ એ પાંચ તીર્થ પર સ્તવના છે. તે પાંચેની યાત્રા કરતાં વચમાં જે જે ગામો આવ્યાં તેનો પણ ઉલ્લેખ છે.

**અંત** – ધનધન તિરથ જે કરે એ, સુલભબોધિ નરનાર,
**દયાવિજય** મુનીશ્વર કહે એ, પાંમે સુખ શ્રીકાર. ૧૫
—ઇતિ લઘુ પંચતિરથી સ્તવન.

કલશ.

ઇમ વિશ્વનાયક મુગતિદાયક પ્રણમું હૂં તિરથપતિ,
**વીસનગર**વાસી **જૈન અભ્યાસી** ભાઈ **જેઠાસા સંઘપતિ**. ૧
સંવત **ઓગણી બારા** વરસે, ભેટીયા મધૂ માસ એ,
ગુણ ગાયા રંગે ઉલટ અંગે, થુણ્યા શ્રી જગદીસ એ. ૨
પંચ તિરથ વંદી મન આનંદી, સાસનદેવી સુખ કરો,
**રંગ ઋષભ** ગુરૂ ચરણસેવા, સકલ સંઘ મંગલ વરો. ૩

(૧) ઇતિશ્રી પંચતિરથી ગુણ નામ વર્ણન સ્તવન સંપૂર્ણઃ. શ્રી **પાટણનગરે** લ. સં.૧૯૧૨ જ્યેષ્ટ વદિ ૮ દીને બૂધવાસરે. શ્રી ઇષ્ટદેવ પ્રસાદે. શુભં ભવતુ. પ.સં.૬-૧૩, જશ.સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૩.]

**૧૪૨૯. ઋદ્ધિશ્રી** (સાધ્વી)

**(૫૦૦૧) + પ્રતાપસિંહ બાબુ રાસ** (ઐ.) ર.સં.૧૯૧૬

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૩.]

**૧૪૩૦. પુણ્યસાગરસૂરિ** (આંચલિક)

**(૫૦૦૨) સૂતક સઝાય ચોપાઈ** ર.સં.૧૯૧૬

(૧) સં.૧૯૩૯ લિ. **ખોરશકી** સેરી ઉપાશ્રય. પ.સં.૧૩, વીકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૩.]

**૧૪૩૧. ખોડીદાસ–ખોડાજી સ્વામી** (સ્થાનકવાસી ગોંડલ સંઘાડો રતનશી–ડુંગરશી–રવજી–મેઘજી–ડાહ્યાજી–નેણશી –મૂળજી–ડોસાજીશિ.)

હાલારના રાજકોટ ગામમાં વણિક વીરજીને ત્યાં ડાહી નામની પત્નીથી સં.૧૮૯૨ કાર્તિક શુદ ૧૧ને દિને જન્મ. નામ ખોડો. ડોસાજી સ્વામી પાસે સં.૧૯૦૮ અસાડ શુદ ૧૧ દિને દીક્ષા. ગોંડલમાં સં.૧૯૨૭ ભાદરવા શુદ ૧૧ શનિવારે સ્વર્ગસ્થ. આટલી હકીકત તેનું જન્મચરિત્ર કવિતામાં પડધરીવાળા રણછોડ હીરજી ખત્રીએ રચેલ સં.૧૯૪૫માં છપાયેલ છે તેમાંથી તેમજ મેંગણીના અમરચંદ ભવાને સં.૧૯૩૧માં છપાવેલ તેના વિશેની કવિતામાંથી લીધેલ છે.

**(૫૦૦૩) + ભીમજી સ્વામીનું ચોઢાલિયું** (ઐ.) ૪ ઢાળ ર.સં.૧૯૧૬ પોષ શુ.૧ શનિ ગોંડલમાં

સં.૧૮૬૦ માંગરોળમાં ડુંગરશી સ્વામી પાસે દીક્ષા. પિતાનું નામ ચાંપસી, માતાનું નામ ઝમકુ. સં.૧૯૧૫ કાર્તક વદ ૧ને દિને સંથારો, પોષ શુદ ૫ દિને સ્વર્ગવાસ, આયુષ્ય ૭૨ વર્ષનું.

**આદિ –** દુહા

પ્રણમું પ્રથમ જિણંદને ફંદ નિકંદ અમંદ
ચંદ દિણંદ નરેંદ્ર નમે, સેવે સુરગણવૃંદ. ૧

*

**ડુંગરશી** સ્વામી તણા પટોધર પ્રસીદ્ધ,
**ભીમજી** સ્વામી ગુણ સ્તવું, નામ થકી નવ નિધ. ૪

**અંત –** કલશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રસ ઈંદુ નિધિ શશિ** વરસે પોસ શુદ પ્રથમ તિથિ
વાર થાવર સ્થિર ચિત્તે ગામ **ગોંડલ** હેજથી,
ચાર ઢાળ રસાળ રૂડી જોડી ગુરૂ ગુણમાલ એ
નિસુણું બાળગોપાળ ભાવે તસ ઘર પુણ્ય પ્રમાલ એ.

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે.

**(૫૦૦૪) + જોબન પચીસી** ર.સં.૧૯૧૬ પોષ શુ.૧૫ ગોંડલમાં

**આદિ** – માતાજી મરૂદેવા રે ભરતને એમ કહે – દેશી
જોબનિયાનો લટકો રે દહાડા ચારનો
પુર પાણીનું જાતાં ન લાગે વાર જો
કાચનો કુપો ભટકયો કટકા થઈ પડે
અથિર ડાભઅણી ઉપર જળ ઠાર જો –

**અંત** – સંવત **ઓગણીસે સોળ** ને પોસ પુરણ તિથિ
**જોવન પચીસી જોડી ગોંડલ** વાસ જો
ગુરૂ **પુંજોજી** સ્વામી ગુણના પુંજ છે
**વૃદ્ધ** રૂષિનો શિષ કહે **ખોડીદાસ** જો – જોબનિયાનો ૨૫

[ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૨૩૦).]

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે. [૨. જૈન સઝાયમાલા ભા.૨ (બાલાભાઈ).]

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**(૫૦૦૫) + તસ્કર પચીસી** ર.સં.૧૯૧૬ આસો [જેતપુરમાં]

**આદિ** – રઘુપતિ રામ રૂદામાં રહેજો રે – દેશી
ચોરી ચીત ના ધરો નરનારી રે, પંચમે પરતીત તુમારી
ચોરની ચૌટે ચરચા થાય રે, ફીટ ફીટ લોકોમાં નિંદાય રે
કલંકે કુળ લજવાઈ, ચોરી ચીત ના ધરો નરનારી રે. ૨

**અંત** – ચોરી અવગુણ કેતા પ્રકાશું રે, **ઓગણીસે સોળનો** આસુ રે,
જોડી **પુર ફતેત** [?**જેતપુર**] ચોમાસું. ચોરી. ૨૫

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે. [૨. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૨.]

**(૫૦૦૬) + નિરંજન પચીશી** ર.સં.૧૯૧૬ આસો શુ.૧૩ જેતપુરમાં

**આદિ** – લાલ પિયારીનો સાહિબો રે એ દેશી
નમીએ નાથ નિરંજન દેવને રે, નિશ્ચે સંપતિ સુખ ભરપુર હો,
લાલ, લાલ સનેહી સાજન સાંભળો રે.

**અંત** – **રસ ઇંદુ નિધાન શશિ** સહી રે, સંવત સુશોભિત અશ્વિન
માસ. હો લાલ.
શુક્લ પક્ષે તિથિ ત્રયોદશી રે જોડી **જેતપુર** રહી ચોમાસ
હો લાલ. ૨૫

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે.

**(૫૦૦૭) + જુગટ પચીશી** ર.સં.૧૯૦૧ (?)[૧૯૧-] આસો ૮

**આદિ** – સે ગુરૂ ચરણુ રે નમીએ દેશી
છેલછબીલા રે સુણજો વૈર વિરોધ વ્યસન અવગુણજો
શિક્ષા કાને રે ધરજો લાજ ઘટે તે કાજ ન કરજો
છેલછબીલા રે સુણજો –૧

**અંત** – **શશિ નિધિ રે ચંદ્ર**, અષ્ટમી અશ્વિન માસ આનંદ
**જુગટ પચીસી** રે જોડી, કહે **ખોડીદાસ** વ્યસન ઘો છોડી. છેલ. ૨૫

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે.

**(૫૦૦૮) + બહુતરી** ૭૨ કડી ર.સં.૧૯૧૮ જ્ઞાનપંચમી [કારતક શુ.૫]

**આદિ** – કવિ લઘુતાઈ વર્ણન – મનહર છંદ
પ્રણમું પરમ જ્ઞાન ધરૂં સુગુરૂકો ધ્યાન
પરિહર માન કરૂં, ગ્રંથકો બનાવજી
**સરસ્વતિ** મતિ શુદ્ધ, આપો નિરમળ બુદ્ધ
વરણ વિરૂદ્ધ નાવે, ફાવે સબ દાવજી
લઘુ વય મુજ મેં તો, જાનું ન ગંભીર ગુઝ,
બાળક કવિતા બુઝ, હસે કવિરાયજી
શુદ્ધ ઉપદેશ કુડ, કપટ ન કીનો લેશ
જ્ઞાનમેં પ્રવેશ, **ખોડીદાસ** શુભ ભાવજી.

**અંત** – **સિદ્ધિ શશિ નિધિ ચંદ**, જ્ઞાનપંચમી આનંદ
મનહર છંદ કિયે, બાળ કવિતાઇ હે
ગુરૂ ગિરિ સિદ્ધ ઇસ તાહીકે શિક્ષાન શીષ
**નેણશી** મુનીશ જાકી, પુરણ પુન્યાઈ હે
**મુળજી** સ્વામી મહંત, જસ કીરતી અનંત
તસ શીષ **પુંજાજી** કી, જગતમેં સવાઈ હે
સગુણ અનુજ તાસ, **ડોસાજી** સ્વામી ઉલાસ
તસ શીષ **ખોડીદાસ**, બહુતેરી બનાઇ હે. ૭૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે.

(૫૦૦૯) + ૨૪ **તીર્થંકરનું ચોઢાળિયું** ર.સં.૧૯૧૮ શુ.૧૩ સોમવાર થાનમાં

**આદિ** – ઢાળ ૧લી. કાનજી ચાખડીએ ચડીને ખડચા તો ભલે પડચા રે લોલ – દેશી.

પ્રભુજી **આદિ** જિણેસર **નાભિનરેસર**-નંદના રે લોલ,
મજરો માનજો મહારાજ

**અંત** – ઢાલ ૪થી. પધારો પિયર ભણી – દેશી

મારા મનના મોહન **મલીનાથ**જી, તનુ નીલ વરણુ સુકમાલ
વચન છે રસાલ, સુગુણુ જિન સાહિબા. ૧

*

ચોથી ઢાળ રસાળ રાગે કરી, કર જોડી કહે **ઓડીદાસ**
પુરો મુઝ આસ, સુગુણ. ૭

કળશ

**થાન** વાસે મન ઉલાસે **ઉગણીસે અષ્ટાદશે**
ચંદ વારે શુકલ પક્ષે ગાઈઆ ગુણ તેરસે.

પ્રકાશિત : ૧. જુઓ છેલ્લે 'ચોવીસી'ને અંતે.

(૫૦૧૦) **અંજના સતીનો રાસ** ૬૩ ઢાળ ર.સં.૧૯૧૯ વૈ.શુ.૩ સોમ ગોંડલમાં

**આદિ** – દુહા

પ્રણમું **વીર** જીણંદ પદ, કેવલતત્વનિધાન,
જાસ પસ્સારા સંપજે, રિદ્ધ વૃદ્ધ સુપ્રધાન. ૧
તું વરદા તું **સારદા**, હંસાસની કવિમાય,
દેજ્યો બુદ્ધિ **નીરમલિ**, આણજ્યો અક્ષર ઠાય. ૨
ગુરૂ નમીયે ગુરતા ભણી, ગુરૂ સમ અવર ન કોય,
ગુરૂપદપંકજ સેવતાં, ગુરૂ **ગૌતમ** સમ હોય. ૩
શ્રી ગુરૂદેવ પસાયથી, રચુ **અંજના રાસ**,
સતિયા માંહી સિરોમણી, સીયલે સદા સુખવાસ. ૪
સીયલ સમોવડ કો નહીં, સિયલે સુભ ગતી હોય,
સીવસુખ પામે સિવલથી, સિલ પાલો સહુ કોય. ૫
એક ચિત્તથી સાંભલો, સિલનો અધિકાર,
નરનારી એ ધર્મથી, પામ્યા ભવનો પાર. ૬

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**અંત** – સાધસીરોમણ ગુણશ્રુતસાગર, જિનશાસન જયકારીજી,
ગીરવા ગુરૂ **ગોરીસીંઘ** કહાયા, સંજમી સુધાચારીજી. ૯
તસ પય-સેવક વાકચવીચીક્ષણ, પરાઘાત પ્રતાપીજી
**રવી** મુનેશ્વર ધર્મધુરંધર, પ્રતિબોધ્યા કેઇ પાપીજી. ૧૦
તસ પદપંકજ-પરીમલસ્વાદી, જ્ઞાનગુણે કરી ભરીયાજી,
**નેત્રસીંઘ** મુની નીજ ઉપદેશે, જીવ અનેક ઉધરીયાજી. ૧૧
તાસ પટોધર પ્રકૃતિકોમળ, પ્રાણીને શિક્ષાદાતાજી
ભદ્રક ગુરૂ ગુણસાગર ભરીયા, વસુધામાં વીખ્યાતાજી. ૧૨
**મુલજી** સ્વામી મહંત મુનેશ્વર અનહદ તે ઉપગારીજી,
તસ લઘુ બંધુ **ભીમજી** સ્વામી, ગછનાયક સુખકારીજી. ૧૩
તેહના અંતેવાસી ઉત્તમ, **નેણસી** સ્વામી સુખકંદાજી,
**કાંહાનજી** સ્વામી પ્રત્યક્ષ પંડિત, મિથ્યાફંદનિકંદાજી. ૧૪
**મૂલજી** સ્વામીના સીષ સુંદર, વદન સુધારસ ચંદાજી,
**પુંજાજી** સ્વામી ગુણદરીયા, મહાતમવંત મુણંદાજી. ૧૫
તસ લઘુભ્રાતા ગુણવીખ્યાતા, **વૃદ્ધ** મુની કોવીદાજી,
વ્યાખ્યાની વીવીધોપદેસી, પ્રતીબોધ્યા જનવૃંદાજી. ૧૬
તસ પદસેવક રૂષી **ઓડીદાસે, અમરસી** પણ સંગેજી,
ત્રેસઠ ઢાલે એ રાસ બનાવ્યો, આનંદ અંગ ઉમંગજી. ૧૭
**ઉગણીસેં ઉગણીસની** સાલે, વઇસાક શુકલ પક્ષેજી,
તક્ષ ત્રી(જ) સસીવાર સંજોગે, સંઘ સકલ સમક્ષેજી. ૧૮
**ગોંડલ** ગામે ઉત્તમ ઠામે, ગાયો એહ ચરિત્રજી,
એક ચીતે થઇ જે સાંભલસ્યે, થાસ્યે પરમ પવિત્રજી. ૧૯
ગુરૂ લઘુ અક્ષર ઓછોઅધિકો, કહીવાણો હોય જેહજી,
ત્રીવીધે ત્રીવીધે મુઝને હોસ્યે, મીછામીદુક્કડં તેહજી. ૨૦

(૧) લ.સં.૧૯૫૫ શ્રા.શુ.૧૦ લ. **ભાવસાર પીતાંબર** હરી રહેવાસી ગોંડલના. પ.સં.૫૦–૧૫, ઘો.સ.ભં.

**(૫૦૧૧) + બ્રહ્મદત્ત ચક્રવર્તી રાસ** (અથવા **ચિત્સંભૂતિ રાસ**) ૬ ઉલ્લાસ ૧૧૨ ઢાળ ર.સં.૧૯૫૦ આસો વદ ૧૧ બુધ નવાનગર

૪ ઉલ્લાસમાં, ૧માં ઢાલ ૨૧ ગાથા ૫૨૬, ૨માં ઢાલ ૨૩ ગાથા ૫૮૩, ૩માં ઢાલ ૧૯ ગાથા ૪૪૬, ૪માં ઢાલ ૨૧ ગાથા ૫૫૮ રચી રાસ અધૂરો મૂકી કવિ સં.૧૯૨૭માં સ્વર્ગસ્થ થયા. પછી ભાવનગરવાળા ઉમેદ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદજીએ બે ઉલ્લાસ રચી નવાનગરમાં આ રાસ સં.૧૯૫૦માં પૂર્ણ કર્યો.

**આદિ –** દુહા

પ્રથમ કુંવર ક્ષિતિપતિ પ્રથમ, પ્રથમ તીર્થં કરનાર,
**આદિ** જિન અનુદિન નમું, **નાભિનંદ** સુખકાર. ૧
ઇક્ષુ પ્રથમ ઇંદ્રે દિયો, પસર્યો વંશ ઇક્ષાગ,
પારણે ઇક્ષુરસ પિયો, મિષ્ટ ઇષ્ટ વીતરાગ. ૨

*

ગુરૂ ગ્યાતા માતાપિતા, શાતા દાતા સોર,
ગરૂ તીર્થં ગુરૂ દેવતા, ગુરૂગુણ અપરમપાર. ૭

*

**સરસ્વતિ** મતિ અતિ નિર્મલી, સદા સુબુદ્ધિદાતાર,
અષ્ટ સિદ્ધિ નવ નિધિની, તુંહિ કરૂણા કરનાર. ૧૧

*

આશાપૂરણ આપ છો, તેથી કરી અરદાસ,
રચું રાસ **બ્રહ્મદત્તનો, ચિત્ત** વૃત્તાંતવિલાસ. ૧૫
એહ કથા સુધા સમી, નવરસનિર્મિત જેહ,
શ્રોતાજન શુભ ચિત્ત શું, સુણજો ધરી સનેહ. ૧૬
આગમ **ઉત્તરાધ્યયનને**, ત્રયોદશમે અધિકાર,
કથાનુસારે વર્ણવું, યથાબુદ્ધિ વિસ્તાર. ૧૭

**અંત –** રત્નાકર[**રતનશી**] સૂરિરત્ન ગણધર, સંઘ શિરપર ગુણનિલો,
તસ શિષ્ય પટધર **ગિરિ**[**ડુંગરશી**]મુનિવર, નાણુસરવરજળ ઝિલો. ૧
તાસ ચરણાંકિત **રવ** [**રવજી**] રૂષિ ગાવે ગુણગણ મુનિવરા,
**પ્રાવૃષ ઋતુપતિ** [**મેઘજી**] પાટ નાયક સેવ્ય સેવક નરવરા. ૨
તસ પટોધર નીતિ નીદ્રા ટીકો **ડહાપણ**[**ડાહ્યાજી**] મહરષિ,
તાસ આસન સહાય મુનિવર ધનુષાકૃતિ **નયના**[**નેણશી**] જસી. ૩
**મૂળ**[**મૂળજી**] જીવરક્ષાદિ વ્રતધર, નામ સમ ગુણ **પટપતિ**,
તાસ સુત મુનિ **વૃદ્ધ**[**ડોસાજી**] રાજે સ્થવિર ત્રિહુ રત્ન સંપતિ. ૪
**તુમ** તનય મુજ નામ **પંગુ**[**ખોડાજી**] સેવ્ય મુજ સેવક તણા,
તુજ સુરત કીરત ઉરમાં કેમ વિસરે ગુણ ઘણા. ૫
આપ સુરતરૂ નામ ફળ હું, ખ્યાતિવંતો તમ ગુણે,
તેહ ભણી તુજ નામી સેવક, રાસ **બ્રહ્મદત્તનો** ભણે. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘ સુહંકર **નવલ**નગરે ધર્મી ભક્ત ગુરૂરંજણા,
પુણ્ય તરૂવર પૂર્વ છાઇ, હોજો રંગ વધામણાં. ૭
તાસ આગ્રહ ગ્રંથ રસમાં અધિક જાણી **જામના**,
ભૂપ ખટ ખંડ શંભુ જાણી ખંડ ખટ એહ રાસના. ૮
ઢાલ એકસો ઉપર બારમી નારિ સમ શિર કળશ લઇ,
પૂરિત રસ વૈરાગ્ય પૂરણ ધનાશ્રી મંદિર ગઇ. ૯
સંવત **નિધિ મહી** જાણવી રક્ષે સાલ **નભ શર** એ સહી,
માસ આશ્વિન પક્ષ તિમિર રૂદ્ર તિથિ બુધે કહી. ૧૦
ન્યૂન વૃદ્ધિ જેહ વિપરીત, મતિ ચપળ વશ જે કહ્યો,
જોગ ત્રિકર્ણ ભાવ સરસે, મિથ્યા દુઃકૃત મેં લહ્યો. ૧૧
કોષ રસ અલંકાર યુક્તિ શક્તિ વિણ કવિતા કરી,
વિબુધ વાંચી ક્ષમા કરજો, મુજ અરજી ઉર ધરી. ૧૨

પ્રકાશિત : ૧. પ્રકટ કરનાર જૈન શાળા કમિટી જામનગર કિં. દોઢ. ૨. સં.૧૯૫૧ સને ૧૮૯૫.

**(૫૦૧૨) + સત્ય બાવીસી**

**આદિ –** માળા કર્યાં છે રે – દેશી

ટેક ન મુકો રે, ધરિયે ધર્મવિવેક કે સત્ય ન ચુકો રે.

**અંત –** તેહ ગુરૂગુણ ગેહ પસાયે, પ્યારા મારા, સત્ય બાવીશી બનાવી
**ખોડાજી** કહે ખાંત ધરીને, ભવ્ય જીવને સમજાવી રે – ટેક. ૨૨

પ્રકાશિત : ૧. જુઓ આ પછી ‘ચોવીશી’ને અંતે. [૨. જૈન સઝાયમાલા ભા.૨ (બાલાભાઈ). ૩. ચૈત્ય. આદિ સં. ભા.૩.]

**(૫૦૧૩) + ચોવીશી**

**આદિ –** ૧ ઋષભદેવ સ્વામીનું સ્તવન

ઊંબરીઓ ગાજે હો ભટીયાણી રાણી વડ ચુવે – દેશી
**આદિ** જિણંદો વંદો હો પ્રભુ નંદન **નાભિ** નરેંદનો **મરૂદેવી** અંગ જાત.

*

**ખોડીદાસ** તુમારો હો, ચરણાથી ન્યારો નવી કરો રાખો તુમચી લાર. આદિ.

**અંત –** ૨૪ મહાવીર જિનનું સ્ત. રાગ ધનાશ્રી
સુગુણ જન પ્યારે, શ્રી **મહાવીર** જિન ગાયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિદ્ધારથ** નંદન ત્રિજુગ વંદન, **ત્રિશલા** માતકો જાયો રે – સુગુણ.

*

ચાર તિરથકો ચરણકરણસેં, જન્મમરણ મિટાયો

શ્રી **મહાવીર** મુક્તિમેં સિધાયો, **ખોડીદાસ** ગુણ ગાયો રે. સુગુણ. ૯

પ્રકાશિત : ૧. ખોડાજીકૃત કાવ્યસંગ્રહ ભા.૧, પ્રકા. કાનજી કરસનજી, ગોંડલ, આવૃત્તિ ત્રીજી સં.૧૯૪૦માં પ્રગટ થઈ છે.

**(૫૦૧૪) + પ્રકીર્ણ નાની કૃતિઓ**

પ્રકાશિત : ૧. ખોડાજીકૃત કાવ્યસંગ્રહ ભા.૨, પ્રકા. કાનજી કરસનજી, ગોંડલ, આવૃત્તિ **પહેલી** સં.૧૯૩૨માં પ્રકટ થઈ છે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૫-૬૩. 'ભીમજી સ્વામીનું ચોઢાલિયું'માં ઉદ્ધૃત ભાગમાં કર્તાનામ નથી, પણ ખોડાજીની કૃતિઓના સંગ્રહમાં એ કૃતિ પ્રગટ થઈ હોવાથી સંશયને સ્થાન નથી. 'તસ્કર પચીસી'માં 'પુર કૃતેત' એ ભ્રષ્ટ પાઠ જ છે, કેમકે કૃતિ સં.૧૯૧૬ના આસોમાં રચાઈ છે અને એ ચાતુર્માસમાં ખોડાજી જેતપુર હતા એમ તે પછીની 'નિરંજન પચીસી' સ્પષ્ટ બતાવે છે. 'નિરંજન પચીસી'ની જેમ જ 'તસ્કર પચીસી'નું રચનાસ્થળ જેતપુર જ હોવું જોઈએ.

'જુગટ પચીસી'નો ર.સં.૧૯૦૧ સ્વીકારી ન જ શકાય, કેમકે ત્યારે ખોડાજીની ઉંમર નવ વર્ષની હતી. રચનાસંવતદર્શક શબ્દો 'શશિ નિધિ રે ચંદ્ર' છે તેમાં પહેલો એક શબ્દ પડી ગયો છે એમ જ માનવું જોઈએ. ૭ દોબંધ પણ એમ બતાવે છે. એટલે કૃતિ સં.૧૯૧૦થી ૧૯૧૯ સુધીના કોઈ વર્ષમાં રચાયેલી હોવાનું સંભવે.

પ્રથમ આવૃત્તિમાં 'બ્રહ્મદત્ત ચક્રવતી રાસ'ના છેલ્લા બે ઉલ્લાસ ભાવનગરવાળા ઉમેદચંદજીએ રચીને સં.૧૯૫૧માં રાસ પૂર્ણ કર્યાનો ઉલ્લેખ હતો, પણ કૃતિના અંતભાગના શબ્દોનું અર્થઘટન સ્પષ્ટ રીતે ૧૯૫૦ થાય છે, તેથી અહીં એ માહિતી સુધારી છે. એ અંતભાગમાં ઉમેદચંદજીનું નામ નથી, પણ એ માટે કશોક આધાર હશે જ.]

**૧૪૩૨. રત્ન પરીખ** (આં. વખતસાગર-ભાવસાગરશિ. શ્રાવક)

**(૫૦૧૫) તીર્થમાલા** (અથવા **સિદ્ધગિરિ વર્ણન**) ૧૬ ઢાલ ર.સં. ૧૯૧૮ કા.શુ.૧૫ રવિવાર ભાવનગરમાં

**આદિ** – દૂહા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વસ્તિ શ્રી સુખ પૂરવા, સિદ્ધિ સુજસવિલાસ,
પદપંકજ પ્રણમુ સદા, શ્રી **ભાવેસ્વર પાસ.** ૧
સરસ વચન રસ વરસતી, ત્રિય જગવિજયા માત,
કવિજનકું સુખદાયિની, નમિયે નિત્ય પ્રભાત. ૨
**ચિદાનંદ** ચિતમાં વસે, અમર અમરપદ હોય,
ભાવ સહિત **સિદ્ધગિરિ** તણા, ગુણગણ વરણે કોય. ૩
તે માટે મુઝ મન વિશે, પ્રગટ થયો અભિલાષ,
ગિરિ પર સંખ્યા ચૈત્યકી, વલિ જિનપ્રતિમા ભાષ. ૪

અંત – રાગ ધન્યાશ્રી.

ગાયો ગાયો રે શ્રી **સિદ્ધગિરિ** ગુણ ગાયો,
સંવચ્છર **ઉગણીસ અઢારે,** શક **સત્તર ચ્યાસી** ભાયો.
સન **અઢાર એગસઠ** ઈંગ્રેજી, જાત્રા ગણિત બનાયો રે. ૨
ગામ **પાલિતાણે** કરિ જાત્રા, સ્તવન જગતગુરૂ ગાયો,
ઉજ્વલ પક્ષ પુનમ રવિવારે કાર્તિક માસ કહાયો. ૩
સેઠ **હેમાભાઈ** કેરો નંદન, **પ્રેમાભાઈ** બહુ ડાહ્યો રે,
બહુ દુકાન દેશાવર ચાલે, **ભાવનગર** એક ઠાયો. ૪
મુખ્ય મુનમ **જૈચંદ** કુલમાં, **એમચંદ** મન ભાયો રે,
રાયણ પગલાં મુલનાયકનાં, જિર્ણોદ્ધાર બનાયો. ૫
તાસ પુત્ર **લલુભાઇ** ઉત્તમ, ગણિતસંખ્યા સમઝાયો રે,
કવિ નિજ ઉપગારિ અબ વરણે, **તપગચ્છ વંશ** દીપાયો રે. ૬
**અમરવિજય** વિદ્યાગુરૂ મારા, શ્રુતવર આસીસ પાયો,
પાઠક નવપલવ સમ કર્તા, અર્થ આચાર્ય ગણાયો રે. શ્રી. ૭
શ્રી **ચિદાનંદ** ગુરૂ ધર્માચારય, અનુભવ શ્રદ્ધા છાયો,
**સિદ્ધગિરિ**ની તલેટીએ વાંદી, ચરણ સું પ્રેમ લગાયો રે. શ્રી. ૮
**વિધિપક્ષ**ગછ શ્રી **ભાવનગર**માં, **વખતસાગર** મુનિરાયો,
તાસ શિષ્ય શ્રી **ભાવસાગર** ગુરૂ, પદકજ સીસ નમાયો રે. શ્રી. ૯
ત્રિકરણ જોગે **સિદ્ધગિરિ**માં, માંગું એક પસાયો રે,
ઈણ ભાવમાં જતિવેશ ધરિને, ભ્રષ્ટસેં અધિક ગણાયો રે. શ્રી. ૧૦
કંચનકામિની-નેહ રમે હજી, મન નહી ધીરજ છાયો,
ગુરૂકીરપા શ્રદ્ધા કછુ ભાસે, શુદ્ધ ક્રિયાધર નાયો રે. શ્રી. ૧૧
જ્ઞાન ક્રિયા સંપૂરણ પ્રગટે, સંવરભાવ દીપાયો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આતમ અંગ અબંધ પ્રકાસે, દીજ્યે વીનતી સુણાયો રે. શ્રી. ૧૨
શ્રી **ભાવનગર ભાવેશ્વર** સાહેબ, **ભાવસાગર** ગુરૂરાયે,
શિષ્ય સુરત્ત **પરીક્ષક** જંપે, દીનદીન તેજ સવાયો રે. ૧૩

(૧) લિ. સ્વહસ્તે. પ.સં.૧૩–૧૨, કોટ ઉ. પો. નં.૫૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૫૪–૫૫. ઉદ્ધૃત ભાગમાં ઢાળસંખ્યાનો નિર્દેશ નથી, પણ કૃતિમાં હશે જ.]

**૧૪૩૩. નિત્યવિજય** (ત. સત્યવિજય સંતાનીય રૂપવિજય–કીર્તિવિજય–તપવિજય–મણિવિજય–બુદ્ધિવિજયશિ.)

રૂપવિજય જુઓ આ પૂર્વે નં.૧૩૫૧.

**(૫૦૧૬) + વીશ વિહરમાન જિનની પૂજા** ર.સં.૧૯૧૯ સુરત – કતારગામમાં

**આદિ –** શ્રી સીમંધર જિન પૂજા. દૂહા
શ્રી **મનમોહન પાસજી**, સકલજંતુ-હિતકાર,
સદ્દગુરૂચરણ પસાયથી, ગુણી ગુણમાલાકાર. ૧
પંચ વિદેહે વિહરતા, વિહરમાન જિન વીસ,
ભક્તિભરે પૂજા રચૂં, ભારતી પૂરે જગીસ. ૨
વિસ્તીરણ જિનમંદિરે, થાપી જિનવર વીસ,
દ્રવ્યાષ્ટક પૂજા કરી, ભાવ અપૂર્વ જગીસ. ૩

**અંત –** કલશ
થૂણીયા થૂણીયા રે, મેં વિહરમાન જિન થૂણીયા
ગણધર મુનિવર સંઘ પ્રમાણે, સમોવસરણ વિરચાયો,
જંગમ તીર્થ અડશત ગુણ જડી, આણા મુગટ ધરાયો રે. મેં. ૧
**તપગચ્છપતિ વિજેસિંહસૂરીના સત્યવિજય** ગુણ **ભૂપ**,
**કપુરવિજય** તસ **ખિમાવિજયવર, જિન ઉત્તમ પદ્મ રૂપ** રે. ૨
**કિર્તિ તપ મણી બુધી વિજય** ગુરૂ, **નિત્યવિજય** તસુ ભકતેં,
જિનવર-પૂજા તે નિજપૂજા, પ્રગટે અન્વય સકતેં રે. મેં. ૩
**તત્ત્વ ઇંદુ નિધિ ચંદ્ર** સંવછર, **સુરત** રહિ **ચૌમાસ**,
**કતારગામ આદિનાથ** પ્રસાદે, ઉદ્યમ ભાવ ઉલ્લાસે રે. મેં. ૪
નેવું જિનકલ્યાણક દિવસે, આતમ આપ ઠરાયા,
પ્રભુગુણગણમુક્તાફલમાલા, સંઘને કંઠે સોહાંયા રે. મેં. ૫

પ્રકાશિત : ૧. ચોવીશી તથા વીશી સંગ્રહ, સા. પ્રેમચંદ કેવલદાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ.૭૧૬થી ૭૩૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૬૩-૬૪. ત્યાં મથાળે કવિનામ ભૂલથી 'નેમવિજય' છપાયેલું. પણ એ ગ્રંથની વર્ણાનુક્રમણીમાં 'નિત્યવિજય' જ અપાયેલું છે.]

**૧૪૩૪. ગંગારામ** (કર્મચંદ્રશિ.)

**(૫૦૧૭) કયવન્ના ચોપાઈ** ર.સં.૧૯૨૦(?) ભા. હાંસીનગર

(૧) સં.૧૯૧૪ દહલી મધ્યે સુખદેવીઅ લિ. પ.સં.૨૦, જિ.ચા. પો.૭૯ નં.૧૯૬૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૬૪.]

**૧૪૩૫. ઉમેદચંદ** (સ્થા. કહાનજી-લક્ષ્મીચંદ-ભીમજી-સોનુજીશિ.)

**(૫૦૧૮) + આર્દ્રકુમારનો રાસ** ૧૪ ઢાળ ર.સં.૧૯૨૨ આસો શુ.૧૦ સોમ ભાવનગરમાં

**આદિ** – **આદેસર** આદે કરી, ચોવિસમા **વર્ધમાન**,
અષ્ટ કરમને ક્ષય કરી, પોહ્યા શિવ સુનિધાન. ૧
ચઉદસેં બાવન તેહના, ગણધર ગુણમણિખાણ,
તે પણ શિવસુખેં આસર્યા, જિનવચન પરમાણ. ૨
તેહ આદે સુજ ગુરુ ભણિ, નમણિ કરું કર જોડ,
વાગ્‌વાણી સાંનિધ થઇ, પુરજ્યે વંછિત કોડ. ૩
તેહ સકળને નમિ કરી, ગાસ્યું **આર્દ્રકુમાર**,
વારે શ્રી **વર્ધમાનને**, હુવા તેહ અણગાર. ૪
વૈરાગ્ય પામ્યા કિણુ વિધે, કેમ વસ્યા ગૃહવાસ,
શિવમારગ કેમ આસર્યા, વર્ણવું તેહ સમાસ. ૫
ચર્મશરીરી પ્રાણીયા, વિલસે બહુળા ભોગ,
વૈરાગ્યપદમેં થિર થઇ, કેલિ કરે શિવ જોગ. ૬

**અંત** – ઢાળ ૧૪મી કળશની.
**વીર**વાણી સુધા સમાણી, **આર્દ્ર** જાણી આદરી,
નિજ કર્મ કાપે જિન જાપે, સ્થિતિ સુધરે તમ પાધરી. ૧
આદર મુનિ જૈન ધર્મની જયકરી જગ દીપતી,
વાદી હરાઇ નિજ સવાઇ, જિનવાણી મિથ્યા જીપતી. ૨
તેમ કરો સરવે માહાતમાં, ધર્મ પ્રસારક ભાવથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્યક્ત્વ ભેટી મિથ્યાત્વ મેટી, તરો ધર્મ-વર-નાવથી. ૩
ગણુનાયક શ્રી ગુણુનિધિ, **કાહાંન** મુનિ વ્રતસાયર,
તસ પટોધર જ્ઞાનસાગર, **લક્ષ્મીચંદ** જગ-જાહેર. ૪
તસ પાટે રાજે ગુણુ ગાજે, **ભીમ** મુનિસર જ્ઞાન સું,
તસ સુત મુજ ગુરૂ **કનકરંજક**, ધર્મધર **સનમાન** સું. ૫
તસ ચરણે વાસી રંગ રાચી, વાચ સાચી ધર્મની,
**ઉમેદચંદે** અતિ આનંદે કહી **આર્દ્ર** ભવ ચર્મની. ૬
ઢાળ ત્રયોદશ કળશ માથે શોભતી રે જેમ કામિની,
**આર્દ્ર** મુનિવત્ જેહ મુનિવર બલિહારી તસ **નામની**. ૭
સંઘ રંગ ઉમંગ ગુરૂસંગ જ્ઞાન દર્શમેં રાચતા,
ધર્મરાગી વિનયસાગી ગુરૂવચનની આસતા. ૮
ધર્મધારી મિથ્યાત્વ વારી તેહના લઉં નિત ખામણાં,
**ભાવનગરે** ધર્મી સંઘને સદાય રંગ વધામણાં. ૯
**ખંડ શશિયર** જાણુ સંવત્સર સાલ **દ્વિવિંશ** જાણુજો,
આશ્વિન માસે શુક્લપક્ષે દશેરા ધર્મરસ માણુજો. ૧૦
વાર શશિયર લાર શોભે રોહણીને બીજ રાજ જર્યું,
દયા માર્ગે ચાલતાં ભવી સુધરે જેમ નિજ કાજ જર્યું. ૧૧
પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૨૨ નીચે.

**(૫૦૧૯)** + **ગજસુકુમારની** ઢાળ ૯ ઢાળ ર.સં.૧૯૨૨ આસો શુ.૧૨ મંગળ ભાવનગરમાં

**આદિ** – **વીર** જિણુંદ ચોવીસમા, પ્રણમું હિત ચિત લાય,
શુભ મતિ દીયો **ભારતી**, સુધરે કાજ સવાય. ૧
તપ દુવાલસ ભેદના, દ્રવ્ય ભાવ દોય જાણુ,
નિર્જરે કર્મ સકળદળ, પાળે તે ગુણુખાણુ. ૨
ભિખુ પ્રતિમા બારમી, આદરી **ગજસુકમાળ**,
અંતક્રિયા કરી આકરી, ખટ કાયના રખવાળ. ૩
તેહ સમાસ કહું હવે, સાંભળજો નરનાર,
હુવા અંતકૃત્ કેવળી, **અંતગડમેં** અધિકાર. ૪
**દ્વારામતી** નગરી ભલી, સ્વર્ગપુરી અનુહાર,
**કૃષ્ણુ** નરેશ્વર રામ સું, રાજ તણી કરે સાર. ૫
**કૃષ્ણુનો** તાત વસે તિહાં, **વસુદેવ** તસ નામ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ ઘરણી રાણી દેવકી, શિયળે સીતા સમાન. ૬

અંત – ઢાળ ૯

નદી જમુના કેરે તીર ઉડે રે દોનુ પંખિયા – દેશી.

શ્રી શ્રી હરજી રે નેમબોલ સુણિને ચિત ચમકિયો,
ઉઠી વિનય કર જોડ જિનને નમણ કિયો.
સાથ સકળને વિસરજે, આરત ચિત આણિને,
આપ ગજારૂઢ થૈને ચાલે સમો જાણીને. ૧

*

સૂત્ર અંતગડને માંય સમાસ એનો ઘણો
ત્યાંથી લેઈને સમાસ વર્ણવ્યો યે તેહ તણો
કાહાન મુનિ પરિવારે મુજ ગુરૂ રાજતા,
તપવંત ને ધર્મધાર ગુણધર ગાજતા. ૧૨
કનકરંજક માહારાજ ચરણાંબુજ ગંધ સું,
મુજ મનમધુકર લીન સેવું છું ઉમંગ સું;
અતિ ઉમેદવાર ધાર ઉમેદચંદ ચિતમાં,
ઢાળ નવમી એ સાર ક્ષમા ગુણ રીતમાં. ૧૩
સંવત ખંડ શશિરાજ સાલ દ્વિવિંશ જાણીયે,
આશ્વિન માસ એ સાર શુકલપક્ષ આણીયે,
દ્વાદશમી રે તિથિ વાર ભોમ જાણજો વળી,
ભાવનગર ચોમાસ સંઘને મન રૂળી. ૧૪

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૨૨ નીચે.

(૫૦૨૦) + અર્જુનમાળી મુનિની ઢાળો ૬ ઢાળ ર.સં.૧૯૨૨ આસો શુ.૧૪ શુક્ર

આદિ – દોહા

નમણ કરૂં શ્રી વીરને, વળિ ગૌતમ ગણધાર,
જ્ઞાન ગુરૂ પગ પ્રણમી, વર્ણવું તપઅધિકાર. ૧
રાજગૃહી નગરી વસે, અર્જુન માળાગાર,
મહીદ્રિય અપરી ભૂત, બંધુમતી તસ નાર. ૨
તેહ નગરને બાહિરે, એક પુષ્પવનખંડ,
દશાર્ધ જાતે એ રંગ સું, સહકાર રતિ અમંદ. ૩
યક્ષાલય મોગૃ પાણુનો, ઉન્નત તેહ વનમાંય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્વજા લંબિત રાજતો, પ્રત્યક્ષ દેવ સવાય. ૪
ચીર કાળની પરંપરા, **અર્જુનમાળીની** જાત,
પૂજન કરતા વિચરે, પૂરણ પૂરવે આસ. ૫

**અંત –** ઢાળ ૬. મેહલામે બેઠા રાણી કમળાવતી – દેશી.
**વીર** જિણંદ નિજ પરિવાર સું, પરવર્યા જનપદ દેશ,
ગ્રામ નગર પુર ને પાટણે, ખેડ મંડપ સંનિવેશ,
સુણજોજી **અર્જુન** મુનિ તપગુણઆગળા. ૧

*

**અર્જુન** સમાસ **અંતગડ અંગ**માં ત્યાંથી લીયો છે એ સમાસ,
છઠી ઢાળ રે શિવગતિગામિની, **ઉમેદચંદને** મન વાસ. સુ. ૧૦
**કનકરંજીત** ગુરૂ મુજ શિર વસે, તપવંત ક્ષમાવંત સાધ,
કિયો ઉપગાર નિત નવા રંગનો, જ્ઞાન તણો રે ભેદ લાધ. સુ. ૧૧
ગુણ ઓગણિશ તેનો કેમ હોઉં, તેહનો છે એક પ્રકાર,
અંગ પંચ રે મન વચ કાય સું, નમણ કરૂં હું ગુણધર ધાર. સુ.૧૨
સંવત **વાડ** ને **ભૂમિ** જાણજો, **દ્વિવિંશ** સાલ તસ લાર,
આશ્વિન માસ શુક્લ પક્ષમેં, ચતુર્દશી ને શુક્રવાર. સુ. ૧૩

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૨૨ નીચે.

**(૫૦૨૧) + અયમંતા મુનિની ઢાળો** ૭ ઢાળ ર.સં.૧૯૨૨ આસો વદ ૮ શનિ ભાવનગરમાં

**આદિ –** દોહા.
શ્રી ગુરૂચરણકમળ નમી, ત્રિવિધે બે કર જોડ,
**અયમંતા** મુનિ ગુણ ગાઉં, આળસ અળગો છોડ. ૧
**પોલાસપુર** સોહામણો, રિદ્ધિ સકળ ભરપૂર,
શ્રી વન પરિશ્રમે રાજતો, દેખતાં હરખે ઉર. ૨
**વિજય** નૃપ છે પુરપતિ, **શ્રીદેવી** તસ નાર,
તસ તનુજ ગુણ-આગળો, **અયમંત** નામે કુમાર. ૩

**અંત –** ઢાળ ૭. રૂખમણી તું તો સાચી શ્રાવિકા – એ દેશી.
સાહેબ **વીર** જિણંદ સ્થવીરા ભણી કહે એમ વિચાર હો,
સ્થવીર મત હેળો એહ બાળને, ખીસો મત નિરધાર હો. સા. ૧

*

મુનિવર સંવત ખંડ ઇંદુ સંગથી, **દ્વિવિંશ** સાલ આશ્વિન માસ હો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિવર કૃષ્ણ અષ્ટમી શનિવાર સું, **ભાવનગરે** ચોમાસ હો. સા. ૧૮

કળશ

સકળ જિનવર સમર વાણી, આદ્યંત મધ્યમાં એક છે,
તસ અનુસારેં જેહ ચાલે તેહ ધર્મ જગ નેક છે.
ભાવ ધરીને જેહ પાળે તજીને કંચનકામિની,
તસ ઘરે નિત મંગળમાળી, બલહારી તસ નામની.

પ્રકાશિત : ૧. જુએ। કૃતિક્રમાંક ૫૦૨૨ નીચે.

**(૫૦૨૨) + પરચુરણ નાની કૃતિઓ**

૧ નેમનાથ રાજુલની પાંચ લાવણી; ૨ મુનિબોધના બારમાસ; ૩ અધ્યાત્મી લાવણી; ૪ પંચેન્દ્રિયની લાવણી; ૫ પંચમહાવ્રતની લાવણી વગેરે.

પ્રકાશિત : ૧. ઉપરની બધી કૃતિઓ 'ઉમેદચંદજીકૃત કાવ્યસંગ્રહ' ભાગ બીજે સં.૧૯૪૧માં ભાવનગરની જૈન ધર્મ સુબોધ પ્રસારક સભાએ ૧૧૭ પૃષ્ઠમાં સુરતના 'વિક્ટોરિયા' પ્રેસમાં છપાવી પ્રકટ કર્યો હતો તેમાં છપાયેલી છે. તેની કિં. બાર આના રાખી હતી.

**(૫૦૨૩) + અમરકુમારની ઢાળો** ૮ ઢાળ ર.સં.૧૯૨૫ માગશર વદ અમાસ રવિવાર બોરસદમાં

**આદિ** – દુહા

શ્રી ગુરૂને ચરણે નમી, પ્રણમૂ બે કર જોડ;
**અમરકુંમર** ગુણ ગાઈસાં, આળસ અળગો છોડ. ૧
તે કાળે તેણે સમે, **જંબૂ ભરત** મોઝાર;
**મગધ** દેશ સોહામણો, મૂખ **રાજગરી** સાર. ૨
**શ્રેણીક** નરવર રાજવી, પ્રજાને સુખકાર;
જૈન ધર્મ પરચો નહીં, મસ્તકે કર્મનો ભાર. ૩

**અંત** – ઢાલ ૮. હમીરીયાના ગીતની દેશી

ફુંફેરી નાંખી તીહાં કણે રે, પાપણી સુઇ તે વાર,
જુઓ ગતી એહની રે,

*

ગુરૂ પ્રતાપે એ કહી રે, **બોરસદ** નગર મોઝાર રે,
મુની **ઉમેદચંદજી** કહે રે, અષ્ટ ઢાળ ધરી પ્યાર રે. ૮
સંવત **ઓગણીસે પચીશમે** રે, **માગસર** માસ ઉદાર રે,
અમાવાસ્યા તે સોહામણી રે, અરકવાર સુવાર રે. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

(૫૦૨૪) + **હરકેશી મુનિનો રાસ** ૧૩ ઢાળ ર.સં.૧૯૨૫ ફાગણ ગઢપુરમાં (ગઢડામાં)

**આદિ –** દુહા

તે કાળે તેણે સમે, **જંબુદ્વીપ** મોઝાર,
**ભરતક્ષેત્ર** શોહામણો, વરણવું તે અધીકાર. ૧
તપ તણો અધીકાર લહું, સાંભળજો નરનાર,
તપ તપ્યા અતી આકરા, **હરકેશી** અણગાર. ૨
પૂર્વકથા રે વરણવું, કિધ વિધે હુવા તેહ,
સંજમ લિધો રે કિણ વિધે, ભાવ ધરી કહું ગેહ.

**અંત –** ઢાલ ૧૩મી. સલુણો રાવળ ચાલે રે એ દેશી
મધુરે સ્વરે વિપ્ર પુછતા રે, સ્નાન દ્રહ તુમ કોણ;
સ્વાંતી ખેતર તમ કોણ છે રે, તિર્થ તુમચે કોણ.
મુનીશ્વર દીયો અર્થ બતાય.

*

**હરકેશી** અણગારજી રે, તપ તપી રે અઘોર,
શીવપુરમે વાસ લીયો રે, ત્રોડી તે કરમ કઠોર. મુની. ૯
ઢાલ ભલી એ તેરમી રે, **હરકેશી** કેરો સમાસ,
ગુરૂપ્રતાપે એહ સહી રે, કહ્યું તે ધરીને ઉલ્લાસ. મુની. ૧૦
**ઉગણીસેં પચવિસમે** રે, **ગઢપુર** નગર મોઝાર,
મુની **ઉમેદચંદજી** કહે રે, ફાગણ માસ ઉદાર. મુની. ૧૧

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

(૫૦૨૫) + **મેતારજ મુનિનું ચોઢાળિયું** ર.સં.૧૯૨૫ વૈશાખ (શુ.) ૬ સોમ ખંભાતમાં

**આદિ –** દુહા

શ્રી જીનવરચરણે નમું, પ્રણમી સતગુરૂપાય,
**મેતારજ** મુનિ ગુણ ગાઉ, આનંદે ચિત લાય. ૧

**અંત –** ઢાલ ૪થી. બંધવીયા ચાલ ઇહાંથી ઉતાવળો રે – એ દેશી
મુની રે મુની મનમાં ચીતવે રે, ધન્ય ધન્ય **ગજસુકુમાલ** રે,

*

ઢાળ રે ઢાળ ચોથી એ કહી રે, ગુરૂ પસાયે જાણ રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુની રે મુની **ઉમેદચંદજી** કહે રે, **ખંભાત** નગર મોઝાર રે. મુ. ૮
**ઉગણીસેં** રે **ઉગણીસેં પચીસમેં** રે, વૈશાખ માસ તે સાર રે,
ચંદ્ર રે ચંદ્રવાર સોહામણો રે ખટ તીથી રે ઉદાર રે. મુ. ૯

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

(૫૦૨૬)+**નીષઢકુમારની ઢાળો** ૭ ઢાળ ર.સં.૧૯૨૫ ભાદરવા ખંભાતમાં

**આદિ –** દુહા

તે કાળે તેણે સમે, **સોરઠ** દેશ મોઝાર,
**દ્વારામતી** નગરિ ભલી, સ્વર્ગપૂરી અણુહાર.

**અંત –** ઢાલ ૭મી. નણદલની એ દેશી

વદત કહે સુણો **નેમજી, નિષઢ** નામે કુમાર હો જીનવર
ક્રીહાં જાસે દેવલોકથી, કહો તેનો અધિકાર હો જીનવર. ૧
**નેમ** કહે મુનીવર સુણો.

*

ઢાલ ભણી એ મેં સાતમી, **નિષઢકુમાર** અધિકાર હો
ગુરૂ પસાયે જોડી જુગત સું, **ખંભાત** નગર મોઝાર હો. ૯
સંવત **ઓગણીસેં પચીસમેં** ભાદુર માસ છે સાર હો
મુની **ઉમેદચંદ** એમ કહે, સૂત્રમેં છે અધિકાર હો. ૧૦

પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

(૫૦૨૭) + **સુકોસલની ઢાળો** ૭ ઢાળ ર.સં.૧૯૩૦

**આદિ –** દુહા

શ્રી ગુરૂને ચરણે નમી, સમકિતબીજદાતાર,
ભટ રીણુથી રે ઉધરે, પ્રબળ ગુણી સંસાર. ૧
તે કાળે તેણે સમે, **જંબુ ભરથ** મોઝાર,
**અજોધ્યા** નગરી અતિ ભલિ, અમરાપુરી અણુહાર. ૨

**અંત –** ઢાલ ૭મી. ઈડર આંબા આંબલી રે એ દેશી.

નહોર ઉદર ઉપર ધર્યો રે, ધરણી ઢલ્યો રૂખીરાય;
વિદાર્યો નખ અંકુસેં રે, રોળે મહીએલ કાય,
સુગુણ નર જોજો કર્મ વિચિત્ર.

*

અંતરાતમથી જાણજો રે, સગપણ વિચિત્ર પ્રકાર,
અભ્રપડલ સમાં એ સહી રે, વિલયે પાંમે નિર્ધાર. સુ. જો. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **ખંડ ભોમી** સદી રે, સુંદર **ત્રીસની** સાલ;
મુની **ઉમેદચંદજી** કહે રે, સાતમી ઢાળ રસાલ. સુ. જો. ૧૦
પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

**(૫૦૨૮) + નેમરાજુલના ૫૮ ખ્યાલ**

**આદિ –** ખ્યાલ ૧. નવલ સનેહી નેમજી રે દેશી
નવલ સનેહી **નેમજી** રે **જાદવ**કુળના સણગાર, જાદવ.
રથ તોરણીયે આવીયો, રથ. પશુડે માંડયો પોકાર, પશુડે. નવલ. ૧

**અંત –** ખ્યાલ ૬. એવંતા મુનીને વાંદીયે રે દેશી
અંકુશ બચન સુણી કરી રે, દેવર ચિત્ત થીર ઠાય
ફરીને જોગ લીયો રે –

*

તેમ મુને તમે તારજો રે **ઉમેદચંદ** ધરી પ્યાર. ફરીને. ૫
પ્રકાશિત : ૧. જુઓ કૃતિક્રમાંક ૫૦૩૦ નીચે.

**(૫૦૨૯) + નાની કૃતિઓ**

**૧ શીખવહેવના ફીસા** ૧૨ કડી ર.સં.૧૯૨૮ કા.વ.૧૧
**આદિ –** ધુર જીન મુખચંદ, મહાસુખ કેરા કંદ
નામે મેટે ભવફંદ, માત તાત હમારા. ૧
**અંત –** સંવત **ખંડ** વર **સસી,** સાલ **વસુ જુગ** મસી,
કાતી વદેકાદસી માત. ૧૨

**૨ ઉપદેશી સઝાય** ૧૧ કડી ર.સં.૧૯૨૮ પો.૫ રવિ
**આદિ –** હો નર ઘેલા રે આતમને સમજાવો રે સાંભળી દેશના
**અંત –** સંવત **ખંડ ભોમી** સારો વળી સાલ **વસુ નયન** પ્યારો,
પોસી પાંચમ ને રવીવારો. નર. ૧૧

**૩ મરુદેવીનો ગરબો** ૨૩ કડી ર.સં.૧૯૩૭ શ્રાવણ ઉમરકોટમાં
**આદિ –** સુણજો સકળ ધરમગુણરાગી, ત્રિવિધ થીર થાપીને રે લોલ
**અંત –** સંવત **ખંડ ભૂમી** વર સાર, **મુની ગુણ** વાસમાં રે લોલ
ગુરૂ મુજ **કનકરંજીત** પસાય, સરાવણ માસમાં રે લોલ
**ઉમરકોટ**માં રહી ચોમાસ, સકળ સંઘ મન રાખીને રે લોલ
સંઘ શીરોમણી સંગત આજ, **ઉમેદચંદને** મળી રે લોલ. ૨૩

**૪ નેમનાથની ગરબી** ૧૮ કડી ર.સં.૧૯૩૮ શ્રાવણ શુ.૧૦ રવિવાર ઉમરકોટમાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આદિ** – **સમુદ્રવિજે**કુળ-ચંદલો રંગભીના રે
કાંઇ **સવાદેવી**-અંગજાત **નેમ** નગીના રે.

**અંત** – **નેમ** ગયા શીવવાસમાં રં. કાંઇ તારી **રાજુલ** નાર, ને.
મુની **ઉમેદચંદ** વિનવે રં. કાંઇ બાંહ્ય ધરી ઉગાર, ને. ૧૭
**ઓગણીસે સાડત્રીસ**માં રં. કાંઇ શ્રાવણ શુકલ ધાર, ને.
દશમી ને રવીવાર સું રં. કાંઈ **ઉમરકોટ** મોઝાર, ને. ૧૮

**૫ અન્ય નાની કૃતિઓ**

શિયલનું સ્ત. (શીયળ સરોવર ઝીલીયે); નોકાર સ્ત. (નામ જપો રે પંચપદ નામી); જીનજીનું સ્ત. (અર્જ સુણો એક મોરી જીનંદા); નાભીજીરા નંદનરો સ્ત. (ભવિયા રટીયેં નાભી રે નંદ); નેમનાથ સ્ત. (આવે આનંદકારી આવે રે); પાર્શ્વ જીનનો ખ્યાલ (માયા રે મુને પાર્શ્વ તણી લાગી); વીરજીનો ખ્યાલ (વીર મોયે લાગે આનંદકારી); નેમ સ્ત. (સખી મોહે સામ સલુનેકી પ્રીતીયાં અતી); નેમ સ્ત. (સામળીયાજી એક અરજ હમારી); પ્રભાતી (દેહી રે સાંભીલ મોરી વિનતી); જીવદેહીના સંવાદના ખીસા (દેહી કરે રે પ્રણામ સુનો આતમારામ); ગુરૂ વિશે ખીસા (ગુરૂ જ્ઞાંનમેં ગરકાબ); લાવણી (તુમ સુનો સકલ નરનાર); બારમાસ (કારતકે કર રે જુગલ જોડી); ચંદના સતી સઝાય (આજકાલે આઠમ તપ છે રે ભારી); મોહન બેંન (મોરી એક અરદાશી); ઉપદેશી ખ્યાલ (અવસર પલ પલ જાવે); ઉપદેશી ખ્યાલ (જીવ વટાઉ સાઉરી રે); આધ્યાત્મિક ખ્યાલ (દીલે રાધારી સુમત રાની રે); કાયા વિશે ગઝલ (એહી દમી દમે શોખી સાર હે); વિષયમદ વિશે ગઝલ (મદનકે દ્રીંગમે જગ જીયારો હરાઇ રહ્યો રે); ભરથેસરનો ગરબો (ચરણ કરણધર સુમંત સુહંકર); રાજેમતીની કાફી (એમ વીનવે રાજુલ નારી રે); જાડેજી કાફી (આ જુલમ ન કજે).

પ્રકાશિત : ૧. આ સર્વ કૃતિઓ 'ઉમેદચંદજીકૃત કાવ્યસંગ્રહ' એ નામની ૯૮ પૃષ્ઠની ચોપડી રૂપાણી ભીમજી કાળીદાસે સં.૧૯૪૧માં છપાવી હતી તેમાં પ્રકટ કરેલી છે.

**(૫૦૩૦) + અન્ય લઘુકૃતિઓ**

મંગળાચરણ, આગમ મહિમા, સમોસરણ જઈ રહેવા વિશે, સર્વજ્ઞ જિનની સ્તવના સાથે આશીર્વાદ માગવા વિશે, સભા સમસ્તને ધર્મોપદેશ વિશે વગેરે ટૂંકાટૂંકી કવિતાઓ.

પ્રકાશિત : ૧. ઉમેદચંદજીકૃત કાવ્યસંગ્રહ ભાગ ચોથો, પ્રકા. જૈન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મ પ્રકાશ સભા, બોટાદ, સં.૧૯૪૭, વઢવાણ કેંપ આર્ય વિદ્યા પ્રકાશ પ્રિં. પ્રેસ, પૃ.૬૦ કિં. ૭ આના.

(૫૦૧૧) + **બ્રહ્મદત્ત ચક્રવર્તીનો રાસ** ૬ ઉલ્લાસ ૧૧૨ ઢાળ ર.સં. ૧૯૫૦ આસો વદ ૧૧ બુધ નવાનગર

ખોડીદાસ મુનિ (આ પૂર્વે નં.૧૪૩૧)એ અધૂરો મૂકેલો રાસ એમણે પૂરો કર્યો.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૬૪-૭૪.]

## ૧૪૩૬. રવચંદ

(૫૦૩૧) **સિદ્ધાચલ ગિરનાર તીર્થ ગુણ ગર્ભિત વહોરા કસ્તુર બહેચરદાસના સંઘનું સ્ત.** (ઐ.) ર.સં.૧૯૨૭ ચૈત્ર વ.૮ બુધ અમદાવાદમાં

આદિ - દૂહા

પ્રણમું આદિ જિણંદને, કનકવરણ જસ કાય,
રાજધર્મ નીતિ સવે, દાખિ વર્યા શિવઠાય.

અંત - કલશ

ઇમ ત્રિજગતારક દુઃખનીવારક, તીર્થ તે બે સુખકરૂ,
**સિદ્ધાચલ ગિરનાર** ઉત્તમ વાંદી પામો સુખ ઘણું,
સંવત વિક્રમરાય કેરો જાણજ્યો, સજન સહુ,
**મુનિ નેત્ર તત્ત્વ ને નિશાનાયક** ચૈત્ર વદિ અષ્ટમી ભણુ. ૧
બુધવાર વાસર શુદ્ધ ધારી ગાઈયા ગિરિ ગુણ લહી,
ગુરૂ **વીર** વાંણી પસાય પાંમી મારગ શુદ્ધ લહ્યો વહી;
**રવચંદ** ભાખે મિત્ર સાખે બાધ ધીવૃધી સહી,
શાલ વિદ્યા વિસાલ શાલા **રાજનગ**માં રહી. ૨

(૧) પ.સં.૪-૧૩, આ.ક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૭૫.]

## ૧૪૩૭. પ્રેમચંદ

(૫૦૩૨) **શીલશ્રી ચોપાઈ** ર.સં.૧૯૨૮ ચૈ.વ.૧૩

(૧) સં.૧૯૩૨ પો.વ.૩, પ.સં.૬, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૭૫.]

## ૧૪૩૮. કેવળદાસ અમીચંદ

શ્રાવક, કાસંદ્રાના ભાવસાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૦૩૩) + **નેમવિવાહ** ૪૩ ઢાળ ર.સં.૧૯૨૯ શ્રાવણ શુ.૭ ગુરુ

**આદિ –** ઢાળ ૧ વળતી લાડણીને સણગારી રે એ રાગ.

સતી **સરસ્વતી**ને શીર નામું રે ગુરૂ **ગઉતમ** જુઓ મુજ સામું રે,
મારો ગાવો છે **નેમ**વીવા રે, તેથી દિલમાં કરો મતિદીવા રે. ૧
કેવી રીતે તોરણ ગયા **નેમ** રે, કેવો પ્યારી ને પિઉનો પ્રેમ રે,
તેનો સંક્ષેપે કહું વીસ્તાર રે, તમે સાંભળજો નરનાર રે. ૨

**અંત –** ઢાળ ૪૩મી આવોને મંદિર માહરે હો લોલ – દેશી.

ધનધન **રાજુલ નેમ**ને હો લાલ, ધનધન એ અવતાર રે,
હું વારી લાલ.
કુંવારાં કંથને કામની હો લાલ બેઉ તજ્યાં સંસાર રે. હું.
**સાબરકાંઠે** શોભતું હો લાલ, **કાસંદરા** મુજ ગામ રે. હું.
અર્ભક **અમીચંદ**નો હો લાલ, **કેવળદાસ** હું નામ રે. હું.
**અચરત**-કુખે ઉપન્યો હો લાલ, ભવ વિશે **ભાવસાર** રે. હું.
પ્રીત ધરીને પારખ્યો હો લાલ, શ્રાવકધરમ શ્રીકાર રે. હું.
સંવત **ઓગણીસે** વળી હો લાલ, **ઓગણત્રીસ** મોઝાર રે. હું.
શ્રાવણ શુકલા સપ્તમી હો લાલ, ગરવો તે ગુરૂવાર રે. હું.
તે રે દિવસ પુરો કરી હો લાલ, ગાયો **નેમ**વિવાહ રે. હું.
ઢાલ તેંતાળીસેં વરણવી હો લાલ, સંબંધ રાખી દુવાહ રે. હું.
તાળ ત્રુટક નવી ઓળખું હો લાલ, વાણી તાણી રચ્યો ઠાઠ રે. હું.
કવિ કને મુજ કુણ ગજું હો લાલ, પઢચો ના પીંગળપાઠ રે. હું.
અક્ષર આદિ ને અંત્યમાં હો લાલ, ખોળતાં જડે ખોડ રે. હું.
તે મુજ મીછામી દોકડો હો લાલ, કેવળ કહે કર જોડ રે. હું.

પ્રકાશિત : ૧. ધી ઓનરેબલ શ્રીમંત નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ, અમદાવાદને અર્પણ કરી આ કૃતિ કર્તાએ સં.૧૯૩૦માં અમદાવાદના ગુજરાત યુનિયન પ્રેસમાં છપાવેલ હતી.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૭૫–૭૬.]

## ૧૪૩૯. ત્રિલોક ઋષિ (લોં. ઋષિ લવજી–સોમજી–કાનજી–તારા–કાલા–વક્ષુ–ધનજી–અચવંતાશિ.)

રતલામના ઓસવાલ સુરાણા ગોત્રના દુલીચંદના નાનુબાઈથી પુત્ર. જન્મ સં.૧૯૦૪ ચૈ.વ.૩ બુધ. નામ તિલોકચંદ. દીક્ષા સં.૧૯૧૪ માઘ વ.૧ ગુરુ અચવંતા ઋષિ પાસે રતલામમાં. વિશેષ તેમના છપાયેલ ચરિત્રમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુઓ તેમાંથી નીચેના ગ્રંથોનાં નામ લીધાં છે.

**(૫૦૩૪) પંચવાદી કાવ્ય** ર.સં.૧૯૩૦ વૈ.વ.૧૦ સોમ મંદસોર

**(૫૦૩૫) ધર્મજયકુમાર ચો.** ર.સં.૧૯૩૦ આષાઢ શુ.૩ શુક્ર મંદસોર

**(૫૦૩૬) તિલોકબાવની પહેલી** ર.સં.૧૯૩૩ વૈ.શુ.૯ શનિ રતલામ

**(૫૦૩૭) શ્રેણિક રાસ**[અથવા **ચોપાઈ**] ૪ ખંડ ર.સં.૧૯૩૯ આ.શુ.૩ પૂના

**આદિ** – જે જે જે જિન જગગુરૂ, શ્રી **મરૂદેવીનંદ,**

સમરસ-કંદ-સિરોમણિ, પ્રણમું **આદિ** જિનંદ. ૧

ચંદ્રાવરણ **ચંદાપ્રભૂ, ચંદ્રપૂરિ** અવતાર,

ચંદ્રલછન સુખચંદ્ર સો, વંદુ વારમવાર. ૨

**શંતિ** જિનેશ્વર સોલમા, સંતિ કરી સંસાર,

વિધનહરણ મંગલકરણ વીનતડી અવધાર. ૩

સાસણ ધવ **વૃધમાનજી**, હિરિ સિરિ વૃદ્ધિવંત,

લબ્ધિનિધિ **ગૌતમ** ગુરૂ, આદિ સહુ ગુણવંત. ૪

કરો કૃપા કરૂણા કરી, સુખસંપત વર બુધ,

આપો અનુચરને સદા, આવે સદગુણ સુદ્ધ. ૫

સહુનો સરણો લેઈને, કરવા જીભ પવિત્ર,

મૂઝ મતિ લાયક વરણવે, **શ્રેણિક ભૂપ ચરિત્ર.** ૬

(૧) અધૂરી પ્રત, ત્રણ ઉલ્લાસ છે અને ચોથાનું એક પાનું છે, પ.સં.૩૦–૧૮, ધો.ભં. (૨) બહાદુરમલ બાંઠિયા સંગ્રહ ભીનાસર.

**(૫૦૩૮) ચંદ્રકેવલી ચરિત્ર**

**(૫૦૩૯) સમરાદિત્ય કેવલી ચરિત્ર**

**(૫૦૪૦) સીતા ચરિત્ર**

**(૫૦૪૧) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચરિત્ર**

**(૫૦૪૨) હંસકેશવ ચરિત્ર**

**(૫૦૪૩) અર્જુનમાલી ચરિત્ર**

**(૫૦૪૪) ધન્ના શાલિભદ્ર ચરિત્ર**

**(૫૦૪૫) ભૃગુ પુરોહિત ચરિત્ર**

**(૫૦૪૬) હરિવંશ કાવ્ય**

**(૫૦૪૭) અમરકુમાર ચરિત્ર**

**(૫૦૪૮) નંદનમણિહાર ચરિત્ર**

**(૫૦૪૯) મહાવીર સ્વામી ચરિત્ર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૫૦૫૦) પ્રતિક્રમણ સત્યબોધ**
**(૫૦૫૧) જ્ઞાનપ્રદીપક**
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૩૮૫ તથા ૧૫૬૯-૭૦.]

**૧૪૪૦. સુમતિમંડન** (ખ. ક્ષમાકલ્યાણ-ધર્મવિશાલશિ.)
ક્ષમાકલ્યાણ જુઓ આ પૂર્વે નં.૧૨૮૮.

**(૫૦૫૨) + સિદ્ધાચલ પૂજા** (હિંદી) ર.સં.૧૯૩૦ જ્યે.શુ.૧૩ રવિ વિકાનેર

**આદિ** – **ઋષભાદિક** જિનવર નમી, પ્રણમી સદ્‌ગુરૂપાય,
પુંડરીકગિરિ રાયની, પૂજા કરૂં સુખદાય.

**અંત** – ધનાશ્રી.
પ્રભુજીકી પૂજા રચી સુખ કાજે, હાં એ સુખ કાજે,
શ્રી **સિદ્ધાચલ** ગિરિવર ઉપર, મંડણ **આદિ** બિરાજે,
**નાભિ** નૃપતિ **મરૂદેવિકે** નંદન, દરસણ સું દુખ ભાજે. ૧
**વીકાનેર** નગર અતિ સુંદર, **મરૂધર** દેસ વિરાજે,
શ્રી **જિનસૌભાગ્યસૂરિ** પટોધર, સકલ ગુણે કરી ગાજે. ૨
શ્રી **જિનહંસસૂરિ ખરતરપતિ**, ગુણ ગિરવા ગુરૂ રાજે,
**પ્રીતિસાગરગણિ** શિષ્ય સુવાચક, **અમૃતધર્મ** સુછાજે. ૩
શિષ્ય **ક્ષમાકલ્યાણ** સુપાઠક......
તસુ ચરણાંબુજ સેવક અહનિસ, **ધર્મવિલાસ** વિરાજે. ૪
**સુમતિમંડણ** એ ગિરિની પૂજા, રચીયે સંઘ સુખ કાજે,
**કુશલનિધાન** મુનિ પરવરકી, પ્રેરણયા સુસમાજે. ૫
ચૂપ ધરી ચોખે ચિત ચાહે, લિખી સકલ શુભ કાજે,
સંવત **સય ઉગણીસ તીસમેં**, પૂજ રચી હિત કાજે. ૬
જેઠ શુદી તેરસ રવિવારે, સુણતાં સહુ દુખ ભાજે,
ભાવ ધરી ગિરિના ગુણ ગાયા, દિનદિન અધિક દિવાજે. ૭

પ્રકાશિત : ૧. પૂજાસંગ્રહ પૃ.૬૭થી ૯૮.

**(૫૦૫૩) + અષ્ટ પ્રવચનમાતા પૂજા** (હિં.) ર.સં.૧૯૪૦ શ્રા.શુ.૧૨ વિકાનેર

(૧) પ.સં.૪, દાન. પો.૭૫. (૨) પ.સં.૧૭, અબીર. પો.૧૮.
[પ્રકાશિત : ૧. ઉપર્યુક્ત પૂજાસંગ્રહમાં જણાય છે.]

**(૫૦૫૪) + પંચજ્ઞાન પૂજા** ર.સં.૧૯૪૦ આસો શુ.૧૦ વિકાનેર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – વર્તમાન જિનચંદકૂં, નમન કરી મનરંગ,
પૂજ રચૂં ભવિ પ્રેમસે, સાંભલજો ઉચ્છરંગ.
**અંત** – **વીકાનેર** નગર અતિ સુંદર, સંઘ સકલ સુખદાયો,
શુદ્ધમતિ **જિનધર્મ**આરાધક, ભગત કરે મુનિરાયો.
**ઉગણીસે ચાલીસે** વરસે, આસુ સુદિ વરદાયો,
જ્ઞાન વિજયકારક સબ જગમેં, નિત પ્રતિ હોત સહાયો.
**સુમતિ** સદા જિનરાજ કૃપાસે, જ્ઞાન અધિક જસ ગાયો,
**કુશલનિધાન મોહન** મુનિ ભાવે, જ્ઞાન તણો ગુણ ગાયો.
પ્રકાશિત : ૧. પૂજાસંગ્રહ પૃ.૨૦૦થી ૨૧૪.

**(૫૦૫૫) + આબુ પૂજા** ૨.સં.૧૯૪૦ વિકાનેર
**આદિ** – શ્રી જિનવર આરાધિયે, ધરિયે હિયડે ધ્યાન,
**ઋષભ** જિણંદ દિણંદ સમ, દિનદિન ચઢતે વાન. ૧
**આબૂ** ગિરિ પૂજન રચૂં, મહિયલ મોટા ઠામ,
દેસદેસકા સંઘવી, આવી કરે પ્રણામ. ૨
**અંત** – **ક્ષમાકલ્યાણ**કે પાજ, વિવિધ ગુણજ્ઞાનકે ભાજ,
**ધર્મવિશાલ** તસુ નંદા, કહે યું **સુમતિ** સુખકંદા. ૨
સંવત **ઉગણીસ ચાલીસે**, પ્રેમધર અધિક સુજગીસે,
ભજો તુમ દેવ જગદીસે, ફલે સબ આસ નિસદીસે. ૩
દેવાંકે દેવ મનભાયા, પૂજતાં સંપદા પાયા,
**વીકાનેર** સહરમેં રાજે, જગત જસ તાહરો ગાજે. ૪
**આદિ**જિન પૂજ સુખ કાજે, નમત પ્રભુ પાપ સહુ ભાજે,
**કુશલ** મુનિ ભાવસે ધ્યાવે, સકલ જન પ્રેમસે ગાવે. ૫
(૧) પ.સં.૮, દાન. પો.૭૫.
પ્રકાશિત : ૧. પૂજાસંગ્રહ પૃ.૯૯થી ૧૨૨.

તેહવૂં મુષ ને તેહવો વાંન, તેહવી કોટ ને તેહવા કાંન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવા પગ ને તેવા હાથ," એમ બોલ્યા ત્રીભુવનનાથ. ૧૨૬
"તૂ સમાયે તો **હરી** સમાય, તલ જવ આવોપાછો નવી થાયે."
પઇ તણું પરમાણું લીઉ, દેવ **નારાયણ** તાલું દીયો. ૧૨૭
"ગોરજી! પઇ ઉઘાડો મલૂં, માહે થકે બાહર નીસરૂં
ગોર જજમાનને હાંસૂ કરૂં, માહે થકે મુંઝઇ મરૂં." ૧૨૮
**અહીદા(ન)વ** બોલ્યો તીણી વાર, "ગુરુજી! અમસૂં હાંસૂ નેવાર"
"મેયે હાંસૂં **કંસસૂ** કીયો, **જરાસંઘનુ** સીસ કાપીઉ. ૧૨૯
એ હાસ્યે માર્યો **રાવણરાય**, જે નવગ્રેહે સીર દેતા પાયે
**બલ** રાજા સૂં માંડી આલ, તે ચંપ્યો સપ્તમે પાતાલ. ૧૩૦
**ઉષા** કુયર **વૈરોત્વન[ચન]** વલી, **ગોવર્દ્ધન** તોલ્યો આંગુલી
સેવક સરવનું સાર કાંજ, તાહારા પૂર્વજનાંને મેલૂ આજ. ૧૩૧
**બલીલોચન અહીલોચન** હે જેહ, હણતાં બ્યણું ન લાગી તેહ."
એહવા વચન સુણી ગુહગહ્યો, માથે થકો રીસે ધડહડ્યો. ૧૩૨
તવ પઇ આકાસે જાઇ, પાછી આવે તેણુ ઠાર (ઠાય).
કૃષ્ણ મન સું કર્યો વિચાર, હવે રૂપ તાં કરુ પ્રકાસ. ૧૩૩
નવજોવન થઇને બેઠા ચઢી, પઇ આઘી નવ ચાલે ઘડી
ત્રણ ત્રૈભુવન લૈ મુંકયો ભાર, પૈ નવ સલસલે લગાર. ૧૩૪
"કાં રે કૃષ્ણ! તૂ કુડ મ મારે, બારે કાઢ મનાવૂં હાર
જો તૂં આવે ચોટ પટ થાયે, તો તે માનું ત્રૈભોવનરાય. ૧૩૫
જો તૂ આવે સામો અણી, તો માનું ત્રીભુવનધણી,
કુડ રમે ને રાખે મામ, બાહર કાઢ પોચાડું હામ. ૧૩૬
જો તૂ આવત સામી બાથ, તો તો જાણુ **દ્વારકાનો નાથ**."
"જીત્યો ઝગડો કીમ હારીયે, ગોલે મરે તેને વીષે નવી મારીયે."
૧૩૭

*

(પૂરાં ૧૫ કડવાં પછી ૧૬મા કડવાના બે દોહા)
કહે **અભિવન** રાજા પ્રતે, મુઝ વીનતડી અવધાર
ભડુ જુદ્ધ **ભારથ** ભલૂં, પણ નવ લહૂં નીસાર (નિસ્તાર?)
રે. ૩૯૬
ઉઠયો **ભીમ** તવ ધ્રુસમસી, "સાંભલ, વાત કુંમાર!
ગદા કાલંદ્રી ફેરવું, વેહલૂ કરું નીસાર રે. ૩૯૭

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૧૧-૨૧, પછીનાં પત્ર નથી, મારી પાસે.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૬૨-૬૭.]

## ૬૧. જનતાપી-તાપીદાસ

ભરૂચનો બંધારો.

**(૬૫) + અભિમન્યુ આખ્યાન** કડવાં ૨૨ ર.સં.૧૭૦૮ શક ૧૫૧૪ (? ૧૫૭૪) આસો વદ ૨ શુક્ર

**આદિ –** વિઘનહરણ વિદ્યાદાતાર, તે પૂજ્યને પ્રથમ નમસ્કાર
સ્વામી! તું છે ગિરૂઉ દેવ, મનવંછિત ફલ આપો ષેવ. ૧
આગેં કવિત્ત હવાં છે બહુ, તુઝ આધારેં બોલ્યા સહુ,
વિઘન હરો સ્વામી ગુણનાથ, બોલું હરિ! યશ દેયો હાથ. ૨
આદિ શક્તિ માતા ઇશ્વરી! આપો આઇ! બુધ્ય કરૂણા કરી
મહારા મનમાં સબલી હાંમ, કહિવા **અભિમન્યના** ગુણગ્રામ. ૩
**મહાભારથનો** અતિ વિસ્તાર, મુઝ મંદધી કિહાં લાભે પાર.
**દ્રોણપર્વ**માં છે એ કથા, સંક્ષેપ માત્રેં કહિશું યથા. ૪
તે માટિ મા કરો પસાય, યમ એ ગ્રંથ સંપૂરણ થાય,
**જન્મજેરાય** વાંણી વદે, સાંભલો **વૈશંપાયન** ઋદે. ૫
સ્વામી ચક્રવ્યૂહ ગઢ જેહ, કેહી પરેં **અભિમન્ય** ચઢચો તેહ,
**પારથને** પુત્ર વલ્લભ ઘણો, ભાણેજ **હરીનેં** પોતા તણો. ૬
તે શ્યા માટે મરાવ્યો **હરી**, તે કારણ મુનેં કહો ત્રિસ્તરી,
કવણ વૈર હુતો તે સાથ્ય, આદ્ય અંતની કહિયો વાત. ૭

**અંત –** પછિ હર્ષ પામ્યા સવ વીર, **કૃષ્ણેં** તેહનેં દીધી ધીર,
એહ કથા સંપૂરણ કીધી, બુધ્ય સાર સંક્ષેપેં લીધી. ૧૯
સંવત **સતર આઠ** જ વર્ષે, **અશ્વન** માસ ઉત્તમ કૃષ્ણપક્ષે,
તિથિ દ્વિતીયા નિ શુક્રવાર, સ્વાતિ નક્ષત્ર તે દિન સાર. ૨૦
શાકે **પનર ચૌદોત્તરે(? ચુમોતરે)** લીધુ, **અશ્વન** માસમાં સંપૂરણ કીધું,
એ આખ્યાન સુણિ જે કોઇ, પાતિક તેહનાં પ્રક્ષય હોય. ૨૧
કવિના કુલ **બંધારા** માહિં, હરિ આધારેં બોલ્યો ત્યાંહિ,
છિ **ગુર્જ્જર** ખંડ માંહિ વાસ, **ભૃગુકછ** એ **નર્બદા**નિ પાસે. ૨૨
**જન તાપી** કહિ બોલ્યું જેહ, હરિ સમર્પણ કીધું તેહ. ૨૩

(૧) કડવાં ૨૨ ઇતિ અભિમન્ય કથા સમાપ્તઃ. સંવત ૧૭૫૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ષે અશ્વન વદિ ૧૦ દિને લિ. ઉદયરત્નેન અમરાવતી મધ્યે શ્રી. મારી પાસે. (જુઓ ગૂ. હાથપ્રતોની સંકલિત યાદી પૃ.૪૦ તથા ક. દલપતરામ હ.પુ.સૂચિ પૃ.૭૬, ૭૭, ૮૩, ૯૧, ૧૩૫, ૧૪૧, ૧૯૪, ૨૨૬ ને ૨૩૨.) [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૧૨, ૪૯૬).]

પ્રકાશિત: ૧. સંપા. મંજુલાલ મજમુદાર. ૨. પ્રાચીન કાવ્યસુધા ભા.૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૨-૭૩. 'જન' એટલે ભક્તજન. એ માત્ર વિશેષણરૂપ શબ્દ છે, તેથી કવિનું નામ 'તાપીદાસ' જ બરાબર છે. પ્રથમ આવૃત્તિમાં કૃતિશીર્ષક સાથે શકસંવત પરત્વે '? ૧૫૩૪'નો તર્ક કરેલો તે છાપભૂલ જ હશે. '૧૫૭૪'નો તર્ક, પછી, નીચે કર્યો છે, જે યોગ્ય છે.]

## ૬૨. સુંદરદાસ બાબા

દાદૂ દયાલના અનુયાયી ખંડેલવાલ વણિક. જુઓ 'કવિતાકૌમુદી' ભા.૧ પૃ.૩૩૯, 'મિશ્રબંધુવિનોદ' પૃ.૪૦૩, સુંદરસાર – મનોરંજન પુસ્તકમાલા ૨૫.

(૬૬) + **જ્ઞાનસમુદ્ર** (હિન્દી) ર.સં.૧૭૧૦ ભા.શુ.૧૧ ગુરુ

(૧) પ.સં.૨૮, જિ.ચા. પો.૮૬ નં.૨૩૯૬. [ડિકૅટલૉગભીજે ભા.૧ (પૃ.૪૩૨).]

પ્રકાશિત: ૧. સુંદરસાર, મનોરંજન પુસ્તકમાલા ૨૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૩.]

## ૬૩. ખેડિયા જગા–જગોજી

'મિશ્રબંધુવિનોદ' પૃ.૪૬૧ મુજબ નં.૪૦૪ જગોજી, ગ્રંથ – રત્નમહેશ દાસોત વચનિકા, રચનાકાલ – સં.૧૭૧૫, વિવરણ – ગદ્યકાર.

(૬૭) [+] **રાઠોડ રતન મહેસ દાસોતરી વચનિકા** (ચારણી ભાષામાં) ર.સં.૧૭૧૫

**આદિ**– શ્રી ગણેશાય નમઃ. અથ રાઠોડ રતન મહેસદાસોતરી
વચનિકા લિખ્યતેઃ ખેડિયા જગારી કહી અથ પ્રથ(મ) ગાહાઃ.
ગણપતિ ગુણે ગહિરં, ગુણગ્રાહક દાનગુણ દેયણં
સિદ્ધિ રિદ્ધિ સુબુધિ સધીરં, સુડાલા દેવ સુપ્રસનં. ૧

કવિત

સમરિ વિસન સિવ સગતિ, સિધદાતા સરસતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખાણું કિમધજ, પ્રુહવિરાજા છત્રપતિ
બલ જિહાં ચક્કવે, હુવા જિણ વંસ નરેસર
ખ્યાગ ત્યાગ સોભાગ વંસ છત્રીસ તણા ગુરૂ
ગજરાજ દીયણ ભાંજણ ગજાં, ઉભૈ બિરૂદ હા ઉદ્ધરે
કુણ ભાંણુ ઘરે પ્રગટયો કમધ, રતનમલ્લ રિણુમલ્લ રે. ૨
દલપતિ ઉદયાસંઘ, મલ્લ ગંગેવ માહાબલ
વાઘા સુજાં જોધ, કમંધ રણમાલ અલંકલ
ચૌંડા વીરમ સલષ, સાષ તેરહ ઉજવાલા
છાડા તીડા છાત્ર, હુઆ કમધજ હથાલા
હીંદૂઆણ તિલક હિંદૂવીડદ, ધૂહડ આસાસીહ ધન
તો પાટ અછે મહિસતન રૂપ ભૂપ એના રતન. ૩

છંદ હણુફાલ.

રહ રાણ ભાંણ રતન્ન, કરતવ્વ ભારથ
નરનાર જે મુષ નીર, ગહવંત જ્ઞાન ગહીત
સસમાથ સુરસકજ, ગજદિયણ ભાજણ ગજ
પિત માત તારણ પષ, સિંગાર તેરહ સાષ. ૪

અથ છંદ ત્રોટક.

ગુરૂદેવ સુમતિ સમાધિ ગણં, ભૂવપતિ ય જેમ રતન્ન ભણે
પતિ જાસ મહેસ નરેસદિરં, ગઢ વેઢલીયો જિણે દેવગિરં. ૫
બલસાહ તણો ગ્રહિ ષાગછરા, ધૂંસે ચઢિ લીધ બલક ધરા
સંનમાન કરે સુરતાંણ સઇ, જાલોર પટે ગઢ દીધ જઇ. ૬
કવિયાં દલ તંડલ જેણ કીયા, દિન સાસણ લાખ ગજેંદ દીયા
કમધજ કણે ગિરરાજ કરૈ, વિધ એણ ગયો સુગ કી તવરૈ. ૭
તિણ પાટ રતન મહેસ તણે, ઘણ થાટ લીયા તપ તેજ ઘણે
મલરાવ જિહાં જગ આપમલા, ભુજ પુજ્યૈ સાહિજહાન ભલા.૮

અથ દૂહા

જીવતિ મૃત હુવે સાહિજિહાં, દિલી વે સુરતાંણ
રાતિદિહ અંદર રહે, નર મંડે દીવાંણુ. ૯

અંત — ગાહા દૂમેલ

ઇમ અંગ હોમ વિમાંણુ આઇ, આગૈ સુરત્રીયા સામી આઇ
કરિ બહુ કૌડિ પુહ પવરષા કરિ, સામમિલણ ચાલી સઝી સુંદર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથ વચનકા. તિણ વેલા ગૈબરી આકાસવાણી હુઇ. કહીયૌ માહારાજારૈણું સાહિબ વધાઇ વધાઇ. અગનિસનાન કરી સતીહી આઇ. બ્રહ્મા વિસનુ મહેસ ઇંદ સુર સાથ સુરત્રીયાનુ કહીયો. માહાસતીયાં સાહ મેહોજા સાવત્રી સુમયાં શ્રીયાં આગૈ સામ્હી આઇ; સુંદર મંદર લેનેં વધાઇ. ૧

હૂઆ ધવલમંગલ હરષ, વધાઇબા નેહ નવલ્લ;
સુર રતન સતીયાં સરસ, મિલ્લિયા જાઇ મહલ્લ. ૨

ઓ સુર નર પુર ઉધરે, વૈકુંઠ કીધા વાસ
રાજા રયણાયર તણૌ, જુમિ અવિચલ જસવાસ. ૩

પષ વૈસાષહ તિથિ નવમ, પનરોત્તરૈ વરસ
વાર શુક્ર લડીઆ વદહ, હીદૂ તુરક બહસ. ૪

જોડે ભણે ખિડીયા જગો, રાસો રતન રસાલ
સુરાપુરાં સાંભલો, ભટ મોટા ભૂપાલ. ૫

હલીરાઉ વાકા, ઉજેણીરા સાકા
ચ્યાર જુગ રહસી, કવી વાત કહસી. ૬

—ઇતિશ્રી રતનસી મહેસ દાસોત્તરા રાઠોડરી વચનકા સંપૂર્ણ.

(૧) સંવત ૧૮૧૪ વર્ષે શાકે ૧૬૭૯ પ્રવર્તમાને શ્રી શ્રાવણમાસે કૃષ્ણ પખ્યે ૧ પ્રતિપદા તિથૌ રવિવાસરે. શ્રી કછદેસે નલીનપૂરે શ્રી અંચલગચ્છે પંડિત શ્રી હીપસાગરજી તત્સીષ્ય પં. શ્રી ૫ વિજેસાગરજી તતસીષ્ય મુનિશ્રી ૫ પ્રીતસાગરજી તત્સીષ્ય મુનિશ્રી વવેકસાગર સીષ્ય દયાસાગર તથા રંગસાગર તથા ચતુરસાગર સહીતેણ મુની વિવેકાખ્યેણ લષીતં. સ્વઆત્માર્થેઃ. ૧. ૫.સં.૧૩-૧૫, મ.જૈ.વિ. નં.૨૫૩. [રાહસૂચી ભા.૧.]

[પ્રકાશિત : ૧. ઇન્ડિયન એન્ટિકવેરી, ૧૯૧૭.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૩-૭૬.]

## ૬૪. પ્રેમાનંદ

(૬૮) + **સુદામા ચરિત્ર** ૧૪ કડવાં ૨.સં.૧૭૩૮ શ્રા.શુ.૩ ભૃગુવાર

**અંત –** કડવાં ૧૪. રાગ ધન્યાસી

નીજ મંદીર સુદાંમોજી ગયા, તતક્ષેણ રૂપે હરી રાખા થયા
દંભતી સોભે આએ મંને ભરાં, શ્રી હરીએ દુખ દોહેલાં હરાં. ૧

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદાધન્ન અગ્નીહોત્ર હોમે, રાખે અંતર હરી મન ધાંન
સાલા ન મુકે ને ભગ્તી ન ચુકે, માહા વૈષ્ણુવ રૂખી ભગવાન. ૧૦
જે **સુદાંમા** ચરીત્ર શાંભલે, તેહેનાં દાલીદ્ર દોહેલાં જાએ
જનમદુખ વાંમે ને મુગ્તી પાંમે, મલે **માધવરાએ**. ૧૧
છે વીરક્ષેત્ર **વડોદરૂ**, **ગુજરાત** મધે ગામ
**ચતુરવંશી** ગ્નાત બ્રાંહ્મણ, કવી **પ્રેમાનંદ** નામ. ૧૨
સંવત **સતર આડત્રીસા** વરખે, સાવણ સુદી નીધાન
તીથી ત્રીતીએ ભ્રગુવારે, પદબંધ કરૂ આખ્યાંન. ૧૩
ઉદર નીમત કરી સેવું ગાંમ **નંદરબાર**
**નીદીપરા** માંહાં કથા કીધી, જથા બુધી અનુસાર. ૧૪

વલણ

બુધીમાંને કથા કરી, કરનારે કથા લીલા કરી
ભટ **પ્રેમાનંદ** નાંમ મીથ્યા, શ્રોતાજંન બોલો શ્રીહરિ.

—કડવાં ૧૪. ઇતીશ્રી સુદાંમા ચરીત્ર સંપૂરણ લખુ છે.

(૧) જેહવી પરત હુતી તેહેવૂ ઉતારૂ છે. લખનારાને દોસ નહી. સંવત ૧૭૯૮નાં વરખે ભાદરવા વદ ૬ વાર બુધવારે શંપુરણ લખુ છે. ખોટ વદ્ધ અક્ષર તપાસી વાંચજો. લખનાર અધારૂ ગોવંદરાંમ નારણજીએ લખુ છે. ૪. અપૂર્ણ, છઠ્ઠા કડવાથી શરૂ, ચોપડો, દે.લા. [આલિસ્ટઑઇ ભા.૨, ગૂહાયાદી, ડિકૅટલૉગબીજે ભા.૧ (પૃ.૪૦-૪૪), ડિકૅટલૉગભાવિ.]

[પ્રકાશિત : ૧. બૃહત્ કાવ્યદોહન ભા.૧. ૨.સંપા. મગનભાઈ દેસાઈ. ૩. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ભા.૧ તથા અન્યત્ર.]

**(૬૯) + અભિમન્યુ આખ્યાન** (ર.સં.૧૭૨૭)

**આદિ** –

*

કડવું ૯.

પુરવે પીતા જે તાહરો હુતો, તેણે જીતા સુપરતી વાર
સંજીવનીવીદ્યા માહારે પાસે, તાહારે માથે રાજનો ભાર. માઆ. ૮
**સુકાચારજ** તાં નામ માહારૂ, હુંથી કાલ પામે બીક
જીરણ થઓ જજમાંન મરતે, આજ ઘેરઘેર માગુ ભીખ. માઆ.૯

**અંત** – કડવું ૫૨.

**અરજુન** પુત્રને ઘણું વલવલે, તથી **ત્રીકમ** બમણું રડે
**દ્રુપદ** રાએ આશવાશનાં કરી, રોએ **કુએર** નહી આવે ફરી. ૧

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ

ફરી ન આવે રૂદન કીધે, પછે નાહા **અરજુન** ને વીસ્ત્રાધાર
સાવચીત થઈ સીવસાચીએ, **ભીમને** પુછે સમાચાર. ૨
કેમ પડીઓ પુત્ર માહારો? કુલ બોલુ કે તારૂ?
નાહાસતાં મુઓ કે નાંમ બોલુ, કે કોણે મારીઓ? ૩

*

**પારથ** પ્રતે બોલઆ રે, અશરણાં તે શરણ
જો મસ્તક પડસે હેઠુ તો, તાહારૂ પડસે ધરણ. ૨૩
**પારથે** સીસ ઉરાડીઉ તે, ગઉ **ગંગા** માંહે
સાધ કરતો હુતો **જેદ્રથ**નો પીતા, તેહનું નામ **વેહદ્રથ** રાય. ૨૪
દીકરાનુ મસ્તક દેખી, બાંણ રૂદઆ વાણુ
હાથે પડુ મેહેલતાં પડુ, પોતાનુ સાથે લાગું. ૨૫
વરદાન માગુ **શીવ** કને તે........

(૧) અપૂર્ણ, કડવા ૯ની આઠમી કડીથી કડવા ૧૨ની ૨૫મી કડી સુધી, સં.૧૭૯૮માં લખેલ ઉપરની કૃતિવાળો ચોપડો – એ જ અક્ષરમાં. [આલિસ્ટઑઇ ભા.૨, ગૂહાયાદી, ડિકૅટલૉગબીજે ભા.૧ (પૃ.૨૨-૨૪), ડિકૅટલૉગભાવિ.]

[પ્રકાશિત: ૧. બૃહત્ કાવ્યદોહન ભા.૨. ૨. પ્રેમાનંદનાં ત્રણ આખ્યાન. ૩. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ભા.૧ તથા અન્યત્ર.]

**(૭૦) + નરસિંહ મહેતાનું મામેરું** [અથવા **કુંવરબાઈનું મામેરું** કે **મોસાળું**] ૨૮૨ કડી ર.સં.૧૭૨૮ આસો શુ.૯ રવિ

બૃ.કા.દો.માં રચનાકાલ સં.૧૭૩૭ ભા.વ.૩ ગુરુ જણાવેલ છે.

**આદિ** – શ્રી ગણેસાય નંમઃ. મતા નરસઇનું મામેરું લખ્યૂ છે,

ચોપૈ.

શ્રી ગુરૂ **ગણપત ને સારદા**, સમરૂં તે સૂષદાયક સદા,
મન મુદે માંમેરૂં **મેતા** તણું, પ્રષણુ થાયો તો હુંઅ જ ભણૂં. ૧

રાગ રાંમગ્રી. ઢાલ.

માંમેરૂં **મેંતા** તણું પદબંધ કરવા આસ,
**નરસીંહ મેંતો નાગર** બ્રાહ્મણ **જુનાગઢ**માં વાસ. ૧
ભાભીએં દુષ્ટ વચન કહ્યું, **મેંતાજી થેઆ** ઉદાસ
પરીત્યાગ કીધો ઘર તણો, મેંતો તે ગેઆ વનવાસ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક દેરૂં ડીઠું વંન વીષેં, અપૂજ્ય સવનું લંગ
તેની નરસઇ મેંતેં પૂજા કીધી, અંતર માંહિ આનંદ. ૩
અપવાસ સાત મેંતે કરા તાં, તારે રીઝાં શ્રી માહાદેવ,
કમલની પરેં વદન વકસી, પ્રભૂ પ્રગટ્યા તતષેવ. ૪

**અંત –** જુનેંગઢ મેતાજી આવ્યા, સમરે તે શ્રી ગોપાળજી,
વીરક્ષેત્ર વડોદરા કહાવે, ગુજરાત મધે ગામજી. ૨૭૯
ચતુરવંસી સા(ન્નાા)તી વૃદ્ધાંમણ, કહે તે પરમાનંદજી,
સંવત ૧૭૨૮ વીસે, આસુ સુદ નોમ રવીવારેજી. ૨૮૦
પુરણ ગ્રંથ થઓ તે દિવસે, કહુ તે બુધ પ્રકાસજી,
પ્રીત કરીને ગાએ સાંભલે, પાતક તેહનાં જાએજી. ૨૮૧
કહે પરમાણંદ પરમેશ્વર સુ, રાષો તો રદયમાં ધ્યાનજી
અવીચલ પદ આપે નારાયણ, નામે નવે નિધાનજી. ૨૮૨
—ઇતિ મેતા નરશાઇનો મામેરો સમાપ્ત.

(૧) શ્રી ધમડકે લષ્યુ છે સહી. પ.સં.૧૨–૧૬, મ.જૈ.વિ. નં.૧૧૪. [આલિસ્ટઑઇ ભા.૨, ગૂહાયાદી, ડિકૅટલૉગબીજે ભા.૧ (પૃ.૩૨–૩૮), ડિકૅટલૉગભાવિ, રાહસૂચી ભા.૧.]

[પ્રકાશિત : ૧. બૃહત્ કાવ્યદોહન ભા.૧. ૨. સંપા. મગનભાઈ દેસાઈ. ૩. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ભા.૧ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા ૩ પૃ.૨૧૭૬–૭૮. 'મામેરું'ના અંતભાગમાં 'પરમાનંદ' નામ મળે છે તે 'પ્રેમાનંદ'નું જ ભ્રષ્ટ રૂપ છે.]

## ૬૫. વૃંદ

ઔરંગજેબનો દરબારી કવિ, પછી તેના પૌત્ર અજીમુશ્શાન પાસે રહેતો હતો. જુઓ 'કવિતાકૌમુદી' ભા.૧ પૃ.૪૧૧ તથા 'મિશ્રબંધુવિનોદ' પૃ.૪૯૫.

**(૭૧) + સતસૈયા** અથવા **વૃન્દવિનોદ** ર.સં.૧૭૬૧ કા.શુ.૭ સોમ ઢાકામાં

**અંત –** સંવત શશિ રસ વાર શશિ, કાતિ શુદિ શશિવાર.
સાતેં ઢાકા સહરમેં, ઉપજ્યો યહ વિચાર.

(૧) સં.૧૮૨૨રા મહા વદિ ૩ દિને ચંદ્રવારે લિષતં પં. ચારિત્રોદયમુનિ ભ્રાતૃ પં. માંણિક્યોદય મુનિ સહિતેન શ્રી વાલોતરા મધ્યે ચતુર્માશી ચક્રે. પ.સં.૧૭, અનંત.ભં.

[પ્રકાશિત : ૧. વૃન્દ ગ્રંથાવલી, સંપા. જનાર્દનરાવ ચેલેર.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૯.]

## ૬૬. લાસકુંઅર

'બિલ્હણચરિત'ના કર્તા તરીકે લાસ નામના વિપ્ર કવિનો ઉલ્લેખ અગાઉ નં.૧૫ના દલ્હ કવિએ કર્યો છે (પૃ.૪૯૭) તે અને આ લાસકુંઅર બંને જુદા જણાય છે.

**(૭૨) ભાગવત કથા** કડી ૧૦૦ લ.સં.૧૭૬૮ પહેલાં

**આદિ –** શ્રી ગણેશાય નમ:.

**સરસતી** સામણ વીનવું, **ગણપત** લાગું સું પાય રે
બાવના ચંદન અરઘીયૈ, સીસા ગડદા માઇ રે
બે કર જોડી વીનવું, માંગૂં છું અવચલ વાણ રે
દસમ કથાની હૂં કહૂં, જેતૂં જુગતો જાંણુ રે
ત્રિસ્તર ચીરોદક ઝલકલૈ, વયણા પુસ્તક હાથ રે
**સરસતી** માય કૃપા કરો, મુઝ વાંણી આલો છો માય રે
રિષ બૈઠા છે વનનૈ, આલ્યા મનનૈ દીધા માંણ
આલ્યા અમનૈ દીધા દાંન, કાંઈ સંભલાવો અમ સરીષો કાંમ
આજ સબી દિને સાર
કાટૈ ઘાલ્યો મૂઓ સાપ, પુત્રૈ આવૈ દીધો સરાપ
કુણૈ દૂહવ્યો મારો તાત, તણૈ ષાજો ત્રાસગ નાગ.

(આમ પ્રવાહમાં કથા ચાલી જાય છે)

*

**વાસુદેવ નંદનૈ** જાઇનૈ મિલ્યા, આષ તિણા તે આંસૂ પડચા
કુશલ તણા તિહાં પૂછી વાત, તુમે ઉઠે ચાલો પરભાત
જલ વિણી માછડી ટલવલૈ, ભરતાર વિણી નારી રડવડૈ
દૈ ૮૨મ વિઘા વલી, સેસે સણ માડચો સાસ્ત્ર ભણી
દૈ રો તું જોરાસણ જાય, થે જોવતાં થઈ ન અપાર
હૈક કીધો છે દંત જ હીણ, હૈક કીયો છે નિકજ હીણ
એક તણા વિરૂટા બાંણ,
વલૈ છૂટા નાઠા જાય, એક ઉડીને પૂછૈ ધાય
વિલતા બોલ્યા વચને રે હરી,
**ઉધવ** ઉપદેસે આવૈ સાંભલ આયો રે અકરૂડ કાલ
મલૈ ચઢીન જોઇયો **કંસ** તણૈ મન કાલ ગરભાવાસ તણું અવતાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આલ્યા મન નૈ દીધાં નામ, આલ્યા અન નૈ દીધા દાંન
આલ્યા હસતી ઘોડા સાર, મણિ માણુકનૈ પાર ન પાર
શ્રી **ભાગવત કથા** મુખ પાઠૈં ભણે, સાંભલસી નરનારિ
કવિ **લાસકુંયર** ઈમ ભણે, એકસો સલોકા માંહિ.

—ઇતિશ્રી ભાગવત કથા સ્કંદ પુરાણે સંપૂર્ણઃ.

(૧) સંવત્ ૧૭૬૮ વર્ષે વૈસાખ સુદિ ૧૩ દિને પં. **અમૃતપ્રભ** લિપીકૃતં. પ.સં.પ, પ.ક્ર.૧થી ૨, પછી અગાઉ મૂકેલી સૂર (?)કૃત **'ભમરગીતા'** છે, મારી પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૯-૮૦.]

## ૬૭. ચતુર્ભુજ[દાસ]

કાયસ્થ નેગમ કુલ નાથાસુત ભૈયારામનો પુત્ર.

(૭૩) [+] **મધુમાલતીરી વાર્તા** [અથવા **ચોપાઈ, કથા, બાત**] અથવા **મધુકુમાર માલતીકુમારી ચરિત્ર** (હિંદી) કડી ૮૮૯/૧૪૪૭ લ.સં.૧૭૮૫ પહેલાં

'મિશ્રબંધુવિનોદ' નં.૧૦૨૨(૨) પૃ.૮૧૭માં રચનાકાલ ૧૮૨૭ની પૂર્વે મૂકે છે; પરંતુ આની પ્રત ઉપર પ્રમાણે સં.૧૭૮૫ની મળે છે એટલે તેની પૂર્વે રચનાકાલ હોવો ઘટે.

JAINSITE.com
જૈન સાહિત્ય
જૈનમ્ જયતિ શાસનમ્

**આદિ** – શ્રી ગણેશાય નમઃ. અથ મધૂમાલતીકી ચૌપઇ લિખ્યતે.

વિધવિધ તાકૈ વર પાઉં, સંકરસુત **ગણેશ** મનાઉં
ચાતુર સૈતરિ સહિત રિઝાઉં, **રસમાલતી** મનોહર ગાઉં. ૧
**લીલાવતી** લલિત એક દેસા, **ચંદ્રસેન** તિહાં સુભટ નરેસા
સુભગ ધામ તહાં ગગનિ પ્રવેશા, માનુ મંદર તે મહેસા. ૨
વસૈ નયર યોજન ચ્યારૈ, ચોરાસી ચોહટા મઝારે
અતિ વિચિત્ર દીસૈ નરનારી, લસૈ તિલક તિહું લોક મઝારી. ૩
ચઢૈ સહસ દસ સગ સરિસા, કરૈ સેવ નૃપકુલહ છત્રીસા
અતિ મૈ મત્ત કુંજર ઘણુ રીસા, **ચંદ્રસેન** તિહાં તપૈ નરેસા. ૪

સોરઠા

હૈ દલ અંત ન પાર, કુંજર કાલૈં મેઘ જ્યૂં
કુલી છત્રીસ હજાર, ચઢૈ સાથ નૃપ છંદ કૌ. ૫

(અન્ય પ્રતમાં)

**સરસતિ** નામ લેય કવિ, કરિ **ગનપતિ** જુહાર

કવિજન સાચે અક્ષરે, કહે **મધુમાલતિ** સાર. ૧
સકલ બુદ્ધિ દિયે **સરસતિ**, વંદૂ ગુરૂકે પાય
**મધુમાલતિ વિલાસકૌં**, કહત **ચત્તુભુજ** રાય. ૨

અંત – કવીસ્વરોવાચ
**કાયથ નેગમ** કુલયં હૈ **નાથાસુત ભઈયારામ**
તનહ **ચતુરભુજ** તાસકે, કથા પ્રકાસી તામ. ૮૭૯
અલપ બુધિ ધેઠો દઇ, કમ પ્રબંધ પ્રકાસ
કવિયન સો કરિ જોડિ હૈ, કહૈ **ચતુરભુજદાસ.** ૮૮૦
વનસપતીમૌં અંબફલ, વ(દ)રસમૈ ઉપજત સંત
કથા માહિ **મધુમાલતી**, ૭ રે(ઋ)તુ માહિ વસંત. ૮૮૧
લતા માહિ પંનગલતા, સૌંધોમેં ઘનસાર
કથા માહિ **મધુમાલતી**, આભૂષણમૈં હાર. ૮૮૨

ચોપઇ
રામનીત...કીયા સાખી, **પંચાખ્યાન** બુધિ એ ભાખી,
**ચાણુકય** ચાતુરી બતાઈ, થોરી થોરી સબહી આઇ. ૮૮૩
કુનિ વ્રસંતરાજ રસ ગાવૈ, જામૈ **હંસર** કામ દઝાવૈ
તાકી ઈહ લીલા વિસ્તારી, રસ કનિ(વિ)રસ શ્રવણ સુખકારી. ૮૮૪
રસ હોય સુ નવરસ ચાહૈ, અધમ પુરૂષ **આગમ** આગાહૈ
ચાતુર પુરૂસ હોય યહ સોઈ, ઈય રસકલા સમઝિ લૈ કોઈ. ૮૮૫
**કૃષ્ણદેવકો** પુત્ર કહાવૈ, **મહવનિ કામ** અંસ મધુ ગાવૈ
પુત્ર કલત્ર સબૈ સુખ પાવૈ, દુખ દાલિદ તનુ રોગ ન આવૈ. ૮૮૬

શ્લોક
કામાર્થં લભ્યતે કામં નિર્ધનો ધન પ્રાપ્યતે
અપુત્રો લભ્યતે પુત્રં વ્યાધં તસ્ય ન પીડ્યતે. ૮૮૭

દોહરા
રાજા પઢૈ સુરાજગતિ, મંત્રી પઢૈ સબુદ્ધિ
કામી કામિનિ સરસં, ગ્યાની ગ્યાન પ્રસિધિ. ૮૮૮
સંપૂરણ **મધુમાલતી**, કલસ ચઢે સંપૂર
શ્રોતાવક્તા સબનંકું, સુખદાયક દુખ દૂર. ૮૮૯

(૧) ઇતિશ્રી મધુમાલતી સંપૂર્ણમ્. પ.સં.૨૩, અનંત.ભં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(એક બીજી પ્રતમાં કુલ ૧૪૪૭ કડીઓ છે, કૃતિનું નામ 'મધુમાલતી કથા' ઉપરાંત 'મધુકુમર માલતિ કુમરિ ચરિત્ર' આપેલું છે. આગળની પ્રતમાં છેલ્લો ૮૮૯મો દુહો છે તેનો નંબર આ પ્રતમાં ૧૪૪૬ છે ને પછી નીચેનો દુહો છે :)

એહ ક્રોધ ભાવે ધરી, સુને **મધુમાલતિ વિલાશ**
તા ઘેર કમલા થિર રહે, હરિ શંકર પુરે આસ. ૧૪૪૭

(૨) શ્રી ૫ ચતુભુજ ભક્ત વિરચીત શ્રી મધુચરિત્ર સંપૂર્ણ સંવત ૧૮૮૯ના વર્ષે શાકે ૧૭૫૫ પ્રવર્ત્તમાંન્યે શ્રી માર્શોત્તમ માસે પુંન્ય પવિત્ર માસ શ્રી માર્ગસીર્ષ માસ્યે પુ. કૃષ્ણપક્ષે શ્રી એકાદશી ૧૧ તિથૌ શ્રી ભોમવાસરે. પેથાપુર નગ્રેતા શ્રી ખ્યત્રી જ્ઞાતિય ઠકર શ્રી ૫ કાહાંનજી તસ્ય સ્ત્રી શીલાવસત્યલંકારધારણી જયકારણી પતિવ્રતાવ્રતપાલન બાઇ હરષ કુખ્યે શુભમાસે શુભપક્ષે શુભદિને શુભવારે શુભનખ્યત્ર શુભયોગે તાક્ય પુત્ર પ્રસુતં. તસ્ય નામઃ ઠકુર શ્રી ૫ ગંગારામ. તસ્ય પઠનાર્થ. પ.સં. ૯૦, તેમાં ઘણાં દર્શનીય ચિત્રો છે, એક ચોપડીના આકારમાં, ગો.ના. (૩) સં.૧૭૮૫ આ.વ.૧૩ શુક્ર કુડપા ગ્રામે ઋષિ વિરધીમન (વર્ધમાન) લિ. પ.સં.૨૩, દાન. પો.૧૩. (૪) સં.૧૭૯૧ જે.વ.૯ બાકરોદ મધ્યે પં. દુર્ગદાસ શિષ્ય જગરૂપ થાનસિંહ સહિત લિ. પ.સં.૨૬, કૃપા. પો.૪૫ નં.૭૮૨. [આલિસ્ટઑઇ ભા.૨, ડિકૅટેલૉગભીજે ભા.૧ (પૃ.૩૫૨), રાહ-સૂચી ભા.૧ તથા ૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪).]

[પ્રકાશિત : ૧. સંપા. માતાપ્રસાદ ગુપ્ત ]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૬૮-૭૦.]

## ૬૮. ચતુરંગ (ચારણ)

**(૭૪) કૃષ્ણ બારમાસ** ૧૪ કડી લ.સં.૧૭૯૧ પહેલાં

**આદિ** – પ્યારો પ્યારો કરતી, માહરાં નયણાં નીંદ ન પડતાં
ખાસી દાસી હો રામ તુમારી, તમે કરજ્યો ખબર હમારી
હો રામ પ્યારો પ્યારો કરતી. ૧

સખી ચૈત્ર મહીને ચાલ્યા, **ગોવિંદજી દ્વારિકા** માલ્યા
જેહને સોલ સહસ વ્રજનારી, **રાધાજી** અધિક પીયારી
હો રામ પ્યારો પ્યારો કરતી. ૨

**અંત** – સખી આયા રે માસ જ ફાગુણ, **કેશવરાયજી** બેઠા આંગણ
ઉડત હે અબીર ગુલાલા, ખેલત હે **નંદજી**કા ગુઆલા. હો રામ.૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અરે હાં **ચતુરંગા ચારણ,** પ્રભુ તીન લોક ભવતારણ
**જેણે** બારહ માસો ગાયો, **શ્રીરંગને** આપ સુણાયો. હો રામ.૧૪
—ઇતિશ્રી કૃષ્ણ બારમાસા **સંપૂર્ણ.**
(૧) સંવત્ ૧૭૭૭ આસુ વદ, ગુટકો, પાલણપુર ભં. ?
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૩.]

## ૬૯. જીવો

**(૭૫) રાધાકૃષ્ણના બારમાસ** ૧૩ કડી

**આદિ –** સખિ આવિલો કારતક માસ પ્રભૂ ઘર આવિયા
મેં તો કીધલો સોલ સણગાર વાલો મન ભાવિયા
જી રે આભૂષણ સારા અંગ કે વાલા ઓપતાં
મેં પેર્યાં નવરંગ ચીર કે સારાં શોભતાં.
એજી રે માથાની ગુંથી વેણુ કે ફુલે બસબસી
**રાધા** ચોલી પેરી અંગ કે તાણી કસકસી.
જી રે નાકે સમાર્યો મોર કે મસ્તક રાખડી
**રાધા** સેંથે ભરી રે સીંદુર કે અંજન આંખડી. ૧

**અંત –** એમ કરંત વિલાસ આસો માસ આવીયો
કે **રાધા** કુંકમ કેસર ગાર કે ચંદન સણગારિયો
એજી રે મોતીયે પુરિયો ચોક કે ચઉદસે દીપક કરે
એજી રે સેજે પધારો મહારાજ પ્રેમે સેવા કરે. ૧૨
**રાધાકૃષ્ણ** તણા **બારેમાસ** ગાયે ને સાંભલે
તેહને આવાગમન ન હોઇ કે ફેરો ભવનો ટલે
જી રે મન રાખે વીસવાસ વાલો તેહને મલે
પ્રભુ રાખો ચરણનિવાસ **જીવો** વિનતિ કરે. ૧૩

(૧) પાલણપુર ભં. (?) [ડિકેટલોગબીજે ભા.૧ (પૃ.૫૨૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૪. ત્યાં 'જીવણદાસ' એ વૈકલ્પિક કર્તાનામ આપવામાં આવેલું તથા "સં.૧૭૯૮ લગભગ હયાત, ધોળકાનો સાધુ" એવી ઓળખ આપવામાં આવેલી. આ બધું ગૂહાયાદી (પૃ.૪૨) તથા કદહસૂચિ પૃ.૧૮૪ નં.૬૨૭અ-ને આધારે કરવામાં આવેલું પરંતુ અહીં કૃતિમાં કર્તાનામ માત્ર 'જીવો' છે. એ ઉક્ત જીવણ-જીવણદાસ હોવાનું શક્ય જણાતું નથી. ગૂહાયાદીમાં પૃ.૪૩ પર 'જીવો'ને નામે 'બાર મહિના' છે. એ ઉપરનાં કર્તાકૃતિ હોવાનો સંભવ વધારે કહેવાય.]

JAINSITE जैन साईट .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૭૦. શામળદાસ–શામળ ભટ્ટ

કવિ શામળ ભટ્ટ સંબંધી જુઓ શ્રી અંબાલાલ બુ. જાનીથી સંપાદિત તે કવિની 'સિંહાસન બત્રીશી'ના ભાગોની પ્રસ્તાવના અને વડોદરા સાહિત્ય સભાથી પ્રકાશિત 'કવિ શામળ'. [કવિનો રચનાકાલ સં.૧૭૭૪થી ૧૮૨૧ પ્રાપ્ત થાય છે.]

**(૭૬) + પંચદંડ ચોપાઈ** [અથવા **વાર્તા**] કડી ૫૯૭

(૧) પદસંખ્યા ૫૯૭, સંવત ૧૯(૦)૮ના વર્ષે વઈસાખ્ય વદ ૭૮ વાર સુજે લખીતંગ ઠાકોર ફૂલા હર્ષચંદ. જે વાચે તેહને હમારા જનાય નમઃ છે. શ્રી શ્રી. પ.સં.૨૭–૧૪, જશ.સં. [ગૂહાયાદી, ડિકેટલૉગભાવિ.]

[પ્રકાશિત : ૧. સંપા. મંજુલાલ મજમુદાર.]

**(૭૭) + નંદ આખ્યાન** [અથવા **નંદબત્રીશી**] ૫૦૪ કડી

(૧) લિ. મુનિ વીરવિજયજી ગામ નારિચાણુ ધાંગધા પાસેનાં લખો છે. રામવિજયજી સંવત ૧૯ સાતના વરષે શ્રાવણ શુદ અગીયારસ વાર ગુરૂ સંપૂરણ. પ.સં.૪૦, એક ગુટકા જેવી ચોપડીમાં, ડાહ્યાભાઈ શેઠ પાસે, ખેડામાં. [આલિસ્ટઑઇ ભા.૨, ગૂહાયાદી, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૫).]

[પ્રકાશિત : ૧. સંપા. હીરાલાલ વ્ર. શ્રોફ તથા જગજીવન દયાળજી મોદી. ૨. સંપા. ઇંદિરા મરચંટ તથા રમેશ જાની.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૭૮–૭૯.]

# વિક્રમ ઓગણીસમી સદી

## ૭૧. હરદાસ

**(૭૮) ભંગીપુરાણ** (મિશ્રભાષા) ૩૩૪ કડી લ.સં.૧૮૦૧ પહેલાં

**આદિ –**　　અથ ભંગીપૂરાણ લિખ્યતે. ગાથા

પહિલો સરસ માત પ્રણુંમાં, પ્રણમુ તે સિર અક્ષર પરમાં
ભાજણ ભરમ ગુણેવી બ્રંમા, નમો હંસ ઉમયા દસનમાં.　૧

**અંત –** જપે હરદાસ દૂને કર જોડિ, કીયા અપરાધ અછિ મિ કોડિ
મહેસર માપ કરો મનમાઇં, પ્રભુજી રાષે તોરે પાયે.　૩૩૪

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

—ઇતિશ્રી ભંગીપૂરાંણ સંપૂર્ણ.

(૧) સંવત ૧૮૦૧ વર્ષે પોસ માસે કૃષ્ણપક્ષે તિથૌ ભૌમવાસરે લિષ્યતં સેવક જગનાથ ગ્રાંમ મહાહડ મધ્યે લષુ છે સહી. પ.સં.૧૩–૧૫, ઘોઘા ભં. દા.૧૪. [રાહસૂચી ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૪.]

## ૭૨. પ્રહ્લાદ

એક પ્રહ્લાદ નામના કવિનો રચનાકાલ સં.૧૭૩૦ એવો 'મિશ્રબંધુ-વિનોદ'માં નં.૪૬૭ ને પૃ.૫૦૩માં ઉલ્લેખ છે.

**(૭૯) વેતાલપચીસી** (હિંદીમાં) લ.સં.૧૮૦૭ પૂર્વે

(૧) સં.૧૮૭૭ કા.શુ. ભવાનીદાસ શિષ્ય હરચંદ લિ. પ.સં.૪૧, જિ.ચા. પો.૮૬ નં.૨૨૮૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૫.]

## ૭૩. અજ્ઞાત

**(૮૦) રૂપસેનની કથા** લ.સં.૧૮૦૮(?) પહેલાં

આદિ – ૐ નમઃ સિદ્ધ શ્રી અંબાજી સત્ય છે.

દૂહા રાગ રામગીરી

ગવરીપૂત્ર સમરૂં ગણુનાહ, વીરકથા મૂઝ કરો પસાઉ
નવતેરી નગરીનૂં રૂપ, રાજા રાજ કરે ગણભૂપ
ત્રણસઇ સાઠ અંતેવરી નાર, કરે રાજ રૂડે વીસ્તાર
પાષાણમઇ ગઢ પોલ પ્રકાર, જન્યમા પૂત્રે બે જ રૂડૂયે સાર
**રૂપસેન** નઇ **રૂપકુમાર**, રાજા નઈ મનિ હર્ષ અપાર.

અંત – આગઇ લાખી સીખાંમણ દીઇ, વડે વીસામો તા નવી દીયે.
**વધણીપૂર** પોતો તે રાયે, તવ વલીઆ નીસાંણે ઘાયે,
કવ્યતા કહે સોગ ઇમ ટલ્યાં, **રૂપસેન** માવીત્રાંનઇ મલ્યાં.

—ઇતિશ્રી રાજા રૂપસેનનો રાસ સંપૂર્ણ.

(૧) ગ્રંથાગ્રંથ ૧૨૧, સંવત ૧૦૮(?)ના પોસ વદ ૨ લખી. પ.સં. ૮–૯, પાલણપુર સંઘ ભં. દા.૪૬ નં.૧૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૫.]

## ૭૪. વસુ–વસ્તો (વિપ્ર)

**(૮૧) વિક્રમરાયચરિત્ર** કડી ૩૭૨ લ.સં.૧૮૨૫ પહેલાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આદિ** – શ્રી વર દિ વરદાયક સદા, ગજવદન ગુણગંભીર
એકદંત અયોનીસંભવ, સબલ સાહસધીર. ૧
સિત પત્રિકા સિંદુરિ, ચલભ મોદક આહાર
ગણનાયક પિહિલૂં વરણવૂં, **સિધિ બુધિનો** ભરતાર. ૨
**ગવરી**સુત ગિરૂઉ અસ્યો, આપિ અતિ મતિ આંણુ
સુરે અસુરિ માંનીઉ, જોઉ એણિ અહિનાંણુ. ૩
દિવ્ય વાંણી વેદ વિદ્યા, ગુણિક ગુપતા મર્મ
જે બ્રહ્મકુમારિકા, જે કહે પૂર્વ કર્મ. ૪
આગમ નિગમે આદે, ચંડિ તેહને અવતારિ
જે કવિત કવિજન ઉચરિ, તે દેવિ ! તમ આધારિ. ૫
**સરસતી** સાંમણિ વીનવૂં, બહુ કરિનિ પસાય
**ઉજેણી**નો રાજીઉ, વરણુ વિસિ **વીક્રમ**રાય. ૬
સ્વેત અંબર પંગરણ, હંસ વાહન માય
કવિ વિપ્ર **વસુ** એમ ભણિ, કર જોડી લાગૂ પાય. ૭
**અંત** – રાજા મનસિઉ ચીંતિ એમ, પાપ કીધિ નવી હોએ ખેમ
હસિઉ વિમાસિ **વિક્રમ** જિસિ, સુગુરૂ સાધ વલી મલીઆ તિસિ. ૩૬૯
ધાતુ તણા વચન સાંભલી, **વિક્રમ**નિ મનિ પૂગી રૂલી
આખેટક કર્યાનો લીધો નીમ, રાજાનિ ધરિ પુહુતી ષેમ. ૩૭૦
રાય **વિક્રમ** રાજા એમ કરિ, દુખીયા જિનનાં દાલિદ્ર હરે
એહ કથાનો એતલો છેહ, શ્રોતાજયો સર્વન્ય દેહ. ૩૭૧
એ **વિક્રમ**રાય તણો ચરિત્ર, ભણિ ગુણિ તસ પુન્ય પવિત્ર
કવિ **વસ્તો** કહિ કર જોડિ, **વિક્રમ** નાંમિ સંપદ કોડિ. ૩૭૨

(૧) ઇતિ વિક્રમરાયચરિત્રં રાજાશ્રી વિક્રમાદિત્ય પરકાયાપ્રવેશની કથા સંપૂર્ણં. સંવત ૧૮૨૫ વર્ષે ચૈત્ર વદિ ૩ શુક્રે શ્રી **બાડા** મધ્યે મુ. શ્રી ૫ **પદ્મચંદ્રજી**ગણિ શિષ્ય મુ. **ભાંણચંદ્રજી**ગણિ મુ. **ગુલાલચંદ્ર**ગણિ લિષિતં. શ્રીરસ્તુ. શ્રી. શ્રી. પ.સં.૧૩–૧૬, મ.જૈ.વિ. નં.૪૬૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૪૪–૪૫. ત્યાં આ કવિ વસુ તે આ પૂર્વના નં.૪૪ના વસુ કદાચ હોય એવો તર્ક કરેલો પરંતુ એ કવિ સ્પષ્ટ રીતે 'વાસુ' છે, ત્યારે આ કવિ 'વસુ' ('વસ્તુ'ને સ્થાને થયેલો લેખનદોષ હોઈ શકે) કે 'વસ્તો' છે. આ કવિ પોતાને વિપ્ર તરીકે પણ ઓળખાવે છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આ કવિની કૃતિની ભાષા વધારે મોડા સમયની જણાય છે. તેથી બંને કવિને એક ગણવા માટે કોઈ આધાર જણાતો નથી.]

## ૭૫. વિષ્ણુ

(૮૨) **ચંદરાજાના** દુહા (વિવિધ છંદમાં હિંદીમાં) ૧૦૬ કડી ર.સં. ૧૮૨૮ ફા.વ.૧૩ ભોમ ભુજમાં

**આદિ** – દૂહા

અલખ નીરંજન એક તું, દેત સુબચન દાત
સરસતિકો સમરન કરૂં, રચૌં ચંદકી બાત. ૧
ગનપતિ શુભ દીજે સુગુન, બાંની સરસ વિવેક,
ચંદરાયકિ ચોજ સૌં, રચૌ જુ બાત બિસેક. ૨
જૈન ધર્મ કે ગ્રંથમૈં, કથા સુચોપઇ જાત
બિસન સોઇ ભાષા કરી, ચંદરાયકી બાત. ૩

**અંત** – કચ્છદેસ શુભ નામ ભુજ, તપેગો હોડ જયું રાય,
તિહિ ઠૌર યહ બાતકો, ભાષા કરી બનાય. ૧૦૩
બલ્લાસૂત જો બીજ્ઞજી, લોહરવંસી લેખ,
ચંદરાયકી બાત યહ, પ્રગટ કરી તિહિં પેખ. ૧૦૪
સંવત અઠારે વિસઅઠ, ફાગુન તેરસ સોમ
ભોમવાર કી પ્રગટ ભઇ, ચંદ વાત તિહી નાંમ. ૧૦૫
ચંદરાયકા બારતા, વિષ્ણુ રચિ સો ભાખ,
આલી સુત તકિ અછર ગાવત મેરી એ સાખ. ૧૦૬

(૧) ભુજનગર મધ્યે લખ્યો છે પં. દીપસાગર વાચનાર્થં. પ.સં. ૩–૧૮, ચા. (૨) લિ. મુ. મોહનસુંદર ચિરંજીવ પઠનાર્થે સં.૧૮૭૦ કારતક સુદ ૧૧ બુધે લાઇજા. પ.સં.૬–૧૩, વ.રા. મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૨. ત્યાં આ કૃતિ જૈન વિભાગમાં મુકાયેલી, પરંતુ "જૈનેતર લાગે છે" એમ નોંધ કરવામાં આવેલી. જૈન ગ્રંથમાંથી લઈને આ કૃતિ કોઈ જૈનેતર કવિએ જ રચેલી છે એમ દેખાય છે તેથી કૃતિકર્તાને અહીં જૈનેતર વિભાગમાં ફેરવ્યાં છે.]

## ૭૬. સુદામો (વિપ્ર)

'મિશ્રબન્ધુવિનોદ' પૃ.૧૧૪૮માં નં.૨૧૦૨માં 'સુદામાજીની બારહખડી' જણાવી તેનો કવિત્વકાલ સં.૧૯૧૭ની પૂર્વે કહે છે. [વિપ્ર સુદામાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'રાધાજીનો સલોખો' ગૂહાવાદીમાં લ.સં.૧૮૨૯ લગભગનો નોંધાયો છે. એટલે કવિ તે પૂર્વે થયાનું ચોક્કસ કહી શકાય. પણ 'બારાખડી' એ હિંદી કૃતિના કર્તા આ જ સુદામા હશે એમ કહેવું મુશ્કેલ છે.]

**(૮૩) કૃષ્ણ રાધાનો રાસ** ૨૪ કડી

**આદિ –** રાગ ચૂર્ણ

આજ મહાપર્વ મલી કરી હરજી રમસું રે હોલી,
તેવ તેવડી જાંતાં મલી ગોરીની ટોલી. ૧
**રાંધાજી** રમવા સંચરાં સણગાર સર્વ સારી
હંસાગમની હર ભણી ચાલંતી ઠમકે. ૨
કટ ત્રટ સોહિ મેષલા કર કાંકણ પલકે
માંગ સિંદુરે સુષરચો મણિ રાષડી ઝલકે. ૩

**અંત –** હરિ ગોવાલ હુંકારીયા, ગ્વાલે ગોપીને ઘેરી
**રાધાઇ હલધર** માગીયા રાસ રમસુ ફેરી. ૨૧
રયને ઉગો રવિ છોઇઓ અંબર થયો રાતો
**જમનાંજીને** કાંઠડે રાસ કરીને માતો. ૨૨
**કૃષ્ણજી** કેરે કામની **રાધા** રમતિ રાષો
જે રે જોઇએ તે માગજો, ભામથી મન ભાષો. ૨૩
ગાઈ સીષ ને સાંભલે, **રાધા હરનો રાસ**
વીપ્ર **સુદામો** વર્ણવે તિને વઇકુઠ વાશ. ૨૪

—ઇતિ કૃષ્ણ રાધાનો રાસ સંપૂર્ણઃ.

(૧) પ.સં.૧, મારી પાસે.

**(૮૪) બારાખડી** (હિંદીમાં)

**આદિ –** શ્રી ગણેશાય નમઃ. શ્રી શારદાય નમઃ.

અથ શ્રી **સદામાજિ**કિ બાલ્યષડિ લષતે.
કકા કલિજુગનાંમ આધારા, પ્રભુ શમરો ભવ ઉતરો પારા
સાધ્યં સંગત્ય કરી હરીરસ પીજે, જિવન્ય જનમ શુફલ કરી લિજે.૧

**અંત –** સસા સદગુરૂકિ કાહા કરો બડાઇ, મહિમા અતિ કછુ વરનિ ન જાઇ
ચિત લાગો સદગુરૂકે ચરનાં, રસનાયક કાહા લિગિ બરના. ૨૯
ખખા ખેચિ લિયે ગરૂ અપનિ યોરા, માયાજાલ પલકમે તોરા
નિરભયો થ ભયો સખે ભવ ત્યાગિ, ગુરૂકે ચરનનમેં ચિત લાગિ.
શશા સોચ વિચાર મટ જબહિસે, દીપક ગ્યાંન દિયો જબહિસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાસ્યો તિમર તબ ભયો પ્રકાસા, માંના રવિ પૂરણ પ્રભાસા
(પ્રકાસા.)

(૧) પ.સં.૫, અપૂર્ણ, હેહા વગેરેનું છેલ્લું પત્ર નથી, અશુદ્ધ પ્રત, મારી પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૯-૨૨૦૦.]

## ૭૭. કૃષ્ણદાસ-[કૃષ્ણદાસ]

**(૮૫)** [+] **કૃષ્ણ રુક્મિણી વિવાહલો** [અથવા **રુક્મિણી વિવાહ**]
લ.સં.૧૮૩૦ પહેલાં

[ગૂહાયાદીમાં લ.સં.૧૮૩૦ની પ્રત નોંધાયેલી છે.]

**આદિ**– **વિદ્રભ** દેસ **કુંદણપુર**નગરી, **ભીમષ** નૃપ તહાં નવનિધિ સગરી
પંચપુત્ર જાકઇ કન્યા **રૂષમણી**, તીન લોક તરણ સિરિ હરણી
ગનીય ત્રિભુવનતરણ સિરહર સોહિત બ્રહ્માપતિ રચે
એક રંગ મૂરતિ રમઈ સરિ ભરિ એક અંગ નાહિ ન વસે
જુગલ ખોડિ સલક્ષન લલના, ભરથ પિંગલ પારિષી
કોડિ સભૂષણ અંગિ વિરાત, દિન ન ખોડિ સવાર કે
સિરઞરાજ કટિ તટિ મૃગજલોચન, મિરગ અંગ વદન સુ દે સહી
કહેત **કૃસ્તાંદાસ ગિરધર** ઉપજય **વિદ્રભ** દેસહી. ૧

**અંત**– **રૂષમણિ જામવંતી સત્યભામા, સદર ભદ્રા** આણી
**લક્ષમનિ કલહી નિતવિંદા**, એ આંઠઉ પટરાણી
દસ દસ પુત્ર એક એક કન્યા, તરણિ તરણિ વૃત દીના
નિરાકાર નિરલેપ નિરંજણ, યો માયા રસ ભીના
**રૂકમણિ** વ્યાહ કથો **કૃષ્ણઇ** જન, સીષ સુણઇ અર ગાવઇ
અર્થકામના મુગતિફલ, ચ્યારિ પદારથ પાવઇ
ભગતિ હેતિ અઉતાર વિમલ રસ, ભૂતલ લીલાધારી
ગિરવરધર **રાધા** વાલંભ પરિજન જાડો બલિહારી.

—ઇતિ વીવાહલો સમાપ્તઃ.

(૧) ઉગ્રસેનપુરે લિષતં. પ.સં.૩-૧૩, મારી પાસે. [ગૂહાયાદી, ડિકેટલોગભાવિ.]

[પ્રકાશિત : ૧. પ્રકા. શાસ્ત્રી કાશીરામ કરસનજી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૭-૯૮.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૭૮. અજ્ઞાત

(૮૬) **શાલિહોત્ર** અથવા **અશ્વચિકિત્સા** (હિંદીમાં) ૧૮ અધ્યાય
લ.સં.૧૮૩૨ પૂર્વે

**આદિ** – અથ અશ્વકચ્છવિદ્યા લિખ્યતે. દૂહા.
પ્રથમ ગુરૂ પરનાંમ કરિ, **સરસતિ** લાગું પાય
તાહિ ક્રિયાતેં પાઇઇ, ગ્રંથે સુમતિ બઢાય. ૧
જયતિ સ **પાંડવ** નાથકોં, **યુધિષ્ઠિર ભીમાર્જુન**
**સહિદેવ** સહિત બૈઠે સભે, **નિકુલ** વિમાસે મન. ૨
**અશ્વચિકિત્સા** નાંમ ધરિ, શાસ્ત્રહ બંધ પ્રમાન
લક્ષન સબ વરનન કરત, નીંકે મધ્યમ જાંન. ૩
**અંત** – **નિકુલ**કૃત યહ ગ્રંથ હે, **અશ્વચિકિત્સા** જાંન
યાકોં પઢે વિચારહી, તાકોં હોય કલ્યાંન
ગ્રંથ પરિપૂરન ભયો, **શાલિહોત્ર** વિચાર
અષ્ટ સિદ્ધ તાકોં હુઇ, જુ યાકો કરે વિચાર. ૫
—ઇતિશ્રી **નકુલ**કૃત અશ્વચિકિત્સે અશ્વશાલા વિધિ અષ્ટદશમોઽધ્યાય. ૧૮. ઇતિશ્રી શાલિહોત્ર ગ્રંથ સંપૂર્ણઃ.

(૧) સંવત ૧૮૩૨ જ્યેષ્ટ સુદિ ૪ ભોમે લિષતં પં. **નારાણજી જીર્ણદૂર્ગે** (બીજા અક્ષરમાં – **માલજી**ની પરત છે). પ.સં.૫, મો.સેં.લા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૬. ગ્રંથને નકુલકૃત કહેવામાં આવ્યો છે તેનો અર્થ એ છે કે મૂળ ગ્રંથ પરંપરાગત રીતે નકુલકૃત ગણાય છે.]

## ૭૯. લાલ

['રાજસ્થાની સાહિત્યના ઇતિહાસની રૂપરેખા' પૃ.૧૩૬ દાદૂસંપ્રદાયના લાલદાસની 'ચિંતાવણી'ની નોંધ લે છે અને એનો સમય સં.૧૮૩૪ આસપાસનો જણાવે છે. 'ગર્ભચેતાવણી'નાં કાવ્યોની એક પરંપરા જોવા મળે છે અને નીચેની કૃતિનો વિષય એ પ્રકારનો જણાય છે. તેથી કૃતિનામ ભ્રષ્ટ હોવાની શંકા થાય છે. અથવા કૃતિનું એ બીજું નામ હોય.]

(૮૭) **અભય ચિંતામણિ [ગર્ભ ચેતાવણી ?]** છંદ [હિં.] કડી ૮૫

**આદિ** – દૂહા
ગરભાવાસકી ત્રાસમૈં રહ્યો, રહ્યો ઊર્ધ્વ દસ માસ,
હાથ પાવ સુક ચ્યાર હૈ, દ્વાર ન આવૈ સાસ. ૧

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com जैन साईट

**અંત** – લાર પડયૌ છોડૈ નહીં, ભરભર રાલૈ બાધ
**લાલ** કહૈં જમ સું જો ઊગરઇ, જિનકૈ સંબલ સાથ. ૮૩
સંબલ જિનકૈ સંગ હૈં, તે સુષ પાવત જીવ
જિહાં જાયૈ તિહાંઇ સુષી, રાષૈ સમરથ પીવ. ૮૪
જે ભવ તારણનું આવસી, જે જમલોક ન જાય
સદા સનેહી પીવનૈં, સહજે રહૈ સમાય. ૮૫
—ઇતિશ્રી લાલ કથિતં અભૈચિંતામણી સંપૂર્ણ.
(૧) આ પહેલાંની કૃતિની પ્રત.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૨.]

## ૮૦. અજ્ઞાત

**(૮૮) ભોગલ(ભૂગોલ) પુરાણ** (ગદ્ય બોલીમાં) લ.સં.૧૮૪૦ પહેલાં
**આદિ** – અથ ભોગલપુરાંણ લિખ્યતે.
ૐ સ્વામી ભવણ મંડાણ, ભૌમમંડલકા કથૌ પ્રમાંણ
ઊત્પતિ શિષ્ટકા કહૌં વખાણ.
કેતી ધરતી કેતા આકાસ, કેતા મેરૂમંડલ કૈલાસ.
કેતી પવન પાંણી વિસતાર, કેતા ચંદ સૂર આકાર.
કેતા દ્વીપ સમંદ અરિ ખંડ, કેતા પર્વત સારિ બ્રહ્માંડ
કેતા તારામંડલ મેઘ, કિસવિધ રચીયા હૈ અલેખ
નહી તાંહિ કિસવિધિ કીયા, કવણ ઊર ઊઢંગા દીયા.
ઇશ્વરોવાચ સુણો દેવી પારવતી...
(૧) લિષતં પં. ચારિત્રૌદય મુનિ સંવત્ ૧૮૪૦રા ભાદ્રવા સુદિ ૩ દિને શનિવારે શ્રી સેરડી ચતુર્માસીકૃતા. પ.સં.૫, અનંત.ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૭.]

## ૮૧. થોભણ[દાસ]

**(૮૯) [+] બારમાસ [અથવા કૃષ્ણવિરહના માહિના]** લ.સં.૧૮૪૪ પહેલાં
**આદિ** – કારિતીક માસે મેહલિ ચાલ્યા કંત રે વાલાજી
પ્રીતડલી તોડિ આંરયા અંત મારા વાલાજી
પ્રીઊજી માહરા ! સ્યૂં ચાલ્યા પરદેશ રે વાલાજી
મંદિરીયામાં હૂં બાલેવેસ મારા વાલાજી. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – સુખસજ્યામાં નંદના લાલ વાલાજી
**વીઠલવર** ! હસી લડાવો લાડ મારા વાલાજી
જન્મજન્મના ચરણે રાખો વાસ રે વાલાજી
**થોભણ**ના સાંમી પૂરો આસ મારા વાલાજી
—ઇતીષ્ટી બારમાસો સંપૂર્ણ.

(૧) સંવત ૧૮૪૪ના માસોતમ માસે ચંદ્ર પખ્ખે ૯ દીને મધ્યાંન સમયે શ્રી શ્રી શ્રી શ્રી **પાસ્વ**ર્દેવ પ્રસાદાત્ શ્રી શ્રી શ્રી **હીર**વીજયસૂરી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી શ્રી વનેચંદ્રગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી પં. **નય**વીજયગણી તત્‌સીષ્ય શ્રી શ્રી શ્રી કુંવરવીજેયગણી તત્‌સી. પં. શ્રી શ્રી શ્રી **લાલ**વીજેયગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી **ઋધિ**વીજેયગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી **વીવેક**વિજયગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી **રૂપ**વિજયગણી તત્‌સીષ્ય મુની **ભક્તિ**વજે લપીકૃત કંબોઇ ગ્રામે. પં. શ્રી શ્રી શ્રી **રંગ**વીજેયગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી **ભે**મવીજયગણી તત્‌સીષ્ય પં. શ્રી શ્રી શ્રી **હેમ**વીજયગણી તત્‌સીષ્ય મુની **તેજ**વીજે વાંચનાર્થે. મુંની **ભક્તિ**વજે લપીકૃત સુભવેલાય. ભવંતૂ શ્રી મંગલ. છ. પ.સં.૩–૧૩, પાલણપુર સંઘ ભંડાર દા.૪૮. (તથા જુઓ ગૂ. હાથપ્રતોની સંકલિત યાદી પૃ.૪૮ અને ક. દલપતરામ ગ્રં. પુ. સૂચિ નં.૪૫૨૨.) [ડિકૅટલોગભાવિ, મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. બૃ.કા.દો. ભા.૧. [૨. કાવ્યદોહન (દલપતરામ) ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૯–૯૦.]

## ૮૨. અજ્ઞાત

**(૯૦) સામુદ્રિક** (હિંદી પદ્યમાં) લ.સં.૧૮૪૬ પહેલાં

(૧) સામુદ્રકે સુભાસુભ પુરૂષસ્ત્રીલક્ષણ સંપૂર્ણમ્. સંવત્ ૧૮૪૬ વરષે માસોત્તમ માસે શુકલપક્ષે મિતિ પોહ સુદિ ૧૧ ભોમવાસરે લિષતં પં. **સૂર**તા કલ્યાંણપુરા મધ્યે. પ.સં.૭, યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમમાં ગુલાબમુનિનો સંગ્રહ મહુવા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૮૭.]

## ૮૩. અજ્ઞાત

**(૯૧) કોકશાસ્ત્ર** (ગુજરાતીમાં) લ.સં.૧૮૪૯ પહેલાં

(૧) લી.સં.૧૮૪૯, પ.સં.૧૪, પ્ર.કા.ભં. વડોદરા નં.૮૪૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૩.]

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## ૮૪. અજ્ઞાત

**(૯૨) જામ રાવલરો બારમાસો** લ.સં.૧૮૫૪ પહેલાં

**આદિ** – સાલ લૈ બારે મેઘ શ્રાવણ અંધારા ઉછલે
બાબહીયા દાદુર મોર બોલે ખાલ ચિહું દિસ ખલહલે
કડમચે સહિરાં વીજ ચમકે મિલે અનિલ ફરહરે
રાજિંદ પાત્રાં **જાંમ રાવલ** સાંમ તિણ રિત સંભરે. ૧

**અંત** – આસાઢ માસે કરે ઉબાંહલ નિદ્રા અતિ ઘણી
લૂ જાઇ નિસરગ્ર માયજ ફૂઅ હર ઢીલા કંકણી
વીજલી ચમકે વલૈ વાદલ અસ્તિકા દિન ઉધરે
રાજિંદ પાત્રાં **જાંમ રાવલ** સાંમ તિણ રિત સંભરે. ૧૨

—ઇતિશ્રી જામરાવલરો બારમાસો સંપૂર્ણઃ.

(૧) લિ. ઋષિ **શંભૂરામ** સં.૧૮૫૪માં લખેલી અનેક જૈન સ્તવનાદિ સંગ્રહની પ્રત, પ.ક્ર.૬૫થી ૬૬, જિનદત્ત ભં. મુંબઈ કે મુક્તિ. વડોદરા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૦.]

## ૮૫. અજ્ઞાત

**(૯૩) અમરસિંહ શલોકો** ગાથા ૪૩ લ.સં.૧૮૫૭ પહેલાં

(૧) સં.૧૮૫૭ મા. સુ. **વિક્રમપુર** મધ્યે કેસરામુનિ લિ. પ.સં.૪, કૃપા. પો.૪૯ નં.૯૩૦. [રાહસૂચી ભા.૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૩.]

## ૮૬. અજયરાજ

**(૯૪) સામુદ્રિક ભાષાગ્રંથ** (હિંદીમાં) લ.સં.૧૮૯૦ પહેલાં

**આદિ** – ચોપઇ

એ બાલક સુભ લછન પૂરે, દેખત જાય દોષ દૂખ દૂરે
આગમ અગમ આદિ સુંન સાખી, યા સામુદ્રિક ગ્રંથનમેં ભાખી. ૧
આગમ લછન અંગ જનાવે, સવે અવધ પૂરે ફલ પાવે
તાકા અથ કછુ કહું વિચાર, સમઝત કહત સુંનત સુખકાર. ૨

**અંત** – સોરઠા

જો જાંને સો જાંન, દાતા હોહિ અજાંન પુનિ.
જાંનપનો અરૂ ધ્યાંન, **અજેરાજ** દુવિધિ નિપુન. ૬૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુહા.

જો કોઉ યા ગ્રંથકો, ચતુર પઢે ચિત લાય
લછન તિય પુરૂસકે, સમઝે સબિ સભાય. ૬૮

—ઇતિ સામુદ્રિક ભાષાગ્રંથ પુરૂષસ્ત્રીવર્ણન સંપૂરણ.

(૧) સં.૧૮૯૦ ચૈત્ર સુદિ ૫ ભોમે લિષતં ગુરજી જયવંતજી પઠનાર્થં. પ.સં.૯, મો.સેં.લા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૪.]

## ૮૭. ભોજો

અમરેલીનો, સં.૧૯૦૦ લગભગ.

**(૯૫) [+] ચાબખા [અથવા પદસંગ્રહ]**

**આદિ –** અથ ભોજાના ચાબખા લખ્યા છે.

(૧) મંન કરતો મોટાપુ, રે તેનિ ઉંપડી ગઈ પાપુ. ૫ કડી
(૨) પ્રાંણિયા ભજિ લનિ કિરતાર, આ સપનું છે સંસાર. ૭ કડી
(૩) મુરષા મત મુંઝાણિ તારિ, હિયેથિ પ્રભુ મેલ્યા વિસારિ. ૪ કડી
(૪) મુરષા જનમ ગિયો છે તારો, બાંધી કર્મ તણો ભારો. ૪ કડી
(૫) જિવ તું રાષે ભજનમાં ભલિ, વેલા જાય છે રે વલિ. ૫ કડી
(૬) પછે મંન પછતાવો થાસે, રે જમ તારો જિવ લેઈ જાસે. ૫ કડી
(૭) મુરષો એક મોહને અડે, ત્યાં અભાગિયા માથે મોતનગારાં ગડે. ૪ કડી
(૮) મુરષો મરિ મરિ કમાણો, માથે મેલસે મોટા પાણો. ૪ કડી
(૯) ષુટલ ષરષરો થાસે રે, બાજિ હાથથિ જાસે. ૪ કડી
(૧૦) મુરષો કાલનિ વાતુ કરે, માથે કાલનો ચકર ફરે. ૫ કડી
(૧૧) જિવને કોણિ વિદ્ધે સમઝાવું, મુરષને નિશ્ચે નરકે જાવું. ૪ કડી
(૧૨) જિવને સાસ તણી સગાઇ, રે ઘરમે ઘડી ન રાષે ભાઇ. ૩ કડી
(૧૩) મુરષો મોહિ રહ્યો માહરૂં, એમાં કોઇ નથી તારૂં. ૩ કડી
(૧૪) જગતમાં સુ રહ્યો માલિ રે, ભરાંણિ પાપ તણિ પાલિ. ૩ કડી
(૧૫) દુનિયાં દોલવા લાગિ, રે જિવ તમે જુયોને જાગિ. ૩ કડી
(૧૬) વાણિયા જોઈ કરો વેપાર, આગલ છે પંડાકાર. ૩ કડી

(૧) પ.સં.૪, મારી પાસે. [ગૂહાયાદી, ડિકેટલૉગભાવિ.]

[પ્રકાશિત : ૧. બૃ.કા.દો. ભા.૧. ૨. પ્રાચીન કાવ્યમાળા ગ્રં.૫. ૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજભક્તનો કાવ્યપ્રસાદ, સંપા. મનસુખલાલ સાવલિયા તથા અન્યત્ર.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૮-૯૯.]

## ૮૮. અજ્ઞાત

**(૯૬) જગદેવ પરમાર વાર્તા** લ.સં.૧૯૧૧ પહેલાં
(૧) સં.૧૯૧૧ માગ.સુ.૪ સોમે. પ.સં.૨૬, કૃપા. પો.૪૯ નં.૯૩૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૯.]

## ૮૯. અજ્ઞાત

**(૯૭) સદયવચ્છ સાવલિંગાની વાર્તા**

**આદિ** – શ્રી ગણેશાય નમઃ. અથ સદયવચ્છરી વાત લખ્યતે.

દૂહા

શિવગતિ પાય લાગ કરિ, સદગુરૂચરણ પસાય
સુખરંજન અનોપમ તેહની, કહીયેં વાત બનાય. ૧
નાય સુતારા નરવાહણ, સુગુણ કેરિ સલામ
સાવલિંગા સુંદર સરસ, તેણ ભવંતર નામ. ૨
લિષત લેષ સુદા લિષો, સાવલિંગા સુપસાય
વ્યાહ તણો છે વર અવર, વણી અચંભમ વાત. ૩

વાર્ત્તા

પુર્વલેં ભવે સુગુણ માહત્મારો જીવ. **અમરાવતી** નગરી કોઈક સરદાર હૂંતો. નામ **સુજાંણસિંઘ પંચોલી.** તિહાં **અમરાવતી** નગરીયેં **માધવ** નામા સુવીપ્ર રહેં છેં. તે **સદયવચ્છરો** જીવ છેં. એહ જ નગરીયે રૂપવતી સ્ત્રી છેં. સો મનોહર સુત્રવીરે સ્ત્રી છે. તે રૂપવતી સ્ત્રી **સાવલિંગારો** જીવ છે. હિવે...

**અંત** – રાજા **સદયવચ્છરે સાવલિંગારે** ઘણી પ્રીત હૂઇ. ઘણા સુખ-વિલાસ કીધા. પૂર્વલો લેષ ઘણુ ભવ ભોગવ્યો. **સદયવચ્છ સાવલિંગારી** વાર્ત્તા મન સુદ્ધે સાંભલે કહેં વાંચેં તિણને ઘણો સુષ હોવેં. ખુસ્યાલી ઉપજેં. ચતુર વિચક્ષણ હોવેં. સોગ ચિંતા ઉદેગ મિટે. ઘણા મંક(ગ)લીક હોવે. મનવંછિત સુખ પામેં. ઘણા વિલાસ પામેં. ઇતિશ્રી સદયવચ્છ સાવલિંગારી વાર્ત્તા સમાપ્તા.

દૂહો

નયણે સનેહી જગતમેં પૂર્વ પૂન્ય પ્રમાંણ
કવિ ચતુરાઈ કેલવી, રચીસ વાત સયાંણ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઇતિ શુભં. શ્રી પાર્શ્વનાથજી પ્રાસાદાત. પ.સં.૧૪-૧૮, ગો.ના.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૦.]

## ૯૦. અજ્ઞાત

**(૯૮) વીસહથી માતાજીનો** અથવા **ભવાનીનો** છંદ ૬૫ કડી

**આદિ** – અથ વીસહથી માતાજીનો છંદ

ૐકાર અથાહ અપારં બાવન અક્ખ્યર સરોવર બંધં
સિંધ સાધિક સુરસારં, ભેદ ન લવૈ કોઇ ભારથી. ૧
આદિ અનાદિ જેણિ ઉપાયા, હરિ હર બંભ સયલ સંસારં
જગદંબા જગ જાયા, માયા રૂપ ધરૈ બ્રહ્માંણી. ૨

**અંત** – કલસ

મોટી સુર મહિમાય, ઘાય દાંણુવદલ ઘડીયા
યુદ્ધ કરંતાં જોગિણી, રૂંડ રાષ સરડ વડીયા
સિંભ નિસંભ સારિષા, પ્રોણુ દાંણુવ પછાડે
જુગમાં દે જાલપા, પાર નહીં કીધ પવાડે
સુખ દેયણુ સુરાંયલણુ સંકટ સદા સકલ જગિ સુંદરી
ભગવાંન ભગતાં ભગવતી ઉંણુત મેટે ઇશ્વરી.

—ઇતિશ્રી ભવાની છંદ સંપૂર્ણ.

(૧) લિ. પં. વિજૈચંદ પાલ નગરે. શ્રીરસ્તુ. પ.સં.૪-૧૭, પછી ‘અભય ચિંતામણી’ લાલ કવિકૃત ૮૫ કડીનો છે, અનંત.ભં.૨. [મુપુ-ગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૦-૯૧.]

## ૯૧. અજ્ઞાત

**(૯૯) કોકશાસ્ત્ર** ૨૫૫ કડી

**અંત** – ઇમ અનેક કાંમેસ્વર તણાં, આસન બોલું થોડાં ઘણાં
કામકલા પ્રીછીજો ભોગ, જિમ સ્ત્રી સુખ પાંમે સંભોગ. ૨૫૪
જીવે નર સ્ત્રી હોય જોબના, માનમત્તા સારંગલોચના
ચોરાસી આસન પરમાંણ, કોકદેવ કહે સૂંણુ રાજાન. ૨૫૫

—ઇતિ કોકશાસ્ત્ર સંપૂર્ણ:.

(૧) પ.સં.૧૫-૧૧, પ્રથમનાં ત્રણ પત્ર નથી, ગો.ના.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૩.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૯૨. અજ્ઞાત

(૧૦૦) રુકૂમણીહરણ કડી ૨૧૮

આદિ – અથ રૂષમણીહરણુ લિખ્યતે.

વડ કવિવયણુ ભલા ગુણભરીયા, ઉકતિ વિસેષ પાર ઉતરીયા
કાલા હીવાલા જિણુ કરીયા, તાપઇ આપ આપહી તિરીયા. ૧
સબદ જિહાજ વયણુ ટંકસાલી, તરક વિસેષ ગયા તિણુ તાલી,
મહણુ સંસાર તરણુ વનમાલી, જોડી સહતી તુંબા જાલી. ૨
દરીયા ઉપર પથર ડારે, ઉપર પાથર સેન ઉતારે
સુવચન તણા ક્રિસન મત સારે, તુબૈ બેઠા કે મન તારે. ૩

અથ દૂહા

હું ગાવીસ રૂષમણીહરણ, મંગલ ચ્યાર મુકંદ
કુલ જાદવ પૂરણુ કલા, પ્રગટી પ્રમાણુંદ. ૧

છંદ જાત ઝંફ તાલ.

પ્રગટ થયા ક્રિસન વસુદેવ જાદવ પિતા
શ્રીયા રૂષમણી હુઈ રાવ ભીમક સુતા
વિમલ પિત માત કુલ ચાત્ર જણાવીયો
ભારિ ભરતાર અવતાર લષમી લીધો. ૧

અંત – ઉરવસી મેન રંભા જસી અપચ્ચરા
મોહણી રોહણી રંભરા મૂઝરા
સુણેહ દહેક નારદ મિલે સા સદા
નાદ અહિલા પહિલા દસું નારરા. ૨૧૫
ગંધ્રપા ચારણુ ભાટ મોટા ગણી
ચોજરૂપા કરી રાગરી ચાચણી
વેદચા પાર ઉદાર મોટી વજા
ચાચ આદર લહે કૂપા વૈસજા. ૨૧૬
કેસરાં કરણુચી ધરમ કાંમા કરે
પાપ લે ઘાતીયો લોહરે પંજરે
જેથ આવિ રમે સંગ સુરહી ઘટા
સીહ ને બાકરી મીનડી સૂવટા. ૨૧૭
આવતે થૈ હસૈ રસ વરણાવરણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંડીયે દ્વારામતી મહ મહણુ
કરણુ લીધો જિહી તિમે બસું હઠ કરી
સાંઇથે રાષીયો ત્યાગ વજસુંદરી. ૨૧૮

—ઇતિશ્રી રૂષમણીહરણુ સંપૂર્ણ.

(૧) લિષતું ચંદા પઠનાર્થં. પ.સં.૧૧-૧૫, પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૫.]

## ૯૩. અજ્ઞાત

**(૧૭૧) નાગદમણુ કડી ૧૧૮**

આદિ – અથ નાગદમણુ લખ્યતે.

વરતો સારદ વીનવું, સારદ! કરિ સુપસાય
પવાડો પતંગાં સરસ, યદુપતિ કીધો જય. ૧
પ્રભુ અણાવે પાડીયા, દૈત વડંચાં દંત
કે પાલણે પોઢીયા કે પયપાન કરંત. ૨
કોઇ ન દીઠો કાન્હૂયા, સુણ્યો ન લીલા સદ
આંપ અંધાવણુ ઊષલણુ, બીજાં છોડણુ બંધ. ૩
અવની ભાર ઊતારિવા, જાગ્યો એણુ જુગત
નાથ વિહાણે નિત નવે, નવે વિહાણે નિત. ૪

જાતિ ભુજંગી

વિહાંણે નવે નાથ જાગો વહેલા, દિએ દોહિવા ધેનુ ગોવાલ હેલા
જગાડે યસોદા યદૂનાથ! જાગો, મહીમાટ ઘૂમે નવે
નિધિ માંગો. ૫

અંત – મહાકાલ કાલી તણો માંણ મોડે, જસોદા દિસા આવિયો પાંણ જોડે
વાતાં વજરી નારિ ઉચ્છાહવાલી, કહંતા અલૂઝે વ્રહમા કપાલી.૧૧૬
ગોવિંદરે આસરે ગુણ ગાયો, વાંચતાં ન પૂજે બહુ સેસવાયો
સમવાદ કાલી તણો મત્તિ સારે, ચવે દાસ દાસાનુ
સાંઇયો ચીતારે. ૧૧૭

કલશ

સુણે પુણે સમવાદ, નંદનંદન અહિનારી
સસુદ્ર તણે સંસાર હુવે દ્રૂપદી અણુહારી
અનંત અનંત જી ભજે, સબે વપુ તાસ સુણાવે
ભગતિ મુગતિ ભંડાર, ક્રિસન મુગતાહ કરાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રમીયો ચરિત રાધા રમણિ, હુહું ભુજ કાલી દમણુ
તે તવણુ સુણુણુ અહિ રાવ તણુ, ગમણુ કાજિ આવાગમણુ. ૧૧૮
—ઇતિશ્રી નાગદમણુ સંપૂર્ણ:.

(૧) પ.સં.૯, પ.ક્ર.૬થી ૯, પ્રથમનાં પાંચ પત્રમાં ઈસરકૃત 'હરિ-રસ' છે, મારી પાસે. [ગૂહાયાદી, ડિકેટલૉગભીજે ભા.૧ (પૃ.૫૨૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૧૯૬-૯૭.]

## ૯૪. અજ્ઞાત

### (૧૦૨) નરસીજીરા માહેરા

(૧) પ.સં.૧૦, ચતુ. પો.૧૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૨૨૦૧.]

□ □ □

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સોનાની લગડીમાંથી ફૅન્સી દાગીનો

ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના સંશોધનનું આ પાયાનું કામ છે, અને એ કામ સ્વ. મોહનલાલ દેશાઈએ એકલે હાથે ઉપાડ્યું અને લગાતાર એની પાછળ ભારે પરિશ્રમ કરી યશસ્વી રીતે પાર પાડ્યું એ આપણા સાહિત્યિક સંશોધનની એક ઘટના છે. તેમના જેવી સજ્જતાવાળા અને આવો ભગીરથ પુરુષાર્થ કરનારા વિદ્યાવ્યાસંગી બીજી ભારતીય ભાષાઓમાં પણ વિરલ જ હશે.

પરંતુ સ્વ. મોહનલાલ દેશાઈને વર્ષો પછી જયંત કોઠારી જેવા અનુગામી સાંપડ્યા એ પણ એટલી જ આનંદપ્રદ ઘટના છે. જયંત કોઠારી માત્ર પ્રાસ્તાવિકો લખી 'સંપાદક' થનાર કુળના નથી! એમણે 'સંપાદક' શબ્દની અર્થછાયા જ બદલી નાખી. મૂળ સંપાદકના કર્તૃત્વને બિલકુલ આંચ ન આવે એ રીતે મૂળ ગ્રંથની સામગ્રીને અકબંધ જાળવીને વધુ વ્યવસ્થિત રૂપે પ્રસ્તુત કરી, સંખ્યાબંધ સ્થળોએ ઉપલબ્ધ સંશોધન-વીગતોને આધારે સંમાર્જન કર્યું અને મૂળ વિષયને ઉપકારક એવી સામગ્રી ઉમેરી આપીને ગ્રંથની સમૃદ્ધિમાં ઘણો મૂલ્યવાન વધારો કરી આપ્યો છે. સંપાદકને આવશ્યક એવી સત્યનિષ્ઠાનો પરિચય તો આ સંવર્ધિત આવૃત્તિના પાને-પાને થશે. જયંત કોઠારીએ કરેલી શુદ્ધિ અને વૃદ્ધિ (ગુજરાતી સંશોધનમાં આ 'શુદ્ધિ-વૃદ્ધિ' શબ્દ પ્રચલિત કરવાનું માન પણ તેમના ફાળે નોંધાશે!) વગર મોહનલાલ દેશાઈનું ગંજાવર કામ આટલું કદાચ ઊપસી આવ્યું ન હોત. મૂળ સોનાની લગડીમાંથી કોઠારીએ ફૅન્સી દાગીનો તૈયાર કરી આપ્યો.

ડૉ. રમણલાલ જોશી
(જન્મભૂમિ, તા. ૨૫-૫-૯૮)

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com